ચોથી શ્રેણી

પુસ્તક–૧૦૫

તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪
ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે
થી
તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪
ફાલ્ગુન ૨, ૧૯૪૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૧૦૫** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે** | | |
| **પ્રથમ બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છટ્ઠો દિવસ ) | ૩૯ | ૬૭ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૬૮ | ૮૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૮૧ | ૧૧૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) | ૧૧૭ | ૧૧૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ ) | ૧૧૭ | ૧૪૩ |
| **તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ફાલ્ગુન ૨, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૪૪ | ૧૫૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫૬ | ૨૦૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૦૪ | ૨૦૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( આઠમો દિવસ ) | ૨૦૫ | ૨૩૫ |

ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ નું મંજૂર મહેકમ

*15/4/1961 **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની મંજૂર જગ્યાઓ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ | ૧૪૦ |
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ | ૯૮૨ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ | ૧૦૭ | ૩૩ |
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ | ૫૪૨ | ૪૪૦ |

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

(૩) ઉક્ત જગ્યાઓ વય નિવૃત્તિ/સ્વૈચ્છીક નિવૃત્તિ/બઢતીના કારણોસર ખાલી રહેવા પામેલ છે. ઉક્ત જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવાની થતી હોઇ, નિયમોનુસારની કાર્યવાહી બનતી ત્વરાએ કરવામાં આવશે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રેકર્ડ ઉપર આટલા પદો ખાલી છે તો એની ભરતી માટે સરકારશ્રીનું શું આયોજન છે? અને છેલ્લે આ બાબતે ડિપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટી બોલાવવાની હોય એ કમિટી ક્યારે બોલાવી અને એ કમિટી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીજ્ઞેશભાઇ સેવકનો પ્રશ્ન છે કે, તા. ૩૧/૧૨/૨૦૨૩ સ્થિતિએ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : શ્રી જીજ્ઞેશભાઇ સેવક નહીં, શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી..

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : સોરી, શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી એ બંને સાથે બેસતા હોવાથી..

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી? અને ઉક્ત સ્થિતિ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે? તો ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧માં ૧૪૦ જગ્યાઓ અને ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં ૯૯૮ જગ્યાઓ મંજૂર થયેલ અને ઉક્ત સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ની ૧૦૭ ભરાયેલ જગ્યાઓ છે અને ખાલી ૩૩ જગ્યા છે. આપણે ચાલુ સાલે ૧/૩ વેવ કરીને જગ્યાઓ ભરી છે. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં ૫૪૨ જગ્યાઓ ભરેલી છે અને ૪૪૦ ખાલી છે અને વિશેષમાં ભરવા માટેનું શું આયોજન છે? તો ડી.પી.સી. તા.૭/૭/૨૦૨૩ના રોજ બેઠક કરીને આ જગ્યાઓ ભરી છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટી છેલ્લે કઇ તારીખે મળી એ મારો સવાલ હતો. ડિપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટી આગળ શું કાર્યવાહી કરવા માગે છે? અને બીજો સવાલ એ છે કે, શિડ્યુલ ટ્રાઇબ અને

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શિડ્યુલ કાસ્ટની વસ્તીના પ્રમાણમાં ભરતી થવી જોઇએ એ પ્રમાણેની થયેલી છે કે કેમ? અને જો ના હોય તો એ ડ્રાઇવ કરવા માગીએ છીએ?

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, એ નીતિ વિષયક નિયમ પ્રમાણે કેટેગરી મુજબ ભરતી કરવામાં આવે છે એમાં કોઇને અન્યાય કરવામાં આવતો નથી અને વિશેષમાં એમણે તારીખની વાત કરી છે તો ડી.પી.સી. તા.૭/૭/૨૦૨૩ના રોજ મળી હતી.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યા ભરવા માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યા ભરવા માટેની કાર્યવાહી કેવી રીતે કરવામાં આવે છે? જે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બાબતે જણાવું કે, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ની જી.પી.એસ.સી. દ્વારા જાહેરાત આપીને સીધી ભરતીથી ભરવા માટે કાર્યવાહી કરવામાં આવે છે તથા બઢતીથી ભરવામાં આવતી જગ્યાઓની કાર્યવાહી શિક્ષણ વિભાગ કક્ષાએથી કરવામાં આવે છે. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ની ભરતીના નિયમો મુજબ સંયુક્ત નિયામકની છેલ્લે સીધી ભરતીથી વર્ષ ૨૦૧૫માં કરવામાં આવી તથા સંયુક્ત નિયામકની જગ્યા પર છેલ્લે ભરતી વર્ષ ૨૦૨૩માં કરવામાં આવી છે. નાયબ નિયામકશ્રીની ભરતી છેલ્લે બઢતી વર્ષ ૨૦૨૩માં આપવામાં આવી છે. સાથે સાથે જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તથા તેની સમકક્ષ જગ્યાઓ છેલ્લે વર્ષ ૨૦૧૯માં સીધી ભરતીથી કરવામાં આવી હતી અને છેલ્લે વર્ષ ૨૦૨૩માં બઢતી આપવામાં આવી છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ હેઠળની ખાલી જગ્યા ભરવા માટે આયોજન છે કે કેમ?

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ વહીવટી શાખા હેઠળની ખાલી જગ્યાઓ ભરવા માટેનું આયોજન છે કે કેમ એ માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ વહીવટી શાખા હેઠળની કુલ ૯૮૨ જગ્યાઓ પૈકી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ હેઠળ વહીવટી શાખાની કુલ ૯૪૨ જગ્યાઓ આવે છે. આ જગ્યાઓની ભરતી નિયમોમાં સીધી ભરતી, બઢતી રેશિયો ૧:૧ છે એમાં બઢતીમાં પણ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકો અને સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોનો સમાવેશ થાય છે જેમાં બઢતીનું પ્રમાણ ૩:૨ છે. સીધી ભરતીના ફાળે આવતી ખાલી જગ્યાઓનું માગણાપત્રક તૈયાર કરી ટૂંક સમયમાં મોકલી આપવામાં આવશે અને ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે. સાથેસાથે બઢતીના ફાળે આવતી ખાલી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગના તા.૭–૧૦–૨૦૨૨ના ઠરાવથી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના જે તે સમયે નિમણૂક થયેલ મદદનીશ શિક્ષકોને નિમણૂક તારીખથી શ્રેયાનતા આપવાનું ઠરાવેલ છે. જેના પરિણામે કમિશનર શાળાઓની કચેરીના તા.૨–૨–૨૦૨૪ની યાદી પત્રથી સરકારી માધ્યમિક અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોની આખરી શ્રેયાન યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ શ્રેયાન યાદી મુજબ ભરતી નિયમો મુજબની લાયકાત ધરાવતા મદદનીશ શિક્ષકોમાંથી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ વિવિધ શાખામાં બઢતી આપવા અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં કરી ડી.પી.સી. સત્વરે મેળવી બઢતીના ફાળાની જગ્યા સત્વરે ભરવામાં આવશે.

**તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

***15/4/1424 શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી** (વ્યારા): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) | લાભાર્થીદીઠ રૂ.૧૨,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ–:૧૩૬૧ આદિજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે. |

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આદિજાતિ કન્યાઓને લગ્નપ્રસંગે સહાય આપવાની કુંવરબાઇનું મામેરું યોજનાનો ઉદ્દેશ્ય શું છે અને આ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે?

ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ કન્યાઓને લગ્નપ્રસંગે સહાય આપવાની કુંવરબાઇનું મામેરું યોજનાનો ઉદ્દેશ્ય અને યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે? તો ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જનજાતિના પરિવારો મોંઘવારી અને ફુગાવાની પરિસ્થિતિમાં કન્યાના લગ્ન ખર્ચને પહોંચી શકતા ન હોવાને કારણે અનુસૂચિત જાતિની ગરીબ પરિવારની કન્યાના લગ્ન ખર્ચને પહોંચી વળવા માટે એક કુટુંબદીઠ વધુમાં વધુ બે કન્યાઓને લગ્ન પાછળ થતા ખર્ચને પહોંચી વળવા કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જનજાતિના ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની આર્થિક સ્થિતિ આશીર્વાદરૂપ બની રહે છે. આ યોજનાનો લાભ મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના લાભાર્થીને મળશે. કુટુંબદીઠ વધુમાં વધુ બે પુખ્ત વયની કન્યાઓને લગ્ન પ્રસંગે આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. જે અનુસૂચિત જનજાતિના કુટુંબની વાર્ષિક આવક રૂપિયા ૬ લાખ સુધી હોય તેમને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. લાભાર્થીએ કન્યાના લગ્નના બે વર્ષની અંદર અરજી કર્યેથી આ લાભ મળવાપાત્ર રહેશે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ સહાય મેળવવા માટે લાભાર્થીએ ફોર્મ મેળવવા માટે પોર્ટલ બનાવવામાં આવેલ છે કે કેમ? અને આ યોજના હેઠળ મંજૂરીની પ્રક્રિયા શું છે?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ સહાય મેળવવા માટે લાભાર્થીએ ફોર્મ મેળવવા માટે પોર્ટલ બનાવવામાં આવેલ છે અને આ યોજના હેઠળ મંજૂરીની પ્રક્રિયા શું છે? તો વર્ષ ૨૦૨૩થી આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી ઇ–વનબંધુ પોર્ટલ ઉપર ઓનલાઇન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કુંવરબાઇનું મામેરું યોજનાનો લાભ લેવા ઇચ્છતા લાભાર્થીએ ઇ–વનબંધુ પોર્ટલ ઉપર ઓનલાઇન નોંધણી કરવાની હોય છે. સફળ નોંધણી પછી સિસ્ટમ દ્વારા સંબંધિત લાભાર્થીને પુષ્ટિકરણ ઇ–મેલ અથવા એસ.એમ.એસ.થી મળે છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને પાસવર્ડથી લોગઇન કરી કુંવરબાઇનું મામેરું યોજનાનું ફોર્મ ઓનલાઇન ભરવાનું હોય છે. ફોર્મની પૂરેપૂરી વિગત તથા જરૂરી આધાર પુરાવા અપલોડ કર્યા બાદ સિસ્ટમ દ્વારા સફળતાપૂર્વક અરજી કરેલ છે તેવું પુષ્ટિકરણ ઇ–મેલ અથવા એસ.એમ.એસ. દ્વારા લાભાર્થીને જાણ થાય છે. લાભાર્થીએ કરેલી અરજી સંબંધિત જિલ્લાની કચેરીના કલાર્કના લોગઇનમાં જાય છે અને ત્યારબાદ અરજી અરજદારને યોગ્ય રીતે ચકાસણી કરીને મંજૂર કરવાપાત્ર અરજીઓ સબંધિત મદદનીશ આદિજાતિ વિભાગ કચેરીના લોગઇનમાં મોકલી આપવામાં આવે છે.

ડો. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩માં તાપી જિલ્લામાં કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ કેલેન્ડર વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩માં તાપી જિલ્લામાં કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે તેવો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો છે. તેના જવાબમાં જણાવું તો વર્ષ ૨૦૨૨ની અંદર કુકરમુંડા તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૨૫(પચ્ચીસ) હતી અને તેની પાછળ રૂ.૨ લાખ ૯૬ હજારનો ખર્ચ, નિઝર તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૩૭ હતી અને તેની પાછળ રૂ.૪ લાખ ૩૨ હજારનો ખર્ચ, ડોલવણ  તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૧૩૪ હતી અને તેની પાછળ રૂ.૧૫ લાખ ૯૦ હજારનો ખર્ચ, ઉચ્છલ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૫૫(પંચાવન) હતી અને તેની પાછળ રૂ.૬ લાખ ૪૮ હજારનો ખર્ચ, વ્યારા તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૧૮૧ હતી અને તેની પાછળ રૂ.૧૧ લાખ ૨૬ હજારનો ખર્ચ, સોનગઢ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૧૦૯ હતી અને તેની પાછળ રૂ.૨ લાખ ૮૨ હજારનો ખર્ચ, વાલોડ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૭૪ હતી અને તેની પાછળ રૂ.૮ લાખ ૭૦ હજારનો ખર્ચ એમ કરીને વર્ષ ૨૦૨૨ની અંદર કુલ ૬૧૫ લાભાર્થીની સંખ્યા હતી અને તેની પાછળ રૂ.૭૨ લાખ ૪૪ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. તે જ પ્રમાણે કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ વર્ષ ૨૦૨૩ની અંદર કુકરમુંડા તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૯૩ હતી અને તેની પાછળ રૂ.૧૧ લાખ ૧૪ હજારનો ખર્ચ, નિઝર તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૧૩૪ હતી અને તેની પાછળ રૂ.૧૬ લાખ ૮ હજારનો ખર્ચ, ડોલવણ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૭૮ હતી અને તેની પાછળ રૂ.૯ લાખ ૩૬ હજારનો ખર્ચ, ઉચ્છલ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૧૪૦ હતી અને તેની પાછળ રૂ.૧૬ લાખ ૮૦ હજારનો ખર્ચ, વ્યારા તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૫૧ હતી અને તેની પાછળ રૂ.૬ લાખ ૧૨ હજારનો ખર્ચ, સોનગઢ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૭૫ હતી અને તેની પાછળ રૂ.૮ લાખ ૯૬ હજારનો ખર્ચ, વાલોડ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૧૭૫  હતી અને તેની પાછળ રૂ.૨૦ લાખ ૯૬ હજારનો ખર્ચ થયો છે. આમ વર્ષ ૨૦૨૩ની અંદર કુલ લાભાર્થીની સંખ્યા ૭૪૬ હતી અને તેની પાછળ રૂ.૮૯ લાખ ૪૨ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ બંને વર્ષ દરમ્યાન ૧૩૬૧ લાભાર્થીની સંખ્યા હતી અને તેની પાછળ રૂ.૦૧ કરોડ ૬૧ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે.

**સાબરકાંઠા જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ**

*** 15/4/1248 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા ) હિંમતનગર(:માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–:

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા | (૧) | ૧૬૩ |

| | | | |
|---|---|---|---|
| | લાભાર્થીઓને બકરાં એકમ)૧૦+૧ (યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને | | |
| (૨) | તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) | રૂ.૭૩,૩૫,૦૦૦-/ |

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બકરાં એકમ સ્થાપવા માટે એક એકમમાં કેટલો ખર્ચ થાય છે અને તેમાં લાભાર્થીએ પોતે કેટલી રકમ ભરવાની હોય છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એકમ સ્થાપવાની વાત અને તેમાં કેટલો ખર્ચ અને સહાયની વાત કરી છે. ત્યારે જણાવું તો બકરાં એકમ સ્થાપવા માટેનો ખર્ચ ૯૦ હજાર રૂપિયા થાય છે. આ એક એકમમાં ૪૫ હજાર રૂપિયાની સહાય કરવામાં આવે છે અને ૪૫ હજાર રૂપિયા લાભાર્થીએ પોતે ભોગવવાના થાય છે. આમ કુલ એક એકમની અંદર ૯૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે અને આ એકમની અંદર ૧૦ વત્તા ૧નું એકમ બનાવવામાં આવેલ છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ આદિવાસી ભાઇ-બહેનો જંગલ વિસ્તારમાં રહે છે અને જંગલની પેદાશો ઉપરાંત તેમની રોજગારી માટેનો આ એક પ્રશ્ન છે. આ જે સહાય આપવામાં આવે છે તેમાં આપ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને તેના માટે આગામી દિવસોમાં વિચારણા કરવામાં આવશે.

**આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય**

***15/4/1439 શ્રીમતી સંગીતાબેન પાટીલ** )લીંબાયત :(**માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-.

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | )૧( | હા, જી. |
| )૨( | જો હા, તો આ યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે, અને | )૨( | રાજ્ય સરકાર દ્વારા આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે રાજ્ય સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજના હેઠળ માન્યતા પ્રાપ્ત સંસ્થા/કોલેજમાં માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ હેઠળ સક્ષમ સત્તા દ્વારા નિયત કરેલ ટ્યુશન ફી તેમજ નોન રીફન્ડેબલ ફી જેવી કે, પરીક્ષા ફી, લાયબ્રેરી ફી, આ ઉપરાંત ભારત સરકાર દ્વારા નિયત કરેલ અભ્યાસક્રમના ગૃપ મુજબ વાર્ષિક, ગૃપ ૧ માટે હોસ્ટેલર માટે ૧૨૦૦૦ -/ડેસ્કોલર માટે ૫૫૦૦, ગૃપ ૨ માટે હોસ્ટેલર માટે ૮૨૦૦ -/ડેસ્કોલર માટે ૫૩૦૦-/ગૃપ ૩ માટે હોસ્ટેલર માટે ૫૭૦૦ -/ડેસ્કોલર માટે ૩૦૦૦ -/અને ગૃપ ૪ માટે હોસ્ટેલર માટે ૩૮૦૦ -/ડેસ્કોલર માટે ૨૩૦૦ -/મેન્ટેનન્સ એલાઉન્સ આપવામાં આવે છે. |
| )૩( | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમની સહાય આપી છે? | )૩( | ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રૂ.૧૨૫૪૭.૬૩ લાખની સહાય આપેલ છે. |

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૨ )૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨( | રૂ .૭૨૦૮.૩૯ લાખ |
| વર્ષ ૨૦૨૩ )૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩( | રૂ .૫૩૩૯.૨૪ લાખ |
| **કુલ** | **રૂ .૧૨૫૪૭.૬૩ લાખ** |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં એમ.બી.બી.એસ., એમ.એસ. ક્ષેત્રે છેલ્લાં બે વર્ષમાં કેટલી વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના સન્માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે કન્યા કેળવણી મહોત્સવ શરૂ કરીને સાચા અર્થમાં નારી સશક્તિકરણ કરવાનું કામ કર્યું અને તેમાં સવિશેષ લાભ થયો હોય તો અમારા ૧૪ ટ્રાઇબલ જિલ્લાની આદિવાસી સમાજની દીકરીઓને થયો છે. કન્યા કેળવણી ફ્રી કરીને આદિવાસી સમાજની દીકરીઓને જે વાલીઓ હાયર એજ્યુકેશન સુધી અભ્યાસ કરાવી શકતા ન હતા એમને આંગળી પકડીને સ્કૂલ સુધી લઇ જવાનું જ કામ નહીં પણ એમને હાયર એજ્યુકેશન મળે એના માટે વ્યવસ્થા કરી અને એના માટે બજેટમાં કન્યા કેળવણી ફ્રી કરવામાં આવી છે. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.એસ.

વગેરે હાયર એજ્યુકેશનની બધી જ ડિગ્રી માટે રાજય સરકાર દ્વારા આદિવાસી કન્યાઓના ઉચ્ચ અભ્યાસ માટે માન્યતા પ્રાપ્ત સંસ્થા–કોલેજોમાં અભ્યાસક્રમ હેઠળ સક્ષમ સત્તા દ્વારા નિયત કરેલ ટ્યુશન ફી તેમજ નોન રિફન્ડેબલ ફી જેવી કે પરીક્ષા ફી, લાઇબ્રેરી ફી ઉપરાંત ભારત સરકાર દ્વારા નિયત કરેલ અભ્યાસક્રમના ગ્રુપ મુજબ વાર્ષિક ગ્રુપ–૧ અને હોસ્ટેલની તમામ ફી આપવામાં આવે છે અને ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજય સરકારે રૂપિયા ૧૨૫૪૭.૬૩ લાખની સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં તા.૧–૧–૨૦૨૨થી તા.૩૧–૧૨–૨૦૨૨ સુધીમાં ૭૨૦૮.૨૯ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩માં તા.૧–૧–૨૦૨૩થી ૩૧–૧૨–૨૦૨૩ સુધીમાં ૫૩૩૯.૨૪ લાખ રૂપિયા ચૂકવવામાં આવેલ છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આદિજાતિ કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય બાબતે છેલ્લાં બે વર્ષમાં કેટલી કન્યાઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિ જિલ્લાવાર ચૂકવવામાં આવેલ છે એમાં મેડિકલ ક્ષેત્રે એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.એસ.નો અભ્યાસ જે દીકરીઓ કરે છે એમાં વર્ષવાઇઝ કહું તો વર્ષ ૨૦૨૨માં બનાસકાંઠા જિલ્લામાં રૂપિયા ૪૩૮.૧૨ લાખ ચૂકવવામાં આવેલ છે અને લાભાર્થી દીકરીઓની સંખ્યા ૮૩ છે, સાબરકાંઠા જિલ્લામાં રૂપિયા ૯૦.૨૪ લાખ ચૂકવવામાં આવેલ છે અને લાભાર્થી દીકરીઓની સંખ્યા ૩૨ છે, દાહોદ જિલ્લામાં રૂપિયા ૧૮૬.૭૪ લાખ ચૂકવવામાં આવેલ છે અને લાભાર્થી દીકરીઓની સંખ્યા ૨૬ છે, વડોદરા જિલ્લામાં રૂપિયા ૩૫૪.૫૬ લાખ ચૂકવવામાં આવેલ છે અને લાભાર્થી દીકરીઓની સંખ્યા ૯૨ છે, ભરૂચ જિલ્લામાં રૂપિયા ૩૫.૯ લાખ ચૂકવવામાં આવેલ છે અને લાભાર્થી દીકરીઓની સંખ્યા ૧૨ છે, સુરત જિલ્લામાં રૂપિયા ૫૩૫.૪૭ લાખ ચૂકવવામાં આવેલ છે અને લાભાર્થી દીકરીઓની સંખ્યા ૭૪ છે, વલસાડ જિલ્લામાં રૂપિયા ૫૭.૧૨ લાખ ચૂકવવામાં આવેલ છે અને લાભાર્થી દીકરીઓની સંખ્યા ૧૮ છે, અમદાવાદ જિલ્લામાં રૂપિયા ૨૧૮૭.૫૪ લાખ ચૂકવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ આખા રાજયના આ રીતે આંકડા આપવાના હોય તો આપ આપનો જવાબ રેકર્ડ ઉપર મૂકી દેજો.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી બહેનોને હાયર એજ્યુકેશન માટે જે બજેટ આપવામાં આવ્યું છે એટલે જિલ્લાવાર હું આંકડા આપું છું. વર્ષ ૨૦૨૨માં કુલ મળીને ૪૩૩૦.૪ લાખ રૂપિયાનું બજેટ આપવામાં આવ્યું છે અને ૮૩૦ દીકરીઓને એનો લાભ મળ્યો છે. હાયર એજ્યુકેશનમાં અમારી દીકરીઓ આજે ડોકટર બને છે એનું ગૌરવ છે એટલે આ સભાગૃહના હું ધ્યાન પર મૂકવા માગું છું કે, ઘણી વાર આદિવાસીઓના નામે જે લોકોને ગુમરાહ કરવામાં આવે છે ત્યારે કહેવું છે કે, આ સરકારની યોજનાથી આજે આદિવાસી સમાજની દીકરીઓ ભણતી થઇ છે. વર્ષ ૨૦૨૨–૨૦૨૩માં ૨૯૦૩.૮૨ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને ૫૭૫ બહેનો મેડિકલનો અભ્યાસ કરીને આજે રોજગારી મેળવતી થઇ છે. એવી જ રીતે આ મેડિકલ અભ્યાસક્રમ એમ.ડી., એમ.એસ. અને એમ.બી.બી.એસ.ની વાત કરી એવી જ રીતે જે કન્યાઓ એમ.એ. કરે છે, બી.એડ કરે છે, નર્સિંગ વગેરેનો ઉચ્ચ અભ્યાસ કરે છે એ તમામમાં આપણે લાભ આપ્યો છે અને છેલ્લાં ૨૦ વર્ષમાં દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝન અને મિશનના કારણે આદિવાસી સમાજની દીકરીઓ આજે ભણતી થઇ છે અને દરેક ક્ષેત્રમાં આગળ આવી છે એનો અમને અમારા સમાજ માટે ગૌરવ છે. સાથે સાથે અન્ય આપણા બાકીના હાયર એજ્યુકેશનના અભ્યાસક્રમો છે તેમાં બધા જિલ્લાઓની વાત કરતો નથી પણ કુલ આંકડો આપું છું તેમાં તારીખ ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ૭૨૦૮.૩૯ લાખ રૂપિયા આપણે ચૂકવ્યા છે અન્યમાં અને જે આખા ગુજરાતની બહેનોની ૬૬૩૨ દીકરીઓની સંખ્યા છે એમને આપણે હાયર એજ્યુકેશન માટે સો ટકા સહાય આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૧–૧–૨૦૨૩થી ૩૧–૧૨–૨૦૨૩ સુધીમાં ચૂકવેલ રકમ જે છે તેમાં રૂપિયા ૫૩૩૯.૨૪ લાખ ચૂકવવામાં આવ્યા છે અને કુલ જે ૪૬૧૪ દીકરીઓને હાયર એજ્યુકેશન માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. મને કહેતા ગૌરવ છે. બે વર્ષની વાત કરું તો તેમાં ૧૧૨૪૬ ગુજરાતની તમામ જિલ્લાની દીકરીઓ આ હાયર એજ્યુકેશન મેળવીને આજે આગળ વધી છે અને તેની ટોટલ રકમ જે આપી છે તે રૂપિયા ૧૨,૫૪૭.૬૩ લાખ આપણી ગુજરાત સરકારની આદિજાતિ વિભાગે આપણી બહેનોને સન્માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે રસ્તો કંડારેલો હતો તેને આગળ વધારીને આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ આપણે ૧૨,૫૪૭.૬૩ રૂપિયા દીકરીઓને આપવામાં આવ્યા છે અને દીકરીઓ આજે ભણીને આગળ વધી રહી છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦**

*15/4/1254 **શ્રી ડૉ .મહેન્દ્રભાઈ પાડલિયા** )ધોરાજી:( **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અન્વયે વિદ્યાર્થીઓ ભારતીય જ્ઞાન પ્રણાલીનો અભ્યાસ કરી શકે તેમજ ગણિત જેવા વિષય માટે ઉપયોગી થઈ શકે તે માટે ધોરણ–૯ અને ધોરણ –૧૦ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ? | હા, જી |

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અન્વયે વિદ્યાર્થીઓ ભારતીય જ્ઞાન પ્રણાલીનો અભ્યાસ કરી શકે તેમજ ગણિત જેવા વિષય માટે ઉપયોગી થઇ શકે તે માટે ધોરણ–૯ અને ધોરણ–૧૦ માટે રાજય સરકારશ્રી દ્વારા કોઇ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ ?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ તે ભારતીય જ્ઞાન પરંપરા પર વિશેષ ભાર આપે છે અને આપણા શિક્ષણના તમામ સ્તર પર ભારતીય જ્ઞાન પરંપરા આપવા માટે ઇન્ડિયન સિસ્ટમ નોલેજ, ભારતીય શિક્ષા પ્રણાલીમાં આપણી જે નીતિ આપણા સન્માનનીય દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ ત્રણ દશક પછી આપણને આપી છે ત્યારે રાજય સરકારે ભારતીય જ્ઞાન પરંપરા માટે જે કામગીરી કરી છે અને તેમાં માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે તેમાં આપણે કેટલા આગળ વધ્યા છીએ? મને કહેતા એ બાબતનો આનંદ છે કે, ભારતમાં જ્ઞાન જ જીવનનો સર્વોચ્ચ હેતુ રહ્યો છે. જે કાળમાં વિશ્વના અન્ય દેશોની ઓળખ ત્યાંના રાજાઓ અને રજવાડાઓથી થતી હતી તે સમયે ભારતના ભારત ભૂમિના ગુરુ..

અધ્યક્ષશ્રી : આપ માગણીઓ ઉપર વિસ્તૃત બોલી શકશો. આમાં પ્રશ્નનો જવાબ જ આપવાનો થશે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દાયકા બાદ સન્માનનીય દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જે આપી તેમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સનાતન ભારતીય મૂલ્યને ઉજાગર કરતી નીતિ છે. આ ક્ષેત્રમાં આપણે જે વાત કરી કે, ગુજરાત રાજય શિક્ષણ ક્ષેત્રે પણ અગ્રેસર છે. નૂતન અને પુરાતન જ્ઞાનનો શુભગ સમન્વય થાય તે હેતુથી ગુજરાતમાં ક્રમશઃ ધોરણ–૬થી ધોરણ–૧૦ સુધી વૈદિક ટ્રેન્ડનું અમલીકરણ વર્ષ ૨૦૨૨–૨૩થી શરૂ થઇ ગયેલ છે. વિદ્યાર્થીઓમાં માત્ર ગણતર જ નહીં પરંતુ વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું ઘડતર થાય તે માટે શ્રીમદ ભાગવત ગીતામાં દર્શાવેલ મૂલ્યો અને સિદ્ધાંતોનો સમાવેશ ગીતાસાર સ્વરૂપે ધોરણ–૬થી ધોરણ–૧૨ના અભ્યાસક્રમમાં પણ દાખલ કરવામાં આવેલ છે. એ સદંર્ભે પ્રથમ તબક્કામાં ધોરણ–૬ માટેનું ગીતાસાર અંગેનું સાહિત્ય પ્રસિદ્ધ,

અધ્યક્ષશ્રી : આમાં ધોરણ–૬ માટે કહ્યું નથી પણ ધોરણ–૯ અને ધોરણ–૧૦ આ બે ધોરણમાં કોઇ બદલાવ તમે કર્યો હોય તો એટલું આપ જણાવો. આખી શિક્ષણ નીતિની વાત આપ માગણીઓ પર કરી શકશો.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ધો.૯ અને ૧૦માં આપણે વૈદિક ગણિત ઇમ્પ્લિમેન્ટ કર્યું છે અને એના પુસ્તકો છાપીને સ્કૂલ ઓફ એક્સિલન્સમાં જે ૪૪૯ સ્કૂલો આવી છે એમાં અત્યારના તબક્કે ધો.૯ અને ૧૦માં વૈદિક ગણિત દાખલ કર્યું છે. એનો અભ્યાસક્રમ પાઠ્ય પુસ્તક મંડળો દ્વારા છાપીને એ સ્કૂલોમાં પણ પહોંચાડવામાં આવેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ અમલમાં આવી એ મુજબ અત્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો જે રેશિયો નક્કી થયો છે એમાં શું ફેરફાર કરવામાં આવ્યો છે? અને દરેક વર્ગદીઠ એક શિક્ષક હોવો જોઇએ એ નવી શિક્ષણ નીતિમાં છે કે કેમ? એનો અમલ આપણે ગુજરાતમાં કરીએ છીએ કે કેમ અથવા કરવા ધારો છો કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે દરેક કલાસની વાત કરી એમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત તબક્કાવાર સુધારા–વધારા થઇ રહ્યા છે. આપણું સ્ટેટ કરિક્યુલમ ફ્રેમ વર્ક (એસ.સી.એફ.) એ તૈયાર કરી રહ્યું છે. વિદ્યાર્થીઓની સંખ્યા અને શિક્ષકના રેશિયો મુજબ ૩૦ વિદ્યાર્થીઓએ એક શિક્ષક આપવાની જોગવાઇ છે એ રીતે આમ તો શિક્ષકદીઠ એક ઓરડો પણ અમે આવનારા સમયમાં કરી રહ્યા છીએ. શિક્ષકદીઠ વર્ગની સંખ્યા બાબતે અત્યારે સ્ટેટ કરિક્યુલમ ફ્રેમ વર્કના આધારે આગળ વધી રહ્યા છીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ પૂછવું છે કે અત્યારે જૂની શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થી અને શિક્ષકનો રેશિયો શું છે અને નવી શિક્ષણ નીતિ મુજબ રેશિયો શું છે? અથવા વર્ગદીઠ એક શિક્ષકની નીતિ છે કે કેમ? આપણે જોયું કે ૧૬૦૦ જેટલી શાળામાં એક જ શિક્ષક છે. આપણે જે પણ ભણાવવાના હોઇએ એ ભણાવશે કોણ એ જ તકલીફ છે. નવી શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦થી અમલમાં છે. આજે ચાર વર્ષ થયા તો આપણે એ મુજબ શિક્ષકોની ભરતી કરીએ છીએ કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સજેશન સારું છે.

અધ્યક્ષશ્રી : એમનું સજેશન નથી. એ એમ કહે છે કે શિક્ષણ નીતિ અંતર્ગત આવી કોઇ જોગવાઇ છે? અને જોગવાઇ હોય તો એ મુજબ આપણે કરીએ છીએ કે કેમ? તમે હમણાં આની પહેલાંના પ્રશ્નમાં જવાબ આપ્યો હતો કે કરીએ છીએ.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, એમને શિક્ષકોની સંખ્યાની ટૂંકી વિગત જોઇએ છે. એમાં વર્ગદીઠ એક શિક્ષક નહિ પણ શિક્ષકદીઠ એક ઓરડો હોવો જોઇએ. આપણે સંખ્યાદીઠ શિક્ષક આપીએ છીએ. ૩૦ વિદ્યાર્થીઓદીઠ એક શિક્ષક આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : એ એક જ થયું. તમે કહ્યું કે ૩૦ બાળકોએ એક શિક્ષક આપીએ છીએ. એ તો બહુ મોટી બાબત કહેવાય. આ તો ગૌરવ લઇ શકાય એવી બાબત છે.

ડો. કુબેરભાઇ ડીંડોર : એ વર્ગદીઠ શિક્ષકની વાત કરે છે.

ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલી જ ચોખવટ કરવી છે કે અત્યારે જે જૂની શિક્ષણ નીતિ છે એમાં શિક્ષક અને વિદ્યાર્થીઓનો રેશિયો શું છે અને નવી શિક્ષણ નીતિ મુજબ એમાં શું સુધારો થયો અને આપણે એનો અમલ કરીએ છીએ કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે આપણી કમિટી છે. એ સમયાંતરે બેઠકો કરે છે. ચર્ચા કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પાછળથી જવાબ આપશે. અત્યારે એમની પાસે રેકર્ડ પર નહિ હોય તો પાછળથી જવાબ આપશે.

શ્રી અમિત ચાવડા : માનનીય મંત્રીશ્રીને શિક્ષણ નીતિ જ ખબર ના હોય એવું થોડું હોય?

અધ્યક્ષશ્રી : વાત સાચી છે પણ મંત્રીશ્રી પાસે બધા જવાબ ઉપલબ્ધ હોઇ ન શકે. બધી નીતિઓ મૌખિક ખ્યાલ હોઇ ન શકે. આપને એ પછી જવાબ આપશે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, વૈદિક ગણિતની અને પરંપરાની વાત થઇ તો આજે આપના માધ્યમથી એકાદશીની સૌને શુભેચ્છા પાઠવું છું. આપણે સૌ અત્યારથી જ વૈદિક ગણિત શીખવાનો પ્રારંભ કરીએ. હું રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નું મૂળભૂત વિઝન શું છે? અને એની વિશેષતા શું છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ગૃહના તમામ સભ્યો માટે મહત્ત્વનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : આપ ટૂંકમાં જવાબ આપજો.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, હું ટૂંકમાં જવાબ આપીશ અને સાથે–સાથે અમે એની એક નાની બુક બનાવી છે એ પણ બધા સભ્યોને હું પહોંચાડીશ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નું વિઝન શું છે? આ પ્રશ્ન આપણા બધા માટે મહત્ત્વનો છે.

અધ્યક્ષશ્રી : મહત્ત્વનો પ્રશ્ન છે એ બે વખત ન કહેવાય. મહત્ત્વનો હોય તો જવાબ આપી દો.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ તા.૨૯ જુલાઇ, ૨૦૨૦ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. આ અગાઉ વર્ષ ૧૯૮૬માં શિક્ષણ નીતિ જાહેર કરવામાં આવી હતી. આમ, ૧૯૮૬ની શિક્ષણ નીતિના ૩૪ વર્ષ પછી કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ જાહેર કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણને સાર્વત્રિક બનાવવા તેમજ ભારતને મહાસત્તા અને વિશ્વ ગુરુ બનાવવા માટેનો છે. સ્વતંત્ર ભારતની પહેલી એવી નીતિ છે કે જેમાં સંપૂર્ણપણે ભારતીયતાનો ભાવ ભરેલો છે. શિક્ષણ નીતિ–૨૦૨૦ અનુસાર ૩ વર્ષથી ૧૮ વર્ષની ઉંમરને આવરી લેતી આ નીતિમાં હાલના ૧૦+૨ના શાળાકીય શિક્ષણના માળખામાં બદલાવ લાવીને નવીન ૫+૩+૩+૪ શૈક્ષણિક અને અભ્યાસક્રમ સબંધિત માળખાની ભલામણ કરવામાં આવેલ છે. આ નીતિના અમલ માટે રાજ્ય સ્તરના વિદ્વાનોની ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ માળખાને લઇને ટાસ્ક ફોર્સ સમિતિ દ્વારા સૂચવવામાં આવેલ પૅટર્નનો રાજ્ય સરકારે અમલ કરેલ છે. આથી રાજ્યમાં જે શાળાકીય માળખું અમલમાં આવ્યું છે, જે નિર્ણયો લેવામાં આવ્યા છે કે પાંચ વર્ષમાં પૂર્વ પ્રાથમિકના ત્રણ વર્ષ તથા ધોરણ–૧ અને (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપને મારી વિનંતી છે કે, વિભાગ દ્વારા તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને નવી શિક્ષણ નીતિની બુક પહોંચાડવામાં આવે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, નાની પૉકેટ બુક બનાવેલી છે. હું બધાને પહોંચાડીશ.

### છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની નકલી સરકારી કચેરી

***15/4/1970 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ ખોટી/નકલી સરકારી કચેરી ઊભી કરી સરકારી ગ્રાન્ટ/રકમ મેળવવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) | ના, જી. |
| (૨) | જો હા, તો કોના દ્વારા કેટલી સરકારી ગ્રાન્ટ/રકમ ગેરકાયદેસર મેળવી હોવાનું ક્યારે સામે આવ્યું, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે શાં પગલાં લેવામાં આવ્યાં? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તેની સાથે હું સંમત નથી. છોટાઉદેપુરમાં એક–બે નહીં પણ પાંચ જેટલી નકલી કચેરીઓ પકડાઇ છે અને લગભગ ૯૩ જેટલાં વહીવટી કામની મંજૂરી આપવામાં આવી છે અને રૂ.૨૧ કરોડ ૫૦ લાખ જેટલી રકમ આદિજાતિ વિભાગમાંથી ચૂકવવામાં આવી છે. મારો પ્રશ્ન એટલો જ છે કે નકલી ક્યારે સફળ થાય? જો અસલીનો સાથ સહકાર હોય તો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન પૂછો.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ કેસમાં માત્ર આદિજાતિ વિભાગ નહીં પરંતુ સિંચાઇ વિભાગ, પાણી પુરવઠા વિભાગ અને નાણાં વિભાગ સંડોવાયેલા છે. નાણાં વિભાગ એટલા માટે કે, દરેકને પી.એલ.એ., બારકોડ, અને કૉર્ટેક્ષ નંબર આપેલા હોય છે. આ નકલી કચેરી પાસે આ નંબર કઇ રીતે આવ્યા? તેના ખાતામાં સરકારની રકમ કઇ રીતે જમા થઇ? જે અસલી અધિકારી સંડોવાયેલા છે તેની સામે શું કાર્યવાહી કરી છે? બે નકલી પ્રાયોજના વહીવટી અધિકારીની ધરપકડ થઇ છે પણ આ ચાર વિભાગના જે અસલી અધિકારીઓ સંડોવાયેલા છે તેની સામે કોઇ કાર્યવાહી કરી છે કે કેમ?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ ખોટી નકલી સરકારી કચેરી ઊભી કરી સરકારી ગ્રાન્ટ (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્રશ્ન લખેલો જ છે. આપ, એમના પ્રશ્નનો જવાબ આપો?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ કોઇ પણ કચેરી ખોલવામાં આવેલ નથી. સાથે સાથે આવા અન્ય વિભાગો દ્વારા પણ કોઇ કચેરી ખોલવામાં આવેલ નથી. (અંતરાય) આવું ખોટું નામકરણ કરીને જે કચેરી ખોલવામાં આવી હતી તેના માટે કોઇએ આર.ટી.આઇ., ફરિયાદ કે કોઇ રજૂઆત કરેલ નથી. જ્યારે અમારા વિભાગના ધ્યાન પર આ બાબત આવી ત્યારે ઊંડાણમાં તપાસ કરતાં ખબર પડી કે આવી ખોટી કચેરીઓ ઊભી કરવામાં આવેલી છે તો અમે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને જાણ કરી તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી કે કોઇ પણ હોય આપણે કોઇને છોડવા નથી, કાયદેસરની કાર્યવાહી કરો. એમની સૂચનાથી અમે એફ.આઇ.આર. કરીને બે લોકોને જેલમાં નાંખ્યા પછી પત્રકાર અને મીડિયાના માધ્યમથી આ બાબત ધ્યાનમાં આવી છે. સરકાર તરફથી કોઇ બાંધછોડ કરવામાં આવશે નહીં. જે કોઇ ખોટી કચેરી પકડાય છે તેના અનુસંધાને કાર્યવાહી કરી છે અને ફોજદારી કેસ પણ કર્યા છે. જે ખોટી રકમ ફળવાઇ છે તેના માટે હાલમાં તપાસ ચાલુ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બધામાં માનનીય મુખ્યમંત્રીશ્રીને શ્રેય આપવો બરાબર ન કહેવાય. આ નકલીકાંડ ગુજરાતમાં ચાલે છે. નકલી કચેરી હોય, ટોલનાકું હોય.....

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂરતી જ ચર્ચા કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, છોટાઉદેપુર જિલ્લામાં માનનીય તુષારભાઇએ કહ્યું એમ એક નહીં, પણ પાંચ નકલી કચેરીઓ પકડાઇ છે. કાયર્પાલક ઇજનેર સિંચાઇની કચેરી, નાયબ કાર્યપાલક ઇજનેર.....

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન જે હોય એ કહો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, રૂ.૨૧ કરોડ જેટલી રકમનું કૌભાંડ આ કચેરીઓ મારફત કરવામાં આવ્યું છે.....

અધ્યક્ષશ્રી : બેઠા–બેઠા વાત ના કરશો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગ તરફથી કેટલી રકમનું ચૂકવણું નકલી કચેરીઓ મારફત થયું છે?, આદિજાતિ વિભાગે શું કાર્યવાહી કરી છે? અને એમાં ગાંધીનગર લેવલના અલગ–અલગ વિભાગોના અધિકારીઓની સંડોવણી બહાર આવી છે કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી તાલુકામાં......

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કોર્ટની કાર્યવાહીને અસર ન થાય એ રીતે જવાબ આપજો. તપાસ ચાલતી હોય, સબજ્યુડિશ હોય તો એનો જવાબ તમે આપી નહીં શકો. એની મર્યાદામાં રહીને તમે જવાબ આપજો.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં નકલી સરકારી કચેરી ઊભી કરી સરકારી ગ્રાન્ટની ઉચાપત કરવા અંગેની બાબત અમારા ધ્યાને આવી. એમાં મુખ્ય સૂત્રધાર અબુબક્કર જાફરઅલી સૈયદ, રહે. વડોદરા અને સંદીપ રમેશ રાજપૂત દ્વારા ખોટી કચેરીઓ ઊભી કરીને રાજ્યસેવક તરીકેની ખોટી ઓળખ આપીને ખોટા સહી–સિક્કા બનાવી, ખોટી સહીઓ કરી, ખોટા દસ્તાવેજો તૈયાર કરી આશરે રૂ. ૨૧ કરોડની રકમનાં નાણાં પોતાનાં આર્થિક ફાયદા માટે લઇ ગયા છે. એના માટે અમે તા. ૨૬/૧૦/૨૦૨૩ના રોજ એફ.આઇ.આર. કરી છે. આઇ.પી.સી.ની કલમો ૧૨૦–બી, ૧૭૦, ૪૦૬, ૪૦૯, ૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૪૭૪ હેઠળ.....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કલમો કરતાં તમે એની સામે શું એક્શન લીધા એટલું જ બતાવો.

## તારાંકિત પ્રશ્નો

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુનો દાખલ કરવામાં આવેલ છે તેમજ છોટાઉદેપુર પોલીસ દ્વારા હાલ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને સદર પ્રકરણ હાલ ન્યાયિક તપાસ હેઠળ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું હતું કે, આદિજાતિ વિભાગ તરફથી કેટલું પેમેન્ટ કરવામાં આવ્યું છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિભાગ તરફથી કોઇ પેમેન્ટ કરવામાં આવ્યું હોય તો એની વિગતો આપો?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાન્ટ એન. જી. પી. ની છે. એમાં આદિજાતિ વિભાગ તરફથી રૂ.૨૧ કરોડ ફળવાયેલા જણાઇ આવે છે. હાલ તપાસ ચાલુ છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીના જવાબમાં આવી ગયો છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ જે નકલી કચેરી પકડાઇ છે એ નકલી કચેરીઓ કેટલા સમય પહેલાં કાર્યરત હતી?, કેટલા સમય પછી ખબર પડી છે? અને પકડાઇ છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ નકલી કચેરી વર્ષ ૨૦૧૬-૧૭થી ચાલતી હતી પણ અમારા ધ્યાન પર આવતા એની કાયદેસરની કાર્યવાહી કરી છે અને વિશેષમાં મારે કહેવું છે કે, ભૂતકાળમાં ડુપ્લિકેટ ઢોરવાડા, ડુપ્લિકેટ સ્કૂલો, ભૂતિયા વર્ગો ચાલતા હતા. આ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર મક્કમ છે. (અંતરાય)..

(આ તબક્કે કોંગ્રેસપક્ષના હાજર તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન પર ઊભા થઇને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.)

અધ્યક્ષશ્રી : આપ બધા બેસો. પ્રશ્નોત્તરીનો સમય તમે બગાડો છો. માનનીય શ્રી અમિતભાઇ, તમે સૌને બેસાડો. પ્રશ્નોત્તરીનો સમય ગુજરાતની પ્રજા માટે અતિ મહત્ત્વનો હોય છે. એ સમયને તમે બગાડી ન શકો. મારી તમને વિનંતી છે. આપનો જવાબ મળી જાય એની હું વ્યવસ્થા કરાવું છું. રાજ્યની પ્રજાના પ્રશ્નોનો ઉકેલ થતો હોય ત્યારે તમે કોઇ પક્ષ તરીકે આવું ન કરી શકો. હું આપને કહું છું કે આપ પોતાનું સ્થાન ગ્રહણ કરો. આપને બધા જવાબ મળી જશે. તમામ જવાબ અપાવવાની જવાબદારી અમારી છે. હું આપને બીજી વખત કહું છું કે તમે સ્થાન ગ્રહણ કરો. હું ફરી ત્રીજી વખત આપને વિનંતી કરું છું કે આપ બેસી જાઓ. પોતાનું સ્થાન ગ્રહણ કરો. માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન ગ્રહણ કરે. હું ફરી ચોથી વખત કહું છું. (આ તબક્કે કોંગ્રેસપક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઊભાં થઇ સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા તેમજ સત્તાપક્ષના પણ તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઊભા થયા) (સતત ઘોંઘાટ) માનનીય અમિતભાઇ, આ રીતે વ્યવસ્થા ન હોય. હું પછી તમારા અવાજ વચ્ચે માનનીય મંત્રીશ્રીને જવાબ આપવાનું ચાલુ કરાવીશ. તમે પ્રશ્નોત્તરીનો સમય નહીં બગાડી શકો. માનનીય અમિતભાઇ, આપ મારી વાત માની રહ્યા નથી. હું સૂચના આપું છું છતાં તમે માની રહ્યા નથી. (સતત અંતરાય) (સતત ઘોંઘાટ) માનનીય ગેનીબેન હું તમને પણ કહું છું. માનનીય ડૉ. તુષારભાઇ, માનનીય કાંતિભાઇ, માનનીય જિજ્ઞેશભાઇ, માનનીય ઇમરાનભાઇ, માનનીય અનંતભાઇ, માનનીય અમૃતભાઇ તમને બંનેને પણ હું વિનંતી કરું છું. તમે આ રીતે ન કરી શકો. આવું નહીં કરી શકો. આપને જવું હોય તો આપ પ્રેમથી જઇ શકો છો. આ પ્રશ્નોત્તરીનો સમય છે. (સતત ઘોંઘાટ) (સતત અંતરાય) માનનીય ઇમરાનભાઇ, આ બાજુથી નીકળો. આવી પરંપરા કરવાની નથી. એમને સમજાવો. તમારે નીકળવું હોય તો નીકળો હું એ પણ કહું છું. (સતત અંતરાય) (સતત ઘોંઘાટ) (સતત સૂત્રોચ્ચાર) તમે વચ્ચે ન આવો. તમને પૂરતો સમય આપ્યા પછી પણ તમે કોઇપણ રીતે અવરોધ કરવા માગો છો. તમને પ્રશ્નોત્તરીમાં રસ હોય એવું દેખાતું નથી અને પ્રશ્નના જવાબમાં પણ રસ નથી. આવું ચાલતું હશે?

મેં અહીંયા જે જે સભ્યશ્રીઓને નામ સાથે નેઇમ કર્યાં છે, મેં એમને વિનંતી કર્યા પછી પણ અહીંયા આગળ પહોંચ્યા અને અંદર આવ્યા. મેં વાત કર્યા પછી પણ પ્રશ્નોત્તરીનો સમય આપ જ્યારે બગાડી રહ્યા છો ત્યારે આ બાબત ઠીક નથી મારે તમને નેઇમ કરવા પડશે. મારી તમને વિનંતી છે કે આ બાબત ઠીક નથી. આ પદ્ધતિ ઠીક નથી. વિધાનસભાની કામગીરી સૂચારૂ રૂપે ચાલે એની તમારા બધાની જવાબદારી છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપવાની વાત કરે છે. માનનીય મંત્રીશ્રીએ ફક્ત એટલું જ કહ્યું કે, તમારા ઢોરવાડાંમાં કૌભાંડ ચાલતું હતું, બાકીનું કૌભાંડ ચાલતું હતું. ભૂતકાળમાં આવા-આવા કૌભાંડ ચાલતા હતા. મેં એમને કહ્યું કે તમે બેસી જાઓ. મેં એમને બેસાડ્યા છે. તમારે બેસવું જોઇએ. તમે બેસતા નથી.

(આ તબક્કે કોંગ્રેસપક્ષના નેતાશ્રી અમિતભાઇ ચાવડા તથા સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ શ્રી કાંતીભાઇ ખરાડી, ડૉ.શ્રી તુષારભાઇ ચૌધરી, ગેનીબેન ઠાકોર, શ્રી અરવિંદભાઇ લાડાણી, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી અનંતકુમાર પટેલ, શ્રી જિજ્ઞેશભાઇ મેવાણી, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા, શ્રી ગુલાબસિંહ ચૌહાણ અને આમ આદમી પાર્ટીના સભ્યશ્રી હેમંતભાઇ આહીર સહિતના સભ્યશ્રીઓએ સભાગૃહનો ત્યાગ કર્યો.)

અધ્યક્ષશ્રી : આપ બધા બેસો. બાકીના તમામ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. માનનીય સંસદીય મંત્રીશ્રી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પાના નંબર-૨૫૨ માં સ્પષ્ટ જણાવેલ છે કે, સરકારશ્રીએ જે પ્રશ્નોના જવાબ આપવાની ના પાડી હોય, એ પ્રશ્ન અંગેની વિગતો

છાપામાં આવી હોય તો પણ એ અંગે પ્રશ્ન પૂછવા દેવાય નહીં. તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૬૭ના રોજ જામગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ખાંડ અને તેલના કાળા... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ઉદાહરણ આપ્યા સિવાય તમારો પ્રશ્ન શું છે એની સીધી વાત કરો. તમારી પ્રપોઝલ શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી દરખાસ્ત છે કે વિધાનસભાની કાર્યવાહીમાં અધ્યક્ષશ્રીના નિર્ણયો તથા નિયમોને અવલંબી અથવા તો એનું ઉલ્લંઘન કરી વિપક્ષ દ્વારા વર્તન થઇ રહ્યું છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા હતા. એમને સંતોષ ન હોય તો પેટાપ્રશ્ન પૂછી શકાય છે. પરંતુ કેવળ આ પ્રશ્ને બહાર જઇ નિવેદનો આપવા, માનનીય મંત્રીશ્રી કહી રહ્યા હતા કે આ વસ્તુ કોઇની ફરિયાદથી નહીં, સરકારશ્રીએ જાતે.. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ટૂંકમાં કહો પછી પાછળથી સમય આપીશ. અત્યારે તમે જલદી વાત કરો. આપની દરખાસ્ત શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી દરખાસ્ત છે કે આજના દિવસ માટે આ બધા માનનીય સભ્યોને નેઇમ કરવામાં આવે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપે વારંવાર ટકોર કરી. આપે નેઇમ કરવાની વાત કરી. છતાંયે આ લોબીની અંદર થઇને ચાલ્યા છે, એટલે માનનીય સંસદીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ જે દરખાસ્ત લઇને આવ્યા છે, તેને હું ટેકો આપું છું અને આજના દિવસ માટે અથવા તો એનાથી પણ વધારે સમય માટે એમને સસ્પેન્ડ કરવા જોઇએ. જે લોકો અંદર આવ્યા છે તેમને સસ્પેન્ડ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ કહ્યું અને દરખાસ્ત કરી. મેં પણ વારંવાર સભ્યશ્રીઓને કહ્યું હતું કે વિધાનસભાની પ્રશ્નોત્તરીનો કાળ બહુ અગત્યનો હોય છે અને તેને તમે ડિસ્ટર્બ ના કરો. મંત્રીશ્રીની પાસે જે જોઇએ તે જવાબ આપવા સરકાર તૈયાર છે. એમણે તૈયારી પણ બતાવી. છતાં પણ કોઇપણ રીતે એમને બહાર જવાનું પ્લાનિંગ હોય તે પ્રમાણે તેઓ વારંવાર ઊભા થયા અને સૂચના આપી તો પણ ફરી પાછા બેઠા નહીં. મેં એમને નેઇમ કર્યા. નામ સાથે મેં એમને સૂચના આપી, તો પણ તેઓ પોતાના સ્થાન પર ન બેઠા. માનનીય મંત્રીશ્રી આજના દિવસની કાર્યવાહીમાંથી એમને સસ્પેન્ડ કરવા માટેની જે દરખાસ્ત લાવ્યા છે, તેને હું મત ઉપર મૂકું છું. મંત્રીશ્રીની દરખાસ્ત છે કે આજના દિવસ માટે આ સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા માટે સભાગૃહ મંજૂરી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : અહીંયા ઉપસ્થિત કોંગ્રેસ પાર્ટીના સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સર્વાનુમતે સસ્પેન્ડ કરવામાં આવે છે અને તેમને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ એટલે બન્ને બેઠકની વાત છે.

અધ્યક્ષશ્રી : હા, હા. એ તો આજનો દિવસ મેં કહ્યો છે.

**બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન–ન્યુટ્રી સિરિયલ યોજના હેઠળ બાજરા પાકના નિદર્શન**

*15/4/1231: **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર )પાલનપુર : (માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે –:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન–ન્યુટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં કેટલા નિદર્શન આપવામાં આવ્યા, અને | )૧( | ૫૫૭૧ |
| )૨( | સદરહુ નિદર્શન પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | )૨( | રૂ.૨,૭૮,૮૦,૧૭૯–/ |

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન ન્યૂટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા નિદર્શન આપવામાં આવ્યા અને સદરહુ નિદર્શન પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય સભ્યશ્રીએ જે વિગતો માગી છે એના અનુસંધાને જણાવું કે બનાસકાંઠા જિલ્લાની અંદર તાલુકાવાર નેશનલ ફૂડ સિકયોરિટી મિશન ન્યૂટ્રી સિરિયલ યોજના હેઠળ બાજરાના પાકના નિદર્શન માટેનો પ્રશ્ન જે સભ્યશ્રીએ પૂછ્યો છે, તેના અનુસંધાને મારે જણાવવાનું કે હમીરગઢ તાલુકાની અંદર ૫૩ જેટલા નિદર્શન કર્યા છે. કાંકરેજમાં ૧૫૦ અને ડીસા તાલુકાની અંદર વર્ષ ૨૦૨૨–૨૩ની અંદર ૩૫૦ અને વર્ષ ૨૦૨૩–૨૪ની અંદર ૨૦૯ એમ કુલ મળીને ૫૫૯ જેટલા, થરાદ તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૫૪૬ અને વર્ષ ૨૦૨૩–૨૪માં કોઇ કરવામાં આવ્યા નથી. દાંતા તાલુકામાં વર્ષ

૨૦૨૨–૨૩માં ૯૨ કરવામાં આવ્યા છે. દાંતીવાડા તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૦૦ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૨૧૧ એમ કુલ મળીને ૪૧૧ કરવામાં આવ્યા છે. દિયોદર તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૦૦ અને ધાનેરા તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૩૭૫ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૨૪૦ એમ કુલ મળીને ૬૧૫, પાલનપુર તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૦૦ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૮ એમ કુલ મળીને ૨૧૮, ભાભર તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૫૦ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૪ એમ ૧૫૪, લાખેણી તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૫૦ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૨૭૫, કુલ ૫૨૨ અને વડગામ તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૨૫ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૬ એમ કુલ ૨૩૧, વાવ તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૦૦ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૬૭૫ એમ કુલ ૮૭૫ અને સુઇગામમાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૫૦ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૪૮ એમ કુલ ૯૮. આમ, જિલ્લાની અંદર વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ ૨૯૪૧ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૨૬૩૦ એમ કુલ મળીને ૫૫૭૧ જેટલા નિદર્શન કેમ્પ કર્યા છે. એના ખર્ચની વાત કરું તો અમીરગઢ નિદર્શનની ખર્ચ સન ૨૦૨૨–૨૩માં રૂ. ૨,૭૫,૬૦૦ અને કાંકરેજની અંદર ૭ લાખ ૮૦ હજાર રૂપિયા, ડીસાની અંદર રૂ.૧૬ લાખ ૭૭ હજાર, થરાદની અંદર રૂ. ૨૫ લાખ ૩૬હજાર, દાતાની અંદર ૪૭ લાખ ૮૪ હજાર, દાંતીવાડાની અંદર રૂ.૯,૯૦,૭૭૮, દિયોદરની તાલુકાની અંદર રૂ.૫ લાખ ૨૦ હજાર, ધાનેરા તાલુકાની અંદર રૂ.૧૮,૪૧,૦૦૦, પાલનપુર તાલુકાની અંદર ૯ લાખ ૭૫ હજાર, ભાભર તાલુકાની અંદર ૭ લાખ ૫૨ હજાર ૪૨૮, લાખણી તાલુકાની અંદર રૂ.૧૧,૯૨,૭૨૫, વડગામ તાલુકાની અંદર રૂ.૧૦,૯૧,૮૫૦, વાવ તાલુકાની અંદર રૂ.૯,૦૪,૩૯૬, સુઇગામ તાલુકાની અંદર રૂ.૨,૩૨,૪૨૮ કુલ સન ૨૦૨૨–૨૩ની અંદર રૂ. ૧,૫૨,૪૮,૬૧૦નો ખર્ચ કરવામાં આવ્યો છે અને સન ૨૦૨૩–૨૪ની અંદર રૂ.૧,૩૬,૩૧,૫૬૯ કુલ મળીને ૨ વર્ષમાં ૨, ૭૮,૮૦,૧૭૯ આમ, તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ન્યુટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં કુલ ૫૫૭૧ નિદર્શન ગોઠવવામાં આવેલ છે અને રૂ.૨,૭૮,૮૦,૧૭૯ની સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબના પ્રયત્નથી સન ૨૦૨૩ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટસ વર્ષ તરીકે એની ઉજવણી થઇ અને રાજયની અંદર સૌથી વધારે બાજરીનું ઉત્પાદન અમારો બનાસકાંઠા કરે છે અને આખા વિશ્વને બાજરી ખાતા કર્યા એ બદલ દેશના વડાપ્રધાનશ્રીને ખૂબ અભિનંદન આપું છું અને આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે નિદર્શન એટલે શું? બાજરા પાક નિદર્શનમાં કઇ કઇ ખેત સામગ્રી આપવામાં આવે છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આ નિદર્શન એટલે શું એની ગૃહની જાણકારી માટે વાત કરી છે તો મારે જણાવવાનું કે પાક ઉત્પાદન વધારવાના હેતુસર વૈજ્ઞાનિક ભલામણો મુજબની નવી સંશોધિત ખેત સામગ્રીનો ઉપયોગ કરી વધુ ખેત ઉત્પાદન મેળવવા પ્રગતિશીલ ખેડૂતના ખેતર પર નિદર્શન ગોઠવવામાં આવે છે તેમજ તેને પ્રદર્શિત કરવામાં પણ આવે છે તેને નિદર્શન કહેવામાં આવે છે. આજુબાજુના વિસ્તારના ખેડૂતો પણ આવીને અધતન ખેતીની જાણકારી મળે, વધુ ખેડૂતોને એનો લાભ મળે અને બધા આના ઉપયોગકર્તા થાય એના માટે આ નિદર્શન કેમ્પો અમારા વિભાગ તરફથી કરવામાં આવે છે. એમાં તેઓના બાજરા પાકના નિદર્શનમાં ખેત સામગ્રીની વાત કરી છે, બિયારણમાં બાજરી આપીએ છીએ, ખાતરની અંદર એન.પી.કે. કોન્સોરટીયમ, માઇકોરાઇઝા, સેન્દ્રીય ખાતર, લિક્વિડ ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યુઅર, ફોસ્ફેટ રીચ ઓર્ગેનિક મેન્યુઅર (પી.આર.ઓ.એમ.), જંતુનાશક દવાઓમાં વર્ટીસિલિયમ લેકાની, એઝડીરેકટીન, ટ્રાયકોડર્મા વીરીડી આવી દવાઓની સામગ્રી એમાં આપણે આપતા હોઇએ છીએ.

**વલસાડ જિલ્લામાં ખેડૂતોને રાયપનીંગ ચેમ્બર માટે સહાય**

*15/ 4/ 1235 : **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ** )વલસાડ :(**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–:

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને ફળો પકવવા માટેના રાયપનીંગ ચેમ્બર માટેની યોજનામાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | )૧( હા, જી |
| )૨( જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | )૨ (કુલ રૂ .૪૭,૦૯,૯૦૦–/ |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રીએ રાયપનીંગ ફળો પકવવાની યોજનામાં વલસાડ જિલ્લામાં રૂ.૪૭,૦૯,૯૦૦ની સહાય આપી છે એ બદલ એમને અભિનંદન આપું છું, પરંતુ આ સહાય પૈકી બાગાયત ખાતા તરફથી કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને આ સહાયમાં વધારો કરવા માગો છો કે કેમ? અને વલસાડ મેંગોપાક માટે

જાણીતું છે તો કેરીનો રસનો પ્રોજેકટ કરવા માગો છો કે કેમ? એ આપના માધ્યમથી માનનીય મંત્રી શ્રી પાસેથી જાણવા માંગું છું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાયપનીંગ ચેમ્બર એટલે નવી ટેકનોલોજી સાથે માનવ જીવનને એની કોઇ આડઅસર ન થાય એના માટે ટેકનોલોજી સાથેની ફળ પાકો જેવા કે કેરી, પપૈયા વગેરેને આપણે ઝાડ પરથી ઉતાર્યા પછી ઉપયોગ કરતા પહેલાં પકવવા પડતા હોય છે. આવા ફળ પાકોને વૈજ્ઞાનિક પદ્ધત્તિથી પકવવામાં આવે છે. રાયપનીંગ ચેમ્બર સહાયના ધોરણોની વાત કરું તો રાયપનીંગ એકમ ઊભું કરવા માટે લાભાર્થી દીઠ મહત્તમ ૩૦૦ મેટ્રિક ટન અને મહત્તમ ૩૦૦ લાખ રૂપિયા પ્રતિ એકમ ખર્ચને આપણે ધ્યાનમાં રાખીને એના ધોરણે સહાય ચૂકવવામાં આવે છે. સામાન્ય વિસ્તારમાં લાભાર્થીને એકમ ખર્ચના ૫૦ ટકા લેખે રૂપિયા ૧૫૦ લાખની સહાય ચૂકવવામાં આવે છે. એમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના ૬૦:૪૦ ના ધોરણે આપવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં ૬૫ ટકા લેખે મહત્તમ ૧૯૫ લાખની સહાય ચૂકવીએ છીએ. સામાન્ય વિસ્તારમાં એ.પી.એમ.સી., સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજિસ્ટર્ડ ખેડૂત સંગઠનોને ૬૦ ટકા લેખે મહત્તમ રૂપિયા ૧૮૦ લાખ સુધીની સહાય આપીએ છીએ. આદિજાતિ વિસ્તારમાં એ.પી.એમ.સી., સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજિસ્ટર્ડ ખેડૂત સંગઠનોને ૭૫ ટકા જેટલી મહત્તમ સહાય રૂપિયા ૨૨૫ લાખની આપવામાં આવે છે. રાયપનીંગ ચેમ્બરમાં એક સંસ્થા મે.સિદ્ધાર્થ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ, સરવે નં. ૫૪૨, વલસાડમાં એની ક્ષમતા ૭૨.૪૬ મેટ્રિકટન છે. એને રૂપિયા ૩૬.૨૩ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. રાજ્યનો ફાળો એમાં રૂપિયા ૧૦ લાખ ૮૬ હજાર ૯૦૦નો છે અને ચૂકવેલ રકમ રૂપિયા ૪૭ લાખ ૯ હજાર ૯૦૦ની સહાય આપણે ચૂકવી છે અને આ બાગાયતના ફાળામાંથી આ સહાય આપણે ચૂકવીએ છીએ.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં રાયપનીંગ ચેમ્બર ઊભી કરવા કેટલા એકમોને કેટલી રકમ ફાળવવામાં આવી અને કેટલી ક્ષમતા ઊભી થશે એ જાણવું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જણાવ્યું તેમ વલસાડ જિલ્લામાં છેલ્લાં બે નાણાકીય વર્ષમાં રાયપનીંગ ચેમ્બર ઊભી કરવા માટે નીચે મુજબની એક ચેમ્બરને રૂપિયા ૪૭ લાખ ૯ હજાર ૯૦૦ ની સહાય ચૂકવવામાં આવેલ છે અને તેની કુલ ક્ષમતા ૭૨.૪૬ મેટ્રિકટન જેટલી છે. રાયપનીંગ ચેમ્બર એકમનું નામ મે. સિદ્ધાર્થ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજના એમ.આઇ.ડી.એચ.એ ચૂકવેલ રકમ રૂપિયા ૩૬ લાખ ૨૩ હજાર છે. રાજ્યની રૂપિયા ૧૦ લાખ ૮૬ હજાર ૯૦૦ છે અને ચૂકવેલ રકમ ૪૭ લાખ ૯ હજાર ૯૦૦ રૂપિયા છે.

**છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી**

*15/4/1434:**શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** )છોટાઉદેપુર:( માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| )૨( જો હા, તો ઉક્ત યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | )૨ (આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | કુલ :૧૮૦૦૦ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | કુલ :૧૬૦૧૮ |

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો અમલ ક્યારથી શરૂ કરવામાં આવ્યો? તેનો હેતુ શું છે અને આ યોજના થકી લાભાર્થીઓને શું લાભ થાય છે તેમજ તેમની આવકમાં કેટલો વધારો થયો છે?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૧૨-૧૩થી શરૂ કરવામાં આવ્યું છે. આ યોજનાનો મુખ્ય હેતુ આદિજાતિ ખેડૂતોને આધુનિક ઢબે ખેતી કરવા પ્રોત્સાહિત કરી ખેડૂતોના ખેત ઉત્પાદનમાં વધારો થાય, આદિજાતિ પરિવારોની આવકમાં વધારો થાય અને પરિવારનું જીવન-ધોરણ ઊંચું લાવવાનો અમારો મુખ્ય હેતુ છે. લાભાર્થીઓને આ યોજના હેઠળ સારી ગુણવત્તાયુક્ત બિયારણ આપવામાં આવે છે. જેના થકી કૃષિ ઉત્પાદનમાં

વધારો થાય અને પરિણામે તેની આવકમાં વધારો થાય અને જીવન–ધોરણ ઊંચું આવે. આ યોજનાથી ૪૦ ટકા જેટલી આવકમાં વધારો થયો છે.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીને કયા કયા પ્રકારના લાભો આપવામાં આવે છે?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : આ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતો લાભાર્થીને વર્ષ ૨૦૨૨–૨૩ સુધી સુધારેલ મકાઇનું બિયારણ અને શાકભાજીના બિયારણ જેવા કે રીંગણ, ટામેટા, દૂધી, કારેલા.....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજના વહીવટદાર કચેરીને ફાળવેલ ગ્રાન્ટ

**15/4/826 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા )બાયડ): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| )૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજના વહીવટદારની કચેરીને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | )૧)<br>રૂ. ૯૯૭૩.૭૪ લાખ |
| )૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓની પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા આ ગ્રાન્ટનો ઉપયોગ કઇ યોજનાઓ હેઠળ કરવામાં આવ્યો? | )૨)<br>ન્યુ ગુજરાત પેટર્ન, ન્યુ ગુજરાત પેટર્ન)રાજ્યકક્ષા ૧૦% ,( મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના, મુખ્યમંત્રી આદિમજુથ સર્વાંગી ઉત્કર્ષ યોજના, ન્યુક્લીયસ બજેટ, મુખ્યમંત્રી વન અધિકાર સર્વાંગી ઉત્કર્ષ યોજના, મંડપ યોજના/સંકલીત ડેરી વિકાસ યોજના, દુધ સંજીવની યોજના, વહીવટી ખર્ચ ,પગાર ,બંધારણની કલમ–૨૭૫(૧), ચડોતરૂ પ્રથા યોજના, ટ્રાયબલ મોર્ડનાઇઝેશન (IEC) ,ટેબલેટ યોજના, એફ.આર.એ (GOG) ,ડી સેગ (SCA) ,ડી સેગ (GOG) ,કુરિવાજો દૂર કરવા , ન્યુ ગુજરાત પેટર્ન(છૂટાછવાયા) ,ન્યુક્લિયસ બજેટ( છૂટાછવાયા) ,સોશિયલ એજ્યુકેશન કેમ્પ |

---------------------

### ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

**15/4/1228 શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા ) વાગરા(: માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં મંજૂર પ્રાથમિક શાળાઓ**

**871/4/15 શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી )રાજુલા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાઓ મંજૂર કરવામાં આવેલ છે? તે હકીકત સાચી છે, | )૧) | ના |
| )૨) | જો હા, તો ઉક્ત તાલુકાના કેટલા ગામમાં પ્રાથમિક શાળાઓ મંજૂર કરવામાં આવી છે, અને | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુ.ડી.સી.–૨.૦) હેઠળ કેટલા તળાવ બનાવવામાં આવેલ છે, | (૧) | ૧૨ તળાવ |
| (૨) | તે પૈકી કયા તાલુકામાં કેટલા નવા તળાવ બનાવવામાં આવેલ છે, અને | (૨) | જંબુસર તાલુકામાં ૧૨ નવા તળાવ |
| (૩) | આની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) | રૂ.૪૧.૬૪ લાખ |

| | | | |
|---|---|---|---|
| )૩( | ઉક્ત મંજૂર પ્રાથમિક શાળાઓનું બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | )૩( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**કચ્છ જિલ્લામાં માધ્યમિક શાળાઓ મંજૂર કરવા બાબત**

15/4/ :1212**શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** ) અબડાસા): માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૨) ઉક્ત જિલ્લામાં નિવૃત પ્રાથમિક શિક્ષકોના કેસ પડતર રહેવાના કારણો શાં છે, | )૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) ઉક્ત જિલ્લામાં ઉક્ત નિવૃત શિક્ષકોની જન્મ તારીખમાં સુધારા અંગેના હુકમ તાત્કાલિક થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને | )૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કેસોમાં નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | )૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ**

15/4/1026: **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ )સાબરમતી : (માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કેટલા ખેડૂતોએ તાલીમમાં ભાગ લીધો, | )૧) | ૩૬૦૦ |
| )૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી મહિલા તાલીમાર્થી અને કેટલા પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો, અને | )૨) | ૧૭૫૦ મહિલા અને ૧૮૫૦ પુરૂષ |
| )૩) | ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો? | )૩) | રૂ. ૧૬,૧૮,૪૨૮/- |

**નીલ ક્રાંતિ અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

**15/4/1987 શ્રી અમિત ચાવડા** )આંકલાવ) :**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં નીલ ક્રાંતિ અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી, | )૧) | (નીચે કોષ્ટક) |
| )૨) | ઉક્ત મળેલ રકમમાંથી ફિશ કેજ કલ્ચર પ્રોજેક્ટ માટે કેટલી રકમ ઉક્ત વર્ષવાર વાપરવામાં આવી, | )૨) | લાગુ પડતું નથી. |
| )૩) | ઉક્ત વર્ષવાર ઉક્ત પ્રોજેક્ટમાં ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, અને | )૩) | લાગુ પડતું નથી. |
| )૪) | મળેલ અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધાં? | )૪) | લાગુ પડતું નથી. |

| વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ |
|---|---|
| ૨૦૨૨ | શૂન્ય |
| ૨૦૨૩ | શૂન્ય |

----------------

ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ**

**15/4/873 : શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી )રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-:**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ છે તે હકીકત સાચી છે, અને | )૧) | હા. |
| )૨) | જો હા, તો ઉક્ત ઘટતાં ઓરડાઓ અને ખૂટતા શિક્ષકોની ઘટ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | )૨) | • ઉક્ત ખૂટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવામાં આવશે.<br>• ઉક્ત સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યા વહીવટી અનુકુળતા મુજબ જેમ બને તેમ ઝડપથી ભરવામાં આવશે. |

------------------

**રાજ્યની અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાભ**

15/4/1972 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૧૫/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૩૩૯૭૭ (અગ્રતા-૪૧)ના અનુસંધાને **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવાની બાબત કાર્યવાહી હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,અને | (૧) | આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવાની બાબત કાર્યવાહી હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ છે. |
| (૨) | ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવામાં આવશે? | (૨) | ઉક્ત કાર્યવાહી પરત્વે સરકારશ્રી કક્ષાએ નિર્ણય થયેથી કાર્યવાહી પૂર્ણ કરીને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવા બાબતે કાર્યવાહી કરવામાં આવશે. |

**કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજીઓ**

**15/4/1204 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા )અબડાસા : (માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસોની અરજીઓ આવી, અને | )૧( |

તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નીચેની વિગતે આવાસોની અરજીઓ આવી.

| ક્રમ | જિલ્લો | આવાસોની મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અબડાસા | ૩૮૬ |
| ૨ | અંજાર | ૧૪૭ |
| ૩ | ભચાઉ | ૭૧૬ |
| ૪ | ભુજ | ૭૦૮ |
| ૫ | ગાંધીધામ | ૧૧૦ |
| ૬ | લખપત | ૨૧૦ |
| ૭ | માંડવી | ૧૭૦ |
| ૮ | મુન્દ્રા | ૨૯૦ |
| ૯ | નખત્રાણા | ૪૭૯ |
| ૧૦ | રાપર | ૬૦૧ |
| **કુલ...** | | **૩૮૧૭** |

| | | |
|---|---|---|
| )૨( | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ? | )૨( |

તે પૈકી નીચેની વિગતે અરજીઓ મંજૂર કરવામાં આવી.

| ક્રમ | જિલ્લો | મંજૂર કરવામાં આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અબડાસા | ૩૮૬ |
| ૨ | અંજાર | ૧૪૭ |
| ૩ | ભચાઉ | ૭૧૬ |
| ૪ | ભુજ | ૭૦૮ |
| ૫ | ગાંધીધામ | ૧૧૦ |
| ૬ | લખપત | ૨૧૦ |

| | | |
|---|---|---|
| ૭ | માંડવી | ૧૭૦ |
| ૮ | મુન્દ્રા | ૨૯૦ |
| ૯ | નખત્રાણા | ૪૭૯ |
| ૧૦ | રાપર | ૬૦૧ |
| **કુલ...** | | **૩૮૧૭** |

**દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટીને કારણે પાકને થયેલ નુકસાન**

**15/4/1217 : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી )દાંતા) :માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

પ્રશ્ન — જવાબ

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટિ અને માવઠાંના કારણે ખેડૂતોના ઊભા પાકને થયેલ નુકસાન અંતર્ગત કેટલા ખેડૂતોને રાહત પેટે કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું,

)૧)

| તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ (રૂ.) |
|---|---|---|
| દાંતા | ૧૩૧૯ | ૧,૩૬,૪૦,૨૩૦/- |
| અમીરગઢ | ૪૪૮ | ૪૮,૯૮,૨૫૦/- |

)૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ખેડુતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

)૨) દાંતા અને અમીરગઢ તાલુકામાં કોઈ રકમ ચૂકવવાની બાકી નથી.

)૩) બાકી રકમ ક્યા સુધીમાં ચૂકવવાનું આયોજન છે ?

)૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

-------------------------

**પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી માટે કેમ્પ યોજવા બાબત**

**1410/4/15 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા )જમાલપુર-ખાડીયા(: માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે**

**પ્રશ્ન** — **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલીના કેટલા કેમ્પ યોજવામાં આવ્યા,

)૧)

| **અમદાવાદ શહેર** | **અમદાવાદ જિલ્લો** |
|---|---|
| ૦૧ (એક) કેમ્પ | ૦૧ (પ્રથમ તબક્કો, બીજો તબક્કો) |

)૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લાના કેટલા શિક્ષકોની અરજીઓ મળી,

)૨)

| **અમદાવાદ શહેર** | **અમદાવાદ જિલ્લો** |
|---|---|
| ૬૪૩૨ | ૪૬૮૩ |

)૩) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓનો નિકાલ બાકી છે, અને

)૩)

| | **અમદાવાદ શહેર** | **અમદાવાદ જિલ્લો** |
|---|---|---|
| નિકાલ કરેલ અરજીઓની સંખ્યા | ૨૩૮૪ | ૨૬૩૪ |
| નિકાલ બાકી અરજીઓની સંખ્યા | ૪૦૩૯ | ૨૦૪૯ |

)૪) ઉક્ત અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

)૪) આગામી સમયમાં યોજાનાર જિલ્લાફેર બદલી કેમ્પોમાં

**રાજયમાં ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો ન મળવા બાબત**

**15/4/1984 :શ્રી વિમલભાઇ કાનાભાઈ ચુડાસમા )સોમનાથ) :માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયના ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | )૧) | ના, જી. |
| )૨) | જો હા, તો ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા? | )૨) | તેમ છતાં, ખેતીમાં નફાકારકતા વધે તે માટે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય, ઉત્પાદન વધે તથા વધુ આવક મેળવવા માટે ખેડૂતોને માર્ગદર્શન તથા પ્રોત્સાહન માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. |

**અમદાવાદ જિલ્લામાં ફળપાકોના વાવેતર માટે સહાય**

**1030/4/15 : શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ** )સાબરમતી): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં ખેડૂતોને ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવેલ છે કે કેમ, અને | )૧) | હા, જી |
| )૨) | જો હા તો ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪ માં અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | )૨) | કુલ-૧૩ લાભાર્થીઓને કુલ રૂ. ૩,૩૧,૩૪૫/- ની સહાય ચૂકવવામાં આવી. |

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**,** મહિલા અને બાળ વિકાસ વિભાગ

**માગણી ક્રમાંક- ૯૨**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

શ્રીમતી ભાનુબેન બાબરિયા **(** સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી**,** હું સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૩૫,૦૪,૪૮,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૭,૯૪,૦૬,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૨ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રી : માગણી ક્રમાંક ૯૨**,** ૯૫ અને ૧૦૫ ઉપરની કાપ દરખાસ્તો આપનાર સભ્યશ્રીઓને સસ્પેન્ડ કર્યા હોવાથી કાપ દરખાસ્ત રજૂ નહીં થઇ.

**માગણી ક્રમાંક- ૯૫**

શ્રીમતી ભાનુબેન બાબરિયા **(**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી**,** હું અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૭,૯૩,૪૭,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૮,૬૦,૩૬,૦૦,૦૦૦ /- ની માગણી ક્રમાંક- ૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૯૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૧૦૫**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

શ્રીમતી ભાનુબેન બાબરિયા**(** મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી**,** હું મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૫,૪૧,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૫,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૦૫ રજૂ કરવામાં આવી.**

**સનર૦૨૪–૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદરખાસ્તરૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણીનં .૯૨** | | |
| ૧ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૦૩–પછાત...કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ .૫૦,૮૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –૨૪ )ભાગ–૧ (<br>પાના નં–૧૫ અને ૧૬ | ૧૦૦ | સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ઓબીસી અનામત અંગે રચાયેલ ઝવેરી પંચના અહેવાલની નકલો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી અમીત ચાવડા |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | અનુસૂચિત જનજાતિ માટેના અલાયદા વિભાગની જેમ ઓ.બી.સી .માટેના અલગ વિભાગની રચના કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | ઓ.બી.સી .વર્ગના કલ્યાણ માટે બજેટમાં પૂરતી રકમની જોગવાઇ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૪ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૧૦૨–આર્થિક વિકાસ<br>૦૧–ઓબીસી–૭<br>સ્વરોજગારી...સહાય<br>રૂ .૩૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –૨૪ )ભાગ–૧ (<br>પાના નં–૧૭ | ૧૦૦ | સ્વરોજગારી માટે પછાતવર્ગોના યુવાનોને પૂરતી નાણાકીય સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૫ | ૨૨૨૫ –અનુસૂચિત...કલ્યાણ<br>૧૯૦–જાહેર...સહાય<br>૦૩–ઓબીસી–૧૨...નિગમ<br>રૂ .૧,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –૨૪ )ભાગ–૧ (<br>પાના નં–૧૯ | ૧૦૦ | ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમને પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૬ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>૧૫–ઓબીસી–૬...સવલતો<br>રૂ .૭૭,૦૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –૨૪ )ભાગ–૧ (<br>પાના નં–૨૦થી ૨૩ | ૧૦૦ | પછાતવર્ગોના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે હોસ્ટેલોની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા . | ગેનીબેન ઠાકોર |
| ૭ | ૨૨૩૫–સામાજિક...કલ્યાણ<br>૧૦૧–વિકલાંગોનું કલ્યાણ<br>રૂ .૩,૦૭,૭૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –૨૪ )ભાગ–૧ (<br>પાના નં–૫૦ થી ૫૩ | ૧૦૦ | રાજયમાં દિવ્યાંગો માટેનો કાયદો ૨૦૧૬ અંતર્ગત સરકારી વડી કચેરીઓમાં દિવ્યાંગો માટેની પાર્કીંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૮ | ૨૨૩૫–સામાજિક...કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–SSW-23–ભિક્ષુકો...ઉત્કર્ષ<br>રૂ .૮,૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –૨૪ )ભાગ–૧ (<br>પાના નં–૬૫ | ૧૦૦ | ભિક્ષુકો, કેદીઓ અને નિરાધારોના ઉત્કર્ષ માટે નક્કર કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| | | **માગણી નં–૯૫** | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૧-અનુસૂચિત જાતિના કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-સમાજ...કચેરી<br>રૂ.૧૨,૬૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં -૨૪ )ભાગ-૨ (<br>પાના નં -૯૧ | ૧૦૦ | ગટરોની સફાઈ દરમ્યાન કામદારોના થતા મૃત્યુ માટે ચોક્કસ સહાય/વળતર અંગેની નીતિ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | ગટર સફાઈ કામદારોના મૃત્યુ રોકવા સત્વરે ઇમરજન્સી રિસ્પોન્સ સેનીટેશન યુનીટ બનાવવાની કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | સ્ટેટ મોનીટરીંગ કમિટીની બેઠકો નિયમિત મળે તે સુનિશ્ચિત કરવા સક્ષમકક્ષાએ જવાબદારી નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | અસ્પૃશ્યતા નાબૂદી કાર્યક્રમ યોજી તમામ વર્ગ સાથે સદ્ભાવના કેળવાય તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૧૩ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૧-અનુસૂચિત...કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ<br>રૂ.૨,૮૧,૩૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં -૨૪ )ભાગ-૨ (<br>પાના નં -૯૭ થી ૧૦૧ | ૧૦૦ | ફ્રીશીપ કાર્ડના અનામત કેટેગરીના વિદ્યાર્થીઓની ફીની રકમ કોલેજોમાં સમયસર ન ચૂકવાતા રદ થતી જી.ટી.યુ પરીક્ષા સંબંધમાં યોગ્ય ઉકેલ/કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | અનુસૂચિત જાતિના છાત્રોની ફી ચુકવણી અંગે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે રહેલા સંકલનના અભાવને નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૫ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૨૮૩-આવાસન<br>૦૧-SCW-૧૭...યોજના<br>રૂ.૮૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં -૨૪ )ભાગ-૨ (<br>પાના નં -૧૦૨ | ૧૦૦ | આંબેડકર સફાઇ કામદાર આવાસોની મંજૂરી જિલ્લા કક્ષાના બદલે રાજયકક્ષાએથી થવાના કારણે ગ્રાન્ટની ફાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | ડૉ .તુષાર ચૌધરી |
| ૧૬ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૭૮૯-અનુસૂચિત...યોજના<br>૨૨-એસ.સી.ડબલ્યુ-૪૭...સહાય<br>રૂ.૧૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં -૨૪ )ભાગ-૨ (<br>પાના નં -૧૦૨ થી ૧૦૯ | ૧૦૦ | આંતરજ્ઞાતીય લગ્ન સહાય અંગેની અરજીઓનોસમયસર નિકાલ કરી સહાયની ચૂકવણીમાં થતો વિલંબનિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઇમરાન ખેડાવાલા |
| **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણીનં .૧૦૫** | | | | |
| ૧૭ | ૨૨૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહિલા...વિભાગ<br>રૂ.૫,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૭<br>પાના નં .૪૬ | ૧૦૦ | આંગણવાડી બહેનોના પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૮ | ૨૨૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહિલા...વિભાગ<br>રૂ.૫,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૭<br>પાના નં .૪૬ | ૧૦૦ | આંગણવાડી બહેનોને અપાતાગણવેશની ખરીદીમાં થતી ગેરરીતિની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા . | ગેનીબેન ઠાકોર |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | દૂધ સંજીવની યોજના અંતર્ગત બાળકોને દૂધના પાઉચની વહેંચણીમાં થતી ગેરરીતિઓની તપાસ કરી જવાબદારો સામે | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારદ્વારા ગ્રાન્ટ ફાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમૃતજી ઠાકોર |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | વિધવા સહાય માટેના અગવડતાવાળા અરજી પત્રકોને સરળ બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | મહિલા બાળ વિકાસ વિભાગની કામગીરી સંગીન બનાવવાઅસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૨૩ | _ _ " _ _ | ૧૦૦ | કુપોષણ અટકાવવા અંતર્ગતની વિવિધ યોજનાઓની યોગ્ય અમલવારી કરાવવામાંતંત્રનીનિષ્ફળતા . | શ્રીવિમલભાઇચુડાસમા )કાન્તીભાઇ ખરાડી,દિનેશભાઇ ઠાકોર( |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | સંકલિત બાલ વિકાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી ગ્રાન્ટમાં કરેલ ઘટાડા અન્વયે અસરકારક રજૂઆતો કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૨૫ | _ _ " _ _ | ૧૦૦ | સંકલિત બાલ વિકાસ યોજના (આઇ.સી.ડી.એસ) અને કિશોરીઓ માટેની યોજનાઓનું યોગ્ય અમલવારી કરાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી )જીગ્નેશ મેવાણી ( |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | જર્જરિત આંગણવાડીઓની મરામતની કામગીરી સત્વરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી શૈલેષ પરમાર |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | મહિલા આયોગ દ્વારા મહિલાઓ ઉપર થતા અત્યાચાર સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |

ઉપરોક્ત કાપ દરખાસ્તો રજૂ કરનાર સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ઇશ્વરભાઇ પરમાર. કાપ દરખાસ્ત માટે કોઇ સભ્યશ્રી હાજર જ નથી એટલા માટે તમે નામનો ઉલ્લેખ કર્યો નથી. એ ચાલશે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી અનુસૂચિત પેટા યોજનાને લગતી માગણી નં.૯૫ લઇને આવ્યા છે એમાં સભાગૃહ સમક્ષ મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ ચાલતી અનુસૂચિત જાતિ પેટા યોજના વિષે હું વાત કરું તો રાજ્ય સરકારે ગરીબો અને વંચિતોના ઉત્થાનના ધ્યેય સાથે સૌનો સાથ, સૌનો વિકાસની પરિકલ્પનાને સિદ્ધ કરવા માટે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે અનેક યોજનાઓનો આરંભ કર્યો છે અને એના પરિણામે ગુજરાતનો અનુસૂચિત જાતિનો સમુદાય ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે અગ્રેસર બન્યો છે. વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણને વરેલી આ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે વંચિતો, શોષિતો, ગરીબો અને છેવાડાના માનવીઓના કલ્યાણ અર્થે સંવેદનશીલતા સાથે કાર્યરત છે. અનુસૂચિત જાતિના સર્વાંગિક વિકાસ માટે અનેકવિધ નિર્ણયો અને યોજનાઓના અમલ થકી અનુસૂચિત જાતિના સમુદાયમાં વિસ્તારલક્ષી અને વ્યક્તિલક્ષી વિકાસ માટે અમારી સરકાર અથાગ પ્રયત્નો કરે છે અને પ્રયત્નો કરતા પણ રહીશું. તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની માયાળું નેતાગીરી હેઠળ આ રાજ્ય સરકારે અનુસૂચતિ જાતિના સમુદાયના વર્ગોની વધુ અને વિશિષ્ઠ સંભાળ લીધી છે જેથી પણ તેઓ સમાજમાં એક સારું અને સુંદર જીવન જીવી શકે છે. અનુસૂચિત જાતિ સમુદાયના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસના હેતુ માટે આ અનુસૂચિત જાતિ પેટા યોજના ઘડવામાં આવે છે. અનુસૂચિત જાતિ પેટા યોજના એક યોજના નથી. પરંતુ અનુસૂચિત જાતિ એક છત્ર છે તેમ કહું તો ખોટું નથી જેના હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વાર અમલ કરવામાં આવેલ યોજનાઓનો અનુસૂચિત જાતિઓની જરૂરિયાતો અને સમસ્યાઓ અંગે કાર્ય કરવા માટે અનુસૂચિત જાતિઓના સમુદાયનો વિકાસ અને વિસ્તારલક્ષી કાર્ય કરવા માટે સરકારના જુદા જુદા વિભાગો મારફત નાણાંની જોગવાઇ કરવામાં આવે છે અને અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસૂચિત જાતિના લોકોને અને તે વિસ્તારના વિકાસ માટે આપણી રાજ્ય સરકાર જુદાજુદા વિભાગો દ્વારા અને વસ્તીના પ્રમાણમાં રાજ્ય સરકાર સુંદર રીતે અનેક વિકાસલક્ષી યોજનાઓ બનાવે છે અને તે મુજબ ખર્ચ કરીને કુટુંબો તથા વ્યક્તિલક્ષી અને વિસ્તારલક્ષી કાર્યક્રમો મારફતે અનુસૂચિત જાતિઓની જુદીજુદી સુવિધા જેવી કે પીવાના પાણીની સુવિધા, આરોગ્યલક્ષી સુવિધા, સુખાકારીની અનેક સેવાઓ, શૈક્ષણિક સેવાઓ, સિંચાઇની સેવાઓ, રોડ રસ્તા તથા પુલોના નિર્માણ તથા જરૂરિયાત મુજબના વિકાસલક્ષી કામોને આવરી લઇને દરેક વિભાગ જરૂરિયાત મુજબના

કાર્યક્રમો બનાવે છે અને યોજનાઓ પણ બનાવે છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિની કુલ વસ્તીના આશરે ૭ ટકા જેટલી અનુસૂચિત જાતિની વસ્તી આપણા સમગ્ર રાજયમાં ફેલાયેલી છે. અનુસૂચિત જાતિ પેટા યોજનાને વધુ અસરકારક બનાવવા માટે અનુસૂચિત જાતિની વસ્તીના પ્રમાણમાં નાણાં ફાળવવા માટે આપણી રાજય સરકાર પણ સંકલ્પબદ્ધ છે. અનુસૂચિત જાતિ પેટા યોજના માટે નાણાકીય સંસાધનો માટેની હું વાત કરું તો અનુસૂચિત જાતિ પેટા યોજના માટે રાજયની અંદાજપત્રીય જોગવાઇમાં અનુસૂચિત જાતિના ૭ ટકા વસ્તીના પ્રમાણમાં નાણાની જોગવાઇ કરવામાં આવે છે અને ભારત સરકાર પાસેથી ખાસ કેન્દ્રીય સહાય સ્વરૂપે પણ નાણાં મેળવવામાં આવે છે. કેન્દ્ર સરકારની યોજનાઓ અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાંથી પ્રાપ્ત થતી કેન્દ્રની સહાયનો પણ આમાં સમાવેશ કરવામાં આવેલો છે. એનું વહીવટી માળખું અને પરિણામ, અમલવારી અને દેખરેખના નિયંત્રણ અંગેની જો વાત કરું તો એમાં ત્રણ કક્ષાએ એક રાજય કક્ષાએ, બીજી ઝોન કક્ષાએ અને ત્રીજી જિલ્લા કક્ષાએ આનું વિશ્લેષણ કરીને એમાં જે કંઇક સમસ્યાઓ હોય, એમાં જે કંઇક સુધારા કરવા જરૂરી હોય તેવાં પગલાં પણ લેવામાં આવે છે. રાજય સરકાર અનુસૂચિત જાતિઓના વિસ્તારોના વિકાસ માટે રાજયકક્ષાથી લઇને જિલ્લાકક્ષા સુધી આ યોજના અંતર્ગત સમીક્ષા બેઠકનું આયોજન પણ કરે છે અને છેલ્લાં ૩ વર્ષની આ અનુસૂચિત જાતિ પેટા યોજનાના જુદાજુદા વિભાગોની જે જોગવાઇ છે તેની વાત કરું તો એસ.સી.એસ.ટી.ની જોગવાઇ ૨૦૨૧–૨૨ના વર્ષમાં રૂ.૫૨૯૬.૨૯ કરોડ, વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૫૫૧૪.૮૫ કરોડ, વર્ષ ૨૦૨૩–૨૪ની વાત કરું તો રૂ.૬૭૩૭.૦૪ કરોડ આમ છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ.૧૭૫૪૮.૧૮ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. આમ છેલ્લાં ૩ વર્ષની મેં વાત કરી છે એ ખરેખર ખૂબ સુંદર રીતે આ અનુસૂચિત જાતિ પેટા યોજનાનું આયોજન થાય છે. અનુસૂચિત જાતિ પેટા યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાની હું વાત કરું તો ભારત સરકાર દ્વારા જે ગામોમાં અનુસૂચિત જાતિની ૫૦ ટકાથી વધુ વસ્તી હોય તેવા ગામોને પસંદ કરી અને ગામને માળખાકીય સુવિધા, સામાજિક આર્થિક વિકાસના માપદંડમાં સુધારો કરવાની છે અને આ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા ગામોની પસંદગી કરવામાં આવે છે અને એ પસંદગી કરેલ ગામોમાં પીવાનું શુદ્ધપાણી, સ્વચ્છતાની પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, આરોગ્ય, પોષણ, સામાજિક સુરક્ષા, ગ્રામીણ માર્ગો અને આવાસ નિર્માણ તથા વીજળી અને ઇંધણ માટેની પણ એમાં જોગવાઇ કરવામાં આવે છે. વિકાસની વેગવંતી દિશા તરફ આગળ વધવા આગામી વર્ષ ૨૦૨૪–૨૫માં પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ ગુજરાતના ૩૧ જેટલા ગામોની પસંદગી કરવામાં આવી છે અને એમાં રૂ.૬૫૧ લાખની માતબર રકમની પણ જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત પેટા જાતિ યોજનાની અંદર શક્ય એટલો વધારો કરવાનો આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ, માનનીય નાણામંત્રીશ્રીએ જે પ્રયત્ન કર્યો છે તેના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અનુસૂચિત જાતિની વસતિના પ્રમાણમાં નાણાં ફાળવવા માટે જે વ્યવસ્થા કરી અને નાણાનો યોગ્ય રીતે ખર્ચ થાય તેની કાળજી લેવા માટે આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે એટલા માટે માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીએ કહ્યું હતું કે, દરિદ્રતાના અંતિમ પગથિયે બેઠેલો માનવી અમારું પ્રથમ લક્ષ્ય છે. તેથી વંચિતોના વિકાસ માટે સતત કાર્યરત એવી અમારી સરકારે સૌને સમાન તક, સમાન ન્યાય મળે અને છેવાડાના માનવીઓ પણ રાજ્યના વિકાસ માર્ગે વિશ્વાસભરી શરૂઆત કરી શકે તેવા હેતુથી વંચિતોના જીવનમાં ગુણાત્મક સુધારણા લાવવા અનેક નવતર યોજનાઓ અમલમાં મૂકી છે. સમાજના જરૂરિયાતમંદ નબળા અને વંચિત વર્ગોને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો તે અમારી સરકારની પ્રાથમિકતા છે. અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગ અને લઘુમતિઓ જેવા વિવિધ સામાજિક વર્ગોનો સામાજિક ઉત્કર્ષ થાય અને તેઓ નવી આર્થિક તકોનો લાભ લઇ શકે તેવી કલ્યાણકારી યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે. વૃદ્ધો અને દિવ્યાંગો જેવા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વર્ગો માટે પેન્શન યોજનાઓ પણ અમલમાં છે. આપણા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું છે કે, સૌનો સાથ અને સૌનો વિકાસ. ગુજરાત રાજ્ય એ દેશનું ગ્રોથ એન્જિન છે. વંચિતોનો વિકાસ આપણી ભાજપની સરકારે કરેલ છે. જેવી કે, લાઇટ, પાણી, રસ્તાઓ, વિનામૂલ્યે અનાજ વિતરણ, પ્રધાનમંત્રી સન્માન નિધિ હેઠળ સહાય, આવાસની સુવિધા, શૌચાલયની સુવિધા, ગેસ કનેકશન, અભ્યાસ માટેની સહાય આવી અનેક યોજનાઓનો લાભ આજે મળી રહ્યો છે. આ ડબલ એન્જિનવાળી સરકાર જેમાં વર્ષ ૨૦૧૪માં આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે દેશના પ્રધાનમંત્રી બન્યા પછી તેમણે દરેક વિભાગોની સવિશેષ ચિંતા કરી છે. આ વિભાગની પણ આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંતા કરી છે. હમણાં જ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અમલમાં મૂકી છે. જેના થકી આ સમાજના અનેક લાભાર્થીઓને તેનો લાભ મળે અને સ્વરોજગારીનાં સાધનો ઉત્પન્ન કરી શકે તે ચિંતા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડબલ એન્જિનની સરકાર બન્યા પછી જે ચિંતા કેન્દ્રની સરકારે કરી છે તેની થોડીક વાત આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકું તો વીતેલા દસ વર્ષોમાં સમગ્ર દેશમાં ૨૫ કરોડની વધુ લોકો ગરીબીમાંથી બહાર નીકળ્યા છે. દરેકને પોતાનું પાકું ઘર, પાકા મકાનોનું નિર્માણ કર્યું છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભાર્થીઓને

વિનામૂલ્યે અનાજનું વિતરણ, દરેક ગરીબ પરિવારો માટે નિઃશુલ્ક આરોગ્ય સારવાર, જનધન ખાતા ખોલીને ગરીબોને બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવેલ છે. ડી.બી.ટી. દ્વારા લાભાર્થીઓના બેન્ક ખાતામાં રકમ જમા આપવામાં આવે છે. પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત લારી ગલ્લા થકી રોજગારી મેળવતા લાભાર્થીઓને લોન આપી છે. આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં દસ ટકા અનામત, ખેડૂત પરિવારોને દરવર્ષે રૂપિયા છ હજારની આર્થિક સહાય, નલસે જલ યોજના, મુદ્રા યોજના અંતર્ગત લોન આપવામાં આવે છે. રોજગાર મેળા થકી લોકોને રોજગારી માટેના નિમણૂક પત્રકો આપવામાં આવ્યા છે. રાજ્યની સરકાર તો ચિંતા કરે જ છે પણ કેન્દ્રની સરકારે પણ સવિશેષ ચિંતા સમગ્ર વિભાગની કરી છે એટલે આપણે કેન્દ્ર સરકારને અને આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી લાભ તો આપ્યા, યોજનાઓ બનાવી. આ યોજનાઓથી જે લોકો વંચિત રહી ગયા છે તેને લાભ આપવા માટે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામેગામ મોકલી. ગામમાં જઇને જે લાભાર્થીઓ આ યોજનાના લાભથી વંચિત રહી ગયા છે તેમને સ્થળ ઉપર જ લાભ આપ્યા. જિલ્લાનું વહીવટી તંત્ર, તાલુકાનું વહીવટી તંત્ર સ્થળ ઉપર જઇ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારની યોજના લાભ લાખો લાભાર્થીઓને સીધા હાથોહાથ આપ્યા છે. કદાચ આપણા ઇતિહાસમાં પહેલી વખત આ રીતે કોઇ વડાપ્રધાને આપણા રાજ્યની ચિંતા કરી હોય તેવો પહેલો કિસ્સો હશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનાનો લાભ લાભાર્થીને મળે છે, સંત સુરદાસ યોજનાનો લાભ બી.પી.એલ. કાર્ડ સિવાયના વ્યક્તિઓ જે ઝીરોથી સત્તરમાં આવે છે એ લોકોને પણ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના અને સંત સુરદાસ દિવ્યાંગ પેન્શન યોજના હેઠળ દિવ્યાંગોને પેન્શન આપવાની જોગવાઇ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું કે, દિવ્યાંગ શબ્દ આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આપણી વચ્ચે લાવ્યા અને દિવ્યાંગ લાભાર્થીઓને સહાય મળે છે અને એ યોજનામાં લાખો લાભાર્થીઓને સહાય આપી છે. નવસારીમાં મોટો કાર્યક્રમ કર્યો, વડોદરામાં કર્યો એ થકી દિવ્યાંગોની ચિંતા આદરણીયશ્રી મોદી સાહેબે કરી. કદાચ એ ઇતિહાસમાં પહેલી વખત બન્યું હશે અને વર્લ્ડ રેકોર્ડ થયો અને એના માટે શ્રેય કોઇને જતો હોય તો આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઇએ મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમિયા, ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિ જેવી ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને પણ માસિક પેન્શન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. બૌદ્ધિક અસમર્થતા ધરાવતા મનો દિવ્યાંગ લાભાર્થીને પણ માસિક પેન્શન આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને મામેરાની સહાય આપવામાં આવે છે. પાલક માતા–પિતા યોજના હેઠળ નિરાધાર બાળકોને માસિક ધોરણે આર્થિક સહાય આપવામાં આવે છે. પાલક માતા–પિતા અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાઓનો લાભ લેતી કન્યાઓના લગ્ન સમયે રૂપિયા ૨ લાખની સહાય કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય સંકટમોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળના કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિના દુઃખદ અવસાન બાદ કુટુંબને સહાય, સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના યુગલોને સહાય, દિવ્યાંગ લગ્ન સહાય જેવા લાભો આપવામાં આવે છે. એ જ રીતે શૈક્ષણિક ક્ષેત્રે ચિંતા કરીને પી.એમ. યશસ્વી શિષ્યવૃત્તિ, અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તેમજ આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા–જમવા અને ભણવાની સવલત આપવામાં આવે છે. ઉપરાંત વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે પણ લોન આપવામાં આવે છે, સરસ્વતી સાધના યોજના હેઠળ કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર તો ચિંતા કરે છે પરંતુ સરકારે અનેક નિગમો બનાવ્યા છે જેના થકી પણ આ સમાજને લાભ મળે તે માટે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, સફાઇ કામદાર વિકાસ નિગમ, ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમ વગેરે નિગમો દ્વારા સરકારના ફંડમાંથી લાભાર્થીઓને ધિરાણ પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરિમા યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને વિનામૂલ્યે સ્વરોજગારીનાં સાધનો આપવામાં આવે છે, ડો. આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ પણ સહાય આપવામાં આવે છે, સરકારી કુમાર અને કન્યા છાત્રાલય અને આદર્શ નિવાસી શાળા માટે અદ્યતન સુવિધા સાથેના નવા મકાનો બાંધવામાં આવે છે. સમરસ કન્યા છાત્રાલયોના બાંધકામ, પાંચ નવા ચિલ્ડ્રન હોમ બનાવવાની જોગવાઇ રાજયની આ સરકારે કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરો પોઝિટિવ ઇલનેશ યોજના ૨૦૦૯થી અમલમાં છે. આ યોજના અંતર્ગત શહેરો પોઝિટિવ ઇલનેશના કારણે પીડિત પરિવારનાં બાળકના શૈક્ષણિક ઉત્કર્ષ માટે પણ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મિશન વાત્સલ્ય યોજના, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી દ્વારા ૩ યોજનાઓ જેવી કે સ્પોન્સરશિપ ફોરેસ્ટર કેર, આફ્ટર કેર ગુજરાત રાજયમાં અમલમાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેદી સહાય યોજના હેઠળ પણ ગુનેગારને જ્યારે જેલમાં મોકલવામાં આવે છે અથવા જેને ૫ વર્ષ કે તેથી વધુ વર્ષની સજા ફરમાવવામાં આવે છે ત્યારે તેના કુટુંબીજનોને મુશ્કેલી ન પડે તે માટે તેમને મદદ કરવા માટે પણ રૂપિયા ૨૫૦૦૦ સુધીની નાણાકીય મદદ, દૂધાળા ઢોર કે વ્યવસાયનાં સાધનો ખરીદવા માટે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ વાત કરવા જઇએ તો ઘણો સમય જતો રહે પણ જે યોજનાઓ રાજયની અને કેન્દ્રની સરકારે બનાવી છે. આપણા આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે અને આ વિભાગની માગણીઓને હું સમર્થન કરું છું.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી માગણી નંબર–૯૨ લઇને જે આ ગૃહ સમક્ષ આવ્યા છે તેની તરફેણમાં હું મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં નાણામંત્રી માનનીય કનુભાઇ દેસાઇએ એક ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે. મને કહેતા ગૌરવ થાય કે ભૂતકાળની સરકારોમાં ૨૦–૨૫ વર્ષ પહેલાં જે બજેટનું કદ માત્ર ૧૦ હજાર કરોડ રૂપિયા જ રહેતું તે વર્તમાન સમયની અંદર ભાજપ સરકારની દીર્ઘ દૃષ્ટિ, ઇમાનદારીપૂર્વકનું આયોજન, રાજકીય ઇચ્છાશકિત અને પારદર્શક વહીવટના કારણે કુલ–૩.૩૨ લાખ કરોડ કરતા વધુ આ સમયમાં રજૂ થયું છે. આ બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારીતા માટે પણ ખૂબ મોટી માતબર રકમ રૂપિયા ૬૧૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જેના સુવ્યવસ્થિત સંચાલન અને પારદર્શક વહીવટના કારણે પ્રજાજનોની જીવન શૈલીમાં અભુતપૂર્વ સકારાત્મક બદલાવ આવશે તેવો મને દૃઢ વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વસ્થ, સશકત અને સુશિક્ષિત નાગરિક સમાજના વિકાસની આધારશીલા હોય છે. વ્યકિતના સર્વાંગી વિકાસ માટે યોગ્ય પોષણ, શિક્ષણ અને આરોગ્ય જરૂરી છે. મને કહેતા ગૌરવ થાય કે વિભાગની વિવિધ યોજનાઓ દ્વારા પોષણલક્ષી યોજનાઓની નોંધપાત્ર વધારો કરી ચાલુ વર્ષમાં જે રૂ.૩૨૦૦ કરોડની રકમ હતી તેમાં જંગી વધારો કરી આગામી વર્ષે રૂ.૫૫૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. ભારતના લોક કલ્યાણ હેતુલક્ષી બંધારણે તેના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને જોગવાઇઓમાં જ્ઞાતિ, જાતિ અને ધર્મ ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને રાષ્ટ્રના નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતની ગોઠવણ કરી છે. બંધારણની કલમ–૪૬માં દર્શાવ્યા મુજબ સમાજના નબળા વર્ગોને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક હિતોને અભિવૃદ્ધિ માટે રાજય વિશેષ કાળજી કરે છે અને આ માટે સમાજના દરેક નાગરિકોને સમાન તક અને મૂળભૂત અધિકારો આપેલા છે. રાજય સરકારે પછાત અને નબળા વર્ગોની હિતોની વૃદ્ધિ માટે ઘણી બધી યોજનાઓની જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે બંધારણીય રીતે આ વિવિધ લાભો માટે જુદા જુદા ચાર વિભાગોની અંદર એમણે કામનું આયોજન કરેલુ છે. લોકશાહીના મંદિર જેવા આ વિધાનસભા ગૃહમાં હું આજે સભાનપણે અને ભારપૂર્વક કહેવા જઇ રહ્યો છું કે સૌનો સાથ, સૌનો વિકાસ એ માત્ર ભાષણમાં કહેવા પૂરતું મર્યાદિત નથી પણ દેશની સામાજિક વ્યવસ્થા અને સમરસતાનો એક વર્તમાન સમયમાં પર્યાય બની ચૂકયો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશમાં એક નવીન અભિગમ સાથે રાજનીતિનો ચીલો ચાતર્યો છે. આપણા ગુજરાતમાં શ્રી મોદી સાહેબના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં જે રીતે વિકાસની અને સુરક્ષાની ધૂરા સંભાળી હતી તેને ધ્યાનમાં લઇ વર્તમાન સરકાર પણ ગુજરાત રાજયના ખૂણે ખૂણામાં વિકાસની અવિરત ધારા વહેવાવા લાગી છે અને જે વર્તમાન સમયમાં પણ અવિરત રીતે ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના સૌથી પવિત્ર ગ્રંથ આપણા સંવિધાનની વ્યવસ્થાઓ મુજબ છેલ્લી હરોળમાં બેઠેલા માનવીને પણ એક સરખા અધિકારો આપવામાં આવ્યા છે. સંવિધાનની દૃષ્ટિએ દેશના તમામ નાગરિકો એક સરખા છે. જ્ઞાતિ, જાતિ, વર્ણથી ઉપર રહીને આપણા પવિત્ર સંવિધાને સૌને એક સરખા સંવિધાનિક અધિકારો આપ્યા છે. ગુજરાત સરકાર આશરે સાડા છ કરોડ કરતાં પણ વધારે નાગરિકોના હિત સાચવવામાં સમગ્ર દેશમાં અગ્રણી રહી છે એનું મને ગૌરવ છે. અનુસૂચિત જાતિ હોય કે અનુસૂચિત જનજાતિ, મહિલા હોય કે યુવાન હોય, શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્યનો અંતરિયાળ વિસ્તાર હોય, ડુંગરાળ પ્રદેશ હોય કે રણ પ્રદેશ હોય ગુજરાત સરકારે બધી જ દિશાઓમાં સમતોલ વિકાસ કરી એક સમાન દૃષ્ટિ સાથે એક સમાન સૃષ્ટિનો ઉત્તમ દાખલો સમગ્ર દેશ અને વિશ્વ સમક્ષ રજૂ કર્યો છે. મારા પૂર્વ વક્તાઓએ, ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી એમાં દિવ્યાંગ કલ્યાણ હોય, બાળ કલ્યાણ હોય, આર્થિક ઉત્કર્ષ બાબતની યોજનાઓ હોય, શૈક્ષણિક કલ્યાણ હોય, વૃદ્ધ કલ્યાણ બાબતની યોજનાઓ હોય અથવા તો સૌને માથે છત આપી ઘરનું ઘર આપવાની બાબત હોય ગુજરાત સરકારે ક્યાંય કોઇ પણ ક્ષેત્રમાં કચાશ રાખી નથી. આપણે ત્યાં ગુજરાતમાં કોઇ પણ ક્ષેત્ર, વર્ગ માટે મંત્રાલય કે આયોગ તેમજ નિગમની વ્યવસ્થા થઇ છે અને તેના માધ્યમથી અનેકાનેક યોજનાઓ અને પ્રવૃત્તિઓનો લાભ લાભાર્થીઓને મળી રહ્યો છે. માનનીય જયદ્રથસિંહજીએ વિવિધ આયોગ અને નિગમની વાત કરી. એનું હું પુનરાવર્તન કરતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં ગૌરવ થાય છે કે રાજ્યમાં દર વર્ષે ૧૨ લાખ જેટલાં બાળકોનો જન્મ થાય છે. આ જન્મ આપનાર સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણલક્ષી આહાર મળી રહે અને તેમના આરોગ્યની જાળવણી થાય એ આ સરકારની પ્રાથમિકતા રહી છે. વાર્ષિક રૂ.૩૦૦ કરોડના ખર્ચે પાંચ લાખથી વધારે મહિલાઓને રાશન આપવામાં આવે છે. બિનઅનામત વર્ગ માટે પણ આ સરકારે એક વિશેષ યોજના કરી છે. રાજયના અનામત વર્ગ જેવાં કે અનુસૂચિત જાતિ,

અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ અન્ય પછાત વર્ગમાં જેનો સમાવેશ ન થતો હોય તેવા બિનઅનામત વર્ગના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે વર્ષ ૨૦૧૮માં બિનઅનામત નિગમની રચના કરવામાં આવી છે. જેના અંતર્ગત લૉન સ્વરૂપે વિદેશ અભ્યાસ માટે રૂ.૧૫ લાખ, શૈક્ષણિક અભ્યાસ માટે રૂ.૧૦ લાખ, સ્વરોજગાર માટે રૂ.૧૦ લાખ અને કૉમર્શિયલ પાઇલોટની તાલીમ માટે રૂ.૨૫ લાખ જેવી માતબર રકમ આપવામાં આવે છે. મને કહેતાં ગૌરવ થાય છે કે આ બિનઅનામત વર્ગના દીકરા-દીકરીઓને ભોજન બિલના સહાય પેટે પણ રૂ.૧૫,૦૦૦/-,વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને રૂ.૧૫,૦૦૦/- સુધીની ટ્યુશન સહાય, JEE, NEET, અને GUJCATની તૈયારી માટે પણ રૂ.૧૫,૦૦૦/- અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ માટે પણ રૂ.૨૦,૦૦૦/-ની સહાય કરવામાં આવે છે.

**માનનીય સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં ગૌરવ થાય કે સર્વ જન સુખાય, સર્વ જન હિતાયનો સમભાવ લઇ આ સરકાર ગુજરાતના દરેક વ્યક્તિની જે ચિંતા કરી રહી છે અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરી એમની તરફેણમાં વાત કરી મારી વાત પૂરી કરું છું. ધન્યવાદ.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અમે જ્યારે વર્ષ ૧૯૯૫માં ચૂંટાયા ત્યારે માનનીય કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી હતા. ત્યારે અમારા શ્રી કેશુભાઇ કહેતા હતા કે ''આ કૉંગ્રેસની સરકારના બખોલા પુરવા છે.'' એમણે ધીમે-ધીમે પાંચ વર્ષ સુધી બખોલા પૂર્યા અને વર્ષ ૨૦૦૨માં શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી તરીકે આવ્યા ત્યારે આ નવી-નવી યોજનાઓ લાવ્યા. વર્ષ ૨૦૦૧માં જ્યારે ભૂકંપ આવ્યો ત્યારપછી વર્ષ ૨૦૦૨માં આ દેશના વડાપ્રધાન તત્કાલીન મુખ્યમંત્રી હતા. ભૂકંપ પછી કચ્છ અને મોરબીમાં જે સહાય આપવાની વાત હતી એમાં મોટું મન રાખી અને પછાતવર્ગના ગરીબ માણસોની અલગ-અલગ સોસાયટી બનાવી અને રૂ.૧,૪૦,૦૦૦/-નીવીજળી, પાણી, શિક્ષણ વગેરેની સુવિધાઓ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાનશ્રીએ પૂરી પાડી હતી. મને યાદ છે કે વર્ષ ૧૯૯૫માં જ્યારે હું તાલુકા પંચાયતમાં હતો ત્યારે સરકારી શાળાઓમાં બધાં સમાજનાં બાળકો ભણતાં હતાં. અત્યારે વિભાજન થઇ ગયું છે. પછાત અને ગરીબ વર્ગનાં બાળકો સરકારી શાળમાં અભ્યાસ કરે છે અને ધનિકોનાં બાળકો ખાનગી શાળામાં અભ્યાસ કરે છે. મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર જે યોજના લાવી છે તેનાથી ગણવેશની રકમ સીધી ખાતામાં જમા થાય છે. તે સમયમાં પછાત વર્ગનાં બાળકો શાળામાં આવતાં ત્યારે પાણીના અભાવે અઠવાડિયે એકવાર ન્હાવાનું, થીગડાવાળાં કપડાં પહેરવાનું. બધી દિશામાં સમાજનો વિકાસ ટ્રસ્ટી હોય ત્યારે જ થાય. મારી સામે બેઠેલા મિત્રો હાજર નથી પણ તેમના સમયમાં ખૂબ કૌભાંડ, ભ્રષ્ટાચાર, પ્રજાના પૈસાનો દુરુપયોગ થયો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કોઇ પણ કોન્ટ્રાક્ટમાં પાંચ વર્ષની ગેરંટી હોય, પુલના કામમાં ગેરંટી હોય. ઘણા બધા ધારાસભ્યશ્રીઓ નવા આવેલા છે તેમને જણાવીશ કે લાંબો સમય સુધી ટકી રહેવું હોય તો પહેલાં તો આરોગ્યની સુવિધાઓનો લાભ ગરીબ વર્ગને કઇ રીતે મળે તેનું ધ્યાન રાખવું પડે, શાળામાં જઇને આપણા વિદ્યાર્થીઓ સારી રીતે ભણે અને સારા અધિકારી થાય તે ધ્યાન રાખવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે વર્ષ ૧૯૯૫માં ચૂંટાયો ત્યારે મને એમ થતું કે ગુજરાતી વિદ્યાર્થીઓ આઇ.એ.એસ./આઇ.પી.એસ. કેમ બનતા નથી? બીજા અધિકારીઓ સાથે ચર્ચા દરમિયાન જાણવા મળ્યું કે, બીજા રાજ્યના વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ પછી તરત જ ગ્રેજ્યુએટ થાય જ્યારે ગુજરાતના વિદ્યાર્થીઓની ડૉક્ટર અને એન્જિનિયર બનવાની માનસિકતા હોય છે. જો ગુજરાતનાં બાળકો ધોરણ-૮ પછી આ ક્લાસ ચાલુ કરે તો આપણા ગુજરાતી વિદ્યાર્થીઓ પણ આઇ.એ.એસ./આઇ.પી.એસ. બની શકે. હું મારા વિસ્તારની સરકારની શાળામાં લગભગ વર્ષમાં એકવાર તેમની શું જરૂરિયાત છે તે જાણવા જાઉં છું. સાત-સાત વર્ષથી એક જ જગ્યાએથી ચૂંટાવાનું કારણ ગમે તેવા ખરાબ સમયમાં જીતવાનું કારણ એક જ છે કે ચૂંટાયા પછી સારી રીતે કામ કરી અને વિકાસમાં ભાગીદાર થવું. મને એવું લાગે છે કે સરકારનું બજેટ ટ્રસ્ટી તરીકે વાપરવું જોઇએ. સરકારની તિજોરીમાં જે પ્રજાના પૈસા જમા થાય છે તેના થકી પોતાના વિસ્તારમાં સારી રીતે વિકાસ થાય તે પણ જરૂરી છે. અમારા વિસ્તારમાં વાદી, ઠાકોર અને લઘુમતી વગેરેની અલગ અલગ સોસાયટી કરીને સરકારની બધી સુવિધાઓ પહોંચાડવામાં આવી છે. મારી સામે બેઠેલા મિત્રો હાજર નથી પણ તે લોકો લઘુમતીની વાતો કરે છે પણ લઘુમતીઓને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે સુવિધા આપે છે તેવી કૉંગ્રેસની સરકારે આપી નથી. આ બધી યોજનાઓ અંતે તો પ્રજાની છે. આ શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે છેલ્લાં ૨૦ વર્ષથી દર વખતે ડબલ બજેટ આપ્યું છે. બજેટનો ઉપયોગ પ્રજા માટે થાય એ પણ જરૂરી છે. આ દેશના વડાપ્રધાનશ્રીએ હમણાં જ અમારી ભારતીય જનતા પાર્ટીનું અધિવેશન હતું તેમાં આવતાં દિવસોમાં ૪૦૦ પારની વાત કરી હતી. વર્ષ ૧૯૯૫માં માત્ર બે સીટ હતી. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે ગાંધીજીએ કૉંગ્રેસના વિસર્જનની વાત કરી હતી પણ કૉંગ્રેસે વિસર્જન કર્યું નહીં પણ મને ૧૦૦ ટકા વિશ્વાસ છે કે ચાર પેઢીથી જે એક જ પરિવારનું રાજ છે તેનું વિસર્જન આ દેશના વડાપ્રધાનશ્રી અને મતદારો કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાનશ્રી મુરબ્બી નરેન્દ્રભાઇ ૧૮ કલાક કામ કરે છે તો આપણા બધાની જવાબદારી થાય કે આપણા વિસ્તારમાં નીતિથી અને સારી રીતે ૧૬ કલાક કામ કરીએ. દેશ આઝાદ થયો તેને ૭૫ વર્ષ થયાં.

૧૦૦ વર્ષ પછી શ્રેષ્ઠ ભારત બનાવવાનું આદરણીયશ્રી નરેન્દ્રભાઇનું સપનું છે તેની તૈયારી સરકાર, પ્રતિનિધિ અને અધિકારી અત્યારથી જ કરશે તો આવતાં દિવસોમાં આ સપનું સાકાર થશે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇના એક શબ્દ ઉપર આખો દેશ અને દુનિયા વિચાર કરતાં હોય તો ગુજરાતની જવાબદારી વધી જાય છે. બધા વિષયના અલગ–અલગ બજેટ હોય છે પણ બજેટમાં ઝીણી–ઝીણી બાબતનો જે સમાવેશ કર્યો છે તેમના માટે હું અભિનંદન આપું છું. અધિકારીઓ અને સરકાર સારી રીતે કામ કરતા હોય તો મને એવું લાગે છે કે સો ટકા કામ થશે. અમારા રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ઘણીવાર મીટિંગ થતી હોય ત્યારે કહેતા હોય છે કે, 'તમારા વિસ્તારમાં સારું કામ થવું જોઇએ. એકવાર કામ થયા પછી દસ વર્ષે પણ આ કામ તૂટવું ન જોઇએ.' વર્ષ ૧૯૯૫ પછી અમારા ખુલ્લા દિલના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ મોટા મનથી બધાં કામ આપે છે. આજે ડૉ. આંબેડકર ભવનની વાત કરી. અમે કચ્છમાં એક કાર્યક્રમમાં ગયા હતા. 'ન ભૂતો, ન ભવિષ્યતિ' એવા ભવનો અને કૉમ્યુનિટી હૉલ બનાવ્યા છે. મારા વિસ્તારમાં પણ માનનીય મંત્રીશ્રીએ રૂ.૧૯/– લાખ આપ્યા છે એ માટે હું એમનો આભાર માનું છું. માનનીય શ્રી અર્જુનભાઇ તો મારા મિત્ર છે. અત્યારે અહીંયા હાજર નથી. પણ મને કહેતાં આનંદ થાય છે કે, સજ્જન અને સારા માણસ આ જગ્યાએ બેસીને ખોટી વાત કરે એના બદલે આ જગ્યાએ બેસીને સારી વાત કરે તો એની તાકાતનો પ્રજાને પણ લાભ મળે. મહાત્મા ગાંધીજીની જન્મભૂમિમાંથી જેઓ ચૂંટાય છે એ જન્મભૂમિનો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વિકાસ કર્યો છે. સરદાર પટેલના સ્ટેચ્યૂની વાત કરી, નર્મદાની વાત કરી. આવાં ઘણાં બધાં કામો આ ભારતીય જનતા પાર્ટીએ કર્યાં છે. અમે વર્ષ ૧૯૯૫માં ચૂંટાયા એ પહેલાં ડામરના બેરલ રોડ ઉપર નાંખી દેવામાં આવતા. અત્યારે જોઇએ તો, પેવર પ્લાન અને સિમેન્ટ રોડની ખૂબ જ સારી કામગીરી આ સરકારે કરી છે અને આ પ્રજાએ પણ ખૂબ જ સપોર્ટ આપ્યો છે. મને યાદ છે કે આ ચૂંટણી અમે લડ્યા ત્યારે એમ થતું હતું કે, ચૂંટણી કેવી રીતે લડવી? વર્ષ ૧૯૯૫માં ચૂંટણી લડ્યા ત્યારે ખૂબ મહેનત કરવી પડતી હતી. હવે ચૂંટણી માત્ર દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નામે લડીએ છીએ. દેશ અને ગુજરાત આગળ વધી રહ્યું હોય ત્યારે આવતા દિવસોમાં ભારત સર્વશ્રેષ્ઠ ભારત બને એ માટેના પ્રયત્નો કરી રહ્યા છીએ. માનનીય મંત્રીશ્રી જે માંગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા માંગણી નં. ૯૨ લઇને આવ્યા છે એના પર ચર્ચા કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આટલી સાલસ માંગણીને સાંભળવી નહીં અને અમારા એકમાત્ર માનનીય મહિલા મંત્રીશ્રીને સાંભળવા નહીં એના માટેનો પ્લાન કરીને આવવું અને આ સદનમાંથી જતું રહેવું એવી કૉંગ્રેસની માનસિકતા છે. એમની આ માનસિકતા છતી થાય છે. આટલા સરસ વિષયની માંગણી પર ચર્ચા થતી હોય અને એમાં ભાગ ન લેવો એવી માનસિકતા રાખીને પ્લાન કરીને એ લોકો આ સદનમાંથી જતા રહ્યા છે. હું આ ગૃહને જણાવવા માગું છું કે, એકમાત્ર મહિલા મંત્રીશ્રીનું અપમાન કૉંગ્રેસે કર્યું છે. કૉંગ્રેસે આ માંગણી પર અહીં હાજર રહીને ચર્ચા કરવી જોઇએ. મહિલાનું અપમાન કરવું એ એમની માનસિકતા છે. એમના જે પૂર્વ પ્રધાનમંત્રી હતા એ એવું સ્વીકારતા, એમણે પંચર શોધી કાઢેલું કે, હું સો રૂપિયા મોકલું છું અને નીચે સુધી પંદર રૂપિયા પહોંચે છે. પણ આ લોકો એ વિષય સમજી શકતા નથી. આપણા વૈશ્વિક નેતા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના સી.એમ. હતા ત્યારે એમણે દિવ્યાંગો માટે ખૂબ સારી યોજનાઓ લાવીને વ્યવસ્થાને આગળ વધારી. એમણે લોકોનું અને સમાજનું કલ્યાણ કેવી રીતે કરવું અને સમાજના કલ્યાણ માટે સૌથી પહેલાં સમાજમાં જે લોકો પાછળ રહી ગયા છે એમને આપણી રાહમાં લાવવા અને આપણી સાથે જોડવા એ માટેની એમણે વ્યવસ્થા કરી છે. આ વ્યવસ્થા કરવા માટે આપણા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દાદા અને નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો ગુજરાતની પ્રજા વતી હું આભાર વ્યક્ત કરું છું. એમણે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કુલ રૂ.૬૧૯૩/– કરોડની જોગવાઇ કરી છે એ બદલ આભાર વ્યક્ત કરું છું. લોકોને સમાનતા આપવા માટે આદિજાતિ વિકાસ વિભાગ માટે આ બજેટમાં રૂ.૪૩૭૪/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગો માટે વિવિધ શૈક્ષણિક ધિરાણ અને સહાય યોજનાઓ માટે બજેટમાં રૂ.૬૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આવી જોગવાઇઓ કરી છેવાડાના માણસને આપણી સામાન્ય હરોળમાં કેવી રીતે લાવવો? એની ચિંતા કરનારી આ સરકાર છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું છે કે, કોઇ છેવાડાનો માણસ કોઇપણ જગ્યાએ રહેતો હોય એના માટે એક સારો રોડ બનાવીને આપવો, એને સારી વ્યવસ્થા કરી આપવી એ પણ એક સામાજિક ન્યાયની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમદ રામભદ્રાચાર્યજીને જ્ઞાનપીઠ એવોર્ડ આપવામાં આવ્યો છે. એમણે રામ મંદિર માટે સુરદાસ હોવા છતાં ત્યાં જઇ ન્યાયમાં એમની માગણીઓ મૂકી અને એના પૂરાવા આપ્યા. કયા પેજમાં શું લખ્યું છે, એ તેઓ સુરદાસ હોવા છતાં કહી શકતા હતા. જે લોકો સુરદાસ છે, જે લોકો વૃદ્ધ છે એવા દરેક વ્યકિતની વ્યવસ્થાઓ માટે આ સરકાર ચિંતા કરતી હોય છે. પહેલાં જુઓ તો આ સભાગૃહમાં કોંગ્રેસના કૌભોડોની ચર્ચાઓ થતી હતી. પહેલાં આ સભાગૃહના સભ્યશ્રી માનનીય અમિતભાઇ શાહ અહીંયા ઊભા રહી કોંગ્રેસના કૌભાંડો ગણાવતાં હતા.

માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભામાં ધારાસભ્યશ્રી તરીકે નવો ચૂંટાયો છું પણ અમારા સિનિયર જયારે મીટિંગો લેતાં હોય ત્યારે એ મીટિંગમાં માનનીય અમિતભાઇ મને કહેતાં હતા કે, શ્રી દિનેશભાઇ તમારે કૉલર ઊંચું રાખીને પ્રજાની વચ્ચે જવાનું છે. આવી સરકારશ્રીની વ્યવસ્થા છે. હવે આ કૌભાંડોની ચર્ચા થતી નથી. માનનીય અમિતભાઇ અહીંયા કોંગ્રેસનું ટુજી

સ્પેક્ટમ કૌભાંડ હોય, કૉલસા કૌભાંડ હોય એવા અનેક કૌભાંડોની ચર્ચા કરતાં હતા અને એ વિશે કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓ જવાબ આપી શકતા ન હતા. આજની તારીખે જુઓ તો આપણે દરેક વ્યવસ્થાને ખૂબ સુદૃઢ રીતે આગળ લઇ ગયા છીએ. આપણા ગુજરાત મૉડલને લોકોએ આખા રાષ્ટ્રમાં સ્વીકાર્યું છે. માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાત રાજ્યમાં ૧૦–૧૫ વર્ષ શાસન કરીને ગુજરાત રાજ્યનો વિકાસ કર્યો છે. આપણે વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરીએ તો વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત ગુજરાત રાજ્યએ કરી છે અને આજે આખા દેશમાં એનો સ્વીકાર થયો છે. દિવ્યાંગો અને વૃદ્ધો માટે આપણી સરકારે ખૂબ યોજનાઓ મૂકી છે. પહેલાં જે વ્યવસ્થા હતી અને જે સરકારો ચાલતી હતી એમાં તેઓ વર્ગવિગ્રહ કરાવતા હતા. ખાનાખરાબી ઉપર સરકાર ચલાવતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સબ કા સાથ, સબકા વિકાસ અને સબકા પ્રયાસ ઉપર ચાલનારી સરકાર છે. આ લોકો કોઇ સમાજને લડાઇને કામ કરતાં હતાં. એ વખતે મુખ્યમંત્રીશ્રી એવું કહેતાં કે, હું પટેલોને રૂ.૧૫/–માં બૉટલમાં તેલ લેવા મોકલીશ. આજે આખી વ્યવસ્થા આપણે બદલી નાખી છે. આપણે દરેક જગ્યાએ પરિવર્તન લાવ્યા છીએ. આપણે દરેક જગ્યાએ વ્યવસ્થાને કેવી રીતે સમાનતા આપવી? એ બાબતે વિચાર કર્યો છે. આજે વૃદ્ધો માટે સહાય યોજના, દિવ્યાંગો માટે સહાય યોજના, સંત સુરદાસ દિવ્યાંગ યોજના, બુદ્ધિ અસમર્થતા ધરાવતાં લોકો માટે માસિક પેન્શન યોજના, દિવ્યાંગ સાધન યોજના, દિવ્યાંગો માટે એસ.ટી. બસ નિઃશુલ્ક યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, નિરાધાર દિવ્યાંગો માટે નિભાવ યોજના એવી ઘણી બધી યોજનાઓ થકી સમાજના છેવાડાના માનવીને આપણી સાથે જોડવાનું કામ સામાજિક ન્યાય અને મહિલા બાળ કલ્યાણ વિકાસ વિભાગ થકી કરવામાં આવી રહ્યું છે. આ વિષય જો કોંગ્રેસે સમજ્યો હોત તો કોંગ્રેસના આ દિવસો ન આવ્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આ વ્યવસ્થામાં સૌથી મોટો વિષય સામાજિક ન્યાય તથા મહિલા અને બાળ કલ્યાણનો છે. પહેલાં બાળકને ગર્ભમાં જ મારી નાખવામાં આવતું હતું. આજે પરિસ્થિતિ અલગ છે. આજે મહિલા અને પૂરુષના અનુપાદને સુધારવાનો માનનીય નરેન્દ્રભાઇએ પ્રયાસ કર્યો છે. સામાજિક ન્યાયના દરેક પહેલુંઓમાં આપણી સરકારે ખૂબ સરસ કામ કર્યું છે. છેલ્લાં કેટલાંય વર્ષોમાં કોંગ્રેસની સરકારે આ દિશામાં કામ કર્યું હોત તો એમની આ દશા ન આવતી. આજે મહિલાના નામે નોંધાતા દસ્તાવેજોમાં ફી માફીની વાત હોય, વિદ્યા લક્ષ્મી બૉન્ડ હોય, હિંસા પીડિત મહિલાઓ માટે સુરક્ષાની વાત હોય, સ્વસહાય જૂથોને આર્થિક સહાય કરવા રૂ. ૧ લાખની લૉનની વાત હોય, આ તમામ બાબતે સરકારશ્રી દ્વારા ખૂબ જ ઉમદા કામગીરી કરવામાં આવી રહેલ છે. હું આ માગણીઓનું સમર્થન કરી મારી વાણીને વિરામ આપું છું.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા માગણી નંબર–૯૨, ૯૫ અને ૧૦૫ આ ત્રણે માગણીઓ રૂ. ૬૮૮૪.૯૩ કરોડના અંદાજો માટેની લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું અને મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, જયારથી ગુજરાત રાજ્યમાં અમારી સરકાર આવી ત્યારથી મહિલા અને બાળ વિકાસ વિભાગને દર વર્ષે બજેટમાં વધારો કરીને પૂરેપૂરો ન્યાય આપેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ બાબતમાં તાજેતરમાં ગૃહમાં અને દેશમાં પણ આપ જોઇ શકો છો કે મહિલાઓનું કેવી સશક્તિકરણ થયું છે. મહિલાઓ માટે આ સરકાર કેવા કેવા કાર્યો કરી રહી છે. મારી જાતને ભાગ્યશાળી અનુભવું છું કે અધ્યક્ષસ્થાને પણ મહિલા છે. માનનીય મંત્રીશ્રી પણ મહિલા છે કે જેઓ માગણી લઇને આવ્યા છે. બન્ને સચિવ તરીકે પણ બહેનો કામ કરી રહ્યાં છે અને ત્યારે મારી જાતને પણ મહિલા વિશે બોલવામાં પણ મને એકને જ ચાન્સ મળ્યો છે. આપ અધ્યક્ષ સાહેબનો ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મને કહેતા ગર્વ થાય છે કે ફકત એક દાયકાના ટૂંકા સમયમાં મહિલા અને બાળ વિકાસના નેજા હેઠળ આજે રાજયમાં મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ નોંધપાત્ર કામગીરી થઇ રહી છે. જે દ્વારા મહિલાઓના કલ્યાણ, શિક્ષણ, પોષણ અને સશક્તિકરણ માટે તેમજ રક્ષણ માટે સરકાર હંમેશા કટિબદ્ધ છે. તેથી આજે મહિલાઓની સુરક્ષા, સ્વાવલંબન અને સશક્તિકરણ માટે સક્ષમ નારી, સશક્ત ગુજરાત હેઠળ મહિલા અને બાળ વિકાસ વિભાગની નવીન પહેલ દ્વારા સફળતાના સોપાન સર કરી રહ્યું છે. જે અંતર્ગત કેટલીક માહિતી આ ગૃહમાં હું જણાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સર્વાંગી વિકાસ માટે તમામ વર્ગોની આર્થિક અને સામાજિક ઉન્નતિ જરૂરી છે. આ માટે સરકારશ્રી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરીની વર્ષ ૧૯૮૮માં રચના કરવામાં આવી છે. વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના હેઠળ વર્ષ ૨૦૦૬ થી અમલમાં આવેલ છે. આ યોજના થકી કાનુની માર્ગદર્શન અને રોજગાર તેમજ તાલીમ આપવામાં આવે છે. હાલમાં ૩૦ જિલ્લા મથકે કેન્દ્રો ચાલે છે અને તાલુકા અને શહેર વિસ્તારમાં ૨૦૫ મળી કુલ ૨૩૫ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્હાલી દીકરી યોજના બાબતે હું આ સભાગૃહને જણાવવા માગું છું કે સમાજમાં દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા માટે અને બાળ લગ્ન અટકાવવા માટે તેમજ દીકરીઓની આર્થિક અને સામાજિક સ્થિતિ મજબૂત કરવા માટેની વ્હાલી દીકરી યોજનાને તારીખ ૨–૮–૧૯ ના રોજ રાજકોટથી માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે અમલમાં મૂકવામાં આવેલી છે. જેમાં ૧૦૦ ટકા રાજય સરકારનો ફાળો છે. આ યોજનાનો ઉદ્દેશ દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવું, દીકરીઓના શિક્ષણમાં વધારો કરવો અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવો. દીકરીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું તથા બાળલગ્નો

અટકાવવા તે એનો મુખ્ય ઉદ્દેશ છે. આ યોજનામાં ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફતે લાભાર્થીઓની ઓનલાઇન અરજી કરવામાં આવે છે. ઓનલાઇન અરજીઓનું વેરિફિકેશન કરીને લાભાર્થીની ઓનલાઇન મંજૂર થયેલ સહાયને મંજૂરી હુકમ આપવામાં આવે છે. લાભાર્થી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા ૪ હજાર, ૯માં ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા ૬ હજાર અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ અને લગ્ન સહાય તરીકે રૂપિયા એક લાખ લાભાર્થીને આપવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં કુલ ૨.૧૯ લાખ લાભાર્થીઓને આ સહાય આ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. વ્હાલી દીકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે રૂપિયા ૨૫૨.૩૪ કરોડની જંગી રકમની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના બાબતે હું આ સભાગૃહને જણાવવા માગું છું. વર્ષ ૨૦૧૮–૧૯માં વિધવા બહેનોને માસિક રૂપિયા ૧૦૦૦ સહાય ચૂકવવામાં આવતી હતી. જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૮–૩–૧૯ ના ઠરાવથી તા. ૧–૪–૧૯ ની અસરથી ૨૫૦ રૂપિયા જેટલો વધારો કરીને હવે માસિક રૂપિયા ૧૨૫૦ ચૂકવવામાં આવે છે. લાભાર્થીનો પુત્ર ૨૧ વર્ષનો થાય તો વિધવા સહાય બંધ કરવામાં આવતી હતી તે શરત પણ મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૮–૩–૧૯ના ઠરાવથી રદ કરી બધા જ લાભાર્થીને આજીવન સહાય આપવાનું આ સરકારે નક્કી કરેલ છે. એટલા માટે હવે પાત્રતા ધરાવતા લાભાર્થીને આજીવન સહાય ચૂકવવામાં આવે છે. માર્ચ–૨૦૨૦થી એન.એફ.એસ.એ. પરથી ડી.બી.ટી. ની શરૂઆત કરવામાં આવેલ છે. અગાઉ તા.૮–૩–૨૦૧૯ ની સ્થિતિએ લાભાર્થીની સંખ્યા ૧,૪૮,૩૩૩ હતી પરંતુ ૨૧ વર્ષના પુત્રની જોગવાઇ રદ કરતા લાભાર્થીઓની સંખ્યામાં મોટો વધારો થયેલ છે. ડિસેમ્બર–૨૦૨૩માં ૧૪,૭૮,૦૦૦ લાભાર્થીઓને આ સહાય ચૂકવવામાં આવી રહી છે. ગયા વર્ષમાં કુલ રૂપિયા ૧૯૮૧.૭૬ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી જેમાં ડિસેમ્બર–૨૦૨૩ સુધીમાં રૂ.૧૭૦૪ કરોડનો ખર્ચ થયેલ છે અને ભારત સરકાર દ્વારા ઇન્દિરા ગાંધી નેશનલ વીડો પેન્શન સ્કીમ યોજના અંતર્ગત ૧૮ લાખ લાભાર્થીઓને રૂ.૩૦૦ ચૂકવવામાં આવે છે અને બાકીના રૂ.૯૫૦ લાભાર્થી દીઠ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. તેમજ રૂ.૨૩૬૨.૬૩ કરોડની જોગવાઇ વર્ષ ૨૦૨૪–૨૫માં કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા બહેનોના પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના વિશે આ સન્માનનીય ગૃહને કહેવા માગીશ કે આ યોજનાનો ઉદ્દેશ રાજ્યની ગંગા સ્વરૂપા મહિલાઓને સામાજિક આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ગંગા સ્વરૂપ મહિલાઓને પુનઃલગ્ન માટે પ્રોત્સાહન આપવા ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના તા.૧–૪–૨૦૨૧થી અમલમાં છે. ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮થી ૫૦ વર્ષની ઉંમરની કોઇપણ પુનઃલગ્ન કરનાર ગંગા સ્વરૂપા મહિલાઓ આ યોજનાનો લાભ લઇ શકે છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં સમર્થન કરું છું.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના મંદિર એવા સન્માનનીય ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની અનુસૂચિત જાતિ પેટા યોજનાની માગણી ક્રમાંકઃ ૯૫ માનનીય મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. અનુસૂચિત જાતિના ઉત્કર્ષની વાત હોય એટલે સ્વાભાવિક રીતેજ ડો.બાબાસાહેબ આંબેડકરને યાદ કરી મારી વાત શરૂ કરું છું.

''अगर भीम दलितों में पैदा न होता, तो दलितों का गुजारा ना होता,

युहीं डूब जाती दलितों कि नैया, अगर भीम का सहारा न होता।।

માનનીય અધ્યક્ષશ્રી, હું દસાડા વિધાનસભા વિસ્તાર એટલે કે સુરેન્દ્રનગર જિલ્લામાંથી આવું છું. આ સુરેન્દ્રનગર જિલ્લાના આંબેડકર ચોકમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ, જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકર રચિત પવિત્ર બંધારણ ગ્રંથને હાથીની અંબાડી પર મૂકી આ બંધારણ ગ્રંથની પૂજા અર્ચના કરી બાબાસાહેબે ચિંધેલ રાહ ઉપર રાજસત્તા ચલાવવાના સોગંદ લીધા હતા અને માનનીય પ્રધાનમંત્રીશ્રી સુરેન્દ્રનગરની એ બજારમાં ચાર કિલોમિટર પગપાળા રેલીમાં ચાલ્યા હતા, તેમની સાથે બાબાસાહેબની એ દિશામાં અને હાથમાં બંધારણ ગ્રંથ લઇ અનેક લોકો આમાં જોડાયા હતા. બંધારણ ગ્રંથ અને બાબાસાહેબને સર્વોચ્ચ સન્માન આપવાનું જો કોઇએ કામ કર્યું હોય તો દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. અમારા સુરેન્દ્રનગર જિલ્લાની નોંધ સમગ્ર દેશમાં લેવાઇ છે એના માટે હું ગૌરવ અનુભવું છું. વંચિતોના વિકાસના મહામંત્રને સાર્થક કરવા અનુસૂચિત જાતિની સામાજિક, આર્થિક, શૈક્ષણિક આરોગ્યલક્ષી સુવિધાઓ જરૂરિયાતમંદ લાભાર્થી સુધી પહોંચે, અન્ય વર્ગોની હરોળમાં વંચિત સમાજ પણ જનસુખાકારી પ્રાપ્ત કરે, ગુજરાતના વિકાસના સાચા ભાગીદાર એવા અનુસૂચિત જાતિના લોકોનું જીવન ધોરણ ઊંચું લાવવા અને તેના ઉત્કર્ષ માટે વ્યાપક પગલા ભરી ગુજરાત સરકારના માનનીય મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં આ વિભાગના ખૂબ જ લાગણીશીલ, સંવેદનશીલ અને માયાળુ મહિલા કેબિનેટ મંત્રી માનનીય શ્રીમતી ભાનુબેન બાબરીયા એ ''चलो जलाएं दीप वहां, जहां अभी भी अंधेरा है।'' એ પંકિતને સાર્થક કરવા અનુસૂચિત જાતિ સમાજની ઉન્નતિ માટે કામ કરી રહ્યાં છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની આ સરકારને હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી મુકામે ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી થઇ હતી એમાં માનનીય મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ થયો હતો.

આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લાના ખમીસણા ખાતે રૂપિયા ૭ કરોડ ૧૪ લાખ ૯૨ હજાર ૪૬૮ રૂપિયાના ખર્ચે થનાર આદર્શ નિવાસી શાળાનું ઇ–ખાતમુહૂર્ત માનનીય મંત્રીશ્રીએ કર્યું હતું ત્યારે હું માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. ડો. બાબાસાહેબ આંબેડકરે સમાજને 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો'નો નારો આપ્યો હતો. ભારતીય જનતા પાર્ટીની અમારી આ સરકારે અનુસૂચિત જાતિ સમાજનાં બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ બનાવી છે. જેમાં ધોરણ–૧થી ૫માં ભણતા કુમાર અને કન્યાઓને ૭૫૦ રૂપિયા શિષ્યવૃત્તિ, ધોરણ–૬થી ૧૦ ની કન્યાઓને એક હજાર, ધોરણ–૬થી ૮ કુમારને રૂપિયા ૭૫૦, ધોરણ–૯થી ૧૨ના કુમારોને રૂપિયા એક હજારની વાર્ષિક શિષ્યવૃત્તિ પ્રોત્સાહન સ્વરૂપે અમારી સરકાર આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષના બજેટમાં રૂપિયા ૧૭.૬૧ કરોડની જોગવાઇ થકી ૧ લાખ ૯૫ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનું કામ અમારી સરકારે કર્યું છે. વર્ષ ૨૦૨૪–૨૫ના આ બજેટમાં પણ રૂપિયા ૧૭.૧૬ કરોડની જોગવાઇ કરી છે. એ જ પ્રમાણે ધોરણ–૧થી ૮ ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ ખરીદવા માટે રૂપિયા ૯૦૦ની સહાય કરી છે. વર્ષ ૨૦૨૩–૨૪માં રૂપિયા ૩૩.૭૫ કરોડની જોગવાઇ કરી ૩ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂપિયા ૩૧.૦૫ કરોડની જોગવાઇ કરેલ છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધોરણ–૧૦માં ૭૫ ટકાથી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓ ધોરણ–૧૧ સામાન્ય પ્રવાહમાં દાખલ થાય તો તેવા પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય પેટે ધોરણ–૧૧ માં ૮ હજાર રૂપિયા અને ધોરણ–૧૨માં ૪ હજાર રૂપિયા. જ્યારે ધોરણ–૧૦માં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવેલ હોય અને એવા વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં જો દાખલ થાય તો એને ધોરણ–૧૧માં રૂપિયા ૧૫ હજાર અને ધોરણ–૧૨માં પણ રૂપિયા ૧૫ હજાર અમારી સરકાર પ્રોત્સાહન સ્વરૂપે આપે છે. એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે પણ શિક્ષણ ફી તથા નોન રીફંડેબલ ફી તેમજ વાર્ષિક રૂપિયા ૨૫૦૦થી ૧૩,૫૦૦ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ અમારી સરકાર આપે છે. કેન્દ્ર સરકારની યોજનાનો લાભ લઇ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ખાનગી કોલેજમાં ઉચ્ચ શિક્ષણની ફીમાંથી મુક્તિ મેળવવા માટે ફી માફી કાર્ડનો લાભ લઇ એમ.બી.બી.એસ., એન્જિનિયરિંગ તેમજ ઉચ્ચ અભ્યાસો કરી શક્યા છે જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આશિર્વાદરૂપ યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને સ્નાતક પછીના અભ્યાસક્રમો માટે વિદેશ અભ્યાસ કરવા માટે ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત રૂપિયા ૧૫ લાખની લોન વાર્ષિક ૪ ટકાના દરે અમારી સરકાર આપે છે. એ જ પ્રકારે અનુસૂચિત જાતિના યુવાનોને પાયલોટ બની આકાશની ઉંચી ઉડાનનાં સપનાઓ પૂરાં કરવા માટે અમારી સરકાર ધોરણ–૧૦ અને ૧૨ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાઇસન્સની તાલીમ અભ્યાસ માટે રૂપિયા ૨૫ લાખ ૪ ટકાના વ્યાજના દરે આપવામાં આવે છે. જેના થકી અમારી અનુસૂચિત જાતિની દીકરીઓ પણ આજે પાયલોટ બનીને આકાશમાં ઉડાન ભરે છે. જેમ ભગવાન ભોળાનાથના પરિવારના તમામ સદસ્યો પૂજાય છે તેમ અમારી સરકારે ડો.બાબાસાહેબ આંબેડકર અને તેમના પરિવાર પર અનેક યોજનાઓ બનાવી છે અને એમને સાચું સન્માન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરના નામ પર ડો.બાબાસાહેબ આંબેડકર સરકારી છાત્રાલય, આવાસ યોજના, સફાઇ કામદાર આવાસ યોજના, ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના, એમના પિતાશ્રીના નામ સાથે જોડીને સુબેદાર રામજી ગ્રાન્ટેડ છાત્રાલય, માતા ભીમાબાઇના નામ સાથે જોડી બાલવાડી યોજના, પ્રથમ પત્ની રમાબાઇના નામ સાથે જોડી સાત ફેરા સમૂહલગ્ન યોજના, દ્વિતીય પત્ની જેમણે આંતરજ્ઞાતીય લગ્ન કર્યા હતા એવા ડો.સવિતા આંબેડકરના નામ સાથે જોડી આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના, એમનો પુત્ર જે બીમાર હતો એ રાજરત્નના નામ પર રાજરત્ન આંબેડકર તબીબી સહાય યોજના આવી અનેક પ્રકારની યોજનાઓ બાબાસાહેબ અને એમના પરિવાર સાથે બનાવી છે. એ જ બતાવે છે કે સામાજિક સમરસતાના પ્રહરી એવા છત્રપતિ શંભાજીના નામ સાથે જોડી ઇનામી યોજના, મહાત્મા ફુલે શ્રેષ્ઠ પત્રકાર યોજના હોય, સાવિત્રીબાઇ ફુલે મહિલા કલ્યાણ સાહિત્ય એવોર્ડ હોય, દલિત સમાજના સંતોના નામે પૂજ્ય તેજાનંદ સ્વામી કર્મકાંડ તાલીમ યોજના, દાસી જીવન શ્રેષ્ઠ સાહિત્ય યોજના, આમ, ભારતીય જનતા પાર્ટીની સરકારે ડો.બાબાસાહેબ તેમજ દલિત સંતો–મહંતો, કવિઓ અને મહાપૂરૂષોના નામ સાથે અનેકવિધ યોજનાઓ જોડી અને એમને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું કામ કર્યું છે. આજની અનુસૂચિત જાતિ પેટા યોજનાની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું સમર્થન આપું છું અને ગૃહના તમામ સદસ્યો એને સમર્થન આપે એવી વિનંતી કરી વિરમુ છું.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી સવારના ૧૧–૦૦ કલાકે મળશે.

**(વિરામ સવારના ૧૦–૩૦થી ૧૧–૦૦)**

**માનનીય સભાપતિશ્રી પંકજ વિ. દેસાઇ અધ્યક્ષસ્થાને**

શ્રી વિપુલકુમાર વિ. પટેલ(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક–૧૦૫ લઇને આવ્યાં છે તેને મારું સમર્થન આપું છું અને ગૃહ સમક્ષ મારા વિચારો રજૂ કરું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૬,૮૮૪.૯૩ કરોડના અંદાજો રજૂ કરેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્ય સરકારના હૈયે મહિલાઓનું હિત વસેલું છે. મહિલાઓના સર્વાંગી વિકાસ અને ઉત્થાન માટે સરકાર સંકલ્પબદ્ધ અને કટિબદ્ધ છે. મને વિશ્વાસ છે કે ગુજરાતે વિવિધ ક્ષેત્રે વિકાસ યાત્રાની શરૂઆત કરી છે તે વિકાસ યાત્રામાં નારી શકિતના બળ થકી ટકાઉ અને ચિરંજીવ બનશે. નિગમ દ્વારા મહિલાઓનો આર્થિક વિકાસ કરવા અને સક્ષમ બનીને કુટુંબના આર્થિક વિકાસમાં ફાળો આપી શકે તે માટે મહિલાઓમાં જાગૃત્તિ લાવવા તેઓને વ્યવસાયલક્ષી તાલીમ આપવા તેમજ ઉત્પાદિત વસ્તુઓનો પ્રચાર કરવા વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ છે, તેની કેટલીક માહિતી અત્રે રજૂ કરું છું. પ્રથમ યોજના મહિલા સ્વાવલંબી યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/- સુધી તથા શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબની મહિલાઓના આર્થિક વિકાસ માટે સહાય કરવામાં આવે છે. જે અંતર્ગત મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ માટે રૂપિયા બે લાખની મર્યાદામાં લોન આપવામાં આવે છે. બેંકોને મહિલા અને આર્થિક વિકાસ નિગમ દ્વારા ભલામણ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થી મહિલાને પ્રોજેક્ટ કોસ્ટના ૧૫ ટકા અથવા મહત્તમ રૂ.૩૦,૦૦૦/-ની મર્યાદામાં બંનેમાંથી જે ઓછું હોય તે મુજબ સબસિડી આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ના તા.૩૧/૧૨/૨૦૨૩ના અંત સુધી ૮૧ મહિલા લાભાર્થીઓને રૂ.૧૪.૨૭ લાખની સબસિડી ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગર્વ સાથે કહી શકું છું કે, આપણી ગુજરાત રાજ્ય સ્થાનિક સંસ્થાઓની અંદર ૫૦ ટકા મહિલા અનામત આપનાર ગુજરાત રાજ્ય પ્રથમ છે તે બદલ હું ગુજરાત સરકારનો આભાર માનું છું અને અભિનંદનને પાત્ર છે. હાલમાં સબસિડાઇઝ દરમાં વધારો કરીને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૨.૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહિલા જાગૃત્તિ શિબિરનો ઉદ્ધેશ મહિલાઓને વિવિધ વ્યવસાયલક્ષી સરકાર મહિલાઓને અનુલક્ષીને અમલમાં મૂકાતી યોજનાઓ હેઠળ લાભ મેળવવા માટે નવી પદ્ધતિની શિબિરોમાં જાણકારી આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૩ મહિલા જાગૃત્તિ શિબિરોનું આયોજન કરી ૯૯૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યાં છે. પદાસન સહ વેતન યોજના અંતર્ગત મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા દર વર્ષે રાજ્યમાં વેચાણની ક્ષમતાવાળાં શહેરોમાં પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવે છે, જેમાં આવી મહિલાઓને સ્ટોલ ટોકન ફી લઇને ફાળવવામાં આવે છે જેથી મહિલાઓને ન્યુનત્તમ ખર્ચે વેચાણની તક મળે. લાંબાગાળાની વેચાણ વ્યવસ્થાની પ્રોસેસ કરવાનો અનુભવ મળે છે. આ યોજના અંતર્ગત વેબસાઇટ મારફત ઓનલાઇન સ્ટોલની ફાળવણી તમામ ક્ષેત્રે કરવમાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ની અંદોર તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં ૧૩ મેળાઓનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૯૧૫ મહિલા ઉદમી લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો જેમાં રૂ.૩૫૭.૮૪ લાખનું વેચાણ થયું છે. મહિલાઓના કલ્યાણની બાબત છે તો ૨૦-૨૫ વર્ષ પહેલા મહિલાઓને બેંકમાં ખાતા હોય એ સપનું હતું. એ આજે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સપનું સાકાર થઇ આજે દરેક મહિલાઓને પોતાનું બેંકમાં ખાતું છે તે ગર્વની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સશકિતકરણની વાત વર્ષોથી થતી હતી. પરંતુ ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્ય સરકારે મહિલાઓને ખરા અર્થમાં સશક્ત કરીને રાજ્યની મહિલાઓને સમૃદ્ધી અપાવીને આર્થિક રીતે સમૃદ્ધ બની છે. આવી કેટલીય મહિલાઓ વર્ષે ૧૦થી ૫ લાખ રૂપિયા પશુપાલન ક્ષેત્રે, સખી મંડળ દ્વારા અંગત રીતે પોતે પગભર બની કુટુંબને પણ મદદ કરે છે, આવી સરકારની યોજનાઓના કારણે આજે મહિલાઓ સક્ષમ બની છે. મહિલાઓ કર્મચારી અને અધિકારી પણ બની છે. આજે દરેક ક્ષેત્રે મહિલાઓનો વિકાસ થયો છે. પૂરુંષ સમોવડી મહિલાઓનો ખરા અર્થમાં એ ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સાબિત થયું છે તો મારી વાત કરીને માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૧૦૫ લઇને આવ્યાં છે તેને હું સમર્થન આપું છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂ.૬૧૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ ખૂબખૂબ આભાર માનું છું. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી શ્રીમતી ભાનુબેન બાબરીયાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે પ્રથમ વાર મહિલા મંત્રી બનાવવામાં આવ્યા છે એ બદલ ભા.જ.પા. સરકારનો ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ સરકાર વર્ષ ૧૯૯૫ પહેલા અનુસૂચિત જાતિની બહેનો માટે કોઇ સુવિધા નહોતી અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી બહેનો પાયલોટ બને છે અને ૨૫ લાખની ૪ ટકાના વ્યાજે લોન લઇને વિદેશ અભ્યાસ કરે છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખની લોન ૪ ટકાના વ્યાજે આપવામાં આવે છે. અમારા સમાજના ૧૦૦૦ વિદ્યાર્થી વિદેશ અભ્યાસ કરે છે. ગુજરાત સરકારે અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે વર્ષ ૨૦૨૩ની સબસિડી રૂ.૧૦૦૦૦ હતી તેમાં વધારો કરી રૂ.૫૦૦૦૦ કરેલ છે. આ અમારી ભા.જ.પા. સરકારનું કામ છે. સરકાર અનુસૂચિત જાતિ માટે વર્ષ ૨૦૨૩ માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં ૫૦ ટકા વધારો કરેલ છે. અનુસૂચિત જાતિના ખેડૂતને સાડા સાત લાખ રૂપિયામાં ૫ ટકાના વ્યાજે ટ્રેકટર આપે છે અને લોન આપે છે. ઓટો રીક્ષા માટે રૂપિયા સાડા ત્રણ લાખ પાંચ ટકાના વ્યાજે આપવામાં આવે છે તેમાંથી સબસિડી રૂ.૫૦,૦૦૦ કરી છે. સાડા ત્રણ લાખ રૂપિયાની ઓટો રીક્ષા લે એને ૫૦,૦૦૦ રૂપિયા સબસિડી મળે છે એટલે ત્રણ લાખ રૂપિયા ભરવા પડે. આ અમારી ભા.જ.પા. સરકારનું કામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૧થી ૮માં ભણતા વિદ્યાર્થીઓને ગણવેશ માટે ચાલુ વર્ષે રૂ.૩૪૫ કરોડની જોગવાઇ કરી છે. તેઓને આવક મર્યાદા સિવાય અને ધોરણ-૯ થી ૧૨ કન્યાઓ માટે એસ.ટી. બસમાં મફત અને ૨-૩ કિલોમીટર હોય તો એને સાઇકલ પણ આપવામાં આવે છે. આ ભા.જ.પા. સરકારનું કામ છે. અનુસૂચિત જાતિના ખેડૂતોને વીજળી જોડાણ માટે વર્ષ ૧૯૯૩માં ખેતીની વીજળી જોડાણ માટે ૫૦ હોર્સપાવરની મોટરના પૈસા ભરવા પડતા હતા અને મારા ગામમાં અનુસૂચિત જાતિની પિયત સહકારી મંડળી બનાવી વર્ષ ૧૯૯૩માં ત્યારે ૮૭૦૦૦ રૂપિયા મેં ભરેલા હતા. અનુસૂચિત જાતિ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર વીજ જોડાણ માટે ૫૦ હોર્સ પાવરની મોટર માટે કનેકશનના રૂ.૮૮૭૦ જ લે છે. પહેલા ૮૭૦૦૦ રૂપિયા વર્ષ ૧૯૯૩માં હતા. અત્યારે આ સરકાર આવ્યા પછી ૮૮૮૭ રૂપિયા છે કેટલા રૂપિયા નીકળી ગયા બોલો? આ ભા.જ.પા. સરકારનું કામ છે અને ડિપોઝિટ લેવામાં આવતી હતી, પરંતુ પાવર કનેકશન ૬થી ૮ મહિને મળતા હતા અને અત્યારે પાંચ હોર્સપાવરની મોટર લેવી હોય તો ફકત ૧૩૫૫ રૂપિયામાં જ આપે છે. આ અમારી ભા.જ.પા.ની સરકાર છે. તે વખતે ડિપોઝિટનું વ્યાજ પણ નહોતું મળતું અને આ ભા.જ.પા. સરકાર આવ્યા પછી ડિપોઝિટનું વ્યાજ પણ આપે છે. અનુસૂચિત જાતિની મહિલના માટે વનીકરણ ૧૦૦૦૦ની નર્સરી બનાવે અને સાડા ત્રણ લાખ સુધીની નર્સરી બનાવે એ સખી મંડળની બહેનોને પ્રોત્સાહન આપવાનું કામ ભા.જ.પા. સરકારે કર્યું છે. અનુસૂચિત જાતિના ખેડૂતભાઇઓને ખેતરમાં પાણીની લાઇન નાખવી હોય તો તેના ૭૫ ટકા સબસિડી અનુસૂચિત જાતિ માટે છે. આ સરકાર ભા.જ.પા.ની છે. અનુસૂચિત લાભાર્થી માટે અગાઉ કેન્દ્ર સરકાર પેટ્રોલ પંપ બનાવવા માટે વર્ષ વર્ષ ૨૦૧૩માં કોઇ જોગવાઇ નહોતી. અમારી સરકાર આવ્યા પછી વર્ષ ૨૦૧૪ પછી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે અનુસૂચિત જાતિના લાભાર્થીઓ પેટ્રોલ પંપ બનાવે એમાં અનામત ટકાવારી મુજબ પેટ્રોલ પંપ માટે જોગવાઇ કરવામાં આવી છે એ માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબનો ખૂબ ખૂબ આભાર. અત્યારે મહેસાણા જિલ્લામાં ઓછામાં ઓછા ૧૦ પેટ્રોલ પંપ અનુસૂચિત જાતિના મળ્યા છે. અગાઉ કોંગ્રેસની સરકાર વખતે એક પણ પેટ્રોલ પંપ મળ્યો નહોતો. માનનીય અર્જુનભાઇ મોઢવાડીયા સાહેબ કહેતા હતા કે આ સરકાર આવ્યા પછી મફત ગાળા મળતા નથી. મારા વિસ્તારમાં એક વર્ષમાં મેં ૪૦૦ ગાળા આપ્યા છે અને અનુસૂચિત જાતિ શહેરી વાલ્મિકીભાઇઓ માટે સાડા ત્રણ લાખમાં મકાન આપ્યા. અત્યારે ધાબાવાળા મકાનમાં એ લોકો રહે છે. આવી અમારી ભા.જ.પા.ની સરકાર છે. મારા મત વિસ્તાર કડી શહેરમાં અગાઉ સિમેન્ટના અને તારવાળા વીજળીના થાંભલા હતા. ઉતરાણના દિવસે પક્ષીઓ મૃત્યુ પામતા હતા જયારે અમારી સરકાર આવ્યા પછી વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦૯ કરોડ રૂપિયા કડી શહેર માટે અન્ય લાઇન નાખવા માટે મંજૂર કર્યા છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇસાહેબનો ખૂબ ખૂબ આભાર.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા તેમના વિભાગની માગણી નં. ૯૨, ૯૫ અને ૧૦૫ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને અન્ય પછાત વર્ગો એટલે કે ઓ.બી.સી. સમાજ અંગે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ ભારત અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ દેશના વડાપ્રધાન છે અને આ ઓ.બી.સી. સમાજના છે તેનું મને ગૌરવ છે. પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીએ કહ્યું હતું કે, છેવાડાના માનવીનો વિકાસ એ અમારું પ્રથમ લક્ષ્ય છે. ભારતમાતાના સપૂત દેશના યશસ્વી વડાપ્રધાન આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીવાળી કેન્દ્ર સરકાર અને મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી ગુજરાત સરકાર તે વંચિતોનો વિકાસ થાય, સૌને સમાન તક મળે, સૌને સમાન ન્યાય મળે, છેવાડાના માનવીનો વિકાસ થાય તે સંકલ્પને સાકાર કરવા માટે કટિબદ્ધ અને પ્રયત્નશીલ છે. ઓ.બી.સી. સમાજમાંથી સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાતપણું દૂર થાય તેના માટે સરકારે ઐતિહાસિક પગલાં લીધાં છે અને ઐતિહાસિક નિર્ણયો કર્યા છે. આઝાદીના ઇતિહાસમાં પહેલી વખત કેન્દ્રીય મંત્રીમંડળની અંદર ૨૭ ઓ.બી.સી. સમાજના મંત્રીઓનો સમાવેશ કરવાનું કાર્ય આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. ઓ.બી.સી. આયોગને બંધારણીય દરજ્જો આપવાનું કામ શ્રી નરેન્દ્ર મોદી સરકારે કર્યું છે. કેન્દ્રીય વિદ્યાલયો, નવોદય વિદ્યાલયો, સૈનિક સ્કૂલો, ઇજનેરી અને મેડિકલ કોલેજોમાં પ્રવેશ પદ્ધતિમાં ઓ.બી.સી. સમાજને ૨૭ ટકા અનામત આપવાનો નિર્ણય તે શ્રી મોદી સરકારે કર્યો છે. આઇ.આઇ.ટી.માં ઓ.બી.સી. વિદ્યાર્થીઓને ટ્યુશન ફીમાંથી મુકિત આપવાનો નિર્ણય શ્રી મોદી સરકારે કર્યો છે. નીટની પરીક્ષામાં ઓ.બી.સી. વિદ્યાર્થીઓને અનામતનો લાભ આપવાનો નિર્ણય કરનાર શ્રી મોદી સરકાર છે. પેટ્રોલપંપ, ગેસ એજન્સીની ફાળવણીમાં ઓ.બી.સી. સમાજને ૨૭ ટકા અનામત આપવાનો નિર્ણય કરનાર શ્રી મોદી સરકાર છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓ.બી.સી. સમાજને મળતી અનામત બેઠકોમાં વધારો કરી ૨૭ ટકા અનામત આપવાનો નિર્ણય કરનાર શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આ ભાજપ સરકાર છે. એકવીસમી સદી એ શિક્ષણની સદી છે. આ એકવીસમી સદીમાં ઓ.બી.સી. સમાજ શૈક્ષણિક રીતે આગળ આવે તેના માટે રાજ્ય સરકારે શિક્ષણ માટે આ સમાજ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. જેવી કે પૂર્વ એસ.એસ.સી. માટે રાજ્ય શિષ્યવૃત્તિ યોજના, ગણવેશ સહાય યોજના, ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને સાઇકલ આપવાની યોજના, મેડિકલ અને ઇજનેરીના વિદ્યાર્થીઓને ભોજન બિલમાં રાહત આપવાની

યોજના, મેડિકલ, ઇજનેરી અને ડિપ્લોમાના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને સાધન ખરીદવા માટેની સહાય યોજના, ટેકનિકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની શિષ્યવૃત્તિ યોજના, એમ.ફીલ. અને પી.એચ.ડી.ના અભ્યાસક્રમ માટેની શિષ્યવૃત્તિ યોજના, બુક બેંક યોજના, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પાસ થનાર વિદ્યાર્થીઓને ઇનામની યોજના, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજના, કોમર્શિયલ પાયલોટ તાલીમ માટેની લોન યોજના, ખાનગી ટ્યુશન માટેની સહાય યોજના, આ ઉપરાંત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ, સરકારી છાત્રાલયો, સમરસ છાત્રાલયોની યોજના દ્વારા આ સરકાર ઓ.બી.સી. સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે, બેરોજગારી નાબૂદ થાય અને શિક્ષણ થકી આ સમાજ સમૃદ્ધિ પ્રાપ્ત કરે તેના માટે પ્રયત્ન કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી. સમાજના સામાજિક ઉત્થાન માટેની પણ અનેક યોજનાઓ રાજય સરકારે અમલમાં મૂકી છે જેવી કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, કુંવરબાઇનું મામેરું યોજના, સાત ફેરા સમૂહ લગ્ન સહાય યોજના, સમાન શિક્ષણ શિબિર યોજના, પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ યોજના, નાલંદા એવોર્ડ યોજના અને ખાસ પ્લાન યોજના જેવી યોજનાઓ થકી આ સમાજ સામાજિક રીતે આગળ વધે એના માટે સરકાર ભગીરથ પ્રયત્ન કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી. સમાજ એ આર્થિક રીતે પગભર બને એના માટે પણ રાજય સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આ બધી જ યોજનાઓ જ્યારે સરકારે અમલમાં મૂકી છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઇને આવ્યા છે એને હું દિલથી આવકારું છું અને મારી વાત પૂરી કરું છું. "ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત."

શ્રીમતી ગીતાબા જ. જાડેજા(ગોંડલ) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ વિશે મારા વિચારો હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ સૌનો વિકાસની પરિકલ્પનાને સાકાર કરતું બજેટ રજૂ કરવા બદલ રાજયના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ પટેલનો હું આભાર માનુ છું. મહિલા વિકાસની વાત કરું તો હું જે ગોંડલ વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહી છું એ વિસ્તારમાં મહારાજા સર ભગવતસિંહજીના શાસનમાં પણ મહિલા શિક્ષણ માટે વિશેષ ભાર મૂકાયો હતો અને વર્ષો પહેલાં ગોંડલના વિદ્યાર્થીઓ માટે અન્ય વિશ્વ વિદ્યાલયોમાં અભ્યાસ કરવા માટે બેઠક રિઝર્વ રહેતી હતી અને બહેનો માટે શિક્ષણ ફરજિયાત બનાવ્યું હતું એ વાતથી સૌ સભ્યશ્રીઓ પરિચિત હશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગનું યોગદાન દેશ માટે નમૂનારૂપ રહ્યું છે. રાજય સરકાર આ વિભાગને વિશેષ મહત્ત્વ આપે છે. આ વર્ષના બજેટમાં સરકારે રૂપિયા ૬૮૮૫ કરોડની જોગવાઇ કરી છે જે મહિલા વિકાસ પ્રત્યેની સરકારની પ્રતિબદ્ધતાનું દર્શન કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો હું ખૂબ ખૂબ આભાર માનુ છું. સમાજમાં દરેક સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે માટે સરકાર નક્કર કામ કરી રહી છે. રાજય સરકારે બેટી બચાવો, કન્યા કેળવણી, વિધવા સહાય, વિધવા તાલીમ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, સરકારી ભરતીમાં ૩૩ ટકા અનામત, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૫૦ ટકા અનામત, વિનામૂલ્યે શિક્ષણ, અભિયમ ૧૮૧ હેલ્પલાઇન વગેરે આયોજનો થકી મહિલા સશક્તિકરણના નક્કર આયોજન કરેલ છે. ગુજરાતમાં પણ મહિલાઓના વિકાસને હંમેશા વિશેષ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે તેના માટે મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ કાર્યરત છે. વિભાગ દ્વારા મહિલા અને બાળકોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓનું સફળ અમલીકરણ કરી સૌનો સાથ સૌનો વિકાસની વિભાવનાને ચરિતાર્થ કરી છે. મહિલા વિકાસના અનેકવિધ કાર્યોના અમલીકરણમાં ગુજરાત હંમેશા કાર્યરત રહ્યું છે. કોમળતાની સાથે અડકતા, સહનશીલતાની સાથે મક્કમતા, પરિશ્રમની સાથે પરમાર્થતા આ ઉપરાંત ધીરજ-ગંભીરતા-નિર્મળતા અને પ્રેમનું સૂચક પ્રકૃતિએ નારીમાં મૂકેલા આવા અનેક ગુણોને વધુ સારી રીતે ખીલવવા રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. મહિલાઓને આર્થિક ઉત્કર્ષ સાથે સામાજિક સુરક્ષાનું વાતાવરણ પૂરું પાડવા માટે સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. મહિલાઓ અને બાળકોના પોષણને સુદૃઢ કરવા અને આંગણવાડીના ભૌતિક અને ડિજિટલ માળખામાં ગુણાત્મક વધારો કરવા સરકારે નિર્ણય કરેલ છે. કિશોરીઓના સર્વાંગી વિકાસ માટે પોષણ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. ઘરેલું હિંસા તેમજ જાતિય સતામણીનો ભોગ બનેલી મહિલાઓ માટે કાઉન્સેલિંગ માર્ગદર્શન અને સંસ્થાકીય મદદ પૂરી પાડવા રાજયમાં ૬૫ સેન્ટર કાર્યરત છે. આ યોજનાની ઉપયોગીતા અને અસરકારકતા જોતા ૧૫ નવાં સેન્ટરો શરુ કરવામાં આવશે. ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે રૂપિયા ૨૩૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પૂરક પોષણ યોજના અંતર્ગત ૩થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો તથા ભોજન તથા બાળકો, કિશોરીઓને, સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે રૂપિયા ૮૮૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓને વિતરણ કરવામાં આવતા ટેક હોમ રાશન માટ રૂપિયા ૩૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી માતૃ શકિત યોજના હેઠળ સગર્ભા ધાત્રી માતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લીટર ખાદ્યતેલ આપવામાં આવે છે જેના માટે રૂપિયા ૩૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વ્હાલી દીકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ

કરવામાં આવી છે. આંગણવાડી-૨ યોજના અંતર્ગત આંગણવાડીના માળખાકીય વિકાસ માટે રૂપિયા ૧૮૦૦ કરોડના ખર્ચે અમલી બનનાર યોજના માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નારી અદાલત મહિલાઓ માટે મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતી બિન ઔપચારિક ન્યાય પ્રણાલી છે. જ્યાં મહિલાઓ પોતાના પ્રશ્નો વિનામૂલ્યે અને સરળતાથી ઉકેલ લાવી શકે છે. રાજય સરકાર દ્વારા દરેક તાલુકા તેમજ મહાનગરપાલિકાઓમાં ૨૭૦ નારી અદાલતો શરૂ કરવામાં આવી છે. અદાલતના માધ્યમથી ૫ હજારથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ પહેલી વખતની સગર્ભા માતા હોય ત્યારથી બાળક ૨ વર્ષ સુધીનું થાય ત્યાં સુધી બાળકની માતાને દર માસે એકસ્ટ્રા ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણાદાળ અને ૧ કિલો ફોર્ટીફાઇડ સિંગતેલ આપવામાં આવે છે. ૧ લાખ ૮૦ હજારથી વધુ લાભાર્થીઓએ ૧૧૪ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્હાલી દીકરી યોજના હેઠળ સમાજમાં દીકરીઓનું જન્મનું પ્રમાણ વધારવા અને બાળ લગ્ન અટકાવવા તેમજ દીકરીઓની આર્થિક, સામાજિક સ્થિતિ મજબૂત કરવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. નવેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ ૨,૧૩,૧૩૫ દીકરીઓને યોજના અંતર્ગત સહાય આપવામાં આવેલ છે. જિલ્લા પંચાયતો દ્વારા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ઔદ્યોગિક સંસ્થાઓના સંકલનથી રૂપિયા ૨ લાખની ખર્ચ મર્યાદામાં મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે. ચાલુ વર્ષ નવેમ્બર-૨૦૨૩ અંતિત ૨૮ મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાતના મહિલા ઉદ્યમીઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓની બજારની સુવિધા પૂરી પાડવા આ યોજના અમલમાં છે. આભાર.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર-૯૨, ૯૫ અને ૧૦૫ લઇને આવ્યા છે તેમાં સૌપ્રથમ તો હું એમને સમર્થન આપું છું અને સાથો સાથ અમારા બોટાદ જિલ્લાના પ્રભારી મંત્રી છે તેમને સૂચન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ ખૂબ જ મહત્ત્વનો છે અને ખાસ કરીને આપણી માતાઓ માટે અને આપણાં ભવિષ્યનાં નાનાં બાળકો માટે ખૂબ જ મહત્ત્વનો આ વિભાગ છે ત્યારે હું વાત કરું તો મારા બોટાદ જિલ્લાની તો હું થોડાક દિવસ પહેલાં જ મારા બોટાદ તાલુકાના એક ધુરખા ગામે ગયો હતો અને ત્યાં દલિત વિસ્તારમાં મેં એક આંગણવાડી જોઈ. અને એ આંગણવાડી છેલ્લાં ૨૦ વર્ષથી એક ભાડાંના જર્જરિત મકાનમાં ચાલતી હતી ત્યારે મને ખૂબ જ દુઃખ થયુ તો આવી મારા બોટાદ જિલ્લાની જે ૧૪૧ જેટલી આંગણવાડીઓ છે તે આજે પણ ભાડાંના મકાનમાં ચાલી રહી છે, ત્યારે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, મારા બોટાદ જિલ્લાની અંદર ભાડાંના મકાનમાં જે આંગણવાડીઓ છે તેને સારા મકાનમાં, સારા વાતાવરણમાં ઊભું કરવામાં આવે અને જે જર્જરિત ભાડાના મકાનો છે તો તાત્કાલિક અન્ય જગ્યાએ તેને ફેરવવામાં આવે એવું એક મારું સૂચન છે. સાથો-સાથ નાના છૈડા, તુરખા, ખોડિયારનગર, તુલસીનગર ઉપરાંત બોટાદ શહેરમાં જ્યાં પછાત સમાજના વિસ્તારો છે ત્યાં ભાડાની આંગણવાડીઓ ખૂબ વધારે છે. આવા વિસ્તારોમાં જો પાકા મકાનોમાં આંગણવાડીઓ થાય તો એ બાળકોને સારું વાતાવરણ મળી શકે એમ છે. હું માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવા માગું છું કે જો ધારાસભ્યની ગ્રાન્ટ મૉડલ આંગણવાડીઓ માટે વાપરવાની મંજૂરી આપવામાં આવે અને દરેક ધારાસભ્ય પોતાના મતવિસ્તારની ૧૦ આંગણવાડીઓ દત્તક લે અને મૉડલ આંગણવાડીઓ બનાવે તો ચોક્કસપણે એક સારો મૅસેજ સમાજમાં જશે. હું માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવા માગું છું કે વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં મોંઘવારી પ્રમાણે ૭૦ ટકાનો વધારો આપવામાં આવે તો એના ભવિષ્ય માટે આપણે ઉપયોગી થઇ શકીએ એમ છીએ. બીજું કે અત્યારે જે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે એમાં અધિકારીનું ધ્યાન દોરી આ શિષ્યવૃત્તિ સમયસર આપવામાં આવે તો પણ એના ભવિષ્ય માટે આપણે એને ઉપયોગી થઇ શકીએ એમ છીએ.

સભાપતિશ્રી : માનનીય ઉમેશભાઇ, આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : બે જ મિનિટ સાહેબ. બહુ મહત્ત્વના મુદ્દા છે. હું રાજકીય લેતો નથી. સાથો-સાથ ખાસ કરીને મારા બોટાદ અને ભાવનગર જિલ્લામાં ઓ.બી.સી. સમાજ ખૂબ મોટો છે. આ બંને જિલ્લામાં ઓ.બી.સી. સમાજની સરકારી ગર્લ્સ હૉસ્ટેલ કે બોયઝ હૉસ્ટેલ નથી. તો જ્યાં ઓ.બી.સી. સમાજ વધુ વસે છે ત્યાં ઓ.બી.સી. સમાજનું છાત્રાલય બનાવવામાં આવે તો આ સમાજનાં બાળકોના શિક્ષણ માટે એક સારું કામ થઇ શકે એમ છે. ખૂબ ખૂબ આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. હું ડૉ.બાબાસાહેબ આંબેડકરને યાદ કરીને ચોક્કસ કહીશ કે

**"गीता से हिन्दु चलता है, कुरान से मुसलमान,**

**बाईबल से ईसाइ चलता है, डो. बाबा साहेब आंबेडकर से पूरा हिंदुस्तान।"**

આ બંધારણની દેન અને તેને આધીન આ વિધાનસભા ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા બાબતમાં હું મારા વિચારો રજૂ કરું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી આ દેશનું બંધારણ બન્યું ત્યારથી બંધારણને આધીન કેન્દ્ર સરકાર હોય કે રાજ્યની કોઇ પણ સરકારો હોય એ અનુસૂચિત જાતિના લોકો માટે સામાજિક અને શૈક્ષણિક સુવિધાઓ આપતી હોય છે. એના અનુસંધાનમાં જોગવાઇ પ્રમાણેના બજેટ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર આપતી હોય છે. આ સરકારો એ સમાજના ઉત્થાન માટે, એ સમાજના વિકાસ માટે બજેટ ફાળવતી હોય છે. સ્વાભાવિક છે કે સમય સંજોગો પ્રમાણે ભાવ વધારો થાય એટલે એમાં પરિવર્તન આવતું રહે છે. ભૂતકાળમાં તમે આટલા આપતા હતા અને અમે આજે આટલા આપીએ છીએ એ તો જે તે સમયની પરિસ્થિતિ પ્રમાણે હોય છે. હું જ્યારે ઊભો થયો છું ત્યારે ગતિશીલ ગુજરાત, વાઇબ્રન્ટ ગુજરાત, સૌનો સાથ સૌનો વિકાસ. આ ભારતીય જનતા પાર્ટીની સરકારને આપના માધ્યમથી પૂછવા માગું છું કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને ૧૫૬ સીટ આપ્યા પછી સૌનો સાથ સૌનો વિકાસ સાર્થક થયો છે ખરો? ૧૫૬ સીટ લીધા પછી તમારા માટે પાટલી થપથપાવવી એ તમારો ધર્મસિદ્ધ અધિકાર છે પણ આજે પણ ગુજરાતના ૧૫૬ ગામમાં અનુસૂચિત જાતિના લોકો સાથે અસ્પૃશ્યતા રાખવામાં આવે છે. આ તમારું ૧૫૬ સીટનું પરિણામ છે. આ તો કેવી સરકાર છે. દરેક સમાજને સાથે લઇને ચાલવાની વાત કરનારી *(xxx) આજે દલિત સમાજનો વ્યક્તિ મૂછ ના રાખી શકે, દલિત સમાજનો વ્યક્તિ ઘોડા પર ના બેસી શકે. આ પરિસ્થિતિ આપણા રાજ્યમાં છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે નેશનલ ક્રાઇમ રેકર્ડ્સ બ્યુરોના આધારે કહેવું છે કે, વર્ષ ૨૦૨૧ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૨માં દલિત સમાજો ઉપર અત્યાચારો વધ્યો છે. સુરેન્દ્રનગરમાં દલિતના દીકરા પોતાના ખેતરમાં ખેડવા જાય અને સરેઆમ તેની હત્યા કરી દેવામાં આવે, તેણે પોલીસ રક્ષણની માંગણી કરી હતી, તેને પોલીસ રક્ષણ આપવામાં ન આવે અને બે જણની હત્યા થઇ જાય અને તમે ગૌરવ લેતાં હોય તો તમારું ગૌરવ તમને મુબારક છે. દલિત સમાજનો દીકરો ઘોડા ઉપર બેસીને પરણવા નીકળે તો તેને ઘોડા પરથી ઉતારી દેવામાં આવે અને ઉતાર્યા પછી ગૃહમાં બેઠેલા કોઇ તેનો અવાજ ન ઉપાડે તો તમને ૧૫૬ મુબારક છે. આ જ વિધાનસભા ગૃહમાં માંગણી કરી હતી કે જે રીતે અન્ય સમાજના લોકોને રૂ.૬ લાખની આવક મર્યાદા કરવામાં આવી છે તે જ રીતે દલિત સમાજના લોકોની આવક મર્યાદા પણ રૂ.૬ લાખ કરવામાં આવે. તા.૧૪મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ ચૂંટણી પહેલાં રાજ્ય સરકારે જાહેરાત કરી કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક યોજનાઓના મળતાં લાભમાં રૂ.અઢી લાખની આવક મર્યાદા વધારીને રૂ.૬ લાખ કરવામાં આવશે. આ સભાગૃહમાં બેઠેલા તમામ સભ્યોને કહું છું કે, તમારા વિસ્તારમાં પણ દલિત સમાજના લોકો રહેતા હશે, તેના દીકરા–દીકરી ભણતાં હશે, રાજ્ય સરકારના છ મહિના પછી બહાર પડેલા પરિપત્રમાં કોઇ એવી ખામી રહેલી છે કે જેના કારણસર મૅડિકલ, એન્જિનિયર અને પોલીટૅક્નિકના વિદ્યાર્થીઓને આનો લાભ મળતો નથી. આથી આ પરિપત્રમાં સુધારો કરીને દલિત સમાજના અનુસૂચિત જાતિના તમામ લોકોને ઉચ્ચ અભ્યાસ માટે રૂ.૬ લાખની આવક મર્યાદાનો લાભ મળવો જોઇએ તેવી સરકારશ્રી પાસે માંગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અમદાવાદ શહેરમાં ૧૫ વર્ષ પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન બનાવવાનું શરૂ કરવામાં આવ્યું અને આ રાજ્ય સરકારની ગતિ જુઓ કે ૧૫–૧૫ વર્ષ થયા પછી પણ રાણીપ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું નથી. દુઃખની બાબત તો એ છે કે રાણીપ ખાતે આવેલાં આ ફાઉન્ડેશનના બરાબર ૧૦૦ મીટરના એરિયામાં ભારતીય જનતા પાર્ટીના સાંસદ રહે છે પણ તે સાંસદની નજરમાં પણ ન આવ્યું કે ૧૫ વર્ષથી આ કામ કેમ પૂર્ણ થયું નથી. આ કામ પૂર્ણ કરવા માટે હું સરકારશ્રી સમક્ષ માંગણી કરું છું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉપર જે અસ્પૃશ્યતા થઇ, તેમની સામે જે વાત થઇ તેના અનુસંધાને વર્ષ ૨૦૧૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર વડોદરા ખાતે સંકલ્પ ભૂમિ બનાવવાનો સંકલ્પ લઇને આવી હતી. આજે ૮ વર્ષ થયા બાદ પણ તે સંકલ્પ ભૂમિનું કામ પૂર્ણ થયું નથી. આથી મારી માગણી છે કે રાજકીય મુદ્દા કરતાં પણ સરકારે જે ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે જોડાયેલા નામની સંકલ્પ ભૂમિને વિકસાવવાનું કામ કર્યું છે તેને સંપર્ણપણે પૂર્ણ કરવામાં આવે તેવી હું માંગણી કરું છું. રાજ્ય સરકાર બજેટ તો આપે જ છે પણ બજેટ આપ્યા પછી તે બજેટનો હિસ્સો અલગ અલગ રીતે વહેંચાયેલો હોય છે. વર્ષોથી ગુજરાતમાં એસ.સી./એસ.ટી. સમાજના આર્થિક વિકાસ માટે સબપ્લાન યોજના એટલે કે, ખાસ અંગભૂત યોજના આપવામાં આવે છે. આ ખાસ અંગભૂત યોજનાના અનુસંધાનમાં એસ.સી./એસ.ટી.ના લોકોને આનો સંપૂર્ણ લાભ થાય છે. આજે પરિસ્થિતિ એવી છે કે ગુજરાત રાજ્યમાં સમરસ છાત્રાલયો બન્યા છે અને આ છાત્રાલયો બન્યા પછી દરેક સમાજના લોકોને આનો લાભ મળે છે. એનો કોઇ વાંધો નથી પરંતુ, સમરસ છાત્રાલયોમાં જે બજેટ વાપરવામાં આવ્યું હતું એ બજેટ ફક્ત અને ફક્ત અનુસૂચિત જાતિ વિભાગમાંથી વાપરવામાં આવ્યું હતું. બધી જ જાતિના લોકો આ બજેટ વાપરે છે એનો વાંધો નથી. પણ જે બજેટ હતું એ એક જ જગ્યાએ વાપરવામાં આવ્યું છે. જેના કારણે બીજા સમાજના લોકોને જે લાભ મળવો જોઇએ એ મળી શક્યો નથી ત્યારે મારી સરકારશ્રીને માંગણી છે કે, અન્ય રાજ્યોની જેમ ગુજરાત રાજ્યમાં પણ એસ.સી./એસ.ટી.ના સબપ્લાન માટેનો કાયદો બનાવવામાં આવે. આ રાજ્યમાં આભડછેટ, પીવાનું પાણી, ખૂન, બળાત્કાર જેવા અત્યાચારો વધી રહ્યા છે. એના નિરાકરણ માટે અનુસૂચિત જાતિ પર થતા અત્યાચારો માટેની કમિટી મળવી જોઇએ. તમારી દલિતો અને અનુસૂચિત જાતિના લોકોની સમસ્યા માટેની જે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લાગણી છે એ દેખાઇ આવે છે કે, બે-બે વર્ષ સુધી તમે મીટિંગો કરતા નથી. આ મીટિંગો ન થવાના કારણે રાજ્યના દલિતો પર થતા અત્યાચારોના નિરાકરણની વાત થતી નથી. તમે આટલા ગંભીર છો!

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત થાય છે. ભારતીય લોકો માટે તમે લાલજાજમ પાથરો છો પણ જે લોકો એના સાચા અધિકારી છે, જેમનો હક્ક છે અને એમની જે સમસ્યાઓ છે એના માટે ભારતીય જનતા પાર્ટીના ૧૫૬ લોકો પાસે સમય નથી એનું મને દુઃખ છે. આ મીટિંગો સમયસર બોલાવવામાં આવે એવી મારી માંગણી છે. રાજ્યમાં જે બનાવો બને છે એ બનાવોને આધીન એક આયોગ હોવું જોઇએ. રાજ્યમાં અનુસૂચિત જાતિનું આયોગ ન હોવાના કારણે આ સમસ્યાઓનું નિરાકરણ થતું નથી, ત્યારે મારી સરકારશ્રી સમક્ષ માંગણી છે કે, આવનારા દિવસોમાં રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની સ્થાપના થાય. આપણે ત્યાં કાયદો છે કે, સફાઇ કામદારને ગટરમાં ઊતારવા નહીં. નામ. સુપ્રીમકોર્ટ, નામ. હાઇકોર્ટ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના કહેવા છતાંપણ આ રાજ્યમાં દર વર્ષે ૫, ૬, ૭ કે ૧૧ સફાઇ કામદારોના ગટરમાં ઊતરવાથી મૃત્યુ થાય છે. મૃત્યુ થાય એટલે સરકાર સહાય આપે છે. દસ લાખ આપે, પંદર લાખ આપે કે વીસ લાખ આપે. દલિતની હત્યા થાય એટલે પંદર લાખ રૂપિયા આપી દે, બળાત્કાર થાય એટલે દીકરીને એના પૈસા આપી દેવામાં આવે. શું કોઇની જાનની કિંમત, કોઇની બળાત્કારની કિંમત, કોઇને હડધૂત કરવાની કિંમત પૈસા હોઇ શકે? સરકાર એમ માનતી હોય કે બળાત્કાર કરવાથી પૈસા લઇ લો, હત્યા કરવાથી પૈસા લઇ લો, અસ્પૃશ્યતા કરીને પૈસા લઇ લો, ગટરમાં ઊતરવાથી માણસનું મૃત્યુ થાય તો પૈસા લઇ લો અને જો એની કિંમત પૈસા સાથે કરતી હોય તો તમને ૧૫૬ને મુબારક છે. સરકાર ભલે આ સફાઇ કામદારને વળતર આપે પરંતુ, કોઇપણ સફાઇ કામદારને ગટરમાં ઊતરવા મજબૂર કરનાર એજન્સી કે કોન્ટ્રાક્ટર માટે પાસા જેવો મજબૂત કાયદો કરીને એને જેલ ભેગો કરશો તો જ આ રાજ્યમાં સફાઇ કામદારોના બચાવ થઇ શકશે. અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને સાઇકલ આપવાની વાત છે અને રાજ્ય સરકાર સાઇકલ એસ.ટી. અને એસ.સી. બંને સમાજના વિદ્યાર્થીઓને આપે છે. સાઇકલ આપવાનું કામ સારું છે, ખોટું નથી. સાઇકલ આપ્યા પછી સાઇકલનો કલર કેસરી રાખવામાં આવેલ છે. કેસરી શબ્દ આવશે એટલે *(xxx) માનનીય મનિષાબેન, આપણી દીકરી જયારે કેસરી કલરની સાઇકલ લઇને નીકળતી હોય છે ત્યારે બીજો સમાજ જોતો હોય છે અને કહે છે કે, દલિત અને આદિવાસીની દીકરી આ સાઇકલ ઉપર જઇ રહી છે. તમને એનું ગૌરવ હોય તો તમને સૅલ્યુટ છે. આ લોકો નહીં સમજે. માનનીય ઋષિકેશભાઇ, સરકાર સાઇકલ આપે છે એ માટે હું આપને અભિનંદન આપું છું. આ લોકો નહીં સમજે. આ લોકોને લાગણી સાથે કોઇ લેવાદેવા નથી. ભગવાન શ્રી રામની વાત કરતા હોય તો ભગવાન શ્રી રામ મર્યાદાપુરષોત્તમ હતા. એમની સ્ત્રીની આબરુ માટે એમણે યુદ્ધ કર્યું હતું. આ સાઇકલનો કલર પણ બદલવો જોઇએ એવી મારી માગણી છે.

**પોઇન્ટ ઓફ કલેરિફિકેશન**

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એમાં આપણા રેકર્ડ ઉપર ખોટી વાત ન જાય એટલા માટે બે-ત્રણ ક્લેરિફિકેશન કરવા જરૂરી છે. એક તો રાણીપ ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકર ફાઉન્ડેશનનું સો ટકાનું કામ પૂર્ણ થયું છે. હૉસ્ટેલ બનાવવાના કામની બાબત અત્યારે નામદાર કોર્ટમાં ચાલી રહી છે એટલે એના વિશે કોઇ વાત કરવી એ ઠીક નથી. બીજું, વડોદરા ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકરનું સંકલ્પ ભૂમિમાં ગુજરાત સરકારશ્રીએ પોતાના બજેટમાં રૂ.૧૨ લાખ કરોડની ત્યાં જાહેરાત કરેલી છે, એટલે એનું પણ કામ થશે. ત્રીજું, સામાજિક સમરસતા હૉસ્ટેલનું કામ છે. પહેલાં પાંચ મહાનગરોમાં રૂ.૧૨૫ કરોડના ખર્ચે રાજ્ય સરકારશ્રીએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટ ઉપરાંત આ ખર્ચ કરેલ છે, પરંતુ એનો વહીવટ અથવા કામગીરી કરવાની છે એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને સોંપેલી છે. આ માત્ર રેકર્ડ કિલયર થાય એટલા માટે કહું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલની પ્રશ્નોત્તરીમાં મારો પોતાનો પ્રશ્ન હતો. ડૉ. બાબા સાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન જે રાણીપ ખાતે આવેલું છે. મેં સરકારશ્રી અને વિભાગને આ પ્રશ્ન પૂછયો હતો અને સરકાર તથા વિભાગે મને માહિતી આપી હતી કે ફેઝ-૩નું કામકાજ સંપૂર્ણ રીતે બાકી છે, એટલા માટે મેં કહ્યું છે કે આઠ વર્ષથી એનું કામ પૂર્ણ થયું નથી. ફેઝ-૩નું કામકાજ બાકી છે.

ઉપાધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં. શ્રી શૈલેષભાઇ, આપ બેસો. રેકર્ડ ઉપર ચૅક કરીને જોવડાવી લઇશું.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ કહ્યું છે કે આ બાબત નામદાર કોર્ટમાં ચાલી રહી છે એટલા માટે હું ચર્ચા કરતો નથી.

ઉપાધ્યક્ષશ્રી : આ સબજ્યુડિશ બાબત છે એટલે ચર્ચા કરવાની જરૂર નથી.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા માગણી ક્રમાંક-૯૫ લઇને આવ્યા છે, એને હું મારું સમર્થન કરું છું અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે યોજનાઓ છે એના વિશે ચર્ચા કરવા માગું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અલગ-અલગ યોજનાઓ થકી અનુસૂચિત જાતિનું ઉત્થાન થાય, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ સારો ભણી શકે તથા વિદેશ જઇ અભ્યાસ કરી શકે એ માટેનું આયોજન કરવામાં આવ્યું છે. બાબા સાહેબ આંબેડકરનું સૂત્ર છે કે શિક્ષિત બનો, સંગઠીત બનો અને સંઘર્ષ કરો. આ સૂત્રને ચરિતાર્થ કરવા માટે આપણી ગુજરાત સરકાર અને વિભાગ દ્વારા વિદેશ અભ્યાસ લોનનું આપણે આયોજન કરેલ છે. મને ખબર છે કે ડો. બાબાસાહેબ આંબેડકરને પણ વિદેશ અભ્યાસ માટે મહારાજા સયાજીરાવ ગાયકવાડે શિષ્યવૃત્તિ આપી હતી. તેઓએ વિદેશ જઇ અભ્યાસ કર્યો અને આટલા વિદ્વાન માણસ બન્યા અને આપણા દેશનું બંધારણ એમણે રચ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે કે આ વિદેશ અભ્યાસ લોન એ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ખૂબ જરૂરી છે. મને ખબર છે કે અનુસૂચિત જાતિના લોકો મજૂરી કરીને પોતાનું ઘર ચલાવતા હોય ત્યારે વિદેશ અભ્યાસ માટે તેમનાં બાળકોને મોકલવાનો તો તેમને વિચાર પણ આવતો નહોતો. પરંતુ તે વખતના આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તે વખતે વિચાર્યું કે જો સર્વે સમાજને સાથે રાખવા હશે તો તેનું ઉત્તમ ઉદાહરણ શિક્ષણ છે. તે શિક્ષણમાં આગળ વધવા માટે અને વિદેશ અભ્યાસ માટે તે વખતે તેમણે માત્ર રૂપિયા ૫ લાખથી આ યોજનાની શરૂઆત કરી હતી. મને ખબર છે કે માત્ર ૪ ટકાના વ્યાજે, અત્યારે ૪ ટકાના વ્યાજે કોઇ જગ્યાએ લોન મળતી નથી. આ સરકારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૪ ટકાના વ્યાજે લોન આપીને તેમને વિદેશ અભ્યાસ માટે મોકલવામાં આવે છે. આજે આ વિદેશ અભ્યાસમાં મને ખબર છે કે વિભાગ અને સરકાર દ્વારા ૧૫ લાખ રૂપિયા કર્યા છે. આજે મને ખબર છે કે અમારા દલિત અને અનુસૂચિત જાતિના સમાજના ઘરે ઘરે છોકરાઓ વિદેશમાં જઇને અભ્યાસ કરી રહ્યા છે. આ યોજના માટે આપણી સરકારમાંથી આ વર્ષે કુલ ૯૦ કરોડ રૂપિયાની ફાળવણી પણ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ યોજનાનો ખૂબ વિદ્યાર્થીઓએ લાભ પણ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જરૂર એક વાત કરીશ કે પહેલા અમદાવાદમાં એક હોસ્ટેલ હતી. ગામડામાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા તો તેમના માટે પાલડીમાં નરસિંહ ભગત હોસ્ટેલ હતી. જો એ હોસ્ટેલમાં એડમિશન મળે તો જ વિદ્યાર્થી આગળ ભણે, નહીંતર તેઓ આગળ અભ્યાસ કરી શકતા નહોતા. હું માનનીય ભૂપેન્દ્રભાઇ સાહેબને અભિનંદન આપીશ કે આપણી સરકારે સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ બનાવી. મને ખબર છે કે એમાં એવું નથી કે એક રૂમ બનાવવો. એ હોસ્ટેલમાં પૂરી સગવડ અને ૧૦ માળની હોસ્ટેલ બનાવી છે અને એ હોસ્ટેલમાં પણ તમે જુઓ તો લાઇબ્રેરી, કોમ્પ્યુટર રૂમ અને સારો ભોજન કક્ષ. વિદ્યાર્થીઓને એમ ન લાગે કે આપણે સરકારી હોસ્ટેલમાં રહીએ છીએ, પરંતુ વિદ્યાર્થીઓને એમ લાગે કે આપણે ખૂબ જ સારા વાતાવરણમાં રહીને અભ્યાસ કરીએ છીએ. એટલું સરસ કામ આ સરકારે કર્યું છે. આ યોજનામાં હમણા એક સભ્યશ્રીએ વાત કરી કે મારા વિસ્તારમાં સમરસ હોસ્ટેલ બનાવો. તો આવી સમરસ હોસ્ટેલ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભુજ, જામનગર, હિંમતનગર, પાટણ અને એ હોસ્ટેલમાં ૧૩ હજાર છાત્રો અભ્યાસ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જરૂર એ વાત કરીશ કે પહેલાના સમયમાં આંતરજ્ઞાતિય લગ્ન કરવા એટલે સમાજમાં ખૂબ મોટો હોબાળો થતો હતો. લોકો સ્વીકારવા તૈયાર થતા ન હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સમાજ સમાજ વચ્ચેના ભેદ મીટાવવા માટે માતા સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન યોજના અમલમાં મૂકી છે. એમાં અનુસૂચિત જાતિના દીકરા કે દીકરી હિન્દુ ધર્મ પાળતા હોય એવા દીકરા કે દીકરી લગ્ન કરે તો યોજનાની શરૂઆત થઇ ત્યારે તેમને ૨૫ હજાર રૂપિયાના રાષ્ટ્રીય બચત પત્રો આપવામાં આવતા હતા અને ૨૫ હજાર રૂપિયા એમને ઘરવખરી વસાવવા માટે આપવામાં આવતા હતા. આજે તેમાં ડબલ જેટલો વધારો કરીને ૧ લાખ રૂપિયાના રાષ્ટ્રીય બચતપત્રો આપવામાં આવે છે અને દોઢ લાખ રૂપિયા એ યુગલને ઘરવખરી વસાવવા માટે આપવામાં આવે છે. એટલે મને ખબર છે કે આંતરજ્ઞાતિય લગ્ન કરે છે, એ પણ પોતાનો ઘર સંસાર સારી રીતે ચલાવી શકે તેની ચિંતા પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આનાથી મોટી સમરસતા બીજી કંઇ જ ના હોઇ શકે. આંતરજ્ઞાતિય લગ્નને પણ આ સરકાર પ્રોત્સાહન આપી રહી છે. બીજી વાત હું જરૂર કહીશ કે હું મહિલા છું એટલે મને ખબર છે. ઘરમાં બે કે ત્રણ દીકરી હોય અને જો દીકરીના લગ્ન આવે તો મા-બાપને ખૂબ ટેન્શન થાય. મા-બાપને એમ થાય કે વ્યાજથી પૈસા લાવવા પડશે, દસ ટકાના, વીસ ટકાના વ્યાજથી પૈસા લાવી અને દીકરીઓને પરણાવવામાં આવતી હતી, પરંતુ આજે કુંવરબાઇનાં મામેરાં થકી દીકરીનું મામેરું કરવામાં આવે છે. આજે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમને મારું સમર્થન આપું છું.

ડો. દર્શના ચં. દેશમુખ(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી,

''नारी अस्य समाजस्य कुशलवास्तुकारा अस्ति।''

નારી એ સમાજની કુશળ અને આદર્શ શિલ્પી છે ત્યારે ગૃહમાં માનનીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાજી માગણી નં. ૧૦૫ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે સને ૨૦૨૪-૨૫માં રૂ.૬૮૮૪.૯૩ કરોડના અંદાજો રજૂ કરેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તમામ વિભાગોના બજેટનું વિશ્લેષણ કરી મહિલાઓ માટે કરેલ જોગવાઇઓની માહિતી દર્શાવતું જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવેલ છે. આ જેન્ડર બજેટ સ્ટેટમેન્ટની ઓનલાઇન માહિતીના એકત્રીકરણ માટે જેન્ડર બજેટ પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. મહિલાઓ માટેની જોગવાઇઓ, ખર્ચ

તેમજ ભૌતિક પ્રગતિની માહિતીની ચકાસણી, મોનિટરિંગ અને સમીક્ષા કરવામાં આવે છે જે અંતર્ગત માહિતી રજૂ કરું છું . જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં ડિસેમ્બર અંતિત કુલ ૩૫ જેટલા તાલીમ કાર્યક્રમો યોજી ૩૨૦૦થી વધુ હિતધારકોને મહિલાલક્ષી વિવિધ મુદ્દે સંવેદનશીલ બનાવવાના પ્રયત્નો કરવામાં આવે છે .રાજય સરકારના વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન તમામ વિભાગના બજેટનું વિશ્લેષણ કરી જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું ત્યારે કુલ બજેટના ૩૯.૭૧ ટકા જેટલું થવા પામેલ છે .નારી ગૌરવ નીતિ ૨૦૦૬ના પુનઃઘડતરની કાર્યવાહી હાથ ધરેલ છે જે અન્વયે મહિલાઓના સર્વાંગી વિકાસના લક્ષ્યને ધ્યાનમાં રાખી એકશન પ્લાન સાથે નીતિનો સંપૂર્ણ મુસદ્દો તૈયાર કરેલ છે .શિક્ષણ અને રમતગમતના આ ક્ષેત્રમાં શિક્ષણના વિવિધ સ્તરે કન્યાઓને પ્રોત્સાહન મળે, કન્યાઓને સમાન તકો સુનિશ્ચિત કરવામાં આવે, મહિલાઓનો માનસિક વિકાસ થાય, શારીરિક સુદૃઢતા મળે એની સાથે સાથે શિક્ષણ અને રમતગમતના ક્ષેત્રને પણ આ નીતિમાં સામેલ કરવામાં આવેલ છે. મારા વિસ્તાર, મારા વિધાનસભા ક્ષેત્રની વાત કરું તો આ જ વર્ષમાં રમતગમતના ક્ષેત્રમાં ૧૦થી ૧૫ જેટલી વિદ્યાર્થિનીઓએ જિલ્લા સ્તરે, રાજ્ય સ્તરે અને નેશનલ રાષ્ટ્રીય સ્તરે વિવિધ મેડલો મેળવીને રમતગમતના ક્ષેત્રમાં જિલ્લાનું નામ દેશમાં રોશન કર્યું છે. હિંસા સામે સુરક્ષા મેળવવા માટે સ્ત્રીઓ સામેની હિંસા, અપરાધ અને અત્યાચારોને નિવારવા માટે વિદ્યામાન કાયદાઓનો અસરકારક અમલ થાય, મફત કાનૂની સલાહ કેન્દ્રોની ક્ષમતા અને એની ગુણવત્તામાં જરૂરી સુધારો કરવામાં આવે, એની સાથે મહિલાઓને લગતી નીતિઓ, કાયદાઓ, ઠરાવો, પરિપત્રો, માર્ગદર્શિકાઓ વગેરે એક જ જગ્યાએ ઉપલબ્ધ થાય એ અંગેનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય, પોષણ અને જીવનની ગુણવત્તા માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં પ્રસૂતિ લાભ અધિનિમયમનો અમલ કરવામાં આવે, જાહેર સ્થળે મહિલાઓને બ્રેસ્ટ ફીડિંગ કોર્નર્સ બનાવી આપવામાં આવે, માસિક ચક્ર સાથે સંબંધિત ગેરમાન્યતાઓ અંગે જાગૃત કરવામાં આવે, PCPNDT અને સરોગસીના કાયદા અંગે પણ જાગૃતિ આપવામાં આવે. આમ મહિલાઓના આરોગ્ય અને પોષણ સાથે સંકળાયેલ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પર્યવારણ અને કલાયમેટ ચેંજની સાથેસાથે સ્ત્રીઓને અને પૂરુંષોને સાથે આ કલાયમેટ ચેંજમાં પણ પ્રાધાન્ય આપવામાં આવે, એટલે સ્ત્રીઓને જળસંચય, જળસંવર્ધન અને એની સાથે કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે અને સંવર્ધન માટે સ્ત્રીઓની ભાગીદારીને મહત્વ આપવામાં આવ્યું છે. મારા જિલ્લામાં એક મહિલા બહેન છે કે જેમણે પોતાના ત્રણ એકરમાં ૧૫૦૦ જેટલા ચંદનના રોપા રોપીને પર્યાવરણની જાગૃતિ માટે એક શ્રેષ્ઠતમ ઉદાહરણ પૂરું પાડયું છે. સામાજિક સુરક્ષા અને કલ્યાણની વાત હોય ત્યારે મહિલાઓને આ કાયદાઓનો અસરકારક અમલ થાય અને મહિલાલક્ષી તમામ માળખાઓ અંગે જાગૃતિ થાય એ અંગેનો સમાવેશ કરવામાં આવેલ છે.વિજ્ઞાન અને ટેકનોલોજી આ ક્ષેત્ર અંતર્ગત વિજ્ઞાન અને ટેકનોલોજી, ઇજનેરી, ગણિત, આ ક્ષેત્રમાં મહિલાઓના શિક્ષણમાં પ્રાધાન્ય આપવામાં આવે, અગ્રિમતા આપવામાં આવે, એમના પ્રવેશને પ્રોત્સાહન આપવામાં આવે અને મહિલા વૈજ્ઞાનિકો અને સંશોધકોને નવી તકો પ્રદાન કરવામાં આવે તે અંગેનું આયોજન કરવામાં આવ્યું છે. આર્થિક પર્યાવરણ ક્ષેત્ર અંતર્ગત મહિલાઓનું યોગદાન વધારવા માટે મહિલા ઔદ્યોગિક સાહસો અને આર્થિક પ્રવૃત્તિ કરતી મહિલાઓ માટે વિવિધ પ્રકારે પ્રોત્સાહન આપવાની જોગવાઇ પણ કરવામાં આવી છે. હું આપને જણાવું કે મારા વિસ્તારમાં એસ.ઓ.યુ.ના પરિસરમાં આવતી ૮૫ જેટલી મારી મહિલા બહેનો, આદિજાતિ સમાજની બહેનો છે કે જેઓ પોતે પોતાની ઇ-રીક્ષા દ્વારા પ્રવાસીઓને એમના ગંતવ્ય સ્થાને સુરક્ષિત પહોંચાડવાનું કામ કરી રહી છે. એવી જ રીતે જંગલ સફારીમાં કામ કરતી મારી ૩૫ બહેનો પ્રાણીઓનું પ્રેમભાવથી જતન કરવાનું કામ કરી રહી છે, ત્યારે ૩૭૦૦ જેટલી એસ.પી.જી.ની બહેનો આર્થિક પ્રવૃત્તિ દ્વારા વિવિધ પ્રોજેક્ટો દ્વારા અલગ અલગ કાર્યક્રમો કરીને આર્થિક પગભર બને એ માટેનું આયોજન પણ મારા વિસ્તારમાં થઇ રહ્યું છે. વહીવટી અને નિર્ણયશક્તિ અંતર્ગત ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓ માટે વહીવટી, જાતિગત સંવેદનશીલતા, જેન્ડર બજેટિંગ અને નેતૃત્વ વિકાસ માટેની તાલીમ દ્વારા ક્ષમતાવર્ધન સુનિશ્ચિત કરવા માટેનું રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ આયોજન થઇ રહ્યું છે. રાજ્યની મહિલાઓને એમની સમસ્યાઓના ઉકેલ માટે એમને મુશ્કેલ પરિસ્થિતિમાં મદદરૂપ થવા માટે ૮૨૭ જેટલા બોર્ડ મારા જિલ્લામાં મને કોણ મદદરૂપ થઇ શકે એ અંતર્ગત દરેક જિલ્લાની સંબંધિત કચેરીમાં અને માળખાઓમાં લગાવવામાં આવ્યા છે. કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત અધિનિયમ-૨૦૧૩ હેઠળ રાજ્યમાં કાયદાનું પાલન વ્યવસ્થિત રીતે થાય એ માટેનું આયોજન પણ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. કાયદાની જાગૃતિ માટે પ્રતિકાર નામની સ્થાનિક ભાષા અને અંગ્રેજી ભાષામાં દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરીને વિવિધ સોશિયલ મીડિયા, કોલેજ, યુનિવર્સિટી, સરકારી વિભાગો ..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં.૧૦૫ મહિલા અને બાળ વિકાસ વિભાગની માનનીય મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા લઇને આવ્યા છે એમાં મારું અનુમોદન આપી મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતવર્ષના વિકાસ માટે દરેક રાજ્યના વિકાસ માટે ચાર સ્તંભો પર ભાર મૂક્યો છે. યુવા, મહિલા, ગરીબ અને ખેડૂત. આમાં મહિલા એ ખૂબ મહત્ત્વનું પરિબળ છે ત્યારે આપણે જોઇ રહ્યા છીએ કે સમાજમાં હજાર દીકરાઓએ ૭૦૦ દીકરીઓ એટલે કે દીકરીઓની ખોટ થવા લાગી છે. દીકરીઓ દિવસે દિવસે ઘટવા લાગી છે. આવતા સમયમાં સમાજ માટે ખૂબ જ ઘાતક પરિણામ સાબિત થશે એવું દેખાઇ રહ્યું

છે. તા.૨૨મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ રાજ્યના ૨૨ જિલ્લામાં બેટી બચાવો બેટી પઢાઓની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે ભારત સરકાર દ્વારા મિશન શક્તિ હેઠળ પેટા યોજના સંબંધમાં વર્ષ ૨૦૨૩-૨૪થી રાજ્યના ૩૩ જિલ્લાઓ ખાતે વિસ્તૃત કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ જાતિ આધારિત નિરીક્ષણ અટકાવવું, દીકરીઓના અસ્તિત્ત્વની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો, દીકરીઓનો અભ્યાસ અને સમાજમાં એમનો વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. બેટી બચાવો બેટી પઢાઓ યોજના અંતર્ગત નેશનલ ચાઇલ્ડ ડે, આંતરરાષ્ટ્રીય દીકરી દિવસ નિમિત્તે માનનીય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ૬૦૦થી વધારે દીકરીઓ સાથે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ છે. આજની દીકરી એ આવતીકાલની સ્ત્રીનું સ્વરૂપ છે. જો આજની દીકરી એ કુપોષિત કે શારીરિક રીતે સ્વસ્થ નહીં હોય તો આવતીકાલનો સમાજ પણ સ્વસ્થ નહી બની શકે. આથી રાજ્ય સરકાર દ્વારા દીકરીઓના શારીરિક સ્વાસ્થ્ય અને પોષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. મહિલા અને બાળ વિકાસ તથા યુનિસેફના સંયુક્ત ઉપક્રમે રાજ્યના ૨૨ જિલ્લા ખાતે જાગૃતિ કાર્યક્રમો અંતર્ગત અશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૮૦ હજાર ૧૦૩ લોકો સાથે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂપિયા ૬૮૮૪.૯૩ કરોડનો અંદાજ રજૂ કરેલ છે. બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ જાગૃતિ કાર્યક્રમો ૮૯૬ કરવામાં આવ્યા જેમાં ૧ લાખ ૫૫ હજાર ૨૨૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાજ્યમાં હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને એકજ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંબંધિત સેવાઓ પૂરી પાડવા માટે ઓગસ્ટ ૨૦૧૩થી વન સ્ટોપ સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે. સખી કેન્દ્ર દ્વારા હિંસાથી અસરગ્રસ્ત કિશોરીઓ, મહિલાઓને તાત્કાલિક તબીબી સારવાર, આશ્રય, કાયદાકીય સલાહ, માર્ગદર્શન, પોલીસની સહાય તાત્કાલિક ધોરણે પૂરી પાડવામાં આવે છે. દરેક જિલ્લા ખાતે આ સખી વન સ્ટોપ સેન્ટર ૨૪ x ૭ કામ કરે છે. એવું નથી જે આર્થિક રીતે નબળો વર્ગ હોય કે અનએજ્યુકેટેડ વર્ગ હોય ત્યાં જ સ્ત્રીઓ હિંસાનો ભોગ બને છે પણ શિક્ષિત વર્ગની અંદર પણ સુખી પરિવાર, નોકરિયાત વર્ગની અંદર જે દીકરીઓ અભ્યાસ અર્થે પોતાના પરિવારથી બીજાં શહેરમાં ગઇ હોય એ લોકો પણ આવી પરિસ્થિતિઓનો સામનો કરે છે. આ યોજનાનો લાભ કુટુંબની અંદર ખાનગી કે જાહેર સ્થળો પર સમુદાય સ્થળે અથવા કાર્યના સ્થળે હિંસાનો ભોગ બનેલ કોઇ પણ કિશોરી કે મહિલાઓ લાભ લઇ શકે છે. ખાસ કરીને એવી મહિલાઓ કે જેઓ કોઇ પ્રકારની કુટુંબ તથા સમાજ દ્વારા હિંસાનો ભોગ બની હોય જેવી કે – શારીરિક હિંસા, માનસિક હિંસા, જાતિગત હિંસા, ભાવનાત્મક હિંસા, ઘરેલું હિંસામાં સખી વન સ્ટોપ સેન્ટરનો સહારો લઇ શકે છે. સન ૨૦૨૪-૨૫માં સખી વન સ્ટોપ સેન્ટર હેઠળ કુલ ૧,૧૯૬ લાખની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા બાંધકામ થયેલ ૧૭ કેન્દ્રોમાંથી હાલમાં ૧૦ કેન્દ્રો મહીસાગર, નવસારી, ડાંગ, સુરત, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, છોટાઉદેપુર તથા અરવલ્લી ખાતે નવા કેન્દ્રો કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સખી વન સ્ટોપ સેન્ટરમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કુલ જાગૃત્તિ કાર્યક્રમ ૨,૦૫૮ જેમાં ૧,૭૩,૪૩૧ લાભાર્થીઓએ ભાગ લીધેલ છે. અત્યારે સમાજરૂપી દપર્ણમાં એક સિક્કાની બે બાજુ જોવા મળે છે. એક વર્ગ એવો છે કે જ્યાં કોઇ પરિવારમાં દીકરીનો જન્મ થાય ત્યારે દીકરીને લક્ષ્મીનો અવતાર કે દીકરી વ્હાલનો દરિયો ગણવામાં આવે છે. દીકરીઓને ભણાવવા-ગણાવવામાં આવે છે અને એમની જરૂરિયાતોને પૂરી કરવામાં આવે છે. બીજો વર્ગ એવો છે કે જ્યારે પરિવારમાં દીકરીઓ જન્મે તો એને સાપનો ભારો કે પારકી થાપણ કહેવામાં આવે છે. આજની તારીખમાં ઘણાં પિરવારની અંદર દીકરીઓ-સ્ત્રીઓ એવી હોય છે કે હજી એને ખબર નથી પડતી કે ક્યું એનું ઘર છે? જ્યાં એમણે જન્મ લીધો એ પિતાનું ઘર છે એ એનું ઘર છે કે જ્યાં એ લગ્ન કરીને જાય છે એ પતિનું ઘર એ એનું ઘર છે. કારણ કે, અત્યારના સમયમાં પણ સ્ત્રીઓ રૂઢીચૂસ્તતાની, દહેજ પ્રથાની અને પુત્રની ઘેલછામાં ભોગ બનતી હોય છે ત્યારે આવી સ્ત્રીઓ માટે રાજ્ય સરકારે નારી સંરક્ષણ ગૃહ બનાવી એમની ચિંતા કરી છે. કોઇ પણ પ્રકારની પીડિત સમસ્યા ગ્રસ્ત મહિલાને હિંસા મુક્ત વાતાવરણ ઊભું કરવું, સલામત સ્થળનું નિમાર્ણ કરવું તેમજ મહિલાની પુન: વસનની કામગીરી કરવાનો નારી સંરક્ષણ ગૃહનો મુખ્ય ઉદ્દેશ છે એમાં ૧૦૦ ટકા રાજ્ય સરકારનો ફાળો છે. કમિશનર મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક કુલ ૧૦ સરકારી નારી સંરક્ષણ ગૃહો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભરૂચ, પંચમહાલ, નવસારી, સાબરકાંઠા, બનાસકાંઠા અને ભાવનગર જિલ્લા ખાતે કાર્યરત છે. મહિલા સાથે ૧૪ વર્ષ સુધીની દીકરી તથા ૬ વર્ષ સુધીના પુત્રને પણ આશ્રય આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પાંચ પ્રિવેન્ટિવ રેસ્ક્યુ સેન્ટર અમદાવાદ, અમરેલી, જામનગર અને ભાવનગર જિલ્લા ખાતે કાર્યરત છે. નારી સંરક્ષણ ગૃહમાં જે મહિલાને ઘરમાંથી ત્યજી દીધી હોય, મહિલા સાથે હિંસા થતી હોય અને મહિલા ઘર છોડવા માગતી હોય અથવા કોઇ પણ પ્રકારની હિંસાગ્રસ્ત મહિલા હોય, કુંવારી માતા અથવા કુંવારી ગર્ભવતી મહિલા, ગર્ભવતી વિધવા અથવા વિધવા માતા, ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કર્યા પછી બાળ ગૃહ કે સંરક્ષણ ગૃહમાંથી મુક્ત થયેલી કિશોરીઓ, પોલીસ કે કોર્ટ દ્વારા અથવા અન્ય રીતે મોકલવામાં આવેલી મહિલાઓ કે જેને આશ્રયની જરૂર હોય તેવી મહિલાઓને પ્રવેશ આપવામાં આવે છે. નારી સંરક્ષણ ગૃહ કેન્દ્ર ખાતે આશ્રિત બહેનોને લગ્ન સહાય ૨૦,૦૦૦ રૂપિયાથી વધારીને રૂ.૧,૫૦,૦૦૦ કરવામાં આવી છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યાં છે તેને મારું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ )

શ્રીમતી ભાનુબેન બાબરિયા(સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સમાજનો એવો વર્ગ કે જે ખરા અર્થમાં ભગવાન નારાયણના રૂપ સમાન છે એવા દરિદ્ર નારાયણો, બાળકો, યુવાનો, દિવ્યાંગો, વૃદ્ધો અને મહિલાઓ માટે મને સંવેદનશીલતાપૂર્વક કામ કરવા માટે તક મળી છે એ બદલ હું ઇશ્વરનો અને પાર્ટીનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીનો અમૃતકાળ ચાલી રહ્યો છે ત્યારે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી વિકસિત ભારત માટે સંકલ્પબદ્ધ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત માટે સંકલ્પબદ્ધ છે. વિકસિત ભારત એટલે સામર્થ્યવાન ભારત. વિકસિત ભારત એટલે સશકત ભારત. વિકસિત ભારત એટલે સમૃદ્ધ ભારત અને એટલે જ અત્યારે આખો દેશ બોલી રહ્યો છે દેશ બદલ રહા હૈ, નયા ભારત કી અબ શરૂઆત હો રહી હૈ અને એટલે જ આપણે વર્ષો જૂનું જે આપણા સૌનું સ્વપ્ન છે કે આ ભારત માતાને પરમ વૈભવના શિખરે પહોંચાડવું અને વિશ્વગુરુ બનાવવું એ જ દિશામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. આ માટે સૌથી અગત્યની અનિવાર્યતા છે. સામાજિક સમરસતા અને આ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા વંચિતોના, પીડિતોના, શોષિતોના, દિવ્યાંગજનોના, વિધવા બહેનોના, અનુસૂચિત જાતિઓના વિચરતિ અને વિમુકત જાતિઓના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે કોઇપણ સમાજનો વિકાસ ત્યારે જ શકય બને જયારે એ વિકાસના મુખ્ય પ્રવાહમાં આર્થિક પછાત અને નબળા વર્ગના લોકોને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડીએ. હું ભારત રત્ન બોલી ત્યારે મને અત્યારે કોંગ્રેસને ખાસ કહેવાનું મન થાય છે કે બાબાસાહેબને ભારત રત્ન એવોર્ડથી સન્માનિત કરવાનું જો કોઇએ શ્રેષ્ઠ કાર્ય કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ભાઇશ્રી વાત કરતા હતા ત્યારે મને કહેવાનું મન થાય છે આ બાબાસાહેબને હરાવવાનું કામ, આ પાપ કોંગ્રેસે કર્યું હતું. કયા મોઢે આ લોકો વાત કરી રહ્યા છે? સ્વામી વિવેકાનંદે ભારત ભ્રમણ કર્યું હતું. વંચિતોની સ્થિતિનું વર્ણન કર્યું હતું. તે સંવેદનાઓ અને મહાત્મા ગાંધી અને ડો.બાબાસાહેબ આંબેડકરે વંચિતો પ્રત્યેની સંવેદનાને બંધારણમાં ઉજાગર કરી છે. એ જ રીતે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ હંમેશા માને છે કે જનકલ્યાણલક્ષી યોજનાઓની અમલવારી થાય અને તેના મીઠા ફળ સમાજના વંચિત વર્ગો સુધી પહોંચે. ચલો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ. આપણી સરકાર ગરીબોને સમર્પિત સરકાર છે. જેથી ગરીબ કલ્યાણને કેન્દ્રમાં રાખીને ગરીબ ગરીબીને પરાસ્ત કરે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. જયાં માનવી ત્યાં સુવિધા સાથે અંત્યોદયથી સર્વોદયના માર્ગને આલેખ્યો છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસના મંત્રને અમારી સરકાર શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સાકાર કરી રહી છે. સામાજિક સમરસતા એ કોઇપણ રાજયના વિકાસમાં પાયાની જરૂરિયાત છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર વંચિતોના વિકાસ માટે કાર્ય કરી રહી છે. આ માટે રાજય સરકારે વિવિધ યોજનાઓ બનાવી છે. ભારતના સર્વાંગી વિકાસ અને સમરસ સમાજની રચના માટે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સમાજના ચાર વર્ગો ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિતના ઉત્કર્ષ ઉપર ભાર મૂકયો છે. સમાજના છેવાડે રહેલા માનવી એ સરકારની અગ્રતામાં પ્રથમ આવે તે પ્રતિબદ્ધતા સાથે હું આજે આપની સમક્ષ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ પરની ચર્ચા માટે ઉપસ્થિત થઇ છું. આજે હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ વિધાનસભા ગૃહ સમક્ષ પ્રથમ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજય, રાષ્ટ્રમાં વસતા દરેક નાગરિકને સમાન ન્યાય મળે તે માટે વર્ષ ૨૦૦૭માં સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા સમાનતાના કેન્દ્રવર્તી વિચાર સાથે ૨૦મી ફેબ્રુઆરીનો દિવસ વિશ્વ સામાજિક ન્યાય દિવસ તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારથી દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૨૦મી ફેબ્રુઆરીએ વિશ્વ સામાજિક ન્યાય દિવસની ઉજવણી કરવામાં આવે છે અને આજના દિવસે આ ચર્ચા કરવાનો અવસર મળ્યો છે તે મારા માટે સૌભાગ્યની વાત છે. ત્યારે બધાના મનોરથ સિદ્ધ થાય તેવી મનોકામના પણ વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યનું કુલ ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડ રૂપિયાનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે. જેમાં અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ અને સમાજ સુરક્ષા તથા અનુસૂચિત જાતિ પેટા યોજના સહિત કુલ રૂ.૧૧,૫૨૪ કરોડ ૪૭ લાખની જોગવાઇ કરી છે. જે ગત વર્ષ કરતાં રૂ.૪૩૦ કરોડ ૨૩ લાખનો વધારો સૂચવે છે. તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર માનું છું તેમજ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતિ અને વિમુક્ત જાતિઓ, લઘુમતિ, બિન-અનામત વર્ગો, દિવ્યાંગો, નિરાધાર વૃદ્ધો, થર્ડ જેન્ડર આ સર્વ સમૂહના રાજયની લગભગ ૯૦ ટકા વસતિ તરફથી પણ આભાર પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કુલ ૧૦,૯૬૦ કરોડ ૮૫ લાખ રૂપિયાની સૂચિત જોગવાઇમાં સમાવિષ્ટ કુલ ચાર માગણી પૈકી મુખ્ય માગણી ક્રમાંક-૯૨ સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૫૦૪ કરોડ ૪૮ લાખ અને મૂડી ખર્ચ માટેની રૂ.૭૯૪ કરોડ ૦૬ લાખ મળી કુલ રૂ.૪૨૯૮ કરોડ ૫૪ લાખની રજૂ કરું છું. તેમજ માગણી ક્રમાંક-૯૫ અનુસૂચિત જાતિ પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૩૭૯૩ કરોડ ૪૭ લાખ અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૮૬૦ કરોડ ૩૬ લાખ મળી કુલ રૂ.૬૬૫૩.૮૩ લાખની રજૂ કરું છું.

આ બજેટની ચર્ચામાં આ સન્માનનીય સભાગૃહના ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેમાં શ્રી ઇશ્વરભાઇ પરમાર, શ્રી જયદ્રથસિંહ પરમાર, ડૉ.હર્ષદભાઇ પટેલ, શ્રી કાંતિભાઇ અમૃતિયા, શ્રી દિનેશસિંહ કુશવાહા, શ્રી ભીખાભાઇ બારૈયા, શ્રી પરસોત્તમભાઇ પરમાર, શ્રી વિપુલભાઇ પટેલ, શ્રી કરશનભાઇ સોલંકી, શ્રી કેશાજી ચૌહાણ, શ્રીમતી ગીતાબા જાડેજા, શ્રીમતી દર્શનાબેન વાઘેલા, ડૉ.દર્શનાબેન દેશમુખ તેમજ શ્રીમતી રીટાબેન પટેલ તથા સામાપક્ષેથી શ્રી ઉમેશભાઇ મકવાણા અને શ્રી શૈલેષભાઇએ પોતાના વિચારો રજૂ કર્યા છે. જે ધારાસભ્યશ્રીઓએ પોતાની વાત હકારાત્મક મૂકી છે તેને હું આવકારું છું અને જે ધારાસભ્યશ્રીઓએ ટીકા કરી છે તે ટીકાને કયાંક અમે હકારાત્મક લઇ શકીશું તે વાત સાથે મારી વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોકત માગણીઓ જોતાં મને લાગે છે કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તક આવતી જુદા જુદા વર્ગોની વિવિધ જોગવાઇઓ માટે અંદાજપત્રમાં માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે. હું આંકડાકીય માહિતી આપું તે પહેલાં કહું તો કોંગ્રેસની કાયમની નીતિ રહી છે કે, જોરથી બોલવું અને જૂઠ્ઠું બોલવું. એટલે તે લોકો હું જે આંકડાકીય માહિતી આપું છું તે બરાબર સાંભળે. તે લોકો કયાંથી માહિતી લઇ આવ્યા છે તેની મને ખબર નથી. આ ગૃહમાં કેવી રીતે મૂકે છે તે પણ ખબર નથી. શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂ.૬૦૯ કરોડની અને વિકસતિ જાતિ કલ્યાણ માટે અંદાજિત રૂ.૧૬૫૭ કરોડની જોગવાઇ મળીને કુલ રૂ.૨૨૬૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક ઉત્કર્ષ યોજનાઓ માટે વાત કરું તો અનુસૂચિત જાતિ કલ્યાણ માટે રૂપિયા ૧૩૪ કરોડની અને વિકસતી જાતિ કલ્યાણ માટે રૂપિયા ૮૯૦ કરોડ મળીને કુલ રૂપિયા ૧૦૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય, વસવાટ અને અન્ય સામાજિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિના કલ્યાણ માટે રૂપિયા ૧૮૦ કરોડ અને વિકસતી જાતિ કલ્યાણ માટે રૂપિયા ૨૩૮ કરોડ મળીને કુલ રૂપિયા ૪૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, વિચરતી વિમુકત જાતિઓ માટે રૂપિયા ૧૪૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, લઘુમતી વિકાસની વિવિધ યોજનાઓ માટે બજેટમાં રૂપિયા ૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, બિન અનામત વર્ગ માટે રૂપિયા ૬૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષ ૨૦૨૪-૨૫ નવી બાબત માટે અમારી સરકારે મંજૂર કરેલી નવી બાબતોની વિગતો આપતા જણાવું તો અમારી સરકારે ગરીબીને દરેક સ્તરે પ્રાધાન્ય આપ્યું છે જેની અહીં ચર્ચા કરું તો સંત સુરદાસ યોજનામાંથી બી.પી.એલ. કાર્ડ તથા ઉંમરનું ૦થી ૧૭ વર્ષનું ધોરણ દૂર કરી લાભ આપવાની નવી બાબત માટે રૂપિયા ૨૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. એ જ રીતે મસ્ક્યુલર ડિસ્ટ્રોફી થેલેસેમિયા ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિ જેવી ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને માસિક રૂપિયા ૧૦૦૦ની સહાય આપવાની નવી બાબત માટે રૂપિયા ૧ કરોડ ૬૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. ૫ નવા ચિલ્ડ્રન હોમ બનાવવા માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચિલ્ડ્રન હોમની ચર્ચા થાય છે ત્યારે એક વાત હું સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. ગાંધીનગર સ્થિત આપણા ચિલ્ડ્રન હોમમાં એક બાળક હતું, બાળકને કોઇને કોઇ પૅરેન્ટ્સ જેને બાળક નથી હોતું એ દત્તક લેતા હોય છે ત્યારે આપણા આ હોમમાં ફોરેનથી એક કપલ બાળકને દત્તક લેવા માટે આવ્યું ત્યારે વિભાગના સચિવ અને અધિકારીઓ અને અમે બધા જ હાજર હતા અને જે લાગણીસભર દશ્યો ઉભાં થયાં હતાં. એ પૅરેન્ટ્સ એવું માનતા હતા કે ભગવાને અમને એક આ બાળકની સેવા કરવાનો અવસર આપ્યો છે અને એ બાળકને વિદેશમાં પોતાની સાથે લઇ ગયા છે અને આજે પણ પૅરેન્ટ્સ બાકળની દરેક પ્રકારની પ્રવૃત્તિઓ તેમજ બાળકને કેવા પ્રકારનું શિક્ષણ આપે છે, બાળકનું કેવું જતન કરે છે એની સંપૂર્ણ માહિતી વોટ્સએપના માધ્યમથી મને અને અધિકારીશ્રીઓને મોકલી રહ્યા છે. એટલે અમારી સરકાર આ ખૂબ સેવાનું કાર્ય કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ડો. આંબેડકરના બંધુ ભાવનાના સિદ્ધાંતને અપનાવ્યો છે. ડો. બાબાસાહેબ કહેતા કે, "સમાજની દરેક વ્યક્તિ એકબીજા સાથે સગા ભાઇની જેમ વ્યવહાર કરશે તો જ સામાજિક સમરસતા રહેશે અને સ્વાતંત્રતા ટકી રહેશે." આ બંધુ ભાવના એટલે સમરસતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમરસતાનું શ્રેષ્ઠ ઉદાહરણ જો પાયાથી આપવામાં આવે તો ખરા અર્થમાં તમામ લોકોમાં રાષ્ટ્ર ભાવના વિકસે જેના માટે આદરણીયશ્રી નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયગાળાથી તમામ સમાજનાં બાળકો એક છત્ર નીચે રહીને અભ્યાસ કરી શકે તે માટે સમરસ છાત્રાલયોનું નિર્માણ કર્યું હતું.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજયમાં તમામ સમાજનાં બાળકોને ઘર જેવું વાતાવરણ મળી રહે તે માટે આધુનિક સુવિધાથી સજ્જ ૨૦ સમરસ કુમાર અને કન્યા છાત્રાલયો બનાવ્યા છે, જેમાં ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ રહીને પોતાના અભ્યાસની કારકિર્દી ઘડી રહ્યા છે સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓ પણ ત્યાં કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે હંમેશા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું છે. કન્યાઓ સારી રીતે ભણીને સ્વનિર્ભર થઇ શકે તે માટે આજે ચાર જિલ્લાઓમાં નવા સમરસ છાત્રાલયો બનાવવામાં આવશે જે માટે ૬૭ કરોડ ૫૫ લાખના ખર્ચે સુરેન્દ્રનગર, કોડીનાર, બાલાસિનોર અને બારડોલીમાં સરદાર પટેલ સાહેબને યાદ કરીને ત્યાં પણ સમરસ કન્યા છાત્રાલયોનું બાંધકામ કરવામાં આવશે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટે જૂનાગઢ ખાતે રૂપિયા ૧૯ કરોડ ૬૩ લાખના ખર્ચે કન્યા આદર્શ નિવાસી શાળા માટે અદ્યતન સુવિધા સાથેનું નવી બિલ્ડિંગનું બાંધકામ કરવામાં આવશે. જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી દીકરીઓના શિક્ષણમાં જે ખૂબ મોટાપાયે એક પ્રમાણ વધ્યું છે તે પણ વિરોધપક્ષના સભ્યો નોંધ કરે. વિકસિત જાતિના વિદ્યાર્થીઓ માટે ભાવનગર ખાતે રૂપિયા ૧૭ કરોડ ૩૧ લાખના ખર્ચે કોલેજ કક્ષાના સરકારી કુમાર છાત્રાલય અને સરકારી કન્યા છાત્રાલયનું બાંધકામ કરવામાં આવશે. ઉપરાંત અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના કાર્યરત ગ્રાન્ટ ઈન છાત્રાલયોમાં વધુ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી શકે તે માટે ૨૭૫૦ વિદ્યાર્થીઓનો સંખ્યા વધારો કરવામાં આવેલ છે જે બજેટમાં રૂપિયા ૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે બાળકો છાત્રાલયમાં પ્રવેશ માટે આવતા હોય અને મને કહેતા આનંદ થાય છે કે, આ વખતે આપણે છાત્રાલય અને સમરસમાં સંપૂર્ણ એડમિશન મેરિટ સિસ્ટમથી જ આપેલું છે. એક પણ એડમિશન મેરિટ સિસ્ટમની બહાર આપેલું નથી, ત્યારે ઘણા બધા ધારાસભ્યો મને રજૂઆત કરવા માટે આવતા હોય છે કે, બહેન અત્યારે અમારા વિસ્તારમાંથી ખૂબ દીકરા દીકરીઓના અભ્યાસ માટે શહેરમાં જવું પડે અને આર્થિક પરિસ્થિતિ સારી ન હોય એટલા માટે થઈને જયારે એ લોકો એડમિશનની વાત કરતા હોય આ વાત સરકારે માન્ય રાખીને આ વખતે આપણે ૪ સમરસ અને અન્ય બીજા છાત્રાલયની પણ જાહેરાત કરી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૮૪ કરોડ ૬૮ લાખના ખર્ચે મોડાસા તથા પાલનપુર ખાતે આદર્શ નિવાસી શાળા અને મોડાસા, વેરાવળ, વઢવાણ અને ગાંધીનગર ખાતે સરકારી કન્યા છાત્રાલયો માટે અદ્યતન સુવિધા સાથેના નવા બાંધકામના મકાનો કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના આ વિશાળ યજ્ઞ દ્વારા વંચિતોના જીવનમાંથી ગીરીબી, લાચારી, બેકારી, નિરક્ષરતા રહ્યા સહ્યા પણ નિવારી શકાય તેવા લક્ષ્ય સાથે અમારી સરકાર પરિણામલક્ષી કામગીરી કરી રહી છે. વર્ષ ૨૦૨૪–૨૫ના મારા વિભાગની ચાલુ યોજનાઓની રકમની ફાળવણીમાં પણ મોટો વધારો કર્યો છે. ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે રૂપિયા ૩૬૦ કરોડની જોગવાઇ તથા પ્રાથમિક શાળા ધોરણ ૧થી ૮માં ભણતા અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના ૩૮,૪૫,૦૦૦ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂપિયા ૩૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પી. એમ. યશસ્વી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ ૯થી ૧૦ અને પોસ્ટ મેટ્રિક અંદાજે ૯ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે રૂપિયા ૫૪૦ કરોડની જોગવાઇ. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના અંદાજે ૧ હજાર વિદ્યાર્થીઓને રૂપિયા ૧૫ લાખ લોન આપવા માટે રૂપિયા ૧૫૨ કરોડની જોગવાઇ. ડો.આંબેડકર આવાસ યોજના, પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મકાન બાંધવા માટ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર લેખે સહાય આપવા માટે રૂપિયા ૨૪૩ કરોડની જોગવાઇ. કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના ૬૧ હજાર ૫૦૦ કન્યાઓને મામેરાં માટે સહાય આપવા માટે રૂપિયા ૭૪ કરોડની જોગવાઇ. સમાજમાં સામાજિક સમરસતા જળવાઇ રહે તે માટે શરૂ કરવામાં આવેલ ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં ૮૦૦ યુગલોને યુગલદીઠ રૂપિયા ૨ લાખ ૫૦ હજારની સહાય આપવા માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ. માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ જેવા નિગમોને વિવિધ યોજનાઓના સીધા ધિરાણ માટે રાજ્ય સરકાર ફંડમાંથી લોન સહાય આપવા માટે રૂ.૮૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સમાજ સુરક્ષા પ્રભાગ પર ધ્યાન આપીએ તો સમૃદ્ધ રાષ્ટ્ર નિર્માણ માટે દિવ્યાંગોને મુખ્ય ધારામાં આગળ લાવવા અને તેમને સમજવા તેમજ તેમના પ્રત્યે લોકોના દ્દષ્ટિકોણને બદલવાના ઉમદા હેતુથી અમારી સરકાર સતત પ્રગતિશીલ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકારનું સમાજ સુરક્ષા ખાતું સમાજના નબળા વર્ગના લોકોને તથા દિવ્યાંગજનોના કલ્યાણ તથા પુન:સ્થાપન અર્થે કાર્યરત છે. નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૨૧૭૮ કરોડ ૩૯ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભે હું બે દિવ્યાંગ વ્યક્તિઓની ચર્ચા કરવા માગું છું. તા.૩/૨/૨૦૨૪ના રોજ રાજકોટ જિલ્લાના પડધરી ખાતે દિવ્યાંગજનોને સાધન સહાય આપવાના કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં આપણા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઇ, વિભાગના અધિકારીઓ અને કલેક્ટરશ્રીની હાજરીમાં સાધન સહાયનું વિતરણ કર્યું હતું. એ કાર્યક્રમમાં મેં દિવ્યાંગ એટલે શું એના પર ચર્ચા કરી હતી. દિવ્યાંગ નામ કોણે આપ્યું? મેં વાત કરી કે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ દિવ્યાંગ નામ એટલા માટે આપ્યું છે કે જ્યારે પણ ઇશ્વરે કોઇ વ્યક્તિને કાંઇ પણ ખામી આપી હોય તો એ ખામીની સામે બીજી અનેક શક્તિઓ આપેલી હોય છે. મારી આ વાત એ સમયે ત્યાં પુરવાર થઇ રહી હતી. મેં મારા પ્રવચનમાં જુદી–જુદી દિવ્યાંગતા વિશેની વાત કરી. ત્યારપછી અમે બધાં દિવ્યાંગોને મળવા ગયા. એ સમયે ત્યાં એક બહેન હતા જે પોતે અંધ હતા. બિલકુલ દેખી શકતા ન હતા. જ્યારે મેં દિવ્યાંગો ખૂબ સારા ગીત પણ ગાઇ શકતા હોય છે

એવી વાત કરી ત્યારે તેઓ રડી પણ પડ્યા અને એમણે કહ્યું કે મારે પણ આ અવસરે એક ગીત ગાવું છે. પોતે બિલકુલ જોઇ નથી શકતા, અભણ પણ છે અને ખૂબ સારા ગીતો ગાઇને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. ત્યારે મને લાગ્યું કે દિવ્યાંગને પણ ઇશ્વરે કેટલી શક્તિ આપેલી હોય છે. સાથે–સાથે એક બીજા બહેન પણ હતા. તેઓ પોતે બિલકુલ સ્વસ્થ હતા પણ અચાનક જ એક એક્સિડન્ટમાં તેમણે પોતાના પગ ગુમાવ્યા હતા. એના કારણે તેઓ બીજું કાંઇ કામ કરી શકતાં નહોતાં. આ બંને બહેનો સરકારશ્રીનો ખૂબ આભાર માની રહ્યા હતા અને કહેતા હતા કે ગુજરાત સરકાર તરફથી સંત સુરદાસ યોજના હેઠળ તેઓને પ્રતિમાસ રૂ.૧૦૦૦/– માસિક પેન્શન મળે છે. જે તેમના જીવનનિર્વાહ માટે ખૂબ જ ઉપયોગી છે. ત્યારે ખૂબ જ લાગણીસભર વાતાવરણ ઊભું થયું હતું અને એ બહેનોએ સરકારનો ખૂબ જ આભાર પણ માન્યો હતો. બૌદ્ધિક અસમર્થતા ધરાવતા વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૫૦ ટકા કરેલ છે. આ યોજના અંતર્ગત ૭૦,૦૦૦ મનોદિવ્યાંગોને લાભ આપવા માટે કુલ રૂ.૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ ૧,૪૦૦ લાભાર્થીઓને લાભ આપવા માટે રૂ.૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. દિવ્યાંગોને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજનામાં કુલ રૂ.૩,૬૮,૧૩૯ લાભાર્થીઓ માટે રૂ.૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પાલક માતા–પિતા યોજનામાં વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૭૪ કરોડની જોગવાઇ કરવામાં આવી. જેમાં કુલ ૨૦,૫૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવશે. જ્યારે આ પાલક માતા–પિતા યોજનાના લાભાર્થીઓની વાત આવે છે ત્યારે આ યોજના અંતર્ગત દીકરીઓના લગ્નપ્રસંગે સરકાર દ્વારા ગયા વખતથી રૂ.બે લાખની સહાય આપવામાં આવે છે. અમે એવું નક્કી કર્યું કે આ એક વર્ષમાં જેટલી દીકરીઓને આ લાભ મળ્યો છે તે તમામ દીકરીઓને એક જ પ્લેટફૉર્મ ઉપર ભેગા કરીએ અને બધી દીકરીઓને તેમના પતિ અને પરિવાર સાથે મળવાનું થયું ત્યારે વાત થઇ કે જ્યારે દીકરી પીયરમાં આવી હોય તો ખાલી હાથે કેમ વળાવીએ? ત્યારે એક જ પ્લેટફૉર્મ ઉપરથી આ તમામ ૮૩ દીકરીઓને રૂ.બે લાખની સહાય ડી.બી.ટી.ના માધ્યમથી ચૂકવવામાં આવી અને દીકરીઓ ખૂબ ખુશ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લા એક વર્ષની મારા વિભાગની નોંધપાત્ર કામગીરીની ચર્ચા કરવા માગું છું ત્યારે અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને સમાજ સુરક્ષાની વિવિધ યોજનાઓનું એક જ પ્લૅટફૉર્મ પરથી મોટી સંખ્યામાં સહાય વિતરણ ત્રણ તબક્કાઓમાં કરવામાં આવ્યું. પ્રથમ તબક્કામાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ જિલ્લાઓના ચાર લાખથી પણ વધુ લાભાર્થીઓને રૂ.૧૪૬ કરોડની સીધી સહાય ૧૦ જ મિનિટમાં તેના ખાતામાં જમા થઇ જાય તે પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું. બીજા તબક્કામાં ગાંધીનગર અને ઉત્તર–મધ્ય ગુજરાતના નવ જિલ્લામાં ચાર લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૨૨૭ કરોડથી વધુ સહાય આપવામાં આવી. આ જ રીતે અંતિમ તબક્કામાં મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૧૨ જિલ્લાઓમાં લગભગ પાંચ લાખ ૮૭ હજારથી વધુ લાભાર્થીઓને રૂ.૩૪૭ કરોડથી વધુ રકમની સહાય ચૂકવવામાં આવી. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની એક અનોખી પહેલ વિશે પણ હું ચર્ચા કરવા માગું છું. સરકારની જે જુદી જુદી યોજનાઓના લાભ માટે લાભાર્થીઓ ફૉર્મ ભરતાં હોય પછી લાભાર્થીઓને મેસેજ જતો હોય કે ડ્રોના માધ્યમથી તમને આ યોજનાનો લાભ મળી ચૂક્યો છે ત્યારે મનમાં એવો વિચાર આવ્યો કે આ યોજનાના લાભ માટે સીધા કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરીએ, યુ ટ્યૂબ લાઇવ પ્રસારણ કરીએ અને જ્યારે હું મારા વિભાગની આ યોજનાઓનો ડ્રો કરતી હોય ત્યારે રાજ્યકક્ષાના મંત્રીશ્રી, વિભાગના સૌ અધિકારીઓ સાથે બેસીને જે તે જિલ્લાના લાભાર્થી સાથે લાઇવ કોન્ટેક્ટ કરીને ત્યારે જ કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરીએ અને તરત જ લિસ્ટ આવી જાય કે કેટલા લોકોને લાભ મળ્યો છે અને તરત દેખાઇ આવે કે કેટલો પારદર્શક વહીવટ થઇ રહ્યો છે. તેની યુ ટ્યૂબ લિંક બનાવીએ એટલે જ્યારે પણ યુ ટ્યૂબ લિંક જુએ ત્યારે ખ્યાલ આવે કે કેટલો પારદર્શક વહીવટ થયો છે. જ્યારે હું શરૂઆતમાં મંત્રી બની ત્યારે અનેક લોકોના મને ફોન આવે કે, બેન, અમે રીક્ષાનું ફૉર્મ ભર્યું છે અમને રીક્ષા મળી જાય તેવું કંઇક કરો ને. બેન, મેં ટ્રેક્ટરનું ફોર્મ ભર્યું છે મને ટ્રેક્ટર મળી જાય તેવું કંઇક કરો ને પરંતુ જ્યારથી આ કમ્પ્યુટરાઇઝ ડ્રો કર્યો ત્યારથી એક પણ ફોન આવતો નથી. કારણ કે બધાને ખબર પડી ગઇ કે સંપૂર્ણ પારદર્શકતાથી લોકોને ન્યાય મળી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની વિદેશ અભ્યાસ લોન અગાઉ જે ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવતી તે હવે એકી સાથે ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૩–૨૪માં ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, ઉના, મહુવા, ભાવનગર, લુણાવા, પોરબંદર અને બોટાદ ખાતે સરકારી છાત્રાલયનું લોકાર્પણ કરીને વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મૂકવામાં આવેલ છે તેમજ કડી, પાલનપુર અને ખમીસણા ખાતે આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કામગીરી પર નજર કરશો તો અવશ્ય જોઇ શકશો કે લોકોને સન્માનનીય જિંદગી આપવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સતત પરિશ્રમ કરી રહ્યું છે. હવે જ્યારે સંકલ્પ ભૂમિની વાત આવે છે એટલે મારે ખાસ ચર્ચા કરવાની છે. આ સંકલ્પ ભૂમિ વિશે જે લોકો બોલી રહ્યા છે અને જેણે આ દેશમાં સૌથી વધારે શાસન કર્યું એમણે સંકલ્પ ભૂમિ બનાવવાનું કેમ નક્કી ના કર્યું? ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં અમારી સરકાર દ્વારા ગુજરાતમાં આંબેડકર ભવન અને સંકલ્પ ભૂમિ સ્મારક બનાવ્યા. તેનો હેતુ સમાજના દરેક વર્ગનો સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિકાસ થાય એ માટેનો છે. હું સંકલ્પ ભૂમિ સ્મારક, વડોદરા વિશે વાત કરું તો, ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા કરવામાં આવેલ સંકલ્પ, 'જે સમાજમાં હું જન્મ્યો છું તે સમાજ ઉપરના અમાનવીય અન્યાયો, ધૃણાજનક, ગુલામીયુક્ત અત્યાચારો હું દૂર કરીને જ જંપીશ'. વડોદરાના કમાટીબાગમાં ઘટાદાર વૃક્ષની નીચે ડૉ. બાબાસાહેબ આંબેડકરે મુંબઇ જવા માટે ટ્રેનની રાહ જોતાં સમયે

આ સંકલ્પ કર્યો હતો. આ સંકલ્પને સિદ્ધ કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આ ડ્રીમ પ્રોજેક્ટ છે. વડોદરાના કમાટીબાગમાં ઘટાદાર વૃક્ષ નીચે જે સંકલ્પ કર્યો હતો તે જગ્યાએ સંકલ્પ ભૂમિ સ્મારકનું કામ પ્રગતિમાં છે. આ બાબતે હું વધુમાં જણાવીશ કે, આ માટે રૂ. ૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામગીરીમાં વધુ નાણાકીય જરૂરિયાત ઊભી થતાં રૂ. ૪ કરોડ ૫૩ લાખ મંજૂર કરવામાં આવ્યા છે અને કુલ મળીને રૂ. ૧૬ કરોડ ૫૩ લાખના ખર્ચે આ સ્મારક ઊભું થશે. ખૂબ જ ટૂંક સમયમાં આપણે એનું ઉદ્‌ઘાટન પણ કરીશું. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે છેલ્લાં પાંચ વર્ષમાં હાંસલ કરેલ મહત્ત્વની સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરું તો, અનુસૂચિત જાતિ કલ્યાણના પ્રભાગ હેઠળ સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના પૂર્વ એસ.એસ.સી. માં અભ્યાસ કરતાં બાળકોને મુની મેતરાજ શિષ્યવૃત્તિ યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૩૨૦ કરોડ ૬૦ લાખનો ખર્ચ કરી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે. ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં રૂ. ૨૮૪ કરોડ ૯૫ લાખનો ખર્ચ કરી ૧૯૦૪ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોન આપવામાં આવેલ છે. કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૪૫ કરોડ ૮ લાખનો ખર્ચ કરી ૪૨,૦૫૧ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે. વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ જુદી–જુદી ૧૬ યોજનાઓને બલ્ક કરી પી.એમ. યશસ્વી યોજના બનાવવામાં આવી. આ યોજના અંતર્ગત પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ ધોરણ–૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને રૂ.૭૫૦/–થી રૂ. ૧૫૦૦/–ના બદલે હવે રૂ. ૪૦૦૦/–ની માતબર રકમ ચૂકવવામાં આવે છે તેમજ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ ધોરણ–૧૧થી લઇને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને રૂ.૧૫૦૦/–થી રૂ.૧૪૦૦૦/–ના બદલે રૂ.૫૦૦૦/–થી રૂ.૨૦,૦૦૦/– સુધીની સહાય ચૂકવવામાં આવે છે. આજે સમગ્ર દેશમાં આ યોજનાનું અમલીકરણ ફક્ત ગુજરાતમાં કરીને લાખો વિદ્યાર્થીઓને લાભ પહોંચાડવામાં ગુજરાત રાજ્ય સૌથી મોખરે રાજ્ય બન્યું છે. છેલ્લાં બે વર્ષમાં પી. એમ. યશસ્વી યોજના અંતર્ગત ધોરણ–૯થી ૧૦ અને પોસ્ટ મેટ્રિકમાં અભ્યાસ કરતાં અંદાજે ૧૧ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૫૬૨ કરોડ ૭૦ લાખની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે પછાત, લઘુમતી અને વિચરતી વિમુક્ત જાતિઓના ધોરણ–૧થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને છેલ્લાં પાંચ વર્ષમાં રૂ. ૧૧૨૮ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ અને વિચરતી વિમુક્ત જાતિઓના ૯૨૦૦૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂ.૬૯૨ કરોડ ૧૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ સંત સુરદાસ યોજનામાં છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૨૬,૯૯૫ લાભાર્થીઓને રૂ. ૧૩૫ કરોડ ૩૬ લાખની સહાય ચૂકવવામાં આવી છે. પાલક માતા–પિતા યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૧૯૧૧૮ લાભાર્થીઓને રૂ.૨૮૫ કરોડ ૬૮ લાખની સહાય ચૂકવવામાં આવી. નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગજનોના કલ્યાણ માટે નિરાધાર વૃદ્ધ સહાય યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૧,૪૮,૮૧૭ લાભાર્થીઓને રૂ.૫૭૨ કરોડ ૨૪ લાખની સહાય ચૂકવવામાં આવી. સમાજના દરેક વર્ગની જરૂરિયાત પ્રમાણે જરૂરી વહીવટી તંત્રની કક્ષા થકી કલ્યાણકારી યોજનાઓનો અમલ કરીને સર્વોદયના સંકલ્પ દ્વારા દરેકનો વિકાસ સુનિશ્ચિત થાય તે દિશામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કામ કરી રહી છે. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારે કહેવું છે કે માત્ર વાતો જ નહીં, પરંતુ અમારી સરકારે કરી બતાવ્યું છે અને જે આપ સૌની સમક્ષ છે કે છેલ્લાં દસ વર્ષમાં વંચિતો માટે અમારા વિભાગ તરફથી વર્ષ ૨૦૧૪–૧૫માં અંદાજે રૂ.૩૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેમાં ઉત્તરોત્તર રૂ.૭,૮૨૫ કરોડનો વધારો થઇ આજે વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૧૧,૫૨૪ કરોડ થયા છે. અમારી સરકારે સમાજના વંચિતોની સેવા કરવાના સંકલ્પને વધુ દઢ બનાવ્યો છે. સૌના અથાગ પ્રયાસ અને યોગ્ય અમલીકરણના લીધે આજે વંચિતોના વિકાસના ઉત્તમ પરિણામો આપણે મેળવી શક્યા છીએ.

**"देश का मन बन चुका है, यह नया भारत विकसित भारत**

**संकल्प के साथ चल पडा है। चलो चल पडें, देश अब चल पडा है।"**

આજે સમગ્ર વિશ્વ ભારત તરફ આશાથી જોઇ રહ્યું છે. આજે ભારતીય જનમાનસમાં વિકાસની, વિશ્વાસની, વિજયની અને ભારતીય અસ્મિતાની જ્યોત પ્રગટ થઇ છે. સમતા, સમાનતા, સમરસતા અને સંવાદને આપણા જીવનમાં જેઓએ યથાર્થ કર્યા છે એવા બંધારણના હાર્દ સમા ડૉ. બાબા સાહેબ આંબેડકરને હું વંદન કરું છું. આ દેશના વડાપ્રધાન જયારે પ્રથમ વખત (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હજી આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, થોડો વધારે સમય આપવો પડશે. કારણ કે, હજી મહિલા અને બાળ વિકાસ વિભાગ બાકી છે.

અધ્યક્ષશ્રી : પછી બધા સભ્યશ્રીઓના ભોજનનો સમય થાય છે. માનનીય મંત્રીશ્રી, આપ જરા ઝડપથી પૂરું કરો.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના માનનીય વડાપ્રધાનશ્રી જયારે પ્રથમ વખત સંસદમાં પ્રવેશ કરે છે અને પોતાની વાત કરે છે ત્યારે કહે છે કે મારી સંપૂર્ણ સરકાર બંધારણને આધીન રહેશે અને મારી સરકારમાં બંધારણને આધીન દરેક લોકોને ન્યાય મળશે. એ જ પ્રમાણે ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે ત્યારે સામજિક

ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરી તેમજ મેળવેલ સિદ્ધિઓને ધ્યાને લઇ મૂકવામાં આવેલ માગણીઓને સર્વાનુમતે બધા સભ્યશ્રીઓ મંજૂર કરે એવી હું સભાગૃહને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના મહિલા અને બાળ વિકાસ વિભાગની અંદાજપત્રમાં કુલ રૂ. ૬૮૮૪ કરોડ અને ૯૩ લાખની સૂચિત જોગવાઇ સમાવિષ્ટ કુલ ચાર માગણીઓ રજૂ કરવામાં આવી છે. આજે હું આનંદ સાથે કહીશ કે સમાજના લગભગ તમામ વર્ગ કે જેઓનો ખરેખર વિકાસ કરવાનો છે અને સશક્ત કરવાના છે, તેવા વર્ગના વિકાસનો કાર્યભાર મને સોંપ્યો છે. તેથી હું સંવિધાનની મર્યાદામાં રાજ્યની અને રાષ્ટ્રની સેવા કરી શકું છું. આ દેશના માનનીય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા, દેશના વડાપ્રધાન બન્યા અને એ પહેલા તેઓ જાહેર જીવનમાં આવ્યા અને રાજનીતિમાં પ્રવેશ કર્યો ત્યારથી જ માતૃશકિતની હંમેશા ચિંતા કરી છે. તેઓએ હંમેશા કહ્યું છે કે મહિલા સશક્તિકરણ સરકારનું કેન્દ્રબિંદુ હોવું જોઇએ, જેનાથી દેશ કે પ્રદેશ વિકસિત થશે. સ્ત્રીઓમાં કૌશલ્યની ક્યારેય કમી હોતી નથી. પરંતુ હવે આ કૌશલ્ય તેની અને તેના પરિવારની તાકાત વધારી રહી છે. આજે મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા નાના અને લઘુ ઉદ્યોગની સ્થાપના કરી અનેક પરિવારો સુખી થયા છે. સર્જનહાર દરેક જગ્યાએ પહોંચી શકવા માટે સક્ષમ નથી. એટલે જે એમણે સ્ત્રીનું સર્જન કર્યું છે. આ સમગ્ર સૃષ્ટિમાં ભગવાન પછી જો કોઇનું અનન્ય સ્થાન હોય તો તે સ્ત્રીનું સ્થાન છે. સ્ત્રી હોવું એટલે સૃષ્ટિના સર્જનનું એક અભિન્ન અંગ હોવું, સ્ત્રી હોવું એટલે ઘરનું અજવાળું હોવું. સ્ત્રી હોવું એટલે અગણિત નિરાશાઓ વચ્ચે અખૂટ વિશ્વાસનું બળ હોવું. સ્ત્રી હોવું એટલે મમતા સ્નેહ અને ત્યાગનો ત્રિવેણી સંગમ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે નારીપણાની ગરિમા સાથે હું કહું છું કે વૈશ્વિક નેતા તરીકે જેમની છબી ઉભરી આવી છે તેવા આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને તેમની સરકારે સંસદમાં અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનું બિલ પસાર કર્યું છે. તે ભારતીય મહિલાઓના ભાવિ વિકાસમાં માઇલસ્ટોન સમાન છે. દીર્ઘદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સમગ્ર દેશમાં શરુ કરેલ રાષ્ટ્રીય પોષણ અભિયાનના પવિત્ર કાર્યમાં અમારી સરકાર સતત ને સતત આ દિશામાં પ્રયત્નશીલ છે. જન્મથી ૬ વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર પૂરો પાડવા માટે 'સહી પોષણ દેશ રોશન' ના આહવાનને ચરિતાર્થ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક પોષણ યોજના અંતર્ગત ૩થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો તથા ભોજન મળી રહે તથા બાળકો અને સગર્ભા ધાત્રી માતાઓને ટેઇક હોમ રાશન પૂરું પાડવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂપિયા ૮૭૮ કરોડ ૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ખૂબ પ્રચલિત એવી મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજના ૧૦૦૦ દિવસ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં પ્રથમ વખત સગર્ભા અવસ્થાથી નોંધાયેલી જે પ્રેગનેન્ટ લેડી હોય છે, તેને પ્રથમ બાળકના જન્મથી બે વર્ષ સુધી માતાઓને દર માસે એક્સ્ટ્રા રો રાશન આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રૂપિયા ૩૨૨ કરોડ ૪૦ લાખની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે. પૂર્ણા યોજના હેઠળ રાજ્યની ૧૫થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને પોષણ સેવામાં વિનામૂલ્યે માસિક પૂર્ણા શક્તિ ૪ પેકેટ આપવામાં આવે છે. આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનોની ભરતી. હાલ રાજ્યની ૧૭૯૭ મીની આંગણવાડી કેન્દ્રને મેઇન આંગણવાડીમાં ફેરવતા ૧૭૯૭ તેડાગર બહેનોની સંખ્યામાં વધારો થયો હોવાથી આંગણવાડી કાર્યકર અને તેડાગરની અંદાજિત કુલ ૧૦ હજાર જગ્યાઓની જાહેરાત બહાર પડી છે અને ટૂંક સમયમાં એમને નિમણૂકપત્ર પણ આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રધાનમંત્રી જનવન યોજના, આદિમ જનજાતિ, આદિવાસી ન્યાય મહા અભિયાન કાર્યક્રમ અંતર્ગત વિશેષ જનજાતીય ક્ષેત્રમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીના આદેશ અનુસાર ગુજરાત રાજ્યમાં તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વિવિધ વિભાગના માનનીય મંત્રીશ્રીઓ.. (સમય સૂચક ઘંટડી) સાહેબ, થોડો સમય લંબાવી આપો.

અધ્યક્ષશ્રી : સમય પૂરો થાય છે. કાં તો તમારે સમય વધારવો પડે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આજની માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : નિયત સમય ૧ વાગ્યા સુધીનો જ છે. તે પહેલા બધું પૂરું કરવું જ પડશે.

શ્રી શૈલેષ મ. પરમાર : સરકારશ્રી જે દરખાસ્ત લઇને આવેલ છે, તેમાં અમારો ટેકો નથી.

અધ્યક્ષશ્રીઃ નિયત સમય મર્યાદામાં પૂરું કરવાનું રાખીએ. આપ જરા પાંચ મિનિટમાં પૂરું કરી દો.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી,

''શબ્દ એક શોધો તો સંહિતા નીકળે.
કૂવો ખોદો ત્યાં આખી સરિતા નીકળે.
સાવ અલગ જ તાસીર છે આ ભૂમિની.
મહાભારત વાવો ને ગીતા નીકળે.''

એવી જ આ ધન્ય ધરા ગુર્જરી અને તેના ગૌરવશાળી સપૂત એવા આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયારે આ રાજયનું સુકાન સંભાળ્યું ત્યારે તરત જ મહિલા અને બાળ વિકાસ વિભાગ તરીકે આખો નવો વિભાગ બનાવ્યો અને મહિલા માટે જે છૂટાછવાયા કામોની જગ્યાએ સમગ્ર મહિલા અને બાળ કલ્યાણ વિભાગની સ્થાપના કરી.

''દીકરી મારા ઘરનો દિવો, અજવાળાની હેલ.
દીકરી એટલે રોજ દિવાળી, સુખની રેલમછેલ.''

આવી દીકરીઓના જન્મના વધામણા માટે અમારી સરકારે શરૂ કરેલ વ્હાલી દીકરી યોજના અમલમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા યોજના અંતર્ગત વિધવા બહેનોને મદદરૂપ થવા માટે આર્થિક સહાય પેટે માસિક રૂપિયા ૧૨૫૦ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૩૬૨ કરોડ ૬૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. છેલ્લાં ૧૧ વર્ષથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓ માટે કરેલ જોગવાઇઓની માહિતી દર્શાવતું જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવ્યું છે. આંગણવાડીના માળખાને વધુ સુદ્રઢ કરવા માટે ખૂટતી આંગણવાડીઓને નવી મોડયુલર ટેકનોલોજી દ્વારા નિર્માણ હયાત આંગણવાડીઓને આઇ.ટી. સિસ્ટમથી સુસજ્જ સ્માર્ટ આંગણવાડી બનાવવા માટે ૩ વર્ષમાં ૮ હજાર નવી આંગણવાડીનું નિર્માણ કરવામાં આવશે. મહિલાઓને સ્વરોજગારી માટે બેંકમાં લોન સહાય સબસિડી આપવા માટે રૂ. ૨ કરોડ ૬૩ લાખની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદાના કારણે મારા વિભાગના બધા વિષયની હું ચર્ચા નહીં કરી શકું, પરંતુ સન ૨૦૨૩ને આંતર રાષ્ટ્રીય મિલેટસ વર્ષ તરીકે જયારે આ દેશના વડાપ્રધાનશ્રીએ જાહેર કર્યું ત્યારે મારા વિભાગ હસ્તક આંગણવાડીના બહેનોના માધ્યમથી આંગણવાડીથી લઇને રાજય કક્ષા સુધી જુદી જુદી વાનગીઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. એ જ રીતે જે મારી માતા યશોદા બહેન આંગણવાડીની કાર્યકર હેલ્પર બહેન છે, જયારે હું આંગણવાડીની વિઝિટ કરવા જતી ત્યારે મને એમ થતું કે આ બહેનો માટે પણ એમના હેલ્થ ચેકઅપનો એક કાર્યક્રમ થવો જોઇએ અને એ પણ અમે કર્યો અને બહેનોના આરોગ્યની તપાસણીના કેમ્પ કર્યા અને દર વર્ષે આ રીતે આ પ્રકારે બહેનોના હેલ્થનું ચેકઅપ કરવું જોઇએ. જયારે સમગ્ર ગુજરાતમાં આ કાર્ય કર્યું તેમાં ૨૨ બહેનોને કેન્સરના રોગનું નિદાન કર્યું, જેમાં ૬ મોંઢાના, ૧૦ ગર્ભાશયના અને ૬ સ્તન કેન્સરનો સમાવેશ થયો. અત્યારે તમામ બહેનોની સારવાર ચાલુ છે. એ જ રીતે નારી સંરક્ષણ ગૃહમાં જે દીકરીઓ રહેતી હોય એ દીકરીઓ માટે ગયા વર્ષથી બજેટમાં રૂ.૧ લાખ અને ૫૦ હજાર એના લગ્ન સમયે આપવાની જાહેરાત કરી હતી ત્યારે હમણાં જ થોડા સમય પહેલાં ગોધરામાં અમારી નારી સંરક્ષણ ગૃહની દીકરીના લગ્ન હતા. આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે જયારે એ દીકરીના લગ્ન હતા ત્યારે અમારા વિભાગના કમિશનર, હું અને ત્યાંના સ્થાનિક ધારાસભ્યો બધા જ લગ્નમાં ગયા હતા. દીકરીને જે પ્રમાણે દાતાઓએ કરિયાવર આપ્યો હતો, અધિકારીઓએ કરિયાવર આપ્યો હતો, કદાચ આપણે ઘરઆંગણે દીકરીના લગ્ન કરીએને તો પણ એટલો કરિયાવર ના હોય અને ત્યારે માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર, માનનીય નિમિષાબેન, માનનીય સી.કે. રાઉલજી બધા જ ઉપસ્થિત હતા અને ખૂબ સરસ મજાના લાગણીસભર દશ્યો ઊભાં થયાં હતાં ત્યારે મને કહેવાનું મન થાય છે, દીકરીના લગ્ન એટલે નદીને પાનેતર પહેરાવવાનો અવસર. એક દીકરીના લગ્ન થયા હોય અને લગ્ન કરીને પગફેરાની રસમ માટે ઘરે જાય છે, પિયરમાં જાય છે અને પિયરથી પાછી વળતી હોય ત્યારે એમના પતિ એમને લેવા આવે છે અને પૂછે છે કે કંઇ ભૂલાયું તો નથીને ત્યારે દીકરીની આંખમાંથી દડ દડ આંસુ વહેલા લાગે છે, કારણ કે દીકરી કેટલું ભૂલીને આવી એ તો દીકરીને જ ખબર હોય છે ત્યારે એ સમયે આ તમામ લાગણીસભર દશ્યો ઊભાં થયાં હતાં. તમામ ધારાસભ્યશ્રીઓએ માગણી ઉપર જે ચર્ચા કરી છે તમામ લોકો આ માગણીને મંજૂર કરે એવી શુભ ભાવના સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : મને લાગ્યું કે જો લગ્ન ગીતોના ગાણા ગાવાનું ચાલુ થશેને, તો મારી સમયમર્યાદા પૂરી થશે. માનનીય મંત્રીશ્રીએ જે માગણીઓ મૂકી છે એમાં માનનીય સભ્યશ્રીઓને કહેવાનું કે મંત્રીશ્રીએ જવાબ આપવાનો નથી. સચિવશ્રીઓ આ વિષયની નોંધ કરે. આ માગણીઓ કોની કોની કયા માનનીય ધારાસભ્યશ્રીની છે તો એને પ્રાયોરિટીમાં લે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાળ આવાસ યોજનામાં ખેતરોની અંદર બાંધકામ માટેની સરકાર મંજૂરી આપે એવી મારી વિનંતી છે અને સરકારની જે યોજનાઓમાં સ્કોરનો નિયમ છે એ સ્કોરની જગ્યાએ જરૂરિયાતમંદ બધાને સહાય મળે એવી વ્યવસ્થા થાય એવી મારી સરકારને વિનંતી છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં અને ખાસ કરીને દરિયાઇ વિસ્તારમાં બક્ષીપંચનો વિસ્તાર છે ત્યાં જો સમરસ છાત્રાલય બનાવવામાં આવે તો લોકોને લાભ થાય.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગુજરાત હાઉસિંગ બોર્ડના ૧૫૦૦થી વધુ મકાન ગોરવા દશામાં તળાવની સામે બન્યાં છે, ત્યાં પણ જો આંગણવાડી બાંધવાની ગુજરાત હાઉસિંગ બોર્ડ મંજૂરી આપે તો બધા જ નાગરિકોને મોટો ફાયદો થાય એમ છે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, છાત્રાલયમાં નિયત કરેલ ટકાવારી પ્રમાણે એડમિશન આપતા હોય છે છતાં જગ્યા ખાલી હોય છે તો નીચી ટકાવારીથી છોકરાઓને એડમિશન મળે એવું કરવું જોઇએ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વૃદ્ધ સહાય પેન્શન યોજના હેઠળ બી.પી.એલ. કાર્ડ ધરાવતા ૬૦ વર્ષથી ઉપરના લોકોને પેન્શન આપવામાં આવે છે. બી.પી.એલ. કાર્ડ બહુ પહેલાના સમયથી નીકળેલા છે તો અત્યારે લાભાર્થી આપવા લાયક હોય તો એમને પણ પેન્શન આપવું જોઇએ એવી મારી રજૂઆત છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, જંબુસર મત વિસ્તારમાં એક પણ સમરસ હોસ્ટેલ નથી તો વિનંતી કરું છું કે એક હોસ્ટેલ મંજૂર કરો તો આ વિસ્તારમાં ખૂબ સારી એવી પ્રગતિ થઇ શકે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે મારો રાધનપુર વિસ્તાર છેવાડાનો વિસ્તાર છે, બોર્ડરનો વિસ્તાર છે. બક્ષીપંચની સંખ્યા વધારે છે. મેં ત્યાં બે માળનું કન્યા છાત્રાલય બિલ્ડિંગ તૈયાર કર્યું છે એમાં કન્યા છાત્રાલયની મંજૂરી આપે તો માનનીય મંત્રીશ્રી અને આપનો ખૂબ ખૂબ આભાર.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે કાલોલ અને ઘોઘંબા તાલુકો પછાત હોવાના કારણે બન્ને તાલુકામાં સમરસ છાત્રાલય આપવા વિનંતી છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ છેલ્લા બે વર્ષથી પાસ થઇ ગયું છે. પરંતુ ડિઝાઇનમાં કોઇ જગ્યાએ અટકેલું છે. તે બાબતે સત્વરે નિર્ણય થાય તો આખા ઉત્તર ગુજરાતને ખૂબ મોટો બેનિફિટ થઇ શકે એમ છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં આશ્રમશાળા છે એનું બાંધકામ સમયસર પૂર્ણ થયું પણ એનું કમ્પ્લીશન સર્ટીફિકેટ સબમિટ ન થયું એના કારણે નિભાવણી ગ્રાન્ટ બંધ થઇ છે તો એ ચાલુ થાય એવી વિનંતી છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, ઘણી વખત ટેકનિકલ અથવા સર્વરના ફોલ્ટના કારણે વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ મળતી નથી તો તે સમયસર મળે એ માટે વિનંતી છે.

**માગણી નં. ૯૨, ૯૫ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી : તમામ ધારાસભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓ, આજે ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડિયા દ્વારા ચોથા માળે આવેલ બેન્કવેટ હોલની અંદર ભોજન રાખવામાં આવેલ હોઇ, ભોજન માટે પધારવા તેમના દ્વારા નિમંત્રણ આપવામાં આવેલ છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨-૦૦ વાગ્યે બીજી બેઠક માટે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૨-૦૦ કલાકે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

***લીમખેડામાં જુના માઇનોર બ્રિજના સ્થાને નવીન હાઇલેવલ માઇનોર બ્રિજનું બાંધકામ કરવા***

*15/4/1794: શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર )લીમખેડા :(**માનનીય મુખ્યમંત્રીશ્રી**) માર્ગ અને મકાન (જણાવવા કૃપા કરશે કે.

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીમખેડા-ઉમરીયા-ધાનપુર-કંજેટા અપટુ બાઉન્ડ્રી કિ.મી .૦/૦ થી ૩૪/૨૦૦ પર હયાત જુના માઇનોર બ્રિજના સ્થાને નવીન હાઇલેવલ માઇનોર બ્રિજનું બાંધકામ કરવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ,અને | )૧( | હા,જી |
| )૨( | જો હા,તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે? | )૨( | રકમ રૂ.૨૮૫.૦૦ લાખ |

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીમખેડા-ઉમરીયા-ધાનપુર-કંજેટા અપટુ બાઉન્ડ્રી કિ.મી.૦/૦થી ૩૪/૨૦૦ પર હયાત જૂના માઈનોર બ્રિજના સ્થાને નવીન હાઈલેવલ માઈનોર બ્રિજનું બાંધકામ કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ? અને જો હા, તો ઉકત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાના જૂના પૂલોની મરામત માટે સરકારશ્રી દ્વારા મરામત માટે કુલ ૧૭ જોબ નંબર અને ૩૦ કામો હાથ પર લીધાં છે અને એમાં રૂ.૧૫.૧૨ કરોડ જેટલી રકમ આ પુલોની મરામત માટે આપેલ છે અને હાલ ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં છેલ્લાં ૮ વર્ષોમાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય અને પંચાયત હસ્તકના કેટલાં કામો, કેટલી રકમના હાથ ધરવામાં આવેલ છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની અધ્યક્ષતામાં ૩૩ જિલ્લામાંથી કોઇપણ જિલ્લો કે વિધાનસભા છૂટી ના જાય અને આખા રાજ્યનો સર્વાંગી વિકાસ થાય એના માટે આ સરકાર કામ કરી રહી છે એના માટે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન પાઠવીએ. સાથે સાથે દાહોદ જિલ્લામાં છેલ્લાં ૮ વર્ષોમાં હું કહું કે સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્ય હસ્તકના કુલ રૂ.૪૯૨.૪૫ કરોડનાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે. સાથે સાથે કુલ ૯૭ કામો માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના કુલ રૂ.૧,૦૪૪ કરોડના ૧,૬૬૪ કામો આમ દાહોદ જિલ્લામાં કુલ મળીને રૂ.૧૫૩૬.૪૬ કરોડનાં ૧,૭૬૧ કામો મંજૂર કરવામાં આવ્યાં છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બીજા જિલ્લાનો પ્રશ્ન છે પણ અગત્યનો પ્રશ્ન મારા જિલ્લાનો અને સોમનાથ વિધાનસભાનો છે તો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સોમનાથ જતા રસ્તા ઉપર સી.એચ.સી. હોસ્પિટલ આવેલી છે. મુખ્ય રસ્તા ઉપરથી અંદર ગલિયોમાંથી જવું પડતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી આપે પણ મુલાકાત લીધેલી છે. મુખ્ય રસ્તા ઉપરથી સિવિલ હોસ્પિટલે ૧૦૦થી ૧૫૦ મિટરનો પુલ બને તો કોઇ પણ સીધા બીમાર થતાં હોય, પૂરા વિશ્વમાંથી સોમનાથ દાદાના દર્શન કરવા માટે લોકો આવતા હોય છે ત્યારે સમયસર હોસ્પિટલે પહોંચાડી શકાય તો એ પુલ બનાવવા માગો છો કે કેમ? અને સોમનાથ વિધાનસભામાં રામપરા ગામ આવેલું છે ત્યાં પુલ બહુ નીચી હાલતમાં છે અને વરસાદ અતિશય આવતો હોય ત્યારે ગામનો સંપર્ક તૂટી જાય છે તો પુલ બનાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આપની પાસે જવાબ હોય તો આપજો. આ પ્રશ્નની અંદર પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, એમનો આભાર માનીશ કે એમણે સરકારશ્રીનું ધ્યાન દોર્યું છે. સરકાર ચોક્કસ એને જોવડાવી લેશે. માનનીય મુખ્યમંત્રીશ્રીની હરહંમેશ લાગણી રહી છે કે રાજ્યમાં કોઇ પણ જગ્યાએ હોસ્પિટલ જેવી અગત્યની બાબત હોય ત્યાં કામ ચોક્કસ જોવડાવી લઇશું. અધિકારીઓ બેઠાં છે અને જેમ બને તેમ જલ્દી નિરાકરણ લાવીશું.

**એફ.એસ.એલ.માં બ્રેઈન ઈલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ પધ્ધતિથી કેસો/નમુનાઓનું પૃથ્થકરણ બાબત**

***15/4/1489 પાયલ મનોજકુમાર કુકરાની** ) નરોડા : (**માનનીય મુખ્યમંત્રીશ્રી )ગૃહ(** જણાવવા કૃપા કરશે કે-:

## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં બ્રેઈન ઈલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ પધ્ધતિથી કેટલાં કેસો/નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે? | ૧૪ કેસના ૩૮ નમુનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

ડો. પાયલ મ. કુકરાની : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે પ્રશ્ન પૂછવા માગું છું કે, આપણા રાજ્યની એફ.એસ.એલ. લેબોરેટરીમાં બ્રેઈન ઈલેક્ટ્રિકલ ઓસીલેશન સિગ્નેચર પ્રોફાઈલિંગ ટેસ્ટ જેને અમે ડોક્ટર્સ બ્રેઈન ફિંગર પ્રિન્ટિંગ ટેસ્ટ પણ કહીએ છીએ તો આ ટેસ્ટની મદદથી ગુનો ઉકેલવામાં કેટલી મદદ ગૃહ વિભાગને મળી છે? તે જણાવવા વિનંતી છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે તપાસ સંસ્થા પાસે ગુનાના તપાસની એક એવા ત્રિભેટે હોય કે જ્યાંથી તપાસની દિશા નક્કી થઇ શકતી ન હોય ત્યારે B.E.O.S. એટલે કે બ્રેઈન ઈલેક્ટ્રિકલ ઓસીલેશન સિગ્નેચર ટેસ્ટ કરવામાં આવે છે. આ B.E.O.S. ટેસ્ટ કરવા માટે કોર્ટ ઓર્ડરની જરૂર હોય છે. એ જ રીતે આ નોનઇન્જેક્ટેબલ ટેસ્ટ છે. આમાં કોઇ પણ પ્રકારનું ઈન્જેકશન આપવામાં આવતું નથી. કોઇપણ પ્રકારની થર્ડ ડિગ્રીનો ઉપયોગ કરવામાં આવતો નથી. જેથી આ જે ટેસ્ટ છે એ મગજમાં સંગ્રહિત થયેલી ઘટના સબંધિત અનુભવ જ્ઞાન એટલે કે સ્મૃતિઓ રીકોલ થાય એ માટેનો ટેસ્ટ છે. આ ટેસ્ટ ગુનાઓનો ઘટનાક્રમ જાણવા માટે, ગુનેગારોનો રોલ, ગુનો આચરનાર મદદગાર સાક્ષી કે કાવતરામાં સામેલ છે કે કેમ આ જાણવા માટે આ ટેસ્ટનો ખાસ ઉપયોગ થાય છે.

અધ્યક્ષશ્રી : અહીંયા પણ એવું થઇ શકે? આ બધાને ભૂતકાળમાં આવું હતું અને આવું એ કહેવું જ ન પડે. બધી સ્મૃતિઓ તાજી થાય.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આના ૨-૩ મહત્ત્વના જે કેસો છે, આ ગુજરાતની આપણી એફ.એસ.એલ. દ્વારા માત્ર ગુજરાતના જ નહીં પરંતુ દેશના અનેક રાજ્યોના આ પ્રકારના કેસો સોલ્વ કરવામાં આ બી.ઇ.ઓ.એસ. પદ્ધતિનો ખૂબ મોટો ઉપયોગ થયો છે. હરિયાણા રાજ્યના ઉકલાણા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૭માં એક ૬ વર્ષની દીકરી જોડે જે દુષ્કર્મની ઘટના બની હતી. અનેક મહિનાઓ સુધી ત્યાંની પોલીસ દ્વારા એ કેસને ડીટેકટ કર્યા પછી પણ કયાંકને કયાંક મજબૂત ચાર્જશીટ બનાવવા માટે જે સબૂત જોઇએ એનો ઉકેલ આવતો નહોતો. બી.ઇ.ઓ.એસ. ટેસ્ટના માધ્યમથી આ વ્યક્તિના ગુનાની જે ક્રોનોલોજી હતી એ આખી આ પદ્ધતિના આધારે એણે કબૂલી અને એ ગુનેગારને ફાંસીની સજા અપાવવા માટે હરિયાણા પોલીસને સફળતા પ્રાપ્ત થઇ. એ જ રીતે ઝારખંડમાં, એ જ રીતે બીજાં અનેક રાજ્યોની અંદર બી.ઇ.ઓ.એસ. પદ્ધતિના જે ટેસ્ટ છે એનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને એના થકી ગુનેગારોને સજા અપાવવામાં અનેક રાજ્યોને સફળતા મળી છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબની જે આ પરિકલ્પના હતી કે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાતમાં સ્થપાય અને ત્યારે શ્રી નરેન્દ્રભાઇ જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ગુજરાતમાં આ લેબોરેટરી ચાલુ કરવામાં આવી અને સમગ્ર દેશમાં સૌથી અદ્યતન આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી હોય તો એ આપણા ગુજરાતમાં છે. આ તબક્કે હું આપણા ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે બી.ઇ.ઓ.એસ. ટેકનિક છે, એમાં કયા પ્રકારનાં સાધનો, કયા પ્રકારની ટેકનોલોજી વસાવવામાં આવી છે અને મારો બીજો પ્રશ્ન છે કે આ ટેકનોલોજીના માધ્યમથી કયા કયા કેસોનું પરિક્ષણ કરવામાં આવે છે ? આભાર.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને જેમ અગાઉના પ્રશ્નમાં જણાવ્યું તેમ આ ટેકનોલોજીનો માત્રને માત્ર ઉપયોગ એની સાઇકોલોજી, આ બી.ઇ.ઓ.એસ. પદ્ધતિનો ઉપયોગ કરીને ગુનાની ક્રોનોલોજી હતી એ જાણવા માટે મેઈન ઉપયોગ કરવામાં આવે છે. આના સિવાય આપણે ૬ પ્રકારના અલગ અલગ બીજા પણ ટેસ્ટ કરતા હોઇએ છીએ. જેમ કે પોલીગ્રાફ, નાર્કો એનાલીસીસ, સસ્પેકટ ડીટેકશન સિસ્ટમ, લેયર્ડ વોઇઝ એનાલીસીસ છે, આ જ બી.ઇ.ઓ.એસ. સિસ્ટમને સાઇકોલોજીકલ એસેસમેન્ટ સિસ્ટમ આ અલગ અલગ પ્રકારની પદ્ધતિનો આપણે અહીંયા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની અંદર ઉપયોગ કરતા હોઇએ છીએ. કુલ મળીને આ ૧૨ મહિનામાં એટલે કે તા.૧-૧-૨૦૨૩થી તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધી ૩૨૦ આ પ્રકારના ટેસ્ટ કરવામાં આવ્યા. જેમાં કુલ ૬૬૮ જેટલા આરોપીઓ ઉપર આ ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને મોટા ભાગના આરોપીઓની ચાર્જશીટ મજબૂત બનાવવામાં આ ટેસ્ટને મહત્ત્વના પુરાવા તરીકે ગણવામાં આવે છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા રાજ્ય સિવાયની અન્ય કઇ કઇ તપાસ એજન્સીઓને મદદ પૂરી પાડેલ છે? તેમજ કેન્દ્રીય તપાસ એજન્સીઓના કુલ કેટલા કેસોમાં ગુના ઉકેલવામાં મદદ કરી છે તેની વિગત જણાવશો ? આભાર.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી એ માત્ર પહેલા પણ મેં ગૃહને જણાવ્યું કે આ એફ.એસ.એલ. એ માત્ર ગુજરાતમાં બનેલા ગુનાઓ અને ગુનેગારોને જેલની સલાખો પાછળ પહોંચાડવા સિવાય પણ દેશભરની અનેક મહત્ત્વની એજન્સીઓને અને એ પુરાવાઓ ઉપર પણ એફ.એસ.એલ. દ્વારા ગુનેગારો ઉપર અલગ અલગ

પદ્ધતિથી ટેસ્ટ કરવા. તેમાં સૌથી સારી રીતે કોઇ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી કામગીરી કરતી હોય તો તે આપણા ગુજરાત રાજ્યની ગુજરાત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી છે. છેલ્લા એક વર્ષમાં સેન્ટ્રલની સી.બી.આઇ., રેલવે, ઇ.ડી., ડાયરેકટર રેવન્યુ ઇન્ટેલિજન્સ, નેશનલ ઇન્ટેલિજન્સ, સી.જી.એસ.ટી., એસ.જી.એસ.ટી., રાષ્ટ્રિયકૃત બેન્કસ, ઇન્કમ ટેક્સ, સ્ટેટ ટેક્સ અને ડી.જી.જી.આઇ. એટલે કે જી.એસ.ટી.નો ઇન્ટેલિજન્સ વિભાગ એમ કુલ મળીને સેન્ટ્રલ એજન્સીઝના ૧૩૨ કેસો અને ટોટલ ૧૬૧૫ નમૂનાઓની ચકાસણી આપણી એફ.એસ.એલ. દ્વારા કરવામાં આવી છે.

**ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ**

***15/4/1453 શ્રી યોગેન્દ્રસિંહ પરમાર )ઠાસરા : (માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (જણાવવા કૃપા કરશે કે-:**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, | )૧( | ૪૯૨૦ |
| )૨( | ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | )૨( | પત્રક-અ મુજબ |
| )૩( | આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે? | )૩( | અરજદારશ્રી ખેડૂત ખાતેદાર હોવાનું જણાતું ન હોય, ખેડા જિલ્લાના વસો તાલુકાની માત્ર એક અરજી નામંજૂર કરવામાં આવેલ છે . |

**પત્રક-અ**

| અનુ નં. | તાલુકાનું નામ | કુલ મળેલ અરજીઓ | મંજૂર | દફતરે | નામંજૂર |
|---|---|---|---|---|---|
| ૧ | કઠલાલ | ૬૦૦ | ૩૯૩ | ૨૦૭ | ૦ |
| ૨ | કપડવંજ | ૨૨૧ | ૧૩૫ | ૮૬ | ૦ |
| ૩ | ખેડા | ૧૦૨૩ | ૭૨૬ | ૨૯૭ | ૦ |
| ૪ | ગળતેશ્વર | ૧૧૭ | ૭૨ | ૪૫ | ૦ |
| ૫ | ઠાસરા | ૧૬૪ | ૧૦૫ | ૫૯ | ૦ |
| ૬ | નડીઆદ) શ( | ૩૦૫ | ૨૧૩ | ૯૨ | ૦ |
| ૭ | નડીઆદ) ગ્રા( | ૮૬૧ | ૪૬૯ | ૩૯૨ | ૦ |
| ૮ | મહુધા | ૧૦૬ | ૬૨ | ૪૪ | ૦ |
| ૯ | મહેમદાવાદ | ૬૭૮ | ૪૧૩ | ૨૬૫ | ૦ |
| ૧૦ | માતર | ૬૬૨ | ૪૩૫ | ૨૨૭ | ૦ |
| ૧૧ | વસો | ૧૮૩ | ૯૯ | ૮૩ | ૧ |
| | **કુલ** | **૪૯૨૦** | **૩૧૨૨** | **૧૭૯૭** | **૧** |

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બિનખેતી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ પૈકી કેટલી અરજીઓ દફતરે કરવામાં આવી છે અને આ અરજીઓ દફતરે કરવાનાં કારણો શું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારમાં બિનખેતી તરત થઇ જાય, કોઇપણ જાતની તકલીફ ન પડે તે માટે સરકારે તા.૧૨-૧૨-૨૦૧૮નો પરિપત્ર કરીને બિનખેતીની કાર્યપદ્ધતિ ઓનલાઇન કરવામાં આવી. આ પરિપત્ર થકી ઓનલાઇન અરજી, સ્વ-ઘોષણા પત્રક, પ્રક્રિયા ફી, પુરાવા ચકાસણીની કામગીરી, ઓનલાઇન પ્રક્રિયાનો અભિપ્રાય, મહેસૂલ ટાઇટલ ચકાસણી, ઓનલાઇન પેમેન્ટની જોગવાઇ આની અંદર કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે, ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બિનખેતી પરવાનગી મેળવવા બાબતે મળેલ ઓનલાઇન અરજીઓ ૪૯૨૦ હતી. આ અરજીઓ પૈકી ૧૭૯૭ અરજીઓ દફતરે કરવામાં આવી હતી. જે અરજીઓ દફતરે કરવામાં આવી હતી, તેમાં કોર્ટમાં રેવન્યુ કેસ તથા અન્ય દાવાઓ પડતર હોય તેવી અરજીઓ, અસલ અરજી તથા સ્વ-ઘોષણા પત્રક સમય મર્યાદામાં રજૂ કરેલ ન હોય તેવી અરજીઓ, નવી શરતની જમીન હોય પરંતુ બિનખેતી માટે અરજી કરી હોય તો પ્રીમિયમ વસૂલ લેવાનું થતું હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવી છે. અરજદાર મૂળ ખેડૂત ખાતેદાર હોવાની ખરાઇ થતી ન હોય તેવી અરજીઓ દફતરે કરવામાં આવી. ક્ષેત્રફળમાં વિસંગતતા હોય તેવી અરજીઓ દફતરે કરવામાં આવી છે. ગણોત ધારો

અધૂરો હોય તેવી અરજીઓ દફતરે કરવામાં આવી છે. અરજી થયા બાદ ઇ.ધારામાં કાચી નોંધ પ્રમાણિત નહીં થઇ હોવાથી અરજી દફતરે કરવામાં આવી. ગીરો વ્યવહાર પૂર્ણ થયેલ ન હોય તેવી અરજીઓ દફતરે કરવામાં આવી છે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બિનખેતી પરવાનગી માટે વસૂલવામાં આવતી પ્રોસેસ ફી કયા દરે વસૂલવામાં આવે છે તથા એકવાર દફતરે કરેલ બિનખેતી પરવાનગીથી અરજી પુનઃ કરવામાં આવે ત્યારે કેટલી પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અરજદારની બિનખેતીની અરજી જે કારણે દફતરે થઇ હોય તેની પૂર્તતા કરવાથી પુનઃઅરજી કરી શકાય છે. અરજી નામંજૂર થઇ હોય તો અરજદાર સચિવશ્રી સમક્ષ અપીલ કરી દાદ માગી શકે છે.

અધ્યક્ષશ્રી : કોઇ જવાબ બાકી રહે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બિનખેતીની અરજીમાં દર ચોરસફૂટે ૫૦ પૈસા પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે. એકવાર દફતરે કરેલી બિનખેતીની અરજી પુનઃ કરવામાં આવે તો દર ચોરસફૂટે માત્ર ૧૦ પૈસા પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે.

**ગીર સોમનાથ જિલ્લામાં 'ઈનસ્કૂલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

***15/4/1505 શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના)** : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને | )૧( | ૨૦૨૧ (બે હજાર એકવીસ) ખેલાડીઓ |
| )૨( | ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિધ્ધીઓ મેળવેલ છે? | )૨( | ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ ખેલમહાકુંભ અને એસ.જી.એફ.આઈ.ની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ મેળવેલ મેડલ્સની વિગત નીચે મુજબ છે: |

| **કક્ષા** | **ખેલમહાકુંભ** | **SGFI** |
|---|---|---|
| જિલ્લા કક્ષા | ૧૫૬ | ૨૨૩ |
| રાજ્ય કક્ષા | ૦૭ | ૧૧ |

- ૨૩(ત્રેવીસ) ખેલાડીઓએ DLSS યોજનામાં પ્રવેશ મેળવેલ છે.

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં રમત-ગમત ક્ષેત્રે કોઇએ રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ મેડલ મેળવેલ છે કે કેમ? જો હા, તો તેની વિગત જણાવવા કૃપા કરશો?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રત્યેક જિલ્લાઓમાં, દરેક તાલુકાઓમાં વર્ષ ૨૦૧૦થી ખેલ મહાકુંભના પ્રારંભ પછી દરેક તાલુકામાં કોઇકને કોઇક એવી કહાનીઓ મળશે કે ઇનસ્કૂલ, ખેલ મહાકુંભ, ડી.એલ.એસ.એસ. યોજના, સરકારની શક્તિદૂત યોજના આ બધી જ યોજનાઓ થકી ગુજરાતના તમામ તાલુકામાંથી કોઇકને કોઇક ખેલાડીને તાલુકાથી જિલ્લા, જિલ્લાથી રાજય, રાજયથી રાષ્ટ્રીય કક્ષા અને રાષ્ટ્રીયથી આંતર રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચવાનો અવસર પ્રાપ્ત થયો હોય. ગીર સોમનાથ એમાંનો જ એક જિલ્લો છે, ગીર સોમનાથ જિલ્લામાં તમામ પ્રકારની વ્યવસ્થાઓ રાજય સરકાર દ્વારા ઊભી કરવામાં આવી છે અને એ વ્યવસ્થાઓ થકી આજે ગીર સોમનાથ જિલ્લામાંથી અનેક ખેલાડીઓ આપણે રાજય કક્ષા, રાષ્ટ્રીય કક્ષા અને આંતર રાષ્ટ્રીય કક્ષા પર મેળવેલ છે. વર્ષ ૨૦૧૯માં ગુજરાતમાં એક ખૂબ નાની સંખ્યામાં રહેતો સમાજ એટલે કે સિદી સમાજ, વર્ષ ૨૦૧૯માં પ્રથમ સિદ્ધિ ટેલેન્ટ હંટનું આયોજન કરવામાં આવેલું જેમાંથી મુરાદ સિરમાનને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજનામાં પસંદ કરવામાં આવ્યો. આ નાની એવી ટેલેન્ટ હંટ કાર્યક્રમની અંદર વર્ષ ૨૦૧૯માં આ મુરાદ સિરમાનને શોધ્યા પછી એ ખેલાડીને કઇ રીતે તૈયાર કરવો? એકદમ રો(કાચો) હતો, સમાજ વચ્ચેથી શોધીને લાવીને ઇનસ્કૂલમાં દાખલ કર્યો અને ઇનસ્કૂલ પછી વર્ષ ૨૦૧૯માં જ તેમણે તાલુકા અને જિલ્લા સ્તરે ૮૦૦ મીટર ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો અને રાજય કક્ષાએ ખેલ મહાકુંભમાં ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો. વર્ષ ૨૦૨૧માં આ જ રીતે રાજય સરકારે એની પાછળ મહેનત કરી નડિયાદ ખાતેની યોજાયેલી સ્ટેટ યુથ નેશનલ ટ્રાયલમાં ૪૦૦ મીટર હર્ડલ્સમાં તેણે સૂવર્ણ ચંદ્રક મેળવ્યો સાથે નેશનલ યુથ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં ક્વોલિફાઇ થયો પરંતુ આ સ્પર્ધા કોવિડના કારણે એ વખતે રદ

થયેલી. આ જ ખેલાડી પાછળ રાજ્ય સરકાર દ્વારા મહેનત કરવામાં આવી અને વર્ષ ૨૦૨૨માં તેને નડિયાદ સ્ટેટ એકેડમીમાં શોર્ટલિસ્ટ કરવામાં આવેલો જ્યાં તેને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ સેન્ટર ઓફ એક્સેલન્ટ યોજનાની સુવિધા મળી રહી છે અને હાલ સપ્ટેમ્બર ૨૦૨૨માં તેને ૫૩.૮૩ સેકન્ડના સમય સાથે નેશનલ યુથ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ મેળવ્યો અને એશિયન યુથ એથ્લેટીક્સ માટે એ ક્વોલિફાઇ થયો. તેમને ૧૩ ઓક્ટોબર, ૨૦૨૨થી ૧૬ ઓક્ટોબર, વર્ષ ૨૦૨૨ દરમ્યાન કુવૈત ખાતે આયોજિત ૪થી એશિયન યુથ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું અને ૪૦૦ મીટર હર્ડલ્સ ઈવેન્ટમાં ૫૩.૩૪ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરીને ભારત દેશને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ ગુજરાતના સમાજોને ખૂબ સારી રીતે સમજો છો, જાણો છો, ભૌગોલિક પરિસ્થિતિ સમજો છો. એક નાના સમાજમાંથી આ પ્રકારે ખેલાડીઓ શોધવા અને એ ખેલાડીને બધી જ વ્યવસ્થાઓ આપવી અને આજે સિદી સમાજનો જે ખેલાડી ભારત દેશ માટે મેડલ લાવે છે, આપણો તિરંગો કુવૈત દેશમાં લહેરાવે છે એ આપણા સૌને માટે ગર્વની વાત છે. એ જ રીતે ત્યાં ગીર સોમનાથ જિલ્લામાં ચાલતી ઈનસ્કૂલ યોજનાઓમાંથી જે. જે. આર. વાળા માધ્યમિક શાળા છે ત્યાં કોડિનારની શાળામાંથી ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવેલ છે. ગીર સોમનાથમાંથી આપણને વોલીબોલના ખૂબ સારા ખેલાડીઓ મળેલા છે. બીચ વોલીબોલના ખૂબ સારા ખેલાડીઓ મળેલા છે. ૧૮ જેટલી બહેનો દ્વારા વિવિધ સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરવામાં આવેલ, જેમાં છેલ્લાં બે વર્ષમાં માત્ર ગીર સોમનાથ જિલ્લામાંથી કુલ ૫ જેટલા રાજ્ય કક્ષાના અને રાષ્ટ્રીય કક્ષાના મેડલ આપણે પ્રાપ્ત કર્યા છે એટલે ગીર સોમનાથ હોય કે ગુજરાતનો કોઇ પણ જિલ્લો હોય, કોઇ પણ તાલુકો હોય આ સિદી ભાઈની જેમ અનેક સમાજના અનેક ઉંમરના અને અનેક વર્ગના યુવાનો જેનું આખું જીવન બદલાઇ ગયું હોય એ પ્રકારે રાજયના રમત-ગમત વિભાગની જે યોજનાઓ છે એ યોજનાઓનો લાભ લઇને આ જ ખેલાડીઓને અમે સંપૂર્ણ રીતે ડેવલપ કરવા માટે કટિબદ્ધ છીએ.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગયા શનિવારે-રવિવારે જે મહા અધિવેશન થયું, તેમાં વિકસિત ભારતને ધ્યાનમાં લઇ અને જે સંકલ્પનો નિર્ણય લીધો કે આવનારાં વર્ષોમાં ઓલમ્પિકસની યજમાનગીરી ભારત કરવાનું છે અને તેના પછી ઓલમ્પિકસમાં ખેલાડીઓને મેડલ પણ ભારતના ખેલાડીઓને મળશે ત્યારે એ દિશામાં ખેલ મહાકુંભ એક અગત્યની ભૂમિકા ભજવશે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન છે કે, ગત ખેલ મહાકુંભમાં ગીર સોમનાથ જિલ્લામાંથી કેટલા ખેલાડીઓએ પંજીકરણ કરાવ્યું હતું અને કેટલા ખેલાડીઓએ ભાગ લીધો છે? અને ખેલ મહાકુંભ ૨.૦ જે છે તેમાં કેટલા ખેલાડીઓનું પંજીકરણ થયું છે અને ખેલ મહાકુંભ ૨.૦ની વિશિષ્ટતા શું છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથનું પ્રતિનિધિત્વ કરતા સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ગર્વ મહેસૂસ થશે કે ગત ખેલ મહાકુંભમાં ૧,૨૮,૫૫૯ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ વર્ષે ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાઇઝ ફોલોઅપ કરવાથી આ રજિસ્ટ્રેશન ૧,૩૩,૮૭૦ સુધી પહોંચ્યું છે. ખેલ મહાકુંભ વર્ષ-૨૦૧૦માં તેની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષ-૨૦૨૪માં સમય જે રીતે બદલાયો તે રીતે થોડી ઘણી નવી રમતો તેની અંદર જોડીને ગુજરાતના યુવાનોને વધુમાં વધુ લાભ થાય તે માટે આપણે પ્રયત્ન કર્યો અને ખેલ મહાકુંભ ૨.૦માં ચાર નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોઇ પણ ખેલાડી પહેલાં તે માત્ર એક જ રમતમાં ભાગ લઇ શકતો હતો પરંતુ હવે ખેલ મહાકુંભ ૨.૨માં તમામ ખેલાડીઓ જેને બે રમતમાં રૂચી હોય તે બે રમતમાં ભાગ લઇ શકશે. પહેલાં આખી રમત તેનું માત્ર એક મહિનાની અંદર આયોજન થતુ હતું તેથી કોઇ પણ ખેલાડી તે એક જ રમતમાં ભાગ લઇ શકતા હતા તેની અંદર અગર સ્કીલ હોય બીજી રમતમાં ભાગ લેવાની તો એ લઇ શકતો ન હતો. આપણે આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં આખા વર્ષ દરમિયાન દરેક રમતના અલગ અલગ શિડ્યુલ નક્કી થયા છે. ઈન્ડોર રમત હોય તો એ વરસાદના સમયે રાખી છે. ઠંડીમાં રમાતી રમતને ઠંડીના સમયમાં રાખી છે. જે રમતો ગરમીના સમયમાં રમી શકાય તો તેને ગરમીના સમયે રાખી છે. કુલ મળીને તે ખેલ મહાકુંભને આપણે સ્ટ્રેચ કરીને તમામ ખેલાડીઓ તે માત્ર રમવા પૂરતું નહીં પરંતુ ફોકસ આની અંદર કઇ રીતે ભાગ લઇ શકાય તે માટે રમત ગમત વિભાગે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં આ ખેલ મહાકુંભને આખા વર્ષ દરમિયાન ખેંચીને આની અંદર ઘણા બધા બદલાવ લાવ્યા છે. જે તે કક્ષાએ વિજેતા ખેલાડીઓને આપવામાં આવતી રોકડ પુરસ્કાર રકમને પણ વધારવામાં આવી. સૌ પ્રથમ વખત તાલુકા કક્ષાએ પણ વિજેતા જે ખેલાડીઓ છે તેમને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. પહેલાં જિલ્લા કક્ષાથી ચાલુ થતું હતું, પરંતુ યુવાનોને રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન પૂરું પાડવા માટે આપણે આ વખતે તાલુકા કક્ષાથી એ લોકોને ઇનામ આપીએ છીએ અને ઇનામ સંપૂર્ણ ડી.બી.ટી. મારફતે આપીએ છીએ. કોઇ પણ પ્રકારની રોકડ રકમ નહીં અપાય તે પ્રકારની વ્યવસ્થાઓ તમામ તાલુકાઓમાં ઊભી કરવામાં આવી. દિવ્યાંગ ખેલાડીઓ માટે, દુનિયામાં કદાચ આટલું મોટું રમતનું આયોજન કોઇ રાજયમાં થતું નહીં હોય. આ વર્ષે ગુજરાતમાં ૬૬ લાખ ખેલાડીઓ ખેલ મહાકુંભમાં ભાગ લેવાના છે. આ બહુ મોટો વિષય છે. અહીંયા પક્ષ-વિપક્ષ તમામના દીકરા-દીકરીઓ, ગમતું હોય કે ના ગમતું હોય તો પણ તેઓ ભાગ લેતા જ હશે કારણ કે આનાથી જ રાજયના યુવાનોનું આપણે ભવિષ્ય રમત ગમત ક્ષેત્રે ઉજ્જવળ કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પેશિયલ દિવ્યાંગ બાળકો માટે ખેલ મહાકુંભનું આખું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનની અંદર બધી જ વ્યવસ્થાઓ એ લોકોને સંપૂર્ણ સુવિધાઓ કઇ રીતે અપાય અને દિવ્યાંગ ખેલાડીઓ દેશભરમાં કોઇ રાજયમાં સૌથી વધારે મેડલ લાવ્યું તો એ આપણું ગુજરાત રાજય છે અને આ વર્ષે તો આપણે દિવ્યાંગ બાળકો માટે ખાસ કરીને

આ ખેલ મહાકુંભ ૨.૨ની અંદર એ લોકોની વ્યવસ્થાની અંદર ઘણો વધારો કરી રહ્યા છીએ અને મારી સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓને વિનંતી છે કે તમે પોતપોતાના તાલુકા સેન્ટર ઉપર, જિલ્લા સેન્ટર ઉપર જ્યાં ખેલ મહાકુંભનું આયોજન થતું હોય ત્યાં જરૂરથી જાવ અને જુઓ કે આપણા રાજ્યના, આપણા વિસ્તારનાં બાળકો કઇ રીતે તૈયાર થઇ રહ્યાં છે અને એમાં કાંઇ પણ ચૂક રહેતી હોય તો આપ અમને જરૂરથી કહેજો જેથી કરીને અમે હજી પણ સુવિધાઓ વધારી શકીએ.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઇન સ્કૂલ શાળાઓમાં ખેલાડીઓ તાલીમ લેતાં હોય છે પણ મારી ૯૦ વિધાનસભામાં વેરાવળ મથક આવ્યું છે. જે ગીર–સોમનાથ જિલ્લાનું મુખ્ય મથક છે. ત્યાં રમવા માટે મેદાન નથી. તો આપ મેદાન મંજૂર કરવા માગો છો કે નહિ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઇન સ્કૂલ યોજનાને સમજવી ખૂબ જરૂરી છે. ઇન સ્કૂલ યોજનામાં સામાજિક સંસ્થાઓ દ્વારા જે શાળાઓ ચલાવવામાં આવે છે કે જ્યાં રમત–ગમતના મેદાનની સુવિધાઓ હોય ત્યાં રાજ્ય સરકાર એને બીજી સુવિધાઓ વધારવા માટે ફંડ આપતી હોય છે. આ ઇન સ્કૂલ ટ્રેનિંગનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતો હોય છે. એ ખેલાડીઓને જે કોઇ રમતમાં રુચિ હોય એના માટે એને તૈયાર કરવામાં આવે છે અને જે ખેલાડી ઇન સ્કૂલમાં સારું પ્રદર્શન કરે તેને ડી.એલ.એસ.એસ. યોજનામાં શિફ્ટ કરતાં હોઇએ છીએ. ગીર–સોમનાથનાં અનેક બાળકો પણ આ ડી.એલ.એસ.એસ. યોજનાનો લાભ લે છે. એની સંપૂર્ણ વિગત હું આપને પત્રના માધ્યમથી આપીશ. તમને એમ લાગતું હોય કે આ સ્કૂલમાં મેદાન છે, વ્યવસ્થાઓ સારી છે, એમાં ઇનસ્કૂલ આપી શકાય એમ છે તો અમને સૂચન આપજો. અમે એમાં જે કાંઇ પગલાં લેવા જેવા હશે એ હકારાત્મક રીતે લઇશું.

**મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

***15/4/1446 શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી )વાંકાનેર : (માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | )૧( | ૧૩ )તેર( |
| )૨( | મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે? | )૨( | કુલ ક્ષે .હે .૧૪–૫૬–૨૦ ચો.મી . |

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ કેટલી દખાસ્ત મળી? અને તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં ક્યા ગામોના ગામતળ નીમ કરવામાં આવેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં જે લોકોને ઘર જોઇતા હોય અને આપણા ગુજરાત સરકારની સ્કીમમાં ગામતળ ના હોય તો એ લોકોને કેવી રીતે મફત ઘર આપી શકાય એ બાબતનું ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ–૧૮૭૯ની કલમ–૩૮ હેઠળ એની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતમાં કોઇ માણસ ઘર વગરનો ના રહે એના માટે અમારા ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ચિંતા કરતા હોય છે અને એના ભાગરૂપે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે ત્યારે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં ગામતળની ૧૯ અરજીઓ મળી છે. જે પૈકી ૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એમાં મોરબી જિલ્લાના ૮ ગામો છે. વાંકાનેરના ૧૧ ગામો છે. હળવદનું ૧ ગામ છે અને માળિયાનું ૧ ગામ છે. આ પ્રકારે ૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઉપર્યુક્ત દરખાસ્ત પૈકી દફતરે કરવામાં આવેલ દરખાસ્ત કયા કારણોસર દફતરે કરવામાં આવી? અને મારો બીજો પ્રશ્ન છે કે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લાના કેટલા અને કયા ગામોમાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો મળી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં સર્વે નંબર-૧૮૩ હેક્ટર–૧ ૦.૮૦૯૪ ચોરસ મીટર વાળી અરજી વહીવટી ક્ષતિના કારણે નીમની દરખાસ્ત દફતરે કરવામાં આવી હતી. મોડપુર તા. મોરબી, જિ. મોરબીના સર્વે નં.૭૪૧ પૈકી ૧ હેક્ટર–૦.૪૦૪૭ ચોરસ મીટરવાળી જમીન દબાણવાળી હોઇ, પેશકદમીની કાર્યવાહી મામલતદાર સમક્ષ ચાલુ હોવાથી તથા સામેવાળાની જગા ખુલ્લી ન હોવાથી દબાણ દૂર કર્યા બાદ નવેસરથી તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફતે અરજી કરવા જણાવેલ. હાલ અરજી દફતરે કરવામાં આવી છે. બરવાળા, તા. મોરબી, જિ. મોરબી સર્વે નં.૧૧૧ ક્ષેત્રફળ ૦–૧૮.૨૧ વાળી માગણીવાળી જમીન વાડાની જણાતી હોઇ, અરજી દફતરે કરવામાં આવી છે. વરસામેડી તા. માળિયા જિ.મોરબી સર્વે નં.૩૭૨ ૦ પૈકી ૮૦ ૯૪ ચોરસ મીટર વાળી ગૌચરની જમીન હોવાથી તેમજ લાભાર્થીઓના જૂના ગામતળ પ્રક્રિયાની જગા જણાતાં આ અરજી દફતરે કરવામાં આવી છે. રંગપુર તા. વાંકાનેર જિ. મોરબી સર્વે નં.૨૦૬ પૈકી ૨ ક્ષેત્રફળ–૧ એક હેક્ટર

ચોરસ જમીનવાળી માગણીવાળી જમીન સમતળ નથી અને માગણીવાળી જમીન જૂના ગામતળની અંદાજે ત્રણ કિ.મી.ના અંતરે આવેલી હોઇ, અરજી દફતરે કરવામાં આવી છે. તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ–૪ મોરબી, માળિયા, હળવદ અને વાંકાનેર તાલુકામાં ગામતળ નીમ કરવાની દરખાસ્ત મળી છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગામતળ નીમ કરવાની જોગવાઇઓ અને સક્ષમ અધિકારીઓની વર્તમાન સત્તામર્યાદા કેટલી છે? અને ગૌચર સદરની જમીન ગામતળ સદરે નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગામતળ નીમ કરવા અર્થે બોમ્બે જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ–૩૮ અન્વયે સત્તાઓ જિલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત થયેલી. વહીવટી કાર્યક્ષમતા ખાતર કલેક્ટરશ્રીઓ આ સત્તા પ્રાંત અધિકારીઓને તબદીલ કરી શકે તે ક્ષેત્ર સબંધિત સત્તામર્યાદા અંગેની સ્પષ્ટતા થયેલ નથી. ગામતળ વધારવા અંગેની દરખાસ્તો તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા જિલ્લા કલેક્ટરોને કરવામાં આવી છે. આવી દરખાસ્તો મળ્યા પછી તેની ચકાસણી કરી કલેક્ટરશ્રીઓ દ્વારા જમીન ગામતળ તરીકે નીમ કર્યા બાદ પંચાયતને સોંપણી થતી હોય છે. ગૌચરની જમીન ગામતળે નીમ કરવા બાબતે સરકારશ્રીએ પૂર્વની મંજૂરી આવશ્યક લેવાની હોય છે. બીજો જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં મહેસૂલ વિભાગના તા.૩૦/૦૬/૨૦૧૮ના ઠરાવની જોગવાઇ મુજબ ગામતળ નીમ કરવા અથવા અનિવાર્ય સંજોગોમાં જાહેર હિત માટે ગૌચરની જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચર ઘટી ન જાય અને ગૌચરના ધોરણો જળવાય રહે તે હેતુસર અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની જોગવાઇનો અમલ કરવામાં આવ્યો છે. આવા કિસ્સાઓમાં કિંમત તેમજ ૩૦ ટકા જંત્રીની કિંમત વસૂલ કરવામાં આવતી નથી.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગામડામાં ખેડૂતો ખળા અને વાડામાં માલ રાખતા નથી તે જમીન ગામના સારા હેતુ માટે કાયદેસર કરી અને ગામમાં વાડી કે રમતગમતનું મેદાન કરવા માગે છે કે નહીં?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જરૂર પડે તો નિયમોનુસાર આપણે કરતાં હોઇએ છીએ અને આવી સારી માંગણી હોય, ગૌચરની જમીન સારા હેતુ માટે વપરાતી હોય તો આપણે ગામતળની જમીન ગૌચરમાં સુપરત કરીને કરતાં હોઇએ છીએ.

**સુરેન્દ્રનગર જિલ્લામાં બિન ખેતી માટે મળેલ અરજીઓ**

***15/4/2127 શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા : (માનનીય મુખ્યમંત્રીશ્રી )મહેસૂલ( જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે ,અને | )૧( | કુલ –૨૨૯૨ |
| )૨( | ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામા આવી ? | )૨( | મંજૂર:૧૪૭૬<br>નામંજૂર:૩<br>દફતરે:૭૫૨<br>નિર્ણય બાકી:૬૧<br>તાલુકાવાર પત્રક સામેલ છે. |

| સુરેન્દ્રનગર જિલ્લામાં બિન ખેતી માટે મળેલ અરજીઓ બાબતે | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | આવેલ કૂલ અરજીઓ | મંજૂર | નામંજૂર | દફતરે | નિર્ણય પર બાકી |
| 1 | સુરેન્દ્રનગર શહેર | ૬૨ | ૪૪ | ૦ | ૧૩ | ૫ |
| 2 | વઢવાણ | ૨૧૯ | ૧૫૨ | ૦ | ૫૯ | ૮ |
| 3 | લખતર | ૧૧૨ | ૪૧ | ૦ | ૬૭ | ૪ |
| 4 | દસાડા | ૭૪૫ | ૫૫૧ | ૧ | ૧૮૪ | ૯ |
| 5 | ધાંગધ્રા | ૨૩૭ | ૧૭૨ | ૦ | ૬૩ | ૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | ચોટીલા | ૧૧૨ | ૭૬ | ૧ | ૩૩ | ૨ |
| 7 | થાનગઢ | ૮૫ | ૪૮ | ૦ | ૩૬ | ૧ |
| 8 | મુળી | ૨૧૨ | ૭૯ | ૦ | ૧૨૭ | ૬ |
| 9 | સાયલા | ૧૮૩ | ૧૦૨ | ૧ | ૭૬ | ૪ |
| 10 | લીંબડી | ૨૪૯ | ૧૬૩ | ૦ | ૬૬ | ૨૦ |
| 11 | ચુડા | ૭૬ | ૪૮ | ૦ | ૨૮ | ૦ |
| | કુલ | ૨૨૯૨ | ૧૪૭૬ | ૩ | ૭૫૨ | ૬૧ |

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બિન ખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા કેટલી છે?, સુરેન્દ્રનગર જિલ્લાની બિન ખેતી માટે મળેલ અરજીઓ પૈકી ૬૧ અરજીઓ બિન ખેતી નિર્ણયમાં બાકી છે તેના કારણો શું છે? અને એનું સ્ટેટસ શું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ટૅકનૉલૉજીના માધ્યમથી નાગરિકો કર્મચારીઓ સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે અને છેવાડાના માનવી સુધી સેવાઓ પહોંચે એ માટે વિવિધ મહેસૂલી સેવાઓ આઇ–પોર્ટલ દ્વારા ઓનલાઇન કરીને ઝડપી, સરળ અને પારદર્શક કરવામાં આવેલ છે. બિન ખેતીની સંબંધિત કાર્યપદ્ધતિ મહેસૂલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્રથી સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે. બિન ખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા ૯૦ દિવસની છે, પરંતુ સેન્ટ્રલ પી.એસ.ઓ. યુનિટ સચિવાલય, ગાંધીનગર દ્વારા અરજીની પૂર્વ ચકાસણી કરી અરજી હેઠળની વિગતો અને મહેસૂલ રેકોર્ડની ચકાસણી કરી નીચે દર્શાવેલ પદ્ધતિ મુજબ નિકાલ કરવામાં આવે છે. આ માટે આપણે  ગ્રીન ચેનલ બનાવી છે. ગ્રીન ચેનલના ક્રાઇટેરિયા મુજબ, ૧૦ દિવસમાં જ અરજીના સ્ટેટસનો ખ્યાલ આવી જાય છે, યેલો ચેનલમાં ૪૫ દિવસમાં ખ્યાલ આવી જાય છે અને રેડ ચેનલમાં ૯૦ દિવસમાં ખ્યાલ આવે છે. આ પ્રકારની વ્યવસ્થા ગુજરાતમાં છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બિન ખેતી પરવાનગીનાં નાણાં ભરપાઇ કરવાની જાણ થયા બાદ નાણાં કેટલી સમયમર્યાદામાં ભરપાઇ કરવાનાં રહે છે? અને પ્રોસેસ ફી કયા મોડમાં જમા કરાવી શકાય છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બિન ખેતી પરવાનગીના નાણાં ૫૦ દિવસની સમય મર્યાદામાં ભરવાનાં રહે છે. આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ડિજિટલ વ્યવસ્થાનો ઉપયોગ થાય અને એનો વધુમાં વધુ લોકો લાભ લઇ શકે એ માટે ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને નેટ બેંકિંગ દ્વારા નાણાં જમા કરાવવાની વ્યવસ્થા કરેલ છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : બિન ખેતી પરવાનગી અરજી સાથે અરજદાર દ્વારા કયા–કયા આધાર–પુરાવા જોડવાના રહે છે? અને બિન ખેતી પરવાનગી માટે કયા અધિકારીને મંજૂરી આપવાનો અધિકાર છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૯/૦૧/૨૦૧૯ના ઠરાવથી સી અને ડી કક્ષાની નગરપાલિકાઓ અથવા છેલ્લી વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં ત્રણ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો અને એક એકર સુધીની ક્ષેત્ર મર્યાદાની નિવાસી અધિકારી કલેક્ટરશ્રીને બિન ખેતી પરવાનગી આપવાની સત્તા સુપરત કરવામાં આવી છે. આ સિવાયના તમામ વિસ્તારોમાં કલેક્ટરશ્રીને આ સત્તા આપવામાં આવી છે. બિન ખેતીની પરવાનગીની અરજી સાથે અરજદારે નિયત નમૂનામાં અરજી સ્વ ઘોષણા પત્રકમાં જોડવાની હોય છે.

**બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ**

***15/4/1451 શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી )ડીસા :(માનનીય મુખ્યમંત્રીશ્રી )મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે–:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, | )૧( કુલ ૩૧૧૬ |

| | | | |
|---|---|---|---|
| )૨( | ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | )૨( | (કોષ્ટક નીચે) તાલુકાવાર જમીનની બિનખેતી માટેની મંજૂર/નામંજૂર અરજીઓ દર્શાવતું પત્રક સામેલ છે. |
| )૩( | આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે? | )૩( | ઉક્ત બિનખેતી અરજીઓ જમીનના ક્ષેત્રફળમાં વિસંગતતા, ખેડુત ખાતેદારની ખરાઇ ન થવી, જમીનના ટાઇટલને લગતા પ્રશ્નો, વિ .જેવા કારણોસર નામંજૂર કરવામાં આવેલ છે. |

| અરજીઓ | વર્ષ ૨૦૨૨ | વર્ષ ૨૦૨૩ |
|---|---|---|
| મંજૂર | ૭૧૭ | ૧૦૧૮ |
| નામંજૂર | ૧૮ | ૦૮ |

**તા .૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં મળેલ બિનખેતી પરવાનગીની અરજીઓની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ | તાલુકો | તા .૦૧/૦૧/૨૦૨૨ થી તા. ૩૧/૧૨/૨૦૨૨ | | | | તા .૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩ | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર | દફ્તરે | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર | દફ્તરે | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર | દફ્તરે |
| | | કુલ | | | | કુલ | | | | કુલ | | | |
| ૧ | પાલનપુર | ૩૦૪ | ૨૦૬ | ૫ | ૯૩ | ૫૨૩ | ૩૨૬ | ૧ | ૧૯૬ | ૮૨૭ | ૫૩૨ | ૬ | ૨૮૯ |
| ૨ | ડીસા | ૧૦૫ | ૫૬ | ૩ | ૪૬ | ૨૪૫ | ૧૨૧ | ૧ | ૧૨૩ | ૩૫૦ | ૧૭૭ | ૪ | ૧૬૯ |
| ૩ | વડગામ | ૧૨૧ | ૬૫ | ૦ | ૫૬ | ૧૯૪ | ૧૧૨ | ૩ | ૭૯ | ૩૧૫ | ૧૭૭ | ૩ | ૧૩૫ |
| ૪ | દાંતા | ૨૭ | ૧૨ | ૧ | ૧૪ | ૩૫ | ૧૪ | ૧ | ૨૦ | ૬૨ | ૨૬ | ૨ | ૩૪ |
| ૫ | અમીરગઢ | ૨૧ | ૧૦ | ૦ | ૧૧ | ૪૦ | ૧૯ | ૦ | ૨૧ | ૬૧ | ૨૯ | ૦ | ૩૨ |
| ૬ | દાંતીવાડા | ૫૭ | ૩૧ | ૦ | ૨૬ | ૫૬ | ૨૯ | ૦ | ૨૭ | ૧૧૩ | ૬૦ | ૦ | ૫૩ |
| ૭ | ધાનેરા | ૬૧ | ૪૩ | ૦ | ૧૮ | ૧૧૧ | ૬૪ | ૦ | ૪૭ | ૧૭૨ | ૧૦૭ | ૦ | ૬૫ |
| ૮ | લાખણી | ૧૯૮ | ૧૦૬ | ૧ | ૯૧ | ૧૪૮ | ૯૪ | ૦ | ૫૪ | ૩૪૬ | ૨૦૦ | ૧ | ૧૪૫ |
| ૯ | થરાદ | ૧૪૯ | ૮૨ | ૩ | ૬૪ | ૧૮૪ | ૧૧૪ | ૨ | ૬૮ | ૩૩૩ | ૧૯૬ | ૫ | ૧૩૨ |
| ૧૦ | કાંકરેજ | ૮૧ | ૩૫ | ૦ | ૪૬ | ૯૪ | ૩૩ | ૦ | ૬૧ | ૧૭૫ | ૬૮ | ૦ | ૧૦૭ |
| ૧૧ | વાવ | ૧૭ | ૮ | ૧ | ૮ | ૪૪ | ૨૧ | ૦ | ૨૩ | ૬૧ | ૨૯ | ૧ | ૩૧ |
| ૧૨ | દિયોદર | ૮૮ | ૪૦ | ૧ | ૪૭ | ૪૮ | ૩૧ | ૦ | ૧૭ | ૧૩૬ | ૭૧ | ૧ | ૬૪ |
| ૧૩ | ભાભર | ૪૯ | ૧૮ | ૩ | ૨૮ | ૬૧ | ૨૭ | ૦ | ૩૪ | ૧૧૦ | ૪૫ | ૩ | ૬૨ |
| ૧૪ | સુઇગામ | ૨૪ | ૫ | ૦ | ૧૯ | ૩૧ | ૧૩ | ૦ | ૧૮ | ૫૫ | ૧૮ | ૦ | ૩૭ |
| કુલ | | ૧૩૦૨ | ૭૧૭ | ૧૮ | ૫૬૭ | ૧૮૧૪ | ૧૦૧૮ | ૮ | ૭૮૮ | ૩૧૧૬ | ૧૭૩૫ | ૨૬ | ૧૩૫૫ |

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મને છાપ્યા મુજબનો સંતોષકારક જવાબ મળી ગયેલ છે.

**વલસાડ જિલ્લા પંચાયતનું નવિન મકાન બનાવવાની કાર્યવાહી**

*15/4/1457 શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ ) વલસાડ : (માનનીય મુખ્યમંત્રીશ્રી)પંચાયત (જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, | )૧( કાર્યવાહી પ્લીન્થ લેવલ છે. |
| )૨( તેની પાછળ કેટલો ખર્ચ થશે, અને | )૨( અંદાજીત રકમ રૂ.૨૯,૩૮,૭૮,૧૦૦–/નો ખર્ચ થશે. |
| )૩( તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | )૩( સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લા પંચાયતના નવા મકાનનું કામકાજ ચાલી રહ્યું છે. જેમાં રૂ. ૨૯ કરોડ ઉપરાંતની રકમ મંજૂર કરેલ છે. માનનીય મંત્રીશ્રી દ્વારા આ કામ સત્વરે પૂર્ણ થશે એવું કહેવામાં આવ્યું છે પણ જે કામ ચાલી રહ્યું છે એ વર્ષ સુધી પૂર્ણ થાય એમ નથી. એટલે જલદી પૂર્ણ થાય એવી વિનંતી કરું છું. બીજું, જિલ્લા પંચાયતના મકાનો માટે યુનિટ કોસ્ટ વધારવામાં આવી છે કે કેમ? જો હા, તો કેટલી વધારવામાં આવી છે? અને વલસાડ જિલ્લા પંચાયતની નવીન કચેરીમાં કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમના વલસાડ જિલ્લાના, જિલ્લા પંચાયત ભવનના નવા મકાનના બાંધકામ માટેની વાત કરી છે એમાં સુવિધા અને બજેટ સંબંધિત વાત કરી છે. આ બાબતે હું જણાવું તો મારા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને મારે અભિનંદન આપવા જોઇએ, કેમ કે રૂ.૨૯.૪૦ કરોડની રકમ હતી એના બદલે આજે રૂ.૩૮ કરોડ કર્યા છે. જિલ્લા પંચાયત હોય, તાલુકા પંચાયત હોય કે ગ્રામ પંચાયતના ભવનો હોય અમે તમામ અદ્યતન બનાવવા જઇ રહ્યા છીએ. એમાં અમે ફાયબર સાથેની વ્યવસ્થાઓ કરી રહ્યા છીએ. ગ્રામ પંચાયત અમારું ગામનું સચિવાલય છે. તાલુકા પંચાયત તાલુકાનું સચિવાલય છે અને જિલ્લાનું સચિવાલય બનાવવા માટે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં જણાવું તો પંચાયત વિભાગના તારીખ ૦૪/૦૫/૨૦૧૫ના ઠરાવ મુજબ આની યુનિટ કોસ્ટ રૂ. ૨૯ કરોડ ૪૦ લાખ જેટલી સૂચવેલ હતી, પરંતુ સમયાંતરે માલ–સામાન તેમજ મજૂરીમાં ભાવ–વધારો થતાં યુનિટ કોસ્ટ વધારવા માટે રજૂઆત કરવામાં આવેલી હતી. જેની વિગતો ધ્યાને લઇ પંચાયત વિભાગના તારીખ ૨૮/૦૩/૨૦૨૩ના ઠરાવથી તથા સને ૨૦૨૧–૨૨ના એસ.ઓ.આર.ને અનુલક્ષીને જિલ્લા પંચાયત કચેરીના નવીન બાંધકામ માટે મહત્તમ રૂ.૩૮ કરોડની યુનિટ કોસ્ટ વધારવામાં આવેલી છે. માનનીય સભ્યશ્રીએ નવીન જિલ્લા પંચાયત કચેરીની સુવિધાઓની વાત કરી છે તે અંગે જણાવું તો આ નવીન જિલ્લા પંચાયત કચેરીના ભોંય તળિયા ઉપરાંત પાંચ માળ હશે અને નવીન બિલ્ડિંગ પબ્લિક લિફ્ટ, ઓફિસર લિફ્ટ અને વી.આઇ.પી. લિફ્ટથી સજ્જ હશે. નવીન જિલ્લા પંચાયત ભવન ભૂકંપ પ્રતિરોધક અને આર.સી.સી.ની ફ્લેમ્સ્ સ્ટ્રક્ચર મુજબનું અદ્યતન ૨૧મી સદીનું ભવન બનશે. સદર જિલ્લા પંચાયતને, વલસાડ જિલ્લાની હાલ કાર્યરત કુલ ૨૧ શાખાઓના નવા જિલ્લા પંચાયત ભવનમાં સમાવિષ્ટ કરવામાં આવશે તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, જિલ્લા પંચાયતના વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને અન્ય અધિકારીશ્રીઓ માટે પણ અલાયદી ઓફિસોની વ્યવસ્થા કરવામાં આવશે. વધુમાં, નવા બિલ્ડિંગમાં સોલાર પેનલ, ફાયબર સેફ્ટી, ઇલેક્ટ્રિક તથા ઓફિસ માટે ફર્નિચરની તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે. ઓડિયો, વિડિયો, ટ્રેનિંગ સેન્ટર, કૉન્ફરન્સ હૉલ તથા મિટિંગ હૉલની સાથે નવું પંચાયત ભવન બિલ્ડિંગ બનશે. બિલ્ડિંગમાં ઇન્ટરનલ આર.સી.સી. રોડ તથા રેઇન વૉટર હાર્વેસ્ટિંગની સુવિધાઓ ઉપલબ્ધ થશે. નવા જિલ્લા પંચાયત ભવન બિલ્ડિંગમાં દિવ્યાંગજનો માટે વ્યવસ્થા કરવામાં આવશે તેમજ સામાન્ય નાગરિકજનો માટે પીવાના પાણી તથા ટોઇલેટની વ્યવસ્થા કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી વિલંબ થવાનાં કારણો પૂછે તો એનો પણ મારી પાસે જવાબ છે. આપશ્રી કહો તો જણાવું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વલસાડ જિલ્લાનું તો જણાવવું જોઇએ. અત્યારે વલસાડની પ્રગતિ બધાને ખૂબ દેખાઇ રહી છે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૧૬/૦૯/૨૦૨૧માં વલસાડના નવીન મકાન માટેની સરકારશ્રી તરફથી રૂ. ૨૮ કરોડ, ૨૯ લાખ ૮૧ હજારની વહીવટી મંજૂરી મળેલી હતી અને જિલ્લા પંચાયત કચેરી, વલસાડના નવીન મકાન માટે સરકારશ્રી તરફથી મળેલ રિવાઇઝ્ડ વહીવટી મંજૂરી રૂ.૨૯ કરોડ, ૩૮ લાખ ૭૮૦૦ ની આપવામાં આવી હતી. તાંત્રિક મંજૂરી તારીખ ૧૩/૦૪/૨૦૨૨ના રોજ રૂ.૨૯ કરોડ ૩૮ લાખ ૫૩૦૦ની આપવામાં આવી હતી. ટેન્ડરની મંજૂરી તારીખ ૧૯/૦૯/૨૦૨૨ના રોજ રૂ. ૨૨ કરોડ ૩૮ લાખ..(વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માત્ર વિલંબનું કારણ શું છે, એટલું હોય તો બતાવો.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : આમાં જમીનનો પણ થોડો વિવાદ હતો. જૂનું મકાન હતું તેને તોડીને પણ સ્થળ પહેલા નક્કી કરેલું એને બદલે અન્ય જગ્યાએ બાંધવાનું નક્કી કર્યું હતું. એને લીધે થોડો સમય ગયો છે. એના માટે પણ

પંચાયત ભવનનું કામ આજે પ્લિન્થથી ઉપર પહેલો માળ ભરાઇ રહ્યો છે. આગળ કામ પણ થઇ રહ્યું છે. રૂ.૭ કરોડ અને ૬ લાખની રકમનું અત્યાર સુધી ચૂકવણું પણ કરેલું છે. આ બિલ્ડિંગની તારીખ કહું તો તા.૧૪–૧૧–૨૦૨૪ સુધીમાં અથવા તો એની પહેલા આ કામગીરી અમે પરિપૂર્ણ કરીને શક્ય હશે તો અમારા સભ્યશ્રી અને આદરણીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે એનું ઉદ્‌ઘાટન પણ અમે કરાવીશું.

**કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

***15/4/1358 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા )અબડાસા :(માનનીય મુખ્યમંત્રીશ્રી )શહેરી વિકાસ (જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલી ગ્રાંટ ચૂકવવામાં આવેલ છે, અને | )૧( | શૂન્ય |
| )૨( | તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે? | )૨( | શૂન્ય |

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં કેટલા ઘટક મંજૂર થયેલા છે અને એમાં કયા કયા કામો આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તારીખ ૧૮–૭–૨૦૧૩ના ઠરાવની જોગવાઇ હેઠળ મુખ્ય ૪ ઘટક છે. એક ભૌતિક આંતર માળખાકીય સુવિધાનાં કામો, સામાજિક આંતર માળખાકીય સુવિધાનાં કામો, અર્બન મોબિલિટી એટલે કે શહેરી પરિવહનનાં કામો અને શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવાં કામો. આમ ૪ પ્રકારના કામોનો સમાવેશ આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આપણે કરીએ છીએ. ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓમાં રસ્તા, ટ્રાફિક સર્કલના, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, સ્ટ્રોમ વોટર ડ્રેનેજનાં કામો, જળસંચયનાં કામો, તળાવ બ્યુટિફિકેશનનાં કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાનાં કામો, ઇ–ગવર્નન્સ, શોપિંગ કોમ્પલેક્સ, જાહેર ઉધાનોનું નિર્માણ, જાળવણી, સામાજિક વનીકરણ, સ્મશાનગૃહો, અગ્નિ શમન ઉપકરણો, ફાયર સ્ટેશન, સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ, શાળાઓના મકાન, અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ, આંગણવાડી, લાઇબ્રેરી, સ્પોર્ટસ કોમ્પલેક્સ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ, વેન્ડર માર્કેટ, હોકર્સ ઝોન સુવિધાઓ સહિત અદ્યતન પ્રકારના આધુનિક સુવિધા ધરાવતા જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો અને માનનીય અધ્યક્ષશ્રી, અર્બન મોબિલિટીમાં શહેરી બસ સેવા અને ટ્રાફિક વ્યવસ્થા, રેલવે ઓવરબ્રિજ, રેલવે અન્ડરબ્રિજ, રિંગ રોડ, રેડિયલ રોડ, ફ્લાય ઓવર બ્રિજ, અન્ડર પાસ વગેરે કામો આપણે લઇએ છીએ. શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવાં કામોમાં હેરિટેઝ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, પંચશક્તિ થીમ આધારિત ટ્રાફિક સર્કલ, આઇલેન્ડસ, વોટર બોડી લેન્ડસ, સ્કેપિંગ રિવરફ્રન્ટ પાર્ક, ગાર્ડન, એમ્યુઝમેન્ટ પાર્ક, સ્વીમિંગ પુલ, યોગા કેન્દ્રો, નોલેજ સેન્ટર, સાયન્સ સેન્ટર મ્યુઝિયમ, એમ્ફી થિયેટર, પ્લેનેટોરિયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉનહોલ, પ્રાણી સંગ્રહાલય, બોટોનિકલ ગાર્ડન, બાલવાટિકા. આમ આ પ્રકારનાં કામો આપણે આમાં બધામાં લેતા હોઇએ છીએ.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે નવી નગરપાલિકા નખત્રાણાને જયારે મંજૂરી આપી છે, એટલે મુખ્યમંત્રીશ્રીનો આભાર. સાથે સાથે નખત્રાણા નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મળી, ઓક્ટ્રોય વળતર હેઠળ કેટલી ગ્રાન્ટ મળી અને ૧૫મા નાણાં પંચ અને જમીન મહેસૂલ અંતર્ગત કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨–૨૩માં નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો મળ્યો, એટલે વર્ષ ૨૦૨૨–૨૩ માં કોઇ ગ્રાન્ટ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નહોતો. જયારે આ નખત્રાણા નગરપાલિકા અસ્તિત્વમાં આવી એ પહેલા આ યોજના હેઠળની ગ્રાન્ટ આપણે ફાળવી દીધી હતી. પરંતુ વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૨,૭૭,૯૯,૫૩૨ જેટલી રકમ જુદા જુદા હેડ હેઠળ આપણે ફાળવી છે. એમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ૨ કરોડ, ઓક્ટ્રોય વળતર યોજનામાં રૂ.૨૨,૫૨,૯૧૦. પંદરમા નાણાપંચમાં રૂ.૫૩,૪૨,૩૯૨ અને જમીન મહેસૂલમાં રૂ.૨,૦૪,૨૩૦ આટલી ગ્રાન્ટ આપણે ફાળવી છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અંતર્ગત કયા કયા ઘટકો અમલીકૃત કરવામાં આવ્યા છે, તે અંતર્ગત કેટલા સહાય કેન્દ્રો રાજય સરકાર દ્વારા આપવામાં આવી રહેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આવાસ યોજનાનો પ્રશ્ન છે. આ નખત્રાણાને લગતી બાબત છે.

ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**મોરબી જિલ્લામાં લેબૉરેટરી ટેકનીશીયનની મંજૂર જગ્યા**

***15/4/1461** શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા )મોરબી : (**માનનીય મુખ્યમંત્રીશ્રી )પંચાયત(** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં લેબૉરેટરી ટેકનીશીયનની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | )૧( | ૩૧ |
| )૨ ( | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | )૨( | ૩૧ |
| )૩ ( | કેટલી જગ્યા ખાલી છે ? | )૩( | ૦૦ |

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં લેબૉરેટરી ટેકનિશિયનની કેટલી જગ્યા ખાલી છે, કેટલી ભરેલી છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લાની અંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૩૦ છે અને ત્રીસે ત્રીસ લેબ ટેકનિશિયનની જગ્યા ભરાયેલી છે અને એક જિલ્લા કક્ષાની છે એમાં પણ ભરેલી છે. કુલ જગ્યાની માગણી એકત્રીસ હતી અને એકત્રીસ એ એકત્રીસ એટલે કે સો ટકા જગ્યા ભરેલી છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી અને પંચાયત મંત્રીનો આભાર માનું છું સો ટકા જગ્યા ભરાયેલી છે.

**સુરત જિલ્લામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત**

***15/4/1448 શ્રી સંદિપ દેસાઈ )ચોર્યાસી( :માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસુલ (જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સુરત જિલ્લામાં કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી , | (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સુરત જિલ્લામાં કુલ ૧.૧૪ હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીનનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો?અને | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧.૧૪ હેક્ટર જમીનોના એવોર્ડ જાહેર કરવામાં આવ્યા. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કુલ જાહેર કરેલા અવોર્ડ પૈકી કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૩) | રૂ. ૫૩, ૫૯, ૯૮, ૯૩૭/– ( અંકે રૂપિયા ત્રેપ્પન કરોડ ઓગણસાંઠ લાખ અઠ્ઠાણુ હજાર નવસો સાડત્રીસ પુરા) |

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે તાલુકા મુજબ કયા ગામની સર્વે નંબરની સંખ્યા સહિત કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે? બીજું સંપાદન હેઠળની જમીનના કેટલા ખાતેદારોને કેટલું વળતર ચૂકવાયેલ છે ? તેની સંખ્યા અને ગામ મુજબ રકમ જણાવશો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જમીન સંપાદનમાં સન ૨૦૨૧ ઓન લાઇન ગતિશકિત પોર્ટલ ઉપર હાથ ધરવામાં આવે છે. જમીન સંપાદન પહેલાં ફિઝિકલ દરખાસ્ત રજૂ કરવાની રહેતી હતી. અત્યારે બિલકુલ ફિઝિકલ કરવાની રહેતી નથી. જમીન સંપાદનની કાર્યવાહી અત્યારે ઓનલાઇન ઝડપી બની રહી છે. તમામ માનનીય ધારાસભ્યોને મારે જણાવવું છે કે પહેલાં જે જમીન સંપાદન થતી હતી એ જૂના જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ મુજબ થતી હતી. નવી જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ વચ્ચેનો આ તફાવત આપણે બહુ બધાએ સમજવો જોઇએ. જૂના જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ હેઠળ સો ચોરસ મીટર જમીન સંપાદનની અંદાજે કિંમત દા.ત. રૂ.૧૪,૨૦૦ જેટલું વળતર ચૂકવવાનું થાય તો નવા જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ હેઠળ સો ચોરસ મીટર જમીન સંપાદનની અંદાજે કિંમત ૪૨,૪૦૦ થાય. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ દ્વારા આનું વધુ સારું ડેવલપમેન્ટ થાય એ પ્રકારની વ્યવસ્થા થઇ ગઇ છે. ૨૦૦ ટકાથી વધારે આજે જમીન સંપાદનમાં વળતર મળે છે. સુરત જિલ્લામાં મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન નીચે મુજબની વિગત છે. કુલ ૧૩ ગામોની અંદર આપણે અત્યાર સુધીમાં જમીન લીધી છે. કુલ સરવે નંબર જે નંબરો છે એ ૫૯ છે અને કુલ ક્ષેત્રફળ ૨૩,૯૪૬.૯૭ છે. સંપાદન પૂર્ણ થયેલ ૧૯૨૧૭.૭૭ છે. સંપાદનની બાકી છે એ ૪૭.૨૬ છે. આ પ્રમાણેની વ્યવસ્થા છે. સુરત જિલ્લા મેટ્રો ટ્રેન પ્રોજેકટના ખાતેદારોની રકમ નીચે મુજબ ચૂકવવામાં આવી છે. અડાજણની અંદર ૨ ગામ કુલ ૭૬ ખાતેદારો. ૭.૪૪ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. કતાર ગામે ૨ ગામ, ૧૧ ખાતેદારો, ૧૬.૩૯ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. પુના તાલુકામાં ૩ ગામોના ૯ ખાતેદારોને રૂપિયા ૬ કરોડ ૬૪ લાખ ચૂકવવામાં આવ્યા છે. ઉધના તાલુકાના ૨ ગામોના કુલ ૧૦

ખાતેદારોને ૦.૩૫ કરોડ ચૂકવવામાં આવ્યા છે. મજુરાના ૪ ગામના ૪૪ ખાતેદારોને રૂપિયા ૪૧.૮૮ કરોડ એમ કુલ ૧૩ ગામોના ૧૫૦ ખાતેદારોને રૂપિયા ૭૨.૬૬ કરોડ ચૂકવવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : અહીંયા માનનીય મંત્રીશ્રી, આપે કહ્યું છે કે ૧.૧૪ હેકટર એની સામે ૫૩.૫ કરોડથી વધારે રૂપિયા એવો જવાબ આપ્યો છે. ખરેખર સાચું છે? એક હેકટરના ૫૩ કરોડ કરતાં વધારે રૂપિયા?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ ખાનગી જમીનનો પ્રશ્ન હતો. કુલ માગ્યા એટલે એ પ્રમાણે જવાબ આપ્યો છે.

અધ્યક્ષશ્રી : આ ખૂબ ઉદાર નીતિ સરકારની કહેવાય. એક હેકટર માટે આટલા ચૂકવવાની નીતિ ખૂબ સરસ કહેવાય.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સંપાદન હેઠળના કેટલા ખાતેદારોની કેટલી જમીનનું વળતર ચૂકવવાનું બાકી છે? વળતર બાકી રહેવાનાં કારણો કયા છે અને સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે કેટલી જમીન સંપાદન માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો અને તે પૈકી કેટલી જમીન સંમતિ એવોર્ડથી અને કેટલી જમીન રેગ્યુલર એવોર્ડથી સંપાદિત કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : ઘણો જવાબ આવી ગયો છે. એના પૂરતો જવાબ આપજો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એવોર્ડ જાહેર કરવાની પ્રક્રિયા. કુલ ૪૬ ખાતેદારોને વળતર ચૂકવવાનું બાકી છે. જે વળતરની રકમ કુલ ૨૧ કરોડ ૧૯ લાખ ૯૩ હજાર ૯૮૧ રૂપિયા થાય છે. બાકી રહેવાનાં કારણો જોઇએ તો કૌટુંબિક વિવાદ હોવાથી, કેટલાક ખાતેદારો વિદેશમાં રહેતા હોવાથી, અથવા જમીન માલિકી બાબતમાં પ્રશ્ન ચાલુ હોવાથી, વારસાગત પ્રશ્નોના કારણે પૈસા ચૂકવવાના બાકી છે. સુરતમાં મેટ્રોની જમીન સંપાદનની વિગતો આપી દીધી છે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સંમતિ એવોર્ડ મુજબ કેટલી રકમ ચૂકવાઇ તેમજ રેગ્યુલર એવોર્ડ મુજબ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી? કેટલી રકમ બાકી છે? સંપાદન હેઠળની કેટલી જમીનનો કબજો લેવામાં આવ્યો છે અને કેટલો કબજો લેવાનો બાકી છે અને બાકી હોય તો કયા કારણોસર કબજો લેવાનો બાકી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯,૨૧૭.૯૭ ચોરસમિટર જમીનનો કબજો લેવામાં આવ્યો છે અને ૪૬૧૫.૨૪ ચોરસમિટરનો કબજો લેવાનો બાકી છે. સંપાદનની કાર્યવાહી ચાલુ હોવાથી કબજો લેવાનો બાકી છે. એવોર્ડ મુજબ કેટલા બાકી છે એ હમણાં જ વાત કરી છે.

**પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં 'ઈનસ્કૂલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

***15/4/1507 શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ) : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

)૨( ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિધ્ધીઓ મેળવેલ છે?

**જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વિગતે કુલ ૬૯૧૫ (છ હજાર નવસો પંદર) ખેલાડીઓએ તાલીમ લીધેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ખેલાડીઓએ લીધેલ તાલીમ |
|---|---|---|
| ૧ | પંચમહાલ | ૪૭૨૪ |
| ૨ | મહીસાગર | ૨૧૯૧ |
| | **કુલ:-** | ૬૯૧૫ |

)૨( ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ ખેલમહાકુંભ અને એસ.જી.એફ.આઈ.ની સ્પર્ધામાં જિલ્લા અને રાજ્ય કક્ષાએ મેળવેલ મેડલ્સની વિગત નીચે મુજબ છે:

| જિલ્લાનું નામ | ખેલમહાકુંભ | | SGFI | |
|---|---|---|---|---|
| | જિલ્લા | રાજ્ય | જિલ્લા | રાજ્ય |
| પંચમહાલ | ૨૦૪ | ૧૭ | ૩૦૦ | ૦૩ |
| મહીસાગર | ૧૦૪ | ૦૦ | ૧૫૮ | ૦૦ |

- પંચમહાલ જિલ્લામાં ૧૩(તેર) ખેલાડીઓએ DLSS યોજનામાં પ્રવેશ મેળવેલ છે.
- મહિસાગર જિલ્લામાં ૧૮(અઢાર) ખેલાડીઓએ DLSS યોજનામાં પ્રવેશ મેળવેલ છે.

ફાલ્ગુન ૧, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં પરંપરાગત રમતમાં કુલ કેટલા ખેલાડીઓ છે કે જેણે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ હાંસલ કરી હોય તો એની વિગતો આપશો?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ટરનેશનલ કક્ષાના ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે, ખાસ કરીને પંચમહાલ જિલ્લો, દાહોદ જિલ્લો હોય કે ગુજરાતનો કોઇપણ જિલ્લો હોય, મેં અગાઉ પણ મારા પ્રશ્નના જવાબમાં કહ્યું કે પંચમહાલ જિલ્લાના બોર ગામના વતની કુ. પ્રેમીલા બારિયા આર્ચરી રમતના ખેલાડી છે. જેઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. સને ૨૦૧૩માં પંચમહાલ ખાતે આયોજિત દશેરા ગ્રામીણ ઓલમ્પિકમાં દેશી તીર–કામઠા સાથે રમીને પ્રેમીલા બારિયાએ આર્ચરી રમતની શરૂઆત કરેલી. આ નાની નાની રમત કેમ મહત્ત્વની છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**ગાંધીનગર જિલ્લામાં ગ્રામ સેવકની મંજૂર જગ્યાઓ**

**15/4/1462** શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર )કલોલ) : માનનીય **મુખ્યમંત્રીશ્રી(પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ગ્રામસેવકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | )૧) | ૧૦૯ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને | )૨) | ૧૦૬ |
| )૩) | કેટલી જગ્યાઓ ખાલી છે ? | )૩) | ૦૩ |

**અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં પાણી પુરૂ પાડવા બાબત**

15/4/2184 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** )દાણીલીમડા): **ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૨૫/૦૭/૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૯૫૫૮ (અગ્રતા–૨૬૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં ઘેરે ઘેરે પાણી પૂરૂં પાડવા માટે વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની કામગીરી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | )૧( | બહેરામપુરા વોર્ડ:-<br>• બહેરામપુરા વોર્ડમાં પાણીની ટાંકીને સંલગ્ન નેટવર્કની કામગીરી પૂર્ણ થયેલ છે.<br>લાંભા વોર્ડ:-<br>• લાંભા વોર્ડમાં આકૃતિ ફ્લેટ પાસે, શ્રીનાથ ફ્લેટ પાસે, સૈજપુર ગામ ખાતે તથા ઇન્દીરાનગર–૧ તથા ઇન્દીરાનગર–૨ પાસે નવા બનાવવામાં આવેલ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સંલગ્ન નેટવર્કની કામગીરી પૂર્ણ થયેલ છે.<br>• શાહઆલમનગર, છનાનગર તથા શિવમ પાર્ક પાસે નવા બોરવેલ બનાવી સંલગ્ન નેટવર્કની કામગીરી પૂર્ણ થયેલ છે.<br>• ઉમંગ ફ્લેટ પાસેના નવા બનતા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સંલગ્ન નેટવર્કની કામગીરી ૯૦ % જેટલી પૂર્ણ કરવામાં આવેલ છે.<br>વટવા વોર્ડ:-<br>• વટવા વોર્ડમાં પાણીની ટાંકીના સંલગ્ન નેટવર્કની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| )૨) | ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | )૨) | બનતી ત્વરાએ. |

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો**

**15/4/2198 શ્રી અમિત ચાવડા )આંકલાવ) :માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન**

**)૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના કયા શહેરોની સ્માર્ટ સિટી મીશન અંતર્ગત પસંદગી થયેલ છે,

**)૨)** ઉક્ત સ્થિતિએ તે પૈકી કયાં શહેરોમાં સ્માર્ટસિટી મીશનના ધોરણો મુજબના કેટલા કામોની કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલી કામગીરી કરવાની બાકી છે, અને

**)૩)** ઉક્ત સ્થિતિએ શહેર દીઠ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો?

**જવાબ**

**)૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ શહેરોની સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પસંદગી થયેલ છે.

**)૨)** ઉક્ત સ્થિતિએ કામગીરી પૂર્ણ થયેલ અને કામગીરી પ્રગતિમાં હોય તેવા કામોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | સ્માર્ટસિટીનુ નામ | પ્રોજેકટની કામગીરી પૂર્ણ | પ્રોજેકટની કામગીરી પ્રગતિમાં |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧ | ૦૦ |
| ૨ | સુરત | ૪૬ | ૦૨ |
| ૩ | વડોદરા | ૨૦ | ૦૩ |
| ૪ | રાજકોટ | ૩૯ | ૧૦ |
| ૫ | ગાંધીનગર | ૪૦ | ૦૨ |
| ૬ | દાહોદ | ૧૬ | ૧૧ |

**)૩)** ઉક્ત સ્થિતિએ શહેર દીઠ કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો તથા તે સામે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

)રૂ.કરોડમાં)

| ક્રમ | સ્માર્ટસિટીનુ નામ | કેન્દ્ર સરકાર | | રાજ્ય સરકાર | |
|---|---|---|---|---|---|
| | | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ |
| ૧ | અમદાવાદ | ૪૯૦.૦૦ | ૪૯૦.૦૦ | ૨૪૪.૦૦ | ૨૨૬.૯૪ |
| ૨ | સુરત | ૪૯૦.૦૦ | ૪૯૦.૦૦ | ૨૪૨.૫૦ | ૨૪૨.૫૦ |
| ૩ | વડોદરા | ૪૧૬.૫૦ | ૩૮૦.૪૬ | ૨૦૭.૨૫ | ૧૯૦.૨૩ |
| ૪ | રાજકોટ | ૪૧૮.૦૦ | ૪૧૬.૫૦ | ૨૦૭.૨૫ | ૨૦૭.૨૫ |
| ૫ | ગાંધીનગર | ૪૧૬.૫૦ | ૪૧૧.૮૨ | ૪૧૬.૫૦ | ૩૮૯.૬૫ |

**પશ્ચિમ રેલ્વેનુ વડુ મથક અમદાવાદ ખસેડવા માટે કરેલી દરખાસ્ત બાબત**

**15/4/2172 શ્રી જિજ્ઞેશ મેવાણી (વડગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

પ્રશ્ન

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સામે પડતર પ્રશ્નો પૈકી પશ્ચિમ રેલ્વેનુ વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કયારે કયારે દરખાસ્ત કરવામાં આવી,

)૨( ઉકત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કયારે અને શા પ્રતિભાવ મળ્યા, અને

)૩( ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ દરખાસ્ત કરવામાં આવી ન હોય તો તેના કારણો શા છે ?

જવાબ

)૧(, )૨( અને )૩ ( રાજ્ય સરકાર દ્વારા આ અંગે છેલ્લે તા.૧૮/૪/૨૦૨૨ ના પત્રથી પશ્ચિમ રેલ્વેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટીની સ્થાપના કરવાની માંગણી કરવામાં આવી છે .જે કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે .

**અમદાવાદ અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજૂર આવાસો**

**15/4/1416 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-**

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | | |
|---|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, | )૧) | શહેર | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ આવાસો. |
| | | | અમદાવાદ | ૪૮,૫૪૨ |
| | | | સુરત | ૪૭,૮૪૭ |
| | | | **કુલ** | **૯૬,૩૮૯** |
| )૨) | તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને | )૨) | શહેર | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામ પૂર્ણ થયેલ આવાસો. |
| | | | અમદાવાદ | ૪૪,૪૮૭ |
| | | | સુરત | ૩૮,૩૧૭ |
| | | | **કુલ** | **૮૨,૮૦૪** |
| )૩) | તે પાછળ કેટલો ખર્ચ થયો છે? | )૩) | શહેર | ખર્ચ થયેલ રકમ (રૂ.કરોડમાં) |
| | | | અમદાવાદ | ૧૧૩૮.૪૯ |
| | | | સુરત | ૯૮૪.૮૧ |
| | | | **કુલ** | **૨૧૨૩.૩૦** |

### પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખસેડવા બાબત

15/4/2178 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ )પાટણ(: ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૯/૦૩/૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૪૮૪ (અગ્રતા–૨૯૫)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧ ( | પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે છેલ્લે તા.૦૪/૦૧/૨૦૨૦ના પત્રથી પશ્ચિમ રેલ્વેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટી સ્થાપવા માંગણી કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને | )૧( અને )૨ ( | રાજય સરકાર દ્વારા આ અંગે છેલ્લે તા.૧૮/૪/૨૦૨૨ ના પત્રથી પશ્ચિમ રેલ્વેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટીની સ્થાપના કરવાની માંગણી કરવામાં આવી છે . જે કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે . |
| )૨( | જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે અન્વયે કયારે શા પ્રતિભાવ મળ્યા ? | | |

### વડોદરા જિલ્લામાં પશુધન નિરીક્ષકની મંજૂર જગ્યા

**15/4/1459** શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા )પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પશુધન નિરિક્ષક વર્ગ–૩ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | )૧) | ૧૭ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને | )૨) | ૧૬ |
| )૩) | કેટલી જગ્યાઓ ખાલી છે ? | )૩) | ૦૧ |

### રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ

**15/4/2194** શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા )સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની ૨૪૮ જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, | )૨) | ઉક્ત સ્થિતિએ ૨૪૮ પૈકી ૨૩૭ જગ્યાઓ ભરાયેલ છે. |
| )૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ચાર્જથી ચાલે છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | )૩) | ઉક્ત સ્થિતિએ જે ૧૧ જગ્યાઓ ખાલી છે, તે તમામ ૧૧ જગ્યાઓ ચાર્જથી ચાલે છે, |
| )૪) | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | )૪) | ચાર્જથી ચાલતી ઉક્ત ૧૧ જગ્યાઓ સીધી ભરતી અને બઢતીના નિયમોને ધ્યાને લઈ સત્વરે ભરવામાં આવશે. |

**ભાવનગર જિલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત**

**15/4/1441 શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ )મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | )૧( | કુલ– ૧૨ |
| )૨( | મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે. | )૨( | કુલ હે.૨૩–૫૯–૧૭ ચો.મી. |

----------

**ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત**

**15/4/2187 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા )પોરબંદર): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ટાટા મોટર્સ લિ.,ને નેનો કાર ઉત્પાદન કરવા માટે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં જમીન ફાળવેલ છે તે હકીકત સાચી છે, | )૧( | હા, જી |
| )૨( | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે ક્યારે તપાસ કરી, | )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે તા:૦૩/૦૩/૨૦૨૩ના રોજ તપાસ કરેલ છે. |
| )૩( | તપાસ દરમ્યાન જમીન કયા હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડ્યું, અને | )૩( | તપાસ દરમ્યાન જમીન ઔદ્યોગિક હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ છે . |
| )૪( | જો અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ હોય, તો શરતભંગ બદલ ઉક્ત સ્થિતિએ ક્યારે શા પગલાં લીધાં? | )૪( | અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ ન હોય શરતભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી . |

----------

**છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ બાબત**

**15/4/1443 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા ) છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :–**

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, | )૧) | ૧૩૩૮ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | )૨) | |
| )૩) | નોંધો નામંજૂર કરવાના કારણો શા છે? | )૩) | |

)૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૧૫૮૬૦ |
| મંજૂર કરેલ નોંધો | ૧૩૯૭૦ |
| નામંજૂર કરેલ નોંધો | ૫૫૨ |

)૩)

| | |
|---|---|
| )૧) | વારસાઇ પ્રકારમાં અરજદારો દ્વારા રજૂ કરેલ કાગળો(પેઢીનામા, મરણના દાખલા)વિગેરેમાં વિસંગતતા હોવાથી. |
| )૨) | ફેરફાર નોંધમાં બધા ખાતેદારોની સંમતિ ના હોવાથી. |
| )૩) | સહભાગીદાર તરીકે દાખલ થનાર વ્યક્તિ ખેડુત ખાતેદાર ન હોવાથી. |
| )૪) | સહભાગીદાર તરીકે આડીલીટીના વારસદાર દાખલ થતા હોવાથી. |

**સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની ફરજ બજાવતા કર્મચારીઓને કામગીરી સોંપવા બાબત**

15/4/2175 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર )ચાણસ્મા) :માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગઅને મકાન) જણાવવા કૃપા કરશે કે : –**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની સેવા બજાવતા કર્મચારીઓને કઈ કચેરી દ્વારા ફરજ બજાવવાની કામગીરી સોંપવામાં આવેલ છે . | )૧) | પાટનગર યોજના વિભાગ–૧, ગાંધીનગર |
| )૨) | ઉક્ત કર્મચારીઓની નિમણૂક સીધી સરકારે કચેરી દ્વારા આપવામાં આવે છે કે કોઈ એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવેલ છે. | )૨) | એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવેલ છે. |
| )૩) | ઉક્ત કર્મચારી દીઠ કેટલી રકમ કોને ચુકવવામાં આવે છે. | )૩) | • તા:૦૧/૦૧/૨૦૨૨ થી તા:૩૧/૦૩/૨૦૨૨ દરમિયાન એક કર્મચારી દીઠ રૂ. ૪૮૫.૯૬ પ્રતિ દીન,<br>• તા:૦૧/૦૪/૨૦૨૨ થી તા:૩૦/૦૯/૨૦૨૨ દરમિયાન એક કર્મચારી દીઠ રૂ. ૫૦૧.૭૫ પ્રતિ દીન,<br>• તા:૦૧/૧૦/૨૦૨૨ થી તા:૩૧/૦૩/૨૦૨૩ દરમિયાન એક કર્મચારી દીઠ રૂ. ૫૦૭.૩૪ પ્રતિ દીન,<br>• તા:૦૧/૦૪/૨૦૨૩ થી તા:૩૦/૦૯/૨૦૨૩ દરમિયાન એક કર્મચારી દીઠ રૂ. ૬૭૭.૦૧ પ્રતિ દીન,<br>• તા:૦૧/૧૦/૨૦૨૩ થી તા:૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન એક કર્મચારી દીઠ રૂ. ૭૦૮.૪૭ પ્રતિ દીન,<br>• એજન્સી મેસર્સ ડી.આર. એન્ટરપ્રાઇઝને ચૂકવવામાં આવેલ છે. |
| )૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કયા દરથી કેટલા કર્મચારીઓની સેવાઓ લેવામાં આવી, કેટલી રકમ ચુકવવામાં આવી, અને | )૪) | પરિશિષ્ટ–(૧) મુજબ |
| )૫) | સંબંધિત એજન્સી કર્મચારીઓને પૂરતું મહેનતાણું ચુકવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ ? | )૫) | આ પ્રકારની કોઇ ફરીયાદ મળેલ નથી |

....................................................

## અતારાંકિત પ્રશ્નો

<u>પરિશિષ્ટ- ૧</u>

| ક્રમ નં. | વર્ષ | માસ | દૈનિકએટેન્ડન્ટની સંખ્યા | સેવાનો દર પ્રતિદિવસ (રૂ.) * | ચુકવવામાં આવેલરકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧ | તા:૦૧/૦૧/૨૦૨૨ થી તા:૩૧/૧૨/૨૦૨૨ | જાન્યુઆરી–૨૦૨૨ | ૫૪ | ૪૮૫.૯૬ | ૮૧૩૪૯૭.૦૪ |
| ૨ | | ફેબ્રુઆરી–૨૦૨૨ | ૫૪ | ૪૮૫.૯૬ | ૯૩૧૫૮૫.૩૨ |
| ૩ | | માર્ચ–૨૦૨૨ | ૯૯ | ૪૮૫.૯૬ | ૧૪૯૧૪૧૧.૨૪ |
| ૪ | | એપ્રિલ–૨૦૨૨ | ૫૪ | ૫૦૧.૭૫ | ૭૮૭૨૫૫.૨૦ |
| ૫ | | મેં–૨૦૨૨ | ૫૪ | ૫૦૧.૭૫ | ૮૩૯૯૨૯.૫૦ |
| ૬ | | જૂન–૨૦૨૨ | ૫૪ | ૫૦૧.૭૫ | ૮૧૨૮૩૫.૦૦ |
| ૭ | | જુલાઈ–૨૦૨૨ | ૫૪ | ૫૦૧.૭૫ | ૮૩૯૯૨૯.૫૦ |
| ૮ | | ઓગસ્ટ ૨૦૨૨ | ૫૪ | ૫૦૧.૭૫ | ૮૩૯૯૨૯.૫૦ |
| ૯ | | સપ્ટેમ્બર –૨૦૨૨ | ૫૪ | ૫૦૧.૭૫ | ૧૧૦૩૮૫૦.૦૦ |
| ૧૦ | | ઓક્ટોબર–૨૦૨૨ | ૫૪ | ૫૦૭.૩૪ | ૮૪૯૨૮૭.૧૬ |
| ૧૧ | | નવેમ્બર–૨૦૨૨ | ૫૪ | ૫૦૭.૩૪ | ૮૨૧૮૯૦.૮૦ |
| ૧૨ | | ડીસેમ્બર–૨૦૨૨ | ૫૪ | ૫૦૭.૩૪ | ૯૯૬૪૧૫.૭૬ |
| | કુલ (અ) | | | | ૧૧૧૨૭૮૧૬.૦૨ |
| ૧૩ | તા:૦૧/૦૧/૨૦૨૩ થી તા:૩૧/૧૨/૨૦૨૩ | જાન્યુઆરી–૨૦૨૩ | ૫૪ | ૫૦૭.૩૪ | ૮૪૯૨૮૭.૧૬ |
| ૧૪ | | ફેબ્રુઆરી–૨૦૨૩ | ૫૪ | ૫૦૭.૩૪ | ૧૧૦૦૪૨૦.૪૬ |
| ૧૫ | | માર્ચ–૨૦૨૩ | ૧૧૨ | ૫૦૭.૩૪ | ૧૬૭૩૨૦૭.૩૨ |
| ૧૬ | | એપ્રિલ–૨૦૨૩ | ૫૪ | ૬૭૭.૦૧ | ૧૦૯૬૭૫૬.૨૦ |
| ૧૭ | | મેં–૨૦૨૩ | ૫૪ | ૬૭૭.૦૧ | ૧૧૩૩૩૧૪.૭૪ |
| ૧૮ | | જૂન–૨૦૨૩ | ૯૪ | ૬૭૭.૦૧ | ૧૯૦૯૧૬૮.૨૦ |
| ૧૯ | | જુલાઈ–૨૦૨૩ | ૯૪ | ૬૭૭.૦૧ | ૧૯૭૨૮૦૭.૧૪ |
| ૨૦ | | ઓગસ્ટ ૨૦૨૩ | ૯૪ | ૬૭૭.૦૧ | ૧૯૭૨૮૦૭.૧૪ |
| ૨૧ | | સપ્ટેમ્બર –૨૦૨૩ | ૯૪ | ૬૭૭.૦૧ | ૧૯૮૨૨૮૫.૨૮ |
| ૨૨ | | ઓક્ટોબર–૨૦૨૩ | ૯૪ | ૭૦૮.૪૭ | ૨૦૬૩૭૭૩.૧૧ |
| ૨૩ | | નવેમ્બર–૨૦૨૩ | ૯૪ | ૭૦૮.૪૭ | ૧૮૦૩૭૬૪.૬૨ |
| ૨૪ | | ડીસેમ્બર–૨૦૨૩ | ૯૪ | ૭૦૮.૪૭ | ૧૯૨૨૭૮૭.૫૮ |
| | કુલ (બ) | | | | ૧૯૪૮૦૩૭૮.૯૫ |
| | કુલ (અ) + (બ) | | | | ૩૦૬૦૮૧૯૪.૯૭ |

*બેઝીક + મોંઘવારીભથ્થું + બોનસ + પ્રોવીડન્ટ ફંડ + જૂથવીમો + ઈજારદારનો નફો + જી.એસ.ટી સહિતનો દર

…………………………………………..

### છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી ઉપર પુલ બનાવવા બાબત

15/4/2038: શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી )સંખેડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી**) માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી ઉપર કયા સ્થળે કેટલી રકમના કેટલા અંદાજ સાથે પુલ બાંધવાની મંજૂરી કયારે મળી, અને | )૧) | જોજવા ઢેબરપુરા ઉપર પુલ બનાવવા માટે રૂ.૩૬.૩૬ કરોડની મંજૂરી તા.૦૬/૧૦/૨૦૨૨થી આપેલ છે. |
| )૨) | ઉકત સ્થિતિએ પુલ બાંધવાની કાર્યવાહી કયા તબક્કામાં છે? | )૨) | ઉક્ત સ્થિતિએ પુલના વિગતવાર અંદાજો તાંત્રિક મંજૂરીની પ્રક્રિયા હેઠળ હતા. |

### રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીની મંજૂર જગ્યાઓ

**15/4/2183: ડૉ. તુષાર અમરસિંહ ચૌધ** ) ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | )૧) **૨૦૮** |
| )૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | )૨) **અ)** રાજ્યમાં **૧૯૫** આઇ.પી.એસ. અધિકારીઓની જગ્યા ભરાયેલ છે.<br>**બ)** જ્યારે રાજ્યમાં **૧૩** આઇ.પી.એસ. અધિકારીઓની ઘટ છે. |
| )૩) | ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ રાજ્યના કેટલા આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે? | )૩) **૨૪** |

**સુરત જિલ્લામાં 'ઈનસ્કૂલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

**15/4/1506 શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા(એસ.ટી.)) : માનનીય રમતગમતમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને | )૧) ૧૮,૨૮૯ (અઢાર હજાર બસ્સો નેવ્યાસી) ખેલાડીઓ |
| )૨) | ઉક્ત સ્થિતિએ "ઈનસ્કૂલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે? | )૨) ઉક્ત સ્થિતિએ ઈનસ્કૂલ શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રમતના સાધનો અને મેદાન વિગેરે માટે કેપીટલ ખર્ચ કરવામાં આવે છે. આ યોજનામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ વિવિધ આઉટસોર્સીંગ એજન્સીઓ દ્વારા પસંદ થયેલ શાળાઓમાં વિવિધ રમતના ટ્રેનર્સ પુરા પાડવામાં આવે છે. શાળા સમય દરમ્યાન ફીઝીકલ એજ્યુકેશનના તાસ અને શાળા સમય બાદ ખેલાડીઓને ટ્રેનર્સ દ્વારા ઘનિષ્ઠ તાલીમ અને રમતને લગતો અભ્યાસક્રમ આપવામાં આવે છે. ઈનસ્કૂલ યોજનામાંથી ટેલેન્ટ આઇડેન્ટીફીકેશન કરી ડીએલએસએસ યોજનામાં પ્રવેશ આપવામાં આવે છે. |

-----------------

**દાહોદ જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ શાળા સ્કૂલમાં ખેલાડીઓને તાલીમ**

**15/4/1504 શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ) : માનનીય રમત–ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદમાં આવેલ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ શાળા સ્કૂલ ખાતે હાલ કેટલા ખેલાડીઓ તાલીમ મેળવી રહ્યા છે, | )૧) | ૨૬૦ ખેલાડીઓ |
| )૨) | ઉક્ત સ્થિતિએ આ ખેલાડીઓને યોજના હેઠળ કયા લાભો આપવામાં આવે છે, અને | )૨) | ઉક્ત સ્થિતિએ આ ખેલાડીઓને શિક્ષણ ફી, હોસ્ટેલ ફી, હોસ્ટેલ કીટ, ભોજન ખર્ચ, સ્ટાઈપેન્ડ, સ્પોર્ટ્સ કીટ, રમતના સાધનો, સ્પર્ધા માટેનો ખર્ચ તથા નિષ્ણાંત કોચ દ્વારા તાલીમ વિગેરે લાભો સરકારશ્રી દ્વારા પુરા પાડવામાં આવે છે. |
| )૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ શાળા ખાતે લાભ મેળવનાર ખેલાડીઓ દ્વારા શું સિધ્ધિઓ હાંસલ કરેલ છે? | )૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ શાળા ખાતે લાભ મેળવનાર ખેલાડીઓ દ્વારા નીચે મુજબની સિધ્ધિઓ હાંસલ કરેલ છે. |

| **મેળવેલ પદક** | **રાજ્ય કક્ષા** | **રાષ્ટ્રીય કક્ષા** | **આંતરરાષ્ટ્રીય કક્ષા** |
|---|---|---|---|
| ગોલ્ડ | ૪૨ | ૧૦ | ૦૦ |
| સિલ્વર | ૨૨ | ૦૯ | ૦૧ |
| બ્રોન્ઝ | ૩૭ | ૧૫ | ૦૦ |
| **કુલ** | ૧૦૧ | ૩૪ | ૦૧ |

-----------------

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ**

**15/4/2169** ગેનીબેન નગાજી ઠાકોર )વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની ૨૪૮ જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, | )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી ૨૩૭ જગ્યાઓ ભરાયેલ છે. |
| )૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ચાર્જથી ચાલે છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | )૩) | ઉક્ત સ્થિતિએ જે ૧૧ જગ્યાઓ ખાલી છે, તે તમામ ૧૧ જગ્યાઓ ચાર્જથી ચાલે છે, |
| )૪) | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | )૪) | ચાર્જથી ચાલતી ઉક્ત ૧૧ જગ્યાઓ સીધી ભરતી અને બઢતીના નિયમો ધ્યાને લઇ સત્વરે ભરવામાં આવશે. |

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ખનીજ ચોરી પકડવા બાબત**

15/4/2190 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી )માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર ફલાઈંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા, | )૧) | |

| જિલ્લાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ દરમ્યાન દરોડાની સંખ્યા | તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૧૨-૨૦૨૩ દરમ્યાન દરોડાની સંખ્યા |
|---|---|---|
| જૂનાગઢ | ૭ | ૬ |
| ગીરસોમનાથ | ૪ | ૪ |

)૨) ઉક્ત દરોડાઓમાં જિલ્લાવાર કેટલા ઈસમો દ્વારા કયા પ્રકારના કેટલા જથ્થાની ખનિજ ચોરી કરી હોવાનું સામે આવ્યું,

)૨)

| જિલ્લાનું નામ | ખનિજ ચોરીનો પ્રકાર | ઈસમોની સંખ્યા | જથ્થો (મે.ટનમાં) |
|---|---|---|---|
| જૂનાગઢ | ખનન/વહન/સંગ્રહ | ૧૯ | ૫૦૮૭૨૪.૪૪ મે.ટન |
| ગીરસોમનાથ | ખનન/વહન/સંગ્રહ | ૧૮ | ૪૬૨૫૫૮.૦૮ મે.ટન |

)૩) તે અન્વયે કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

)૩) ૩૭ ઈસમોને ૩૫૨૧.૬૬ લાખનો દંડ કરવામાં આવ્યો

)૪) ઉક્ત કરવામાં આવેલ દંડની રકમ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલા ઈસમો પાસેથી કેટલી દંડની રકમ વસૂલવાની બાકી છે, અને

)૪) ૧૯ ઈસમો પાસેથી ૩૧.૯૯ લાખની રકમ વસૂલવામાં આવી, ૧૮ ઈસમો પાસેથી ૩૪૮૯.૬૭ લાખની રકમ વસૂલવાની બાકી છે.

)૫) ઉક્ત બાકી રકમ વસૂલવા ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં?

)૫) ઉક્ત બાકી રકમ વસૂલવા માટે ઉક્ત ઈસમો વિરુદ્ધ નોટિસ, વસૂલાત હુકમ, તેમજ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

**કચ્છ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

**15/4/1468** શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી )ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** — **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

)૧)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૩ | ૦૩ | ૦ |

અને

)૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

)૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
| | | | કીમી | ભાવ પ્રતિ કીમી (રૂપિયા) |
| ૧ | ૬૫ (૩૫ એસી સીટર અને ૩૦ એસી સ્લીપર) | કરાર તારીખ ૨૬/૧૦/૨૦૧૮<br>૫ વર્ષ + ૧ વર્ષ | ૪૦૦ | ૧૬.૬૦ |
| | | | ૪૦૧–૪૫૦ | ૧૬.૩૫ |
| | | | ૪૫૧–૫૦૦ | ૧૫.૭૫ |
| | | | ૫૦૧ –૫૫૦ | ૧૪.૬૭ |
| | | | ૫૫૧–૬૦૦ | ૧૪.૨૭ |
| | | | ૬૦૧–૬૫૦ | ૧૩.૯૦ |
| | | | ૬૫૧– ૭૦૦ | ૧૩.૬૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૭૦૧–૭૫૦ | ૧૩.૩૩ |
| | | | ૭૫૧–૮૦૦ | ૧૩.૦૬ |
| | | | ૮૦૦ અને વધુ | ૧૨.૮૧ |
| ૨ | ૨૦ (વોલ્વો સ્લીપર) | કરાર તારીખ ૨૬/૧૦/૨૦૧૮ ૫ વર્ષ + ૧ વર્ષ | ૪૫૧–૫૦૦ | ૨૩.૩૦ |
| | | | ૫૦૧– ૫૫૦ | ૨૨.૯૫ |
| | | | ૫૫૧–૬૦૦ | ૨૨.૧૧ |
| | | | ૬૦૧–૬૫૦ | ૨૦.૬૦ |
| | | | ૬૫૧– ૭૦૦ | ૨૦.૦૩ |
| | | | ૭૦૧–૭૫૦ | ૧૯.૫૧ |
| | | | ૭૫૧–૮૦૦ | ૧૯.૧૦ |
| | | | ૮૦૦ અને વધુ | ૧૮.૭૧ |
| ૩ | ૩૫ (૧૫ એસી સીટર + ૨૦ એસી સ્લીપર) | કરાર તારીખ ૨૦/૦૬/૨૦૧૯ ૫ વર્ષ + ૧ વર્ષ | ૪૦૦ | ૧૬.૫૫ |
| | | | ૪૦૧–૪૫૦ | ૧૬.૩૦ |
| | | | ૪૫૧–૫૦૦ | ૧૫.૭૧ |
| | | | ૫૦૧ –૫૫૦ | ૧૪.૬૩ |
| | | | ૫૫૧–૬૦૦ | ૧૪.૨૨ |
| | | | ૬૦૧–૬૫૦ | ૧૩.૮૬ |
| | | | ૬૫૧– ૭૦૦ | ૧૩.૫૭ |
| | | | ૭૦૧–૭૫૦ | ૧૩.૨૯ |
| | | | ૭૫૧–૮૦૦ | ૧૩.૦૨ |
| | | | ૮૦૦ અને વધુ | ૧૨.૭૭ |

**પત્રક–૨**

એજન્સીનું નામ:– મે. ચાર્ટડ સ્પીડ પ્રા.લી.

| અનુ. નં. | બસોની સંખ્યા | કરારનો સમયગાળો | કરારનો દર | |
|---|---|---|---|---|
| | | | કીમી | ભાવ પ્રતિ કીમી (રૂપિયા) |
| ૧ | ૫૦ વોલ્વો સીટર | કરાર તારીખ ૧૯/૦૯/૨૦૧૮ ૫ વર્ષ + ૧ વર્ષ | ૫૦૦ | ૨૩.૭૬ |
| | | | ૫૦૧ –૫૫૦ | ૨૩.૪૦ |
| | | | ૫૫૧–૬૦૦ | ૨૨.૫૫ |
| | | | ૬૦૧–૬૫૦ | ૨૧.૦૦ |
| | | | ૬૫૧– ૭૦૦ | ૨૦.૪૨ |
| | | | ૭૦૧–૭૫૦ | ૧૯.૯૦ |
| | | | ૭૫૧–૮૦૦ | ૧૯.૪૮ |
| | | | ૮૦૧ થી વધુ | ૧૯.૦૭ |

**પત્રક–૩**

એજન્સીનું નામ:– મે. ઈવે ટ્રાન્સ )GTC(

| અનુ. નં. | બસોની સંખ્યા | કરારનો સમયગાળો | કરારનો દર | |
|---|---|---|---|---|
| | | | કીમી | ભાવ પ્રતિ કીમી (રૂપિયા) |
| ૧ | ૫૦ ઈલેક્ટ્રિક વાહનો | કરાર વર્ષ ૨૦૨૨ સમયગાળો–૧૦ વર્ષ | ૨૦૦ | ૬૩.૩૦ |
| | | | ૨૦૦ થી વધુ | ૩૧.૬૫ |

**અમદાવાદમાં એક્સપ્રેસ, સ્ટેટ હાઈવેના માર્ગો પર ગતિ મર્યાદા**

**15/4/2177 :શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર** ) ચાણસ્મા) **:માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાંથી પસાર થતા એક્સપ્રેસ હાઈવે–સ્ટેટ હાઈવેના માર્ગો માટે ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ–૧૯૮૯ની કલમ–૧૮૪ તથા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ–૧૧૨ મુજબ પોલીસ કમિશ્નર દ્વારા ક્યારે ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી, | )૧) તા.૨૫/૦૩/૨૦૨૧ના જાહેરનામાથી. |

| | | | |
|---|---|---|---|
| )૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત ક્યા પ્રકારના માર્ગ ઉપર, ક્યા પ્રકારના વાહન માટે કેટલી સ્પીડ નક્કી કરવામાં આવી છે, | )૨) | પત્રક–અ |
| )૩) | ઉક્ત સ્પીડનો ભંગ કરનાર વાહનો માટે કેટલી રકમના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે, અને | )૩) | બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૨/૦૯/૨૦૧૯ના જાહેરનામા પ્રમાણે પોલીસ કમિશ્નર, અમદાવાદની સ્પીડ લીમીટ અંગેના જાહેરનામાનો ભંગ કરનાર વાહન ચાલકો વિરુધ્ધ નીચે મુજબના દંડની જોગવાઈ જણાવેલ છે. |

| અ.નં. | વાહનનો પ્રકાર | પ્રથમ વખત ભંગ બદલ | દ્વીતીય વખત ભંગ બદલ |
|---|---|---|---|
| ૧ | Two-Three Wheeler | 1500 | 2000 |
| ૨ | Tractor | 1500 | 2000 |
| ૩ | LMV | 2000 | 3000 |
| ૪ | Other Vehicle | 4000 | Disqualify for 6 months from holding a driving License |

)૪) દંડ પેટે ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વસૂલવામાં આવી ? )૪)

| ક્રમ | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ |
|---|---|---|
| | દંડ (રૂપિયા) | વસૂલાત (રૂપિયા) |
| ૧ | ૩,૫૦,૮૭,૦૦૦/– | ૧,૬૫,૯૬,૦૦૦/– |

**પત્રક–અ**

| અ.નં (Sr.No) | રોડનો પ્રકાર (Type of Road) | વાહનનો પ્રકાર (Type of Vehicle) | વાહન પ્રમાણે નક્કી કરેલ સ્પીડ (Speed Limit) |
|---|---|---|---|
| 1 | Express Way With excess control | Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicies) | 120 |
| | | Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's sest (M3 Category Vehicies) | 100 |
| | | Motor Vehicles used for carriage of goods (All N Category Vehicies) | 80 |
| | | Tractor | 40 |
| | | Motor Cycles | |

| | | | |
|---|---|---|---|
| | | (A) > 100 CC | 80 |
| | | (B) < 100 CC | - |
| | | Quadricycle | |
| | | (A) Passengers | - |
| | | (B) Non Passengers | - |
| | | Three-Wheelers Vehicles | - |
| 2 | 4 Lane and above divided (including National & state Highway) carriageway(roads with median strips/ Drivers) | Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicies) | 100 |
| | | Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's sest (M3 Category Vehicies) | 90 |
| | | Motor Vehicles used for carriage of goods (All N Category Vehicies) | 80 |
| | | Tractor | 40 |
| | | Motor Cycles | |
| | | (A) > 100 CC | 80 |
| | | (B) < 100 CC | 60 |
| | | **Quadricycle** | |
| | | (A) Passengers | 60 |
| | | (B) Non Passengers | 50 |
| | | Three-Wheelers Vehicles | 50 |
| 3 | State Highway (Other then those at No-2 ) | Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicies) | 80 |
| | | Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's sest (M3 Category Vehicies) | 75 |
| | | Motor Vehicles used for carriage of goods (All N Category Vehicies) | 70 |
| | | Tractor | 40 |
| | | Motor Cycles | |
| | | (A) > 100 CC | 70 |
| | | (B) < 100 CC | 60 |
| | | Quadricycle | |
| | | (A) Passengers | 60 |
| | | (B) Non Passengers | 50 |
| | | Three-Wheelers Vehicles | 50 |
| 4 | Road Within municipal Limits | Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicies) | 70 |
| | | Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's sest (M3 Category Vehicies) | 60 |
| | | Motor Vehicles used for carriage of goods (All N Category Vehicies) | 60 |

| | | | |
|---|---|---|---|
| | | Tractor | 30 |
| | | Motor Cycles | |
| | | (A) > 100 CC | 60 |
| | | (B) < 100 CC | 50 |
| | | Quadricycle | |
| | | (A) Passengers | 50 |
| | | (B) Non Passengers | 40 |
| | | Three-Wheelers Vehicles | 40 |
| 5 | Main District Road | Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicies) | 65 |
| | | Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's sest (M3 Category Vehicies) | 60 |
| | | Motor Vehicles used for carriage of goods (All N Category Vehicies) | 60 |
| | | Tractor | 30 |
| | | Motor Cycles | |
| | | (A) > 100 CC | 60 |
| | | (B) < 100 CC | 50 |
| | | **Quadricycle** | |
| | | (A) Passengers | 50 |
| | | (B) Non Passengers | 50 |
| | | Three-Wheelers Vehicles | 40 |
| 6 | Other District Road | Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicies) | 60 |
| | | Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's sest (M3 Category Vehicies) | 60 |
| | | Motor Vehicles used for carriage of goods (All N Category Vehicies) | 50 |
| | | Tractor | 30 |
| | | Motor Cycles | |
| | | (A) > 100 CC | 60 |
| | | (B) < 100 CC | 50 |
| | | Quadricycle | |
| | | (A) Passengers | 40 |
| | | (B) Non Passengers | 40 |
| | | Three-Wheelers Vehicles | 35 |
| 7 | Village Road | Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicies) | 50 |
| | | Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's sest (M3 Category Vehicies) | 50 |

| | | | |
|---|---|---|---|
| | | Motor Vehicles used for carriage of goods (All N Category Vehicles) | 40 |
| | | Tractor | 30 |
| | | Motor Cycles | |
| | | (A) > 100 CC | 50 |
| | | (B) < 100 CC | 40 |
| | | Quadricycle | |
| | | (A) Passengers | 40 |
| | | (B) Non Passengers | 40 |
| | | Three-Wheelers Vehicles | 30 |

## થરાદ તાલુકામાં પુન:વસનની કામગીરી

**15/4/2171 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ)** : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૮૯૮૯ (અગ્રતા–૨૫) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી(આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં આવેલ પૂરના કારણે થરાદ તાલુકાના ડોડગામ, ખાનપુર અને નાગલા ગામોના પુન:વસનની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | )૧) | ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવથી પુન:વસન નીતિ નક્કિ થયેલ છે. |
| )૨) | ઉક્ત વિચરણા/કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને પુન:વસનની કામગીરી પૂર્ણ કરવામાં આવશે? | )૨) | સત્વરે |

## સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા જમીન માંગણી

**15/4/2204 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ )વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :–**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા ક્યા પ્રકારની, કેટલી જમીન મેળવવાની અરજીઓ પડતર છે,

(૧)

| પડતરઅરજી ક્રમાંક | જમીનનો પ્રકાર )ક્યાં હેડે ચાલે છે તેની વિગત) | માંગણીનું ક્ષેત્રફળ )ચો.મી.) |
|---|---|---|
| ૧ | સરકારી પડતર | ૫૩૨૧૩૧ |
| ૨ | નામદાર સરકાર હસ્તક | ૬૪૫૬૭૧ |
| ૩ | નામદાર સરકારશ્રી | ૧૧૫૨૫૦ |
| ૪ | સરકારી પડતર | ૨૫૦૦૦ |
| | જૂની શરત | ૭૦૫૫૯ |
| ૫ | નવી અને અવિભાજ્ય | ૭૦૮૭૫૦ |
| ૬ | સરકારી પડતર | ૫૦૦૦૦ |
| ૭ | સરકારી પડતર | ૬૯૩૪૮૧ |
| ૮ | સરકારી પડતર | ૫૦૦૦૦ |
| ૯ | નામદાર સરકાર હસ્તક અને પોલીસ કમિશનરશ્રી, સુરત | ૨૯૮૫૦ |
| ૧૦ | નામદાર સરકાર | ૫૯૬૬૬૮ |
| ૧૧ | જૂની શરત | ૫૯૯૩ |
| | નામ સરકારશ્રી | ૧૦૪૩૩૦ |
| ૧૨ | સરકારી પડતર | ૩૪૪૧૫૬ |
| | બિન નંબરી | ૨૫૮૪૪ |
| ૧૩ | સરકારી પડતર | ૧૧૨૨૦૦ |
| ૧૪ | જૂની શરત | ૧૪૦૦૦૦ |
| ૧૫ | જૂની શરત | ૫૦૦૦ |
| ૧૬ | જૂની શરત | ૫૦૦૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કંપનીને ક્યા પ્રકારની, કેટલી જમીન શા ભાવે ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપનીને કોઇ જમીન ફાળવવામાં આવેલ નથી.

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ જમીન અન્વયે રાજ્ય સરકારને કેટલી આવક થઇ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજથી તરીયા ગામ સુધી પૂરસંરક્ષણ દિવાલ**

15/4/1693 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** )લુણાવાડા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજથી તરીયા ગામ સુધી પૂરસંરક્ષણ દિવાલ બનાવવાનું ક્યારે નક્કી થયેલ છે, | )૧) ભરૂચ જિલ્લામાં નર્મદા રેલવે બ્રિજથી તરીયા ગામ સુધી પૂરસંરક્ષણ પાળો બનાવવાનું, પ્રગતિ હેઠળની ભાડભૂત બૅરેજ યોજના અંતર્ગત નક્કી થયેલ છે. |
| )૨) ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, | )૨) ભાડભૂત બૅરેજ યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ઉક્ત પૂરસંરક્ષણ પાળા માટે જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |
| )૩) ઉક્ત કામગીરી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | )૩) ઉક્ત પૂરસંરક્ષણ પાળા માટેની જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોઈ કામગીરી પૂર્ણ થયેલ નથી. |
| )૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | )૪) ઉક્ત કામગીરી માટેની જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેથી દોઢ(૧.૫) વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ −૧૧૬)**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય સભ્યશ્રી ગેરહાજર.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય સભ્યશ્રી ગેરહાજર

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ

**માગણી ક્રમાંક− ૯**

**શિક્ષણ વિભાગ**

ડો. કુબેરભાઇ ડીંડોર (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૪,૮૫,૫૪,૧૦,૦૦,૦૦૦/− અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૬,૯૨,૦૧,૦૦,૦૦૦/− માગણી ક્રમાંક− ૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી**

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ )

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક– ૧૦**

**શિક્ષણ વિભાગ**

ડો. કુબેરભાઇ ડીંડોર (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૨,૦૯,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫૨,૫૧,૦૦,૦૦૦/– માગણી ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રી : માગણી ક્રમાંક–૧૦ પરની કાપ દરખાસ્ત આપનાર સભ્યશ્રી સસ્પેન્ડ હોવાથી મૂવ નહીં થાય.

**માગણી ક્રમાંક – ૯૩**

**આદિજાતિ વિકાસ વિભાગ**

ડો. કુબેરભાઇ ડીંડોર(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૩,૯૩,૨૬,૦૦,૦૦૦ /– અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૩૪,૩૬,૦૦,૦૦૦ /– માગણી ક્રમાંક ૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૩ રજૂ કરવામાં આવી**

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરવામાં આવી.

ડો. કુબેરભાઇ ડીંડોર(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧,૧૮,૯૦,૮૨,૦૦,૦૦૦ /– અને મૂડી ખર્ચ માટેની રૂ.૯૬,૦૭,૩૭,૦૦,૦૦૦/– માગણી ક્રમાંક– ૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૬ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

**Table 1**

| અ.નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદરખાસ્તરૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **શિક્ષણવિભાગ**<br>**માગણીનં .૯** | | |
| ૧ | ૨૨૦૨–સામાન્યશિક્ષણ ૦૧–પ્રારંભિકશિક્ષણ ૦૦૧–નિર્દેશઅનેવહીવટ ૦૧–EDN-7પ્રાથમિક ...બનાવવી રૂ .૫,૭૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, પાનાનં .૧૯ | ૧૦૦ | વિદ્યાર્થીઓ ઉપર અત્યાચાર કરનાર શિક્ષકો–આચાર્યો વિરુધ્ધ સખ્ત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| **૨ | _ _ " _ _ | ૧૦૦ | શિક્ષણના નામે ચાલતા ખાનગી કોચીંગ સેન્ટરોમાં ચાલતી ગેરરીતિઓની ઉચ્ચકક્ષાથી તપાસ કરી કડક પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા . | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં પ્રાથમિક શિક્ષકોની ઘટને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી શૈલેષ પરમાર |
| **૪ | _ _ " _ _ | ૧૦૦ | શિક્ષકો માટેની ભરતી અંતર્ગત ના નિયમોમાં વારંવા રફેરફાર કરવાને બદલે તે અંગેની ચોકકસ નીતિ | શ્રીઅમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અમલમાં મૂકવામાં તંત્રની નિષ્ફળતા . | |
| **૫ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં શિક્ષણના સ્તરને સંગીન બનાવી કોમર્શિઅલ કલાસીસોની વધતી જતી સંખ્યા પર અંકુશ લાવવામાં તંત્રની નિષ્ફળતા . | ડૉ .તુષાર ચૌધરી |
| **૬ | ૨૨૦૨–સામાન્યશિક્ષણ ૧૦૬–શિક્ષકો..સેવાઓ ૦૪–EDN-3પ્રાથમિક..સુધારણા રૂ.૪૭,૨૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, પાનાનં .૨૨ | ૧૦૦ | ગ્રામ્યકક્ષાએ સરકારીશાળાઓના શિક્ષણની નબળી સ્થિતિનેસંગીનબનાવવામાંતંત્રનીનિષ્ફળતા . | ગેનીબેનઠાકોર |
| ૭ | ૨૨૦૨–સામાન્યશિક્ષણ ૧૦૬–શિક્ષકો..સેવાઓ ૧૮–EDN-145ખાનગી...ચુકવણી રૂ.૬,૧૧,૦૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, પાનાનં .૨૨થી૨૪ | ૧૦૦ | રાજયમાં ઉંચા ફી ધોરણોને કારણે અભ્યાસ છોડી જતા વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાને અંકુશમાં લાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| **૮ | ૨૨૦૨–સામાન્યશિક્ષણ ૧૦૬–શિક્ષકો..સેવાઓ ૨૦–EDN-9બાળકો ...પ્રોત્સાહન રૂ.૩,૦૦,૧૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, પાનાનં .૨૨થી૨૫ | ૧૦૦ | કેન્દ્રના રીપોર્ટ બાદ પણ રાજયમાં વિદ્યાર્થીઓ દ્વારા શાળા છોડવાના વધતાં જતા દરને અટકાવવા માટે યોગ્ય પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઇમરાન ખેડાવાલા |
| **૯ | ૨૨૦૨–સામાન્યશિક્ષણ ૦૨–માધ્યમિકશિક્ષણ ૧૦૬–પાઠયપુસ્તકો રૂ .૭૫,૪૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, પાનાનં .૩૨થી૩૫ | ૧૦૦ | પાઠય પુસ્તકમંડળ દ્વારા ૨૦૧૭થી ચાલતા કાગળ ખરીદી અંગેના ટેન્ડરની શરતોમાં અયોગ્ય બદલાવ કરનાર જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમૃતજી ઠાકોર |
| **૧૦ | ૨૨૦૨–સામાન્યશિક્ષણ ૧૧૦–બિન–સરકારી...સહાય ૦૧–EDN-18બિન...વિકાસ રૂ .૨૨,૩૧,૫૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, પાનાનં .૪૨ | ૧૦૦ | ફી રેગ્યુલેશન કમિટી દ્વારા વિદ્યાર્થીઓના હિતને બદલે શાળા સંચાલકોના હિતમાં અપાતા નિર્ણયો અંગેની વ્યાપક ફરિયાદો છતાં ઉચ્ચ કક્ષાએથી તેની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| **૧૧ | ૨૨૦૨–સામાન્યશિક્ષણ ૦૩–યુનિવર્સિટી...શિક્ષણ ૦૦૧–નિર્દેશઅનેવહીવટ રૂ .૨૧,૦૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, પાનાનં .૪૮અને૪૯ | ૧૦૦ | ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ ઇનોવેશન સેન્ટર બિલ્ડીંગની જગ્યાઓ ખાનગી કંપનીઓ નેભાડેથી આપનાર જવાબદારો સામે સખ્તાઇથી પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાંલાંબાસમયથીપડતરલોકપાલોનીનિમણૂકકરવામાંતંત્રનીનિષ્ફળતા . | શ્રી કિરીટકુમાર પટેલ |
| *૧૩ | ૨૨૦૩–તકનિકીશિક્ષણ ૦૦૧–નિર્દેશઅનેવહીવટ ૦૧–TED-1તકનિકી...બનાવવું રૂ .૨,૧૦,૭૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં .૪, | ૧૦૦ | ટેકનીકલ એજયુકેશન હેઠળ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ અન્વયેના નિશ્ચિત ધારા ધોરણના અભાવે ઇજનેરી અધ્યાપકોના પગાર સંબંધિત વિસંગતતાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | પાનાનં .૮૧ | | | |
| **૧૪ | ૨૨૩૬–પોષણ<br>૦૨–પોષણ...વિતરણ<br>૧૦૨–મધ્યાહનભોજન<br>રૂ .૧૦,૮૬,૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૪,<br>પાનાનં .૧૦૪થી૧૦૬ | ૧૦૦ | રાજ્યની શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને પોષણયુકત ખોરાક આપવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અનંતકુમાર પટેલ |
| **૧૫ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાંસ્વૈચ્છીકસંસ્થાઓનેમધ્યાહનભોજનયોજનાની કામગીરીનહીઆપવા અંગેનાકેન્દ્રનાજાહેરનામાનોચુસ્તપણેઅમલકરાવવામાંતંત્રનીનિષ્ફળતા . | શ્રીગુલાબસિંહચૌહાણ |
| | | **માગણીનં .૧૦** | | |
| **૧૬ | ૨૨૦૫–કલાઅનેસંસ્કૃતિ<br>૧૦૧–લલિતકલાશિક્ષણ<br>૦૧–સંગીત...અનુદાન<br>રૂ .૩૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૪,<br>પાનાનં .૯૯ | ૧૦૦ | શાળાઓમાં નાટ્યકલા વિષયના શિક્ષકો તથા સંગીતના સાધનોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી જીગ્નેશ મેવાણી |
| | | **આદિજાતિવિકાસવિભાગ**<br>**માગણીનં .૯૩** | | |
| **૧૭ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૧–શહેરી...એલોપેથી<br>૮૦૦–અન્યખર્ચ<br>૦૧–HLT-51<br>આદિજાતિ...જોગવાઇ<br>રૂ .૪૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –.૨૪)ભાગ–૩ (<br>પાનાનં .૮ | ૧૦૦ | લોકપ્રતિનિધિઓની ફરિયાદો છતાં આદિજાતિ વિસ્તારોની સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને યોગ્ય સારવાર આપવા માટે અસરકારક પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમીત ચાવડા<br>)અરવિંદભાઇ લાડાણી( |
| ૧૮ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા<br>૦૧–પાણીપુરવઠો<br>૮૦૦–અન્યખર્ચ<br>૦૧–WSS-47આદિજાતિ..જોગવાઇ<br>રૂ.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –.૨૪)ભાગ–૩ (<br>પાનાનં .૧૦ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના છેવાડાના ગામોમાં પીવાના પાણી અને સિંચાઇની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કાન્તીભાઇ ખરાડી<br>)કિરીટકુમાર પટેલ( |
| ૧૯ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ૦૨–અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–વીકેવાય–૫૩<br>વહીવટી ...બનાવવું<br>રૂ.૫,૧૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં –.૨૪)ભાગ–૩ (<br>પાનાનં .૧૨ | ૧૦૦ | આદિજાતિકલ્યાણ માટે ફાળવેલ ગ્રાન્ટની રકમનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રનીનિષ્ફળતા . | ગેનીબેન ઠાકોર<br>)વિમલભાઇ ચુડાસમા( |
| **૨૦ | ૨૨૨૫–અનુસૂચિત..કલ્યાણ<br>૦૨–અનુસૂચિત..કલ્યાણ | ૧૦૦ | આદિજાતિના બાળકોને આપવામાં આવતાં શિક્ષણની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રીઅ નંતકુમાર પટેલ<br>)દિનેશભાઇ ઠાકોર( |

| | | | | |
|---|---|---|---|---|
| | ૨૭૭-શિક્ષણ ૦૧-વીકેવાય-૧ પ્રી મેટ્રીકમાં..યોજના રૂ.૫૯,૫૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં -.૨૪)ભાગ-૩ ( પાનાનં .૧૨ થી ૧૫ | | | |
| *૨૧ | __"__ | ૧૦૦ | જંગલ વિસ્તારોમાં વસતા આદિવાસીઓને વનવિભાગ દ્વારા થતી વ્યાપક કનડગતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ગુલાબસિંહ ચૌહાણ )શૈલેષ પરમાર( |
| **૨૨ | __"__ | ૧૦૦ | ગ્રામ્ય આદિવાસી વિસ્તારોને ટ્રાયબલની પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ .તુષાર ચૌધરી )અમૃતજી ઠાકોર( |
| | | **માગણીનં .૯૬** | | |
| *૨૩ | ૨૨૦૨-સામાન્યશિક્ષણ ૦૩-યુનિવર્સિટી...શિક્ષણ ૭૯૬-આદિજાતિ...યોજ ના ૦૪-END-28 સરકારી..વિકાસ રૂ.૭૦,૧૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં -.૨૪)ભાગ-૪( પાનાનં .૩૩અને ૩૪ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં નવી સરકારી કોલેજો સ્થાપવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા )ઇમરાન ખેડાવાલા( |

*** આ કાપ દરખાસ્તો સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી સભાગૃહમાં રજૂ થઇ નથી.**
****આ કાપ દરખાસ્તો સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થઇ નથી.**

**ઉપાધ્યક્ષશ્રીઃ** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે એના વિશે અમે સંમત થતા નથી. છેલ્લી બે ટર્મથી હું ધારાસભ્ય છું. ઉચ્ચ શિક્ષણની અંદર અગાઉ માનનીય જીતુભાઇ વાઘાણી હતા. અત્યારે માનનીય ઋષિકેશભાઇ છે. હું અભિનંદન આપીશ કે બહુ સારું કામ કરી રહ્યાં છે. વર્ષોથી કોમન યુનિવર્સિટી એક્ટ લાવવાનો હતો એ હિંમત કરીને લાવ્યા. અમારી પાર્ટીના વિરુદ્ધમાં જઇને મેં સતત એક કલાક સુધી સમર્થન આપ્યું અને સારી બાબત હોય ત્યાં અમે ચોક્કસ સમર્થન આપીએ છીએ. પણ શિક્ષણની બાબત છે એમાં પ્રાથમિક શિક્ષણની વાત કરવી છે. ગુજરાત સમાચારની અંદર એક સમાચાર મેં વાંચ્યા કે *(xxx) અમારા માનનીય સભ્યશ્રી જીજ્ઞેશભાઇએ આજની જ પ્રશ્નોત્તરીની અંદર પહેલા નંબરનો જે પ્રશ્ન પૂછયો હતો અને ૬૨ નંબરનો પ્રશ્ન મારો હતો. આ બંને પ્રશ્નની અંદર જુદાજુદા જવાબો છે. તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી હતી તો એની અંદર સામે લખ્યું છે કે વર્ગ-૧ની ૧૪૦ અને વર્ગ-૨ની ૯૮૨ જગ્યાનું મંજૂર થયેલું મહેકમ છે અને એની સામે ભરાયેલી જગ્યાઓ ૧૦૭ અને ખાલી જગ્યાઓ ૩૩ છે અને વર્ગ-૨ની અંદર ભરાયેલી જગ્યા ૫૪૨ અને ખાલી જગ્યા ૪૪૦ છે. મારા જવાબની અંદર એવું બતાવ્યું છે કે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ની ભરાયેલી જગ્યાઓની અંદર ૪૯ અને ખાલી જગ્યા ૪૩૯ અને વર્ગ-૨ ની અંદર ૭૨૩ અને ખાલી જગ્યા ૧૦૨૦ એટલે એકબાજુ તમે એમ કહો છો કે મંજૂર થયેલું મહેકમ એ ૯૮૨ છે અને ખાલી જગ્યાઓ ૧૦૨૦ કઇ રીતે આવી આ જ બતાવે છે કે *(xxx) અને પેપરની અંદર જે હકીકત આવેલી છે એ સાચી છે. સામાન્ય રીતે જી.એ.ડી.નો પરિપત્ર છે કે ૩ વર્ષની અંદર અધિકારીશ્રીઓની બદલી કરવી. આજે ૫-૫ વર્ષથી ગુજરાત સરકારને શું કોઇ સારા અધિકારી મળતા નથી કે પ્રાથમિક શિક્ષણ સચિવની બદલી કરી શકતા નથી? નેલ્સન મન્ડેલાએ કહ્યું છે કે એજ્યુકેશન ઇઝ ધ મોસ્ટ પાવરફુલ વેપન. વીચ યુ કેન યુઝ ટુ ચેઇન્જ ધ વર્લ્ડ. આ દુનિયાને પરિવર્તિત કરવી હોય, ચેઇન્જ કરવી હોય તો શિક્ષણ એ બહુ જરૂરી છે. અમે સર્ચ કરાવીએ તો સામેથી એમ જ થશે કે કોંગ્રેસ ડેટા લાવ્યું. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયમાં પી.જી.આઇ. એટલે કે પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્ષ ૨૦૨૩ અમે વાતો કરીએ છીએ આ શિક્ષણ કેન્દ્ર બનાવ્યું, ફલાણુ કેન્દ્ર બનાવ્યું. આટલા કરોડ રૂપિયા બજેટની અંદર વાપર્યા. છેલ્લાં પાંચ વર્ષની અંદર જયારથી આ ઇન્ડેક્ષ આવ્યું એની અંદર દિવસે દિવસે વર્ષ ૨૦૧૮ની અંદર ૮૦૮ માર્કસ સાથે આપણે ત્રીજા નંબરે હતા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને આજે વર્ષ ૨૦૨૩ ની અંદર ૫૯૯ સાથે આપણે પાંચમા, છઠ્ઠા નંબરે ધકેલાઇ ગયા છીએ. ચંદીગઢ, પંજાબ જેવાં રાજયો આપણાથી આગળ નીકળ્યાં છે. બીજો એક કેન્દ્ર સરકારનો એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ વર્ષ ૨૦૨૩ એની અંદર જે રિપોર્ટ આપ્યો છે એ આપણા બધા માટે શિક્ષણની અંદર કોઇ રાજકારણ હોઇ ન શકે. આપણા બધા માટે *(xxx) બાબત એવી છે કે ૧૪થી ૧૮ વર્ષના ૨૫ ટકા વિદ્યાર્થીઓને ગુજરાતી વાંચતા આવડતું નથી.

શ્રી કુંવરજીભા ન. હળપતિ : *(xxx) શબ્દ અસંસદીય છે આને રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમે યાદી વાંચજો. યાદી આપેલી છે. *(xxx) બાબત એ અસંસદીય શબ્દ નથી.

ઉપાધ્યક્ષશ્રી : ડો.કિરીટભાઇ, એક પણ વસ્તુ જે બોલે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાંધો નહીં દૂર કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : અને તમે પેલા શબ્દો બોલ્યા છો એ પણ રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ કે *( xxx)

ડો. કિરીટકુમાર ચી. પટેલ : સાહેબ, પેપરમાં આવેલી બાબત છે.

ઉપાધ્યક્ષશ્રી : પેપરમાં તો ગમે તે આવે. અહીંયા વિધાનસભામાં પેપરમાં આવેલું થોડું બોલાય? એ બરાબર નથી. તમે સ્કોપમાં બોલો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેપરમાં આવેલી હકીકત છે અને રેકર્ડ ઉપર છે.

ઉપાધ્યક્ષશ્રી : પેપરમાં આવેલી વસ્તુ અહીં ના ચાલે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રીએ બે પત્રો સચિવશ્રીને લખ્યા છે. તેનો જવાબ પણ મળતો નથી. જ્યારે માનનીય મંત્રી લેટર લખતા હોય અને તેનો જવાબ ન મળતો હોય તો સામાન્ય જનતાનું શું થતું હશે તે વિચારવા જેવી બાબત છે. ૧૪થી ૧૮ વર્ષના ૪૨.૫૭ ટકા વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચતા પણ આવડતું નથી. આપણે ક્કક્કભણે ગુજરાત અને રમે ગુજરાતક્કની વાત કરીએ છીએ. રાજ્યની અંદર છેલ્લાં પાંચ વર્ષમાં પ્રાથમિક શિક્ષકોનું ૪૧ હજાર જેટલું મહેકમ ઘટાડી દેવામાં આવ્યું છે. આપણે બાજૂના રાજ્યોની વાત કરીએ છીએ તો મહારાષ્ટ્રની અંદર ૨.૯૫ લાખનું મહેકમ છે, રાજસ્થાનની અંદર ૨.૯૯ લાખ, પશ્ચિમ બંગાળની અંદર ૫(પાંચ) લાખ અને ગુજરાતની અંદર ૨.૩ લાખનું પ્રાથમિક શિક્ષકોનું મહેકમ છે. આજે ટેટ, ટાટ પાસ થયેલા લાખો વિદ્યાર્થીઓ રાહ જોઇ રહ્યા છે. તેમની ભરતી થાય. રમશે ગુજરાતની માનનીય મંત્રીશ્રીએ હમણાં જ વાત કરી. ગુજરાત રાજ્યની અંદર ૫૫(પંચાવન) હજાર સ્કૂલોની અંદર રમવા માટેના મેદાન નથી. હમણાં જ એક શિક્ષકનો મારા ઉપર ફોન આવ્યો, પ્રાથમિક શિક્ષણની અંદર એચ.ટાટની વર્ષ ૨૦૧૨થી જે ભરતી થઇ છે તેમાં તેમની બદલીના કોઇ નિયમો બન્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બહાર જતા રહ્યા છે. હું ઉચ્ચ શિક્ષણની વાત કરું તો નેશનલ ઇન્સ્ટટ્યૂટ ઓફ રેન્કિંગ ફ્રેમવર્ક (એન.આઇ.આર.એફ) તેની અંદર છેલ્લાં પાંચ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૯થી આની શરૂઆત થઇ ત્યારથી દિવસે દિવસે હાયર એજ્યુકેશનની અંદર રેન્કિંગની અંદર આપણો નંબર આવ્યો નથી. હમણાં જ વર્ષ ૨૦૨૩નું એન.આઇ.આર.એફ. આવ્યું તેની અંદર નંબર એકથી દસની અંદર ગુજરાતની કોઇપણ યુનિવર્સિટી કે સંસ્થા આવી નથી. આઇ.આઇ.ટી. ગાંધીનગર તે ૨૪મા નંબરે છે. ટોપ ટેન યુનિવર્સિટીની અંદર ગુજરાતની એકપણ યુનિવર્સિટી નથી. ગુજરાત યુનિવર્સિટી ૬૮મા નંબરે છે. તે પણ કોંગ્રેસ સરકારે બનાવી છે. એવું ના કહેતા કે તમે શું કર્યું? અમે આટલી યુનિવર્સિટી બનાવી તમે શું કર્યું? ટોપ ટેન કોલેજની અંદર ગુજરાતની એકપણ કોલેજ નથી. ટોપ ટેન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની અંદર આઇ.આઇ.ટી. ગાંધીનગર ૩૧મા નંબરે છે. ટોપ ટેન એન્જિનિયરિંગ કોલેજની અંદર આઇ.આઇ.ટી. ગાંધીનગર ૧૮મા સ્થાને છે. ટોપ ટેન મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટની અંદર આઇ.આઇ.એમ. અમદાવાદ તે પણ પહેલા નંબરે છે. તે પણ કોંગ્રેસ સરકારે બનાવી હતી. તમે વાતો કરો છો કે અમે આટલી યુનિવર્સિટી બનાવી, આમ કર્યું, તેમ કર્યું. એકપણ સેલ્ફ ફાઇનાન્સ યુનિવર્સિટી, ખાનગી યુનિવર્સિટીએ તેની અંદર સ્થાન મેળવ્યું નથી. તમે સારી ખાનગી યુનિવર્સિટી આપો અમને વાંધો ન હોઇ શકે. અમે તેને સમર્થન કરીએ છીએ. અમારા પાટણની અંદર એમ.કે.યુનિવર્સિટી આપી. જે દિવસે યુનિવર્સિટીની મંજૂરી આપી તેના એક અઠવાડિયાની અંદર તમામ પ્રોપર્ટીની હરાજી થઇ ગઇ. જે જગ્યાએ યુનિવર્સિટીની માગણી કરી હતી ત્યાં માત્ર ફાર્મ હાઉસ હતું. આવી તો શું મજબૂરી સરકારની છે કે, જેની પાસે યુ.જી.સી.ના ક્રાઇટેરિયા પ્રમાણે પૂરતાં સાધનો ન હોય, પૂરતો ક્વોલિફાઇડ સ્ટાફ ના હોય અને માત્ર યુનિવર્સિટીના નામે ક્વોન્ટિટી વધારીને બેકાર વિદ્યાર્થીઓની ફોજ ઊભી કરવાનું કામ આપણે સૌએ કર્યું છે. તેની અંદર અમે પણ ભાગીદાર છીએ. કારણ કે અમે પણ સમર્થન આપ્યું છે. આવું ના થવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપ ભ્રષ્ટાચારમુક્ત એજ્યુકેશનની વાત કરો છો. હમણાં ગુજરાત યુનિવર્સિટીની અંદર નર્સિંગ ફેકલ્ટીની અંદર કોઇ સામાન્ય માણસોએ/કર્મચારીઓએ સપ્લીમેન્ટરી આધીપાછી કરી દીધી તો તેને જેલમાં પૂરી દેવામાં આવ્યા. આ વિધાનસભાની અંદર ચર્ચા થઇ અને મેં પ્રશ્ન ઉઠાવ્યો હતો. અમારી હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીની અંદર

---

*માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એમ.બી.બી.એસ. ફેકલ્ટીના પ્રથમ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૯ની અંદર ત્રણ વિદ્યાર્થીઓની સપ્લીમેન્ટરી બદલીને પાસ કરી દેવામાં આવ્યા. આપણી જ સરકારના એક સનિષ્ઠ અધિકારી આદરણીય શ્રી પંકજકુમારની તપાસ કમિટી નિમવામાં આવી, તપાસ કમિટીએ રિપોર્ટ આપ્યો કે, ૧૨ સપ્લીમેન્ટરી બદલી દેવામાં આવી છે, એમની સામે કાર્યવાહી થવી જોઇએ. એ વાઇસ ચાન્સેલર રિટાયર થઇ ગયા, એમનું પેન્શન પણ ચાલુ થઇ ગયું છતાં આજ દિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. જ્યારે સરકારના આવા કોઇ સનિષ્ઠ અધિકારી દ્વારા તપાસ કમિટી નિમવામાં આવેલી હોય અને એ કમિટીએ રિપોર્ટ આપ્યો હોવા છતાં એ રિપોર્ટ ઉપર કોઇ કાર્યવાહી ના થાય એ કેવું કહેવાય? અમે કોઇ ચમરબંધીને છોડતા નથી એવી માનનીય ગૃહમંત્રીશ્રી વાત કરતા હતા. ક્યાં જતા રહ્યા ખબર નથી. હું એમને ૧૦ વખત મળ્યો છું કે શિક્ષણમાં આવો ભ્રષ્ટાચાર ચાલી ના શકે. હું અભિનંદન આપીશ આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીજીને કે અહીંયા જ્યારે તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત યુનિવર્સિટીની અંદર કુલપતિ ડો.આદેશપાલ હતા એમના દ્વારા ભ્રષ્ટાચાર થયો હતો. એ ભ્રષ્ટાચારી કુલપતિને ૧૧ મહિનામાં કાઢી મૂક્યા હતા. એ જ ભ્રષ્ટાચારી કુલપતિની લોકાયુક્તમાં તપાસ થઇ અને લોકાયુક્તે રિપોર્ટ આપ્યો અને તેઓ દોષિત સાબિત થયા. દોષિત સાબિત થવા છતાં પણ રાજ્ય સરકારે પરિપત્ર કર્યો અને યુનિવર્સિટીને સૂચના આપી અને આજે એક મહિના પછી એ કુલપતિ તમામ લાભો સાથે રિટાયર થવાના છે અને એમની સામે કોઇ કાર્યવાહી થઇ નથી. જ્યારે *(xxx) તમે ભ્રષ્ટાચાર મુકત શાસનની વાતો કરતા હોય ત્યારે શિક્ષણમાં અને આરોગ્યમાં કોઇ દિવસ ભ્રષ્ટાચાર ચલાવી લેવાય નહીં.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : જ્યારે લોકાયુક્તે રિપોર્ટ આપ્યો હોય, જ્યારે મીડિયાની અંદર આની ચર્ચા થઇ હોય અને દસ-દસ વખત 'હું તો બોલીશ'ની અંદર કે મહામંથનની અંદર આની ચર્ચા થઇ હોય અને છતાં પણ એવા ભ્રષ્ટ અધિકારીઓ સામે કોઇ તપાસ ન થાય એ બહુ *(xxx) બાબત છે. આવો જ બીજો એક ભ્રષ્ટાચાર વર્ષ ૨૦૨૦માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ૪૨ જુનિયર ક્લાર્કની ભરતી થઇ. જે દિવસે ઇન્ટર્વ્યૂ હતા એના ૬ મહિના પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીને ૧૩ નામ આપવામાં આવ્યાં કે, આ ૧૩ જણાનું સિલેકશન થવાનું છે. ૨૮૦૦ ઉમેદવારોમાંથી એ ૧૩ જે નામ આપ્યાં હતાં એમાંથી ૧૧ જણાનું સિલેકશન કરવામાં આવ્યું. રાજ્ય સરકારે તપાસ સમિતિ નીમી છે છતાં હજુ પણ એમાં કંઇ થયું નથી. એના પછી ફરીથી ઉત્તરવહી ખરીદી કૌભાંડ થયું, સી.એ.જી.ના રિપોર્ટમાં સી.એ.જી.એ લખ્યું કે, ૩ કરોડનું કૌભાંડ થયું છે, એ.સી.બી. તપાસ કરે છે પણ હજુ કંઇ થયું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે વર્ષ ૨૦૨૨માં ૩ અધિકારીઓ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની પરીક્ષા નિયામક દ્વારા ભરતી કરવામાં આવી એમાં ૨૭૦ ઉમેદવારો હતા. ઇન્ટર્વ્યૂના બે દિવસ પહેલા આવેદન આપવામાં આવ્યું, મુખ્યમંત્રીશ્રીને પત્ર લખવામાં આવ્યો કે, આ ૩ જણાનું ૨૦-૨૦ લાખ રૂપિયા લઇને સિલેકશન થવાનું છે. એ ૩ જણાનું ખરેખર સિલેકશન થયું તેમ છતાં કોઇ કાર્યવાહી કરવાને બદલે આજે એ ૩ જણાને રેગ્યુલર કરવામાં આવ્યા છે. મારો કહેવાનો અર્થ એ છે કે, માનનીય મંત્રીશ્રી સારી બાબત લઇને આવતા હોય તો અમે ચોક્કસ સમર્થન કરીએ છીએ પણ આજે હું આને સમર્થન આપી શકતો નથી.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ ભારતીય જનતા પાર્ટીની સરકારનો એક મહત્ત્વનો અને કોર સબજેકટ રહ્યો છે. આ સરકારે વર્ષ ૨૦૦૧માં નરેન્દ્રભાઇ મોદી સાહેબે સત્તાના સૂત્રો હાથમાં લીધા ત્યારે રૂપિયા ૩૫૯૫ કરોડ આ રાજયનું બજેટ હતું. એ બજેટ હું છેલ્લાં પાંચ વર્ષનું કહું તો વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૩૧ હજાર કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૩૨ હજાર કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૩૪ હજાર કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૪૩ હજાર કરોડ અને માનનીય કનુભાઇ એ જે આજનું બજેટ માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં મૂકયું તે રૂપિયા ૫૫૧૧૪ કરોડ. ગયા વર્ષના પ્રમાણમાં એ બજેટની અંદર રૂપિયા ૧૧,૪૬૩ કરોડનો વધારો. રૂપિયા ૩ લાખ ૩૦ હજાર કરોડની નજીકનું બજેટ તેમાં પણ રૂપિયા ૫૫ હજાર કરોડ જો શિક્ષણ પાછળ ખર્ચાતા હોય તો આ બંધારણની શરૂઆત વખતે જે ભાવના વ્યકત કરાયેલી તે ભાવનાને અનુરૂપ બજેટ છે. ત્યાં સુધી આજે ઘણાં રાજયો પહોંચી ના શકયા હોય ત્યાં ગુજરાતમાં ૨૦ ટકા બજેટ તે શિક્ષણની પાછળ ખર્ચાય. ભારતીય જનતા પાર્ટી કહે છે કે આ બજેટને શિક્ષણની પાછળ ખર્ચી અને શિક્ષણને માટે કયા પ્રકારનો વિચાર તે આનો એક સીધો દાખલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબા સાહેબ આંબેડકરજી કહેતા હતા કે જે શિક્ષણ એ સિંહણના દૂધ જેવુ છે. જે પીવે છે તે ગર્જ્યા વગર રહેતો નથી. ગુજરાતની અંદર જયારે આ શિક્ષણની વાત આવે ત્યારે કોંગ્રેસના સભ્ય હમણાં બોલતા હતા હું ડિબેટની અંદર બેસતો હોઉં છું, ત્યારે એ લોકોની પાસે શિક્ષણમાં બોલવા માટે ઘણા બધા ભ્રામક વિચારો હંમેશા રહ્યા છે. શિક્ષણનું વ્યાપારીકરણ થયું. ભાઇ, તમે તો ૧૧ હજાર સ્કૂલ મૂકીને ગયા હતા. ભાઇ, શિક્ષણમાં વધારો થયો નથી. અત્યારે આખા દિલ્હીનું, આખા દેશની સરકારનું પોર્ટલ છે, તેમાં તમે જોઇ લો તો ૫૬ હજાર સ્કૂલ તે ભારતીય જનતા પાર્ટી શાસિત ગુજરાતની અંદર છે. કયાં ૧૧ હજાર અને કયાં ૫૫ હજાર? અને ડો. કિરીટભાઇ હું તમને એનો જવાબ આપું તો મને ખબર જ હતી (અંતરાય ) તમારા તથાકથિત આંકડા છે તે ૧૧ હજારમાંથી જે સરકારી શાળાઓ છે તે ૩૫ હજાર છે અને ૫૫ હજારમાંથી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ખાનગી ૨૦ હજાર શાળા છે અને ૩૫... (અંતરાય) ડો.કિટીટકુમાર તો પ્રોફેસર છે. ઊભા થઇ અને હમણાં જ જો ગુગલ કરશે તો એની અંદરથી સરકારનો ઓફિશિયલ પોર્ટલ આવશે તેની અંદર આંકડો તેમને દેખાશે. (અંતરાય )

માનનીય અધ્યક્ષશ્રી, આ ડ્રોપ આઉટ રેશિયો. જયારે તેમને ઘ્યાન હોવું જોઇએ કે ડ્રોપ આઉટ રેશિયો ૩૬ ટકા હતો. જે લોકો ઓરડાની વાત કરે છે કે આ ઓરડા એ શ્રી નરેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી, શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧ લાખ ૬૦ હજાર જેટલા ઓરડાઓ અહીંયા આગળ મૂકયા છે. વર્ષ ૨૦૦૧ની અંદર એન્ટ્રોલમેન્ટ રેશિયો ૭૫ ટકા હતો, જે અત્યારે ડો. કિરીટકુમાર ૧૦૦ ટકા સુધી પહોંચ્યો છે. ડ્રોપ આઉટ રેશિયો ૩૭ ટકા હતો જે અત્યારે ૨.૮૦ ટકા ઉપર આવીને અટકયો છે. ૨.૮૦ એ પણ એટલા માટે કે ગુજરાતનો વિકાસ થયો અને જયાં ભાજપની સરકાર નથી ત્યાંથી ઘણા બધા લોકો અહીંયા રોજગારી માટે આવે છે અને (અંતરાય )

ઉપાધ્યક્ષશ્રી : ડો.કિરીટભાઇ, તમે શાંતિથી બેસો તેમને બોલવા દો.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ ઘરે જયારે પાછા જાય ત્યારે તે ડ્રોપ આઉટની અંદર આ ૨.૮૦ ટકામાં મોટો આંકડો એ છે. વર્ષ ૨૦૦૧ની અંદર એ ૩૮ વિદ્યાર્થીએ એક કલાસ હતો જે વર્ષ ૨૦૨૧ની અંદર ૨૬ વિદ્યાર્થીએ એક કલાસ છે. એટલે મેં કહ્યું ૧ લાખ ૬૦ હજાર ઓરડા (અંતરાય ) તેમના પ્રવક્તાઓને ૧ લાખ ૬૦ હજાર ઓરડા બની ગયા છે તે આંકડો ઘરે જઇને આપે કારણ આજે તે લોકો છે નહીં. આટલા વખતની અંદર ૨ લાખ શિક્ષકો વધ્યા (અંતરાય ) ઘણી વખત ગમે નહીં તો પણ સાંભળવું પડે અને સાંભળે એમનો અમને આનંદ છે. બે લાખ શિક્ષકો વધ્યા. એનો અર્થ એ કે વર્ષ ૨૦૦૧ એક શિક્ષકદીઠ ૪૦ વિદ્યાર્થી ભણતા હતા. અત્યારે એક શિક્ષકે ૨૮ વિદ્યાર્થી ભણે છે. પર્ફોર્મન્સ ક્રેડિટમાં ગુજરાત ઘણા લાંબા સમયથી આખા દેશમાં ટૉપ ઉપર છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે માનનીય કનુભાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં એમણે ક્કનમો લક્ષ્મીક્ર યોજનાની વાત કરી છે. આ યોજનામાં ધો.૯થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓને રૂ.૧૦,૦૦૦/-થી રૂ.૫૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે. આ યોજના પાછળ રૂ.૧૨૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત નમો સરસ્વતી યોજનામાં STEM એટલે કે સાયન્સ, ટૅકનૉલૉજી, એન્જિનિયરીંગ અને મેથ્સના સંકલનથી જે શિક્ષણ આપવામાં આવે એને STEM કહેવાય. આ STEM સાથે જે વિદ્યાર્થી ભણવા માગતો હોય એને ધો.૧૧માં રૂ.૧૦,૦૦૦/- અને ધો.૧૨માં રૂ.૧૫,૦૦૦/- આપવામાં આવે છે. પ્રાઇવેટ ટ્યુશનમાં અને ક્લાસીસમાં પૈસાવાળાનાં બાળકો ભણતાં હોય ત્યારે ગરીબ વિદ્યાર્થી બેસી ન રહે એ માટે માનનીય કનુભાઇ આવા વિદ્યાર્થીઓની વ્હારે આવ્યા કે તમારે ભણવું છે તો સરકાર તમને ધો.૧૧માં રૂ.૧૦,૦૦૦/- આપશે. ધો.૧૨માં આવશો તો રૂ.૧૫,૦૦૦/- આપશે. એના કારણે વિજ્ઞાન પ્રવાહમાં બેથી પાંચ લાખ સુધીની વિદ્યાર્થી સંખ્યા વધશે અને આવનારા દિવસોમાં સાયન્સ અને ટૅકનૉલૉજીથી ભણતા વિદ્યાર્થીઓ ગુજરાતમાં હાયર એજ્યુકેશન પ્રાપ્ત કરી વિશ્વનું નેતૃત્વ કરશે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત નવા ઓરડા, સ્માર્ટ ક્લાસ અને કૉમ્પ્યુટર માટે શ્રી કનુભાઇ સાહેબ રૂ.૩૦૦૦ કરોડ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના કારણે ગામડે-ગામડે વિદ્યાર્થીઓ સારા વાતાવરણમાં ભણી શકશે. આ સરકારનું ચરિત્ર ગામડાના વિદ્યાર્થીઓ માટે સમર્પિત છે કારણ કે, જો સ્કૂલ જિલ્લા મથક પર હોય તો દા.ત. કોઇ વિદ્યાર્થી દાહોદમાં હોય તો એ ભણી શકે પણ જો ગરબાડા કે ઝાલોદમાં ભણતો હોય તો એ વિદ્યાર્થી શિક્ષણથી દૂર રહી જાય છે. આ સરકાર એ ગામડામાં બેઠેલા વિદ્યાર્થી માટે પણ વિચારે છે. જો ચલાલામાં રહેતા વિદ્યાર્થીને અમરેલી જવું હશે. વાપીમાં રહેતા વિદ્યાર્થીને સન્ટર પર જવું હશે તો આવા ૧ લાખ વિદ્યાર્થીઓને રૂ.૨૬૦ કરોડના ખર્ચે એસ.ટી.માં ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા આ સરકારે કરી છે. આ સરકારે જે વ્યવસ્થાઓ કરી છે એના કારણે આવનારી એન.ઇ.પી.ના કારણે ૧૧૯ સંસ્થાનું ૩,૧૧,૦૦૦ વિદ્યાર્થીઓનું મેપિંગ થઇ ગયું. જે ઍકેડેમિક બેંક ઓફ ક્રેડિટ સાથે જોડાશે. નેશનલ એજ્યુકેશન પૉલિસીના કારણે કોમન કેરિક્યુલમ ઓફ ક્રેડિટ ફ્રેમ વર્કને મજબૂત કરવામાં આવશે. આવનારા દિવસોમાં જે ખાનગી યુનિવર્સિટીઓ આવે છે એ પણ મનમાની ન કરે એના માટે એને મંજૂરી મળે એના માત્ર બે વર્ષમાં નેક ઍક્રેડિશન લેવું ફરજિયાત છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો પોઇન્ટ. અગત્યનો પોઇન્ટ છે. એક જ મિનિટ. માનનીય નરેન્દ્રભાઇ મોદી ગિફ્ટ સિટી કરી રહ્યા છે. સેમિ કન્ડક્ટર કરી રહ્યા છે. આ પ્રકારના વિષયો માટે પણ ગુજરાતનો વિદ્યાર્થી તૈયાર થાય એના માટે પણ રૂ.૩૪ કરોડની માતબર રકમ આપી છે. વિશ્વમાં અમૃતકાળનું આ પહેલું બજેટ છે અને અમૃતકાળમાં વિશ્વને ભારત લીડ કરે અને એમાં પણ ગુજરાત આગળ રહે એના માટે માનવબળ ઊભું કરતું આ બજેટ છે. હું માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય કનુભાઇ દેસાઇ સાહેબને માગણી ક્રમાંક- ૯ અને ૧૦માં સમર્થન આપું છું.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર આદિજાતિ વિભાગની માગણી ક્રમાંક: ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા મક્કમ અને મૃદુ મુખ્યમંત્રી અને આદરણીયશ્રી કનુભાઇ દેસાઇને મારે એટલા માટે અભિનંદન આપવા છે કે ગયા વખતે આદિજાતિ વિભાગ માટે રૂ.૩,૪૯૩ કરોડનું બજેટ આપ્યું હતું અને આ વખતે

રૂ.૪,૩૭૪ કરોડનું એટલે કે રૂ.૯૦૦ કરોડના વધારા સાથેનું બજેટ આપ્યું છે. આદિજાતિ વિકાસની દોડ પર બાળકો ભણી શકે, છેવાડાના માનવીને પાણી અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ મળે, વનબંધુ કલ્યાણ યોજનાના ૧૦ મુદ્દાઓમાં તે વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંતા કરી હતી. આદિવાસી વિસ્તારના ઉમરગામથી અંબાજી સુધીના ૧૫ જિલ્લાઓમાં લગભગ ૫,૮૭૨ ગામડાઓમાં આદિવાસી સમાજની એક કરોડની વસ્તી થવા જાય છે. મારે આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે, જ્યારે અમે નાના હતા ત્યારે અમે ફાનસનો દીવો લઇને શાળામાં અભ્યાસ કરતા હતા. તે સમયે રસ્તા અને પાણી જેવી પાયાની સગવડો પણ ન હતી. થેલો લઇને ૫–૫ કિ.મી. ચાલીને શાળાએ જતાં. તે વખતે અમને પણ ભણવાની ઉત્સુકતા હતી. અમારે પણ ડૉક્ટર અને કલેક્ટર બનવું હતું પણ તે વખતે અમારી કોઇએ ચિંતા કરી ન હતી. અમે પણ તે સમયે ટેલેન્ટેડ જ હતા પણ આર્થિક પરિસ્થિતિના લીધે આ વિસ્તારનાં બાળકો ભણી શકતાં ન હતાં. મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીયશ્રી નરેન્દ્રભાઇ સાહેબને અભિનંદન આપવા પડે છે કે તેમણે ભિક્ષામાં છેવાડાના માનવીના દીકરા–દીકરીઓ માગ્યા. તમારા દીકરી–દીકરાઓને શાળામાં ભણવા મૂકો. આ ગૃહના બધા સભ્યો આ યજ્ઞમાં જોડાયા અને આજે મારે દિલથી વટભેર બોલવું છે કે, આ વિસ્તારમાં આરોગ્યની ચિંતા કરીને સારા દવાખાનાં બનાવ્યાં. પહેલાં દવાખાનામાં ૧૦૮ની સેવા આવતી ન હતી. મને કહેતાં આનંદ અને ગર્વ થાય છે કે, આ વિસ્તારમાં શાળા અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ મળ્યા છે. હું આદરણીયશ્રી મોદી સાહેબને આદિવાસીઓના મસીહા કહું તો પણ ખોટું નથી. તેનું કારણ આજે આદિવાસી સમાજની થયેલી ઉન્નતિ છે. તેનું ઉદાહરણ આપણા માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર કે જે આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કારણે જ પ્રોફેસર બન્યા છે. જ્યારથી આ ભાજપની સરકાર આવી ત્યારથી શિક્ષણનો મોલ, શિક્ષણના ફાલ ખૂખ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ અમારા માનનીય મંત્રીશ્રી કુંવરજી હળપતિ પણ શાળામાં પ્રિન્સિપાલ હતા. આદિવસી વિસ્તારમાં શિક્ષણ, પાણી, વીજળી, રસ્તા અને રોજગાર જેવી પાયાની સુવિધાઓ મળે તેવી વ્યવસ્થા આ સરકાર કરી રહી છે. એક લાખ કરોડ રૂપિયાનું બજેટ આપ્યું છે. આવું કોઇએ જોયું નથી. ન ભૂતો, ન ભવિષ્ય. હું સત્યની સાથે વાત કરું છું. આ વિસ્તારમાં જો કોઇએ કામ કર્યું હોય તો એ ભાજપના રાજમાં થયું છે. કોઇને ગમે કે ન ગમે. આજે સવારે કેટલાક લોકોએ ગંભીરતાથી વિષય લીધો હતો ત્યારે મારે વાત કરવી છે. ક્કનકલી કચેરીઓ પકડાઇ છેક્ર એવો વિષય લીધો હતો. એ હકીકત છે અને અમે જાણીએ છીએ. પણ ભૂતકાળમાં તો બાકોરા બધા પોલા થઇ ગયા. તમને ખબર હોય તો આવા ભ્રષ્ટાચારોથી આ સરકાર ખદબદી ગઇ હતી, પૂરી પણ થઇ ગઇ અને જતી પણ રહી. માનનીય શ્રી કુબેરભાઇને મારે અભિનંદન આપવા છે કે એમણે ફોન પર મને માહિતી આપી કે, ક્કતમારા વિસ્તાર બોડેલીમાં નકલી કચેરી પકડાઇ છેક્ર. મેં કહ્યું, ક્કપકડી લો અને જે હોય એને જેલમાં મોકલી દો.ક્ર મારે માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇને પણ અભિનંદન આપવા છે. હું ફોનનો સાક્ષી છું. હું બોડેલીમાં હતો અને એમનો ફોન આવ્યો. મેં કહ્યું, ક્કમને કંઇ ખબર નથીક્ર. કોઇ સૈયદ કે જે હોય એની સામે સાંજે એફ.આઇ. આર. દાખલ કરવામાં આવી. આ સરકાર ભાજપની સરકાર છે. ગમે એવો ચમરબંધી હોય તો પણ એને છોડવાનો નથી. મારે બીજી પણ એક વાત આદર્શ નિવાસી શાળાઓની કરવી છે. આશ્રમ શાળાઓના વિકાસ માટે રૂ. ૭૩૫ કરોડની જોગવાઇ કરી છે. આવું અમે પહેલી વખત જોયું. બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે રૂ.૫૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદર્શ નિવાસી શાળાઓ હોય, મૉડલ રેસિડેન્શિયલ શાળા હોય કે એકલવ્ય મૉડલ શાળાઓ હોય. આ શાળાઓમાં કોમ્પ્યુટર હોય, રહેવાની સારી વ્યવસ્થા હોય, પાણીની વ્યવસ્થા હોય, ભોજનની વ્યવસ્થા હોય. આદિવાસી વિસ્તારમાં આ પ્રકારની શાળાઓ ભાજપની સરકારે આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી મેડિકલની જગ્યાઓ પહેલાં ભરાતી નહોતી પણ આ સરકારની સૂઝબૂઝના કારણે મેડિકલની જગ્યાઓ ભરાઇ ગઇ. અમારા દીકરાઓ ડૉકટર પણ બનવા લાગ્યા. આ સાચી હકીકત છે. આદિવાસી વિસ્તારોમાં સારા આવાસો, પીવાનું પાણી, વીજળી અને સિંચાઇનું પાણી પણ મળવા લાગ્યું છે. પહેલાં પીવાનું પાણી પણ નહોતું મળતું. પહેલાં બહેનોને પાણી ભરવા માટે માથે બેડાં લઇને વેડીએ જવું પડતું હતું. અમારા વિસ્તારમાં ગુજરાત પેટર્ન યોજના હેઠળ માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે બે–બે હજાર બોર આપ્યા. આજે આદિવાસી વિભાગની માંગણી આવી છે એની હું વાત કરું છું. મારા વિસ્તારમાં ૪૨૪ ગામો છે. ડુંગરની તળેટીઓમાં પહેલાં શાળાઓ પણ નહોતી. હમણાં રૂ. ૬૦ લાખના ખર્ચે છ ઓરડા મંજૂર કર્યા છે આ માટે ભાજપની સરકારને અને અમારા માનનીય મંત્રીશ્રીઓને અભિનંદન છે. અમને પૂછવામાં આવે છે કે તમને શું જોઇએ છે? અમારા વિસ્તારમાં શિક્ષણની ભૂખ જાગી છે. સરકારી છાત્રાલયોના બાંધકામ માટે રૂ. ૨૫૫ કરોડ અને ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૧૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમારા બાળકો તંદૂરસ્ત બને એ માટે અમારી સરકાર દૂધ સંજીવની યોજના લઇને આવી છે. આદિવાસી વિસ્તારમાં તમામ બાળકોને દૂધ આપવાની યોજના ખૂબ સારી છે અને અમારા બાળકોમાં તંદૂરસ્તી પણ આવી છે. ૧૩ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવ્યો છે. પહેલાં અમારી પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. ડો.કિરીટકુમાર અમારા વિસ્તારમાં સારો વિકાસ થયો છે. તમારે સાચી વાત મૂકવી જોઇએ. ખોટું થયું છે એ અમે સ્વીકારીએ છીએ પણ એ ભૂલને સુધારી દેવી જોઇએ. ભૂતકાળમાં ભૂલો થઇ. એક ટ્રેકટર આવે, રસ્તો બનાવવાનો હોય અને કપચી પાછી બીજે લઇ જાય અને પાછો રસ્તો બનાવે. આવી પરિસ્થિતિ હતી. આજે વન બંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસી વિસ્તારમાં ઉમરગામથી અંબાજી સુધી લખોટી ગગડે

એવા રોડ બન્યા છે. આ હકીકત સાચી છે. આદિવાસી વિસ્તારમાં તમે આવો. તમે તો શહેરી વિસ્તારમાં રહો છો, તમને સમજણ ના પડે. અમારા વિસ્તારમાં ગામડામાંથી સ્કૂલે આવવું હોય તે માટે અમારા માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ નવી બસો મૂકી દીધી છે. આદિવાસી વિસ્તારમાં નવી બસો આવી છે. વિદ્યાર્થી બસમાં સ્કૂલમાં આવે અને બસ એને પાછી ઘરે મૂકવા જાય. એકલવ્ય મૉડલ શાળા મારા ગામની બાજુમાં છે હું એની વાત કરું તો, આદિવાસીઓના ૧૭૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એક દિવસ હું ભોજનના સમયે ખાનગી રીતે પહોંચી ગયો. હું જમવા બેઠો ત્યારે દાળ, ભાત, રોટલી અને શાક હતું. આ માનનીય નરેન્દ્રભાઇની મહેરબાની છે. તેઓશ્રીએ આદિવાસી વિસ્તારની ચિંતા ના કરી હોત તો અમારા છોકરા આજે કલેકટર અને મામલતદાર બને છે એ બન્યા ન હોત. હવે હું ડો. કિરીટકુમારને લઇ જઇશ અને બતાવીશ કે અમારા વિસ્તારમાં શું ચાલે છે! માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઇ ડિંડોર સાહેબ આદિજાતિ વિભાગની માગણી ક્રમાંક–૯૩ અને ૯૬ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ માટેના હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં જણાવું તો આદિ–અનાદિ કાળથી સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જો કોઇએ જાળવણી કરી હોય તો તે આદિવાસી સમાજે કરી છે. આદિવાસી સમાજ લડાયક સમાજ છે. આઝાદીની લડાઇમાં અનેક દેશ તથા અનેક રાજ્યોમાં જયાં–જયાં પણ આઝાદી માટે લડવું પડે એમાં આ સમાજે મોટું બલિદાન અને યોગદાન આપ્યું છે. ભૂતકાળોની સરકારોએ આઝાદી પછી આદિવાસી સમાજ ઉપર જે ધ્યાન આપવું જોઇએ એ આપ્યું નથી. એના કારણે આદિવાસી સમાજ મુખ્ય ધારાથી વિખૂટો પડ્યો, ઉપેક્ષિત થયો અને ભૂતકાળની સરકારોએ એમનો માત્રને માત્ર વૉટબેંક તરીકે ઉપયોગ કર્યો છે. આજે સભાગૃહના સભ્યશ્રીઓને મારે જણાવવું છે કે, જયારે ગુજરાત રાજય મહારાષ્ટ્ર રાજ્યથી અલગ થયું ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણ ખાતાનું બજેટ માત્ર રૂ. ૫૮ કરોડ હતું. એની સરખામણીમાં સમગ્ર આદિવાસી સમાજ માટે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ રાજયના મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૭માં આ સભાગૃહમાં નિયમ–૪૪ પ્રમાણે રૂ.૧૫ હજાર કરોડ આપીને આદિવાસી સમાજ અને આદિવાસી વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય એના માટેની ચિંતા કરી છે. એમાં દસ મુદ્દાઓ આધારિત જેવા કે, પાંચ લાખ કુટુંબોને રોજગારીની વાત હોય, શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસની વાત હોય, આદિવાસી વિસ્તાર આર્થિક બાબતે આગળ વધે એની વાત હોય, વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતાની વાત હોય, બારમાસી રસ્તાઓની વાત હોય, સૌના માટે આરોગ્યની વાત હોય, શહેરી વિકાસની વાત હોય, સૌને માટે ઘરની વાત હોય, સૌને માટે પીવાના પાણીની વાત હોય અથવા આદિવાસી વિસ્તારમાં સિંચાઇ માટે અને ખેડૂતો માટે હરિયાળી ક્રાંતિની વાત હોય. આ બધું જ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આદિવાસી સમાજમાં શક્ય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ માટે રૂ.૧૫૦૦૦ કરોડના આશીર્વાદ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આદિવાસીઓને મળ્યા. એની સામે ૧૭,૮૩૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને આદિવાસી વિસ્તારનો સર્વાંગી વિકાસ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધીમાં બીજી પંચવર્ષીય યોજનામાં રૂ.૪૦ હજાર કરોડની સામે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૬૭ હજાર કરોડ રૂપિયા ખર્ચીને આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થાય એના માટેની ચિંતા આ રાજય સરકારે કરી છે. મારે આ ગૃહની અંદર સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી આદરણીયશ્રી કનુભાઇ પટેલ સાહેબનો આભાર એટલા માટે માનવો છે કે વર્ષ ૨૦૨૪–૨૫ ના વર્ષમાં આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ૪,૩૭૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને આદિવાસીઓની ચિંતા કરી છે. એટલા માટે મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા શિક્ષણની ખૂબ મોટી વાતો થતી હતી. આદિવાસી મહિલાઓમાં શિક્ષણની ટકાવારી વર્ષ ૨૦૦૧માં ૩૬ ટકા હતી, ત્યારે એ મહિલાઓના શિક્ષણની ચિંતા કરીને દેશના સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી એ સમયે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરુ કર્યો. જેના પરિણામે આદિવાસી સમાજના શિક્ષણ દરમાં વધારો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજના યુવાનોને યોગ્ય તક મળે તો સમાજમાં ઉત્તમ યોગદાન આપવા માટે તે હંમેશા તત્પર હોય છે. થોડાં વર્ષો પહેલાં એવી સ્થિતિ હતી કે રાજયની ઇજનેરી, ડિપ્લોમા તથા ફાર્મસી કોલેજોમાં આદિજાતિ સમાજની બેઠકો ખાલી રહેતી હતી. એનું એકમાત્ર કારણ એ હતું કે ભૂતકાળની કોંગ્રેસની સરકારોએ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આદિવાસી વિસ્તારમાં આપી નહોતી. જેના પરિણામે આદિવાસી વિસ્તારના મારા વિદ્યાર્થીઓ ડૉકટર નહીં બની શકયા, ઇજનેર નહીં બની શકયા. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે દરેક તાલુકાની અંદર એક વિજ્ઞાન પ્રવાહની શાળા મળે એવું આયોજન કર્યું. જેના કારણે આદિવાસી વિસ્તારમાં ડૉકટરો, ઇજનેર, વકીલો કે પાયલૉટ બન્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિવાસી સમાજ માટે કહું તો અમે તો શબરી માતાના વંશજો છીએ. ઉઠતા, જાગતા, બેસતા જયાં હોય ત્યાં અમને રામ રામ કહેવાનું સંસ્કૃતિમાં વરદાન મળ્યું છે. પૂરા રાષ્ટ્રમાં રાષ્ટ્ર આખું રામમય અને રામરાષ્ટ્રમય

બની ગયું. એમ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંતા કરીને આદિવાસી સમાજને આગળ લઇ જવાનું કામ કર્યું છે. જેમ,

હર ઘર મેં એક હી નામ, એક હી નારા ગુંજેગા,
મેરે ભારત કા બચ્ચા બચ્ચા જય જય શ્રી રામ બોલેગા.

એમ આદિવાસી વિસ્તારમાં વિશ્વમાં ભારત દેશના ખૂણે ખૂણે અને રાજ્યના ખૂણે ખૂણે તથા આદિવાસી વિસ્તારના ખૂણે ખૂણે હર નાગરિક ભાઇ બહેનના મૂખે એક હી નામ ચલ રહા હૈ. મોદી, મોદી. એમ આદિવાસી બચ્ચાઓમાં પણ એક હી નામ ચલ રહા હૈ. મોદી, મોદી. ભારત માતા કી જય. વંદે માતરમ્. જય જય ગરવી ગુજરાત.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે વિવિધ માગણીઓ લઇને આવ્યા છે એમને મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક મહત્ત્વની બાબત ઉપર આજે આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસંધાને અગાઉ RUSA રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન યોજનાનો ગત તા. ૨૪ જૂન, ૨૦૨૩થી પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન, પી.એમ. ઉષાના નવા નામથી નવા પ્રાવધાન સાથે શરૂ કરવામાં આવેલ. ગુજરાત માટે આજની એક ગૌરવશાળી ઘટના ઉપર આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા જમ્મુથી સવારે આજે ૧૧–૦૦ વાગે ઉચ્ચ શિક્ષણના વિવિધ ૭૮ પ્રોજકટ માટે દેશના દરેક રાજયોની યુનિવર્સિટીઓ માટે રૂ. ૭૮૦૦ કરોડના બજેટની જાહેરાત કરવામાં આવી છે. વિશેષ કરીને ગુજરાત માટે આજનો દિવસ ખૂબ ગૌરવવંતો છે. પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન, પી.એમ. ઉષા અંતર્ગત ગુજરાતની બે યુનિવર્સિટીને મલ્ટી ડિસિપ્લિનરી એજયુકેશન એન્ડ રિસર્ચ ટીમ ~~કકકમેરુકક~~ MERU હેઠળ રૂ.૧૬૦૦ કરોડનું અનુદાન આજ રોજ જાહેર કરવામાં આવ્યું છે. તે પૈકી બે યુનિવર્સિટી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીને રૂ.૧૦૦ કરોડ અને જયાં હું ભણ્યો છું, જેની હું પ્રોડકટ છું એવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટને ૧૦૦ કરોડ રૂપિયા આજે એનાયત કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અન્ય ચાર યુનિવર્સિટીમાં એટલે કે ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ, ક્રાંતિગુરુ શ્યામજી પ્રસાદ યુનિવર્સિટી કચ્છ, સરદાર પટેલ યુનિવર્સિટી આણંદ, દરેકને યુનિવર્સિટીના સશકિતકરણ માટે ૨૦–૨૦ કરોડ રુપિયાની આજ રોજ ફાળવણી કરવામાં આવેલી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પ્રણાલીઓમાં અનેક સંસ્થાકીય અને માળખાકીય ફેરફારોના વિચાર સાથે અમલમાં આવેલી છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ–૨૦૨૦ના વિઝન અને ધ્યેયને વેગ આપવા માટે એક ચોક્કસ રોડમેપ બનાવીને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે અનેકવિધ પગલાઓ લીધેલ છે. NEP ૨૦૨૦ના અમલીકરણમાં અન્ય રાજયોની હરોળમાં ગુજરાત સરકાર સૌથી આગળ છે. વર્ષ ૨૦૨૩માં ૧૧ જેટલી રાજયોની યુનિવર્સિટીઓમાં એક સમાન કાયદો લાવી NEP ૨૦૨૦માં સૂચવેલા માર્ગદર્શનનો ત્વરિત ગુજરાત સરકારે અમલ કરેલો છે. ગુજરાત વિધાનસભા દ્વારા ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ ૨૦૨૩ લાગુ કરવામાં આવેલ છે. આ કાયદાથી ૧૧ સરકારી યુનિવર્સિટીઓમાં વહીવટ, શિક્ષણ, પરીક્ષાઓ, વિદ્યાર્થીલક્ષી અન્ય બાબતો માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દર્શાવેલ તમામ સુધારાઓ કરવામાં આવેલ છે. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ ૨૦૨૩ની કલમ ૨૧માં દર્શાવ્યા મુજબ રાજય સરકાર દ્વારા એક મોડલ સ્ટેચ્યૂ પ્રદાન કરવામાં આવશે અને દરેક યુનિવર્સિટીએ તે મૉડેલ સ્ટેચ્યૂનો અમલ કરવાનો રહેશે. ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં એકસેસ અને ઇક્વિટી સુનિશ્ચિત કરવા માટે ૧૦૮ યુનિવર્સિટી જે પૈકી ૧૬ પબ્લિક યુનિવર્સિટી, ૨ સેન્ટ્રલ યુનિવર્સિટીઓ, ૧૦ ઇનસ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સ, ૨ સેન્ટ્રલ ડિમ્ડ યુનિવર્સિટીઓ, ૬૫ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ અને ૧૩ સેકટોરીયલ યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવે છે. ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં એડમિશન માટે એક એડમિશન કોમન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ અંતર્ગત યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. જેમાં શરૂઆતથી અંત સુધી વિવિધ અભ્યાસક્રમોની એડમિશન પ્રક્રિયાઓને સંચાલિત કરવામાં આવે છે. આ પોર્ટલ એકદમ સરળ અને સુરક્ષિત એપ્લિકેશન દ્વારા વિકસાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૪થી ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ગુજરાત કોમન એડમિશન પોર્ટલ દ્વારા એડમિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તેમજ આગામી શૈક્ષણિક સત્રથી રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની એડમિશન પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે. ગુજરાત સરકારે બહુવિધ આંતરશિસ્ત, શિક્ષણ અને સંશોધન માટે ૭ યુનિવર્સિટીને સેન્ટર ઓફ એક્સલન્ટ તરીકે જાહેર કરેલ છે. તે પૈકી અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ, સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદ, ચારૂસેટ યુનિવર્સિટી, ચાંગા, ડી.એ.આઇ.આઇ.સી.ટી. કોલેજ, ગાંધીનગર, મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, નિરમા યુનિવર્સિટી, ગોતા, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવેલ છે. એન.ઇ.પી. ૨૦૨૦નો ડેશબોર્ડનું વ્યાપક આયોજન અને ડિઝાઇનિંગ કરેલ છે. ઇન્ડિયન નોલેજ સિસ્ટમને લગતા અભ્યાસક્રમો અને કાર્યક્રમો શરૂ કરવા માટે ગુજરાત ટેનોલોજીકલ યુનિવર્સિટી નોલેજ બોર્ડ, ઇન્ડિયન નોલેજ સિસ્ટમની સ્થાપના કરવામાં આવી છે.

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે એન.ઇ.પી. ૨૦૨૦ સેલની રચના કરી છે જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના તમામ પાસાઓનું નિરીક્ષણ અને અમલીકરણ સુનિશ્ચિત કરશે. એન.ઇ.પી. ૨૦૨૦ને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે ટૂંકાગાળાની એટલે કે ૧થી ૩ વર્ષ, મધ્યમગાળાના એટલે કે ૪થી ૬ વર્ષ અને લાંબાગાળાના એટલે કે ૭થી ૧૦ વર્ષના લક્ષ્યાંકો પણ તૈયાર કર્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા કોમન કેરીકુલમ એન્ડ ક્રેડિટ ફ્રેમવર્કની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર, એસ.ઓ.પી. જાહેર કરવામાં આવી છે. તેનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪થી પ્રવેશ મેળવનાર તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને લાગુ પડશે તેમજ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ અને ઓટોનોમસ કોલેજોએ ગુજરાત સરકાર દ્વાર બહાર પાડવામાં આવેલ. આ સામાન્ય એસ.ઓ.પી.નો ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે હેતુને ધ્યાનમાં લઇ બહુશાખાકીય સર્વગ્રાહી શિક્ષણ મલ્ટી ડિસિપ્લિનરી હોલિસ્ટિક એપ્રોચ એજ્યુકેશન પ્રદાન કરવા માટે અભ્યાસક્રમો શરૂ કરવાની એન.ઇ.પી.૨૦૨૦માં જોગવાઇ છે અને તે અંતર્ગત શ્રી કે.કા.શાસ્ત્રી ગવર્નમેન્ટ કોલેજ કોન્ફિગેશન સેન્ટર ઓફ એક્સલન્ટ હેઠળ એક જ કેમ્પસની ૬ કોલેજોને યુ.જી.સી.ની ભલામણ મુજબ ક્લસ્ટર કરીને કન્ફિગેશનની સ્થાપના કંપની એક્ટના સેકશન–૮ મુજબ કરવામાં આવી છે. જે મલ્ટી ડિસિપ્લિનરી કોર્સિસ સાથે ક્રેડિટ ટ્રાન્સફર, વોકેશનલ એજ્યુકેશન અને અન્ય ટેકનોલોજીનો ઉપયોગ મલ્ટીપલ એન્ટ્રી મલ્ટીપલ એકઝીટ વગેરેનો કરશે. ગુજરાત સરકાર એન.ઇ.પી. ૨૦૨૦ના અમલીકરણ માટે સમગ્ર દેશમાં સૌથી અગ્રીમ હરોળમાં છે અને એનો સારી રીતે ક્રમશઃ અમલ થઇ રહ્યો છે. આ માટે ગુજરાત સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને માનનીય નાણામંત્રીશ્રીએ જે માતબર રકમની બજેટમાં જોગવાઇ કરીને ફાળવણી કરી છે એના માટે એમને પણ અભિનંદન આપું છું અને મારી વાણીને વિરામ આપું છું. ધન્યવાદ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ૪–૩૦ વાગ્યે ફરીથી મળશે.

**(વિરામ સાંજના ૩–૫૦થી ૪–૩૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અરવિંદભાઇ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહમાં વર્ષ ૨૦૨૪–૨૫ ના વર્ષની અનુદાનો માટેની માગણી ક્રમાંક– ૯૩ અને ૯૬ આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર સાહેબ આ સભાગૃહમાં લઇને આવ્યાં છે જેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસની નવી પરિભાષા અંકિત કરવાના ધ્યેય સાથે વર્તમાન રાજ્ય સરકારે ઉમરગામથી અંબાજી સુધીના પટ્ટામાં વસતા આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ દ્વારા વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત કરી હતી. જેનો હાલમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબ દ્વારા આદિવાસીઓના વિકાસનું સફળ અમલીકરણ કરી રહ્યા છે. આદિવાસીઓના કલ્યાણનું વિઝન છેલ્લા બે દાયકાથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા શરૂ કરવામાં આવેલ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂપિયા એક લાખ કરોડ બે હજાર ઉપરાંતની રકમ હાલની વર્તમાન સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવેલ છે. તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અધ્યોધ્યામાં ભગવાનશ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કર કમલથી કરવામાં આવી અને હવે આદિજાતિ વિકાસમાં રામ રાજયની શરૂઆત થઇ એમ કહુ તો ખોટું નથી. ગુજરાતનો ડાંગ જિલ્લો અને સબરી ધામ આદિવાસીની અસ્મિતાના પ્રતિક સમાન શ્રી રામના પાવન પગલાં જે ભૂમિ ઉપર પડ્યાં હતાં તે ગુજરાતની ભૂમિ ઉપર વિકસવા અને વસવા મળ્યું એ સૌનું સદભાગ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી,ભારતના પૌરાણિક કાળમાં ડાંગ પ્રદેશ ડંકારણ્યથી ઓળખાય છે. આદિવાસીઓનો પ્રદેશ માતા શબરી વિના રામાયણ અધૂરી છે. શબરીના એઠાં બોર ખાઇને ભગવાન રામે આદિજાતિ માતાની વાત્સલ્ય અને મમતાની અનુભૂતિ કરી હતી. આપણા વૈશ્વિક નેતા અને લોકલાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અમારા ધરમપુર જેવા વિસ્તારમાં વિભાગીય પ્રચારક તરીકે આદિવાસીની રહેણીકરણી અને એમની જરૂરિયાતથી વાકેફ છે. એમને ધ્યાનમાં રાખીને જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન આદિજાતિઓ માટે વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત કરી એમના પગલે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારા નાણામંત્રીશ્રી જે અમારા આખા આદિવાસી પટ્ટામાં એમણે આદિવાસીઓ માટે બધું જ એમણે ધ્યાનમાં રાખીને અત્યારે આ નાણાકીય જોગવાઇ કરીને આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે.  આઝાદીના શતાબ્દી વર્ષ એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકસિત ભારત ૨૦૪૭નું આહવાન કર્યું છે. વિકસિત ભારતના આ સંકલ્પમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ દ્વારા આદિજાતિ વિસ્તારના વિકાસ માટે અનેકવિધ સફળતા હાંસલ કરવા માટે વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૧૮,૭૫૪ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ હતી. આદિવાસીના વિસ્તારમાં સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. સદર યોજના હેઠળ આદિજાતિના વિકાસ માટે ૨૦૨૧–૨૨ના વર્ષમાં અને વર્ષ ૨૦૨૫–૨૬ સુધીમાં આગામી વર્ષ માટે માળખાકીય સગવડો તેમજ સામૂહિક વ્યક્તિગત વિકાસનાં કામો માટે રૂપિયા એક લાખ કરોડનો ખર્ચ કરવાનું આયોજન કર્યું છે.

ન્યુ ગુજરાત પેટર્ન યોજના આદિજાતિ વિસ્તારમાં સ્થાનિક ધોરણે હાથ ધરવામાં આવતા વિકાસનાં કામોમાં ૧૦૦ ટકાની જોગવાઇનો વધારો ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ છે. જે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૨૫૩૦ લાખની સામે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૫૦૬૦ લાખનો બમણો વધારો કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારમાં પાયામાં શિક્ષણ રહેલું છે એ શિક્ષણની ગુણવત્તા સુધરે એ માટે માનનીય નાણામંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારા આદિજાતિ મંત્રીશ્રી ડીંડોર સાહેબ દ્વારા જે આશ્રમશાળાઓના જર્જરિત મકાનો હતા એ જર્જરિત મકાનોનું આધુનિકરણ કરવા માટે રૂ. ૨૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરીને બાળકોના શિક્ષણનો વ્યાપ સુધારવા માટે આ કામગીરી કરવામાં આવી છે. એ ઉપરાંત જે મોડલ સ્કૂલો, જે આદર્શ નિવાસી શાળા, જે સમરસ હોસ્ટેલો અને બીજું અનેક રીતે ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે એ માટે જે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે અને એમાં પણ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ જે એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ ભારત સરકારની માનવ વિકાસ સંસાધન યોજના અંતર્ગત એકલ્વય મોડલ સ્કૂલ, જી.એમ.આર.એસ., ગર્લ્સ રેસિડન્સી સ્કૂલ, મોડલ સ્કૂલ, સૈનિક સ્કૂલ એમ ૧૦૧ સ્કૂલોમાં ૩૫૦૩૦ જેટલા વિદ્યાર્થીઓએ આજે અભ્યાસ કરી રહ્યા છે. એ રીતે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણીઓ અનુક્રમ નં. ૯ અને ૧૦ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન માટેના અભિગમ સાથે રાજય સરકારના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. સ્કૂલિંગ સુનિશ્ચિત કર્યા બાદ દરેક બાળકનું લર્નિંગ પણ સુનિશ્ચિત કરવાના ધ્યેયથી શ્રેણીબદ્ધ શૈક્ષણિક ગુણવત્તા સુધારણાનાં પગલાઓ રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યાં. શાળાઓને સ્પર્ધાત્મક તથા માળખાકીય રીતે શ્રેષ્ઠ બનાવવામાં આવે અને બાળકોને શૈક્ષણિક સગવડો, ભૌતિક સુવિધાઓ, સ્માર્ટ કલાસરૂમ જેવી અભ્યાસની પ્રવૃત્તિ સહિતનું આકર્ષક શાળા સંકુલ મળી રહે તો શૈક્ષણિક ગુણવત્તામાં મહત્ત્વનો સુધારો થઇ શકે. ઉત્તમ અને ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજયમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી મિશન સ્કૂલ ઓફ એકસેલન્સ પ્રોજેકટનું અમલીકરણ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજયની તમામ ૪૦૦૦૦ જેટલી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને લાભાન્વિત કરવામાં આવશે. એ પૈકી સૌથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી કુલ ૧૫૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ ૫૦૦૦ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ કુલ મળીને ૨૦૦૦૦ શાળાઓ વિશ્વકક્ષાની માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતોથી સજ્જ કરવામાં આવશે. આશરે રૂ.૧૨૫૦૦ કરોડના રાજયના આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેકટ માટે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ વર્લ્ડ બેંક યુ.એસ. ૭૫૦ મિલિયન અને એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ બેંક યુ.એસ. ૨૫૦ મિલિયન દ્વારા મળીને કુલ એક બિલિયન યુ.એસ. ડોલર મંજૂર કરવામાં આવ્યા છે. વર્લ્ડ બેંક દ્વારા શિક્ષણ ક્ષેત્રે સમગ્ર ભારતમાં રાજયસ્તરનું આ અત્યાર સુધીનું સૌથી મોટું ફન્ડિંગ છે તેમજ એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ બેંક શિક્ષણક્ષેત્રે પ્રથમ વાર આ પ્રકારનો પ્રોજેકટ ગુજરાતના શિક્ષણ વિભાગ સાથે કરી રહી છે. આ પ્રોજેકટમાં અમુક નક્કી કરેલ ટારગેટ ડી.એલ.આઇ.એસ. આધારિત ફંડિંગ આપવામાં આવશે. આ પ્રોજેકટ અંતર્ગત શાળાઓમાં આવતાં પાંચ વર્ષમાં કુલ ૫૦ હજાર નવા વર્ગખંડોનું નિર્માણ, ૧.૫ લાખ નવા સ્માર્ટ કલાસરૂમ, ૨૦ હજાર નવી કોમ્પ્યુટર લેબ, ૫(પાંચ) હજાર, સ્ટેમ લેબ વિગેરે પૂરું પાડવાનું લક્ષ્ય છે. જેના થકી રાજયની ૫૦ ટકા શાળાઓ એટલે કે ૨૦ હજાર શાળાઓમાં ભણતા ૮૦ ટકાથી વધુ એટલે કે આશરે ૫૬ લાખથી વધુ વિદ્યાર્થીઓને ફાયદો થશે. આ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા અને ધોરણ અનુરૂપ અભ્યાસની સુવિધા આપવા માટે દરેક ધોરણદીઠ એક શિક્ષક અને દરેક ધોરણદીઠ એક વર્ગખંડની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. આ મિશન અંતર્ગત કોઇપણ શાળાઓ બંધ કરવામાં આવશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રીના હસ્તે તારીખ ૧૯મી ઓકટોબર ૨૦૨૦ના રોજ ગાંધીનગર અડાલજ મુકામે મિશન સ્કૂલ ઓફ એક્સલન્સનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. સમગ્ર દેશમાં શાળાકીય શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે આ પ્રકારનો આ પહેલો પ્રોજેકટ છે. આગામી સમયમાં આ પ્રોજેકટને કારણે અંદાજે રાજ્યના એક કરોડથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે અને આવનારી પેઢીને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે મદદરૂપ થશે. મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અમલીકરણનું રિયલ ટાઇમ મોનિટરિંગ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતેથી કરવામાં આવશે. મિશન સ્કૂલ ઓફ એકસલન્સ હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન સરકારી તેમજ અનુદાનિત શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને સુદઢ બનાવવાના હેતુથી રૂ.૩૫૦૦ કરોડથી વધુના ખર્ચે ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ૧૫ હજાર નવા વર્ગખંડો બનાવેલ છે તેમજ ૧૫ હજારથી વધુ નવા વર્ગખંડોનું કામ પ્રગતિમાં છે. મારા વિસ્તારની વાત કરું તો મારા કઠલાલ અને કપડવંજ તાલુકાની અંદર આ પ્રોજેકટ હેઠળ ૭૧થી વધુ પ્રાથમિક શાળાઓની અંદર ૩૧૦ કરતાં વધુ ઓરડા મંજૂર કરવામાં આવ્યા છે ત્યારે હું માનનીય શિક્ષણમંત્રીશ્રીનો અને નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. ૨૫ હજાર વર્ગખંડોનું અપગ્રેડેશન કાર્ય પૂર્ણ થયેલ છે તેમજ ૪૫ હજારથી વધુ વર્ગખંડોનું કાર્ય પ્રગતિમાં છે. ૬૫ હજારથી વધુ સ્માર્ટ કલાસરૂમ બની ગયેલ છે અને બીજા ૪૩ હજાર સ્માર્ટ કલાસરૂમનું કાર્ય પ્રગતિ હેઠળ છે. ૫(પાંચ)હજારથી વધુ કોમ્પ્યુટર લેબ બની ગયેલ છે અને બીજી ૧૫ હજાર કોમ્પ્યુટર લેબની કામગીરી પ્રગતિમાં છે. શાળાઓમાં ગુણવત્તાયુક્ત

શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે ૩૦ હજારથી વધુ વિદ્યા સહાયક અને જ્ઞાન સહાયકની નિમણૂક કરવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસીનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ગુજરાત રાજ્ય અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ તથા માનનીય શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન જાહેર કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક–૯ અને ૧૦ લઇને આવ્યા છે ત્યારે તેમાં વાત કરું તો શિક્ષણ એક એવી બાબત છે કે જે માણસને સંપૂર્ણ માણસ બનાવે છે, સંસ્કારી બનાવે છે અને દેશ અને દુનિયાને નવી દિશા બતાવે છે. અહીં આપણે જોઇએ તો ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ એ પાયો છે અને તેમાં આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ખૂબ ધ્યાન આપ્યું છે અને હવે વડાપ્રધાન થયા છે ત્યારે પણ ખૂબ ધ્યાન આપી રહ્યા છે. હું એ વાત કરીશ કે, ગુજરાત રાજ્યની અંદર પ્રાથમિક શાળાના ઓરડા જોઇએ તો તેની સંખ્યા ૨(બે) લાખ ૩૧ હજાર છે. તેમાંથી ૪૦ હજાર વર્ગખંડો જર્જરિત થઇ ગયા છે. આ વર્ગખંડોના નવા બાંધકામ માટે માનનીય મંત્રીશ્રી આ માગણી લઇને આવ્યા છે. ત્યારે એમાં ૫ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮–૧૯, વર્ષ ૨૦૧૯–૨૦, વર્ષ ૨૦૨૦–૨૧, વર્ષ ૨૦૨૧–૨૨, વર્ષ ૨૦૨૨–૨૩ સુધીમાં ૨૮ હજાર જેટલા વર્ગખંડો બાંધવામાં આવ્યા છે. આ વર્ષ ૨૦૨૪–૨૫ સુધીનું શિક્ષણનું જે આયોજન છે, એમાં માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ યથાયોગ્ય છે કારણ કે, શિક્ષણ એ આવશ્યક બાબત છે. શિક્ષણ, આરોગ્ય અને પુરવઠો એ જીવનમાં ખૂબ જ આવશ્યક છે અને એટલા માટે આપણા દેશના વડાપ્રધાને પણ શિક્ષણ ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. આપણા દેશનું ધન છે એ બાળકો છે એ ભણે–ગણે અને આગળ વધે તો જ આપણા દેશનો વિકાસ થાય, આપણા ગુજરાતનો વિકાસ થાય અને એટલા માટે જ વર્ષ ૨૦૨૪–૨૫માં ૩૦ હજાર શાળાના નવા ઓરડા બનાવવાના છે અને એમાંથી ૧૨ હજાર જેટલા ઓરડાઓ તો બની ગયા છે અને બીજા ૪ હજાર ઓરડા પ્રગતિમાં છે અને બાકીના વર્ગખંડોનું ટેન્ડર બહાર પડી ગયું છે. આપણે ધારાસભ્ય તરીકે આપણા વિસ્તારમાં જઇએ તો ઘણી વખત એવી રજૂઆત આવે કે આ વર્ષ ૨૦૨૪–૨૫માં વર્ગખંડોનું કામ છે એ વહેલીતકે થાય એ ખૂબ જરૂરી છે અને એની સૂચના પણ આપણા માનનીય મંત્રીશ્રીએ આપી દીધી હશે. આજે પ્રાથમિક શાળાના ઓરડા એવા બનાવવામાં આવે છે કે, બાળકોને નિશાળમાં બેસવું ગમે, કોંગ્રેસના સમયના વર્ગખંડો આપણે જોયા છે કેવા હતા? આજુ બાજુ પથ્થરો હોય, વિલાયતી નળિયા હોય, વરસાદ વર્ગખંડની અંદર પડતો હોય એવામાં બાળકોને બેસતા આપણે આપણા જીવનમાં જોયા છે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે આ ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ પછી અને તેમાંય વર્ષ ૨૦૦૯માં આર.ટી.ઇ. પ્રમાણે ૯ હજાર જેટલા વર્ગખંડો બનાવવાના હતા અને એ પણ આધુનિક ઢબના બનાવવાનું આપણે શરૂ કર્યું અને એ રીતે આજે વર્ગખંડો તમે જુઓ તો બાળકોને એક મંદિર જેવું લાગે. વર્ગખંડોની આજુબાજુ વરંડો બનાવવામાં આવે અને અંદર બગીચો હોય, વૃક્ષો હોય અને રેમ્પ બનાવીને સરસ મજાના વર્ગખંડો બનાવવાનું કામ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આપણા આદરણીય નાણામંત્રીશ્રી અને આદરણીય શિક્ષણ મંત્રીશ્રીએ જ્યારે આવું સરસ મજાનું કામ કર્યું છે ત્યારે એમને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના કાળમાં બાળકોને એમને એમ બેસી રહેવા ન દીધા. આપણા દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આફતને અવસરમાં પલટાવી અને આફતને અવસરમાં પલટાવે એનું નામ મોદી સાહેબ અને આજે એટલા માટે દુનિયા ઝૂકી રહી છે. જે લોકો દેશમાં અને દુનિયામાં તેમનો વિરોધ કરતા હતા એ લોકો જાણે છે કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કોરોનામાં આખા દેશને બચાવ્યો એટલું જ નહીં, શિક્ષકોને ફરજ પાડી કે તમે માસ્ક પહેરીને શેરીઓમાં અને ફળિયાઓમાં જાવ અને બાળકોને ભણાવો અને એ રીતે આપણે સૌ ધારાસભ્યશ્રીઓએ બાળકોને ભણતાં જોયાં છે. ભલે કોંગ્રેસના મિત્રોને એમનો વિરોધ હશે પણ સાચી વાત તો કરવી જોઇએ. વિરોધ પક્ષમાં છો એટલે વિરોધ જ કરો એવું નહીં. હમણાં શ્રી અર્જુનભાઇ મોઢવાડિયાને એવું કહેતાં સાંભળ્યા કે, મોદી સાહેબના હાથે લખાયું હશે એટલે રામ મંદિર બન્યું. આવી સાચી વાત હોય એ સ્વીકારો. આજે તમે ૧૫ જ કેમ છો? સાચા રસ્તે ચાલવું જોઇએ તો તમે ૬૦–૭૦ એ આવી જશો. દેશનું કામ છે, આ બાળકો એ આપણા દેશનું ધન છે એનું સંવર્ધન સારું થાય, આપણી સંસ્કૃતિનું જતન કરે એવા વિદ્યાર્થીઓ આપણે તૈયાર કરવાના છે. હમણા માનનીય કિરીટભાઇ કહેતા હતા કે, "બાળકોને વાંચતા આવડતું નથી." અરે સાહેબ, આપણાં બાળકો એટલા બધા ઇન્ટેલિજન્ટ છે કે, શાળાના વર્ગખંડોમાં આપણે જઇએ તો કમ્પ્યુટર ફીટ કરેલા છે અને એનો લાભ પણ આપણા શિક્ષક મિત્રો લે છે અને બાળકોને એનો લાભ મળે છે અને રીતે બાળકો ખૂબ હોંશિયાર છે. આજે ઘણી વખત મોબાઇલ આપણને ઓપરેટ કરતા ન આવડે પણ આજનાં બાળકો એટલો સરસ ઓપરેટ કરી શકે છે, કમ્પ્યુટર પણ ખૂબ સરસ રીતે ઓપરેટ કરી શકે એટલા હોંશિયાર છે ત્યારે બાળકો ખૂબ ભણે ગણે અને આગળ વધે એ માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા(ભાવનગર–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઇ ડિંડોર જે માગણી નંબર–૯ અને ૧૦ જે લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું અને શિક્ષણ વિભાગ પરની ચર્ચામાં મારા વિચારો રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, વિકસતા આપણા રાષ્ટ્રમાં આજે સૌ કોઇ શિક્ષણના મહત્ત્વથી વાકેફ છે. રાષ્ટ્રને વિકાસની દિશામાં આગળ લઇ જવા માટે જવાબદાર નાગરિકની મહત્ત્વની ભૂમિકા રહેલી છે અને દેશ માટે સારા નાગરિક બનાવવાની ક્ષમતા અને પ્રક્રિયા માત્ર શિક્ષણ પાસે છે તેથી જ તો આ સરકારે શિક્ષણનાં પ્રત્યેક ઘટકને પુષ્ટ કરવા જરૂરી નાણાની જોગવાઇ કરી છે. શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જે વ્યકિતને તેની માનસિક શકિત વધારવામાં મદદ કરે છે અને તેનાથી માણસનું વ્યકિતત્વ પણ સુધરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યત્ત્વે ત્રણ પ્રકારનું શિક્ષણ છેઃ ઔપચારિક, અનૌપચારિક અને બિન–ઔપચારિક શિક્ષણ. જે પૈકી ઔપચારિક શિક્ષણ શાળાઓ, કોલેજો અથવા યુનિવર્સિટીઓમાંથી પ્રાપ્ત થાય છે જેનું સમાયોજન શિક્ષણ વિભાગે કરવાનું હોય છે.

विद्यां ददाति विनयं विनयाद् याति पात्रताम्।
पात्रत्वात् धनमाप्नोति धनात् धर्मं ततः सुखम्॥

જ્ઞાન નમ્રતા આપે છે, નમ્રતા પાત્રતા તરફ દોરી જાય છે, યોગ્યતા સંપત્તિ તરફ દોરી જાય છે. સંપત્તિ ધર્મ તરફ દોરી જાય છે અને ધર્મ સુખ તરફ દોરી જાય છે. તેવી વિદ્યા અને શિક્ષણ આપતા આજના શિક્ષકો સમાજમાં વધતા સંકટો વચ્ચે પણ દેશના ભવિષ્યને સુનિશ્ચિત કરવા અને વિદ્યાર્થીઓના હિતનો સંકલ્પ કરીને તેનાં સર્વાંગી વિકાસ માટે દિવસ–રાત સતત અને સક્રિય કામગીરી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકના માર્ગદર્શનથી શીખનારનો માર્ગ આનંદમય અને સફળ બને છે. શિક્ષકના ત્રણ શબ્દોના અર્થ જોઇએ તો શિસ્ત, ક્ષમા અને કરુણા છે. તે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડે છે અને નવી પેઢીઓને વધુ સારું રાષ્ટ્ર બનાવવા માટે શિક્ષિત કરવાની જવાબદારી ઉપાડે છે. દુનિયાના કોઇ પણ વ્યવસાય કરતાં શિક્ષકોનું કાર્ય જ શ્રેષ્ઠત્તમ ગણવામાં આવે છે. વર્ગખંડનો રાજા ગણાતો શિક્ષક એક સહાયકની ભૂમિકા ભજવે છે. શિક્ષકને પડતી તકલીફો દૂર કરવા સરકારે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના માધ્યમથી શિક્ષકોની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા જે કાર્યવાહી કરી છે તેનો ટૂંકમાં ચિતાર રજૂ કરું છું.

**<u>પ્રાથમિક શિક્ષણ</u>**

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા તારીખઃ૧૧–૦૫–૨૦૨૩ના ઠરાવથી રાજયની સરકારી પ્રાથમિક શાળામાં કાર્યરત શિક્ષકો માટે બદલી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ૧૦૦ ટકા જિલ્લાફેર બદલીની જોગવાઇ કરવામાં આવી જેથી શિક્ષકોને વતનનો લાભ મળ્યો. જિલ્લાફેર અરસ પરસ બદલી માટે વયમર્યાદા વધારી ૫૩ વર્ષથી ૫૫ વર્ષ કરવામાં આવી. જિલ્લા આંતરીક અરસ પરસ બદલી માટેની વયમર્યાદા વધારી ૫૫ વર્ષથી ૫૬ વર્ષ કરવામાં આવી. શિક્ષકોને મૂળ શાળામાં વધ પરત બદલીનો લાભ આપવાની જોગવાઇ કરવામાં આવી. શિક્ષકોની સેવાકીય તેમજ બદલી અંગેની ફરિયાદના નિવારણ માટે રાજય ફરિયાદ નિવારણ સમિતનું ગઠન કરવામાં આવ્યું. પ્રાથમિક શિક્ષકોની પ્રતિનિયુકિતથી બદલીની જોગવાઇ કરવામાં આવી. શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં ફરજ બજાવતા પતિ–પત્નીને બદલીમાં અગ્રતાનો લાભ આપવાની જોગવાઇ કરવામાં આવી. વિધવા શિક્ષિકાની જેમ વિધુક શિક્ષકને પણ બદલીમાં અગ્રતાનો લાભ આપવા જોગવાઇ કરવામાં આવી. ૧૦ વર્ષના બોન્ડથી એક જ તાલુકામાં ફરજ બજાવતાં શિક્ષકોને જિલ્લા આંતરીક/જિલ્લા ફેર/જિલ્લા અરસ પરસ બદલીમાં લાભ મેળવી શકે તે અંગે જોગવાઇ કરવામાં આવી. રાજય સુરક્ષા સેવા હેઠળના અધિકારી/કર્મચારીના શિક્ષક પતિ–પત્નીને જિલ્લા આંતરીક/જિલ્લા ફેર બદલીની જોગવાઇ કરવામાં આવી. રાજયમાં કાર્યરત સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોના હિતમાં બનાવવામાં આવેલા બદલી નિયમો અંતર્ગત વર્ષ ૨૦૨૩–૨૪માં કરવામાં આવેલ જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં કુલ ૧૭૧૭૪ શિક્ષકોને માગણીથી બદલીનો હુકમ આવેલ છે. વર્ષ ૨૦૨૩–૨૪માં જિલ્લા ફેર બદલી અંતર્ગત ૧૦૬૭૪ શિક્ષકોને માગણી મુજબ જિલ્લા ફેર બદલીનો હુકમ મળેલ છે.

**<u>માધ્યમિક શિક્ષણ</u>**

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો માટે વર્ષમાં એક વખત બદલી કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં શિક્ષકો પાસેથી આ માટે દરખાસ્ત મેળવી પારદર્શી રીતે શિક્ષકોને વિષય અનુરૂપ બદલી કરવાનો લાભ આપવામાં આવે છે. જૂન–૨૦૨૩માં યોજાયેલ બદલી કેમ્પની વિગતો આ મુજબ છે. તા.૨૬/૬/૨૦૨૩ના રોજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કુલ નોંધાયેલ ઉમેદવાર ૪૭૫ હતા. જે પૈકી હાજર રહેલ ઉમેદવાર ૪૬૫ હતા અને ગેરહાજર રહેલ ઉમેદવાર ૧૦ હતા. કુલ ખાલી જગ્યા ૧૧૭૨ હતી. જેમાં જગ્યા પસંદ કરેલ ઉમેદવાર ૨૩૯ હતા. તા.૨૭/૬/૨૦૨૩ના રોજ માધ્યમિક વિભાગમાં કુલ નોંધાયેલ ઉમેદવારો ૮૯૭ હતા. જે પૈકી હાજર રહેલ ઉમેદવારો ૭૫૦ અને ગેરહાજર રહેલ ઉમેદવાર ૧૪૭ હતા. કુલ ખાલી જગ્યા ૮૩૦ હતી જેમાં જગ્યા પસંદ કરેલ ઉમેદવાર ૨૮૨ હતા. આમ, તા.૨૬/૬/૨૦૨૩ના રોજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૨૩૯ અને તા.૨૭/૬/૨૦૨૩ના રોજ માધ્યમિક વિભાગમાં ૨૮૨ શિક્ષકો એમ કુલ ૫૨૧ શિક્ષકોને સ્થળ પર જ ફેરબદલી આદેશ આપવામાં આવેલ છે. શિક્ષકો ગૌરવથી કહી શકે કે ઙ્ઙ્ઙ્હું શિક્ષક છું. હું રાષ્ટ્રનો ઘડવૈયો છું. હું પથદર્શક છું. હું કેટલો મહાન છું, મારા ઉપર કેટલી મોટી જવાબદારી છે. આ જગતમાં સૌથી શ્રેષ્ઠ ગણાવી શકાય તેવું જો કોઇ કાર્ય હોય તો એ શિક્ષકનું છે.ક્ક્ષશિક્ષકો ભાવિ પ્રધાનો, ઓફિસરો અને વૈજ્ઞાનિકો ઘડે છે. આ ઉપરાંત આ વ્યવસાય

અંતરની દિવ્યતાને વ્યક્ત કરવા માટેના કર્મયોગના આચરણ માટે સૌથી વધુ ઉપયુક્ત નિવડે છે. આથી સરકાર પ્રત્યેક શિક્ષકને શિક્ષક તેની જવાબદારી વધુ અસરકારકતાથી અને યથાર્થ રીતે બજાવી શકે તે માટે સમગ્ર શિક્ષણ વિભાગની શિક્ષણ વ્યવસ્થા બદલ અભિનંદન પાઠવી મારી ચર્ચાને વિરામ આપું છું.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારો સૂર પુરાવવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીથી ઉમરગામ અને ડાંગ સુધી આદિવાસીઓની વસતી છે. દરેક આદિવાસી સમાજની બોલી, રહેણીકરણી, પરંપરા, રહેઠાણ અને પહેરવેશ જુદા-જુદા જોવા મળે છે. આદિવાસીનો અર્થ જોઇએ તો આદિ એટલે મૂળ અને વાસી એટલે રહેવાસી એટલે આદિવાસી આ ધરતી પર આદિકાળથી રહેતો આવ્યો છે. તેનો ઉલ્લેખ પુરાણોમાં પણ જોવા મળતો હોય છે. માતા શબરી, ભગવાન એકલવ્ય અને વાલ્મિકી ઋષિ પણ મૂળ આદિવાસી સમાજમાંથી આવતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી એટલે પ્રાચીન સમયથી રહેતો આવેલો અને હાલમાં માનવ સંસ્કૃતિના પ્રાથમિક સ્તરે જીવતો જનસમૂહ છે. અથર્વવેદના ઋષિએ પૃથ્વી સુક્તમાં લખ્યું છે કે ક્ક્ક્અસ્માત નૃત્ય ગીત ગાયંતી ચેતવા.ક્ક જેનો અર્થ થાય છે કે હાલના આદિવાસી પોતાની જ માતૃભૂમિમાં નૃત્ય ગીત દ્વારા પોતાનું મનોરંજન કરે છે. આ વિધાન ગુજરાતમાં વસતા આદિવાસી માટે સાચું નિવડે છે. કઠોર વિષમ આર્થિક પરિસ્થિતિમાં પણ નૃત્ય ગીત ઉલ્લાસ સાથે ગાવું એ અહીંની લોક સંસ્કૃતિનું આગવું લક્ષણ છે અને આ જ ધરતીનું હૃદય સંગીતમય છે. આ દેશની આઝાદીમાં સમાજનું બલિદાન પણ નોંધપાત્ર ભાગ ભજવે છે. આદિવાસીઓના ભગવાન એવા બિરસા મુંડાએ આપેલા યોગદાનને કારણે જ તેમની તસવીરને પણ ભારતીય સંસદમાં સ્થાન આપવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે દેશના આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે વિકસિત ભારતની સંકલ્પ યાત્રાની શરૂઆત ઝારખંડના ભગવાન બિરસા મુંડાને નમન કરીને કરાવી હતી. આવા ભગવાન બિરસા મુંડાને પણ અમારા સમાજમાં ભગવાન તરીકે પૂજીએ છીએ. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં યોજના હાથ ધરી વનબંધુઓના સામાજિક, આર્થિક વિકાસ માટે કાર્યરત છે. વ્યક્તિલક્ષી યોજનાઓ અને આદિવાસી વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી થાય તે માટે સરકારે પ્રયત્નો કર્યા છે. વન અધિકાર-૨૦૦૬ અમલમાં આવતા રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧,૮૨,૮૬૯ અરજીઓ મળેલ છે. જે પૈકી તા.૩૧/૧/૨૦૨૪ની સ્થિતિએ ૯૭૩૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૪૩૩૧૫ અરજીઓમાં વણજમીનના આદેશ પત્રો આપવામાં આવ્યા છે. આદિવાસી સમાજમાં જંગલમાંથી જે જમીન આપવામાં આવી છે તે લોકોને વન સશક્તિકરણ યોજના અંતર્ગત જમીન, વૈજ્ઞાનિક ઢબે વિકાસ, નાની સિંચાઇ, કૃષિ વૈવિધ્યકરણ યોજના અને કૃષિ કિટો જેવા લાભો આપવામાં આવે છે. મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના અંતર્ગત પણ ખેડૂતોને અનેક લાભો આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩,૪૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૯૬૪ કરોડનો વધારો કરી આદિજાતિ વિકાસ વિભાગ માટે રૂ.૪,૩૭૪ કરોડની જોગવાઇ કરવા બદલ હું માનનીય નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ એક મહત્ત્વનો મુદ્દો છે. આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આજના વિકસિત ગુજરાતની હરોળમાં પોતાનું આગવું સ્થાન મેળવે તે હેતુથી આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ મળીને કુલ-૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૭૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સમરસ છાત્રાલયો અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નિવાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, દાહોદ તાલુકામાં એક સમરસ હોસ્ટેલ ફાળવવામાં આવે. અંદાજે બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે રૂ.૫૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આદિજાતિ વિસ્તારમાં કુપોષણ બહુ મોટી સમસ્યા છે ત્યારે કુપોષણ નાબૂદ કરવા માટે પૌષ્ટિક દૂધ મળી રહે તે માટે દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરેલી છે. આદિજાતિ ખેડૂતો માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને બિયારણ અને ખાતર સહાય માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખેડૂતો આધુનિક ખેતી કરે અને બજારની હરિફાઇમાં આવે તેના માટે નવી નવી ટૅક્નિકનો ઉપયોગ થાય છે. મને કહેતાં આનંદ થાય કે હાલમાં જ દાહોદ જિલ્લામાં ગંગા સ્વરૂપા બહેનો માટે સરકાર દ્વારા ૬,૯૧૦ જેટલી બહેનોના ખેતી માટે કિટમાં જી-6 નામનું બિયારણ આપવામાં આવ્યું હતું. તે બિયારણથી ચણાનું વાવેતર કરે તો ત્યાં પિયત ન હોય તો પણ ૨૦ ક્વિન્ટલ જેટલા ચણાનો પાક મળે તેવું બિયારણ આપવામાં આવ્યું છે. જમીન વિહોણાં ગંગા સ્વરૂપા બહેનો પોતાનું ભરણપોષણ કરી શકે અને જીવનમાં ઉપાર્જન મેળવી શકે તેના માટે એક હજાર ગંગા સ્વરૂપા બહેનોને બકરાં યુનિટ આપવામાં આવ્યા હતા. માનવ ગરીબી યોજના હેઠળ સ્વરોજગારી માટે રૂ.૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દૂધાળા પશુઓની યુનિટ કોસ્ટ અને સહાયની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો હતો. મારા વિસ્તારમાં આમ તો આશ્રમશાળાઓથી માંડીને પ્રાથમિકથી પી.જી. સુધીની સુવિધાઓ માનનીય મોદી સાહેબે જ્યારથી પાયો નાંખ્યો ત્યારથી તમામ સવલતો આપવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દરેકને આવાસ મળે છે પણ મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આગ, અકસ્માત કે વરસાદ જેવી કુદરતી આફતોમાં

જે ઘરો નાશ પામે છે તેમાં એ.પી.એલ. કે બી.પી.એલ.ને ટ્રાયબલ યોજનામાંથી તાત્કાલિક ચેક આપવામાં આવે તો એક ઉમદા કાર્ય જોડાશે. આ સિવાય ટ્રાયબલ યોજનાઓમાંથી લોકોને પિયત સિંચાઇનું પાણી મળી રહે છે પણ ટી.એસ.પી. યોજનામાંથી જે યોજના બની હોય છે તેમાં સિંચાઇ યોજનાઓ જૂની અને જર્જરિત થઇ ગઇ છે તે યોજનાનો ટી.એસ.પી. યોજનામાંથી સરવે કરાવીને પુનઃ રકમ ફાળવણી કરવામાં આવે તો તે યોજના ફરી ધમધમતી થશે અને અમારા આદિવાસી વિસ્તારના તમામ ખેડૂતોને પુન: પાણી મળશે અને ખેડૂત ખૂબ જ આગળ વધશે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ અને આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંક:૯૩ અને ૯૬ લઇને માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અલગ અલગ કુલ–૨૬ પ્રકારની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. સદર પરીક્ષાઓમાં વિવિધ નોકરીલક્ષી અને શિષ્યવૃત્તિની પરીક્ષાઓનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન કુલ ૨૬ લાખ પરીક્ષાર્થીઓ માટે વિવિધ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવેલ. રાજ્ય પરીક્ષા બોર્ડની પરીક્ષાલક્ષી સંપૂર્ણ કામગીરી ઓનલાઇન પ્રક્રિયાથી થાય છે. જેનાથી ઉમેદવારોને ફોર્મ ભરવામાં, પરીક્ષા આપવામાં અને પરિણામ મેળવવામાં ખૂબ અનુકૂળતા રહે છે. પરીક્ષા બોર્ડની સૌથી વિશિષ્ટ સિદ્ધિ ટાટ સેકન્ડરી અને ટાટ હાયર સેકન્ડરી સંદર્ભે રહેલ છે. જેમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ મુજબ વર્ષ ૨૦૨૩માં ટાટ સેકન્ડરી અને ટાટ હાયર સેકન્ડરીની દ્વિતીય પરીક્ષાનું સફળતાપૂર્વક આયોજન કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બનેલ છે. ટાટ સેકન્ડરીમાં પ્રાથમિક કસોટીમાં ૧,૪૫,૧૫૨ ઉમેદવારો હાજર રહેલ. જે પૈકી ક્વૉલિફાય થયેલ ૬૦,૫૬૬ ઉમેદવારો પૈકી ૫૯,૪૪૮ ઉમેદવારો મુખ્ય કસોટીમાં હાજર રહેલ. ટાટ હાયર સેકન્ડરીમાં પ્રાથમિક કસોટીમાં ૧,૦૧,૭૨૦ ઉમેદવારો હાજર રહેલ. જે પૈકી ક્વૉલિફાય થયેલ ૪૨,૮૨૫ ઉમેદવારો પૈકી ૪૧,૨૫૦ ઉમેદવારો મુખ્ય કસોટીમાં હાજર રહેલ. એન. સી. ટી. ઇ., ન્યુ દિલ્હી દ્વારા પણ આ જ રીતે ટાટ સેકન્ડરી અને ટાટ હાયર સેકન્ડરી પરીક્ષા યોજવાનું પ્લાનિંગ થઇ રહેલ છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં સમાવેશી શિક્ષણ અને સર્વગ્રાહી શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે. જેને અનુરૂપ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રવર્તમાન વર્ષે ખાસ શિક્ષક અભિયોગ્યતા કસોટી–૧ અને ખાસ શિક્ષક અભિયોગ્યતા કસોટી–૨નું આયોજન કરવામાં આવેલ. જેમાં અનુક્રમે ૧૯૨૭ અને ૧૮૦૩ ઉમેદવારો હાજર રહેલ. આ કસોટીનો મુખ્ય હેતુ દિવ્યાંગ વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપી શકે તેવા નિપુણ શિક્ષકો પૂરા પાડવાનો છે. આ ઉપરાંત પ્રવર્તમાન વર્ષે ખેલ અભિરુચિ કસોટીનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૩૫૪૦ ઉમેદવારો હાજર રહેલ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાની ગોપનીયતા, પારદર્શિતા અને અસરકારકતા માટે ચોક્કસ પગલાં લેવામાં આવેલ છે. જેમાં પેપર પેકિંગ એપ, પાટાનો ઉપયોગ કરવામાં આવેલ. જેનાથી પ્રશ્નપત્ર યોગ્ય સમયે, યોગ્ય સ્થળે અને યોગ્ય વ્યક્તિઓની હાજરીમાં પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવે છે. પરીક્ષા દરમિયાન તંદૂરસ્ત અને નિયમબદ્ધ માહોલ જળવાઇ રહે તે માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તમામ પરીક્ષાઓ સી.સી.ટી.વી. થી સજ્જ પરીક્ષાખંડમાં યોજવામાં આવેલ છે. ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર રાજ્ય કક્ષાએથી અને જિલ્લાકક્ષાએથી ઓબ્ઝર્વરની નિમણૂકો કરવામાં આવેલ છે. પરીક્ષાના સફળ સંચાલન માટે અગત્યનું પરિબળ પરીક્ષાની માહિતી પરીક્ષા સાથે જોડાયેલ સ્ટાફ સુધી પહોંચાડવાનું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા સાથે સંકળાયેલ તમામ સ્ટાફને યોગ્ય માહિતી યોગ્ય સમયે મળી રહે તે માટે પરીક્ષા પહેલાં વીડિયો કૉન્ફરન્સ અને બાયસેગના માધ્યમથી તાલીમબદ્ધ કરવામાં આવે છે. ઉપરાંત પરીક્ષાની લેખિત માર્ગદર્શિકા પણ બહાર પાડી પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ તમામ કર્મચારી સુધી સમયસર પહોંચાડવામાં આવે છે. જેના લીધે પરીક્ષામાં માનવીય ભૂલ અથવા અન્ય કોઇ બનાવની ઘટના ટાળી શકાય છે તેમજ એકસૂત્રતા જાળવી શકાય છે. રાજ્ય પરીક્ષા બોર્ડના આ પ્રકારના માઇક્રો પ્લાનિંગની એન.સી.ટી.ઇ. દ્વારા વિશિષ્ટ નોંધ લેવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણ તથા આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી ગૃહમાં માંગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગમાં ગત વર્ષ કરતાં રૂ. ૧૧,૪૬૩/– કરોડના વધારા સાથે રૂ. ૫૫,૧૧૪/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે માનનીય નાણા મંત્રીશ્રીનો હું આભાર માનું છું અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું. શિક્ષણ એક ખૂબ જ મહત્ત્વની બાબત છે.ત્યારે મને આ સભાગૃહમાં કહેતાં આનંદ થાય છે કે આજે પણ મારી દીકરી અને દીકરો સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. આજે શિક્ષણનું બજેટ વધ્યું છે ત્યારે આદિવાસી વિસ્તારોની શાળાઓમાં શિક્ષકો નથી તેમજ ઘણી શાળાઓ એક જ શિક્ષકથી ચાલે છે ત્યાં ટેટ અને ટાટ પાસ કાયમી શિક્ષકોની ભરતી થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આદિવાસી વિસ્તારોમાં શાળાએ આવવા–જવા માટે બાળકોની મુસાફરી અંગે યોગ્ય વ્યવસ્થા થાય એવી વિનંતી કરું છું. પ્રવાસી શિક્ષકોના બે–ત્રણ મહિનાથી પગારો થતાં નથી, એમાં ધ્યાન આપવામાં આવે એવી માગણી હું માનનીય મંત્રીશ્રી સમક્ષ મૂકું છું. જયારે આદિજાતિ વિભાગની માગણી અહીં રજૂ થઇ છે ત્યારે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫ સુધીમાં રૂ. ૧ લાખ કરોડ ફાળવવામાં આવેલા છે અને ચાલુ નાણાકીય વર્ષ

૨૦૨૩−૨૪ માટે રૂ. ૧૮,૭૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેવી જ રીતે ગુજરાત પેટર્ન હોય, મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજના, પ્રધાનમંત્રી આદર્શ આદિગામ યોજના હોય, આદિમ જૂથ યોજના હોય, હળપતિ સર્વાંગી વિકાસની યોજના હોય તમામ પ્રકારની યોજનાઓમાં સારી જોગવાઇ કરવામાં આવે છે, પરંતુ લોક ઉપયોગિતાને નજરઅંદાજ કરવામાં આવે છે. ઘણા ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે અને ઘણા વિભાગોમાં ફરિયાદો પણ થઇ છે. આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ઘણું બજેટ આજે વણવપરાયેલું પડેલું છે તેમાં માનનીય મંત્રીશ્રી ઘ્યાન આપે અને સમયે એનો ઉપયોગ થાય એવું હું માનું છું. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિવાસી વિસ્તારોમાં સ્ટાફની જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ભરવામાં આવે. બાળકો માટે શિષ્યવૃત્તિની જોગવાઇઓ કરવામાં આવી છે. ફ્રી−શીપ કાર્ડ હોય કે જી.એન.એમ. વિદ્યાર્થીઓની વાત હોય એમને સમય−મર્યાદામાં શિષ્યવૃત્તિ મળી જાય એવી માગણી માનનીય મંત્રીશ્રી સમક્ષ મૂકું છું. આજે આદિવાસી વિસ્તારમાં સૌથી મોટો પ્રશ્ન હોય તો સાચા આદિવાસીઓને જાતિના પ્રમાણપત્ર લેવા બાબતનો છે, એમાં ખૂબ તકલીફો પડે છે અને દાદાના પુરાવાઓ માગવામાં આવે છે ત્યારે ખોટા લોકોને જાતિના પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે એમાં વિશ્લેષણ સમિતિ યોગ્ય કાર્યવાહી કરે એ બાબતે હું ઘ્યાન દોરવા માગું છું. અમારા વિસ્તારમાં ઘણા પ્રોજેક્ટોમાં ખૂબ મોટી જમીનો સંપાદન કરવામાં આવી છે. જી.આઇ.ડી.સી. હોય ત્યાં પણ યુવાનોને નોકરી મળી નથી. જી.એમ.ડી.સી. લિગ્નાઇટ પ્રોજેક્ટ રાજપારડી છે ત્યાં એકમાં ઘણા ગામો સંપાદન કરવામાં આવ્યા છે. બે લિગ્નાઇટ પ્રોજેકટ આવ્યા છે એમાં આમોદ, ડમલાઇ, મોરણ અને પડવણીયા જેવા વિસ્તારોની જમીનનું સંપાદન કરવાનું થાય છે. આવી જ રીતે અનેક પ્રોજેક્ટોમાં આદિવાસી સમાજ વિસ્થાપિત થયો છે છતાં આજદિન સુધી એમને યોગ્ય પ્રમાણે વળતર મળ્યું નથી. વડોદરા, મુંબઇ એક્સપ્રેસ નેશનલ હાઇવેમાં જે રીતે સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના ખેડૂતોને પ્રતિ ચોરસ રૂ. ૯૦૦/−ની આસપાસ ચૂકવણું કરવામાં આવ્યું છે એવી જ રીતે ભરુચના લોકોને પણ મળે એવી હું વિનંતી કરું છું.

ડો. કુબેરભાઇ ડીંડોર(પ્રાથમિક, માઘ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અઘ્યક્ષશ્રી, મારા હસ્તકના આદિજાતિ વિકાસ વિભાગ તથા પ્રાથમિક, માઘ્યમિક અને પ્રૌઢ શિક્ષણ અને સાથે−સાથે હાયર એજ્યુકેશન આ તમામ વિભાગોની માગણીઓ ઉપર વિરોધપક્ષના માનનીય કિરીટભાઇ અહીંયા ઉપસ્થિત નથી એમણે સજેશનો, સૂચનો અને કેટલીક ટીકાઓ કરી છે. શ્રી ચૈતરભાઇએ સૂચનો અને સજેશનો કર્યાં છે. અમારા શાસકપક્ષના તમામ સાથી સભ્યશ્રીઓએ સરસ વાત કરી છે. સભ્યશ્રીઓએ સમગ્ર ચર્ચા દરમિયાન ઘણા સારા રચનાત્મક અને સુધારાત્મક સૂચનો કરેલ છે, જેને હું આવકારું છું.

માનનીય અઘ્યક્ષશ્રી, મારા હસ્તકના બંને વિભાગોની માગણી લઇને આવ્યો છું જે પૈકી આદિજાતિ વિકાસ વિભાગની માંગણી ક્રમાંક−૯૩ અને ૯૬ તથા શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક−૯ અને ૧૦ ઉપર ચર્ચા કરવા કેટલાક મુદ્દાઓ આપની સમક્ષ રજૂ કરું છું. એ પહેલાં માનનીય કિરીટભાઇ ભલે સભાગૃહમાં હાજર નથી પણ રેકર્ડ ઉપર ખોટી માહિતી ન જાય એટલા માટે એમણે શિક્ષણ સેવા વર્ગ−૧ની ભરતી બાબતનો પ્રશ્ન કર્યો હતો. એમણે આજે માનનીય જિજ્ઞેશભાઇ મેવાણીએ જે પ્રશ્ન પૂછયો હતો અને એમણે જે પ્રશ્ન પૂછેલો હતો એની તુલના કરી હતી. ૧૫/૦૪/૧૯૬૮થી શ્રી કિરીટભાઇ ચીમનલાલ પટેલ, પાટણ દ્વારા ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તારીખ ૧૫/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૩૯૦૪ અગ્રતા ક્રમના અનુસંધાને જવાબ માંગવામાં આવેલ હોઇ, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ−૧ અને વર્ગ−૨માં પ્રાથમિક, માઘ્યમિક, પ્રૌઢ શિક્ષણ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અને ટૅકનિકલ શિક્ષણની માહિતી આપવામાં આવેલ હતી. તથા જે તે સમયે માનનીય મંત્રીશ્રી, શિક્ષણ પાસે જવાબ માગવામાં આવેલ હતો. આથી શિક્ષણ વિભાગ હસ્તકના તમામ પ્રભાગની માહિતી એ સમયે એમને આપવામાં આવેલી હતી. આ જે જીજ્ઞેશભાઇ મેવાણીએ જે પ્રશ્ન પૂછ્યો ૧૫/૪/૧૯૬૧ થી શ્રી જીજ્ઞેશ મેવાણી, વડગામ દ્વારા પ્રાથમિક, માઘ્યમિક તથા પ્રૌઢ શિક્ષણના મંત્રીશ્રી પાસેથી જવાબ માગવા વિનંતી કરવામાં આવેલ. આથી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ−૧ અને વર્ગ−૨ વહીવટી શાખાની જ માહિતી મેં અત્રેથી આપેલી છે. એટલે તે સુધારો થાય. સાથે બીજી પણ બાબત એમણે કહી. અત્યારે છે નહીં, પણ બાકીની જે ટીકાઓ કરી એ તો અમારા શ્રી અમિતભાઇ ઠાકર સાહેબે એમના પ્રવચનમાં એનો જવાબ આપ્યો છે.

માનનીય અઘ્યક્ષશ્રી, સાથે સાથે બીજો પ્રશ્ન એમણે ડો. આદેશ પાલ વિરુદ્ધ ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકેના સમયગાળા દરમ્યાન લેવાયેલા નિર્ણયોમાં ભ્રષ્ટાચારની ગંભીર ફરિયાદ અન્વયે લોકાયુકત કચેરીમાં તેમની સામેના ગંભીર આક્ષેપો પુરવાર થતાં હોઇ સરકારશ્રી દ્વારા લોકાયુકત કચેરીના સદર રિપોર્ટનો સ્વીકાર કરી ભારે શિક્ષાના પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવેલ. જે અન્વયે સરકારશ્રી દ્વારા ડો. આદેશ પાલને ફરજિયાત નિવૃત્ત કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. ફરજિયાત નિવૃત્તિના આ હુકમ સામે ડો. આદેશ પાલ દ્વારા નામદાર હાઇકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવેલ, જેમાં નામદાર હાઇકોર્ટ દ્વારા સરકારશ્રીના નિર્ણય સામે મનાઇ હુકમ આપવામાં આવેલ છે. જે મનાઇહુકમ વેકેટ કરવા માટે સરકારશ્રી દ્વારા એફિડેવિટ કરવામાં આવેલ છે. આ બાબતો હતી.

માનનીય અઘ્યક્ષશ્રી, સાથે સાથે માનનીય અઘ્યક્ષશ્રી, અહીંયા બહુ ચર્ચાઓ થઇ. હું આજે જે સમાજનું બજેટ લઇને આવ્યો છું તે સમાજે આદિ અનાદિકાળથી સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરી છે. એવા સમાજના વિકાસની માગણી લઇને આવ્યો છું. પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજ જયારે આદિવાસી વિસ્તારોના પ્રવાસે જતા હતા. પ્રવાસો કરતા

હતા. એ એવું કહેતા કે આ સમાજમાં મને ભગવાનના દર્શન થાય છે. જયારે આપણે પ્રભુ શ્રી રામના ભવ્ય અને દિવ્ય મંદિરનું નિર્માણ અયોધ્યા ખાતે થયું છે. અમારા આદિવાસી સમાજમાં તો વર્ષોથી લગ્નમાં રામ, મરણમાં રામ, ભજનમાં રામ, સત્સંગમાં રામ, આવતા જતા રામ એમ દરેક જગ્યાએ રામ રામ બોલતા હોય છે. એ જગ્યાએ રામનું ભવ્ય મંદિર તૈયાર થયું છે. ભગવાન શ્રી રામ શબરી માતા જેવા આદિવાસીના ઘરે તેઓ સદેહે ત્યાં પધાર્યા હતા. શબરી માતાના ઘરે આવીને અમારી ગ્રામ દેવતા શબરી માતાને સ્વયં એમણે દર્શન આપ્યા હતા અને એમના બોર એમણે આરોગ્યા હતા. એ સમાજની માગણી લઇને હું આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આદિવાસી સમાજની જનસંખ્યાની વાત કરીએ તો અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીમાં ૧૪ જિલ્લાઓ, ૫૩ જેટલા તાલુકાઓ, ૫૮૦૦ કરતા વધારે ગામડાઓ અને ૧ કરોડ જેટલો અમારો આદિવાસી સમાજ ગુજરાતમાં વસવાટ કરે છે. મા હિંદનો આ પનોતો પુત્ર આદિવાસી છે. જગતનો શણગાર આદિવાસી છે. એવો આદિવાસી સમાજ જે પોતાની ભાતીગળ સંસ્કૃતિને બચાવીને જીવી રહ્યો છે. આજે ઘણી ચર્ચા થાય છે કે આદિવાસી સમાજનું ઇતિહાસમાં સ્થાન નથી. અરે ભાઇ, આદિવાસી ખુદ એક ઇતિહાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કેટલાક લોકો બહાર જયારે વાતો કરતા હોય ત્યારે કેટલાક લોકોને ભ્રમિત કરવાની વાત હોય. લોકોને અલગતાવાદની વાત કરતા હોય, એમને મારે કહેવું છે કે આપણો ખુદનો ઇતિહાસ છે. જ્ઞાનમાં પણ વાલ્મિકી શ્રેષ્ઠ હતા. ભક્તિમાં શબરીમાતા શ્રેષ્ઠ હતી અને સાથે સાથે દાનવીરમાં એકલવ્ય શ્રેષ્ઠ હતા. આપણે એ સમાજના અને આપણી એ વિરાસતને આપણે મિત્રો જાળવવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતની વાત કરીએ તો સોમનાથથી સખાવતે જનાર હમીરજી ગોહિલને પોતાની દીકરી પરણાવનાર વેગડાજી ભીલ હતા અને એણે ખુમારીથી એવું કહ્યું હતું કે હું કરિયાવરમાં ૧૦૦૦ મારા આદિવાસી દીકરાઓને આપું છું. એ આદિવાસી યુવાનો સોમનાથની રક્ષા માટે શહીદ થયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીની લડતમાં પણ આદિવાસી સમાજ સૌથી પહેલા આહુતિ આપી ચૂકયો હતો. બિરસા મુંડાથી લઇને ગોવિંદ ગુરૂ સુધી સૌને હું વંદન કરું છું અને પ્રણામ કરું છું. આઝાદીની લડતમાં આદિવાસીઓનું બહુ મોટું યોગદાન અને બલિદાન રહ્યું છે. સાથે સાથે આઝાદી પછી આવેલી કોંગ્રેસની સરકારો ત્યારે તો રાજય હોય કે કેન્દ્ર હોય, કોંગ્રેસનું એકહથ્થું શાસન હતું. આ સમાજની વર્ષો સુધી ઉપેક્ષા થતી રહી. સમાજ મુખ્ય ધારાથી વિખૂટો પડી ગયો. કોંગ્રેસે માત્ર આ સમાજનો વોટબેન્ક તરીકે ઉપયોગ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના સન્માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તત્કાલિન મુખ્યમંત્રી હતા. એમણે વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરીને વોટબેંકની રાજનીતિ ફગાવીને માનવતાની રાજનીતિ કરી, વિકાસની રાજનીતિ કરી. આદિવાસી સમાજને મુખ્ય ધારામાં લાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ બાબતનું દુઃખ પણ છે કે ગુજરાત રાજય જયારે મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિવાસી વિભાગ અને સમાજ કલ્યાણ ખાતાનું ભેગું બજેટ માત્ર ૫૮ કરોડ રૂપિયા હતું. નરેન્દ્રભાઇ મોદી સાહેબે સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસના સૂત્ર દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડ્યા છે. આદરણીય મોદી સાહેબે વર્ષ ૨૦૦૭માં નિયમ ૪૪ હેઠળ વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી. વર્ષ ૧૯૬૧ થી લઇને ૧૯૯૫ સુધી ૪૦ વર્ષના શાસનમાં માત્ર રૂ.૬,૫૦૦ કરોડનું બજેટ આદિવાસી સમાજ માટે ફાળવ્યું છે. અત્યાર સુધીમાં આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે રોડ, રસ્તા, સિંચાઇ, શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણી વગેરે સગવડો માટેનાં કામો થયા છે. માનનીય કિરીટભાઇ, તમારા પ્રશ્નનો જવાબ આપ્યો પણ તમે પાછળથી આવ્યા પણ મેં જવાબ આપી દીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું હતું કે અમે રાજનીતિમાં અમે સરકારો બનાવવા નથી આવ્યા. અત્યારે દિલ્હીમાં આપણું જે મહાસંમેલન થયું, રાજકીય કારોબારીમાં મોદીસાહેબના શબ્દો હતા કે અમે રાજનીતિમાં સરકારો બનાવવા માટે નથી આવ્યા, સરકારો ચલાવવા માટે આવ્યા નથી, અમે રાજનીતિમાં સમાજ ઉત્થાન, રાષ્ટ્ર નિર્માણ કરવા માટે અને દેશમાં બદલાવ લાવવા માટે અમે આવ્યા છીએ. આ અમારું કમીટમેન્ટ છે. આ અમારો સંકલ્પ છે. આદિજાતિ વિસ્તારોના સાર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરેલી હતી. આ કલ્યાણ કાર્યક્રમને આગળ ધપાવતા અમારી સરકાર ૫ વર્ષ માટે રૂ. એક લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના-૨ શરૂ કરેલ છે. અમારા ગૃહના નેતા સન્માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રીનો વિશેષ આભાર માનું છું કે અમારા સમાજ માટે અમે જે માગણી કરી એ તમામ બજેટ એમણે મંજૂર કરાવ્યું છે. એમણે અમને મદદ કરી છે. વિકાસની અનેકવિધ સફળતા હાંસલ કરવા આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ. ૨૬ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે આદિજાતી વિકાસ વિભાગ હસ્તકની અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૪૩૭૪ કરોડ રૂપિયા જેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે જેનો સીધો લાભ રાજયના અનુસૂચિત જનજાતિના લોકોના શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ અને આરોગ્ય, આવાસ યોજનાઓ થકી મળનાર છે. આઝાદીની લડાઇમાં આદિવાસી સમાજનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે. જયારે કોંગ્રેસની સરકારોમાં આ ઇતિહાસ ભૂલાવી દેવામાં આવ્યો હતો પણ આજે મને કહેતા એ બાબતનો આનંદ છે કે આઝાદીના અમૃત મહોત્સવના શુભારંભમાં આપણા દેશના સન્માનનીય પ્રધાનમંત્રીશ્રીએ

આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને યાદ કરેલ છે. આઝાદીની ચળવળમાં ભાગ લેનાર અદિવાસી વીર સ્વાતંત્ર સેનાનીઓ માટે નર્મદા જિલ્લામાં ગરૂડેશ્વર ખાતે ૨૫ એકર જમીનમાં રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યું છે. અનાદીકાળથી મૂળ વંશજ આ ધરતીની પ્રકૃતિને પૂજનારો માણસ, આ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર હરહંમેશા અમારી આદિજાતિની ચિંતા કરતી હોય છે ત્યારે અમારા આદિજાતિ વિસ્તારના રાજયના છેવાડાના વિસ્તાર અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિજાતિ પરિવારો માટે આંતર માળખાકીય સુવિધાઓ માટે માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર ચિંતા અને ચિંતન કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિજાતિ વિસ્તાર માટે ઘણી વાતો અહીંયા થઇ. ચૈતરભાઇએ સ્કૂલ, ઓરડા, શિક્ષકની વાત કરી. તો શ્રી ચૈતરભાઇ, આ શ્રી અભેસિંહભાઇ અને જે બધા એ આ કોંગ્રેસની સરકારમાં જીવન જોયું એમને વાતો કરી તમે સાંભળી હશે, આપણા બધાનો જન્મ કોંગ્રેસના શાસનમાં થયો પણ આપણે બધું જીવન તો ભા.જ.પ.ના શાસનમાં આપણે બધાએ ગાળ્યું છે એટલે આપણને ખબર ના પડે કે આપણા બાપદાદાઓએ શું દુઃખ સહન કર્યું છે. આ વિસ્તારોની આપણે બધી વાતો કરીએ, સ્કૂલ નથી, ઓરડા નથી પણ અગાઉની સરકારોમાં આપણા બાપદાદાઓ નીચે બેસીને ભણતા હતા, એ વખતે જે કંઇ વ્યવસ્થાઓ હતી એમાં સુધારો થયો છે. આપણા દરેક ગામનો આપણે ઈતિહસ લઇ લઇએ આજે ૨૦ વર્ષ પહેલાનું આપણું ગામ અને આજની સ્થિતિમાં કેટલું આમૂલચૂર પરિવર્તન આવ્યું છે. પછી એ કોઇપણ ગામ હોય કે કોઇપણ વિસ્તારમાં હોય એની વ્યવસ્થા મિત્રો, આપણે કરી છે. આજે શાળાઓમાં કોમ્પ્યુટર માટે આલીશાન લેબ છે, ખૂટતા ઓરડાઓનો પણ અમે બજેટમાં સમાવેશ કર્યો છે. સાથેસાથે આપણા મરાઠી સંતશ્રી ગાડકેજી મહારાજ જે કહે છે ક્ક્ક્શિક્ષા કે લીયે થાલી ભી બેચની પડે તો બેચ દો, હાથ પર રોટી રખકર ખાઓ લેકીન પઢો.ક્ક એ આપણા સંતોએ આપણને કહ્યું છે. શિક્ષણ ખાતર, શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં એ ત્રણમાંથી શકિત પ્રગટવી જોઇએ, માણસ બેઠો થવો જોઇએ એ તાકાત આ શિક્ષણમાં છે અને એ આટલાં વર્ષોની આ મહેનત પછી જયારે આ વ્યવસ્થા થઇ અને આમૂલચૂર પરિવર્તન આદિવાસી સમાજમાં આવ્યું અને આપણી લો લીટરસી ગર્લ્સ સ્કૂલ અને એકલવ્ય મૉડેલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ ભણતા થયા અને આજે જાગૃત બન્યા અને જાગૃતિનું કારણ એ આવ્યું કે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું એ રીતે વિધાનસભામાં પણ અમારી સંખ્યા વધતી ગઇ. અત્યારે આપણે ૨૩ મિત્રો ચૂંટાઇને અહીં આવ્યા છે એનું કારણ એ છે કે આદિવાસી સમાજ જાગૃત બન્યો છે. કોઇના જાસામાં કે કોઇના પ્રભાવમાં હવે કોઇ આવે એવા નથી. લોકો ભ્રમિત કરવાનું કામ મિત્રો કરતા હશે પણ આ જાગૃતિ આદિવાસી સમાજમાં આવી છે. શૈક્ષણિક ઉત્કર્ષ માટેની વિશેષ જોગવાઇઓ આપણે કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી,પ્રિમેટ્રિક સ્કોલરશિપ યોજના ધો. ૧થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રૂ.૧૧૨.૧૩ કરોડની જોગવાઇ. ૧૫ લાખ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય, ગણવેશ, પેન, પાટી, દફતર, પાઠ્યપુસ્તક, કપડાં, આરોગ્યની સુવિધા, મધ્યાહન ભોજનની સુવિધા અને સાથ સાથે ગણવેશ પેટે રૂપિયા ૯૦૦ અને શિષ્યવૃત્તિ, કુલ મળીને રૂપિયા ૧૬૫૦ ડી.બી.ટી. કરીને વિદ્યાર્થીઓના ખાતામાં આપવામાં આવે છે. આની વાત કોઇ કરતું નથી. ગણવેશના પૈસા માટે રૂપિયા ૧૨૦ કરોડની જોગવાઇ કરી છે. ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને આનો લાભ મળવાનો છે. આદિજાતિ કન્યાઓ માટે વિદ્યા સાધન યોજના હેઠળ ૩૮ હજાર ૯૦૦ જેટલી કન્યાઓને સાઇકલનો લાભ મળે છે. એના માટે રૂપિયા ૨૦.૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. આદિવાસી બાળકોને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને નામાંકિત શાળામાં પ્રવેશ આપીને અન્ય સમાજની હરોળમાં બરાબરી કરી શકે એના માટે ટેલેન્ટ પુલ યોજના હેઠળ અંદાજે ૨૧૬૨ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને લાભ મળે એના માટે રૂપિયા ૧૩.૭૦ કરોડની જોગવાઇ કરી છે. પોસ્ટ એસ.એસ.સી. અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ માટે એમ.ડી., એમ.એસ. ગાયનેક બનવું હોય એના માટેની પણ રાજય સરકારે વ્યવસ્થા કરી કન્યા કેળવણી ફ્રી, તમામ દીકરીઓને મફત સુવિધા આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે ૨.૫ લાખ રૂપિયાની મર્યાદામાં ફ્રીશીપ કાર્ડ આપવામાં આવે છે. આ ફ્રીશીપ કાર્ડની વ્યવસ્થા કદાચ પહેલાં હોત તો શ્રી અભેસિંહભાઇ આર.ટી.ઓ.માં ભરતી થયા એના કરતાં ડોકટર બન્યા હોત. આ વ્યવસ્થા પહેલાં ન હતી. આજે એમ.બી.બી.એસ. અને એમ.ડી., એમ.એસ. માં મારી પાસે બે વર્ષનો આંકડો જ આપું તો કુલ ૧૪૦૫ જેટલી બહેનોને આપણે ૧૦૦ ટકા સહાય આપી છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં જે બહેનો રેડિયોલોજિસ્ટ બની, ફિઝિશિયન બની છે એની યાદી નથી આપતો પણ શ્રી ચૈતરભાઇ અને બીજાને હું આપી દઇશ. અન્ય હાયર એજ્યુકેશનની બાબતો છે એમાં દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ છે કે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો અને આશ્રમ શાળાઓ છે એમાં રાજ્યમાં કાર્યરત ૬૬૧ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમ શાળાઓમાં અંદાજિત ૧ લાખ ૧ હજાર ૪૯૩ બાળકોને જમવાનું, ગણવેશ, સ્ટેશનરી અને અન્ય સુવિધાઓ માટે રૂપિયા ૫૦૯.૪૨ કરોડની જોગવાઇ કરી છે. જી.આઇ.એ. છાત્રાલયો છે જે અંતરિયાળ વિસ્તારમાં નિવાસી રહીને વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે , એના માટે ઉદાર દિલથી અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીયશ્રી કનુભાઇએ પણ એમાં મદદ કરી છે. ૯૨૦ જેટલા આપણા છાત્રાલયો ચાલે છે એમાં ૫૦,૩૩૬ વિદ્યાર્થીઓને નિવાસ અને ભોજનની સુવિધા મળી રહે એના માટે રૂપિયા ૧૩૮.૫૫ કરોડની જોગવાઇ કરી છે. સરકારી કુમાર અને કન્યા છાત્રાલયો જે

તાલુકા મથકે વિદ્યાર્થીઓ શહેરમાં જાય છે એના માટે આપણે સરકારી કન્યા અને કુમાર છાત્રાલયો આપણે ચલાવીએ છીએ એમાં ૧૭૫ સરકારી છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં કુલ ૧૯,૩૪૦ વિદ્યાર્થીઓને આપણે દર વર્ષે સુવિધા આપીએ છીએ અને એના માટે રૂપિયા ૧૩૦.૮૧ કરોડની જોગવાઇ કરી છે. આદર્શ નિવાસી શાળા બાબતે જોઇએ તો આ રાજ્યમાં અનુસૂચિત જનજાતિની વસતિ મુખ્યત્વે અંતરિયાળ જંગલ વિસ્તારમાં તથા ડુંગરાળ પ્રદેશમાં વસવાટ કરતાં હોય છે અને શૈક્ષણિક સુવિધાઓ અપૂરતી હોવાના કારણે શિક્ષણનું પ્રમાણ ઓછું હોય, આદિજાતિનાં બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી આદિવાસી વિસ્તારમાં ૭૫ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. જેમાં ધોરણ–૯થી ૧૨ સુધીના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં અંદાજે ૧૧,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને આજે લાભ મળે છે. એના માટે રૂપિયા ૧૨૨.૧૯ કરોડની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમરસ હોસ્ટેલ. પહેલા હાયર એજ્યુકેશન મેળવવું હોય તો બહાર જવું પડતું હતું. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભુજ એવા વિસ્તારમાં આદિવાસી વિદ્યાર્થીઓને એડમિશન મળે પણ રહે ક્યાં? એના માટેની સરકારે ચિંતા વ્યક્ત કરીને માનવતાનું કામ કરી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ, હિંમતનગર, પાટણ, ભુજ અને જામનગર ખાતે અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયની યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના ૩૯૦૦ વિદ્યાર્થીઓને એનો લાભ આપવામાં આવે છે અને એના માટે રૂપિયા ૨૪.૮૭ કરોડની જોગવાઇ કરી છે. વિદ્યાર્થીઓ મેડિકલમાં હોય, પી.જી.માં હોય એ બધા ત્યાં રહીને ભણે છે. ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકારની એક સ્વાયત્ત સંસ્થા છે. આદિજાતિ વિસ્તારમાં આધુનિક સુવિધાઓ સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે તેની રચના કરવામાં આવી છે. હાલમાં સોસાયટી દ્વારા ૧૦૧ શાળાઓનું સંચાલન કરવામાં આવે છે જેના માટે કુલ રૂ.૪૪૫.૫૯ કરોડની જોગવગાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નારી શક્તિ વંદન કાયદો મોદી સાહેબ લાવ્યાં એના પહેલા કન્યા કેળવણી મહોત્સવ કરીને અહીંયાથી ગયા હતા અને એ સમયે એમણે અહીંયા દેડિયાપાડામાં એમણે જ્યારે માનનીય ચેતરભાઇ વસાવા સાહેબના સમોત સ્કૂલ તમારા ગામના વિસ્તારમાં વર્ષ ૨૦૦૩માં કન્યા કેળવણી મહોત્સવ જ્યારે એમણે દીકરીઓને પ્રવેશ આપ્યો હતો. તમારી સ્કૂલમાંથી દિલીપભાઇ વસાવા એ ફાર્માસિસ્ટ તરીકે નોકરી કરે છે. કલાબેન સ્ટાફ નર્સ છે. વીરસિંહભાઇ સ્ટાફ નર્સિંગ બ્રધરમાં છે. દિલીપભાઇ વસાવા જી.ઇ.બી.માં છે. આ બધા જ વસાવાના દીકરાઓ છે જેને આંગળી પકડીને મોદી સાહેબે સ્કૂલમાં મૂક્યા હતા. આજે એ લોકો રોજગારી મેળવી રહ્યા છે. આ કામ સન્માનનીય દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તે થયું છે. સાથે સાથે કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં જી.એલ.આર.એસ.માં ભણતી વિદ્યાર્થીઓ માટે રિકરિંગ ગ્રાન્ટમાં પ્રતિ વર્ષે વિદ્યાર્થી દીઠ રૂ.૫૭,૧૦૦/– આપવામાં આવતા હતા એમાં વધારો કરીને રૂ. ૭૦,૦૦૦/– કર્યાં છે એના માટે રૂ.૧૯.૬૭ કરોડની જોગવાઇ કરી છે. નીટ અને જી–ના કોચિંગ આપવા માટે નવી યોજના મિત્રો આપણે લાવ્યા છીએ. ધો. ૧૨ સાયન્સ પાસ વિદ્યાર્થીને મેડિકલમાં કે એન્જિનિયરિંગમાં જવું હોય એના માટે નીટ અને જી પાસ કરવી પડે. એના માટે કોચિંગ આપવાની વ્યવસ્થા કરી છે. એમાં વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/–આશરે ૧૪૦૦ વિદ્યાર્થીઓ માટે રૂ.૨.૮૦ કરોડની જોગવાઇ, આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોનની પણ વ્યવસ્થા કરી છે. આ યોજના વર્ષ ૨૦૦૧થી અલમમાં છે. ગુજરાત રાજ્યમાં જુદા જુદા જિલ્લામાં વસતાં આદિવાસી શિક્ષિત વિદ્યાર્થીઓ આગળ આવે એના માટે સને ૨૦૧૨–૧૩થી સને ૨૦૨૩–૨૪ સુધીમાં વિદેશ અભ્યાસમાં કુલ ૨૮૩ વિદ્યાર્થીઓ આટલા સમયમાં વિદેશ અભ્યાસ લોન લઇને ગયા છે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, ફોન ઉપર વાત ના કરશો.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, જેના માટે રૂ.૩૯.૨૬ કરોડનું ધિરાણ ચૂકવીને વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. સને ૨૦૨૨–૨૩માં ૪૯ વિદ્યાર્થીઓ ગુજરાતના આદિવાસી સમાજના જેમને વર્ષ ૨૦૨૩–૨૪માં ૩૯ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. શાળઆઓના બાંધકામ માટે વિશેષ જોગવાઇ આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલયો, એકલવ્ય મૉડેલ રેસીડન્સી સ્કૂલ તેમજ ગર્લ્સ લિટરલીના તમામ બાંધકામ માટે રૂ.૫૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટી અમે નારો આપતા નથી. અમે આને જમીની હકીકતમાં બદલીએ છીએ. બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટી રાજપીપળાખાતે નર્મદા જિલ્લામાં કાર્યરત છે. બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટી માટે રૂ.૩૪૧/– કરોડના ખર્ચે આધુનિક કેમ્પસના નિર્માણની કામગીરી પૂર્ણતાના આરે છે. બે ફેઝની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને ઘર આંગણે હાયર એજ્યુકેશન મળી રહે એના માટેની આ વ્યવસ્થા કરી છે અને બિરસા મૂંડા આદિવાસી સમાજ માટે ભગવાનના રૂપમાં છે. અમે એને જ્ઞાન ગંગા સાથે જોડીને આ યુનિવર્સિટીની સ્થાપના કરી છે અને એમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫થી નવા કેમ્પસમાં બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટીની શરૂઆત થશે. સાથે સાથે નવું કેમ્પસ કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય, ભોજનાલય, ઇન્સ્ટિટ્યૂટ બિલ્ડિંગ, એડમિન બિલ્ડિંગ, ઓડિટોરિયમ, લાઇબ્રેરી, સ્પોટર્સ કોમ્પલેક્ષ વીથ ગ્રાઉન્ડ, ઇનડોર–આઉટડોર વગેરે સુવિધાયુક્ત હશે. યુનિવર્સિટીના સંચાલન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંશોધન કાર્ય માટે રૂ.૬.૧૭ કરોડની જોગવાઇ કરી છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૧–૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક નવી બાબતની સહાય યોજના અમે આપના સહયોગથી આજે મંજૂર કરીએ છીએ. ધોરણ ૧૧–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ઇનસેન્ટિવ સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૪૬.૨૫ કરોડની જોગવાઇ કુમારો માટે રૂ.૨૫,૦૦૦ અને કન્યાઓ માટે રૂ.૩૦,૦૦૦ વાર્ષિક સુચિત છે. અંદાજે ૧૭,૦૦૦ વિદ્યાર્થીઓને આનો લાભ મળશે. સાથે સાથે જે મોટો પ્રશ્ન કુપોષણનો હતો એના માટે પણ રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અને આશ્રમ શાળાઓમાં આદિવાસી બાળકોને પોષણનું સ્તર વધે, બાળકો શાળાએ નિયમિત આવે એના માટે પાલન–પોષણ મળે તે માટે આદિવાસી વિસ્તારોના ૫૨ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના શરૂ કરેલ છે. એમાં પણ આપ તો ડેરીના ચેરમેન છો એટલે આપને ખબર છે કે દોઢ ફેટનું દૂધ આટલાં વર્ષોથી આપતા હતા એમાં વધારો કરીને ૪.૫ ફેટનું દૂધ કરવામાં આવશે, જેનાથી અંદાજે હવે ૧૦ લાખ બાળકોને વધુ પોષણક્ષમ દૂધનો લાભ મળશે તેના માટે રૂ.૩૦૩.૧૫ કરોડની જોગવાઇ આપણે કરી છે. મફત તબીબી સહાય યોજના. અનુસૂચિત જનજાતિના લોકોને મફત તબીબી સહાય મળે એના માટે રૂ.૪૩.૩૨ કરોડની જોગવાઇ, આદિજાતિ વિસ્તારોમાં નવી હોસ્પિટલ, નર્સીંગ હોમ, ડિસ્પેન્સરી શરૂ કરવા માટે જે વિદ્યાર્થીઓ મેડિકલ કરે છે એમને પોતાની હોસ્પિટલ સ્થાપવી હોય એના માટેની વ્યવસ્થા કરી છે. બેંક લોન સામે ૫૦ ટકા સહાય વધુમાં વધુ ૬૦ લાખની મર્યાદામાં સહાય આપવાની યોજનામાં ૯.૪૫ કરોડની જોગવાઇ, એમ.બી.બી.એસ., બી.ડી.એસ. એ વિદ્યાર્થીઓ જો પોતાની ડિસ્પેન્સરી અથવા નર્સીંગ હોમ ચાલુ કરવા માંગતા હોય તો એના માટે પણ રૂ.૨૫ લાખની મર્યાદામાં આપણે વ્યવસ્થા કરી છે અને રૂ.૩.૯૩ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામૂદાયિક વિકાસની ન્યૂ ગુજરાત પેટર્ન આટલા વર્ષોથી યોજના ચાલતી હતી વર્ષ ૧૯૯૭–૯૮થી એમાં સ્થાનિક પરિસ્થિતિના અનુસંધાનમાં એનું આયોજન થતું હતું પણ એમાં છેલ્લાં ૫ વર્ષમાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના હેઠળ રૂ.૨૦૦ કરોડથી વધારેની જોગવાઇ કરી ૬૫૦૦૦ થી વધારે કામો મંજૂર કરવામાં આવેલ છે. મને કહેતા આનંદ થાય છે. અમારા સમાજના ધારાસભ્યો, બધાને માટે ગૌરવની બાબત છે કે ચાલુ સાલે વર્ષ ૨૦૨૩–૨૪માં ન્યૂ ગુજરાત પેટર્ન હેઠળ કરવામાં આવેલી જોગવાઇના દરમાં બમણો વધારો કરીને ડબલ આગામી વર્ષે દરેક વિભાગ દ્વારા કરવામાં આવશે. ન્યૂ ગુજરાત પેટર્ન યોજના હેઠળ જોગવાઇમાં વધારો કરવાનો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. રોજગારી, આજીવિકા સંકલિત ડેરી વિકાસમાં આપણા પશુપાલકોને પશુ એકમદીઠ હાલની યુનિટ કોસ્ટ ૭૦૦૦૦માં આપણે જે પશુઓ આપીએ છીએ એમાં વધારો કરીને રૂ.૨૦૦૦૦ નો વધારો કરીને નવા યુનિટ કોસ્ટ પ્રમાણે રૂ.૯૦૦૦૦ કરવામાં આવશે. જેમાં ગુજરાત સરકાર અને ભારત સરકારની સહાયની કુલ રકમ રૂ.૪૫૦૦૦ વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાત આદિવાસી વિકાસ નિગમ જી.ડી.વી.સી. દ્વારા ઓછા દરે લોનની રકમમાં રૂ.૨૨૫૦૦થી વધીને રૂ.૨૯૦૦૦ થશે. મને કહેતા એ બાબતનો આનંદ છે કે વિશેષમાં આદિજાતિ યુવાનો સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી બાંધકામ તથા કૃષિક્ષેત્રે મોટા કદના મશીનો ઓટોમેટિક હાઇડ્રોલિક કીટ બનાવવાનું મશીન, કૉંક્રિટ બ્લોક બનાવવાનું મશીન, ડીઝલ એન્જિન, કૉંક્રિટ મીક્ષર, હેવીડ્યૂટી કૉંક્રિટ કટિંગ મશીન, ડીઝલ જનરેટર કૃષિક્ષેત્રે વપરાતા ડ્રોન, વેલ્ડિંગ મશીન, જેસીબી જેવાં સાધનો ખરીદવા માટે બેંકમાંથી મેળવેલ લોન ઉપર ૫૦ ટકા સહાય વધુમાં વધુ રૂ. ૩૫ લાખની મર્યાદામાં આપવાની જોગવાઇ કરી છે. રૂ.૫.૫૧ કરોડની જોગવાઇ આમાં થયેલી છે. વકીલાત જેને કરવી હોય કાયદામાં સ્નાતકની પ્રેક્ટિસ કરવા માટે જે ફાળવવામાં આવતું સ્ટાઇપેન્ડ રૂ. ૫૦૦૦ હતુ એને વધારીને રૂ. ૧૦૦૦૦ કર્યું. જેના માટે રૂ.૨.૪૫ કરોડની જોગવાઇ. આદિજાતિ વિસ્તારમાં ખેડૂતોના પીલેશના ઉપયોગ માટે સહાય હતી એમાં રૂ.૭.૫૦ કરોડની જોગવાઇ સાથેસાથે કૃષિ વૈવિધ્યકરણ યોજના જે ચાલે છે એમાં રૂ.૩૫ કરોડની જોગવાઇ કરી છે. સાથેસાથે સુધારેલા બિયારણ આપીએ છીએ એમાં પણ જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથેસાથે આદિજાતિ ખેડૂતો માટે વ્યક્તિગત ૨૫ હોર્સપાવર સુધીના મીની ટ્રેકટર આપવા માટે જે યોજના છે એમાં રૂ.૧૦ કરોડની જોગવાઇ, સરકારી અને પી.પી.પી. મોડલ ઉપર ચાલતી સંસ્થાઓ મારફત વ્યવસાયલક્ષી તાલીમ વી.ટી.સી. આપવા માટે રૂ.૮ કરોડની જોગવાઇ, બકરાં ઉછેર યોજના માટે રૂ.૯ કરોડની જોગવાઇ, આદિજાતિ ખેડૂતોને સિંચાઇનું પાણી મળી રહે એના માટે ઉદવહન સિંચાઇ યોજના માટે જે વયવસ્થા કરી છે એમાં રૂ.૬૭.૨૧ કરોડની જોગવાઇ, રાજયના આદિવાસી વિસ્તારોમાં આવેલ ૫૦૦૦થી વધુ દૂધ ઘરો ઉપર આ નવી બાબત છે અને બધાના માટે આશીર્વાદરૂપ છે. રાજયના આદિજાતિ વિસ્તારમાં આવેલ ૫૦૦૦ થી વધુ દૂધ ઘરો ઉપર સોલાર રૂફ ટોપ સિસ્ટમ લગાવવા નાણાકીય સહાય પૂરી પાડવા માટે નવી યોજના માટે રૂ. ૨૫.૯૧ કરોડની જોગવાઇ કરી છે, જેનાથી દૂધ મંડળીઓના, દૂધ ઘરોના વીજળી બિલનું ભારણ ઘટશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણા પશુપાલકો માટે આનંદના સમાચાર છે. હળપતિઓને આદિમજૂથોને પાયાની સુવિધા મળી રહે એ માટે મુખ્યમંત્રી આદીમજૂથ ઉત્કર્ષ યોજના માટે રૂ. ૧૨૭.૨૧ કરોડની જોગવાઇ, દુર્ગમ આદિજાતિ વિસ્તારમાં વસતા છેવાડાના ગામોના લોકોના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના રૂ.૧૦૦ કરોડની જોગવાઇ, માનવ ગરિમા યોજનામાં ૧૨૪૦૦ જેટલા લોકોને રોજગારી મળે તેના માટે રૂ.૧૬.૫૦ કરોડની જોગવાઇ. ઘણીવાર વન અધિકારની બધા મિત્રો વાતો કરતા હોય છે. વન અધિકાર અધિનિયમ હેઠળ ખેડૂતો માટેની મુખ્યમંત્રી વન

અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના પણ અમે લાવ્યા. મને કહેતા એ વાતનો આનંદ થાય છે કે અંબાજીથી ઉમરગામ સુધીના અમારા આદિવાસી બંધુઓ જે વસે છે એને વન અધિકાર અધિકાર નિયમ હેઠળ રાજયમાં કુલ ૯૭૩૪૨ પરિવારોને મંજૂર વ્યક્તિગત દાવાઓ હેઠળ ૬૬૩૧૫ હેકટર જમીનના ખેડાણ હક્ક આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આટલી જમીન અમે આપી છે. તે જમીન પર તેમણે જમીનનું લેવલિંગ કરવું હોય, સિંચાઇની સુવિધા કરવી હોય, આધુનિક સાધનો દ્વારા ખેતી કરી શકે તેના માટે યોજના લાવ્યા છીએ તેમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૧૦.૬ કરોડની જોગવાઇ કરી છે. દેશના સન્માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (જનમન) યોજના શરૂ કરી છે. ૧૫મી નવેમ્બરના રોજ ઝારખંડ રાજયના કુટ્ટીથી આ યોજનાની શરૂઆત કરાવી છે અને તેમણે સંકલ્પ કર્યો કે આ દેશનો ઉપેક્ષિત, દલિત, છેવાડાનો વ્યક્તિ છે તેને દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પછી પાણી માગવું પડે? તેને આવાસ ન મળે. તેમણે કહ્યું કે, મારે આ નથી જોવું. તેવા સમાજને શોધીને આદિમ જૂથો માટે પી.એમ. જનમન યોજના ચાલુ કરી. ગયા ૭૫ વર્ષમાં જે કામ ન થયું તે માત્રને માત્ર ૭૫ દિવસમાં પૂરું કર્યું. એના માટે એટલું જ કહીશ કે, ક્ક્ક તું અપને ઘરમે દીપ જલાકર મત રૂક જાના, કુછ દીપ ચોરાયે પર ભી રખ આના, જો ભટકતે હૈ અંધેરી રાહો પર ઉનકે પથમે ભી ઉજાલા કર આના.ક્ક અમારે આવા લોકોના ઘરમાં અજવાળું કરવું છે, દીવો પ્રગટાવવો છે, તેના ઘર સુધી નહીં પણ તેના હૃદય સુધી પહોંચવાનું કામ અમે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાં ૧૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મળીને ૭૫ જેટલા આદિમ જૂથોના લોકોને માટે સાહેબે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (જનમન) યોજના શરૂ કરી છે અને લોકોને તેનો લાભ મળતો થયો છે. છેવાડાના વિસ્તાર સુધી આ ટ્રાયબલ વિભાગની યોજના આપનારી આ સરકાર છે. રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબનો પણ આભાર માનું છું. આ આદિજાતિ લોકો માટેની જે યોજનાઓ છે તેને આગળ લઇ જવાનું કામ અમે ચાલુ રાખ્યું છે. આજે ૧ લાખ કરોડ રૂપિયાની જોગવાઇ તેના માટે કરેલ છે. અમારા આદિજાતિ વિસ્તારોમાં દરેક લોકો પાસે મોબાઇલ છે. મોબાઇલના ટાવર પકડાતા નથી. અમારી સરકાર આદિવાસી વિસ્તારોમાં નેટવર્ક ઊભું કરવા માટે ૫૦૦ નવા મોબાઇલ ટાવર બે વર્ષમાં ઊભા કરવાનું આયોજન કર્યું છે. અમારી પાસે રામજી પણ છે અને ફાઇવજી પણ છે તેનો પણ અમે ઉપયોગ કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા મત વિસ્તારમાં આવેલ માનગઢની વાત કરું. પાલ, ગઢવાલ, ચિતરીયાની વાત કરું તેમાં પછી ગોવિંદ ગુરૂની વાત હોય તે લોકો દેશને આઝાદી આપવા માટે ખપી ગયા છે, પોતાના પ્રાણોના બલિદાન આપ્યા છે. તેમને કોઇએ યાદ કર્યા ન્હોતા, પણ સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે યાદ કરીને તેમની યાદમાં સ્મૃતિવન, સ્મારકો બનાવ્યા છે. તેનું માન સન્માન જાળવવાનું કામ આપણા વડાપ્રધાનશ્રીએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ પણ મારી પાસે છે. તેમાં અમારા ડો.કિરીટકુમાર નેલ્સન મંડેલાનું એક વાક્ય ઇંગ્લીશમાં બોલ્યા હતા. તે પછી મેં તેનું ગુજરાતી ભાષાંતર કર્યું છે. શિક્ષણ સૌથી સચવાયેલ હથિયાર છે. જેનો ઉપયોગ દુનિયા બદલવા કરી શકાય. આનો ઉપયોગ કરવો પડે પણ તેના માટે સન્માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આટલાં વર્ષો પછી આ નેશનલ એજ્યુકેશન પોલિસી તેના માટે લાવ્યા છે. તેમનું સૂત્ર હતું પણ ઉપયોગ કરનારા કોઇ ન હતા. આજે તેનો ઉપયોગ આપણે કરી રહ્યા છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભા અને સંશાધનોના વિકાસ માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક કલ્યાણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. આગામી દાયકામાં ભારતમાં સૌથી વધુ યુવાનોની વસતિ હશે. તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ, શૈક્ષણિક અવસર પ્રદાન કરવાની આપણી ક્ષમતા આપણા દેશના ભવિષ્યને નિર્ધારિત કરશે. ભારતના સર્વાંગી વિકાસ, આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રગતિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતો તેમજ વૈશ્વિક સ્તર પર ભારતના નેતૃત્વને મજબૂતી પ્રદાન કરવા માટે ગુણવત્તાયુકત અને સર્વવ્યાપી શિક્ષણ ચાવીરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનને સાકાર કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અસરકારક અમલીકરણ થકી અમૃતકાળમાં ભારતના જ્ઞાન આધારિત સમાજ અને વિશ્વગુરૂ બનવાના તથા ફાઇવ ટ્રિલિયન ડોલર ઇકોનોમીના ધ્યેયને સાકાર કરવા માટે ગુજરાત સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. આપણે નારી સશક્તિકરણ, નારી ઉત્થાનની વાતો કરીએ છીએ. આ પૂરુષ પ્રધાન દેશમાં આપણા દેશની નારીની સ્થિતિ શું હતી તે આપણે સૌ જાણીએ છીએ. ચાર દીવાલોની વચ્ચે નારીનું જીવન હતું. તેને ત્યાંથી બહાર લાવવાનું કામ કર્યું. આઝાદીનાં આટલાં વર્ષો પછી કન્યા કેળવણી મહોત્સવ મોદી સાહેબે જે શરૂ કર્યો હતો તેને અમારી સરકાર માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રી શ્રી કનુભાઇ પટેલના સહયોગથી આગળ વધારી રહી છે. અમારા વિભાગ માટે નમો સરસ્વતી યોજના લાવ્યા છીએ.રાજયની શાળામાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-૬થી ૧૨નું ભવિષ્યલક્ષી ગુણવત્તાયુક્ત શિક્ષણની તકો પ્રાપ્ત થાય તે હેતુથી સરકારે વિવિધ મેરીટ સ્કોલરશિપ યોજનાઓ તેમજ સ્કૂલ વાઉચર યોજનાઓનો અમલ કરેલ છે જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૬૦ હજાર તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ તેમજ સ્કૂલ વાઉચર આપવામાં આવેલ છે. રાજયની સરકારી અને અનુદાનિત શાળાઓના ૧.૫૦ લાખ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-૬થી ૧૨નું શ્રેષ્ઠ ગુણવત્તાયુકત નિવાસી શિક્ષણ મળી રહે તે હેતુથી રાજયમાં કુલ ૭૫ જ્ઞાનશક્તિ નિવાસી સ્કૂલ અને જ્ઞાનશક્તિ ટ્રાયબલ નિવાસી સ્કૂલ ઓફ એક્સલન્ટની યોજના શરૂ

કરવામાં આવી છે અને એ યોજના ચાલુ છે. એ જ રીતે ૫ હજાર તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ–૬થી ૧૨નું શ્રેષ્ઠ ગુણવત્તાવાળું શિક્ષણ નિવાસી સૈનિક શિક્ષણ મળી રહે તેના માટે રાજયમાં કુલ ૧૦ રક્ષાશક્તિ સ્કૂલની યોજના શરૂ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મને કહેતાં એ બાબતનો આનંદ છે કે, ૨૧મી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે તેમાં જીવનના દરેક ક્ષેત્રમાં આઇ.આઇ.ટી. અને સંલગ્ન તકનિકો મહત્ત્વનો ભાગ ભજવવાની છે. વધુમાં ઉચ્ચ કક્ષાની નવી રોજગારીની તકો માટે વિજ્ઞાન પ્રવાહ તેમજ સાયન્સ ટૅકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સનું શિક્ષણ જરૂરી છે. આટલાં વર્ષોથી આપણા ગુજરાતમાં આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨ ટકા હતી અને ૧૮ ટકા વિદ્યાર્થીઓ સાયન્સ પ્રવાહમાં જતા હતા એમાં વધારો થાય અને પ્રોત્સાહન મળે એના માટે રાજય સરકારની આપણી આ નવી બાબત છે અને એમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૨૪–૨૫થી નમો સરસ્વતી યોજના અંતર્ગત વિજ્ઞાન સાધના સ્કોલરશિપ શરૂ કરવામાં આવશે, જેમાં ધોરણ ૧૦ની પરીક્ષા પાસ કરેલ વધુમાં વધુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ યોજના અંતર્ગત ઉત્તર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ–૧૧માં રૂપિયા ૧૦ હજાર અને ધોરણ–૧૨માં રૂપિયા ૧૫ હજાર એમ કુલ રૂપિયા ૨૫ હજારની સહાય આપવામાં આવશે. આ યોજનાથી આગામી ૫ વર્ષમાં ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨ લાખથી વધીને ૫ લાખ થવાની ધારણા છે. આના સિવાયની બીજી આપણી જે પ્રોત્સાહક સ્કોલરશિપ યોજનાઓ છે, હાલની સ્કોલરશિપ યોજનાઓમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશિપ, મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશિપ, મુખ્યમંત્રી વિજ્ઞાનસાધના મેરીટ સ્કોલરશિપ, જ્ઞાનશક્તિ સ્કૂલ ઓફ એક્સલન્ટ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ મિશનરી સ્કૂલ ઓફ એક્સલન્ટ અને રક્ષાશક્તિ સ્કૂલને વર્ષ ૨૦૨૪–૨૫થી નમો સરસ્વતી યોજના અંતર્ગત આવરી લેવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, નમો સરસ્વતી યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ વિવિધ યોજનાઓ પેટે વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ રૂપિયા ૫૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નમો લક્ષ્મી યોજના, આ વિકસિત ગુજરાત ૨૦૪૭ના સંકલ્પમાં આપણે આઝાદીની શતાબ્દી આપણે મનાવીશું અને એમાં આપણા દેશની મહિલાઓની મુખ્ય ભૂમિકા હશે, કિશોરીઓની ભૂમિકા હશે. અમારી સરકાર દ્વારા મહિલાઓના શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને રાજનીતિક વિકાસ માટે દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની ધૂરા સંભાળી હતી, એ સમયમાં વર્ષ ૨૦૧૪માં એમણે બેટી બચાવો, બેટી પઢાઓનો નારો પૂરા દેશને આપ્યો હતો અને એના ભાગરૂપે વુમન હેલ્પલાઇન, નારીશક્તિ પુરસ્કાર, સરસ્વતી સાધના, નારીશક્તિ વંદન અધિનિયમ, મહિલા પોલીસ વલેન્ટિયર જેવી યોજનાઓ અમલમાં છે. નારીશક્તિનું સાચા અર્થમાં સશક્તિકરણ થાય, નારી પગભર બને અને પૂરુંષ સમોવડી બને દરેક ક્ષેત્રે પોતાનું યોગદાન આપે એના માટેની વ્યવસ્થા કરવા માટે ભવિષ્યની માતૃશક્તિના સ્વરૂપમાં સ્વસ્થ અને શિક્ષિત સમાજના નિર્માણમાં તેઓનું અમૂલ્ય યોગદાન રહે એના માટે એમના પોષણ, આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહન આપવા અમારી સરકારે નમો લક્ષ્મી યોજનાની જાહેરાત કરી છે. જેમાં સરકારી, અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરનાર પાત્રતા ધરાવતી અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીઓને ધોરણ–૯ અને ૧૦ માટે વાર્ષિક રૂપિયા ૧૦ હજાર અને ધોરણ–૧૧ અને ૧૨ માટે વાર્ષિક રૂપિયા ૧૫ હજારની સહાય આપવામાં આવશે. આમ આ યોજના હેઠળ ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યેથી બીજી વધારાની રૂપિયા ૫૦ હજારની સહાય આપવામાં આવશે. એટલે કુલ રૂપિયા ૭૫ હજારની સહાય આપવામાં આવશે અને સાથે સાથે વિજ્ઞાન પ્રવાહમાં સરસ્વતી સાધના યોજનામાં જો દીકરી જશે તો એના રૂપિયા ૨૫ હજાર બીજા એટલે કુલ ૧ લાખ રૂપિયા આપણી દીકરીઓને આવનારા સમયમાં મળશે. આ રાજય સરકારની નારી શક્તિ કન્યા કેળવણી મહોત્સવનો સાચા અર્થમાં જે ઉદ્દેશ છે એ સિદ્ધ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મોટા ભાગની સરકારી પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સગવડો માટે સ્માર્ટ ક્લાસ રૂમ અને શાળાઓને કમ્પ્યુટરથી સજ્જ કરવાની કાર્યવાહી હાલ આપણે હાથ ધરી રહ્યા છીએ. રીયલ ટાઇમ મોનિટરિંગ કરવા દેશનું સર્વપ્રથમ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગુજરાતમાં શરૂ કરવામાં આવેલ છે. દેશ–વિદેશના ઘણા મહાનુભાવોએ ઘણા વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લઇ તેને શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશ અને વિકાસશીલ દેશો માટે એક અનુસરણીય મોડલ ગણાવ્યું છે. અને ગઇ કાલે જ તા.૧૯–૦૨–૨૦૨૪ના રોજ વર્લ્ડ બેન્કના કાર્યક્રમ ઇન્ડિયા સમિટ ઓન એજ્યુકેશન નોલેજ એક્ષ્ચેન્જ અંતર્ગત આપણે જે વિદ્યા સમીક્ષા કેન્દ્ર પર વિદેશની ટીમ ૧૩ દેશોના શિક્ષણ મંત્રીઓ અને શિક્ષણ ક્ષેત્રે કામ કરતા અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ આવતીકાલે આપણા વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત કરીને ગયું છે તે પણ આપણા બધા માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ હેઠળ વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન સરકારી તેમજ અનુદાનિત શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને સુદઢ બનાવવાના હેતુથી રૂ.૩૫૦૦ કરોડથી વધુના ખર્ચે ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધા ઊભી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ૧૫ હજાર નવા વર્ગખંડો બનાવેલ છે તેમજ ૧૫ હજારથી વધુ નવા વર્ગખંડોનું કાર્ય પ્રગતિ હેઠળ છે. સાથે સાથે ૫ હજારથી વધુ કમ્પ્યુટર લેબ બની ગયેલ છે. ૧૫ હજાર કમ્પ્યુટર લેબનું

અમલીકરણ પ્રગતિમાં છે સાથે સાથે શાળાઓમાં ગુણવત્તાયુકત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે વિદ્યા સહાયક અને જ્ઞાન સહાયક મળીને વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૨૨૩૪૯ નિયુકત કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે નવી એન.ઇ.પી.ના અનુસંધાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના આધારે ધોરણ–૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા પદ્ધતિમાં મહત્ત્વના નીતિ–વિષયક નિર્ણયો કરી અમલમાં મૂકવામાં આવ્યા છે. અનુદાનિત માધ્યમિક આપણી જે શાળાઓ છે ઉત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને સંખ્યાના આધારે વર્ગ વધારાની પ્રક્રિયામાં સરળીકરણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન કુલ–૪૫૦ ઉપરાંત નવા ક્રમિક વર્ગ વધારવાની મંજૂરી આપવામાં આવી છે. આ સાથે મિશન સ્કૂલ ઓફ એકસલન્સ ૨.૦ અંતર્ગત રાજયની આશરે ૫ હજાર જેટલી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉત્તર માધ્યમિક શાળાઓનું સુદ્દઢીકરણ કરવામાં આવશે જેનો સીધો લાભ ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓને થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આ અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ માટે ૨૫૦ કરોડની જોગવાઇ અને આવતા ૫ વર્ષ માટે ૨ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણા બધાના માટે આ નવી બાબત છે. અમારા ધારાસભ્યશ્રીઓ અને તેમના મિત્રો જે સ્કૂલોની માગણી કરતા હોય છે પણ આપણે ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખીને તે ઉપરાંત વર્ષ ૨૦૨૪–૨૫થી રાજયમાં નવી ૧૬૨ સરકારી અને ૧૦ આર.એમ.એસ.એ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલ ટ્રાન્સપોર્ટ સુવિધામાં વધારો થાય તેના માટે હાલમાં જે રાજયના સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા આશરે ૨.૨૦ લાખ વિદ્યાર્થીઓને નજીકની સરકારી શાળામાં સાનુકૂળ રીતે જઇ શકે તેના માટે સ્કૂલ ટ્રાન્સપોર્ટની સુવિધા મળી રહે તે માટે વાર્ષિક રૂ. ૧૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. સાથે સાથે પીએમ પોષણ યોજના હેઠળ સરકારી, અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેમના માટે નવી બાબતમાં શાકભાજી, મરી–મસાલા તેમજ ગોળ વગેરે માટે અપાતી સહાયમાં ૬૦ ટકાનો વધારો આપણે સૂચવ્યો છે જેના માટે રૂ.૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાથે સાથે રાજયમાં બાલવાટિકાથી ધોરણ–૮ સુધીના વિદ્યાર્થીઓને કુપોષણ મુકત અભિયાન શાળા હેઠળ મુખ્યમંત્રી બાલ અંતર્ગત વિશિષ્ટ આહાર માટે કુલ રૂ.૭૫૦ કરોડની જોગવાઇ જે પૈકી વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આજે ધોરણ–૧થી ૮માં ડ્રોપ આઉટ રેટ જે વર્ષ ૨૦૦૧–૦૨માં ૩૭.૨૨ હતો તેવી વાત થઇ છે, જે ૨.૬૮ થયો છે અને દેશમાં આપણું ગુજરાત રાજય પ્રથમ એવું છે કે જેને ગુજરાત રાજય બાલવાટિકા શરૂ કરનાર પ્રથમ રાજય છે. જે અંતર્ગત ૫ વર્ષથી વધુ અને ૬ વર્ષથી નાની વયના આશરે ૫ લાખ બાળકોને ૩૧ હજાર સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા હેઠળ પ્રવેશ આપવામાં આવ્યો છે. સાથે સાથે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલિંગ ૮મા પછી આગળ વધે તેના માટે પણ વ્યવસ્થા કરી છે. સ્કૂલ મેન્ટેન ગ્રાન્ટ પણ આપણે આ વખતે આપવાની શરૂઆત કરી છે. મફત પાઠ્ય પુસ્તક યોજના મને કહેતા એ બાબતનો આનંદ છે કે, આપણે બધા ભણતા ત્યારે કોઇ પાઠય પુસ્તક કે ગણવેશ કશું મળતું નહોતું જયારે અત્યારે પાઠય પુસ્તકો તમામ મફત, રૂ. ૧૦૨ કરોડની જોગવાઇ પૂરા ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ માટે ૧૯ લાખ વિદ્યાર્થીઓને આપણે પાઠય પુસ્તકો મફત આપીએ છીએ. માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના લક્ષ્યને સિદ્ધ કરવાની દિશામાં આ તમામ રાજયની પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં સુધારો થશે. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણનું મારું બાકી છે.

ઉપાધ્યક્ષશ્રી : જે બાકી હોય એ બોલી નાંખો. ચાર મિનિટ બાકી છે.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું શિક્ષણ વિસ્તૃત ફલક, તકનિકી પ્રગતિ અને નવીન અભિગમો દ્વારા સંચાલિત નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઇ રહ્યું છે. આ ભાવિ પ્રગતિ માટે આપણે વર્તમાનમાં સજ્જ હોવા જોઇએ. વર્ષ ૨૦૨૭ વિશે આગાહી કરતાં પહેલાં ગુજરાતના સાંપ્રત સમયની તુલના વર્ષ ૨૦૦૨ સાથે કરીએ તો વર્ષ ૨૦૦૨માં ૧૪ યુનિવર્સિટીઓ હતી આજે ૧૦૮ યુનિવર્સિટીઓ થઇ છે. વર્ષ ૨૦૦૨માં કૉલેજોની સંખ્યા ૬૮૫ હતી. જે આજે ૩૧૦૦ થઇ છે. વર્ષ ૨૦૦૨માં ૨૬ એન્જિનિયરિંગ કૉલેજો હતી. જે આજે ૧૩૮ થઇ છે. વર્ષ ૨૦૦૨માં પોલિટેકનિકોની સંખ્યા ૩૦ હતી જે આજે ૧૪૭ થઇ છે. વર્ષ ૨૦૦૨માં પ્રોફેશનલ કૉલેજોની સંખ્યા ૧૦૮ હતી. જે અત્યારે ૫૦૩ થઇ છે. વર્ષ ૨૦૦૨માં મેડિકલની બેઠકો ૧૩૭૫ હતી. જે આજે વધીને ૫૭૦૦ થઇ છે. જે વિકાસ સૂચવે છે. સાથે–સાથે આપણે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ દાખલ કર્યો છે. અધ્યાપકોને સિનિયોરિટી થકી રોટેશનથી બોર્ડ ઓફ મેનેજમેન્ટ, રેગ્યુલેટરી કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલ અંતર્ગત લાભો મળે છે. નવી એન.ઇ.પી.નું અમલીકરણ થયું છે. એમાં વિદ્યાર્થીઓનો પણ ફાયદો છે. બધાંનો પ્રવેશ એક સાથે થશે અને આ કાયદા દ્વારા તમામ સિનિયર અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટી અધ્યાપકો, પ્રોફેસરો અને ડીન તથા ૩૩ ટકા મહિલાઓને શિક્ષણના કાર્યમાં સહભાગી કરવામાં આવશે. હાયર એજ્યુકેશનમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે એમના માટે યુવા મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના (MYSY) અંતર્ગત રૂ.૪૦૦ કરોડની જોગવાઇ કરી છે. શોધ યોજના અંતર્ગત જે વિદ્યાર્થીઓ પી.એચ.ડી. કરે છે એમના માટે વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૪૦ કરોડની જોગવાઇ કરી છે. ફિનિશિંગ સ્કૂલ યોજના અંતર્ગત અનુદાનિત કૉલેજોના વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત રોજગારલક્ષી કૌશલ્ય વધે તે માટે સોફ્ટ સ્કિલ સાથે–સાથે સ્પોકન ઇંગ્લિશની ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. ફિનિશિંગ સ્કૂલની યોજના અંતર્ગત રૂ.૭.૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. જેનો લાભ ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓને મળશે. ઉચ્ચ અને ટૅકનિકલ શિક્ષણની કૉલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકીના

રોજગાર મેળવતાં વિદ્યાર્થીઓને રોજગારીની તકો પૂરી પાડનાર ઉદ્યોગો અને સંસ્થાઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩ કરોડનું આયોજન કર્યું હતું અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને અંદાજે ૧૫૦૦ જેટલા ઉદ્યોગો અને સંસ્થાઓ સાથે નોંધણી હાથ ધરવામાં આવશે. માનનીય મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના ઉચ્ચ શિક્ષણ માટે ચાલે છે. આ યોજનામાં સાત અલગ-અલગ કેટેગરી છે. જેમાં ૫૦ ટકાથી ઓછી મહિલા સાક્ષરતા ધરાવતા તાલુકાઓની કન્યાઓને લેવામાં આવે છે. એમાં શહીદ જવાનો, શ્રમિક વાલીઓ, બાળકો, ડિવોર્સી, ત્યક્તા તથા અનાથ બાળકોને આનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં એના માટે રૂ.૨૯.૯૭ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે-સાથે કે.કા.શાસ્ત્રી હાયર એજ્યુકેશન ફંડમાં રાજ્યની સરકારી તેમજ અનુદાનિત કૉલેજો અને યુનિવર્સિટીઓને NAAC (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિશન કાઉન્સિલ) માટે સહાય અને પ્રોત્સાહન માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૬.૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યની સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)ના આયોજન માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૩૦ કરોડની જોગવાઇ કરી છે. રાજ્યની નવી સરકારી કૉલેજોના મકાન બાંધકામ માટે, હયાત કૉલેજોમાં વધારાની સુવિધા ઉપલબ્ધ કરવા માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧૦૪ કરોડની જોગવાઇ કરી છે. ટૅકનિકલ શિક્ષણમાં એન્જિનિયરિંગ અને પોલિટેકનિક બેઠકોનું રિસ્ટ્રક્ચરિંગ કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી વિવિધ સરકારી ઇજનેરી કૉલેજો માટે ૪૮૦ બેઠકો અને પોલિટેકનિક સંસ્થાઓ માટે ૪૫૦ બેઠકોના વધારા સાથે એન્જિનિયરિંગના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે. હાલમાં વિવિધ ઇન્ડસ્ટ્રીની જરૂરિયાતને ધ્યાને લઇ તેમજ વિદ્યાર્થીઓને વિવિધ ટૅકનૉલૉજી સાથે જોડીને ટૅકનૉલૉજીના ઉભરાતાં ક્ષેત્રમાં રિસર્ચ અને ઇનોવેશન કરી શકે અને વૈશ્વિક હરિફાઇમાં અગ્રેસર બને તે માટે રાજ્યની સરકારી ડિગ્રી ઇજનેરી અને પોલિટેકનિક સંસ્થાઓ માટે સેન્ટર ઓફ એક્સિલન્સ (GOE)ની સ્થાપના માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૩૦,૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સમગ્ર દેશ અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવર્તમાન ફ્યુચરિસ્ટિક અને ડિસરપ્ટીવ ટૅકનૉલૉજી ક્ષેત્રે ઉદ્યોગ, રિસર્ચ અને ઇનોવેશન ઇકો સિસ્ટમના તમામ સ્ટેક હૉલ્ડર્સને એક પ્લેટફોર્મ પૂરું પાડવા માટે આઇ.આઇ.ટી. (દિલ્હી) અને આઇ.આઇ.ટી. (ચેન્નાઇ) ખાતે રિસર્ચ પાર્ક સાથે સરકારી ઇજનેરી કૉલેજો ખાતે ઓનલાઇન રિસર્ચ પાર્ક સ્થાપવા માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૯.૯૨ કરોડની જોગવાઇ કરી છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી) : અમે સંમત છીએ.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડી વાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ટૅક્નિકલ સંસ્થાઓ ખાતે નવી સાધન સામગ્રી, ફર્નિચર, પુસ્તકો પૂરા પાડવા વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સરકારી ટૅક્નિકલ શિક્ષણ સંસ્થાઓ ખાતેના હેરિટેજ બિલ્ડિંગોનું રીનોવેશન કરવા માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ નવું સંશોધન કરે તેના માટે રાજ્ય સરકારે અને દેશના સન્માનનીય વડાપ્રધાન મોદી સાહેબે આ સ્ટાર્ટ અપ પૉલિસી શરૂ કરીને સ્ટાર્ટ એપને વધુ વેગ મળે તે માટે અમારી સરકાર દ્વારા સ્ટુડન્ડ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન પૉલિસી (SSIP) લાવવામાં આવેલ છે. જે અન્વયે નવનિર્મિત આઇ હબ ખાતેના સ્ટાર્ટ અપ વર્ક સેશન તેમજ સરકારી ટૅક્નિકલ સંસ્થાઓના વિવિધ ભવનોના સંચાલન અને નિભાવણી માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં SSIP ૧.૦ વર્ષ ૨૦૧૭થી અમલમાં મૂકવામાં આવી હતી. આ પૉલિસીના પાંચ વર્ષ દરમિયાન કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ૬૮૦૦થી વધુ SSIP અંતર્ગત ઇનોવેટિવ પ્રોજેક્ટસ વિકસાવવામાં આવ્યા હતા. આ સાથે ૧૩૦૦ જેટલી પૅટર્ન પણ વિદ્યાર્થીઓ દ્વારા ફાઇલ કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપ ૨૨૦૦થી વધુ સ્ટાર્ટ અપને SSIP અંતર્ગત લાભ મળ્યો છે. આ પૉલિસીના કારણે આપણા વિદ્યાર્થીઓને નોકરી માટે જ નહીં પણ આપણો વિદ્યાર્થી નોકરી આપવા માટે કામ કરી રહ્યો છે તે આનંદની બાબત છે. SSIP ૧.૦ની શરૂઆત સફળતાપૂર્વક પૂરી કરી અને SSIP ૨.૦ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૭ સુધી પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી છે. આ સાથે જ માત્ર દોઢ વર્ષના સમયગાળામાં SSIP ૨.૦ અંતર્ગત ૧૭૦૦થી વધુ પૅટર્ન, SSIP અંતર્ગત ઇનોવેટિવ પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યા. ૭૭૦ જેટલી પૅટર્ન પણ વિદ્યાર્થીઓ દ્વારા ફાઇલ કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપ ૩૫૧થી પણ વધારે સ્ટાર્ટ અપને SSIP અંતર્ગત લાભ મળ્યો છે. SSIP ૧.૦ અને SSIP ૨.૦ ના આવા પરિણામ થકી સમગ્ર દેશમાં છેલ્લાં ચાર વર્ષથી સતત ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ પ્રદર્શન કરનારું રાજ્ય બન્યું છે. તે આપણા યુવાનોની કરામત છે. દેશ બદલાઇ રહ્યો છે. જી-૨૦ સમિટ અંતર્ગત ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન વર્ષ ૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ. જેમાં૧૦ હેક્ટરમાં કુલ ૩૬ ટીમોને રૂ.૪૨ લાખના ઇનામો આપવામાં આવ્યાં હતાં.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ સામેના પડકારોને સરકાર, સમાજ અને તંત્રના સહિયારા પ્રયાસોથી પહોંચી વળીને વર્ષ ૨૦૨૭માં ગુજરાતનું ભવિષ્યવાદી શિક્ષણ ફલક પરંપરાગત શૈક્ષણિક મૉડલમાંથી એક નમૂનારૂપ પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરશે. વ્યક્તિગત શિક્ષણ, તકનિકી સંકલન, મિશ્રિત શિક્ષણ, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષક

સશક્તિકરણ અને સમુદાય સાથે જોડાણ આ પરિવર્તનકારી પ્રવાસના આધારસ્તંભ બની શિક્ષણના પથને વધુ પ્રકાશિત કરશે. ગુજરાતની શૈક્ષણિક પ્રણાલી સતત બદલાતી દુનિયામાં વિકાસ માટે જરૂરી કૌશલ્ય, જ્ઞાન અને માનસિકતા સાથે શીખનારાઓને સશક્ત કરવા માટે વિકસિત થઇ રહી છે. શિક્ષણમાં આવેલા વૈશ્વિક નવાચારને અપનાવીને ગુજરાત શ્રેષ્ઠતા માટે જે માપદંડ સ્થાપિત કરશે તે અન્ય પ્રદેશો માટે તેમની શૈક્ષણિક પ્રણાલીને પુન:કલ્પના કરવા માટે પ્રેરણારૂપ બનશે. ગુજરાતના ગૌરવશાળી આપણા સાહિત્યકાર નર્મદે કહ્યું છે કે, "રંગ થકી પણ અધિક સરસ રંગ થશે, સત્વરે માત જય જય ગરવી ગુજરાત". એ જ રીતે વિકસિત ગુજરાત સત્વરે વધુ વિકસી દુનિયાભરમાં તેનો ડંકો વગાડશે. પૂર્વમાં ઉગનારા સૂરજના અશ્વોનો હણહણાટ સંભળાઇ રહ્યો છે, દસેય દિશાઓમાંથી એક જ નાદ ગુંજી રહ્યો છે. આવો, આપણે સૌ સાથે મળીને ભવિષ્યના ભવ્ય ગુજરાતને આવકારીએ. અંતમાં હું મારા બંને વિભાગની બજેટની માંગણીઓ અંગે એટલું કહેવા માગું છું કે, આ બજેટ ગરીબો, આદિવાસીઓ, વંચિતો, મહિલાઓ, બાળકો માટે તથા નવા ભારતના નિર્માણ અને ગુજરાતની શિક્ષણ સ્થિતિ સુધરે તેના માટે છે. આથી ગુજરાતના વિકાસ માટે સરકારે કરેલી આ નવી જોગવાઇઓને સમગ્ર ગૃહના સભ્યો વિના વિરોધે સર્વાનુમતિથી મંજૂર કરે તેવી મારી વિનંતી અને અનુરોધ છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧, ૭, ૧૨, ૧૮ અને ૧૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**
**માગણી ક્રમાંક–૯, ૧૦, ૯૩ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૦૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**ફાલ્ગુન ૨, ૧૯૪૫ શાકે**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

***15/4/1619 શ્રી સી.કે.રાઉલજી )ગોધરા :(માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ, અને | )૧( | હા ,જી. |
| )૨( | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લામાં કુલ ૨૬,૬૩૭ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ .૧.૬૭ કરોડની રાહત મળેલ છે. |

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મીટર આધારિત વીજ બિલ જે ખેડૂતો ભરતા હતા એમાં ફિક્સ ચાર્જનો દર અગાઉ કેટલો હતો? અને આપણા દેશના વડાપ્રધાન મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ખેડૂતોની બમણી આવક કરવા માટે મારે એ પણ પૂછવું છે કે આ ફિક્સ ચાર્જના દરમાં રાજય સરકારે મારા પંચમહાલ જિલ્લા સિવાય આખા રાજયમાં આ ફિક્સ ચાર્જનો દર કેટલો ઘટાડયો એ મારે જાણવું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અલગ અલગ વિસ્તારોમાં ભૂગર્ભ જળના તળ અલગ અલગ હોઇ રાજયના જે વિસ્તારોમાં ભૂગર્ભ જળના તળ ઊંચા છે એ વિસ્તારના ખેડૂતોને ઓછી ક્ષમતાના મોટર પંપ સેટને લીધે વીજ બિલમાં ફિક્સ ચાર્જ ઓછો ભરવાનો થતો હતો. જયારે જે વિસ્તારોમાં ભૂગર્ભ જળના તળ નીચા છે ત્યાં ખેડૂતોએ વધુ ક્ષમતાના મોટર પંપ સેટનો ઉપયોગ કરવો પડે છે જેના લીધે તેમને વીજ બિલમાં ફિક્સ ચાર્જ વધુ ભરવો પડતો હતો તેના લીધે ખેડૂતોને ખેત પેદાશની પડતર કિંમતમાં ઘણો વધારો થતો હતો. આમ ખેડૂતોની મુશ્કેલી ધ્યાનમાં લઇ રાજય સરકારે મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કરેલ છે. ફિક્સ ચાર્જનો દર અગાઉ હોર્સપાવર દીઠ રૂ. ૨૦ હતો. આ દરમાં ઘટાડો કરવામાં આવેલ છે. સાડા સાત હોર્સ પાવર સુધીના વીજ દર માટે પ્રતિ હોર્સ પાવર માસિક ફિક્સ ચાર્જ રૂ. ૧૦ કરવામાં આવેલ છે. ૫૦ ટકા ઘટાડો કરવામાં આવેલ છે. જયારે સાડા સાત હોર્સ પાવર કરતા વધુના વીજ દર રૂ. ૫ પ્રતિ હોર્સ પાવર ફિક્સ માસિક ચાર્જ વસૂલ કરવામાં આવશે. આથી એમાં પણ ૭૫ ટકાની રાહત આપવામાં આવેલી છે. આમ સાડા સાત હોર્સ પાવરથી વધુના વીજ દર માટે રૂ.૫ પ્રતિ હોર્સ પાવર માસિક ફિક્સ ચાર્જ કરવામાં આવેલ છે એટલે કે ૭૫ ટકા ઘટાડો કરવામાં આવેલ છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખેડૂતોની ચિંતા કરીને આ વીજ દર ઘટાડયો છે એ બદલ રાજય સરકારને અને ઊર્જામંત્રીનો આભાર માનું છું અને અભિનંદન આપું છું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયના મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતો માટે વીજ બિલ ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવાનો રાજય સરકારનો જે ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે એને કારણે ખેડૂતોને તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ આજે વીજ બિલમાં ખેડૂતોને વાર્ષિક કેટલી રાહત મળેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મીટર આધારિત વીજ બિલ ભરતા સમગ્ર ગુજરાતના ખેડૂતોને વીજ બિલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવાના રાજય સરકારના ખેડૂતલક્ષી નિર્ણયને કારણે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજયના મીટર આધારિત વીજ બિલ ભરતા ૧૪ લાખ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ. ૨૨૧નો ઘટાડો થશે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં મીટર આધારીત વીજ બિલ ભરતા તાલુકાવાર કેટલા ખેડૂતોને ફિક્સ ચાર્જમાં રાહત કેટલી થઇ છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર જોઇએ તો ગોધરા તાલુકામાં ૩૨૮૩ ખેડૂતો મીટર આધારિત વીજ બિલ ભરે છે અને તેમને ૨૦ લાખ રૂપિયાનો ફાયદો થયો છે. શહેરા તાલુકો જે આપનો વિસ્તાર છે ત્યાં આગળ ૩૪૮૨ ખેડૂતોને ૧૯ લાખ રૂપિયાનો ફાયદો થયો છે. મોરવા હડફ તાલુકામાં ૩૨૧૨ ખેડૂતોને ૧૫ લાખ રૂપિયાનો ફાયદો થયો છે, હાલોલ તાલુકામાં ૨૮૩૩ ખેડૂતોને ૨૬ લાખ રૂપિયાનો ફાયદો થયો છે, કાલોલ તાલુકામાં ૪૨૨૩ ખેડૂતોને ૩૧ લાખ રૂપિયાનો ફાયદો થયો છે, ઘોઘંબા તાલુકામાં ૫૭૯૬ ખેડૂતોને ૩૪ લાખ રૂપિયાનો ફાયદો થયો છે અને જાંબુઘોડામાં ૩૮૦૮ ખેડૂતોને ૨૨ લાખ રૂપિયાનો ફાયદો થયો છે. આમ, ૨૬૬૩૭ ખેડૂતોને ૧ કરોડ ૬૭ લાખ રૂપિયાનો ફાયદો થયો છે.

**રાજ્યમાં વીજ ડ્યુટી વસૂલાત**

***15/4/2276 શ્રી અમિત ચાવડા )આંકલાવ : (માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-:**

| | **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વીજ વપરાશ કરતા રહેણાંક કક્ષાના ગ્રાહકો પાસેથી ઇલેક્ટ્રીક ડ્યુટી વસુલાય છે કે કેમ, અને | )૧ (હા, જી. |
| )૨( | જો હા, તો ઉક્ત સ્થિતિએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ઉક્ત ડ્યુટીનો દર કેટલો છે ? | )૨ ( |

| ક્રમ | વિસ્તાર | વિદ્યુતનું વિતરણ કરતા એકમોના ગ્રાહકોને લાગુ પડતી ડ્યુટીનો દર | સ્વ-વપરાશ માટે વિદ્યુત ઉત્પાદન કરતા ગ્રાહકોને લાગુ પડતી ડ્યુટીનો દર |
|---|---|---|---|
| ૧ | ગ્રામ્ય વિસ્તાર | ૭.૫% | ૧૦ પૈસા/યુનિટ |
| ૨ | શહેરી વિસ્તાર | ૧૫% | ૨૦ પૈસા/યુનિટ |

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, જે વીજ ડયુટી રહેણાંક વિસ્તારના ગ્રાહકો માટે લેવામાં આવે છે, તેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭.૫ ટકા અને શહેરી વિસ્તારમાં ૧૫ ટકા લેવામાં આવે છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એક તરફ આપણે ખાનગી વીજ ઉત્પાદકો છે તેમને કરોડો રૂપિયાનો ભાવ વધારો આપીએ છીએ. બીજી બાજું ગુજરાતના રહેણાંક વિસ્તારના ગ્રાહકો છે તેમની પાસેથી ૭.૫ ટકા અને શહેરી વિસ્તારના ગ્રાહકો છે તેમની પાસેથી ૧૫ ટકા વીજ ડયૂટી વસૂલીએ છીએ. ૩૦૦ યુનિટ સુધીના વપરાશકારો એટલે કે લગભગ બી.પી.એલ.માં આવતા હોય તેવા વપરાશકારોની આ વીજ ડયૂટી માફ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો ખાનગી વીજ ઉત્પાદકોને ફાયદો આપવાની વાત કરી છે તે ખોટી છે. તે વીજ ખરીદી જે કરીએ છીએ તે રેગ્યુલેટરી ઓથોરિટી જે નક્કી કરે તે પ્રમાણે જ ખરીદ કરવામાં આવે છે અને પછી વિતરણ કરવામાં આવે છે. ખાનગી ઇલેક્ટ્રિસિટી ડયૂટી માટે મારે કહેવું જોઇએ કે, રાજ્યમાં રહેણાંક કક્ષાના ગ્રાહકો પાસેથી વર્ષ ૧૯૮૩થી આ ડયૂટી વસૂલવામાં આવે છે એટલે કે કોંગ્રેસના સમયથી વસૂલવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી વર્ષ ૧૯૮૩માં ૨૦ ટકાના દરે ઇલેક્ટ્રિસિટી ડયૂટી વસૂલવામાં આવતી હતી. વર્ષ ૨૦૦૭માં આ ડયૂટીનો દર ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૨માં તેમાં વધુ ઘટાડો કરીને ૭.૫ ટકા કરવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી વાર્ષિક ૨૫૦ યુનિટના વપરાશ સુધી કોઇ ઇલેક્ટ્રિકસિટી વસૂલ કરવામાં આવતી નથી. શહેરી વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી ૪૦ યુનિટ સુધીના વપરાશ ઉપર વર્ષ ૧૯૮૩માં ૨૫ ટકાના દરે ઇલેક્ટ્રિકસિટી ડયૂટી વસૂલવામાં આવતી હતી. વર્ષ ૨૦૦૬માં આ વેરાનો દર ઘટાડીને ૨૦ ટકા કરવામાં આવ્યો હતો અને વર્ષ ૨૦૧૨માં વધુ ઘટાડો કરીને આ વેરાનો દર ૧૫ ટકા કરવામાં આવ્યો છે. શહેરી વિસ્તારના રહેણાંક ગ્રાહકો પાસેથી ૪૦ યુનિટથી વધુના વપરાશ ઉપર વર્ષ ૧૯૮૩માં ૪૦ ટકાના દરે ઇલેક્ટ્રિસિટી ડયૂટી વસૂલવામાં આવતી હતી. વર્ષ ૨૦૦૬માં આ વેરાનો દર ઘટાડીને ૨૦ ટકા કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૨માં તેમાં વધુ ઘટાડો કરી ૧૫ ટકા કરવામાં આવેલ છે. ખેતીના હેતુસર બોર અથવા કૂવા થકી કરવામાં આવતી સિંચાઇ માટેના વીજ વપરાશ ઉપર ઇલેક્ટ્રિસિટી ડયૂટી લેવામાં આવતી નથી. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના રહેણાંક સિવાયની પ્રિમાઇસીસના કિસ્સામાં ઇલેક્ટ્રિસિટી ડયૂટી લેવામાં આવતી નથી. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નોટિફાઇડ એરિયા, કેન્ટોનમેન્ટ બોર્ડ, અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ, ઇલેક્ટ્રિક સ્મશાનગૃહ પાસેથી ઇલેક્ટ્રિસિટી ડયૂટી લેવામાં આવતી નથી. નહીં નફો નહીં નુકસાનના ધોરણે કાર્યરત હોસ્પિટલ અને ડિસ્પેન્સરી પાસેથી ઇલેક્ટ્રિસિટી ડયૂટી લેવામાં આવતી નથી. બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતમાંથી વીજળીના વપરાશ ઉપર ઇલેક્ટ્રિસિટી

ડ્યૂટી લેવામાં આવતી નથી. સેઝમાં સ્થપાતા નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે દસ વર્ષ માટે ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાંથી રાહત આપવામાં આવેલ છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વિસ્તૃત અહેવાલ આપ્યો છે. મારો સવાલ એ છે કે, રાજ્ય સરકાર દ્વારા કઇ કઇ કેટેગરીમાં વીજદરમાં રાહત આપવામાં આવે છે. આમાં વધારાનો જવાબ હોય તો માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે? આભાર.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગે માનનીય રિવાબાના પ્રશ્નનો જવાબ આવી ગયો છે. હવે તો બધાને મફત જ થવાનું છે. પ્રધાનમંત્રી સોલાર યોજના આવી છે તેમાં ૩૦૦ યુનિટ સુધી મફત જ થવાનું છે. માનનીય રિવાબાના પ્રશ્નનો જવાબ આવી જ ગયો છે. ઊંચા દબાણવાળું વીજ સ્થાપન ધરાવતા ઔદ્યોગિક એકમોમાં ઇલેક્ટ્રો કેમિકલ તથા ઇલેક્ટ્રોનના મિકેનિકલ પ્રોસેસ થતા વીજ વપરાશમાં પ ટકા રાહત આપવામાં આવે છે. ૧૩૨ કે.વી. સુધીના જનરેટિંગ સેટ પર થતા વીજ વપરાશ પર કર લેવામાં આવતો નથી, જનરેટિંગ સેટ ચલાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી મશીનરીઓમાં થતા વીજ વપરાશ પર વીજ કર લેવામાં આવતો નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સમગ્ર ગુજરાતમાં ખેડૂતોને સંતોષજનક વીજળી મળી રહી છે. અગાઉ આપણા કૃષિમંત્રી આદરણીય રૂપાલા સાહેબ કહેતા કે, "પંચાયતમાં કે ગામમાં ચોરા પર ખેડૂતો ભેગા થાય તો અઠવાડિયામાં એક વાર લાઇટ આવે અને લાઇટ આવી હતી કે કેમ?" એની જ ચર્ચા થતી હતી. એવું વાતાવરણ હવે નથી. આદરણીય નાણામંત્રીશ્રીએ વીજ બિલમાં પણ રાહત આપેલ છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ડ્યૂટી દરમાં પણ રાહત આપેલ છે અને સોલાર વીજળીમાં ખેડૂતોને ઘણો ફાયદો મળેલ છે એ માટે આદરણીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ખેડૂતો પાસેથી કયા દરે વીજ કર વસૂલ કરવામાં આવે છે અને આ ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીના દર શેના ઉપર લગાડવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ કર ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે એટલે કે, ખેડૂતો પાસેથી વીજ બિલમાં કોઇ વીજ કર વસૂલવામાં આવતો નથી. ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીનો દર વીજ વપરાશ ચાર્જીસ એટલે કે ફિક્સ ચાર્જ, એનર્જી ચાર્જ અને ફ્યુઅલ ચાર્જ પર ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી વસૂલવામાં આવે છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જામંત્રીશ્રીના જણાવ્યા પ્રમાણે માનનીય મોદી સાહેબના વડપણ તળે અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઊર્જામંત્રીશ્રીએ જે કર રાહત આપી છે એને કારણે વર્ષ ૨૦૦૧થી ૨૦૨૪ સુધીમાં જે વપરાશકારો છે એ વપરાશકારોને એપ્રોક્સિમેટલી કેટલો ફાયદો થયો છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આનો જવાબ પહેલા પ્રશ્નના જવાબમાં આવી ગયો છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અન્ય રાજયોમાં ક્યાંક પ ટકા ડ્યૂટી વસૂલ કરવામાં આવે છે, ક્યાંક ૭ ટકા ડ્યૂટી વસૂલ કરવામાં આવે છે ત્યારે ગુજરાત રાજયમાં ખેડૂતો પાસે ૧૦ ટકા ડ્યૂટી વસૂલ કરવામાં આવે છે એ ઘટાડીને પ ટકા કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપનું સૂચન છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ**

*** 15/4/1627 શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ )ચોટીલા( :માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે –:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સબસ્ટેશનની બાજૂની પડતર જમીનમાં સોલાર પ્રોજેક્ટ કરવાની યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈ સોલાર પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ , | )૧( | હા. |
| )૨( | જો હા ,તો આ સોલાર પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા શું છે ,અને | ) ૨( | આ સોલાર પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૩૫ મેગાવોટ છે. |
| )૩( | તે કયા સ્થળે સ્થાપવામાં આવેલ છે ? | ) ૩( | જે ખાંડિયા ખાતે સ્થાપવામાં આવેલ છે. |

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સબસ્ટેશન નજીક આવેલી ખરાબાની પડતર જમીનમાં સૌર ઊર્જા પ્રોજેક્ટ કરવાની યોજના શું છે અને આ યોજનાના ઉદ્દેશ શું છે?

## તારાંકિત પ્રશ્નો

સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાપિત કરવામાં આવેલ ખાડિયા સોલાર પ્રોજેક્ટ દ્વારા કેટલા સબસ્ટેશનો છે અને કેટલા ખેતીવાડી ફિડરોમાં દિવસે વીજ પુરવઠો આપવામાં આવે છે અને કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને એનો લાભ મળે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના આપણા ભારતનું ગૌરવ એવા લોકનાયક વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક થ્રી ફેઇઝ વીજ પુરવઠો આપવાનું વિઝન હતું અને ૧૮ વર્ષ પહેલા જ્યોતિગ્રામ યોજના હેઠળ એ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક વીજ પુરવઠો આપનાર ગુજરાત પ્રથમ રાજય છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કાર્બન એમિશન ઘટાડવાનું વિઝન ધરાવતા હતા. વર્ષ ૨૦૧૦માં સોલાર પોલિસી જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજય હતું અને છેલ્લાં ૨૦ વર્ષમાં ગુજરાતની રિન્યુએબલ ક્ષમતા ૨૨.૫ ગીગાવોટ જેટલી વધી છે. હાલમાં ભારતની આર.ઇ. ક્ષમતામાં ગુજરાતનો ફાળો ૧૫ ટકા છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત દ્વારા ૫૦૦ ગીગાવોટ ક્ષમતાની રિન્યુએબલ એનર્જીનો નિર્ધાર કરેલ છે તેમાં ગુજરાત દ્વારા ૧૦૦ ગીગાવોટ ક્ષમતાની રિન્યુએબલ એનર્જીનો ફાળો આપવાનું આયોજન છે. રાજયભરમાં રાજયોએ સંકલિત આર.ઇ. પોલિસી ઘડી છે આ પોલિસીમાં ગુજરાતની બહાર વીજ નિકાસ માટે કોઇ પણ ચાર્જ વગર પરવાનગી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના વર્ષ– ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બનના આયોજનમાં ગુજરાત ઘણું આગળ વધ્યું છે અને ગુજરાત વર્ષ–૨૦૪૭ સુધીમાં નેટ ઝીરો કાર્બન થઇ જાય એવું આયોજન છે. હયાત સબ સ્ટેશનની બાજૂની ખરાબાની જમીન કે જેનો અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ થઇ શકે તેમ ના હોય તેવી જમીનમાં સૌર ઊર્જા આધારિત પ્રોજેકટ સ્થાપીને આ સૌર ઊર્જા આધારિત પ્રોજેકટને નજીકના સબ સ્ટેશન સાથે જોડવામાં આવે છે અને આ પ્રોજેકટની વીજળી દ્વારા તે સબ સ્ટેશનમાંથી નીકળતા ખેતીવાડી ફિડરો ઉપર દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં વોલ્ટેજ સાથે ગુણવત્તાયુકત વીજળી આપી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ ઉત્પાદન કરતા પાવર સ્ટેશન રાજયમાં અલગ અલગ જગ્યાએ આવેલ છે. આ પાવર સ્ટેશનમાંથી સબ સ્ટેશન સુધી ટ્રાન્સમિશન વીજ લાઇન પાવર દ્વારા પાવર લઇ જવામાં આવે છે. આથી પાવર સ્ટેશનથી સબ સ્ટેશન સુધી વીજ લાઇનમાં પાવર લોસ થતો હોય છે તેમજ વીજ લાઇન લાંબી હોય ત્યારે વોલ્ટેજ મેળવવામાં તકલીફ પડે છે. આ ઉપરાંત સબ સ્ટેશન સુધીની વીજ લાઇન કયારેક ખેડૂતોની ઉપજાવ જમીનમાંથી પણ પસાર કરવાની થાય છે. આમ, બિન ઉપયોગી પડતર જમીનનો ઉપયોગ, વીજ લાઇનનો પાવર લોસ અને ખેડૂતોને દિવસે વીજળી એવા ત્રિવિધ ઉદ્ધેશ સાથે એક નવતર અભિગમ અપનાવીને રાજયમાં આવા સૌર ઊર્જા પ્રોજેકટ સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર દેશમાં આ પ્રકારના સૌર ઊર્જા પ્રોજેકટ કરનાર ગુજરાત પ્રથમ રાજય છે. સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાપિત કરવામાં આવેલા ખાંડિયા સોલાર પ્રોજેકટ દ્વારા ૬૬ કે.વી. ખાંડિયા સબ સ્ટેશનના ૪ ખેતીવાડી ફિડરોનો વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે અને તેનો લાભ ૧૦૯૧ ખેડૂતોને મળે છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સૌર ઊર્જાના સંદર્ભમાં સરકારી પડતર જમીનની વાત છે પણ વિપક્ષના સભ્યો ઘણી વખત ઉદ્યોગો માટેની નીતિ અને તેમાં એવું કહેતા હોય છે કે, ખેતીની જમીન ઘટે છે. હું દસાડા વિધાનસભાના રણ કાંઠાના વિસ્તારમાંથી આવું છું અને આ રણ કાંઠાની અમારી ખેડૂતોની જમીન એવી બિન ઉપજાવ હોય છે કે તેના ઉતારા ૭/૧૨, ૮–અ હોય પણ તેમાંથી કંઇ પણ ઉપજ થતી ના હોય, પણ આ સૌર ઊર્જાના કારણે સોલાર પ્લાન્ટો આવ્યા છે તેના કારણે આ અમારી બંજર જમીન છે તે કરોડો રૂપિયાની થઇ છે એટલા માટે હું સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં સબ સ્ટેશનની નજીક આવેલ ખરાબાની જમીન પડતર જમીનમાં કરવામાં આવેલ સૌર ઊર્જાના પ્રોજેકટમાંથી તારીખઃ ૩૧–૧૨–૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલું સૌર ઊર્જાનું ઉત્પાદન થયુ છે? અને સુરેન્દ્રનગર જિલ્લાના સબ સ્ટેશન નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં અન્ય કોઇ બીજા સૌર ઊર્જાના પ્રોજેકટનું આયોજન છે કે કેમ? અને જો હા, તો તેની સ્થાપિત ક્ષમતા કેટલા મેગાવોટની છે

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં સબ સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં કરવામાં આવેલ ખાંડિયા ઊર્જા પ્રોજેકટ તારીખઃ૧૦–૦૮–૨૦૨૨ના રોજ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ પ્રોજેકટમાંથી તારીખઃ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ૮૯ મિલિયન યુનિટ સૌર ઊર્જા ઉત્પન્ન થયેલ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં સબ સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીન સાયલા ખાતે સૌર ઊર્જા પ્રોજેકટ કરવાનું આયોજન છે. સાયલા ખાતે સ્થાપિત થનાર આ ઊર્જા પ્રોજેકટની સ્થાપિત વીજ ક્ષમતા ૪૨ મેગાવોટ છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સબ સ્ટેશન નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં સૌર યોજના પ્રોજેકટ કરવાના કારણે ખેડૂતોને કેટલો ફાયદો થશે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા માટે મુખ્યત્વે બે બાબતો મહત્ત્વની છેઃ હયાત વીજ માળખાનું અપગ્રેડેશન કરવું અને દિવસ દરમિયાન વીજની માંગ સંતોષવા જરૂરી વીજ ઉત્પાદન કરવું. હયાત વીજ માળખાના અપગ્રેડેશન માટે રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા માટે લોકલ વિસ્તારના હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતાં વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવાહન માળખાના સશક્તિકરણની

જરૂરિયાત રહે છે. જેમાં તેઓ નવીન વીજ સબસ્ટેશન અને વીજ દિશાઓનું નિર્માણ જરૂરી બને છે. દિવસ દરમિયાન વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં કોલસો, ગૅસ જેવા પરંપરાગત વીજ સ્ત્રોતની તંગી તેમજ ઉપલબ્ધતા અને પરિવહનને લગતી વિવિધ સમસ્યાઓના વિકલ્પે બિનપરંપરાગત ઊર્જાનું મહત્તમ ઉત્પાદન જરૂરી બન્યું છે. તેમાં ખાસ કરીને સૌર ઊર્જા કે જે દિવસ દરમિયાન ઉપલબ્ધ હોય છે. તેથી સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન થકી ખેડૂતોને દિવસે વીજળી આપી શકાય છે. આવનારા દિવસોમાં જેમ સૂર્ય આધારિત વીજ ઉત્પાદન ક્ષમતા વધશે તેમ તેમ દિવસ દરમિયાન સૂર્ય આધારિત વીજળી વધુ પ્રાપ્ત થશે. આથી ગુજરાત રાજ્યમાં સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા શક્ય એટલી વધારીને ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવાનું આયોજન છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા અને પાટણ કે જે નર્મદા આધારિત કમાન્ડ એરિયામાં આવે છે. એમાં તમામ બ્રાન્ચ કેનાલો પર ખેડૂતો પોતપોતાનું કનેક્શન ધરાવે છે. એમને વારંવાર દંડ આપવામાં આવે છે. તેઓ પોતે રેગ્યુલર કનેક્શન ધરાવતા હોવા છતાં પોતાનું ખેતર કેનાલથી બે કે ત્રણ કિલોમીટર દૂર હોય એટલે એ નાની મોટર મૂકી પિયત માટે પાણી લેતા હોય છે. એના કારણે ઘણી વખત એક્સિડંટની ઘટનાઓ પણ બને છે. વીજ કરંટથી મૃત્યુ પણ થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી, ખાલી પ્રશ્ન જ પૂછો.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કમાન્ડ એરિયા જ્યાં નજીક છે અને ખેડૂતો પોતાનું કનેક્શન ધરાવે છે એમાં પોતાના ખર્ચે સોલર મૂકી ખેડૂતોને પાણી આપવા માટેની મંજૂરી આપવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આની સાથે સંલગ્ન નથી પણ જો કોઇને સોલર લગાવવું હોય તો અમને કોઇ તકલીફ નથી.

**અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

***15/4/1417 : શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તાની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ૨૦૨૩/૧૨/૩૧. અમદાવાદ શહેર અનેજિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા અંગે કેટલા વ્યાપારી એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૧) | વર્ષ ૨૦૨૨માં કુલ ૬૩ એકમો સામે તથા વર્ષ ૨૦૨૩માં કુલ ૩૬ એકમો સામે વર્ષ ૨૦૨૨માં કુલ રૂપિયા ૧,૪૯,૦૦૦રૂપિયા એક લાખ) -/ ઓગણપચાસ હજાર પૂરા૧પિયા માં કુલ રૂ૨૦૨૩તથા વર્ષ (,૧૩,૦૦૦ -/ રૂપિયા એક લાખ) તેર હજાર પૂરા માંડવાળ ફી (વસૂલ .કરવામાં આવી |

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં અને અમદાવાદ જિલ્લામાં તંત્ર દ્વારા પેકેટ પર છપાયેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવાની ફરિયાદો મળી છે. અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લાની વાત કરું તો અમદાવાદ શહેરમાં અને જિલ્લામાં આવેલ મોટા રેસ્ટોરન્ટ અને હોટેલ્સ કે જ્યાં ખાવા-પીવાની ચીજવસ્તુઓ મળતી હોય તેમાં જે કિંમત છાપેલી હોય છે એના કરતાં વધારે કિંમત વસૂલ કરવામાં આવે છે. જે પાણીની બોટલ રૂ.૨૫/-ની છે એના ફાઇવ સ્ટાર હોટલમાં રૂ.૫૦૦/- વસૂલ કરવામાં આવે છે. રેસ્ટોરન્ટમાં પણ છાપેલ કિંમત કરતાં વધારે રકમ વસૂલ કરવામાં આવે છે. તો આ અંગેની સરકારને કેટલી ફરિયાદો મળી છે અને તેની સામે શું પગલાં લેવામાં આવ્યાં છે? બીજું કે છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં આવા કેટલા રેસ્ટોરન્ટ અને હોટલોની તપાસ થઇ અને તેના કસૂરવાર સામે શું પગલાં લેવામાં આવ્યાં?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા કાનૂની માપ વિજ્ઞાન અધિનિયમ, ૨૦૦૯ હેઠળ ગ્રાહકને ચૂકવેલ કિંમતના પ્રમાણમાં પૂરતો જથ્થો મળી રહે તે માટે અલગ અલગ કલમોમાં જોગવાઇ કરીને ગ્રાહકને છેતરાતો અટકાવવા માટે કાયદાના અમલીકરણની કામગીરી આ જોગવાઇ હેઠળ થાય છે. દરેક વેપારી દ્વારા ઉપયોગમાં લેવાતા વજન/માપ, તોલવાના અને માપવાના સાધનોની સમયાંતરે ચકાસણી થઇને તે માટેની સરકારી મુદ્રાંકન ફી વસૂલવામાં આવે છે. જેથી ગ્રાહકને ખોટા વજન/માપના ઉપયોગથી છેતરાવવાનું ન રહે. દરેક વજન/માપ, તોલવાના/માપવાનાં સાધનોના ઉત્પાદન, રિપેરિંગ તથા વેચાણ માટે પરવાનો લેવો ફરજિયાત છે. જેથી બજારમાં ગ્રાહક સુરક્ષાના હેતુ જળવાય રહે. કોઇ પણ પૅકેજ સ્વરૂપમાં વેચાતી ચીજવસ્તુઓના પૅકેજ ઉપર આ નિયમો અન્વયે તેના પૅકરનું નામ, સરનામું, મહત્તમ વેચાણ કિંમત, પૅક કરેલ માસ અને વર્ષ તથા ચીજવસ્તુઓનું વજન, જથ્થો અને ફરિયાદ માટે કસ્ટમર કેર નંબર, ઇ-મેઇલ વગેરે બાબતો દર્શાવવી ફરજિયાત છે. જેથી પૅકેજ ચીજવસ્તુ લેનાર ગ્રાહકને પૂરતી જાણકારી મળે. પૅકર દ્વારા ઉત્પાદન થયેલ સમયે પૅકેજ પર દર્શાવેલી જથ્થાની ઓછી ભરતી થાય તો ગુનો બને છે. આમ, ગ્રાહકને દર્શાવેલ જથ્થો

પૂરેપૂરો મળવો ફરજિયાત છે. કોઇ પણ પૅકર, હોલસેલર, રીટેલર પૅકેજ ઉપર છાપેલી મહત્તમ વેચાણ કિંમતથી વધારે કિંમતે પૅકેજ વેચાણ કરી શકશે નહીં. આ વેચાણ કિંમતમાં પણ છપાયા પછી કોઇ ફેરફાર કરી શકશે નહીં. આ બંને જોગવાઇઓ અને નિયમોનો ભંગ થાય તો તેના ગુના બદલ રૂ.૧૫૦ થી શરૂ કરી અને રૂ.૭,૫૦૦/– સુધીની ગુના માંડવાળ ફી પણ તંત્ર દ્વારા વસૂલ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ માંગેલી માહિતીની વિગતો વર્ષ ૨૦૨૨માં ૬૩ એકમો અને વર્ષ ૨૦૨૩માં ૩૬ એકમો એમ બે વર્ષ દરમિયાન આવા કુલ ૯૯ એકમો ઉપર પકેજ ફેરફારના કારણે ગુના નોંધાયેલા છે. આ સમય દરમિયાન વર્ષ ૨૦૨૨માં રૂ.૧ લાખ ૪૯ હજાર અને વર્ષ ૨૦૨૩માં રૂ.૧ લાખ ૧૩ હજાર મળી બે વર્ષની કુલ રૂ.૨ લાખ ૬૨ હજાર માંડવાળ ફી વસૂલ કરવામાં આવેલી છે. ખાસ કરીને જે હોટલો/રેસ્ટોરન્ટની વાત કરી તેમાં વર્ષ ૨૦૨૨માં ૭ કેસ કરવામાં આવ્યા છે અને તેની સામે રૂ.૧૪ હજાર તથા વર્ષ ૨૦૨૩માં આવા ૬ કેસ કરવામાં આવ્યા છે અને તેની સામે રૂ.૧૨ હજાર જેટલી ગુના અંગેની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે. હાઇ–વે પરની હોટલો સામે એમ.આર.પી. કરતાં વધુ કિંમત લેવાની જે ફરિયાદ કે રજૂઆત આવેલી હોય ત્યાં અમારા અધિકારીઓ તપાસ કરતાં હોય છે અને જ્યાં આવું ધ્યાન ઉપર આવે તેની સામે ગુનો દાખલ કરીને માંડવાળ ફી પણ વસૂલ કરવામાં આવતી હોય છે. અમદાવાદમાંથી આવી એક ફરિયાદ મળેલી જેની તપાસ કર્યા બાદ ગુનો દાખલ કરીને માંડવાળ ફી વસૂલ કરવામાં આવેલી છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાં મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે અને રૂલ ઓફ લૉનો અનુભવ પણ થઇ રહ્યો છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વધુ ભાવ લઇને ગ્રાહકને છેતરતાં વ્યાપારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવે છે તેની કોઇ વિશેષ માહિતી હોય તો પ્રકાશ પાડે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જ્યારે વધુ ભાવ લઇને ગ્રાહકને છેતરવા બદલ તંત્ર દ્વારા જે કામગીરી કરવામાં આવે છે તેમાં કોઇ પણ પૅકેટ ઉપર લખવામાં આવેલ એમ.આર.પી. કરતાં વધુ ભાવ લેવાનું માલૂમ પડે તો પૅકેજડ કોમોડિટીસના નિયમ, ૨૦૧૧ના નિયમ–૧૮(૨) મુજબ આવા વેપારી એકમો સામે ગુનો નોંધીને પૅકેજડ કોમોડિટીના નિયમ, ૨૦૧૧ના નિયમ–૩૨(૩) મુજબ ગુના માંડવાળ ફી વસૂલ કરવામાં આવે છે. તાલુકાકક્ષાએ હોય તો તાલુકા કક્ષાએ ફરજ બજાવતાં જુનિયર નિરીક્ષકને આ કાનૂની વિજ્ઞાન તથા વ્યાપારી એકમો સામે ગુનો નોંધવાની સત્તા છે. એ જ પ્રમાણે જિલ્લા કક્ષાએ મદદનીશ નિયંત્રકશ્રી, કાનૂની માપ વિજ્ઞાન ગુના માંડવાણ ફી વસૂલ કરવાની કામગીરી કરે છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મૅક્સિમમ રીટેલ પ્રાઇઝ કરતાં વધુ કિંમત લેવા માટે દંડની જોગવાઇ છે પરંતુ એ સિવાય કોઇ વેપારી સામે કોઇ પગલાં લેવાની જોગવાઇ છે કે કેમ? અને શું પગલાં લેવામાં આવે છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પેકેટ ઉપર છાપેલી મહત્તમ વેચાણ કિંમત કરતાં વધુ ભાવ લેવાના ગુના બદલ વેપારી સામે નિયમ–૩૨(૩) મુજબ પેકટના ઉત્પાદક, આયાતકાર માટે રૂ.૫૦૦૦/– તથા હૉલ સેલર કે રીટેલર હોય તો એના માટે રૂ.૨૦૦૦/– ફી વસૂલ કરવાની જોગવાઇ છે અને એ પણ તાલુકા કક્ષાએ હોય તો જુનિયર નિરીક્ષક ગુનો નોંધે છે અને જિલ્લા કક્ષાએ મદદનીશ નિયંત્રક માંડવાણ ફી વસૂલ કરવાની જવાબદારી નિભાવે છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એરપોર્ટમાં વસ્તુની એમ.આર.પી. થી વધારે કિંમત લેવાનાં કારણો શું છે? અને આવી બાબતોમાં એરપોર્ટ ઓથૉરિટીમાં જે વેચાણ કરતાં હોય એમને આ માટેની વિશેષ છૂટછાટ આપવામાં આવે છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એરપોર્ટ ઓથૉરિટી, સરકારી તંત્ર, ખાનગી હોટલ કે રેસ્ટોરન્ટમાં પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેવામાં આવે તો પેકેજડ કોમોડિટીઝ નિયમ–૨૦૧૧ના નિયમ પ્રમાણે એના પર ગુનો પણ દાખલ થાય છે અને એ પ્રમાણે માંડવાળ ફી પણ વસૂલ કરવામાં આવે છે.

## ઉંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ

***15/4/2242 : શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર )ચાણસ્મા :(ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૯/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૩૭૨૯૫ )અગ્રતા–૧૦૫(ના અનુસંધાને માનનીય સહકાર મંત્રીશ્રી)રાજ્યકક્ષા (જણાવવા કૃપા કરશે કે –:**

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | સન ૨૦૨૦ ના વર્ષમાં ઉંઝા એ.પી.એમ.સી.માં થયેલ ૧૫ કરોડના સેસ કેસ કૌભાંડની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ થઇ, | (૧)નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ તપાસ અહેવાલ તથા તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ વધારાની વિગતો રજૂ થયેલ છે. |
| (૨) | તપાસ દરમિયાન સેસ કેસ કૌભાંડમાં કેટલી રકમનું કૌભાંડ | (૨)રજૂ થયેલ તપાસ અહેવાલ મુજબ અરજદારશ્રીની રજૂઆતને બજાર |

| | | |
|---|---|---|
| | થયાનું સામે આવ્યું, અને | સમિતિના રેકર્ડથી સમર્થન મળતું નથી તેમ જણાવેલ છે. |
| (૩) | તે અન્વયે સરકારે જવાબદારો સામે શા પગલાં લીધા? | (૩)ઉક્ત અનુ. નં. ૨ મુજબ<br>વળી આ બાબતે નામ. હાઇકોર્ટમાં એસ.સી.આર.એ. – ૫૦૭૭/૨૦૨૧ અને ૫૦૯૭/૨૦૨૧ દાખલ થયેલ હોઈ, મેટર સબ જ્યુડીશ છે. |

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઊંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડની તપાસ ચાલુ છે તે દરમિયાન લાયકાત ન હોવા છતાં ૩૪ સગા–સંબંધીઓની ભરતી કરવામાં આવી છે. મહત્ત્વની વાત એ છે કે, આ લાગતા–વળગતા ૩૪ને નોકરી આપવામાં આવી છે તેની નિમણૂકની યાદી ભરતી કાર્યક્રમ પહેલાં ન્યૂઝપેપરમાં આવી ગઇ હતી. આમ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને ચેરમેનશ્રી, એ.પી.એમ.સી. ઊંઝાએ પોતાના ૩૪ અંગત સગા–સંબંધીઓને નોકરીએ રાખવા લાયકાત ધરાવતા ૧૧૦૦થી વધારે યુવાન–યુવતીઓના ભોગે ભરતી કૌભાંડ કર્યું છે તે રદ કરીને તપાસ કરાવવા માંગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ ચાલુ છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ.પી.એમ.સી., ઊંઝામાં કેટલા પ્રકારની જણસો વેચાણ માટે આવે છે? અને કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત ચૂકવવામાં આવેલ સહાયથી બજાર સમિતિ, ઊંઝામાં ખેડૂતો માટે કેટલા ટન અનાજ સંગ્રહ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ઊંઝા એ.પી.એમ.સી. એ ખૂબ જૂની એ.પી.એમ.સી. છે અને વર્ષોવર્ષથી એ.પી.એમ.સી.ની સેસમાં વધારો થયો છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ મેટર સબ જ્યુડિશ છે એટલે બહુ ચર્ચા કરવાની જરૂર લાગતી નથી. માનનીય મંત્રીશ્રીએ એમની વાતમાં પ્રશ્નનો જવાબ આપી દીધો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમે આપની વાત સાથે બિલકુલ સહમત છીએ. જે મેટર સબજયુડિશ હોય એ મેટરનો પહેલા તો અધિકારી દ્વારા વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં ઉલ્લેખ ન થવો જોઇએ. જે ખોટી રીતે થયો છે, માટે આ પ્રશ્ન ખોટો પૂછાયો છે. કારણ કે, કોર્ટમાં મેટર હોય તો પ્રશ્નને પ્રશ્નોત્તરીમાં પણ ન લેવો જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એની નોંધ લેવામાં આવે છે.

**છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને સરદાર સુગર મીલના બાકી નાણાં આપવા બાબત**

***15/4/1956 રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા ) છોટાઉદેપુર(: માનનીય સહકાર મંત્રીશ્રી)રાજ્ય કક્ષા(જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં આવેલ સરદાર સુગર મીલમાં ખેડૂતોએ આપેલ શેરડી તથા શેર ભંડોળના કેટલા નાણાં પરત મેળવવા માટે સરકારને ક્યારે રજૂઆત/દરખાસ્ત મળેલી છે, અને | (૧) | શ્રી સરદાર કો–ઓપરેટીવ ઇન્ડસ્ટ્રીઝ લી., મુ. લઢોદ,જિ. છોટાઉદેપુરના ખેડુતોના રુ. ૧૧.૬૨ કરોડ પરત મેળવવા બાબતની આ વિભાગને તા.૨૯–૦૩–૨૦૨૨, તા.૦૫–૦૪–૨૦૨૨ તથા તા.૦૫–૦૯–૨૦૨૨ની રજુઆતો મળેલ છે. |
| (૨) | ઉકત માગણી સંબંધમાં ખેડૂતોની લેણી રકમ ચુકવવા માટે છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરેલ છે ? | (૨) | પ્રસ્તુત બાબત સબ જ્યુડીશ હોવાથી છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની કોઇ લેણીની રકમ ચુકવવામાં આવેલ નથી. |

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો સરદાર સુગર બોડેલીનો પ્રશ્ન છે. આમાં ખેડૂતોની રૂ.૧૧.૬૨ કરોડ જેટલી રકમ બાકી છે પણ આ મેટર સબજયુડીશ છે. એટલે આમાં કોના દ્વારા કોર્ટમાં જવામાં આવ્યું છે? અને સરકારશ્રી સમાધાનની પ્રક્રિયા અપનાવી ખેડૂતોને લાભ થાય એવું કઇ કરવા માગે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ મેટર સબજયુડીશ છે. હું માનનીય ધારાસભ્યશ્રીને વ્યકિતગત મારી ઓફિસમાં બોલાવી અને સંતોષ થાય એ મુજબ જવાબ આપી દઇશ.

**પાટણ જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

***15/4/1598 : શ્રી લવીંગજી મુળજીજી સોલંકી ) રાધનપુર : (માનનીય ઊર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ મીટર આધારીત વીજ બીલ ભરતા ખેડૂતોને વીજ બીલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બીલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે? | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પાટણ જિલ્લામાં કુલ ૧૩,૧૦૯ ખેડૂતોને વીજ બીલમાં વાર્ષિક રૂ.૬.૦૫ કરોડની રાહત મળેલ છે. |

શ્રી લવિંગજી મુ. સોલંકી: માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું પાટણ જિલ્લામાં તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારિત બિલ ભરતાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત આપી છે એ બદલ હું માનનીય નાણામંત્રીશ્રીનો ખૂબ–ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે? બીજું, માનનીય મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે સાંતલપુર આમ તો મારો તાલુકો છે પણ એનો વહીવટ વારાહીથી થાય છે. ખેડૂતો બિલ ભરવા માટે સાંતલપુરથી ૩૫ કિ.મી. વારાહી આવે છે તેમજ મીટરધારકો પણ બિલ ભરવા માટે વારાહી આવે છે. એની સાંતલપુરમાં વ્યવસ્થા થાય એવું કરવા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં મીટર આધારિત વીજ બિલ ભરતા તાલુકાવાર ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત આપવામાં આવેલી છે. ચાણસ્મામાં ૯૭૦ ખેડૂતોને રૂ.૬૦ લાખ, હારિજમાં ૨૧૫૬ ખેડૂતોને રૂ.૬૨ લાખ, પાટણમાં ૨૪૨૩ ખેડૂતોને રૂ.૧ કરોડ ૭૬ લાખ, રાધનપુરમાં ૨૪૯૩ ખેડૂતોને રૂ.૩૮ લાખ, સમીમાં ૭૮૩ ખેડૂતોને રૂ.૩૦ લાખ, શંખેશ્વરમાં ૬૯૦ ખેડૂતોને રૂ.૧૬ લાખ, સાંતલપુરમાં ૩૩૮ ખેડૂતોને રૂ.૨૨ લાખ, સરસ્વતીમાં ૧૭૩૦ ખેડૂતોને રૂ.૧ કરોડ ૫ લાખ, સિદ્ધપુરમાં ૧૫૨૬ ખેડૂતોને રૂ.૯૬ લાખ. આમ, કુલ ૧૩૧૦૯ ખેડૂતોને રૂ.૬ કરોડ ૫ લાખની રાહત આપવામાં આવેલી છે. માનનીય સભ્યશ્રી, તમારો બિલ ભરવાનો પ્રશ્ન છે એની તમે રજૂઆત કરશો તો આપણે એનો નિકાલ કરીશું.

**રાજકોટ જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

***15/4/1620 :શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા )ગોંડલ :(માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે –:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ, અને | )૧( | હા ,જી. |
| )૨( | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લામાં કુલ ૧,૬૨,૩૨૫ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ .૧૬.૯૦ કરોડની રાહત મળેલ છે. |

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીજળીની પડતર કિંમત શું છે? તેની સામે ખેડૂત માટે શું વીજદર રાખવામાં આવે છે? બીજું, તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઇ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ? જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લાં કેટલાં વર્ષોમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ખેડૂતો માટે બે પ્રકારના વીજદર છે. હોર્સપાવર આધારિત અને મીટર આધારિત. હોર્સ પાવર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો માટે ગુજરાત વીજ નિયમન પંચે જાહેર કરેલ વીજ દર રૂ.૨૪૦૦/– પ્રતિ હોર્સપાવર છે, પણ ખેડૂતોએ માત્ર રૂ.૬૬૫/– ભરવાના થાય છે. ખેડૂતો વતી હોર્સપાવર દીઠ રૂ.૧૭૩૫/– ની સબસિડી રાજ્ય સરકાર ભોગવે છે. મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો માટે માત્ર ૬૦ પૈસા પ્રતિ યુનિટ પ્રમાણે વીજ

દર વસૂલ કરવામાં આવે છે. આ એક યુનિટ વીજળીની પડતર કિંમત એવરેજ કોસ્ટ ટુ સર્વ રૂપિયા ૭.૭૭ પૈસા છે. ખેડૂતો પાસે ફક્ત ૬૦ પૈસા વસૂલવામાં આવે છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો હંમેશા ખેડૂતો પ્રત્યે એ ઉદ્દેશ રહ્યો છે કે માત્ર એ વીજ બિલ ભરે એટલું જ નહીં, પરંતુ એ વીજ ઉત્પાદન કરીને કમાણી કરી શકે. એના માટે સૌ પ્રથમ તો હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય ઊર્જામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપીશ કે વર્ષ ૨૦૦૨ની સરખામણીએ સબસિડીમાં પાંચગણો વધારો કરવામાં આવ્યો છે. એની સામે વીજ બિલમાં કોઇપણ વધારો કરવામાં આવ્યો નથી. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજકોટ જિલ્લાના તાલુકામાં કેટલા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં વાર્ષિક કેટલી રાહત આપેલી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં તાલુકાવાર નીચે મુજબની ફિક્સ ચાર્જમાં રાહત આપવામાં આવી છે. પડધરીમાં ૧૦૯૨૧ ખેડૂતોને વાર્ષિક રૂપિયા ૯૬ લાખ, લોધીકા તાલુકામાં ૯૬૪૪ ખેડૂતોને રૂ.૭૩ લાખ, ગોંડલ તાલુકામાં ૩૨૫૦૬ ખેડૂતોને રૂ.૩ કરોડ ૬૨ લાખ, કોટડાસાંગાણીમાં ૮૫૯૧ ખેડૂતોને રૂ.૭૭ લાખ, ધોરાજીમાં ૭૪૫૩ ખેડૂતોને રૂ.૧ કરોડ ૨ લાખ. ઉપલેટામાં ૧૫૯૦૯ ખેડૂતોને રૂ.૧ કરોડ ૮૬ લાખ, જસદણમાં ૧૫૧૦૭ ખેડૂતોને રૂ.૧ કરોડ ૪૨ લાખ, વીંછીયા તાલુકામાં ૧૩૧૯૧ ખેડૂતોને રૂ.૧ કરોડ, જેતપુરમાં ૧૧૧૪૧ ખેડૂતોને રૂ.૧ કરોડ ૫૮ લાખ, જામકંડોરણામાં ૧૨૫૧૬ ખેડૂતોને રૂ.૧ કરોડ ૨૦ લાખ અને રાજકોટમાં ૨૫૩૪૬ ખેડૂતોને રૂ.૨ કરોડ ૭૪ લાખ. આમ ૧,૬૨,૩૨૫ ખેડૂતોને રૂપિયા ૧૬ કરોડ ૯૦ લાખની સહાય આપવામાં આવી છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સમગ્ર ગુજરાતમાં ખેતીવાડી માટેનાં વીજ કનેકશનનો આંકડો કેટલો છે? કેટલા ખેડૂતોને આપણે ખેતીવાડી વીજ જોડાણ આપીએ છીએ? એ આપવા બદલ રાજયની સરકારનો દર વર્ષે સરકારી ખર્ચ કેટલો થાય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એ આંકડા અત્યારે મારી પાસે નથી, પણ હવે ફક્ત ૩થી ૬ મહિનાના જ પેન્ડિંગ રહે છે. અનુસૂચિત જાતિ અને આદિજાતિના ખેડૂતોને ફ્રી કનેકશન આપવામાં આવે છે.

**સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરો**

***15/4/1642: શ્રી મોહનભાઇ ઢેડાભાઇ કોંકણી )વ્યારા :(માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરોના નહેર સુધારણાના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે, | )૧( | છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરોના નહેર સુધારણાના કુલ રકમ રૂ.૫૨૪૩.૦૧ લાખના કામો મંજૂર કરવામાં આવ્યા છે. |
| )૨( | આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | )૨( | જૂન–૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| )૩( | આ કામો થવાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે? | )૩( | ૧૬૦૯૬ હેક્ટર વિસ્તારને સિંચાઇમાં ફાયદો થશે. |

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે કાંકરાપાર જમણા કાંઠા મુખ્ય નહેરની મૂળ વહન ક્ષમતા કેટલી હતી અને તેમાં કેટલો વધારો કરવામાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન છે કે વહન ક્ષમતા વધારવાનાં કામો કયારે કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે અને કેટલા વિસ્તારને લાભ મળે છે અને આ કામો થવાથી ખેડૂતોને શું લાભ થશે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે.

(આ તબક્કે પ્રેક્ષક દીર્ઘામાં રામ–સીતા અને લક્ષ્મણજીની વેશભૂષામાં બાળકોને બેઠેલા જોઇને સભ્યશ્રીઓએ 'જય શ્રી રામ, જય શ્રી રામ' ના નારા પોકાર્યા)

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૫૪ની અંદર આ ડેમનું કામ પૂર્ણ થયું ત્યારે...

(આ તબક્કે સભ્યશ્રીઓ દ્વારા ફરી એકવાર 'જય શ્રી રામ, જય શ્રી રામ' ના નારા પોકારવામાં આવ્યા.)

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૫૪માં આ ડેમનું કામ પરિપૂર્ણ થયું હતું, ત્યારે આ ડેમની અંદર પાણી વહેવડાવવાની જે કેપેસિટી હતી, કેનાલની કેપેસિટી હતી, એ કેપેસિટી લગભગ ૨૪૮૦ ક્યૂસેકની હતી. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપણે જોતા કે ખેડૂત ૬ મહિના ખેતી કરતા હતા અને ૪ મહિના જમીન પડતર મૂકતા હતા. ધીરે ધીરે

દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીના ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસો પછી ખેડૂતો બારમાસી ખેતી કરતા થયા હતા. ત્યારે બારમાસી ખેતી કરીએ એટલે સ્વાભાવિક છે કે પાણીની જરૂરિયાત પ્રમાણે કેપેસિટી વધારવી પડે એટલા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સન ૨૦૧૧થી ૨૦૧૬ની અંદર આ કાકરાપાળ નહેરની અંદર સુધારો કરવાની એમણે તબક્કાવાર યોજના બનાવી હતી. એની અંદર આમ જોવા જઇએ તો દક્ષિણ ગુજરાત આજે આ કાકરાપાળ આધારિત છે અને એની અંદર પહેલા જે રીતે કેપેસિટી હતી એ જોવા જઇએ તો કયાંક પાણીનો પણ પ્રભાવ છે અને કયાંક પાણીનો અભાવ પણ હતો. સમતળ રીતે પાણી તમામ ખેડૂતોને મળે એના માટેની માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે યોજના બનાવી હતી એમાં એ જે ૨૪૫૦ કયુસેકની પાણીની કેપેસિટી હતી એ વધારીને લગભગ ૩૬૫૦ કયુસેકની કેપેસિટી કરી. પહેલા કાચી કેનાલો હતી, ઉકાઇમાંથી જયારે કાંકરાપાળમાં પાણી છોડવામાં આવતું ત્યારે ટેલ વિસ્તારમાં ભરૂચ અને સુરત જિલ્લાની અંદર જયારે પાણી પહોંચતું હતું ત્યારે લગભગ સાત દિવસ પછી પાણી પહોંચતું હતું, પણ જે રીતે સમગ્ર કેનાલ પાકી કરી એનાથી પાણીની કેપેસિટી પણ વધી અને વહન કરવાનો જે સાત દિવસનો ટાઇમ હતો એની જગ્યાએ આજે ચાર દિવસમાં પાણી ટેલ વિસ્તારમાં પહોંચે છે, એટલે જયાં અભાવ હતો ત્યાં સમતળ થઇને લોકોને પાણી મળે છે. એ જ રીતે આપણે જોવા જઇએ તો એમણે ખર્ચની વાત કરી, આમ દસ તબક્કાવારની અંદર આ કામ ચાલી રહ્યું છે. પ્રથમ તબક્કાની અંદર સન ૨૦૧૧થી ૨૦૧૬ની અંદર રૂ.૩૮૫ કરોડ રૂપિયાનું કામ થયું. જે તે ટાઇમે ૯૦ દિવસનું રોટેશન રાખવામાં આવ્યું હતું. ૯૦ દિવસના રોટેશનમાં ખેડૂતોને મનાવ્યા હતા અને ખેડૂતોના પાકને નુકસાન ન થાય એ માટે મારા વિભાગે એ જે નહેરની કેપેસિટી હતી અને ૯૦ દિવસનો પિરિયડ હતો એમાં ૮૦ દિવસમાં કામ પૂરું કરીને ખેડૂતોને પાણી પહેલા તબક્કાની અંદર પહોંચાડયું હતું. એ જે કેપેસિટી વધારવાથી ભરૂચ અને સુરત જિલ્લાના ૮ તાલુકાના ૩૧૩ ગામ એટલે લગભગ ૧,૧૮,૪૬૭ હેકટર જમીનની અંદર ઉનાળું પાક પણ નહોતા લઇ શકતા અને છ મહિનાના કપાસ, શેરડીમાં પાણી લઇ શકતા આના કારણે કેનાલની કેપેસિટી વધવાથી જે ઉનાળાની અંદર જે ખેડૂતો ડાંગર પકાવતા હતા એ ડાંગરની અંદર લગભગ બે હજાર કે ત્રણ હજાર હેકટર ડાંગર પકવતા પણ ભગવાનની ખૂબ મહેરબાની છે, દર વખતે ઉકાઇ ડેમ ભરાઇ જાય છે એના કારણે ૩૬૫૦ કયુસેકની પાણીની કેપેસિટી કરવાથી જે ૩ હજાર હેકટરમાં ડાંગર પકવતા હતા આજે ૧૮ હજાર હેકટર ડાંગરની ખેતી આ વિસ્તારમાં થઇ રહી છે એના કારણે આ વખતે રેકોર્ડ બ્રેક એટલે લગભગ રૂ.૨૦૦ કરોડ રૂપિયાનો ડાંગર આ વખતે ખેડૂતોએ પકવ્યો છે એટલે ખૂબ લાભ થયો છે. આ નવમો અને ચૌદમો પ્રશ્ન એક જ છે એટલે વધુ વિગત આપી છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં કાકરાપાર અને ઉકાઇ જમણા અને ડાબા કાંઠા જળાશય યોજના હેઠળ સુરત જિલ્લામાં નહેર સુધારણાનાં કેટલાં કામો હાથ ધરવામાં આવેલ છે, આ કામોની કુલ અંદાજિત રકમ કેટલી છે અને આ કામો હાલ કયા તબક્કે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની વાત કરું તો કાકરાપાળ જળાશય યોજના હેઠળ જિલ્લાની અંદર નહેર સુધારણાના કુલ ૩૧ કામો હાથ ધરવામાં આવ્યાં છે. આ કામની અંદાજિત કુલ રૂ.૫૨૪૩ લાખની અંદાજિત કિંમતે આ કામ કરવામાં આવ્યાં છે. આ ૩૧ કામ પૈકી ૮ કામ પરિપૂર્ણ થયા છે અને ૨૩ કામો પ્રગતિ હેઠળ છે. એ કામ પણ જલદીથી રોટેશન વચ્ચે ૮-૧૦ દિવસનું મળે છે એની અંદર આ કામ પરિપૂર્ણ કરવામાં આવશે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કાકરાપાળ જળાશય યોજનાના નહેર સુધારણાનાં કામો હાલ જે ચાલી રહ્યાં છે એ પહેલાં સુધારણાનાં કામો કેટલાં વર્ષ પહેલાં થયાં હતાં અને વચ્ચેના સમયગાળામાં જયારે નહેર જર્જરિત હતી એ વખતે વહન ક્ષમતામાં કેટલો ઘટાડો થયો અને એના કમાન્ડ એરિયામાં આવતી જે ટેલલેન્ડની જમીનો છે એ કેટલા હેકટર જમીન સિંચાઇની સુવિધાથી વંચિત રહે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું તેમ વર્ષ ૧૯૫૬થી બનેલા ડેમ એની અંદર સુધારણાનાં કામો જોઇએ તો પહેલાં કાચી કેનાલ હતી.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્ન તા.૩૧-૧૨-૨૦૨૩નો છે એ પ્રમાણે જવાબ આપો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૧થી ૨૦૧૬ દરમિયાનમાં કાચી કેનાલ હતી, પાણીની કેપેસિટી ઓછી હતી એના કારણે આપણે છેક સુધી પાણી પહોંચાડી શકતા ન હતા. ખેડૂતોને જરૂરિયાત હતી. નહેરનાં સુધારણાનાં કામો કરવાથી સુરત અને ભરુચ જિલ્લાને ૧ લાખ ૧૮ હજાર હેકટરમાં પાણી પહોંચાડવાનું કામ કર્યું છે અને લોકો સારી રીતે પાક પકવી શકે છે.

**મોરબી જિલ્લામાં નવા ચેકડેમ**

***15/4/1637 શ્રી જીતેન્દ્ર કાંતિલાલ સોમાણી )જીતુ સોમાણી)(વાંકાનેર :(માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે , -**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં કેટલા નવા ચેકડેમ બાંધવામાં આવેલ છે, અને | (૧) | છેલ્લા બે વર્ષમાં કોઇ નવા ચેકડેમ બાંધવામાં આવેલ નથી. |
| (૨) | તેના લીધે સંગ્રહશક્તિમાં કેટલો વધારો થયેલ છે? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી અને બાવળિયા સાહેબનો આભાર માનું છું કે મારા તાલુકાના ૨૯ ગામો માટે સૌની યોજના દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઇ છે તે બદલ આભાર. મારો પ્રશ્ન એ છે કે મોરબી જિલ્લામાં આગામી ૨ વર્ષમાં નવા ચેકડેમો બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ? અને જો હા તો તાલુકાવાર કેટલા નવા ચેકડેમો બનાવવાનું આયોજન છે અને તેનાથી કુલ કેટલા વિસ્તારને લાભ થશે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજથી અગાઉ જોઇએ તો ૧૦થી ૧૨ હજાર જેટલા ચેકડેમો ૨૦ વર્ષ પહેલાં હતા. અત્યારે ગુજરાતમાં ૨ લાખથી વધારે ચેકડેમો આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં બનાવ્યા છે ત્યારે મોરબી જિલ્લામાં આગામી બે વર્ષમાં નવા ૧૨ ચેકડેમો બનાવવાનું આયોજન છે. માનનીય ધારાસભ્યશ્રીની રજૂઆત હતી એટલે મોરબીમાં ૪ ચેકડેમો, હળવદમાં ૨, વાંકાનેરમાં ૪, માળિયામાં ૨ ચેકડેમો મળીને કુલ ૧૨ ચેકડેમો બનાવવાનું આયોજન છે. જેનાથી લગભગ ૯૦૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળશે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને સિંચાઇ મંત્રીશ્રીનો આભાર માનું છું કે, રૂપિયા ૧૪૫ કરોડના ખર્ચે તળાવો ભરવાની યોજના મંજૂર કરી અને હાલમાં ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે. જેનાથી ૩૨ તળાવો નર્મદાના પાણીથી ભરાશે. એવી રીતે મચ્છુ–૧ અને મચ્છુ–૨ માં તળાવોની લિંક જોડવા માટે કોઇ વ્યવસ્થા કરી છે કે નહીં?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે રજૂઆત કરી હતી એ કામો અમારા મુખ્યમંત્રીશ્રીએ લઇ લીધાં છે. એમણે મચ્છુ ડેમ–૨ સિંચાઇની કેનાલ છેવાડાના ભાગને પાઇપલાઇન દ્વારા ૫ તળાવો જેવાં કે મહેન્દ્રગઢ, પીપળીયા, લુંટાવદર, મોડપર અને કુલકી નદી પરનાં તળાવ ભરવા માટેની પાઇપલાઇનની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. મચ્છુ–૩ ની વાત કરીએ તો સિંચાઇ કેનાલના છેવાડાના ભાગને એસ્કેપ મારફતે પાઇપલાઇન કેનાલ દ્વારા ૪ તળાવ પૈકી મોટા ભેલા, નવા ગામનું તળાવ જોડી દેવાનું કામ પરિપૂર્ણ થઇ ગયેલ છે. સરવડ અને મેઘપુર ગામનું કામ પ્રગતિમાં છે. (અંતરાય)

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે અમારા મોરબી જિલ્લાની અંદર નર્મદાનું પાણી ભૌગોલિક રીતે આવતું હોય એ છેલ્લે આવે છે. ખેડૂતો જે પાણી નથી વાપરતા એ દરિયામાં જતું રહે છે. લગભગ ૪૦ તળાવો ભરવાની યોજના કરી લીધી છે. ૨૦ તળાવો એવાં છે જે ભરવા જેવા છે અને પાણી દરિયામાં જાય છે એ રોકીને તળાવો ભરવા માગો છો કે કેમ?

ઉપાધ્યક્ષશ્રી : આ ચેકડેમ બનાવવા માટેની જ વાત છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાંતિભાઇની વાત છે. અગાઉ જે ખાસ કરીને દરિયામાં પાણી જતું એવા ક્યાંક માટીના ચેકડેમો તૂટી ગયેલા એ રિપેરિંગ કરવાનું પણ અમારું આયોજન છે. તમારા ધ્યાન ઉપર હશે કે દરિયામાં પાણી ન જાય અને ખાસ મીઠું પકવતા લોકોને નુકસાન ન જાય એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કનુભાઇ સમક્ષ વાત મૂકી અને એમણે અલગથી જોગવાઇ કરી આપી છે કે આ વિસ્તારમાં માટીનાં તળાવો કે જેથી આ પાણી છે એ ખારા પટ્ટામાં ન જાય અને દરિયામાં મીઠું પકવતા હોય એ મીઠું ધોવાઇ ન જાય અને પાણી રોકાય એના માટેનાં માટીનાં તળાવો બનાવવાનું આયોજન છે.

### અમદાવાદ જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન

***15/4/1541: શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ )સાબરમતી : (માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને સતત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને | )૧( | ૪૭ |
| )૨( | તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | )૨( | રૂ .૧૬૫૨.૭૫ લાખનો ખર્ચ થયો. |

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનો મારા સૌ મતદાતાઓ વતી એમનો ખૂબ ખૂબ આભાર માનું છું કે એમની સૌમ્યતાની સાથે સંવેદનશીલતાના દર્શન અમને થયા છે. અમારી દોઢેક કિલોમિટરની એવી લાઇન હતી કે જેમાં વારંવાર અકસ્માત થતા હતા એને અંડર ગ્રાઉન્ડ કરી આપી છે એ માટે પુન: એમનો આભાર. મને જવાબ તો મળ્યો છે સાથે સાથે થોડી જાણકારી વધુ જોઇએ છીએ કે, આ ફિડર વિભાજન કરવાની ક્યારે જરૂર પડે છે ? અને ફિડર વિભાજન કઇ કઇ યોજના હેઠળ થાય છે ?

ફાલ્ગુન ૨, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ફિડર ઉપર લોડ વધે ત્યારે અથવા ફિડરની લંબાઇ વધવાના કારણે ફિડરના છેલ્લે આવેલા ગ્રાહકને પૂરતા વોલ્ટેજ ના મળે ત્યારે વિભાજન કરવાની જરૂર પડે છે. આ સિવાય ખાસ કિસ્સામાં જ્યારે અધિકતમ લોડ અને વોલ્ટેઝ રેગ્યુલેશન નિયત મર્યાદામાં હોય, પરંતુ ફિડરની કુલ લંબાઇ ૨૦ કિલોમિટરથી વધુ હોય અને જો વીજ વિક્ષેપ એટલે કે ઇન્ટરસ્પશન વધુ હોય એ કિસ્સામાં ફિડરનું વિભાજન કરવામાં આવે છે. ફિડરનું વિભાજન સરકારશ્રીની નીચે મુજબની યોજનાઓ હેઠળ કરવામાં આવે છે.

૧. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના- આ યોજના હેઠળ સાગરકાંઠાના વિસ્તારના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી મળે એ માટે સાગરકાંઠા વિસ્તારના વીજ ગ્રાહકોને પુરવઠો પૂરો પાડતા ફિડરનું વિભાજન કરવામાં આવે છે. ૨. સરદાર કૃષિ જ્યોતિ યોજના- આ યોજનામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી મળે એ માટે ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પૂરો પાડતા ખેતીવાડી ફિડરનું વિભાજન કરવામાં આવે છે. ૩. નોર્મલ એગ્રીકલ્ચર ફિડરનું બાયફરકેશન વનબંધુ યોજના-૨ હેઠળ આદિજાતિ વિસ્તારના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે આદિજાતિ વિસ્તારના ફિડરનું વિભાજન કરવામાં આવે છે. ૪. સિસ્ટમ ઇમ્પ્રુવમેન્ટ યોજના- વીજ વિતરણ કંપની દ્વારા પોતાના ભંડોળ થકી સિસ્ટમ ઇમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ ફિડરનું વિભાજન કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું તેમજ માનનીય મંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું કે, મારા વિસ્તાર સાણંદ -બાવળા તાલુકાના ફિડરો માગ્યા હતા એ તમામ ફિડરો એમણે મંજૂર કરી દીધા છે પણ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં તાલુકાવાઇઝ કેટલા ફિડરો મંજૂર કરવામાં આવ્યાં છે? અને એમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કરવામાં આવેલ હયાત ફિડરનું વિભાજન નીચે મુજબ કરવામાં આવ્યું છે.

૧. દસક્રોઇ તાલુકામાં સને ૨૦૨૨માં ૫ ફિડરનું વિભાજન નીચે મુજબ કરવામાં આવ્યું છે, તેમાં રૂ. ૩૬૩ લાખ ૮૧ હજારનો ખર્ચ થયો છે અને સને ૨૦૨૩માં ૧૫ ફિડરનું વિભાજન કરવામાં આવ્યું છે અને રૂ.૫૧૪ લાખ ૭ હજારનો ખર્ચ થયો છે. ટોટલ ૨૦ ફિડરનું વિભાજન થયું છે અને રૂ.૮૭૭ લાખ ૮૮ હજારનો ખર્ચ થયો છે.

૨. સાણંદમાં ૪ ફિડર સને ૨૦૨૨માં રૂ.૧૮૨.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે અને સને ૨૦૨૩માં ૩ ફિડર રૂ.૯૬.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ટોટલ ૭ ફિડર રૂ.૨૭૯.૭૮ લાખ. આ રીતે જોઇએ તો બધા તાલુકાવાઇઝ છે. પરંતુ એક ફિગર આપું તો ટોટલ સને ૨૦૨૨માં ૨૩ ફિડરનું વિભાજન કરવામાં આવ્યું છે અને રૂ.૭૨૧.૮૬ લાખનો ખર્ચ થયો છે. સને ૨૦૨૩માં ૨૪ ફિડરનું વિભાજન કરવામાં આવ્યું છે. રૂ. ૯૩૦.૮૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ટોટલ અમદાવાદ જિલ્લામાં ૪૭ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું છે અને રૂ.૧, ૬૫૨ લાખનો ખર્ચો કરવામાં આવ્યો છે.

**આણંદ જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

***15/4/1602 શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ )પેટલાદ :(માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફીકસ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ ,અને | (૧) હા ,જી. |
| (૨) જો હા ,તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આણંદ જિલ્લામાં કુલ ૨૧,૩૬૯ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ.૫.૨૮ કરોડ ની રાહત મળેલ છે. |

શ્રી કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી જાણાવા માગું છું કે, આણંદ જિલ્લામાં વીજ બિલના ફિક્સ ચાર્જમાં ખેડૂતોને કોઇ રાહત આપવામાં આવી છે કે કેમ ? અને જો આપવામાં આવેલી હોય તો આણંદ જિલ્લામાં કેટલા ખેડૂતોને લાભાન્વિત કરવામાં આવ્યા છે ? અને કેટલા રૂપિયા ચૂકવવામાં આવ્યા છે ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લાના આણંદ તાલુકામાં ૪, ૬૩૧ ખેડૂતોને રૂપિયા ૧ કરોડ ૧૦ લાખ. ઉમરેઠ તાલુકામાં ૪,૪૬૨ ખડૂતોને રૂ.૮૦ લાખ. ખંભાતમાં ૨,૩૬૬ ખેડૂતોને રૂ.૬૪ લાખ. પેટલાદમાં ૧,૬૯૯ ખેડૂતોને રૂ.૫૪ લાખ, સોજીત્રામાં ૧,૬૨૪ ખેડૂતોને રૂ.૫૭ લાખ, તારાપુરમાં ૯૬૧ ખેડૂતોને રૂ.૧૩ લાખ, આંકલાવમાં ૨,૯૪૭ ખેડૂતોને રૂ.૮૩, બોરસદમાં ૨,૬૭૯ ખેડૂતોને રૂ.૬૮ લાખ આમ ટોટલ ૨,૧૩૬૯ ખેડૂતોને (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી: પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ**

**15/4/1650 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝા )બાયડ) : માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, –**

**પ્રશ્ન** | **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ અરવલ્લી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

)૧) અરવલ્લી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના "અંતર્ગત માહે જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમ્યાન કુલ ૪૯,૪૫૦.૩૮ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

)૨) કેટલા પ્રમાણમાં અને શા ભાવથીવિતરણ કરવામાં આવ્યું?

)૨) માહે જાન્યુઆરી – ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે આ યોજના હેઠળ અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

)૧) માહે જાન્યુઆરી –૨૦૨૩ થી જુલાઈ – ૨૦૨૩ સુધી તથા માહે સપ્ટેમ્બર– ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી. (ઘઉં તથા ચોખા)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ )કિ.ગ્રા(. | વિતરણ ભાવ )રૂ–પૈસા( |
|---|---|---|---|
| એએવાય )AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

(૨) માહે ઓગસ્ટ–૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ )કિ.ગ્રા(. | વિતરણ ભાવ )રૂ–પૈસા( |
|---|---|---|---|
| એએવાય )AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | વ્યક્તિદીઠ ૧–૦૦૦ | વિનામૂલ્યે |

---

**સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરો**

---

**15/4/1641 શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ )નવસારી): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરોના નહેર સુધારણાના કેટલી કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે, | )૧) | છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરોના નહેર સુધારણાના કુલ રકમ રૂ.૫૨૪૩.૦૧ લાખના કામો મંજૂર કરવામાં આવ્યા છે |
| )૨) | આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | )૨) | જૂન-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| )૩) | આ કામો થવાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે? | )૩) | ૧૬૦૯૬ હેક્ટર વિસ્તારને સિંચાઇમાં ફાયદો થશે |

**જામનગર જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ**

**15/4/1625 શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા )જામનગર(ઉત્તર)): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સબસ્ટેશનની બાજૂની પડતર જમીનમાં સોલાર પ્રોજેક્ટ કરવાની યોજના હેઠળ જામનગર જિલ્લામાં કોઈ સોલાર પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, | )૧) | હા. |
| )૨) | જો હા, તો આ સોલાર પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા શું છે, અને | )૨) | આ સોલાર પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા ૫૨.૫ મેગાવોટ છે. |
| )૩) | તે ક્યા સ્થળે સ્થપવામાં આવેલ છે? | )૩) | જે હરિપર (૪૦ મેગાવોટ) ખાતે અને છત્તર (૧૨.૫ મેગાવોટ) ખાતે સ્થાપવામાં આવેલ છે. |

**મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના કર્મચારીઓ**

**15/4/2274 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ )લુણાવાડા): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઊર્જા પ્રભાગ હેઠળની મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંવર્ગવાર સંખ્યા કેટલી છે, | )૧) | ઊર્જા પ્રભાગ હેઠળની મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં જરૂરિયાત મુજબ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે. |
| )૨) | ઉક્ત કર્મચારીઓને માસિક વેતન તરીકે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને | )૨) | ઉક્ત સ્થિતિએ એજન્સીઓને, વર્ષ ૨૦૨૨ માં કુલ રૂ. ૧૨,૪૪,૨૪,૪૫૧/- અને વર્ષ ૨૦૨૩ માં કુલ રૂ.૧૫,૯૦,૭૦,૦૫૨/-ની રકમ ચૂકવવામાં આવી. |
| )૩) | ઉક્ત જગ્યાઓ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શા છે ? | )૩) | આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે ભરતી કરવામાં આવતી નથી. |

# તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪
# અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ**

**15/4/1651 ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા )ધોરાજી): માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, –**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | )૧) | રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના "અંતર્ગત માહે જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમ્યાન કુલ ૭૧,૭૨૬.૩૩ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| )૨) | કેટલા પ્રમાણમાં અને શા ભાવથી વિતરણ કરવામાં આવ્યું? | )૨) | માહે જાન્યુઆરી – ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે આ યોજના હેઠળ અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. |

)૧) માહે જાન્યુઆરી –૨૦૨૩ થી જુલાઈ – ૨૦૨૩ સુધી તથા માહે નવેમ્બર– ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી. (ઘઉં તથા ચોખા)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ )કિ.ગ્રા.) | વિતરણ ભાવ )રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

)૨) માહે ઓગસ્ટ–૨૦૨૩ તથા સપ્ટેમ્બર– ૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ )કિ.ગ્રા.) | વિતરણ ભાવ )રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | વ્યક્તિદીઠ ૧–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ )કિ.ગ્રા.) | વિતરણ ભાવ )રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | વિનામૂલ્યે |

)૩) માહે ઓકટોબર–૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી)(બાજરી ફક્ત અંત્યોદય કાર્ડ માટે)

**વલસાડ જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત.**

**15/4/1624 શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ )ધરમપુર:( માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વલસાડ જિલ્લામાં કુલ ૧૦,૫૪૧ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ.૦.૮૫ કરોડની રાહત મળેલ છે. |

**જામનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

**15/4/1611: શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા )કાલાવડ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ ,અને | )૧( હા, જી. |
| )૨( જો હા ,તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | )૨( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા જામનગર જિલ્લામાં કુલ ૮૯,૨૮૮ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ.૧૦.૫૪ કરોડની રાહત મળેલ છે. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં અગરિયાઓ માટે સોલર પંપ સિસ્ટમ યોજના**

**15/4/2034 શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર )દસાડા): માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવા કૃપા કરશે કે:**

પ્રશ્ન — જવાબ

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના અગરિયાઓ માટેની સોલર સિસ્ટમ યોજના માટે વર્ષ ૨૦૨૨–૨૩ તથા વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવેલ છે,

)૧(

| વર્ષ | લાભાર્થીઓ |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૧૯૦ |
| ૨૦૨૩–૨૪ | ૧૫૭ |
| કુલ | ૩૪૭ |

)૨( ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં આ યોજના હેઠળ કેટલા અગરિયા કુટુંબને કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે,

)૨(

| વર્ષ | અગરિયા કુટુંબો | ચૂકવેલ સહાય |
|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૯૦ | રૂ .૪,૨૯,૭૬,૯૭૮ |
| ૨૦૨૩-૨૪ | ૧૩૨ | રૂ .૨,૮૫,૦૦,૦૦૦ |
| કુલ | ૩૨૨ | રૂ .૭,૧૪,૭૬,૯૭૮ |

)૩( ઉક્ત મંજૂર કરેલ અગરિયા લાભાર્થી પૈકી કેટલા લાભાર્થીને કેટલા રૂપિયા સહાય ચૂકવવાના બાકી છે, અને

)૩(

| લાભાર્થીઓ | સહાય ચૂકવવાની બાકી રૂ. |
|---|---|
| ૨૫ | રૂ .૬૨,૦૮,૮૦૦ |

)૪( ઉક્ત સહાય કયા કારણોસર ચૂકવેલ નથી અને તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

)૪( બાકી ૨૫ લાભાર્થીઓની સહાય વર્ષ ૨૦૨૩-૨૪ના ઓકટોબર-ડીસેમ્બરના કવાર્ટરમાં મંજૂર થયેલ હોવાથી ચૂકવણા થઈ શકેલ નથી અને ચાલુ વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળાના અંત સુધીમાં સહાય ચુકવવામાં આવશે.

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

**15/4/1615 : શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) )ઉંઝા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-:**

**પ્રશ્ન** **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઇ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ, અને

)૧) હા, જી.

)૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ?

)૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લામાં કુલ ૨૪,૮૬૩ ખેડૂતો ને વીજ બિલમાં વાર્ષિક રૂ.૮.૧૩ કરોડ ની રાહત મળેલ છે.

-----------------

**જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકાના વંચિત ગામો માટે જુથ પાણી પુરવઠા યોજના**

**15/4/2205 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકાના જૂથ પાણી પુરવઠા યોજનાથી કેટલા ગામો વંચિત છે, અને

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાનું એક ગામ જુથ પાણી પુરવઠા યોજનાથી વંચિત છે અને લાલપુર તાલુકાનું એકપણ ગામ જુથ પાણી પુરવઠા યોજનાથી વંચિત નથી.

)૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વંચિત ગામો માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

)૨) જામજોધપુર તાલુકાનું વંચિત ગામ ફોરેસ્ટ અને ડુંગરાળ વિસ્તારમાં આવેલ નેસ વિસ્તાર છે. આ ગામમાં બોર આધારીત પાણી પુરવઠા યોજના મારફત પાણી પુરૂ પાડવામાં આવે છે.

**સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

**15/4/1648 : શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા(એસ.ટી.)) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી

)૧( કુલ ૬૨ વ્યાપારી એકમો સામે રૂપિયા

| | |
|---|---|
| કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | ૧,૨૪,૦૦૦)-/રૂપિયા એક લાખ ચોવીસ હજાર પૂરા (માંડવાળ ફી પેટે વસૂલ કરેલ છે . |

---

**ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

**15/4/1609 :શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ )માણસા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ ,અને | )૧( હા, જી. |
| )૨( જો હા ,તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | )૨( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર જિલ્લામાં કુલ ૯,૨૦૦ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ.૪.૧૭ કરોડની રાહત મળેલ છે. |

----------

**15/4/2275 :શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ ) વાંસદા): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના કર્મચારીઓ**

| જવાબ | | પ્રશ્ન | |
|---|---|---|---|
| )૧( | )૧ ( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઊર્જા પ્રભાગ હેઠળની દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંવર્ગવાર સંખ્યા કેટલી છે, | ઊર્જા પ્રભાગ હેઠળની દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં જરૂરિયાત મુજબ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે .જેમાં સમયાંતરે વધારો-ઘટાડો થાય છે. |
| )૨( | )૨( | ઉક્ત કર્મચારીઓને માસિક વેતન તરીકે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચુકવવામાં આવી ,અને | ઉક્ત સ્થિતિએ એજન્સીઓને ,વર્ષ ૨૦૨૨ માં કુલ રૂ.૧૩,૦૧,૦૮,૭૦૮.૧૧ -/અને વર્ષ ૨૦૨૩ માં કુલ રૂ.૧૭,૩૦,૩૯,૯૨૪.૮૮ -/ની રકમ ચૂકવવામાં આવી. |
| )૩( | )૩( | ઉક્ત જગ્યાઓ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શા છે ? | આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે ભરતી કરવામાં આવતી નથી. |

-----------------

**ગીર સોમનાથ જિલ્લામાં નવા પીકઅપ વીયર**

**15/4/1636 ડો.પ્રદ્યુમન ગનુભાઇ વાજા )કોડીનાર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧ ( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં નવા પીકઅપ વીયર બનાવવાનું આયોજન છે કે કેમ, | )૧ ( હા |
| )૨( જો હા, તો તે ક્યા તબક્કે છે, અને | )૨( આયોજન હેઠળના પીકઅપ વીયરની વિગતો નીચે મુજબ છે .<br>• જુડવડલી પીકઅપ વીયરના સિવિલ કામના ટેન્ડર મંજૂરીના |

| | | | |
|---|---|---|---|
| | | | આદેશ તા.૦૬/૦૨/૨૦૨૪ થી થયેલ છે .જે હાલ વર્ક ઓર્ડર તબક્કે છે તથા દરવાજાના )મિકેનીકલ (કામ હાલ , ડ્રાફ્ટ ટેન્ડર પેપર(DTP) મંજૂરી તબક્કે છે.<br>• જયારે અન્ય પાંચ પીકઅપ વીયરના કામો મોજણી અને સંશોધન તબકકે છે . |
| )૩ ( | તે અન્વયે અંદાજીત કેટલો ખર્ચ થનાર છે અને નવા પીકઅપ વીયર ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | )૩( | • જુડવડલી પીકઅપ વીયર માટે આશરે રૂ. ૪૦ –/કરોડ ખર્ચ સંભવિત છે તેમજ આગામી ત્રણ વર્ષમા )સિવિલ કામ + દરવાજાનુ કામ (કામ પૂર્ણ કરવાનુ આયોજન છે.<br>• અન્ય પાંચ પીકઅપ વીયરના કામો માટે આશરે રૂ ! ૧૭૩ –/કરોડનો ખર્ચ સંભવિત છે .<br>આ પાંચ કામોના વિગતવાર સર્વેક્ષણ કરી ,તમામ તાંત્રિક પાસાઓ ચકાસી ,આલેખન આખરીકરણ થયેથી ,નાણાકીય ઉપલબ્ધિ અનુસાર તબક્કાવાર મંજૂરીઓ મેળવી પૂર્ણ કરવાનું આયોજન છે . |

-----------

**નખત્રાણા અને ખોંભડી કોમ્પ્લેક્ષ પાણી પુરવઠા યોજના**

**15/4/1526 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાની નખત્રાણા કોમ્પ્લેક્ષ અને ખોંભડી કોમ્પ્લેક્ષ પાણી પુરવઠા સુધારણા યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | )૧) | • નખત્રાણા કોમ્પ્લેક્ષ પાણી પુરવઠા સુધારણા યોજના– રૂ.૧૯૦૭.૯૬ લાખ<br>• ખોંભડી કોમ્પ્લેક્ષ પાણી પુરવઠા સુધારણા યોજના– રૂ.૧૭૬૧.૧૦ લાખ |
| )૨) | આ યોજનાના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | )૨) | જૂન–૨૦૨૪ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે. |
| )૩) | તે યોજનાઓ પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ? | )૩) | • નખત્રાણા કોમ્પલેક્ષ પાણી પુરવઠા સુધારણા યોજના–રૂ.૧૯૦૭.૯૬ લાખ<br>• ખોંભડી કોમ્પલેક્ષ પાણી પુરવઠા સુધારણા યોજના– રૂ.૧૭૬૧.૧૦ લાખ |

------------------------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

**15/4/1621 :શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા ) ધ્રાંગધ્રા): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| ) ૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારીત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ, અને | )૧) | હા, જી. |
| )૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | )૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૬૫,૮૪૨ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ. ૧૩.૩૯ કરોડની રાહત મળેલ છે. |

**કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત**

**15/4/2270 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા )પોરબંદર) : માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે ક્યા પ્રકારના વેરાઓ સામે કેટલી રકમ લેવાની નીકળે છે, | )૧) રાજ્ય સરકારે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર પાસેથી જીએસટી વળતર પેટે રૂ.૧૬૭૨.૩૫ કરોડ લેવાના બાકી છે. |
| )૨) ઉક્ત રકમ પૈકી વેરાવાર કેટલી રકમ વિવાદિત અને કેટલી રકમ બિન–વિવાદિત છે, | )૨) ઉક્ત રકમ પૈકી કોઇપણ રકમ વિવાદિત નથી. |
| )૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રકમ મેળવવા શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | )૩) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ–૭ની જોગવાઇ મુજબ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા આવકનું ઓડીટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે. |
| )૪) તે અન્વયે કેટલી રકમ ક્યારે મળી ? | )૪) ઉક્ત રકમ હાલની સ્થિતિએ બાકી છે. |

**ઉંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ**

**15/4/2243: શ્રી જિજ્ઞેશ મેવાણી )વડગામ): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૦/૦૩/૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૩૩૫૯૧ (અગ્રતા–૩૦)ના અનુસંધાને માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( મહેસાણા જિલ્લામાં ઉંઝા એ.પી.એમ.સી.માં થયેલ સેસ કૌભાંડની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧/૧૨/ ૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | )૧(નાયબ નિયામક અને જિલ્લા રજીસ્ટ્રાર,સહકારી મંડળીઓ, મહેસાણા દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૧ના રોજ તપાસ અહેવાલ તથા તા.૦૨/૧૧/૨૦૨૧ના રોજ વધારાની વિગતો રજૂ થયેલ છે. |
| )૨( ઉક્ત તપાસ ઉક્ત સ્થિતીએ પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે અને ઉક્ત તપાસ કયા સુધી પૂર્ણ કરવામાં આવશે? | )૨ (તપાસ પૂર્ણ થઈ ગયેલ હોઈ પ્રશ્ન નથી . |

**કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત**

**15/4/2269 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર )દાણીલીમડા) : માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે ક્યા પ્રકારના વેરાઓ સામે કેટલી રકમ લેવાની નીકળે છે, | )૧) રાજ્ય સરકારે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર પાસેથી જીએસટી વળતર પેટે રૂ.૧૬૭૨.૩૫ કરોડ લેવાના બાકી છે. |
| )૨) ઉક્ત રકમ પૈકી વેરાવાર કેટલી રકમ વિવાદિત અને કેટલી રકમ બિન–વિવાદિત છે, | )૨) ઉક્ત રકમ પૈકી કોઇપણ રકમ વિવાદિત નથી. |
| )૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રકમ મેળવવા શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | )૩) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ–૭ની જોગવાઇ મુજબ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા આવકનું ઓડીટ પ્રમાણપત્ર |

સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે.

)૪) તે અન્વયે કેટલી રકમ ક્યારે મળી ?

)૪) ઉક્ત રકમ હાલની સ્થિતિએ બાકી છે.

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને વીજ બિલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત**

**15/4/1612 :શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા )માંગરોળ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં રાહત માટે કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ ,અને | )૧( હા, જી. |
| )૨( જો હા ,તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક કુલ કેટલી રાહત મળેલ છે ? | )૨( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ જિલ્લામાં કુલ ૯૦,૦૦૧ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક રૂ.૧૧.૫૮ કરોડની રાહત મળેલ છે. |

----------

**છોટાઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજના બાબત**

**15/4/2041 શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી ) સંખેડા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજનામાં તાલુકાવાર કેટલા ગામોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલા ગામોમાં કામગીરી બાકી છે, | )૧) છોટાઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજનામાં તાલુકાવાર જે ગામોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તે વિગત દર્શાવતું પત્રક–૧ પર સામેલ છે અને જે ગામોની કામગીરી બાકી છે તેની વિગત દર્શાવતું પત્રક–૨ પર સામેલ છે. |
| )૨) કામગીરી પૂર્ણ થયેલ હોવા છતાં કેટલા ગામોમાં શા કારણે પાણી પુરવઠો આપવામાં આવતો નથી, અને | )૨) અને )૩) કામગીરી પૂર્ણ થયેલ હોવા છતાં ગામોમાં જે કારણે પાણી પુરવઠો આપવામાં આવતો નથી તેનું ગામવાઈઝ કારણ દર્શાવતું અને પાણી ચાલુ કરવાનું આયોજન તે વિગત દર્શાવતું પત્રક–૩ પર સામેલ છે. |
| )૩) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | |

**પત્રક – ૧**

**તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજનામાં તાલુકાવાર જે ગામોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તેની સંખ્યા દર્શાવતું પત્રક**

| ક્રમ નં | તાલુકાનું નામ | પૂર્ણ કરેલ ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | કવાંટ | ૧૨૦ |
| ૨ | છોટાઉદેપુર | ૧૨૫ |
| ૩ | જેતપુર પાવી | ૧૦૭ |
| ૪ | નસવાડી | ૧૩૯ |
| ૫ | બોડેલી | ૧૩૧ |
| ૬ | સંખેડા | ૬૪ |
| **કુલ :–** | | **૬૮૬** |

| પત્રક – ૨ | | | |
|---|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજનામાં તાલુકાવાર જે ગામોમાં કામગીરી બાકી છે તેની સંખ્યા દર્શાવતું પત્રક** | | | |
| **ક્રમ નં** | **તાલુકાનું નામ** | **કામગીરી બાકી ગામની સંખ્યા** | **નોંધ** |
| ૧ | કવાંટ | ૨ | ઉપરોકત ૧૭ ગામોમાં જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત બાકી રહેતા તમામ ઘરોને નળ જોડાણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, હાલ આ ગામોમાં ભાગ – ૨ અને ૩ અંતર્ગત ઊંચી ટાંકી, સંપ, વિતરણ પાઇપલાઇન અને પંપરૂમ જેવા આનુસાંગિક કામોની કામગીરી પ્રગતિમાં છે. જેને પાણી સમિતિ દ્વારા વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | છોટાઉદેપુર | ૪ | |
| ૩ | જેતપુર પાવી | ૪ | |
| ૪ | નસવાડી | ૦ | |
| ૫ | બોડેલી | ૭ | |
| ૬ | સંખેડા | ૦ | |
| **કુલ :-** | | **૧૭** | |

| પત્રક - ૩ | | | | | |
|---|---|---|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજનામાં તાલુકાવાર જે ગામોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તેમાં શા કારણે પાણી પુરવઠો આપવામાં આવતો નથી તેના કારણ અને પાણી ચાલુ કરવાનું આયોજન દર્શાવતું પત્રક** | | | | | |
| **અનુક્રમ નં.** | **ક્રમ નં** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | **પાણી બંધ છે તો તેના કારણો** | **પાણી ચાલુ કરવાનું આયોજન** |
| ૧ | ૧ | કવાંટ | રાયછા | નવીન કરેલ બોર ઉપર જીઈબી કનેકશન બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૨ | ૨ | કવાંટ | સીગલકુવા | નવીન કરેલ બોર ઉપર જીઈબી કનેકશન બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૩ | ૩ | કવાંટ | મોટા ઘોડા | જૂની યોજના હોય પાઈપલાઈનમાં વધુ લીકેજ છે. | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૪ | ૪ | કવાંટ | કાનાબેડા | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |
| ૫ | ૫ | કવાંટ | બુંજર | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૬ | ૬ | કવાંટ | રંગપુર | જુથ યોજના સંપ ઉપર વીજ કારણ બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૭ | ૭ | કવાંટ | હાથીખાન | કનેકશન ટ્રાન્સફર કરવાનું બાકી | માર્ચ ૨૦૨૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | ૮ | કવાંટ | તલાવ | સોર્સમાં પાણી સુકાઈ ગયેલ છે નવીન બોર ની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૯ | ૯ | કવાંટ | નાની ચીખલી | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |
| ૧૦ | ૧૦ | કવાંટ | ચીલીચાવાટ | ઊંચી ટાંકીની CI પાઇપ જામ થયેલ છે | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૧૧ | ૧૧ | કવાંટ | કાટકાવાટ | બોર પુરાઈ ગયેલ છે | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૧૨ | ૧૨ | કવાંટ | અસાર | પાઈપ લાઇનમાં લીકેજ | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૧૩ | ૧૩ | કવાંટ | ચીખલી | નવીન કરેલ બોર ઉપર જીઈબી કનેકશન બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૧૪ | ૧૪ | કવાંટ | બોરધા | બોરમાં પાણી નથી | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૧૫ | ૧૫ | કવાંટ | ધનીવાડા | બોર પુરાઈ ગયેલ છે. નવિન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૧૬ | ૧૬ | કવાંટ | ગોડધા | પાણીનો પુરતો આવરો ન હોવાથી | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૧૭ | ૧૭ | કવાંટ | ગુંગલીયા | નવીન કરેલ બોર ઉપર જીઈબી કનેકશન બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૧૮ | ૧૮ | કવાંટ | થડગામ | બોર પુરાઇ ગયેલ છે. નવીન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૧૯ | ૧૯ | કવાંટ | બૈડિયા | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |
| ૨૦ | ૨૦ | કવાંટ | કેલધરા | પાણીનો આવરો ઓછો હોવાથી પાઇપલાઇન મારફતે ફળિયામાં વિતરણ થઈ શકે તેમ નથી | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૨૧ | ૨૧ | કવાંટ | આમસોટા | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૨૨ | ૨૨ | કવાંટ | આથાડુંગરી | ડીપી પરથી જોઈન્ટ બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૨૩ | ૨૩ | કવાંટ | સોઢવડ | પાણીનો આવરો ઓછો હોવાથી પાઇપલાઇન મારફતે ફળિયામાં વિતરણ થઈ શકે તેમ નથી | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૨૪ | ૨૪ | કવાંટ | પલાસદા | બોર પુરાઇ ગયેલ છે. | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૨૫ | ૨૫ | કવાંટ | કરજવાંટ | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૨૬ | ૨૬ | કવાંટ | ભેરેથા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૨૭ | ૨૭ | કવાંટ | પિપલદા | ગટરની કામગીરી દરમ્યાન આંતરિક લાઇનમાં ઘણા લિકેજ થયેલ છે. | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૨૮ | ૨૮ | કવાંટ | તાડકાછલા | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૨૯ | ૨૯ | કવાંટ | ખરમડા | એજી પરથી સિંગલ ફેસનુ કનેકશન આપેલ છે. એજી વાયરની જરૂર છે. | માર્ચ ૨૦૨૪ |
| ૩૦ | ૩૦ | કવાંટ | દેવત | નવીન કરેલ બોર ઉપર જી ઈ બી કનેકશન બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૩૧ | ૩૧ | કવાંટ | બોરચાપડા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૩૨ | ૩૨ | કવાંટ | કોચવડ | મોટર ફસાયેલ છે નવીન બોર ની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૩૩ | ૩૩ | કવાંટ | પીપલદી | પૂરતુ પાણી ના હોવાથી નવીન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૩૪ | ૩૪ | કવાંટ | વજેપુર | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |
| ૩૫ | ૩૫ | કવાંટ | જામલી (વગુદાન) | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૩૬ | ૩૬ | કવાંટ | ઝાંઝરજોલ | નવીન કરેલ બોર ઉપર જી ઈ બી કનેકશન બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૩૭ | ૩૭ | કવાંટ | ઉસેલા | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૮ | ૩૮ | કવાંટ | ભુમસવાડા | સોલર ની મોટર ખરાબ થયેલ છે મોટર ફસાયેલ છે | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૩૯ | ૩૯ | કવાંટ | સીહાદા | નવીન કરેલ બોર ઉપર જી ઈ બી કનેકશન બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૪૦ | ૪૦ | કવાંટ | રોડધા | બોર પુરાઈ ગયેલ છે નવીન બોર ની જરૂરિયાત | જાન્યુઆરી ૨૦૨૫ |
| ૪૧ | ૪૧ | કવાંટ | ડુંગરગામ | નવીન બોર કરેલ હોય જી ઈ બી બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૪૨ | ૪૨ | કવાંટ | ઉમઠી | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૪૩ | ૪૩ | કવાંટ | માણકા | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |
| ૪૪ | ૪૪ | કવાંટ | હાફેશ્વર | જુથ યોજનાનું લીકેજ | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૪૫ | ૪૫ | કવાંટ | સૈડીવાસણ | કેબલ ખેચવાના બાકી ૨ થાંભલા બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૪૬ | ૪૬ | કવાંટ | તુરખેડા | મીની યોજનાનું મીટર બળી ગયેલ છે. | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૪૭ | ૧ | છોટાઉદેપુર | ઓઢી | નવીન બોર શારવામાં આવેલ છે પરંતુ પાણી મળેલ નથી નવીન બોરની જરૂરીયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૪૮ | ૨ | છોટાઉદેપુર | કોલીયાથાર | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૪૯ | ૩ | છોટાઉદેપુર | બિલવાંટ | નવીન બોર શારવામાં આવેલ છે પરંતુ પાણી મળેલ નથી નવીન બોરની જરૂરીયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૫૦ | ૪ | છોટાઉદેપુર | નાલેજ | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૫૧ | ૫ | છોટાઉદેપુર | કાછેલ (સુ) | નવીન બોર શારવામાં આવેલ છે પરંતુ પાણી મળેલ નથી નવીન બોરની જરૂરીયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૫૨ | ૬ | છોટાઉદેપુર | ખડખડ | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૫૩ | ૭ | છોટાઉદેપુર | રાયસીંગપુરા | સીજનલ સોર્સ સુકાઈ ગયેલ હોવાથી | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૫૪ | ૮ | છોટાઉદેપુર | ચોકડી | ટીસી બળી ગયેલ છે | માર્ચ ૨૦૨૪ |
| ૫૫ | ૯ | છોટાઉદેપુર | ગોન્દરીયા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૫૬ | ૧૦ | છોટાઉદેપુર | નવાગામ | જૂથ યોજનાનાં કનેકશનમાં લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૫૭ | ૧૧ | છોટાઉદેપુર | માલ | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૫૮ | ૧૨ | છોટાઉદેપુર | દુણ | બોર પુરાઈ ગયેલ છે નવીન બોરની જરૂરિયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૫૯ | ૧૩ | છોટાઉદેપુર | ખુટાલીયા | જૂથ યોજનાની પાઇપ લાઈનમાં લીકેજ છે. | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૬૦ | ૧૪ | છોટાઉદેપુર | કસારા | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |
| ૬૧ | ૧૫ | છોટાઉદેપુર | ઓલીઆંબા | કેબલ ફાયર | માર્ચ ૨૦૨૪ |
| ૬૨ | ૧૬ | છોટાઉદેપુર | બરોજ | કેબલ જોડવા માટેના જમ્પર બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૬૩ | ૧૭ | છોટાઉદેપુર | ઝેર | કેબલ ફાયર થયેલ છે. | માર્ચ ૨૦૨૪ |
| ૬૪ | ૧૮ | છોટાઉદેપુર | કાકડપા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૬૫ | ૧૯ | છોટાઉદેપુર | જુડાવાંટ | સિંગલ ફેઝ માંથી થ્રી ફેઝ કરવાનું બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૬૬ | ૨૦ | છોટાઉદેપુર | ચઠવાડા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૬૭ | ૨૧ | છોટાઉદેપુર | વાગલવાડા | મીટર બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૬૮ | ૨૨ | છોટાઉદેપુર | સિમલકુવા | બોર પુરાઈ ગયેલ છે. નવીન બોરની જરૂરીયાત છે. | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૬૯ | ૨૩ | છોટાઉદેપુર | રોઝવા | સિંગલ ફેજ માંથી થ્રી ફેઝ કરવાનું બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૭૦ | ૨૪ | છોટાઉદેપુર | રજૂવાંટ | સિંગલ ફેજ માંથી થ્રી ફેઝ કરવાનું બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૭૧ | ૨૫ | છોટાઉદેપુર | ચંદુવાંટ | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૭૨ | ૨૬ | છોટાઉદેપુર | દડીગામ | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૩ | ૨૭ | છોટાઉદેપુર | ફેરકુવા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૭૪ | ૨૮ | છોટાઉદેપુર | વિજોલ | નવીન બોર શારવામાં આવેલ છે પરંતુ પાણી મળેલ નથી નવીન બોર ની જરૂરીયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૭૫ | ૨૯ | છોટાઉદેપુર | નાનારામપુરા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૭૬ | ૩૦ | છોટાઉદેપુર | નાની સઢલી | બોર પુરાઈ ગયેલ છે નવીન બોર ની જરૂરિયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૭૭ | ૩૧ | છોટાઉદેપુર | ચિચોડ | મોટર બળી ગયેલ છે. | ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ૭૮ | ૩૨ | છોટાઉદેપુર | ઘોઘાદેવ | સિંગલ ફેઝ માંથી થ્રી ફેઝ કરવાનું બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૭૯ | ૩૩ | છોટાઉદેપુર | કોલ | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૮૦ | ૩૪ | છોટાઉદેપુર | ખડકવાડા | બોર પુરાઈ ગયેલ છે. | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૮૧ | ૩૫ | છોટાઉદેપુર | ટુંડવા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૮૨ | ૩૬ | છોટાઉદેપુર | મીઠીબોર | બોર પુરાઈ ગયેલ છે નવીન બોર ની જરૂરિયાત | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૮૩ | ૩૭ | છોટાઉદેપુર | ચોરવણા | સંપ નું મીટર બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૮૪ | ૩૮ | છોટાઉદેપુર | પીપલેજ | જુથ યોજનાની જી ઈ બી લાઇન માં પોલનું લુસ કનેક્શન હોવાથી | માર્ચ ૨૦૨૪ |
| ૮૫ | ૩૯ | છોટાઉદેપુર | ચિલિયાવાંટ(અંત્રોલિ) | સિંગલ ફેઝ માંથી થ્રી ફેઝ કરવાનું બાકી | માર્ચ ૨૦૨૪ |
| ૮૬ | ૪૦ | છોટાઉદેપુર | બોડગામ | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૮૭ | ૪૧ | છોટાઉદેપુર | ભોરદા | સિંગલ ફેઝ | માર્ચ ૨૦૨૪ |
| ૮૮ | ૪૨ | છોટાઉદેપુર | ભીલપુર | જુથ યોજનાનું પાણી ઓછું આવે છે. | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૮૯ | ૪૩ | છોટાઉદેપુર | પડાલિયા | સિંગલ ફેઝ | માર્ચ ૨૦૨૪ |
| ૯૦ | ૪૪ | છોટાઉદેપુર | અંબાલા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૯૧ | ૪૫ | છોટાઉદેપુર | રંગપુર(ઝોઝ) | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૯૨ | ૪૬ | છોટાઉદેપુર | બોકડીયા | લો વોલ્ટેજ | માર્ચ ૨૦૨૪ |
| ૯૩ | ૪૭ | છોટાઉદેપુર | ગુનાટા | બોર કોલેપ્સ થયેલ છે. જેથી નવીન બોરે ની જરૂરિયાત છે | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૩ | બોડેલી | ૧૦ | ૦ | ૧૨ | ૦ |
| ૪ | કવાંટ | ૩ | ૦ | ૧૨ | ૦ |
| ૫ | છોટાઉદેપુર | ૨૪ | ૦ | ૩૧ | ૦ |
| ૬ | પાવી જેતપુર | ૮ | ૦ | ૫૯ | ૦ |
| **કુલ** | | **૧૦૧** | **૦** | **૧૬૭** | **૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૩) બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | )૩) મંજૂર થયેલ તમામ હેન્ડપંપની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

**બનાસકાંઠા જિલ્લામાં અનાજ ન મળવાની ફરિયાદો**

**2268/4/15શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી )દાંતા): માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧ (તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનેથી અનાજ ન મળવાની કુલ કેટલી ફરિયાદો મળી, | )૧( |

| અ.નું | તાલુકાનું નામ | સસ્તા અનાજની દુકાનેથી અનાજ ન મળવાની કુલ ફરિયાદો |
|---|---|---|
| **૧** | પાલનપુર)ગ્રામ્ય( | ૨૪૧ |
| **૨** | પાલનપુર)શહેર( | ૩૭ |
| **૩** | વડગામ | ૫૦ |
| **૪** | દાંતા | ૧૬૨ |
| **૫** | અમીરગઢ | ૭૬ |
| **૬** | દાંતીવાડા | ૩૩ |
| **૭** | ડીસા)ગ્રામ્ય( | ૧૩૩ |
| **૮** | ડીસા)શહેર( | ૬૯ |
| **૯** | લાખણી | ૮૦ |
| **૧૦** | ધાનેરા | ૨૪૫ |

| | | |
|---|---|---|
| **૧૧** | કાંકરેજ | ૨૩૧ |
| **૧૨** | દિયોદર | ૧૪૯ |
| **૧૩** | ભાભર | ૧૨૫ |
| **૧૪** | થરાદ | ૧૫૬ |
| **૧૫** | વાવ | ૧૨૪ |
| **૧૬** | સુઇગામ | ૬૫ |
| | **કુલ** | **૧૯૭૬** |

)૨ તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને )૨( તમામ ૧૯૭૬ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો.

)૩ (બાકી ફરિયાદોનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે ? )૩( પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાટણ અને મહેસાણા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

**15/4/2248 : શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ ) પાટણ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** | **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

)૧)

| જીલ્લો | મોટા ડેમની સંખ્યા | મધ્યમ ડેમની સંખ્યા |
|---|---|---|
| પાટણ | ૦ | ૦ |
| મહેસાણા | ૧ | ૦ |

)૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

)૨) મહેસાણા જિલ્લામાં સને-૧૯૭૬માં મોટો ડેમ બનાવવામાં આવેલ છે.

)૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો?

)૩) લાગુ પડતુ નથી.

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

**15/4/2249 :ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી )ખેડબ્રહ્મા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૧)

| જિલ્લાનું નામ | ડેમોનો પ્રકાર | |
|---|---|---|
| | મોટા ડેમો | મધ્યમ ડેમો |
| અરવલ્લી | ૦૨ | ૦૨ |
| સાબરકાંઠા | ૦૦ | ૦૪ |

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

)૨)

| ડેમનું નામ | યોજના પૂર્ણ થયાનું વર્ષ |
|---|---|
| વાત્રક ડેમ | ૧૯૮૪ |
| માઝમ ડેમ | ૧૯૮૪ |
| મેશ્વો ડેમ | ૧૯૭૧ |
| હાથમતી ડેમ | ૧૯૭૧ |
| ગુહાઇ ડેમ | ૧૯૯૦ |
| હરણાવ ડેમ | ૧૯૯૦ |
| ખેડવા ડેમ | ૨૦૦૯ |
| જવાનપુરા ડેમ | ૨૦૦૪ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો?

)૩) છેલ્લા બે વર્ષમાં કોઇ ડેમો બનાવવામાં આવેલ નથી.
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

**15/4/2252 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી )માણાવદર)** : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

)૨( ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

)૩( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

)૧(

| જીલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ |
|---|---|---|
| જૂનાગઢ | ૦૭ | ૦ |
| ગીર સોમનાથ | ૦૫ | 0 |

)૨(

- જૂનાગઢ જીલ્લો

| ક્રમ | સિંચાઇ યોજનાનુ નામ | બાંધકામનુ વર્ષ |
|---|---|---|
| ૧ | મધુવંતી | ૧૯૭૬ |
| ૨ | આંબાજળ | ૧૯૭૬ |
| ૩ | ઝાંઝેશ્રી | ૧૯૭૫ |
| ૪ | ધ્રાફડ | ૧૯૯૭ |
| ૫ | ઉબેણ | ૧૯૯૨ |
| ૬ | ઓઝત વિયર | ૧૯૬૨ |
| ૭ | ઓઝત-૨ | ૨૦૧૩ |

- ગીર સોમનાથ જીલ્લો

| ક્રમ | સિંચાઇ યોજનાનુ નામ | બાંધકામનુ વર્ષ |
|---|---|---|
| ૧ | રાવલ | ૧૯૭૮ |
| ૨ | મચ્છુન્દ્રી | ૧૯૮૪ |
| ૩ | શિંગોડા | ૧૯૮૦ |
| ૪ | હિરણ-૧ | ૧૯૫૯ |
| ૫ | હિરણ-૨ | ૧૯૮૨ |

)૩( નવા ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ નથી. આથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમો ભરવા બાબત**

**15/4/2254 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા )સોમનાથ): તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૧/૦૨/૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક-૭૭૭૮(અગ્રતા-૬૬)ના અનુસંધાને માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે , -**

## તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | નર્મદામાંથી સૌરાષ્ટ્રના ડેમો ભરવાની સૌની યોજના વર્ષ ૨૦૧૭–૧૮માં પૂર્ણ કરવાનું આયોજન હતું તે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સૌની યોજના કયા તબક્કે છે, | )૧( | સૌની યોજનાના પ્રથમ અને બીજા તબક્કાના કામો પૂર્ણ થયેલ છે તેમજ ત્રીજા તબક્કાના કામો પૂર્ણતાના આરે છે. |
| )૨( | ઉક્ત યોજનાની સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી ક્યારે કેટલી રકમની આપવામાં આવેલ, | )૨( | (નીચેનું કોષ્ટક જુઓ) |

| | | |
|---|---|---|
| સૈદ્ધાંતિક મંજૂરી | ફેબ્રુઆરી-૨૦૧૩ | રૂ. ૧૦,૦૦૦ કરોડ |
| વહીવટી મંજૂરી | એપ્રિલ-૨૦૧૩ | રૂ. ૧૦,૮૬૧ કરોડ |
| સુધારેલ વહીવટી મંજૂરી | ડીસેમ્બર-૨૦૧૮ | રૂ. ૧૮,૫૬૩ કરોડ |

(ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભુત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જૂન-ઑગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦ માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે)

| | | | |
|---|---|---|---|
| )૩( | ઉક્ત યોજના પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | )૩( | રૂ. ૧૭૧૫૯/- કરોડ |
| (૪( | ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | )૪( | સૌની યોજનાની બાકી રહેતી કામગીરી અંગેના ટેન્ડર મંજૂરીની કાર્યવાહી પૂર્ણ કરી તેમજ પ્રગતિ હેઠળના કામે, સાઇટ પરના વિવિધ તબક્કાઓ જેવા કે પાઇપલાઈન લેયીંગની કામગીરી, પમ્પિંગ સ્ટેશનના બાંધકામની કામગીરી, આર.ઓ.યુ .થકી જમીન વપરાશી હક્કો પ્રાપ્ત કરવાની કામગીરી પૂર્ણ કરી, ક્રોસિંગ અંગે વિવિધ વિભાગોની મંજૂરીઓ મેળવી, નર્મદાના પાણીની ઉપલબ્ધિ મુજબ, તબક્કાવાર પૂર્ણ કરવાનુ આયોજન છે. |

### બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ

**15/4/2245 : ગેનીબેન નગાજી ઠાકોર ) વાવ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **)૧)** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે, | **)૧)** | (નીચેનું કોષ્ટક જુઓ) |

| જીલ્લો | મોટા ડેમની સંખ્યા | મધ્યમ ડેમની સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૦૨ | ૦૧ |
| ગાંધીનગર | ૦ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| **)૨)** | ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને | **)૨)** | (નીચેનું કોષ્ટક જુઓ) |

| ક્રમ | ડેમનું નામ | ડેમનો પ્રકાર | યોજના પૂર્ણ થયાનું વર્ષ |
|---|---|---|---|
| **બનાસકાંઠા જિલ્લો** | | | |
| **૧** | દાંતીવાડા | મોટો | ૧૯૬૫ |
| **૨** | સીપુ | મોટો | ૨૦૦૦ |
| **૩** | મુક્તેશ્વર | મધ્યમ | ૧૯૯૦ |
| **ગાંધીનગર જિલ્લો** | | | |
| **૧** | સંતસરોવર | મધ્યમ | ૨૦૧૬ |

| | | | |
|---|---|---|---|
| **)૩)** | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ? | **)૩)** | લાગુ પડતું નથી. |

ફાલ્ગુન ૨, ૧૯૪૫ શાકે
અતારાંકિત પ્રશ્નો

----------

**રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩, અન્નપૂર્ણા યોજના, હોસ્ટેલ સ્કીમ અને વેલ્ફેર ઈન્સ્ટીટ્યુશન્સ અન્વયે ફાળવણી**

**15/4/2260 શ્રી અમિત ચાવડા ) આંકલાવ): માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩, અન્નપૂર્ણા યોજના, વેલ્ફેર ઈન્સ્ટીટ્યુશન્સ અને હોસ્ટેલ સ્કીમ અન્વયે યોજનાવાર ઘઉં અને ચોખાનો કેટલો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવ્યો, | )૧( અને )૨( | કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ઘઉં અને ચોખાનો જથ્થો તેમજ રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવેલ ઘઉં અને ચોખાના જથ્થાનું યોજનાવાર પત્રક આ સાથે સામેલ છે . |
| )૨( | તે અન્વયે રાજ્ય સરકાર દ્વારા કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો, અને | | |
| )૩( | પુરો જથ્થો ઉપાડવામાં ન આવ્યો હોય તો તેના કારણો શા છે ? | )૩( | )૧ (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અંતર્ગત રાજ્ય સરકારની અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબોની જનસંખ્યા આધારે ઘઉં-ચોખાની ફાળવણી ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે, જે સામે જરુરીયાત મુજબ ઘઉં-ચોખાના જથ્થાનો ઉપાડ કરવામાં આવેલ છે .<br>)૨ (અન્નપૂર્ણા યોજનામાં જરુરીયાત ઉપસ્થિત થયેલ ન હોવાથી.<br>)૩ (વેલ્ફેર ઈન્સ્ટીટ્યુશન્સ અને હોસ્ટેલ સ્કીમ અન્વયે માંગણી ન હોવાથી. |

તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં અનાજ સંગ્રહ માટેના ગોડાઉન**

**15/4/1419 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા )જમાલપુર–ખાડીયા): માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા**

**કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં અનાજ સંગ્રહ માટે પુરવઠા નિગમના કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | )૧ કુલ ૮૨ ગોડાઉન છે. |

| પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨ અને તા.૦૧–૦૧–૨૦૨૩ થી તા.૩૧–૧૨–૨૦૨૩ સુધીની રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩, અન્નપૂર્ણા યોજના અને વેલ્ફેર ઈન્સ્ટીટ્યુશન્સ અને હોસ્ટેલ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ ફાળવણી અને ઉપાડનું પત્રક | | | | | | | |
| (આંકડા લાખ મે.ટનમાં) | | | | | | | |
| ઘઉં | | | | | | | |
| ક્રમ | વર્ષ | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ | | અન્નપૂર્ણા યોજના | | વેલ્ફેર ઈન્સ્ટીટ્યુશન્સ અને હોસ્ટેલ યોજના | |
| | | ફાળવણી | ઉપાડ | ફાળવણી | ઉપાડ | ફાળવણી | ઉપાડ |
| ૧ | તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨ | ૧૧.૬૭૪ | ૧૧.૪૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૨ | તા.૦૧–૦૧–૨૦૨૩ થી તા.૩૧–૧૨–૨૦૨૩ | ૯.૭૫૬ | ૯.૫૯૪ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| | કુલ | ૨૧.૪૩૦ | ૨૦.૯૯૪ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ચોખા | | | | | | | |
| ક્રમ | વર્ષ | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ | | અન્નપૂર્ણા યોજના | | વેલ્ફેર ઈન્સ્ટીટ્યુશન્સ અને હોસ્ટેલ યોજના | |
| | | ફાળવણી | ઉપાડ | ફાળવણી | ઉપાડ | ફાળવણી | ઉપાડ |
| ૧ | તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨ | ૧૦.૧૯૫ | ૧૦.૧૭૯ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૨ | તા.૦૧–૦૧–૨૦૨૩ થી તા.૩૧–૧૨–૨૦૨૩ | ૧૧.૬૯૯ | ૧૧.૬૫૭ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| | કુલ | ૨૧.૮૯૪ | ૨૧.૮૩૬ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૨ (ઉકત સ્થિતિએ આ ગોડાઉનોની સંગ્રહ શકિત કેટલી છે, અને | )૨( ૫૪,૭૫૦ મે.ટન |
| )૩ (આ સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે .? | )૩( અમદાવાદ જિલ્લાના દેત્રોજ અને સાણંદ ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહ શકિત વાળા નવીન ગોડાઉન બાંધકામ માટે જમીન મેળવી કુલ ૪૦૦૦ મે.ટન સંગ્રહ શકિત વધારવાનું આયોજન છે. |

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

**15/4/2247 : શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર ) ચાણસ્મા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન** | **જવાબ**

**)૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

**)૧)**

| જીલ્લો | મોટા ડેમની સંખ્યા | મધ્યમ ડેમની સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૦૨ | ૦૧ |
| કચ્છ | ૦૦ | ૨૦ |

)૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

)૨)

| ક્રમ | ડેમનું નામ | પ્રકાર | યોજના પૂર્ણ થયાનું વર્ષ |
|---|---|---|---|
| | **બનાસકાંઠા જિલ્લો** | | |
| ૧ | દાંતીવાડા | મોટો ડેમ | ૧૯૬૫ |
| ૨ | સીપુ | મોટો ડેમ | ૨૦૦૦ |
| ૩ | મુક્તેશ્વર | મધ્યમ ડેમ | ૧૯૯૦ |
| | **કચ્છ જિલ્લો** | | |
| ૧ | રૂદ્રમાતા | મધ્યમ | ૧૯૭૦ |
| ૨ | કાયલા | મધ્યમ | ૧૯૫૫ |
| ૩ | કાસવતી | મધ્યમ | ૧૯૭૬ |
| ૪ | ટપ્પર | મધ્યમ | ૧૯૭૫ |
| ૫ | કાલાઘોઘા | મધ્યમ | ૧૯૮૭ |
| ૬ | ગજોડ | મધ્યમ | ૧૯૫૫ |
| ૭ | ડોણ | મધ્યમ | ૧૯૮૨ |
| ૮ | કનકાવતી | મધ્યમ | ૧૯૫૬ |
| ૯ | મીટૃ◌ી | મધ્યમ | ૧૯૮૨ |
| ૧૦ | બેરાચીયા | મધ્યમ | ૧૯૮૦ |
| ૧૧ | જંગડીયા | મધ્યમ | ૧૯૮૨ |
| ૧૨ | નિરોણા | મધ્યમ | ૧૯૭૦ |
| ૧૩ | ભુખી | મધ્યમ | ૧૯૮૫ |
| ૧૪ | મથલ | મધ્યમ | ૧૯૮૭ |
| ૧૫ | ગજણસર | મધ્યમ | ૧૯૬૦ |
| ૧૬ | નરા | મધ્યમ | ૧૯૮૧ |
| ૧૭ | સાન્નધ્રો | મધ્યમ | ૧૯૫૭ |
| ૧૮ | ગોધાતડ | મધ્યમ | ૧૯૮૩ |
| ૧૯ | સુવી | મધ્યમ | ૧૯૬૯ |
| ૨૦ | ફતેહગઢ | મધ્યમ | ૧૯૮૭ |

)૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

)૩) લાગુ પડતું નથી.

**છોટાઉદેપુર જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના અને ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ કનેકશન મંજૂર કરવા બાબત**

**15/4/1954 : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા ) છોટાઉદેપુર) :માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોતિ યોજના અને ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે તાલુકાવાર વીજ કનેક્શન મેળવવા કેટલી માંગણીઓ આવી છે, | )૧) | પત્રક અ મુજબ |
| )૨) | ઉક્ત સ્થિતિએ વર્ષવાર યોજનાદીઠ કેટલા કનેકશનો આપવામાં આવી, અને | )૨) | પત્રક બ મુજબ |
| )૩) | બાકી વીજ કનેકશનો આપવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | )૩) | કુટીર જ્યોતિ યોજના અને ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત તા. ૦૧/૦૧/૨૦૨૪ સુધીમાં આવેલ તમામ ૧૨૦ અરજીઓ ને વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. |

તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નો

**પત્રક – અ**
**કુટીર જ્યોતિ યોજના**

| તાલુકો | તા .૦૨.૦૧.૨૦૨૨ થી ૦૧.૦૧.૨૦૨૩ દરમ્યાન મળેલ અરજીઓ | તા .૦૨.૦૧.૨૦૨૩ થી ૦૧.૦૧.૨૦૨૪ દરમ્યાન મળેલ અરજીઓ |
|---|---|---|
| સંખેડા | ૧૦૬ | ૧૭ |
| બોડેલી | ૧૬૧ | ૩૨ |
| પાવી જેતપુર | ૫૮૮ | ૨૬૪ |
| છોટા ઉદેપુર | ૭૭૮ | ૮૯૧ |
| કવાંટ | ૮૬૬ | ૨૯૪ |
| નસવાડી | ૧૯૮ | ૪૯ |
| કુલ | ૨૬૯૭ | ૧૫૪૭ |

**ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના**

| તાલુકો | તા .૦૨.૦૧.૨૦૨૨ થી ૦૧.૦૧.૨૦૨૩ દરમ્યાન મળેલ અરજીઓ | તા .૦૨.૦૧.૨૦૨૩ થી ૦૧.૦૧.૨૦૨૪ દરમ્યાન મળેલ અરજીઓ |
|---|---|---|
| સંખેડા | ૬૫ | ૬૪ |
| બોડેલી | ૦ | ૨ |
| પાવી જેતપુર | ૦ | ૪ |
| છોટા ઉદેપુર | ૦ | ૦ |
| કવાંટ | ૦ | ૦ |
| નસવાડી | ૦ | ૦ |
| કુલ | ૬૫ | ૭૦ |

**પત્રક – બ**
**કુટીર જ્યોતિ યોજના**

| તાલુકો | તા .૦૨.૦૧.૨૦૨૨ થી ૦૧.૦૧.૨૦૨૩ દરમ્યાન આપવામાં આવેલ વીજ જોડાણ | તા .૦૨.૦૧.૨૦૨૩ થી ૦૧.૦૧.૨૦૨૪ દરમ્યાન આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| સંખેડા | ૧૦૬ | ૧૧ |
| બોડેલી | ૧૫૩ | ૫ |
| પાવી જેતપુર | ૫૩૨ | ૧૯૮ |
| છોટા ઉદેપુર | ૭૦૬ | ૭૫૬ |
| કવાંટ | ૭૯૩ | ૨૮૧ |
| નસવાડી | ૧૯૦ | ૪૯ |
| કુલ | ૨૪૮૦ | ૧૩૦૦ |

**ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના**

| તાલુકો | તા .૦૨.૦૧.૨૦૨૨ થી ૦૧.૦૧.૨૦૨૩ દરમ્યાન આપવામાં આવેલ વીજ જોડાણ | તા .૦૨.૦૧.૨૦૨૩ થી ૦૧.૦૧.૨૦૨૪ દરમ્યાન આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| સંખેડા | ૬૫ | ૬૪ |
| બોડેલી | ૦ | ૨ |
| પાવી જેતપુર | ૦ | ૨ |
| છોટા ઉદેપુર | ૦ | ૦ |
| કવાંટ | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| નસવાડી | ૦ | ૦ |
| કુલ | ૬૫ | ૬૮ |

**અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

**15/4/1545: હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ ) સાબરમતી): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | )૧) | ૫૦૪૯ |
| )૨) | તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | )૨) | રૂ. ૨૩૯.૯૮ લાખનો ખર્ચ થયો. |

--------------------

**દાહોદ અને નર્મદા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

**15/4/2257 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ ( લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૧)

| જિલ્લો | મોટા ડેમ | મધ્યમ ડેમ |
|---|---|---|
| દાહોદ | ૦૦ | ૦૭ |
| નર્મદા | ૦૨ | ૦૩ |

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| ડેમનું નામ | વર્ષ |
|---|---|
| પાટાડુંગરી (મધ્યમ ) | ૧૯૫૭ |
| ઉમરિયા (મધ્યમ ) | ૧૯૮૫ |
| વાંકલેશ્વર (ભે) (મધ્યમ) | ૧૯૭૮ |
| માછણાનાળા (મધ્યમ) | ૧૯૮૨ |
| કબુતરી (મધ્યમ ) | ૧૯૮૮ |
| અદલવાડા (મધ્યમ ) | ૧૯૮૨ |
| કાલી –૨ (મધ્યમ ) | ૨૦૦૨ |
| સરદાર સરોવર ડેમ (મોટો) | ૨૦૧૭ |
| કરજણ (મોટો ) | ૧૯૮૭ |
| ચોપડવાવ ( મધ્યમ ) | ૧૯૮૫ |
| કાકડીઆંબા (મધ્યમ ) | ૧૯૮૫ |
| ગુરૂડેશ્વર વિચર (મધ્યમ ) | ૨૦૨૨ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) ગુરૂડેશ્વર વિચરમાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

વર્ષ ૨૦૨૨–૨૩ રૂ. ૧૩.૮૨ કરોડ.

વર્ષ ૨૦૨૩–૨૪ રૂ. ૧૪.૬૫ કરોડ.

**જામનગર જિલ્લામાં હયાત ફીડરનું વિભાજન**

**15/4/2215: શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર )જામજોધપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને તાલુકાવાર કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને

)૨) તે માટે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

)૧) અને )૨)

| તાલુકો | નવા ફીડર | ખર્ચ )લાખમાં( |
|---|---|---|
| જામનગર | ૨૮ | ૨૩૩.૦૬ |
| કાલાવડ | ૧૧ | ૧૦૮.૮૯ |
| લાલપુર | ૬ | ૫૩.૬૦ |
| ધ્રોલ | ૯ | ૮૧.૪૬ |
| જોડિયા | ૦ | ૦.૦૦ |
| જામજોધપુર | ૫ | ૯૪.૧૦ |

-----------

**સૌની યોજનાનો કુલ ખર્ચ**

**15/4/2259 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ )વાંસદા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -**

અતારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સૌની યોજના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) રૂ. ૧૭૧૫૯/- કરોડ |
| )૨) ઉક્ત યોજના હેઠળ કેટલા ડેમો, તળાવો અને જળાશયો ભરવાના છે અને તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ડેમો, જળાશયો અને તળાવોમાં નર્મદાનું કેટલું પાણી નાખવામાં આવ્યું, અને | )૨) • સૌની યોજના થકી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧૫ ડેમો જોડવાનુ આયોજન છે જે પૈકી ૯૫ ડેમનુ જોડાણ કરવામા આવેલ છે.<br>• જોડાણ થયેલ ડેમ/જળાશયો અને સૌની યોજનાની પાઇપલાઇનની પથરેખામા આવતા તળાવો/ચેકડેમોમા વર્ષ-૨૦૨૨ મા અંદાજે ૧૪૯૪૮ એમ.સી.એફ.ટી. અને વર્ષ-૨૦૨૩ મા અંદાજે ૨૬૦૧૮ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો નાખવામા આવેલ છે. |
| )૩) સૌની યોજનાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | )૩) સૌની યોજનાની બાકી રહેતી કામગીરી અંગેના ટેન્ડર મંજૂરીની કાર્યવાહી પૂર્ણ કરી તેમજ પ્રગતિ હેઠળના કામે, સાઇટ પરના વિવિધ તબક્કાઓ જેવા કે પાઇપલાઇન લેયીંગની કામગીરી, પમ્પિંગ સ્ટેશનના બાંધકામની કામગીરી, આર.ઓ.યુ. થકી જમીન વપરાશી હક્કો પ્રાપ્ત કરવાની કામગીરી પૂર્ણ કરી, ક્રોસિંગ અંગે વિવિધ વિભાગોની મંજૂરીઓ મેળવી, નર્મદાના પાણીની ઉપલબ્ધિ મુજબ, તબક્કાવાર પૂર્ણ કરવાનુ આયોજન છે. |

----------------

**સૌની યોજનાને સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી બાબત**

**15/4/2251 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા )પોરબંદર :(માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે , -**

## તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સૌરાષ્ટ્રના જળાશયોને પાણીથી ભરવા સૌની યોજનાની ક્યારે સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજૂરીઓ આપવામાં આવેલ છે, | )૧( |

| | |
|---|---|
| સૈદ્ધાંતિક મંજૂરી | ફેબ્રુઆરી-૨૦૧૩ |
| વહીવટી મંજૂરી | એપ્રિલ-૨૦૧૩ |
| સુધારેલ વહીવટી મંજૂરી | ડીસેમ્બર-૨૦૧૮ |
| તાંત્રિક મંજૂરી (પેકેજ વાઇજ) | |
| તબક્કો-૧ | વર્ષ-૨૦૧૩ |
| તબક્કો-૨ | વર્ષ-૨૦૧૬ |
| તબક્કો-૩ | વર્ષ-૨૦૧૮ થી ૨૦૨૩ |

| | | |
|---|---|---|
| )૨( | આ સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી કેટલી રકમની આપવામાં આવેલ, અને | )૨( |

| | |
|---|---|
| સૈદ્ધાંતિક મંજૂરી | રૂ. ૧૦,૦૦૦ કરોડ |
| વહીવટી મંજૂરી | રૂ. ૧૦,૮૬૧ કરોડ |
| સુધારેલ વહીવટી મંજૂરી | રૂ. ૧૮,૫૬૩ કરોડ |

) ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભુત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જૂન-ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦ માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે(

| | | |
|---|---|---|
| )૩( | ઉક્ત સૈધ્ધાંતિક મંજૂરી કરતાં વધુ રકમનો ખર્ચ થયો હોય તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયો અને તેના કારણો શા છે? | )૩( |

- ઉક્ત યોજના પાછળ ઉક્ત સ્થિતિએ રૂ.૧૭૧૫૯ -/કરોડનો ખર્ચ થયેલ છે
- સૌની યોજનાના પ્રાથમિક વહીવટી મંજૂરી મેળવવા સમયે પાઇપલાઇનની લંબાઇ નો પ્રાથમિક સર્વે કરવામાં આવેલ તેમજ પ્રથમ અને બીજા તબક્કા દરમ્યાન વિગતવાર સર્વે કરતાં નકશા અંદાજમાં પાઇપલાઇનની લંબાઇમાં વધારો થવા પામેલ .
- સૌની યોજનાના પ્રથમ તબક્કાના અંદાજો GWSSB ના SOR ૨૦૧૧-૧૨ મુજબ તૈયાર કરવામાં આવેલ .જે દરમ્યાન માર્કેટમાં સ્ટીલના ભાવ વધારાના કારણે GWSSB SOR સુધારો થતા તે મુજબ નકશા અંદાજો સુધારવામાં આવેલ.
- આ યોજનામાં પ્રથમ વખત ૩૦૦૦ મી.મી .વ્યાસની માઇલ્ડ સ્ટીલ પાઇપલાઇનનો સમાવેશ કરવામાં આવેલ .આ સાઇઝની પાઇપલાઇનના મેન્યુફેક્ચર માટે પાઇપ મેન્યુફેક્ચરોએ તેમની હયાત કેપેસિટીમાં વધારો કરવો પડેલ હતો જેના કારણે આ મોટી સાઇઝના પાઇપમાં માર્કેટના ભાવો ઉંચા રહેવા પામેલ .
- પ્રાથમિક મંજૂરીમાં રાઇટ ઓફ યુઝના ખર્ચની તથા પીજીવીસીએલ દ્વારા ઇલેક્ટ્રીસિટીના કનેકશનની લાઇનના ખર્ચને ગણતરીમાં લીધેલ ન હતો, જેને સુધારેલ વહીવટી મંજૂરીની દરખાસ્તમાં ધ્યાને લીધેલ છે.
- પ્રથમ અને બીજા તબક્કાનાં કામો માટે ટેન્ડરની રકમ મુજબ સુધારેલ વહીવટી મંજૂરીની દરખાસ્તમાં ગણતરીમાં લીધેલ છે.

----------

**દહેજ બંદર પર ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને ગેસની પ્રાપ્તિ**

**15/4/2279 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ દહેજ બંદર પર પેટ્રોનેટ દ્વારા આયાત થતા લિક્વીડ નેચરલ ગેસમાંથી ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને ગેસની પ્રાપ્તિ થાય છે, તે હકીકત સાચી છે, | )૧( | ના જી . |
| )૨( | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશનને પેટ્રોનેટ દ્વારા કેટલા મિલિયન બ્રિટીશ થર્મલ યુનિટ ગેસ પ્રાપ્ત થયો, અને | )૨( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩( | ઉકત જથ્થાનો ક્યા હેતુસર ઉપયોગમાં લેવામાં આવ્યો? | )૩( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**છોટાઉદેપુર જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના બાબત**

**15/4/2043: શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી ) સંખેડા): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના અન્વયે વીજ કનેક્શન મેળવવા કેટલી અરજીઓ આવી, | )૧) | ૪૨૪૪ |
| )૨) | તે પૈકી કેટલા વીજ કનેક્શનો આપવામાં આવ્યા અને કેટલા વીજ કનેકશનો ક્યારથી બાકી છે, અને | )૨) અને )૩) | તે પૈકી પાત્રતા ધરાવતા તમામ ૩૯૦૦ લાભાર્થીઓ ને વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. |
| )૩) | બાકી કનેકશનો ક્યાં સુધીમાં અપવવામાં આવશે? | | |

--------------

**કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત**

**15/4/2273 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી )દાંતા) : માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે ક્યા પ્રકારના વેરાઓ સામે કેટલી રકમ લેવાની નીકળે છે, | )૧) રાજ્ય સરકારે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર પાસેથી જીએસટી વળતર પેટે રૂ.૧૬૭૨.૩૫ કરોડ લેવાના બાકી છે. |
| )૨) | ઉક્ત રકમ પૈકી વેરાવાર કેટલી રકમ વિવાદિત અને કેટલી રકમ બિન–વિવાદિત છે, | )૨) ઉક્ત રકમ પૈકી કોઇપણ રકમ વિવાદિત નથી. |
| )૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રકમ મેળવવા શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | )૩) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ–૭ની જોગવાઇ મુજબ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા આવકનું ઓડીટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે. |
| )૪) | તે અન્વયે કેટલી રકમ ક્યારે મળી ? | )૪) ઉક્ત રકમ હાલની સ્થિતિએ બાકી છે. |

તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ**

**15/4/2263 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી )ખેડબ્રહ્મા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે ૭૦ એમ.એલ.ડી.ના સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટની કામગીરી ક્યારે, કોને, કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, | )૧) | તા-૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે ૭૦ એમ.એલ.ડી. ડીસેલીનેશન પ્લાન્ટ પ્રોજેક્ટની કામગીરી નીચેની વિગતે સોંપવામાં આવેલ છે.<br>• ઉક્ત કામગીરી મે. શાપુરજી પાલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઇ અને એકવાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઇન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત એસ.પી.વી ને તા.૧૮-૧૧-૨૦૧૯ થી સોપવામાં આવેલ છે.<br>• સદર એસ.પી.વી. દ્વારા જરૂરી તમામ મંજૂરીઓ મેળવી તેમજ નાણાંકીય વ્યવસ્થાપન પૂર્ણ થયેથી બે વર્ષમાં તમામ કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવાની શરતે સોંપવામાં આવેલ છે. |
| )૨) | ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોય તો એજન્સી સામે શા પગલાં લીધા, અને | )૨) | • નાણાકીય વ્યવસ્થાપન તા.૨૬/૦૫/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.<br>• નાણાકીય વ્યવસ્થાપન પૂર્ણ થયેથી બે વર્ષ એટલે કે તા.૨૬-૦૫-૨૦૨૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની થાય છે.<br>• હાલ ભૌતિક કામગીરી પ્રગતિમાં છે. |
| )૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્લાન્ટ કાર્યરત થયેલ હોય તો છેલ્લા બે વર્ષમાં કેટલા લીટર દરિયાનું ખારૂ પાણી પીવાલાયક બનાવવામાં આવ્યું ? | )૩) | હાલ કામગીરી પ્રગતિ હેઠળ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સૌની યોજના અન્વયે પાઇપલાઇનની કામગીરી**

**15/4/2253 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી )માણાવદર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદાના પાણીની સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા માટેની યોજના માટે કેટલા કિ.મી .પાઈપલાઈન નાખવા માટે કેટલી રકમની વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, | )૧ ( | નર્મદાના પાણીથી સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા ૧૩૭૧ કિ.મી. પાઇપલાઇન માટે નીચેની વિગતે મંજૂરીઓ આપવામા આવેલ. |

| | | |
|---|---|---|
| સૈદ્ધાંતિક મંજૂરી | ફેબ્રુઆરી-૨૦૧૩ | રૂ. ૧૦,૦૦૦ કરોડ |
| વહીવટી મંજૂરી | એપ્રિલ-૨૦૧૩ | રૂ. ૧૦,૮૬૧ કરોડ |
| સુધારેલ વહીવટી મંજૂરી | ડીસેમ્બર-૨૦૧૮ | રૂ.૧૮,૫૬૩ કરોડ |

)ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભુત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જૂન-ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦ માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે(

| | | | |
|---|---|---|---|
| )૨( | તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | )૨( | રૂ. ૧૭૧૫૯/- કરોડ |
| )૩( | ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કિ.મી .પાઈપલાઈન નાખવામાં આવી અને કેટલા કિ.મી .પાઈપલાઈન નાખવાની કામગીરી ક્યા કારણોસર બાકી છે? | )૩( | કુલ ૧૩૧૩ કિ.મી પાઇપલાઇન નાખવામા આવી છે અને ૫૮ કિ.મી પાઇપલાઇન સ્થળ પરના ખેડૂત ખાતેદારોના ROU ના વિવિધ પ્રશ્નો ,વિવિધ ક્રોસિંગ )રેલવે,હાઇવે (ની જરૂરી મંજૂરી તેમજ વર્ષ–૨૦૨૦ અને વર્ષ–૨૦૨૧ મા કોવિડ–૧૯ ની પરિસ્થિતિના કારણે બાકી છે . |

-------

**સૌની યોજના અન્વયે પાઇપલાઇનની કામગીરી**

**15/4/2255 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા )સોમનાથ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

**પ્રશ્ન** | **જવાબ**

)૧ ( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદાના પાણીની સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા માટેની યોજના માટે કેટલા કિ.મી .પાઈપલાઈન નાખવા માટે કેટલી રકમની વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ,

)૧ ( નર્મદાના પાણીથી સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા ૧૩૭૧ કિ.મી. પાઇપલાઇન માટે નીચેની વિગતે મંજૂરીઓ આપવામા આવેલ.

| | | |
|---|---|---|
| સૈદ્ધાંતિક મંજૂરી | ફેબ્રુઆરી–૨૦૧૩ | રૂ !૧૦,૦૦૦ કરોડ |
| વહીવટી મંજૂરી | એપ્રિલ–૨૦૧૩ | રૂ !૧૦,૮૬૧ કરોડ |
| સુધારેલ વહીવટી મંજૂરી | ડિસેમ્બર–૨૦૧૮ | રૂ !૧૮,૫૬૩ કરોડ |

)ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભુત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જૂન–ઑગસ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૦ માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે(

)૨( તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

)૨( રૂ. ૧૭૧૫૯/- કરોડ

)૩( ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કિ.મી . પાઈપલાઈન નાખવામાં આવી અને કેટલા કિ.મી .પાઈપલાઈન નાખવાની કામગીરી ક્યા કારણોસર બાકી છે?

)૩( કુલ ૧૩૧૩ કિ.મી પાઇપલાઇન નાખવામા આવી છે અને ૫૮ કિ.મી પાઇપલાઇન સ્થળ પરના ખેડૂત ખાતેદારોના ROU ના વિવિધ પ્રશ્નો , વિવિધ ક્રોસિંગ )રેલવે,હાઇવે (ની જરૂરી મંજૂરી તેમજ વર્ષ–૨૦૨૦ અને વર્ષ–૨૦૨૧ મા કોવિડ–૧૯ ની પરિસ્થિતિના કારણે બાકી છે .

---------------------

**ધરોઇ જળાશયમાંથી ડભોડા રીવર્સ કેનાલ મારફત તળાવો ભરવા બાબત**

**15/4/2246 :ગેનીબેન નગાજી ઠાકોર )વાવ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા. ૧૮/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૨૮૯૩ (અગ્રતા–૬૨) ના અનુસંધાને માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | ધરોઇ જળાશયમાંથી ડભોડા રીવર્સ કેનાલ મારફતે ઇડર-વડાલી તાલુકાના ડાબાકાંઠાના ખેડૂતોને સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ થાય તે માટે વોલપોઇન્ટ(કુવાઓ) તથા તળાવો ભરવા માટે નવી યોજનાને શરતોને આધીન સૈધ્ધાંતિક મંજૂરી મળેલ તે યોજનાની કાર્યવાહી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઇડર અને વડાલી તાલુકાના તળાવો ભરવાની યોજના વિગતવાર સર્વેક્ષણ હેઠળ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ સર્વેક્ષણની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે, | )૨) | સર્વેક્ષણની કામગીરી મે-૨૦૨૪ અંતિત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ વહીવટી મંજૂરી માટે દરખાસ્ત સરકારને ક્યારે મળેલ છે, અને | )૩) | ઉક્ત વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | ઉક્ત યોજના ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે? | (૪) | ઉક્ત યોજનાની વિગતવાર સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થયેથી નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે. |

--------------------------

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**સન ૨૦૨૨-૨૩નો ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

ડો. કુબેરભાઇ ડીંડોર(પ્રવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦૨૦, ૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલ**

શ્રી બળવંતસિંહ રાજપૂત (કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક ગુજરાત રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો અહેવાલ**

શ્રી બળવંતસિંહ રાજપૂત(ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૦-૨૧નો ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો, ટિપ્પણ તથા સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૮-૧૯ અને સન ૨૦૧૯-૨૦ નો ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના વાર્ષિક અહેવાલ**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૨-૨૩નો ગુજરાત જૈવ વિવિધતા બોર્ડનો વાર્ષિક અહેવાલ**

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૨૨-૨૩નો ગુજરાત સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન, ગાંધીનગરનો વાર્ષિક અહેવાલ**

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(રાજ્યકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન, ગાંધીનગરનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૨૨-૨૩ના ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના વાર્ષિક હિસાબો**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના જાહેરનામા**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર (રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેનાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનાં,

(૧)તા.૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક:જીટીએચ/૨૦૨૩/૧/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી

(૨)તા.૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક: જીટીએચ/૨૦૨૩/૨/સીપીએ/૧૦૨૦૨૧/ ૮૦૨૨૨/ડી

તેમજ ઉક્ત જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક- ૪૨**

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૩૮,૯૨,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક- ૪૩**

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૭૮,૧૧,૪૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ )

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી,હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક– ૪૪**

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૨,૪૩,૦૯,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક –૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક– ૭૪**

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૧૬,૩૯,૫૫,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૭,૩૦,૭૮,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક –૭૪ રજૂ કરવામાં આવી.**

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી,હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

**સન૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદર ખાસ્તરૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ગૃહવિભાગ**<br>**માગણીનં.૪૨** | |
| *૧ | ૨૦૫૨–સચિવાલય…સેવાઓ<br>૦૯૦ –સચિવાલય<br>૦૧–GES-23ગૃહવિભાગ<br>રૂ. ૧૬,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨,<br>પાનાનં.૧૩ | ૧૦૦ | ગુજરાત નશાબંધી)સુધારા (અધિનિયમ,૨૦૧૭ અન્વયે સજાનો કડક જોગવાઈઓનો અમલીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસસ્ટેશનોમાં ચાલતી વહીવટદારની પ્રથા સંદતર બંધ કરાવી પ્રજાના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસતંત્રમાં તોડકાંડનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | સ્પા–મસાજના પાર્લરોમાં સંસ્થાઓમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ કાયમી ધોરણે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્રના આધુનીકીકરણ માટે કેન્દ્રસરકાર તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્રની નબળી કામગીરીને કારણે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતીસ્થિતિને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઈ મકવાણા |
| | | | **માગણીનં.૪૩** | |
| ૭ | ૨૦૫૫–પોલીસ<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>૦૧–MEP-30પોલીસ…મહાનિરીક્ષક<br>રૂ.૩૮,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨,<br>પાનાનં.૧૯અને૨૦ | ૧૦૦ | ધારાસભ્યો–અરજદારોએ જિલ્લા પોલીસવડાને કરેલ ફરીયાદો અન્વયે કાયદાકીય રીતે પગલાં ભરી ફરિયાદોનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૮ | ૨૦૫૫–પોલીસ<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>૦૧–MEP-30પોલીસ…મહાનિરીક્ષક<br>રૂ.૩૮,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨,<br>પાનાનં.૧૯અને૨૦ | ૧૦૦ | રાજયના મોટા શહેરોમાં મોડીરાત સુધી ચાલતા કાફે–હોટલોના કારણે વધતી જતી અસામાજિક પ્રવૃત્તિઓ–સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઈ ઠાકોર |
| ૯ | _ _ " _ _ | ૧૦૦ | વાહનોને બેફામ ગતિથી હંકારીને અકસ્માતો કરનાર સંપન્ન પરિવારના યુવાનો સામે કડક શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત પોલીસ એકટની કલમ–૩૩ હેઠળના તમામ નિયમો–હુકમો સહિતની માહિતી સમયસર વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૧૧ | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લાપોલીસ<br>૦૧–MEP-6જિલ્લાપોલીસખુદ | ૧૦૦ | મોટા શહેરોમાં અસામાજિક પ્રવૃત્તિઓ આચરનાર ઈસમો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી જિજ્ઞેશ મેવાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ .<br>૪૩,૯૩,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨,<br>પાનાનં .૨૮અને૨૯ | | | |
| ૧૨ | __"__ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં રાત્રીના સમયે પેટ્રોલીંગ વ્યવસ્થાના અભાવે થતી ઘરફોડ ચોરીઓ અને પશુચોરીની પ્રવૃત્તિઓને રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| ૧૩ | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લાપોલીસ<br>૦૩-MEP-<br>16રાજય...શાખા<br>રૂ .૯,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨,<br>પાનાનં .૨૮અને૩૨ | ૧૦૦ | ટ્રાફીક પોલીસમાં ટ્રાફિક નિયમોના અપૂરતા જ્ઞાનના કારણે ટ્રાફીકની વધતી જતી સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૪ | __"__ | ૧૦૦ | તંત્ર દ્વારા જાહેર જનતામાં રોડ સલામતી અંગે જાગરુકતા લાવવા વિવિધ પ્રવૃત્તિઓ કરીને વધતા જતાં અકસ્માતોનું પ્રમાણ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| | | | **માગણીનં .૪૪** | |
| ૧૫ | ૨૦૫૬-જેલ<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>૦૧-MEP-<br>22જેલમહાનીરીક્ષક<br>રૂ .૨૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨,<br>પાનાનં .૫૧અને૫૨ | ૧૦૦ | જેલોમાં પકડાતી પ્રતિબંધિત વસ્તુઓ માટે જવાબદાર અધિકારી-કર્મચારીની તપાસ કરી પગલાંલેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૬ | __"__ | ૧૦૦ | રાજ્યની જેલોમાં ભ્રષ્ટાચાર આચરી કેદીઓને ગેરકાયદેસર સુવિધાઓ આપવાની વ્યાપક ફરીયાદો છતાં અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| | | | **બંદરોઅનેવાહનવ્યવહારવિભાગ**<br>**માગણીનં .૭૪** | |
| ૧૭ | ૨૦૪૧-વાહનોપર કર<br>૧૦૨-મોટર...નિરીક્ષણ<br>રૂ .૪,૭૯,૪૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૦,<br>પાનાનં .૬થી૮ | ૧૦૦ | રાજયમાં બિન અધિકૃત આર.સી .બુકોના વેચાણ સંબંધે ઉચ્ચ કક્ષાએથી તપાસ કરી સખ્તાઈથી પગલાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઈ ઠાકોર |
| ૧૮ | __"__ | ૧૦૦ | ગુજરાત સ્ટેટ ઓન ડીમાન્ડ ટ્રાન્સપોર્ટેશન એગ્રીમેન્ટ રૂલ્સ હેઠળ ખાનગી ટેક્સી કંપની ઓના ચોક્કસ ભાડા નક્કી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઈમરાનખેડાવાલા |
| ૧૯ | __"__ | ૧૦૦ | અન્ય રાજયોમાંથી પાર્સીંગ કરાવીને નેશનલ પરમીટ મેળવી ગુજરાતમાં ખાનગીટ્રાવેલ્સ બસો ચલાવવનારાઓને કારણેરાજય સરકારને ટેક્સ પેટે થતા નુકસાનને નિવારવામાં તંત્ર નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૨૦ | __"__ | ૧૦૦ | રાજયની આર.ટી.ઓ કચેરીમાં એજન્ટો અને કર્મચારીઓની સાંઠગાંઠથી થતી વ્યાપક ગેરીરીતીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીશૈલેષપરમાર<br>)વિમલભાઈચુડાસમા( |
| ૨૧ | __"__ | ૧૦૦ | તહેવારોના દિવસોમાં ખાનગી લકઝરી બસો દ્વારા મુસાફરો પાસેથી સામાન્ય ભાડા કરતા બમણાં ભાડા વસૂલ કરવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ .તુષારચૌધરી |
| ૨૨ | __"__ | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓમાં વારંવાર સર્જાતી સર્વરની ખામીઓના કારણે આમજનતાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| ૨૩ | ૩૦૫૫-માર્ગપરિવહન<br>૧૯૦-જાહેરક્ષેત્રે...સહાય<br>રૂ .૧૧,૫૪,૯૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૦,<br>પાનાનં .૧૪ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે શાળાના સમયાનુસાર નિયમિત બસની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨૪ | __"__ | ૧૦૦ | નિયમિત રૂટની બસોને રાજકીય અને સરકારી કાર્યક્રમોમાં | શ્રી જિજ્ઞેશ મેવાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ફાળવી દેવાતા સરકારી કર્મચારીઓ અને જાહેરજનતાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | )અમૃતજીઠાકોર( |
| *૨૫ | __"__ | ૧૦૦ | એસ.ટી નિગમમાં ડ્રાયવર, કંડકટર, મિકેનિકલ હેલ્પરની વ્યાપક પ્રમાણમાં ખાલી જગાઓ તાકીદે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા |
| ૨૬ | __"__ | ૧૦૦ | રાજયના ગ્રામીણ વિસ્તારોમાં ફળવાતી સ્ક્રેપ બસોને બદલે નવી સ્થિતિની બસો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | ગેનીબેન ઠાકોર )અનંતકુમારપટેલ, ગુલાબસિંહચૌહાણ( |
| *૨૭ | ૫૦૫૫-માર્ગ...જોગવાઇ ૧૯૦-જાહેર...રોકાણ રૂ.૧૪,૮૯,૩૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૦, પાનાનં.૨૪ | ૧૦૦ | રાજયના તમામ તાલુકા મથકોએ એસ.ટી.સ્ટેશનોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

ઉપાધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા):માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે, રાજયમાં સલામતી અને શાંતિ હોય તો જ રાજયનો વિકાસ થઇ શકે. પોલીસે કરેલી કામગીરી એ સિક્કાની બે બાજુ છે, એક પોલીસે કરેલી સારી કામગીરીના આપણે વખાણ કરીએ એટલે જે પોલીસ અધિકારીથી માંડીને નાના કર્મચારીએ ખૂબ સારી કામગીરી કરી છે એ માટે કોંગ્રેસ પાર્ટીવતી હું તેમને અભિનંદન આપુ છું, પણ એનું બીજું પાસું પણ છે અને એના પરિણામ સ્વરૂપ એવા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ છે કે, સરકારને અને પોલીસને બદનામ કરવામાં કોઇ કસર છોડતા નથી. આ રાજયમાં દારૂબંધી તો છે જ. ગાંધી અને સરદારનું કહેવાતું આપણું આ ગુજરાત, પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજીનું તૈલચિત્ર પણ અહીંયા છે. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે વર્ષોથી ગુજરાતમાં અસંખ્ય લોકોએ અહીંયા પોતાના ઉદ્યોગો સ્થાપ્યા છે. વિદેશથી અને અન્ય રાજયોમાંથી પણ અહીંયા ધંધા-ઉદ્યોગ માટે અનેક લોકો આવતા હોય છે અને એ લોકોની એવી કોઇ ડિમાન્ડ ન હતી કે, આ રાજયમાં દારૂબંધી છે પણ અમારે તો દારૂ પીવો જ છે. રાજય સરકારની જે નીતિ બદલાઇ એને કારણે ગાંધીનગરની બરાબર બાજુમાં આવેલા ગિફ્ટ સિટી, એવું તો ક્યું કારણ છે કે, આ ગિફ્ટ સિટીમાં દારૂની છૂટ આપવામાં આવી? અને જેણે ધંધો કરવો હોય એ કરે. ગુજરાત રાજય વેપારી રાજય તરીકે જાણીતું છે અને વેપારી રાજય તરીકે જાણીતું હોય ત્યારે અસંખ્ય કંપનીઓ અને અસંખ્ય લોકો અહીંયા ઉદ્યોગ-ધંધા માટે આવે છે અને કદાચ એ લોકો બે-ત્રણ દિવસ ગુજરાતમાં રોકાઇ ત્યારે દારૂ ન પીએ તો એ મરી જવાના નથી. ગાંધી અને સરદારની વાત કરનાર આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારને હું પૂછવા માગું છું કે, એવું તો કયું કારણ છે કે, તમે ગાંધી અને સરદારને ભૂલીને ગિફ્ટ સિટીમાં દારૂની છૂટ આપી?

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ચિંતાનો વિષય છે એ છે કે, ગુજરાતની પ્રજા અને આપણું યુવાધન છે એ ડ્રગ્સ તરફ જઇ રહ્યું છે એના કારણે જે રીતના બનાવો બની રહ્યા છે, જે રીતે અપરાધો વધી રહ્યા છે એ અપરાધો ચૂંટાયેલા સૌ સભ્યોની ચિંતાનું કારણ બન્યું છે. આજે જે પરિસ્થિતિ ગુજરાતમાં છે એની વાત કરું તો એક ટાઇમ હતો કે, વિદેશી દારૂ કે વિદેશી બિયર પકડાતા હતા, આજે ડ્રગ્સ મોટા પ્રમાણમાં પકડાય છે. વર્ષ ૨૦૧૯માં ૧ કરોડ ૬૨ લાખ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ અને હેરોઇન અને એને લગતા કેફી દ્રવ્યો પકડાયા હતા. આજે પરિસ્થિતિ વર્ષ ૨૦૨૨-૨૩માં બદલાઇ ગઇ છે. જે ડ્રગ્સ અને હેરોઇન આ રાજયમાં પકડાઇ રહ્યા છે એની કિંમત આશરે રૂપિયા ૬૨૦૦ કરોડ કરતા પણ વધારે છે. આટલી મોટી કિંમતનું ડ્રગ્સ અને હેરોઇન પોલીસ તંત્ર દ્વારા સરકારે પકડ્યું છે એ પોલીસ તંત્રને અભિનંદન પણ આપું છું પણ સાથે ચિંતાનો એ વિષય પણ છે કે, ડ્રગ્સ અને હેરોઇન ભલે પકડાયું પણ જે પકડાયા વગરનું ડ્રગ્સ અને હેરોઇન સમગ્ર ગુજરાતમાં અને મેટ્રોસિટીમાં ઘૂસાડાઇ રહ્યું છે અને એને કારણે ગુજરાતનું યુવાધન એ તરફ વળી રહ્યું છે એની પણ સરકારે ચિંતા કરવી પડશે અને એના માટે મેં માનનીય મંત્રીશ્રીને અગાઉ પણ લેખિતમાં રજૂઆત કરી છે અને આજે વિધાનસભા ગૃહમાં હું માગણી કરું છું કે જે રીતે દારૂ માટે સ્પેશિયલ સ્કવોડની રચના કરો છો એ રીતે ડ્રગ્સ માટે પણ એક સ્પેશિયલ સ્કવોડની રચના કરવામાં આવે જેથી કરીને આવનારા દિવસોમાં યુવાધનને આપણે બચાવી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિદેશી દારૂ અને બિયર અસંખ્ય પ્રમાણમાં પકડાયા છે અને સરકારે એના આંકડા વિધાનસભા ગૃહમાં પણ રજૂ કરેલા છે. દુઃખ સાથે કહેવું પડે છે કે, છેલ્લાં ૫ વર્ષમાં ૫૩ લાખ કરતા પણ વધારે વિદેશી દારૂની બોટલો પકડવામાં આવી છે. છેલ્લાં ૫ વર્ષમાં બિયરની ૪૭ લાખ કરતા પણ વધારે બોટલો પકડાયેલ છે. કિંમતની વાત કરીએ તો અંદાજે રૂપિયા ૨૬૪ કરોડ કરતા પણ વધારેનો વિદેશી દારૂ અને રૂપિયા ૧૫ કરોડ કરતા પણ વધારેની રકમનું બિયર પકડાયું છે. પોલીસને અભિનંદન આપું છું પકડ્યું છે એટલે પણ સરકારે સ્વીકારવું પણ પડશે કે જેટલું પકડાયું છે તેના કરતા સો ગણો

બિયર, દારૂ અને ડ્રગ્સ આજે પણ ગુજરાતના અનેક ગામડાં સુધી અને જિલ્લા સુધી અને શહેર સુધી પહોંચી ગયો છે અને લોકો પીવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની નજર રહી છે કે દારૂબંધી હોવાના કારણે દારૂ ગુજરાતમાં પ્રવેશવો ના જોઇએ. ૫૩ લાખ જેટલી બોટલો ગુજરાત રાજ્યની અંદર પ્રવેશી જાય અને આઇ.બી.ને ઇનપુટ ના હોય, ૧૫ લાખ કરતા વધારે બોટલો ગુજરાતમાં પ્રવેશી જાય અને આઇ.બી.ને ઇનપુટ ના હોય. એક એક પોસ્ટ ઉપર શું થઇ રહ્યું છે? આ રાજ્યની ગુજરાતની બોર્ડર ઉપર પાકિસ્તાનથી ડ્રગ્સ આવે છે. બાકીની બોર્ડર ઉપરથી બીજાં રાજ્યોમાં દારૂબંધી નથી ત્યાંથી દારૂ આવે છે. મેં અગાઉ પણ માનનીય મંત્રીશ્રીને આ વિધાનસભા ગૃહમાં રજૂઆત કરી હતી કે, કેમ સ્કેનર મશીન લાવવામાં આવતા નથી? ચેક પોસ્ટો ઉપર સ્કેનર મશીન મૂકો. કોઇ પણ ગાડી નીકળે, ટ્રક નીકળે કે કોઇ પણ કન્ટેનર નીકળે તે સ્કેનર મશીનમાંથી બોટલ જેવી વસ્તુ દેખાય તો તેનુ ચેકિંગ કરી શકીએ અને દારૂ ગુજરાતમાં આવતો આપણે રોકી શકીએ છીએ. આટલી મોટી સંખ્યાનો દારૂ જો ના પકડાતો હોય તો ખિસ્સાના પોકેટમાં, હાથમાં કે બેગમાં લઇને આવતું ચરસ કે ડ્રગ્સ તે સરકાર કેવી રીતે પકડી શકશે?

માનનીય અધ્યક્ષશ્રી, તેની અંદર પણ સરકારે ચિંતા કરવાની ખૂબ જરૂર છે અને આ કારણોસર જ રાજ્ય સરકારની અંદર જે બનાવો બની રહ્યાં છે તે બનાવોની દૃષ્ટિએ નેશનલ ક્રાઇમ રેકોર્ડના આધારે કહીશ કે વર્ષ ૨૦૨૦–૨૧ની અંદર ખૂનના ૯૩૪ બનાવો બન્યા હતા આજે વર્ષ ૨૦૨૨–૨૩માં ૯૫૫ બનાવો છે. બળાત્કારના ૨૦૭૬ કિસ્સા હતા અને આજે ૨૨૦૯ કિસ્સા છે. ચોરીના ૯૪૩૫ હતા ૧૬,૫૬૩ કિસ્સા થયેલા છે. ધાડના ૧૪૧ની જગ્યાએ ૧૪૩ થયેલા છે. અપહરણ આ રાજ્યમાં વધી રહ્યા છે ૧૭૯૭ની જગ્યાએ ૨૪૨૫ થઇ રહ્યા છે. છેડતીના બનાવો દિવસે અને દિવસે વધી રહ્યા છે. ૧૧૦૦ની જગ્યાએ આજે ૧૨૪૪ છેડતીના કેસો બની રહ્યા છે. અને હીટ એન્ડ રનના બનાવોની વાત કરીએ તો ડ્રગ્સ પી અને જતો દીકરો હોય કે દીકરી હોય, દારૂ પીને જતો દીકરો હોય કે દીકરી હોય અને જે રીતે રાજ્યમાં હીટ એન્ડ રનના બનાવો બન્યા છે, જે વર્ષ ૨૦૨૦–૨૧ની અંદર ૧૪૯૯ હતા જે આજે ૧૭૭૦ થયા છે. અને તેના કારણે નિર્દોષ નાગરિકોના જે વર્ષ ૨૦૨૧માં ૧૦૫૯ લોકોના મૃત્યુ થયા હતા તેની જગ્યાએ અત્યારે ૧૨૨૨ લોકોના મૃત્યુ થયા છે. જે રીતે રાજ્ય સરકારની જે નીતિ રહેલી છે તે નીતિના અનુસંધાનમાં ખૂન હોય, બળાત્કાર હોય, ચોરી હોય, લૂંટ હોય તે ગુનેગારો તો અનેક પકડયા છે, પણ દુઃખ સાથે કહેવુ પડે કે વર્ષ ૨૦૨૦–૨૧ થી ૨૦૨૨–૨૩માં આજે પણ ૧૯૪૮૫ એવા ગુનાઓ છે કે જે ખૂન છે, લૂંટ છે, બળાત્કાર છે, ધાડ છે, અપહરણ છે, છેડતી છે એ ગુનાઓ ઉકેલવાનું આજે પણ બાકી છે, પેન્ડિંગ છે અને જે વાત કરીએ વર્ષ ૨૦૨૨–૨૩ની દૃષ્ટિએ તો આજે પણ ૨૯૩૦૦ કરતાં પણ વધારે ગુનેગારોને પકડવાના બાકી છે. ખાસ કરીને ક્રાઇમ રેટની હું વાત કરું કે જે રીતે આ રાજ્યની અંદર બાળકો પણ ગુમ થઇ રહ્યાં છે, મહિલાઓ પણ ગુમ થઇ રહી છે અને તેની સંખ્યાનું પ્રમાણ પણ જોઇએ તો વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૨–૨૩માં એનું પ્રમાણ વધતું ગયેલું છે. જે રીતે ક્રાઇમ રેટના આધારે આપણે ગુજરાત વિકસિત રાજ્ય છે. આપણે મેટ્રો સિટી બધા માનીએ છીએ. એન.સી.આર.બી.ના આંકડા મુજબ દેશનાં જે ટોપ શહેરો છે એ શહેરોની અંદર જે ક્રાઇમ રેટ છે તે ક્રાઇમ રેટ જોઇએ તો દિલ્હીમાં ૧૫૦.૬ છે, ચેન્નઇની અંદર ૧૦૧.૬ છે અને અમદાવાદમાં ૯૬.૬ છે, મુંબઇમાં ૭૩.૩ છે અને સુરતમાં કે જયાંથી રાજ્યના ગૃહમંત્રીશ્રી આવે છે ત્યાં ૬૪.૩ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના, આ દેશના જે દસ શહેરો છે તે દસ શહેરોના ક્રાઇમ રેટની વાત કરીએ તો અમદાવાદ અને સુરત એ બે શહેરો ગુજરાતના એવા છે કે જેનો ત્રીજો અને પાંચમો નંબર આવે છે આ દસ શહેરનો ક્રાઇમ રેટ વધુ છે. આ નેશનલ ક્રાઇમ રેકોર્ડના આધારે કહેવા માગું છું. આ રાજ્યમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે. રાજ્ય વિકસિત રાજ્ય તરફ જઇ રહ્યું છે પણ ડ્રગ્સ અને દારૂના લીધે ગુનાનું પ્રમાણ વધ્યું છે. એના કારણે વર્ષ ૨૦૨૩ના નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે હું કહી શકું છું કે લૂટનું પ્રમાણ એક લાખની વસ્તીના આધારે ૮૧.૩ ટકા થવા જઇ રહ્યું છે. મહિલાઓની સલામતીની વાત કરનારી ભારતીય જનતા પાર્ટીની સરકારને નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના વર્ષ ૨૦૨૩ના આંકડા ડેટામાં નથી માટે વર્ષ ૨૦૨૨ના આંકડા કહેવા માગું છું. વર્ષ ૨૦૨૧માં મહિલાઓનો ક્રાઇમ રેટ ૨૨.૧૦ ટકા હતો જે વર્ષ ૨૦૨૨માં ૨૨.૯૦ ટકા થયો છે. એમાં પણ વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે એના આધારે હું કહેવા માગું છું કે આ રાજ્યમાં જે જેલો છે એમાં કેદીઓને રાખવા માટેની જે ક્ષમતા છે એના કરતાં વધુ પ્રમાણમાં કેદીઓને આ જેલોમાં રાખવામાં આવે છે અને કેદીઓ કેમ વધી રહ્યા છે? આ રાજ્યમાં જે રીતના બનાવો બની રહ્યા છે એના કારણે કેદીઓની સંખ્યા પણ વધતી જાય છે. કેદીઓની ક્ષમતાની વાત કરું તો આ રાજ્યમાં જેટલી પણ જેલો આવેલી છે. એમાં ૧૧,૬૩૦ કેદીઓની ક્ષમતા હોવા છતાં ૧૫,૪૫૦ કરતાં પણ વધુ કેદીઓને રાખવામાં આવે છે. આમ, કેદીઓની સંખ્યા કરતાં ક્ષમતા ઓછી હોવાના કારણે ૩૮૨૦ વધારે કેદીઓને જેલમાં રાખવામાં આવે છે. આમ ક્ષમતા કરતાં વધુ કેદીઓ રાખવાના કારણે જેલમાં પણ બનાવો બને છે અને કેદીઓના પણ મૃત્યુ થાય છે એના માટે સરકારે ગંભીરતાથી વિચારવું પડશે. રાજ્ય સરકાર દ્વારા અનેક એક્ટ બનાવવામાં આવ્યા છે. અનેક કાયદા છે. એ કાયદાના અનુસંધાને વાહનચાલકો જે ગુના કરે છે એના માટે ઇ–મેમો આપવામાં આવે છે. આ ઇ–મેમોની સંખ્યા પણ દિવસે–દિવસે વધતી જાય છે. ઇ–મેમો તો સરકાર આપી દે છે પણ એના પછી જે વસૂલાત થવી જોઇએ એ રાજ્ય સરકાર દ્વારા થતી ન હોવાથી દિન–પ્રતિદિન ગુનો કરવાવાળા લોકોની સંખ્યા વધતી જાય છે. લોકો ગુનો કરતા જાય છે અને નિયમોનું પાલન નથી કરતા અને એના કારણે વર્ષ ૨૦૨૨–૨૩ની દૃષ્ટિએ આજે પણ આ રાજ્યમાં રૂ.૧૪૧ કરોડ ૯૨ લાખ કરતાં પણ વધારે રકમ વસૂલ કરવાની બાકી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : એક જ મિનિટ આપો. ખાસ કરીને વાહન વ્યવહારની બાબતમાં મારે એક નાનો મુદ્દો રજૂ કરવો છે. રાજ્ય સરકાર દ્વારા હમણાં નવી બસો ખરીદવામાં આવી રહી છે પણ આ રાજ્યમાં છ લાખથી આઠ લાખ કિ.મી. કરતા વધુ ચાલેલી ૧૭૪૩ બસો છે. હમણાં રાજ્ય સરકારે નવી બસો લીધી છે. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી દ્વારા તમામ રાજ્યમાં એસ.ટી. ડેપોમાં જઇને એ બસોનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ આપો.

ઉપાધ્યક્ષશ્રી : આપી દીધી છે. હવે પૂરું થઇ ગયું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી વાહન વ્યવહાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં ઊભો થયો છુ.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક વખત વર્ષ ૧૯૯૧ની આસપાસ બસ સ્ટેન્ડ પર ઊભો હતો. ત્યારે એક પરિવાર જેમાં પતિ, પત્ની અને કાંખમાં બાળક હતું. બસ આવી. પતિએ બૂમ પાડી ''એ આઇ.'' બસ જતી રહી અને પત્નીએ કીધું ''ગઇ.''આ 'એ આઈ' અને 'એ ગઇ' થી આજે હું ઊભો થયો છું ત્યારે A I એટલે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સુધીની કહાનીનો આખો સ્પાન છે. આજે વાહનવ્યવહાર વિભાગે જે પ્રગતિ સાધી છે તે પ્રગતિ અવર્ણનીય છે. મેં જ્યારે વિદ્યાર્થી આગેવાન તરીકે એ.બી.વી.પી.ના કામો કરતાં કરતાં આખા ગુજરાતનો પ્રવાસ ચાલુ કર્યો હતો ત્યારે મારે ઇડર જવાનું થયું, ત્યાંથી વિજયનગર જવા જીપમાં બેસવા ગયો તો ૮૦ લોકો હતા. મારે છાપરા ઉપર બેસવું પડ્યું. (અંતરાય)વર્ષ ૧૯૯૧ની આ તમારા વખતની વાત છે. મારે પાટણ જવાનું હતું. હું ગીતામંદિરથી એમ્બેસેડરમાં બેઠો, રૂમાલ બાંધ્યો કે હું ઢોળાઇ ન જાવ. ચાણસ્મા ઉતરીને જીપમાં બેસીને પાટણ ગયો. ભાવનગર, રાજકોટ, જામનગર જવું હોય તો તે સમયે તન્ના, મહાસાગર, તૈરૈયા સિવાય કોઇ ધંધો જ ન હતો. (અંતરાય) હું જ્યારે નવો અધ્યક્ષ બન્યો ત્યારે મારે દાહોદ જવાનું થયું ત્યારે હું મેમુમાં બેસીને વડોદરા ઉતર્યો, ચાલતો ભૂતડી ઝાંપા ગયો, ત્યાંથી પાવાગઢ ગયો અને ત્યાંથી દેવગઢ બારિયા પહોંચ્યો ત્યારે મારું સંમેલન પૂરું થઇ ગયું હતું. તે સમયે અમે હેન્ડિકેપ જેવા હતા. બીજા સ્ટેશનોની તો વાત જ નહીં કરું કારણ કે ત્યાં તો પહોંચી શકાતું જ ન હતું. આખું ગુજરાત પગપાળા સંઘ જ હતું. આજે જ્યારે હું G S R T C ની વેબસાઇટ જોઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપ ક્રોસ કરીને ગયા તે વ્યાજબી નથી. પાછા બેસી જાઓ.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય કપાઇ રહ્યો છે. મને વધારે સમય આપજો. હું આ જે કહાની સંભળાવું છું તેમાં આજની પરિસ્થિતિ શું છે તો વર્ષ ૨૦૦૬થી ૨૦૨૨ દરમિયાન ૧૯,૯૪૩ નવી બસો રૂ.૪,૬૪૪ કરોડના ખર્ચે ખરીદવામાં આવી છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને આગળના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા જોઇએ. ૧૮૨૩૩૬૬૬૬૬૬ ટોલ ફ્રી નંબર. હવે કોઇ ટ્રાવેલની બસમાં ફરવાની જરૂર નથી. ૧૨૫ ડેપો, ૮,૩૨૨ બસ, ૪૧,૪૩૬ ટ્રિપ, રોજના ૨૫ લાખ લોકો, ૯૯.૩૪ ટકા ગામડા કવર અને આખા ભારતમાં જોવું હોય તો ૯૯ ટકા કનેક્શન છે. ગામડાંની વિદ્યાર્થીનીને બસમાં ફ્રી બેસવાનું. ૧૪ હજાર ઇ–ટિકિટિંગ, ૭૪૯૬ શિડ્યુલ અને ઈ–ટિકિટથી ઘરે બેઠા બેઠા બુક કરી શકાય. કોઇ પણ બસ ઇન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ ડેપોમાં કરપ્શન ન થઇ શકે. કારણ કે ડેપોમાં શું વસ્તુ પડી છે તે અહીં બેઠા બેઠા મંત્રીશ્રીના ટેબલ ઉપર ખબર હોય. હવે અમદાવાદનો રીક્ષાવાળો કેરોસીનવાળો નથી કારણ કે ગ્રીન રીક્ષા છે. પેહેલાં જે લાલ બસ હતી તેમાં અમે જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે દોડીને ચઢતાં હતાં ત્યારે અમે આઠ જણ લટકતાં હોઇએ અને બસનું ટાયર આખું વળી ગયું હોય. અત્યારે બી.આર.ટી.એસ. જોવા મળે છે. આજે ઇલેક્ટ્રિક બસ છે. ૧૦૦ મેગાવૉટનો પ્લાન્ટ ઊભો કરી રહ્યા છે. કારણ કે, આપણે ધૂમાડો ન ખાવો પડે, આપણે ગુજરાતની પ્રજાને પ્રેમ કરીએ છીએ, એમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખીએ છીએ. આપણે ' લંકાની લાડીને ઘોઘાનો વર' પિક્ચર જોયું હતું. પણ હવે ઘોઘાથી દહેજ સુધી તો વહુ મળી શકે એવી હાલત છે. કારણ કે, પાંચસો રૂપિયામાં ઘોઘાથી દહેજ સુધી દિવસમાં બે વાર આવ–જા થઇ શકે. ચાર રો–રો ફેરી ફરે છે. આમૂલ પરિવર્તન ટ્રાન્સપોર્ટેશનમાં કર્યું છે. દહેજથી શરૂ કરીએ તો આજે ગુજરાતનો દરિયાકિનારો દુબઇને ટક્કર મારે એવો થઇ ગયો છે. ત્યાં તો મોટા કન્ટેનરો અને ટેન્કરો આવવાના. આ ટેન્કરો કોઇને અથડાઇને અને પ્રદૂષણ કરીને ભાગી ન જાય એ માટે ઇ–ડિટેક્શન સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. ૫૮ જેટલા ચેકપોસ્ટો છે. આ ચેકપોસ્ટની જગ્યાએ ટોલનાકાથી વાહન જાય એટલે સીધો ફોટો પડી જાય. વાહનમાલિકની પી. યુ. સી., પરમિટ, ફિટનેશ સર્ટિફિકેટ, ઇન્સ્યોરન્સની તમામ માહિતી તેમજ ચોરી કરીને ભાગ્યો નથી એની માહિતી પણ મળી જાય છે. બેક એન્ડ એન્ફોર્સમેન્ટ સીધું એપ્લિકેશનથી જ થઇ જાય. ગુનાહિત વાહનનું ચલણ ઇસ્યુ થાય જ નહીં. ઓવર ડાઇમેશન કે વિઝ્યુઅલ ઇન્સપેક્શનના ગુનાઓ માટે ઇ–ડિટેક્શનની નવી સાઇટ લાવી રહ્યા છે. આ સાઇટથી ટ્રાન્સપોર્ટેશનનું ક્લિયર વિઝન આવી જશે. ગુજરાતની પ્રજા કોઇપણ હર્ડલ વગરનું ટ્રાન્સપોર્ટેશન કરીને વિશ્વગુરુ બનવાનાં સપનામાં સહભાગી થઇ શકે એ માટે આ માંગણીઓ મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું દારૂબંધીની પણ વાત કરીશ. રાજસ્થાનમાં કોના ઠેકા ચાલે છે એના વિશે પણ વાત કરીશ અને ભૂતકાળમાં દારૂબંધીમાં કોણે શું કર્યું અને કોનાં નામો આવ્યાં એ વિશે પણ વાત કરીશ. માનનીય શ્રી શૈલેષભાઇએ ગુજરાતમાં માફિયારાજ, ગુંડાઓ અને અરાજકતા હોય એ પ્રકારની વાત કરી. એમણે ભૂલવું ન જોઇએ કે, આ એ જ ગુજરાત છે કે જે ગુજરાત તમારા શાસનમાં જંગલરાજ, ગુંડારાજ અને ભાઇલોકોથી ઓળખાતું હતું. આ એ જ ગુજરાત હતું કે જ્યાં તમારા શાસનમાં ગુંડાઓ બેરોકટોક હતા. આ એ જ ગુજરાત હતું જે ગુજરાતમાં દારૂના મોટા બુટલેગરો હતા. જેના દરેક એરીયાઓ ગુંડાઓથી ઓળખાતા. આ એ જ ગુજરાત હતું કે જ્યાં અમુક એરિયામાં ઘૂસીએ એ પહેલાં બોર્ડ મારવામાં આવતા કે,'અહીંયા તમારી કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે.' આ ગુજરાતના શાસનમાં જેમના પૂર્વજો વહીવટદાર તરીકે રહી ચૂક્યા છે એ જ પાર્ટીના ધારાસભ્યશ્રી આવી વાત કરે એ શરમજનક બાબત છે. આગમાં હોમી દીધેલા ગુજરાતમાં આયે દિન દંગાઓ થતા હતા અને આયે દિન ગુજરાતના કોઇપણ ખૂણે કોમી દાવાનળ ફાટી નીકળતો હતો. આવું ગુજરાત કૉંગ્રેસના શાસનમાં લોકોએ જોયું છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આવ્યા પછી એમણે પહેલું કામ ગુજરાતની જનતાને સુખાકારી અને સુરક્ષા આપવાનું કર્યું. એમના આવ્યા પછી આજની પેઢી ભૂલી ગઇ છે કે ગુજરાતમાં કોઇ કોમી દાવાનળ હતો, ગુજરાતની આજની પેઢી ભૂલી ગઇ છે કે ગુજરાતમાં કોમી તોફાનો થતાં હતાં, ગુજરાતની આજની પેઢી ભૂલી ગઇ છે કે એમના શાસનમાં ભાઇલોગ અને ગુંડાઓથી ઓળખાતું ગુજરાત હતું. આજે ગુજરાતની જનતાને સુખાકારી અને સુરક્ષા આપવાનું કામ આ સરકારશ્રીએ કર્યું છે. આ ગુજરાત અને આ દેશ સાંસ્કૃતિક ધરોહર અને ધાર્મિકતામાં માનનારો છે. જયારે દિવાળી, નવુ વર્ષ, નવરાત્રિ કે ગણેશ ઉત્સવ આવે આ બધા જ ઉત્સવોમાં પ્રજાની સુરક્ષા કરવી, લોકો આ ઉત્સવો સારી રીતે ઊજવી શકે એની સુરક્ષા કરવાનું કામ ગુજરાતની પોલીસ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ હમણાં કહેતા હતા કે, ગુનાઓ વધ્યા છે. આંકડાઓની માયાજાળમાં ના પડો. આ માનનીય સરદાર પટેલ, મહાત્મા ગાંધી, શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિત શાહનું ગુજરાત છે, જ્યાં રાત્રિના બે વાગે મારી મા-બેન કે દીકરી ફરતી હોય, કોઇની તાકાત નથી કે એનો પાલવ અભડાવી શકે. આ ગુજરાતની એ પોલીસ છે કે, તમે રાત્રિના બે વાગે કયાંક નીકળતા હોય ત્યારે તમને પોલીસ જુએ અને ઊભા રાખી પૂછે કે કયાંથી આવો છો? તમારી તપાસ થાય છે. કોઇ ગુંડાગિર્દી કરતો માણસ, કોઇ ક્રાઇમ કરીને ભાગી રહ્યો તો નથી, એના માટે સતર્ક રહેતી આ ગુજરાત પોલીસ છે. ગુજરાતનાં ગામડાં અને શહેરોની સુરક્ષા કરતી આ પોલીસ છે. મને માફ કરશો કયારેક બહારથી આવતો હોઉં ત્યારે પોલીસ ઘણી બધી ગાડીઓ રોકતી હોય છે. આ ઘણા બધાને ગમે કે ન પણ ગમે. પરંતુ એ આપણા માટે જાગતી હોય છે. ગુજરાતની પોલીસ જાગતી હોય છે, એના કારણે આપણે બિન્દાસ્ત ઊંઘી શકીએ છીએ. ગુજરાતની આંતરિક સુરક્ષા કરવાનું કોઇએ સર્વશ્રેષ્ઠ કામ કર્યું હોય તો એ માટે હું મારી ગુજરાત પોલીસ અને રાજ્ય સરકારશ્રીના ગૃહ મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ડ્રગ્સ પકડ્યું પણ તમારા શાસનમાં તો નાની બોટલ પણ પકડાતી ન હતી. કારણ કે, બુટલેગરો સાથેનો સીધો નાતો હતો. એ બુટલેગરોને કોણ છાવરતું? પોલીસ સ્ટેશનમાં કોણ ભલામણો કરતું? આજે ગુજરાતમાં કોઇપણ મોટો ચમરબંધી હોય, ગમે તેવો મોટો નેતા હોય બુટલેગર હોય કે કોઇપણ ગુનાખોરી કરનારો માણસ હોય એના માટે ભલામણ કરવી હોય તો સો વાર વિચાર કરવો પડે છે. કારણ કે, આ તો માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર છે અને અમારા બાહોશ ગૃહમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી બેઠાં છે. આ નહીં ચલાવી લે. પહેલા એવું હતું કે નેતાઓ જ ભલામણ કરતા હતા, એટલે જાય કયાં? રક્ષક જ ભક્ષક બનતું. એની સામે આજે ગુજરાતની પોલીસ ઇમાનદારીથી ગુજરાતની સુરક્ષા કરી રહી છે. માનનીય શૈલેષભાઇએ ખૂબ સરકારી આંકડા આપ્યા, પણ સરકારી આંકડાની માયાજાળમાં ના પડો. જેણે આંકડા આપ્યા છે એ ખોટા આપ્યા છે અને ગુજરાતને બદનામ કરવાના આપ્યા છે. એમણે ગિફ્ટ સિટીની દારૂબંધીની વાત કરી છે, પણ એ નીતિ કોણે બનાવી હતી? એ તો તમારા શાસનમાં બનેલી નીતિઓ છે. લઠ્ઠાકાંડમાં અનેક લોકો મરી જતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અલ્પેશભાઇ, તમે જે વિભાગની માગણીઓ છે એના ઉપર જ બોલો. કોંગ્રેસ વખતે શું હતું એના બદલે અત્યારે જે છે એના વિશે બોલો.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની જ વાત કરું છું. મેં બીજી કોઇ વાત કરી નથી. મારે એટલા માટે વાત કરવી પડે છે કે શ્રી શૈલેષભાઇએ અત્યારનું જે ગુજરાત રાજ્ય બતાવ્યું છે એ એવું બતાવ્યું છે કે જાણે ગુજરાતની સરકાર કંઇ કરતી જ નથી. અત્યારની પોલીસ કંઇ કરતી જ નથી. તો પછી આ ગુજરાત સમૃદ્ધ ગુજરાત કેવી રીતે બન્યું? આ ગુજરાત શાંતિપ્રિય ગુજરાત કેવી રીતે બન્યું? આ ગુજરાત સમૃદ્ધ બનાવવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીના શાસકો અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કારણે બન્યું છે. આ શાંતિપ્રિય ગુજરાત આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. પોલીસની સુખાકારી, પોલીસને આધુનિક બનાવવાનું કામ, ગુના ડિટેન્શન આ બધામાં ગુજરાત સરકારની પોલીસ એ સર્વશ્રેષ્ઠ છે. હું ગુજરાત સરકારની આ પોલીસને અભિનંદન પાઠવું છું. સાથે-સાથે સારા આવાસો બનાવી, પોલીસને સગવડો આપવાનું કામ અમારી સરકાર અને આદરણીય ગૃહમંત્રીશ્રીએ કર્યું છે ત્યારે હું એમને અભિનંદન પાઠવું છું. માનનીય મંત્રીશ્રી જયારે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું એમને અભિનંદન અને સમર્થન આપવા

ઊભો થયો છું. ગુના ડિટેન્શનમાં ગુજરાત સરકાર ફર્સ્ટ નંબર છે. *( xxx) એમાં જણાવું તો હું દારૂબંધીને ઇમાનદારીથી અપનાવેલો માણસ છું. હું આ સભાગૃહમાંથી એ તમામ ધાર્મિક સંસ્થાઓને અભિનંદન પાઠવું છું. એ સ્વામિનારાયણ સંપ્રદાય હોય, સ્વાધ્યાય હોય કે કોઇપણ ધાર્મિક સંસ્થાઓ કે જે દારૂબંધી માટે લોકોને જાગૃત કરે છે, દારૂબંધી અંગે લોકો માટે કામ કરે છે. હું એ જ વિચારધારાથી કામ કરું છું પરંતુ મારી કથની અને કરણીમાં કોઇ ફરક નથી. હું વાત કરું છું દારૂબંધીની. તો ગુજરાતનું યુવાધન ડ્રગ અને દારૂમાંથી છૂટે એના માટે ઇમાનદારીથી વાત કરું છું સાહેબ. મારી બે વાત નથી. જે લોકો મને ટોણો મારે છે એવા લોકોને કહું છું. *(xxx) ન કરો. ભૂતકાળમાં તમારા નામ એ બધામાં આવી ચૂકેલા છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અલ્પેશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અમિતભાઇ શાહ.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અલ્પેશભાઇએ મારા નામજોગ ઉલ્લેખ કર્યો છે એટલે જયાં પણ દારૂ બાબતમાં મારી કોઇ સંડોવણી હોય કે કયાંય પેલું હોય તો નામજોગ લોકેશન સાથે એમણે ગૃહમાં કહેવું જોઇએ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર: મેં એમના નામનો ઉલ્લેખ કર્યો નથી.

ઉપાધ્યક્ષશ્રી : ઉલ્લેખ કર્યો હોય તો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નામ જોગ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા જોઇએ. અથવા તો..

ઉપાધ્યક્ષશ્રી : મેં કહી દીધું. રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. (અંતરાય) શ્રી અલ્પેશભાઇ, આપ બેસી જાઓ. શ્રી અમિતભાઇને બોલવા દો. અલ્પેશભાઇ, આપ બેસી જાઓ. પ્લીઝ. શ્રી અલ્પેશભાઇ, આપ બેસી જાઓ.

શ્રી અમિત શાહ(એલિસબ્રિજ):આદરણીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણીઓ પર જયારે ચર્ચા ચાલી રહી છે, ત્યારે (અંતરાય) મારા ગામના જ ધારાસભ્યશ્રી શૈલેષભાઇએ દારૂની વાત કરી. મને કહેવા દો. (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : ભાઇબહેન છે ને એટલે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દારૂ અમારે ત્યાં પકડાતો હશે. પોલીસ પકડે છે. અભિનંદન છે. પરંતુ આપના શાસનમાં દારૂનો વેપારી મારી પાસેથી દારૂ લો અને આખા ગુજરાતમાં દુરાગ્રહ કરે. રાજય શાસન એને ટેકો આપે. ભૂતકાળમાં રાધિકા જીમખાનામાં હંસરાજ ત્રિવેદી નામનો દારૂનો વેપારી લતીફ પાસેથી દારૂ નહોતો લેતો. ૯ જણાને રાધિકા જીમખાનામાં પોતાની પાસેથી દારૂ નહીં લેવાના કેસમાં શૂટ કરવામાં આવેલા. આ તમારું શાસન છે. આપના શાસનમાં ગુંડાઓ લક્ષ્મણ રેખા દોરતા. હું એક દાખલો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગીથા જૌહરી અમારા ડેપ્યુટી પોલીસ કમિશનર હતા. હું એ વિસ્તારમાં કાલુપુરમાં રહ્યો છું. હજુ મારું ત્યાં ઘર છે. વાસણામાં પણ રહું છું. ગીથા જૌહરીને મેસેજ મળ્યો કે લતીફ પોતાના ઘેર પોપટીયાવાડ આવ્યો છે. એ વોન્ટેડ છે. પોલીસની ગાડીઓ લઇને જાય તો લઘુમતી વિસ્તારના સંપના કારણે ત્યાં જાય તે પહેલા ખબર પડી જતી કે પોલીસ આવે છે. એટલે ગીથા જૌહરી, ડેપ્યુટી પોલીસ કમિશનર, અનિરુદ્ધસિંહ જાડેજા, ડી.વાય.એસ.પી., આસિસ્ટન્ટ કમિશનર હતા. તેઓ અને પી.એસ.આઇ. પટેલ રીક્ષામાં લતીફને પકડવા એમના ઘરે ગયા. રીક્ષામાં હિંમત કરીને ગયા પોપટીયાવાડમાં. જે જગ્યાએ દોઢસો પોલીસ લઇને એને સમન્સ બજાવવા જવું પડતું હતું. ત્યાં હિંમત કરીને એક મર્દ બાઇ લતીફને પકડવા ગઇ. લતીફના ઘરમાં ઘૂસી ગયા. લતીફે પોલીસને આવતી જોઇ એટલે લતીફ ભાગી ગયો, પણ રાધિકા જીમખાનામાં ૯ જણાને મારી નાંખ્યા હતા એ શરીફખાન પકડાઇ ગયો. શરીફખાન પકડાયો એટલે લતીફે જતા જતા એમના માણસોને બૂમો પાડી. આજુબાજુથી હલ્લાબોલ થયું. ગીથા જૌહરી અને પોલીસ અધિકારીઓ ફસાઇ ગયા. બ્રિગેડ કોલ. લતીફના ઘરમાંથી જ ગીથા જૌહરીએ પોલીસ કંટ્રોલને કોલ કર્યો. એ જમાનામાં ૧૮ બ્રિગેડ કોલ, જેમ ફાયર બ્રિગેડ આવે તેમ પોલીસ પણ બધી આવી જાય. ૧૮ પોલીસ સ્ટેશનની પોલીસ આવીને ઊભી રહી. કયાં? લતીફે દોરેલી લક્ષ્મણરેખા. દરિયાપુર તંબુ ચોકી. એકપણ પોલીસની ગાડી આગળ નહોતી ગઇ. સાહેબ, આજે મને ગૌરવ છે કે મારી પાર્ટીના શાસનમાં કોઇ લક્ષ્મણ રેખા દોરનારો મરદનો બચ્ચો નથી. બધા ગુંડાઓને અમે ભોંમાં દાબી દીધા છે. (અંતરાય) અરે સાહેબ, ભૂતકાળમાં બધા ગુંડાઓ અને અસામાજિક તત્ત્વો ધમકી આપતા એટલે રથયાત્રા પર પ્રતિબંધ મૂકેલો. તમે એમને એમ પંદર વીસ વર્ષથી એ બાજુ બેસી રહ્યા છો એનું કારણ છે. સમજી લો. રથયાત્રા પર હુમલો કરાવીને ધમકી આપી હતી. રથયાત્રા પર કોંગ્રેસના શાસનમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ભગવાન જગન્નાથ હાથીના સ્વરૂપમાં પ્રવેશ્યા. જગન્નાથ મંદિરની બહાર ઉભેલી પોલીસની ગાડીઓને હાથીએ લાત મારીને ભગાડી દીધી અને રથયાત્રા નીકળી હતી. ધમકી આપી હતી એ પ્રમાણે ચારેબાજુ એ લોકોએ રથયાત્રા પર હુમલા કર્યા હતા. વર્ષો સુધી રથયાત્રા બુલેટપ્રૂફ રથમાં નીકળી છે. સાહેબ, તમે એ તો જવાબ આપો. ભયના ઓથાર હેઠળ નીકળતી રથયાત્રા મારી પાર્ટીના શાસન પછી કોઇની દેન નથી કે રથયાત્રા સામે આંગળી ઉઠાવે. જે જગ્યાએ સૌથી વધારે થ્રેટ હતો એ પોપટીયાવાડ જગ્યાએ હુમલા થયા હતા. સી.આર.પી.એફ.ના અધિકારીને મારી નાખ્યા હતા, એ જગ્યાએ આજે મહારાજને ઊભા રાખીને કબૂતર ઉડાડવામાં આવે છે. અમે લોકોને બદલી નાખ્યા છે. આ ગુજરાતને કોંગ્રેસના શાસનમાં અનેક વખત લોહીલુહાણ કરવામાં આવ્યું છે, ઘાયલ કરવામાં આવ્યું છે. ગુંડાઓને રાજયાશ્રય આપવામાં આવતો હતો. કોંગ્રેસના એક સંસદસભ્યએ દિલ્હીના દરબારમાં કાગળ લખ્યો કે અત્યારનો મુખ્યમંત્રી ગુંડાઓને પ્રોત્સાહન આપે છે. સાહેબ, મને કહેવા દો,

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ માણસ રઉફઅલી ઉલ્લા, મધુવન બિલ્ડિંગમાં જતા હતા ત્યારે કોંગ્રેસના કાર્યકર પ્રદીપ દવેની ઓફિસની બહાર એમને લતીફના ગુંડાઓએ ઠાર કર્યા હતા. કોંગ્રેસના જ ચૂંટાયેલા લોકો પકડાયેલા હતા. સાહેબ, શરમથી વાત કહું કે છાપાઓ એમને ગમે એની સામે લખતા હોય છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : જે વ્યકિત ગૃહમાં હાજર ના હોય એ લોકોની વાત ના કરવાની હોય. (અંતરાય)

શ્રી અમિત શાહ : હું છાપાઓનું નામ નથી બોલ્યો (અંતરાય) છાપાઓ સરકાર સામે લખે, મને કહેવા દો સાહેબ ભૂતકાળમાં ... (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, આપ બેસો, એમને બોલવા દો, એમનો સમય ના બગાડો..

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ગુજરાત સમાચારે આ *(xxx) સામે અવાજ ઉઠાવેલો. ગુજરાત સમાચારના માલિકોને પ્રેસ સાથે જીવતા બાળવાનો પ્રયાસ થયો છે આ રેકોર્ડ ઉપર છે. આ લોકોએ ગુજરાત સમાચાર જીવતું સળગાવેલું હતું. શ્રેયાંસભાઇ, બાહુબલીભાઇ અને શાંતિભાઇએ અત્યારે જે ઇસ્કોન મંદિર છે એની બાજુમાં નિલગીરી પ્રેસમાં ગુજરાત સમાચાર ચલાવેલું આનો તો જવાબ આપો? તમે આ કરેલા ભોગવો છો... (અંતરાય) કોટ વિસ્તારમાંથી હિન્દુઓને ભગાડી દેવાનું *(xxx) કોંગ્રેસના શાસનમાં થયું.

ઉપાધ્યક્ષશ્રી :શ્રી અમિતભાઇ, એક મિનિટનો સમય છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ડબગરવાડમાં હિન્દુઓના સાત ડબગરના ઘર બંધ કરી જીવતા સળગાવ્યા અને શહેર કોટ વિસ્તારમાંથી હિન્દુઓની હિજરત શરૂ થઇ. હિન્દુ પોળો ખાલી થઇ ગઇ સાહેબ, આજે પણ ખાલી છે અને એ હિજરત કરવામાં મારું પણ કુટુંબ હતું.

ઉપાધ્યક્ષશ્રી : લાલીવાલા હત્યાકાંડ

શ્રી અમિત શાહ : જમાલપુરનું ૩૦૦ વર્ષ જૂનું દેરાસર ભયના ઓથાર હેઠળ બદલવામાં આવ્યું. હજી મસ્જિદ તો નથી બની ગઇને ત્યાં?

શ્રી ઇમરાન ખેડાવાલા : (અંતરાય) ...

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, આપ બેસો, (અંતરાય) માનનીય અમિતભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય) શ્રી મહેશભાઇ, તમે બેસી જાવ. શ્રી કૌશિકભાઇ બેસી જાવ. મંત્રીશ્રી બોલે છે બેસી જાવ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇ એમની જગ્યા છોડીને બીજી જગ્યાએ ઊભા થઇને કારણ વગરના અમારા સભ્યને ડિસ્ટર્બ કરે છે. આ અયોગ્ય વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, માનનીય મંત્રીશ્રીની વાત સાચી છે. પહેલાં તો આપે ત્યાંથી ઊભા થઇને બોલાય જ નહીં, તમે તમારી જગ્યા ઉપરથી ઊભા થઇને બોલ્યા નથી એટલે માનનીય મંત્રીશ્રીની વાત સાચી છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી એમની માગણી નં.૪૨,૪૩ અને ૪૪ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એમને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે અહીંયા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગનું લક્ષ, હેતુ અને ધ્યેય વિશે મારે આ સન્માનનીય ગૃહ સમક્ષ કેટલાક મારા વિચારો રજૂ કરવા છે. ગુજરાત રાજ્યના ગૃહ વિભાગે બધા જ પોલીસ સ્ટેશનો ૧૦૦ ટકા કોમ્પ્યુટરાઇઝ કરવાનું લક્ષ નિર્ધારિત કર્યું છે. સાથોસાથ બધા પોલીસસ્ટેશનોને એકબીજા સાથે જીસ્વાન કનેક્ટિવિટીથી જોડીને તેમજ મિલકત વિશે ગુનાઓના સંશોધનમાં ૫ ટકા વૃદ્ધિ તથા નાસતા ફરતા ગુનેગારોની સંખ્યામાં ૧૦ ટકા ઘટાડો કરવા અને લાંચ રૂશ્વત વિરોધી કેસોમાં અસરકારક કામગીરી કરી ૧૦ ટકા વધારો કરવા સાથે અપ્રમાણસર મિલકતોના કેસોમાં મૂલ્યાંકનની કામગીરીમાં વધારો કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. અહીંયા અલગ અલગ પ્રકારની ગૃહ વિભાગ બાબતમાં ચર્ચાઓ થઇ. કોંગ્રેસના સિનિયર આગેવાન અને અમારા વડીલ એવા શ્રી શૈલેષભાઇ વર્ષોથી આ ગૃહમાં બેસે છે અને અમારા જેવા નવા નવા આવ્યા હોય અને નાની નાની ટકોર કરે એમને ડિસ્ટર્બ કરવાનો પ્રયત્ન કરે છે અને અમને એવું કહેવામાં આવે છે કે સાચું બોલજો. પણ સાચું સાંભળવાની તૈયારી રાખતા નથી અને ભાગવાનું કામ કરે છે. કોંગ્રેસે હંમેશા પલાયનવાદી નીતિ અપનાવી છે એટલે અહીંયા સામે પક્ષેથી ઓછા થતા જાય છે. ધીરે ધીરે ગુજરાત એ કોંગ્રેસ મુક્ત ગુજરાત બની રહ્યું છે. અહીંયા બેઠેલા સભ્યો આ વાતને પ્રસ્થાપિત કરી રહ્યા છે. માનનીય ઇમરાનભાઇ, તમારે તો માફી માગવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી સારા છે કે માફી ન મગાવી. તમે તમારી જગ્યા ઉપર ન હતા, બીજી જગ્યાએ હતા અને નિયમનો ભંગ કર્યો છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમારો સમય આવે ત્યારે બોલજો.

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ )

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ એટલી પલાયનવાદી થઇ છે કે એમની સરકારમાં જે પ્રકારે અત્યાચારો થયા છે, જે પ્રકારે ગુજરાતની પ્રજાને બાનમાં લેવાનું કોંગ્રેસે શાસન કર્યું હતું, મારે વિષય ઉપર બોલવું છે પણ મારે જવાબ એટલા માટે કરવો છે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ વિષયના સ્કોપમાં બોલો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું વિષયના સ્કોપમાં બોલું છું. જે વિભાગની માગણી ઉપરની વાત છે, એ ઉપર જ હું બોલીશ. એ વિષય ઉપર જ બોલીશ.

ઉપાધ્યક્ષશ્રી : તમે મારી સામે જોઇને બોલો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : એમની સામે જોતો નથી. આપની સામે જોઇને જ બોલું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે મારો બાળપણનો અનુભવ છે, સુરતમાં ગઇકાલની ઘટનાને યાદ કરાવવા માગું છું. ગૃહ વિભાગે કામ કર્યું છે, ગઇ કાલે સુરતની કોર્ટનો ચુકાદો આવ્યો છે. એક નાની એવી સાતમા ધોરણમાં ભણતી દીકરી એના ઉપર તા.૨૫-૪-૨૦૨૨ના રોજ છેડતીની ઘટના બની. એને ૨૨ મહિના પૂર્ણ નથી થયા, ચાર દિવસ બાકી છે ત્યાં સુધીમાં ગુજરાતની પોલીસે એ પ્રકારની ચાર્જશીટ ફ્રેમ કરી, એણે પેપર તૈયાર કર્યા અને ૨૨ મહિનામાં ચુકાદો આવ્યો અને આરોપીને ૩ વર્ષની જેલની સજા કરવામાં આવી છે. આ ગૃહ વિભાગની વાત છે. ગૃહ વિભાગે આ કામ કર્યું છે. હાસીમ અન્સારી નામની વ્યક્તિ છે એ મોટી ઉંમરનો છે. આવા લોકોને જેલ ભેગા કરવાનું કામ આ ગુજરાતની પોલીસે કર્યું છે. હમણાં શ્રી અલ્પેશભાઇએ કહ્યું કે મા-દીકરી ૨૪ કલાક ગમે ત્યાં ફરી શકે છે એ ગુજરાતના ગૃહ ખાતાની પોલીસ કામ કરે છે એટલે બધા ફરી શકે છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આ વખતે ગરબા સમયમાં છૂટ આપી હતી કે ગમે તેટલા મોડા ગરબા ગાઇ શકાશે. માતાજીની આરાધના કરી શકશે. એ ત્યારે કરી શકે છે કે ગુજરાતની અમારી પોલીસ રાત્રે પણ જાગે છે અને એના ભરોસા ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જાહેરાત કરી હતી અને ક્યા મોઢે કોંગ્રેસના લોકો વાત કરે છે? જે પ્રકારે સુરતમાં પાકિસ્તાનના ખેલાડીઓ ચોગ્ગો અને છગ્ગો મારતા હતા ત્યારે ત્યાં ફટાકડા ફોડવામાં આવતા હતા. આ જ પોલીસ હતી ત્યારે કોઇથી કંઇ કહેવાતું ન હતું, તેની પર ક્યા લોકોનો કે કઇ સરકારનો દબાવ હતો? અને એ અમે પીડા અમે જોઇ છે. સિટીમાં ફરવું હોય તો ડર લાગતો હતો. એ ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે અને હમણાં વાત થઇને કે, આખાય ગુજરાતમાં જે લોકો નામથી ઓળખાતા એના દબાવની નીચે સરકારો ચાલતી હતી. શ્રીમતી ગેનીબેન, તમારે વિચાર કરવાની જરૂર છે. ગુજરાતની જનતા જાણે છે એટલે જ તમારી સંખ્યા આટલી ઓછી થઇ ગઇ છે. હજી તમે ૧૭ છો એમાંથી ૭ થઇ જવાનો છો ધ્યાન રાખજો. (અંતરાય) તમારી ચિંતા તમારા નેતા પણ કરતા નથી. ત્યાં અમારી ચિંતા ક્યાં કરવાની આવે?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિનોદભાઇ, તમે આ બાજુ જોઇને બોલોને.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. અત્યારે અહીંયા પણ આવું કરે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમે એમના સામું જોઇને ના બોલો. આ બાજુ મારી સામે જોઇને બોલોને? માનનીય વિનોદભાઇ, એક મિનિટ બાકી છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તો બહાર શું કરે? ગુજરાત રાજ્યના ગૃહ વિભાગે બધા જ પોલીસ સ્ટેશનોમાં કામ કર્યું છે એના કારણે નવા ગુનેગારો પકડાય છે. ગુનેગારોના માનનીય શૈલેષભાઇએ આંકડા બતાવ્યાં કે આટલા આટલા આંકડા છે. મારે એટલા માટે કહેવું છે કે પહેલા પોલીસ સ્ટેશનમાં જવાતું ન હતું. પોલીસ ફરિયાદ લેતી ન હતી. અત્યારે કોઇ પણ પ્રકારની ઘટના બની હોય તો અમારા કેન્દ્રના ગૃહ મંત્રી છે, મોબાઇલ જેવી ચોરીના કેસોમાં ઓનલાઇન એફ.આઇ.આર. દાખલ કરવાનો કાયદો બનાવ્યો છે. તમારા વખતમાં કંઇ કરતા જ ન હતા એમાં આંકડા ક્યાંથી આવે? ગુંડાઓ પોલીસ સ્ટેશન જવા દેતા ન હતા અને એટલા માટે એફ.આઇ.આર. લખાતી ન હતી. પોલીસ સ્ટેશનમાં ગુંડા સાથે જ બેઠા હોય. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિનોદભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સાહેબે જે ગૃહમાં રૂ.૧૦,૩૭૮ કરોડની જોગવાઇ કરી તેના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યાં છે તે માગણીને અનુમોદન અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થા એ અગત્યનું પરિબળ છે. સુરાજ્ય અને સુશાસનના પ્રકલ્પો પૂર્ણ કરવા કાયદાનો આધાર સ્તંભ હોવો જરૂરી છે. હોમગાર્ડ, જી.આર.ડી. અને સી.આર.પી. સિવિલ ડિફેન્સ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૪૬ના રોજ બૃહદ મુંબઇ રાજ્યના પોલીસની મદદ માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર દેશની કુદરતી સંપત્તિ, માનવ સર્જિત આપત્તિઓના આંતરિક સુરક્ષા માટે તેમજ કોવિડના સમયમાં પોલીસ ખાતાના અધિકારીઓ, હોમગાર્ડના જવાનોએ લોકોની સેવાઓ કરી છે. જ્યારે કોવિડ-કોરોના વખતમાં ભાઇ-ભાઇનો નાતો ન હતો. બાપ-પુત્રનો નાતો ન હતો એવા સમયમાં કોઇને પણ અગ્નિદાહ આપવાના હોય ત્યારે કુટુંબના કોઇ સ્વજનો આવતા ના હતા, ત્યારે આ પોલીસના જવાનો અને જી.આર.ડીના હોમગાર્ડના જવાનોએ આવી સેવા બજાવી છે. જ્યારે કુદરતી વાવાઝોડું કે ચક્રવાત હોય તેવા સમયે પણ પોલીસ કર્મચારીઓ પોતાના જીવના જોખમે કાયદો અને વ્યવસ્થા જાળવતા આપણને નજરે

જોવા મળ્યા છે. હોમગાર્ડ, જી.આર.ડી. અને ટી.આર.બી.ના જવાનો આંતરિક સુરક્ષાની જાળવણી માટે ગૃહ રક્ષક દળની સ્થાપના કરવામાં આવી છે. આ જવાનો માનદ વેતનથી જોડાયેલા હોય છે. ગૃહ વિભાગમાં હોમગાર્ડ દળમાં ૩ તાલીમ કેન્દ્રો કાર્યરત છે. સેન્ટ્રલ તાલીમ ઈન્સ્ટિટ્યૂટ જરોદ, વડોદરા, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર માધવનગર, અમદાવાદ, ઉત્તર ગુજરાત પ્રાદેશિક તાલીમ સેન્ટર સૂંઢિયા, મહેસાણા.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ૧૨–૩૦ કલાકે ફરીથી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ : બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી બલરાજસિંહ ચૌહાણ :(ક્ર) માનનીય અધ્યક્ષશ્રી, હોમગાર્ડસ કલ્યાણ ફંડ સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવથી કરવામાં આવેલો છે. હોમગાર્ડ દળના રાજ્ય બહાર મધ્યપ્રદેશ હોય, રાજસ્થાન હોય, અન્ય વિધાનસભાની ચૂંટણીના બંદોબસ્તમાં આ કામગીરી બજાવતા હોય છે. હોમગાર્ડ દળના જવાનો રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે પણ શપથ ગ્રહણ સમારોહમાં ઉપસ્થિત હોય છે. હોમગાર્ડ ભવન ખાતે બંધારણ દિવસની ઉજવણીમાં પણ હાજર હોય છે. હોમગાર્ડ દળ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ત્રિરંગા યાત્રામાં પણ ફરજ બજાવતા હોય છે. હોમગાર્ડ દળના રમત મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ પણ રાખેલો હોય છે. હોમગાર્ડ દળ ૨૧ મી જૂન, વિશ્વ યોગ દિવસના કાર્યક્રમનું આયોજન હોય ત્યારે હાજર હોય છે. હોમગાર્ડ દળ ૬ ડિસેમ્બર વૃક્ષારોપણનો કાર્યક્રમ હોય કે દશેરા નિમિત્તે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ હોય તો પણ એ હાજર હોય છે. હોમગાર્ડ દળમાં જિલ્લા કચેરીઓ, યુનિટ કચેરીઓ અને ફર્નિચર આર્ટીકલ ખરીદવા બાબતની નવી સેવાઓ શરૂ કરવામાં આવી છે. મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી ગૃહ અને જળ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓ સમૃદ્ધ ગુજરાત અને સલામત ગુજરાત જે આપણને શ્રી મોદી સાહેબ, શ્રી અમિતભાઇ શાહ સાહેબના માર્ગદર્શનથી આપ્યું છે એ વારસાને સાચવવા અને આગળ વધવા માટેનું આ બજેટ છે એટલે એમને હું હ્રદયપૂર્વક આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષો પહેલા વર્ષ ૧૯૭૪માં તલોદથી એલ.એલ.બી. ભણવા માટે અમદાવાદમાં આવેલો. અમારા મિત્ર શ્રી અમિતભાઇએ એની થોડી ચર્ચા કરી. એનો હું ખુદ સાક્ષી છું કારણકે એ વખતે અસલામત અમદાવાદ હતું. અસલામત અમદાવાદ હોવાને કારણે આખું ગુજરાત પણ અસલામત હતું એ વખતે અને ગુનેગારોની એટલી બધી તાકાત હતી અને રાજકીય પક્ષનું એને પીઠબળ હતું એના કારણે અમદાવાદ અસલામત હતું અને છેક રેલ્વેના પાટા ઉખાડવા સુધીના દુષ્કૃત્યો પણ કરનાર લોકો આ રાજયમાં અમે જોયા છે અને એને જો સલામત બનાવ્યું હોય અને એ વખતે હું ચોક્કસ યાદ કરીશ કે વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી અશોકભાઇ ભટ્ટ અને પૂર્વ સાંસદ શ્રી ગાભાજી ઠાકોર અમદાવાદની ગલીઓમાં ઝઝૂમતા હતા એ પણ અમે જોયેલા છે અને એની વચ્ચે પણ મોદીસાહેબે જે આ રાજયમાં સલામતી બક્ષી અને શ્રી અમિતભાઇ શાહ સાહેબનું માર્ગદર્શન મળ્યું અને એના કારણે ગુજરાત સલામત બન્યું છે એટલે હમણાં જે વાત અગાઉ કહેવાતી હતી કે ગુજરાતમાં સલામતી નથી, સમૃદ્ધિ નથી પણ ગુજરાત સલામત બન્યું છે એટલા માટે સીંગાપુરને પણ આઉટ કરે એવી ગિફ્ટ સિટી અહીં બની છે. અહીંયા જી–૨૦ પણ યોજાય છે અને વાઇબ્રન્ટ ગુજરાત પણ અહીંયા થાય છે અને ૧૫૦ વિદેશના દેશો પણ આ રાજયમાં આવે છે અને એટલા માટે શ્રી મોદી સાહેબને આપણે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે કે એમણે જે આ ગુજરાતને સલામત બનાવ્યું છે. નહીંતર અગાઉનાં વર્ષોમાં તો જે મેટ્રોપોલિટન શહેરો છે અમદાવાદ હોય, સુરત હોય, વડોદરા હોય, ભાવનગર હોય કે બીજાં જે શહેરો છે ગુજરાતના ઈવન જામનગર હોય તો રાજકીય પક્ષના અગ્રણીઓ અંધારી આલમ સાથેના સંબંધોના નામે આ શહેરો ઓળખાતાં હતાં અને તેમાંથી મુક્ત કરાવી આજે સુરત શહેર સ્વચ્છતાની અંદર આખા દેશમાં ફર્સ્ટ નંબર મેળવે છે. તે પ્રતાપ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં છે. તેમણે આ સલામત ગુજરાત બનાવ્યું છે. ગુજરાત રાજ્ય આખા દેશમાં અત્યારે નંબર વન છે પણ દુનિયામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. ગુજરાતનાં શહેરો આજે મેટ્રોપોલિટન સિટીનો દરજ્જો મેળવી રહ્યાં છે અને આગળ વધી રહ્યા છે. દેશ–વિદેશના લોકો અહીં આવી રહ્યા છે તે આ સલામત અને સમૃદ્ધ ગુજરાતનું એક પ્રતિબિંબ પાડે છે. ગુજરાતમાં ગુનેગારોને પકડવાની જે વૃત્તિ છે તેના કારણે જ આપણું રાજ્ય સલામત બન્યું છે. અત્યારે આપણે જોઇએ તો મોદી સાહેબે અહીં ગાંધીનગરમાં એફ.એસ.એલ.(ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ની સ્થાપના કરી છે. તેના કારણે આપણા દેશમાં તો શું પણ પાકિસ્તાનના આતંકવાદી કે ગુનેગાર હોય કે નાઇજીરીયાના હોય તો પણ આ ગુજરાતની એફ.એસ.એલ.માં પકડાય છે. આ એફ.એસ.એલ.માં ટેકનોલોજીનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં પણ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના પણ અહીં કરવામાં આવી છે. બહારના દેશોના વિદ્યાર્થીઓ પણ અહીં ભણવા માટે આવે છે. સરકારનું ગુનાખોરીને રોકવા માટેનું જે આયોજન છે તેને સફળ બનાવવું હોય તો તેના માટે આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી આખા દેશમાં સૌથી પહેલાં અહીં સ્થાપી છે. આજે મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી આ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો આપ્યો છે. એટલે જ તે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કહેવાય છે. દેશમાં શ્રી અમિતભાઇ શાહ સાહેબ ગૃહમંત્રી તરીકે કાર્ય કરી રહ્યા છે અને અહીં શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ પણ ગૃહમંત્રી તરીકે કામગીરી કરી રહ્યા છે. તેમણે ગુનેગારોને પકડવા માટે, દરિયાકિનારેથી કોઇ ઘૂસણખોરી કરે નહીં, કોઇ ગુનેગાર

ગુજરાતની ધરતી પર પગ ના મૂકે અને આજે મુખ્યમંત્રીશ્રી અને શ્રી હર્ષભાઇનો જે ખોફ છે તેના લીધે જ ગુનેગારો ગુજરાતમાંથી ભાગી ગયા છે. અહીં આવવાની તેમની કોઇ તાકાત નથી. એટલે જ આપણું ગુજરાત સલામત બન્યું છે. જો ગુજરાત સલામત હોય તો આપણે આગળ વધવાના જ છીએ. મોદી સાહેબનું પ્રચંડ નેતૃત્વ હોય, વિશ્વમાં તેઓ આગળ વધી રહ્યા હોય, આટલો બધો પ્રેમ તેમને મળી રહ્યો હોય અને તેમની કલ્પના છે અને તેઓ કહે છે કે, હું ફકત સત્તા મેળવવા માટે નથી આવ્યો. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનમાં દિલ્હી ખાતે બોલ્યા છે કે, હું અહીં કોઇ સત્તા માટે નથી આવ્યો. હું કંઇક કરવા માટે આવ્યો છું. હું ગરીબોની ગરીબાઇ દૂર કરવા માટે આવ્યો છું. નારા લગાવવા માટે નથી આવ્યો. એટલા માટે જ આ ગુજરાતની પ્રજાનો પ્રેમ તેમને મળી રહ્યો છે. તેમના માર્ગદર્શન તળે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ ગુનેગારોને પકડવાની જે મહેનત કરી રહ્યા છે તેમાં સફળ થયા છે. એટલું જ નહીં પણ મોદી સાહેબનું સ્વચ્છતાનું જે અભિયાન છે તેને પણ શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબની પોલીસ સારી રીતે આગળ ધપાવી રહી છે. આ એક નવતર પ્રયોગ તેમણે કર્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિનેન્દ્રસિંહ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી શિવાભાઇ ગોહિલ.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગનું બજેટ શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ દ્વારા અહીં રજૂ થયું છે તેને સમર્થન આપું છું અને તેઓશ્રીના આ બજેટ અંગે હું મારા મંતવ્યો રજૂ કરવા આપની અનુમતિ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઈલેક્ટ્રિક વાહન પોલિસી. પર્યાવરણ અને કલાઇમેટ ચેઇન્જ બાબતે આપણા વડાપ્રધાનશ્રી સમગ્ર વિશ્વને માર્ગદર્શન કરતા હોય ત્યારે તેમની આ ગુજરાતની ભૂમિ હરહંમેશ તેમના માર્ગદર્શન થકી તેમણે જે કાર્યો શરૂ કરેલા છે તેને આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર તથા શ્રી હર્ષભાઇ સંઘવી વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી છે તે પર્યાવરણને અનુરૂપ જે કંઇ ટેકનોલોજી જોઇએ તે તમામની શરૂઆત કરી રહ્યા છે. કુદરતી વાતાવરણ ગુજરાતમાં રહે અને દુનિયાને આપણે નમૂનારૂપ વાતાવરણ આપી શકીએ તેના માટે ગુજરાત ઈલેક્ટ્રિક વાહન પોલિસીની અમલવારી કરી છે. હંમેશા પર્યાવરણ મુદ્દે ગંભીર રહી પેટ્રોલ, ડીઝલથી ચાલતાં વાહનોને બદલે ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા આ પોલિસી લાવી ખૂબ જ દૂરંદેશી નિર્ણય લીધો છે. તા. ૧–૭–૨૦૨૧થી ટુ વ્હિલર, થ્રી વ્હિલર અને ફોર વ્હિલર ઈલેક્ટ્રિક વાહનો ઉપર આ રાજ્ય સરકારે સબસિડી આપવાનું નક્કી કરેલ છે. અત્યાર સુધીમાં ૬૨૭૧૮ લોકોને રૂપિયા ૨૫૧.૫૯ કરોડ રકમની સબસિડી ખાતામાં મળેલ છે. એન્ફોર્સમેન્ટ સંબંધિત કામગીરીનું સરળીકરણ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા EASE OF DOING BUSSINESS ને પ્રોત્સાહન તથા સડક પરિવહન સરળ અને સુગમ બને તે હેતુથી રાજયની અત્રેના તાબા હેઠળની તમામ ચેકપોસ્ટ તા.૨૦.૧૧.૨૦૧૯ના રોજથી નાબૂદ કરેલ છે. જેનાથી EASE OF LOGISTIC ની પરિકલ્પના સાકાર થઇ છે. મેન્યુઅલ ઇ–ચલણ પ્રથા બંધ કરી તેની જગ્યાએ રાજયમાં ૫૮ ચેકપોઇન્ટ ખાતે પી.ઓ.એસ. હેન્ડ હેલ્ડ ડિવાઇસની મદદથી ઇ–ચલણ ઇસ્યુ કરી એન્ફોર્સમેન્ટની કામગીરી કરવામાં આવે છે. આ પી.ઓ.એસ. હેન્ડ હેલ્ડ ડિવાઇસને ઇ–ચલણ સોફ્ટવેર સાથે ઇન્ટીગ્રેટ કરી એન્ફોર્સમેન્ટની કામગીરીમાં માંડવાળ ફીની વસૂલાત સ્થળ પર જ ક્રેડિટ/ડેબિટ કાર્ડના માધ્યમથી કરવામાં આવે છે અથવા આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા વસૂલવામાં આવે છે. આમ એન્ફોર્સમેન્ટની સંપૂર્ણ કામગીરી ડિજિટલાઇઝ્ડ કરવામાં આવી છે. નાગરીકોની સુવિધા અર્થે મોટર વાહન કાયદા અંતર્ગત જરૂરી દસ્તાવેજોને ફિઝિકલ સ્વરૂપની જગ્યાએ ડી.જી.લોકર તથા એમ–પરિવહન પર્ટલ જેવા ઓનલાઇન માધ્યમથી રજૂ કરવાની વ્યવસ્થા પણ કરેલ છે. રાજયમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત તા.૨૦.૧૧.૨૦૧૯થી ઓનલાઇન પદ્ધતિથી કેન્દ્રિય મોટર વાહન અધિનિયમ–૧૯૮૯ના નિયમ ૯૩ (વાહનોમાં નિયત માપના ભંગ બદલ) મુક્તિ મેળવવાની વ્યવસ્થા માટે ઓનલાઇન ઓ.ડી.સી. મોડ્યુલ વિકસાવેલ છે. જેના થકી વાહનોને સીમલેસ ટ્રાન્સપોર્ટેશન થયેલ છે. વધુમાં અન્ય રાજયનાં વાહનોને ગુજરાત રાજયમાં પ્રવેશ સમયે કરવામાં આવતી કરની ચૂકવણી પણ ટેક્સ મોડ્યુલ થકી કરવાની સુવિધા કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં એન્ફોર્સમેન્ટની કામગીરી વધુ સઘન, ઝડપી કરી શકાય તે માટે સમગ્ર રાજયમાં ૩૫ જેટલી આધુનિક ઉપકરણો સાથેની ઇન્ટરસેપ્ટર દ્વારા વાહનોનું ચેકિંગ કરવામાં આવે છે. જેના થકી ઓવરસ્પીડ અંગેના ગુના બદલ સ્પીડ ગનની મદદથી ઓટોમેટિક ચલણ ઇસ્યુ કરવાની સુવિધા વિક્સાવેલ છે. કુલ ૩૫૦ નંગ બોડીવોર્ન કેમેરા એન્ફોર્સમેન્ટ તેમજ ઓફિસની કામગીરીના મોનિટરિંગ અર્થે તાબાની કચેરીમાં આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ એન્ફોર્સમેન્ટ પ્રક્રિયા વધુ વિશ્વાસપાત્ર અને પારદર્શક બનાવવા તેમજ સડક પરિવહન સરળ બનાવવાના સરકારશ્રીના ઉમદા પ્રયાસોને મારું સમર્થન છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષમાં ડિજિટલ ચલણ અને સ્માર્ટ એન્ફોર્સમેન્ટની સાથે સાથે વાહન સ્ક્રેપિંગ પોલિસી, વાહન ફિટનેશ ઇન્સ્પેકશન અર્થે પી.પી.પી. બેઇઝ્ડ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન, ફેસલેસ સેવા, લાઇસન્સ સંબંધિ ઇ–કે.વાય.સી. કરવા માટેની સુવાઓ, આર.ટી.ઓ.ના ભવનનું મોર્ડનાઇઝેશન કરવા, ડીલર કક્ષાએ નવાં વાહનના રજિસ્ટ્રેશનની અમલવારી, ઇ–ઓકશનથી ફેન્સી નંબરની ફાળવણી, નવી રજિસ્ટરિંગ ઓથોરિટીને મંજૂરી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીની વેબસાઇટનું લોન્ચિંગ અને શાળા અભ્યાસક્રમમાં માર્ગ અકસ્માતની સમજણ માટે અભ્યાસક્રમમાં માર્ગ સલામતીના વિષયોનો

સમાવેશ કરીને વાહન–વ્યવહાર વિભાગે ખૂબ ઉત્તમ કામગીરી કરેલ છે એ બદલ હું માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ માગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, બંદરો અને વાહન વ્યવહાર માટે કુલ રૂપિયા ૩૮૫૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને વાહન–વ્યવહાર મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર હંમેશા પર્યાવરણ મુદ્દે ગંભીર રહેલ છે અને એટલે જ પેટ્રોલ–ડીઝલથી ચાલતાં વાહનોને બદલે ઇલેક્ટ્રિક પોલિસી અમલમાં લાવી ખૂબ સારો નિર્ણય કરેલ છે. રાજ્ય સરકારે પ્રદૂષણ ઘટાડવા અને નવિનીકરણ કરવા માટે વાહન–વ્યવહાર નિગમ દ્વારા ૧૦૦ મેગાવોટના સોલાર પાર્કની સ્થાપના કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે મહિલાઓ માટે બસ કન્ડક્ટરની નવી ભરતીમાં ૩૩ ટકા મહિલાઓને નોકરી આપી અને તેઓને દિવસના ૮ કલાક નોકરી કરી તે પોતાના ઘરે પહોંચે તેવી વ્યવસ્થા અમારી સરકાર દ્વારા કરવામાં આવી છે. અગાઉની સરકારે મહિલાઓને નોકરી મળી રહે તેવી કોઇ વિચારણા કરી નહોતી. રાજ્ય સરકારે નવી બસો ખરીદવા માટે રૂ.૭૬૮ કરોડની જોગવાઇ કરી છે. તેમજ ઇ–વ્હિકલને સબસિડી આપવા માટે રૂ.૨૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બસ સ્ટેશનના આધુનિકીકરણ તથા સ્વચ્છતા માટે રૂ.૧૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં કોરોનાની મહામારી સમયે પણ સરકાર દ્વારા પરપ્રાંતીય મજૂરો તથા અન્ય મુસાફરોને તેમના વતન જવા માટે સરકારે કોઇ પણ મજૂરોને હાલાકી ન પડે તેવી બસ સુવિધા પૂરી પાડેલ હતી. અગાઉની સરકાર દ્વારા મજૂરોને હોળી–દિવાળી જેવા તહેવારોમાં વતનમાં જવા માટે કોઇ એસ.ટી.ની સુવિધા કરવામાં આવતી ન હતી. અમારી સરકાર આવ્યા પછી મજૂરોને તેમના વતનમાં જવા માટે સ્પેશિયલ બસો મૂકી સુવિધા પૂરી પાડી છે. હાલ ગાંધીનગર ખાતે મેટ્રો ટ્રેનનું કામ ચાલે છે. તે મજૂરોને ૮ કલાક નોકરી કર્યા પછી ઘ–૦થી બસ ઉપાડી ઝાલોદ સુધી રોજ લઇ જવામાં આવે છે. આ બસ ત્રણ વખત ટ્રિપ મારે છે. આ રીતની સગવડ ભાજપ સરકારે કરી આપી છે. અગાઉની સરકાર વખતે રેલવે ફાટક બંધ કરતા હતા. તે સમયે કોઇ બીમાર હોય તો પૂરતી સગવડ મળતી ન હતી. અમારી સરકાર આવ્યા પછી સ્લીપર કોચ સુવિધા ઊભી કરી બીમાર માણસને દવાખાનેથી ઘરે કે ઘરેથી દવાખાને જવું હોય તો આરામથી જઇ શકે છે. અગાઉની સરકાર વખતે બસમાં બેસવા માટે સગવડો પણ ન હતી. વાહનો પણ સારાં ન હતાં. હું વર્ષ ૧૯૮૭માં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે સેવા બજાવતો હતો તે વખતે બેચરાજી–કટોસણથી નગરાસણથી કડી બસમાં બેસવા માટે બે કલાક રાહ જોવી પડતી હતી અને તે પણ કાચા રસ્તા હતા. તેથી કપડાં પણ ધૂળ–ધૂળ થઇ જતાં હતાં. અમારી સરકાર આવ્યા પછી કડીથી મહેસાણા જવું હોય, કડીથી અમદાવાદ જવું હોય કે કડીથી વિરમગામ જવું હોય તો ૧૫–૧૫ મિનિટે બસ મળી રહે છે. આ અમારી ભાજપ સરકારની કામગીરી છે. અગાઉની સરકાર વખતે બસ સ્ટેન્ડ સારા ન હતા અને કાચા હતા. બસ સ્ટેન્ડમાં બેસવા માટે કોઇ સગવડ કે સુવિધા ન હતી અને પંખા પણ ન હતા. અમારી સરકાર આવ્યા પછી બસ સ્ટેન્ડ સારા બન્યા. બેસવા માટે બાંકડાની અને પંખાની પણ વ્યવસ્થા કરી. શ્રી જીગ્નેશ મેવાણી તમે બોલ બોલ કરો પણ અમારી ભાજપ સરકાર આવી ત્યારે તમારો જન્મ પણ થયો ન હતો. પહેલાં કડી તાલુકાની એસ.ટી. બસો ૪૦થી ૫૦ કિ.મી. ફરતી હતી. અમારી ભાજપ સરકાર આવ્યા પછી કડીથી નાસિક–મહારાષ્ટ્ર સુધી ૬૦૦ કિ.મી. અને બીજા રાજ્યોમાં ૪૦૦ કિ.મી. દરરોજ ફરે છે. તાજેતરમાં અમદાવાદથી ગાંધીનગરની વિવિધ કચેરીઓમાં કાર્યરત પાંચ હજારથી વધુ કર્મચારીઓ માટે સચિવાલય પોઇન્ટ સેવામાં નવી ૭૦ એસ.ટી. બસની સુવિધા પૂરી પાડી છે. આ સરકારે કર્મચારીઓની પણ ચિંતા કરી છે. સરકાર દ્વારા સચિવાલય પોઇન્ટ સેવા ઉપરાંત ગુજરાત એસ.ટી. નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસોના કાફલા સાથે ૩૩ લાખ કિ.મી.નું સંચાલન કરે છે તેમજ ૨૫ લાખથી વધુ મુસાફરોને સલામતી, સુરક્ષિતતા અને સમય–બદ્ધતા સાથે તેમના સ્થાન સુધી જવા–આવવાની સેવાઓ પૂરી પાડે છે. અમારી સરકારે છેવાડાના માનવીની ચિંતા કરી છે. એસ.ટી. નિગમે છેલ્લા ૧૪ મહિનામાં ૧૫૨૦ નવીન બસો પ્રજાની સેવામાં મૂકી છે. તે બદલ અમારા માનનીય ગૃહમંત્રી સાહેબનો આભાર માનું છું. હું બસમાં અવર–જવર કરું છું ત્યારે જોઉં છું કે બધા જ બસ સ્ટેન્ડ પર માણસો મૂકેલા છે. એ લોકો ફરજિયાત બસ સાફ કરે છે અને પૂરેપૂરી સ્વચ્છતા રાખે છે. કન્ડક્ટર અને ડ્રાઇવર સારા હોય છે અને લોકો સલામતીથી મુસાફરી કરે છે. અમારી ભાજપ સરકારને ખૂબ–ખૂબ શુભેચ્છાઓ અને આ સરકાર ૨૫ વર્ષ રાજ કરશે એવી હું અપેક્ષા રાખું છું.

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ છે એટલે માતૃભાષા દિવસની બધાંને શુભકામનાઓ. ઉમાકાંત જોશીની એક પંક્તિ છે. ''સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી.'' કવિતાની આ પંક્તિમાં સૌમ્યતાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇની સૌમ્યતા અને આદરણીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇની વૈભવી શૈલીથી કામ કરવાની એક સૌમ્ય પદ્ધતિને આ ગુજરાતની પ્રજા આજે ભોગવી રહી છે. માનનીય મંત્રીશ્રી જે ગૃહ વિભાગ અને વાહન વ્યવહાર વિભાગની જે માંગણીઓ લઇને આવ્યા છે તેમાં મારી વાત રજૂ કરું છું અને મારું સમર્થન આપું છું. ગુજરાતમાં ભૂતકાળમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ શું હતી, અત્યારે શું છે અને ભવિષ્યમાં ગુજરાત કેવું બનવાનું છે તે વાત બધાએ કરી. હું જૂનાગઢ વિધાનસભાનું નેતૃત્વ કરું છું. દેશ આઝાદ થયો ત્યાર બાદ જૂનાગઢ પાછળથી આઝાદ થયું. કારણ કે તે સમયના નવાબ પાકિસ્તાન સાથે ભળવા માગતા હતા. તે નવાબની અમુક પ્રતિકૃતિઓ આજે હજુ

પણ જૂનાગઢમાં છે જેના હિસાબે આજે પણ ક્યાંકને ક્યાંક વ્યવસ્થામાં તકલીફો ઊભી થતી હોય છે. ગુજરાતના ગૃહ વિભાગે જે કામ કરેલાં છે તેને ગૌરવ સાથે કહી શકાય છે. કોઇ પણ સમાજ, ધર્મ કે બંધારણમાં ક્યાંય લખ્યું નથી કે સમાજને ધાર્મિકતાનો રાજકીય રંગ આપી તેનો ઉપયોગ કરી ગેરરીતિ કરવી, દબાણો કરવા પણ અમુક તત્ત્વો આવાં કામ કરીને સમાજ, રાજ્ય અને દેશની સંસ્કૃતિ અને શાંતિને ડહોળવાના પ્રયત્નો કરતાં હોય છે ત્યારે ગુજરાત સરકારે તેને પ્રાથમિકતા આપીને સૌમ્યભર્યું કામ કર્યું છે. જૂનાગઢમાં ઉપરકોટ ખાતે ગુજરાતનો સૌથી મોટો ફોર્ટ આવેલો છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીનો એક વિચાર હતો અને પ્રવાસન વિભાગ દ્વારા તેનું રિનોવેશન કરવામાં આવ્યું. છેલ્લા ૧૦૦ દિવસમાં ચાર લાખથી વધારે પ્રવાસીઓ આ ઉપરકોટના ફોર્ટની મુલાકાત લીધી. આ ઉપરકોટમાં રિનોવેશન પહેલાં અમુક તત્ત્વો દ્વારા ધાર્મિકતાના નામે અનેક ધર્મના ૧૦૮ જેટલા દબાણો કરી ગેરકાનૂની પ્રવૃત્તિ કરવામાં આવતી હતી. તેના કારણે લોકો પણ ત્યાં જતાં ડરતાં હતાં. આદરણીય ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ સિફતપૂર્વક એક સાથે બધા દબાણો દૂર કરી પછી શાંતિ સ્થાપવાનું જે કામ કર્યું છે ત્યારે માનનીય ગૃહમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ અલગ અલગ ક્ષેત્ર સાથે જોડાયેલી આધ્યાત્મિક ભૂમિ છે. સુપ્રીમકોર્ટના ચુકાદો મુજબ જાહેર રસ્તાઓ ઉપરના દબાણો દૂર કરવાની સૂચનાના ભાગરૂપે જ્યારે કૉર્પોરેશન દ્વારા અમુક ધાર્મિક સ્થળોને નોટિસ આપવામાં આવી ત્યારે અમુક કોમના અમુક લોકો દ્વારા કારણ કે કોમ ખરાબ હોતી નથી પણ ૫-૧૦ ટકા લોકો સમગ્ર સમાજને અને સમગ્ર ધર્મને બદનામ કરવાની કોશિશ સાથે જ્યારે કામ કરી રહ્યાં હોય ત્યારે અમુક લોકોના ટોળાંએ ભેગાં થઇને પોલીસ ઉપર હુમલો કરીને ડી.વાય.એસ.પી. ધાંધલિયાને મારી નાંખવાની કોશિશ કરી ત્યારે ત્રણ પી.એસ.આઇ. બહેનોએ વચ્ચે પડીને ડી.વાય.એસ.પી. ધાંધલિયાની જાન બચાવવાની જે હિંમત કરી છે તેને આજે હું ધન્યવાદ આપું છું. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કોઇ પણ ધર્મના આવાં દબાણો દૂર કરીને શાંતિ સ્થાપવી જોઇએ. મુંબઇથી મૌલાના આવ્યા હતા ત્યારે મારે આજે માનનીય ઇમરાનભાઇને ધન્યવાદ આપવા પડે કે તેમણે નિવેદન આપ્યું હતું કે, ધર્મના નામે અશાંતિ ફેલાવવાની કોશિશ કરનાર કોઇ પણ વ્યક્તિ હોય તેના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ. આવાં કામ જે લોકો કરી રહ્યાં છે તેમને સજા થવી જોઇએ. કડકમાં કડક કાયદાનું પાલન થાય અને ગુજરાતની શાંતિ અને સલામતી જળવાય તે કામ આ ગુજરાતની સરકાર કરી રહી છે. માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માંગણી નં. ૪૨, ૪૩, ૪૪ અને ૭૪ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક જોવા મળે છે. આ વિભાગમાં ભ્રષ્ટાચારના પ્રમાણમાં વધારો થતો જોવા મળે છે. મારા બોટાદ જિલ્લાની વાત કરું તો, ભિક્ષા માંગતા નાનાં બાળકોનું ગુમ થવાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. બોટાદની આસપાસના જિલ્લાઓમાં આવાં ગરીબ બાળકોના અપહરણનું પ્રમાણ વધી ગયું છે. મારા બોટાદ જિલ્લામાં હીરા ઉદ્યોગના વિસ્તારમાં ૧૧ જેટલી ઓનલાઇન જુગારની હાટડીઓ ખુલી રહી છે. આ ઉપરાંત, આજેપણ જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ મોબાઇલ વગેરે જોવા મળી રહ્યા છે. જેલમાં બેઠા-બેઠા લોકો આજે ખંડણીઓની માંગણી કરી રહ્યા છે. આજેપણ મહાનગરોમાં નાઇટપાર્ટીઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. જે આપણા યુવાનો માટે આવનારા સમયમાં ઘાતક સાબિત થાય એમ છે. આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ નાઇટપાર્ટીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરોની વાત કરું તો, માનનીય મંત્રીશ્રી માંગણી નં.૭૪ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન જાહેર કરું છું. મારું ભાવનગર એકસમયે સોનાની ચીડિયા હતું. મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ વસાવેલું હતું. ભાવનગરમાં આવેલ ઘોઘા બંદર એશિયાનું પ્રથમ નંબરનું લોકબંદર છે. ભાવનગરમાં આવેલ અલંગ શિપ-બ્રેકિંગ યાર્ડ એશિયાનું સૌથી મોટું શિપ-બ્રેકિંગ યાર્ડ છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ બંદરોનો વિકાસ ઓછો થતો જાય છે. એના કારણે ભાવનગરના યુવાનોને અન્ય જિલ્લાઓમાં રોજગારી માટે જવું પડે છે. રોજગારીનો પ્રશ્ન વિકટ બની રહ્યો છે. આજે મહારાજા કૃષ્ણકુમારસિંહજીના આત્માને દુઃખ થતું હશે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી જેવું ભાવનગર મૂકીને ગયા હતા એવું ભાવનગર આજે નથી, * (xxx) ભાવનગરની પ્રજા દુઃખી થઇ ગઇ છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ભાવનગરના યુવાનો માટે, ભાવનગરની પ્રજા માટે રોજગારીનું આયોજન કરવામાં આવે. મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ આ રાજ્ય દેશને સમર્પિત કર્યું, સરદાર વલ્લભભાઇ પટેલે પણ અર્પણ કર્યું. એમના મહારાણીજી પોતાના કરિયાવરમાં જે વસ્તુઓ લાવ્યા હતા એ પણ એમણે દેશને સમર્પિત કર્યું. આ ગૃહના માધ્યમથી હું વિનંતી કરું છું કે, મહારાજા કૃષ્ણકુમારસિંહજીને પણ ભારતરત્ન આપવામાં આવે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર *(xxx) એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ(નારણપુરા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી જે માંગણી લઇને આવ્યા છે તેને મારો સંપૂર્ણ ટેકો છે.

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્યના વિકાસ માટે સરકારના વિભાગો જ્યારે પારદર્શક અને સુદઢ કામગીરી કરે ત્યારે રાજ્યનો સર્વાંગી વિકાસ થાય છે. આ વિચારધારાથી બનેલી અમારી સરકારની પ્રથમથી જ આ વિચારધારા રહેલી છે. જેના કારણે રાજ્યના નાગરિકો સુરક્ષિત છે. માતા, બહેનો, વેપારીઓ અને બાળકો નિર્ભય થઇ શાંતિમય વાતાવરણમાં પ્રગતિના પંથ ઉપર આગળ વધી રહ્યા છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી અને દેશના માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહ દ્વારા પ્રથમથી જ રાજ્યો અને સમગ્ર દેશમાં સુરક્ષા અને શાંતિનું વાતાવરણ પ્રસ્થાપિત થાય એના માટેના પ્રયત્નો કર્યા છે અને એમાં સફળ રહ્યા છે. ગુજરાતને ગુનામુક્ત રાજ્ય કરવામાં સરકારશ્રીનો સિંહ ફાળો છે. ગૃહ વિભાગના હસ્તક જુદા-જુદા ૧૬ વિષયો આવેલા છે. એમાં ગૃહ મંત્રાલય જે ચીવટપૂર્વક કામ કરી રહ્યું છે એના બે-ચાર ઉદાહરણ ટાંકું છું. હમણાં પ્રતિપક્ષના સભ્યશ્રીએ એવું કહ્યું કે ગુજરાતમાં ક્રાઇમ રેટ વધારે છે, પણ નેશનલ ક્રાઇમ રેટ બ્યુરો દ્વારા પ્રકાશિત થયેલ ક્રાઇમ ઇન ઇન્ડિયા વર્ષ ૨૦૨૨માં ચોરીના ગુનામાં ગુજરાત રાજ્યનો ક્રાઇમ રેટ એક લાખે ૧૮.૫ રહેલ છે. એ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરખામણીમાં ચોરીના ગુનામાં ગુજરાતનું સ્થાન ૨૯મા નંબરે હતું. તારીખ ૨૩/૦૭/૨૦૨૨ના રોજ માનનીય ગૃહ મંત્રીશ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ઇ-એફ.આઇ.આર. સેવાનો શુભારંભ કરાયો. એમાં નાગરિકોને થયેલા ફાયદા ગણીએ તો ઇ-એફ.આઇ.આર. થકી નાગરિકો ઘેર બેઠાં વાહન અને મોબાઇલ ચોરીની ફરિયાદ સિટીઝન પોર્ટલ અને સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ દ્વારા કરી શકે છે. એમને પોલીસ સ્ટેશનમાં જવાની જરૂર નથી. ઓનલાઇન ફરિયાદ બાદ રજિસ્ટર મોબાઇલ નંબર ઉપર એસ.એમ.એસ.થી એમના ઘેર જાણ થઇ જાય છે તેમજ ૪૮ કલાકમાં પોલીસ દ્વારા ફરિયાદીનો સંપર્ક કરી, બનાવની જગ્યાની મુલાકાત લેવામાં આવે છે. પોલીસ દ્વારા સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરી ઇ-એફ.આઇ.આર. અરજી અપલોડ થયાના ૭૨ કલાકમાં તેનો નિકાલ કરવામાં આવે છે. ઇ-એફ.આઇ.આર. દાખલ થયાના ૩૦ દિવસમાં ચાર્જશીટ અથવા ફાઇનલ રિપોર્ટ ભરવામાં આવે છે. ઇ-એફ.આઇ.આર. સુવિધા થકી તારીખ ૨૩/૦૭/૨૦૨૨થી તારીખ ૩૧/૧૨/૨૦૨૩ સુધી કુલ ૧૧૪૯૬ એફ.આઇ.આર. નોંધવામાં આવેલ છે. એમાં વાહન ચોરીની ૪૯૯૮ એફ.આઇ.આર. નોંધાયેલી છે અને મોબાઇલ ચોરીની ૬૪૯૮ એફ.આઇ.આર. નોંધવામાં આવેલી છે. આવી જ રીતે, ડ્રોન પૉલિસી ગુજરાત સરકારશ્રીએ ચાલુ કરી છે. ડ્રોન પૉલિસી અંતર્ગત તારીખ ૧૦/૦૮/૨૦૨૨ના રોજ મુખ્યમંત્રીશ્રી દ્વારા ડ્રોન પૉલિસી લૉન્ચ કરી છે. જેમાં ગેરકાયદેસર કાર્યોની શોધખોળ, ગેરકાયદેસર પદાર્થોની હેરાફેરી તેમજ ઠામ-ઠેકાણાની તપાસ ખૂબ સરળતાથી થઇ શકે છે. ડ્રોન પૉલિસીથી રોજગારીના અનેક સ્ત્રોતોનું સર્જન પણ થઇ રહ્યું છે. ગુજરાત પબ્લિક સેફ્ટી એનફોર્સમેન્ટ એક્ટ દ્વારા શહેરોમાં દસ હજારથી વધુ સી.સી.ટી.વી. કૅમેરા લગાવી સુરક્ષા, સલામતી અને ટ્રાફિક મૅનેજમૅન્ટની ઉત્તમ કામગીરી થઇ રહી છે. ઇ-ગુજકોટ દ્વારા ૯૦,૦૦૦ કરતાં પણ વધુ પોલીસ કર્મચારીશ્રીઓ દ્વારા આ એપનો ઉપયોગ કરી નાગરિકોની સુવિધા અર્થે આ સેવા અતિઉપયોગી પુરવાર થઇ રહી છે. જે અન્વયે નાગરિકોએ અરજી નોંધાવવા પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર રહેતી નથી. આ એપ દ્વારા તેઓ ઓનલાઇન અરજી નોંધાવી શકે છે. અરજીનો નિકાલ થયેથી તેમને એસ.એમ.એસ. દ્વારા જાણ થઇ જાય છે. સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ્લિકેશન દ્વારા સિનિયર સિટીઝન નોંધણી, ગૂમ થયેલ વાહનના પ્રમાણપત્ર, ભાડૂઆત અંગેની વિગત તથા ઘરઘાટીની માહિતી વિગેરે ઘેર બેઠા મેળવી શકાય છે. આ ઉપરાંત, મહિલાઓને સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ કાર્યક્રમ અન્વયે વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૦,૦૯૮ મહિલાઓને ટ્રેનિંગ આપવામાં આવી. બુટલેગર મહિલાઓના પુનર્વસન અંતર્ગત ૩૭૫ બુટલેટર મહિલાઓનું પુનર્વસન થયું છે. સ્ટુડન્ટ પૉલિસી ક્રેડેટ પ્રોગ્રામ અંતર્ગત બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત તથા જાહેર જનતા અને પોલીસ વચ્ચે સૌહાદપૂર્ણ વાતાવરણ સર્જાય તે માટેનો પ્રયત્ન કરવામાં આવે છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે, એના અનુસંધાને મારા બે ત્રણ વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં લગભગ પાંચમી વખત હું આ મુદ્દો ઉપસ્થિત કરી રહ્યો છું કે ગુજરાત એગ્રીકલ્ચર લેન્ડ સીલિંગ એકટ અને સરકારી પડતર જમીનના કવોટામાંથી ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન એકસ આર્મી મેન, આદિવાસી, ઓ.બી.સી. અને દલિત સમાજના ઇસમોને, આ સમાજના નાના અને સીમાંત ખેડૂતોને કે ખેત મજૂરોને ખેડૂત બનાવવાના આશયથી રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા જે જમીનોની ફાળવણી કરવામાં આવી. છેલ્લાં ૭ વર્ષમાં મેં બે ડઝન વખત એપ્લિકેશન્સ કરી છે. અરજદારો પોતે સતત કહી રહ્યા છે કે અમારી માલિકીની જમીન, રાજ્ય સરકારે અમને ફાળવેલી જમીન, ૭-૧૨માં મારું નામ અને મામલતદાર કોર્ટથી લઇને સુપ્રીમકોર્ટ ઓફ ઇન્ડિયા સુધી કાયદાની કોઇ અદાલતમાં મેટર પેન્ડિંગ નથી. છતાં આ જમીનોની અંદર ગેરકાયદેસર દબાણો છે. આઇ.પી.સી.માં જોગવાઇ છે કે ટ્રેસ પાસિંગ એટ્રોસિટી એકટમાં કલમ છે કે અનુસૂચિત જાતિ, જનજાતિના ના હોય એવા ઇસમ દ્વારા અનુસૂચિત જાતિ, જનજાતિના વ્યક્તિની જમીનમાં ગેરકાયદેસર કબજો, ભોગવટો કે દબાણ કરવું એ ગુનો બને છે. લેન્ડ ગ્રેબિંગ એકટ પણ આવી ગયો, પણ આઇ.પી.સી. એટ્રોસિટીઝ એકટ અને લેન્ડ ગ્રેબિંગ ત્રણે કાયદા એ આ દલિતોની જમીન, જેમાં દબાણ છે, એમાં મદદ કરતા નથી. એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે બનાસકાંઠા અને કચ્છની અંદર આવી ૪ હજાર એકર જમીનમાં દબાણ હોવાની રજૂઆત અઢીસોથી વધારે અરજદારો અને અરજદારો વતી મેં ૧૫થી ૨૦ વખત કરી છે. એનું કોગ્નીજન્સ લઇ એમાં ગુના દાખલ કરવામાં આવે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમને વિનંતી છે કે ધારો કે આ કબજા સોંપવાની પ્રક્રિયામાં પંદર દિવસ, મહિનો, દોઢ મહિનાનો સમય થવાનો હોય અને આ સમયગાળા દરમ્યાન આ ભૂમિહીનોમાંથી કોઇ પોતે પોતાની રીતે જમીનનો કબજો લેવાની કોશિશ કરે અને એ વખતે એના જાનમાલને ગંભીર નુકસાન થવાની શકયતા હોય છે. તો આવું ન બને એના માટે આપણા પોલીસ પ્રશાસનને પ્રિવેન્ટીવ મેજર્સ લેવા જોઇએ.

શ્રી હર્ષ સંઘવી(રાજ્ય કક્ષાના ગૃહ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનનીય ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અંદાજપત્રમાં વાહન વ્યવહાર વિભાગ માટેની કુલ રૂ.૩૩૬૦.૩૩ કરોડની જોગવાઇઓની માગણીઓ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ જણાવતા આનંદ થાય છે કે વાહન વ્યવહાર વિભાગની ગત વર્ષની રૂ.૩૦૫૫.૧૯ કરોડની સામે આગામી વર્ષમાં રૂ.૩૧૫ કરોડનો વધારો મંજૂર કરવામાં આવેલો છે. રજૂ કરવામાં આવેલ બજેટ વાહન વ્યવહાર પ્રભાગના ઇતિહાસનું સૌથી મોટું બજેટ આજદિન સુધીનું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને શેઠ ભામાશા અમારા ફાઇનાન્સ મિનિસ્ટર આદરણીય શ્રી કનુભાઇ દેસાઇનો હું રાજયની સૌ જનતા વતી ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૪-૨૫ના વર્ષની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન સન્માનનીય સભાગૃહના માનનીય સૌ ધારાસભ્યશ્રીઓ દ્વારા અનેક મૌલિક સૂચનો, રજૂઆતો કે જેની સંપૂર્ણ નોંધ લઇને કોઇકે ટીકા કરી હશે કે કોઇકે તારીફ કરી હશે. ટીકા અને તારીફ બેઉને એકસરખું પ્રાધાન્ય આપીને રાજયની સૌ જનતાને એમનો ઇક્વલ રાઇટ મળે તે માટે તમારા સૌ લોકોની દરેક માગણીઓ, દરેક સજેશનો ગંભીરતાપૂર્વક અમે ધ્યાને લઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ હેઠળના જી.એસ.આર.ટી.સી. આપણે સૌ એને એસ.ટી. તરીકે ઓળખીએ છીએ. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં એસ.ટી.નો વિકાસ કોઇ કોઇના મન પર, દિલ પર હાથ મૂકીને પૂછશે ને તોય માનનીય અધ્યક્ષશ્રી, એને ગમે તેવી ટીકા કરવી હશે ને તો પણ એને જરૂરથી એટલું કહેવું પડશે કે એસ.ટી. વિભાગ દ્વારા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં એક નવો બદલાવ આવ્યો છે અને એ ખૂબ ઝડપથી આગળ વધી રહેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક નાની પંકિત મને મારા ધારાસભ્ય મિત્રએ મોકલી છે કે એસ.ટી. માટે મને બોલવાનો અવસર નથી મળ્યો પરંતુ જરૂરથી આ ચાર લાઇન સભાગૃહ સમક્ષ કહેવી જોઇએ.

''अभी तो शुरुआत है, मंजिल अभी बाकी है
नापी है सिर्फ जमी मुठीभर, पूरा आसमान तो अभी बाकी है।''

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. એ કોઇ રાજકીય મુદ્દો કયારેય ના હોઇ શકે. એસ.ટી. એટલે મારા રાજયના યુવાનો, મહિલાઓ, રાજયના ખૂણે ખૂણાનાં ગામડાઓ માટે આજીવિકાનું સૌથી મોટું સાધન હોય તો એ એસ.ટી. છે અને એ એસ. ટી. જે રાજયના લાખો પરિવાર માટે દરરોજ વહેલી સવારે મારા રાજયના યુવાનો જે સપનાં જુએ છે એ સપનાં સાકાર કરવા માટે કોઇ પહેલું સાધન, પહેલાં વાહનનો ઉપયોગ કરતાં હોય તો એ રાજયની એસ.ટી., રાજયની દાદાની સવારી. એસ.ટી.ને હવે ચારે તરફ લાખો લોકો એમ કહે છે કે ''દાદાની સવારી, એસ.ટી. અમારી'' મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં એસ.ટી. એ એવો બદલાવ લાવ્યો છે કે આ બદલાવ રાજયના નાગરિકોને ખૂબ ગમ્યો છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં એસ.ટી. વધુને વધુ સેવા કઇ રીતે પૂરી કરી શકે, રાજયનાં નાગરિકોનાં સપનાં કઇ રીતે સાકાર થઇ શકે, કોઇપણ રાજયના નાગરિકોની અવરજવર માટે સૌથી મોટું કોઇ કેન્દ્ર હોય તો એનું પબ્લિક ટ્રાન્સપોર્ટેશન હોય છે અને આ પબ્લિક ટ્રાન્સપોર્ટેશનમાં આજના જમાના મુજબનો સુધારો કરવો આવશ્યક હોય સમયે સમયે દુનિયાની ઝડપે આપણે ચાલી શકીએ એટલે એ સમયની માંગ પ્રમાણે આપણે એની અંદર સુધારો કરવો પડતો હોય છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વિભાગના સૌ અગ્રણીઓ સાથે, વિભાગના સૌ અધિકારીઓ સાથે અમે બેઠા અને નક્કી કરવામાં આવ્યું કે આપણે મહત્ત્વના કયા પાસા ઉપર વિચાર કરવો જોઇએ કે જેનાથી રાજયના સૌ નાગરિકો વધુને વધુ પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરે. અમે ચાર પાયાઓ નક્કી કર્યાઃ એસ.ટી.નો પરિવાર એટલે કે જે પરિવાર વર્ષો વર્ષથી આ બસો ચલાવવામાં, એસ.ટી.ને સુપારું રૂપે દરરોજ તેનું સંચાલન થઇ શકે તે માટે વિવિધ પ્રકારે નવી બસોનું સંચાલન, બસ સ્ટેશનો, ટેકનોલોજી આ પહેલો પાયો એટલે કે એસ.ટી. પરિવાર. કોઇપણ કંપની, કોઇપણ ઇન્ડસ્ટ્રી, કોઇપણ સરકાર એ એના પરિવારથી ચાલતી હોય છે, કર્મચારીઓથી ચાલતી હોય છે, એ એના અધિકારીઓથી ચાલતી હોય છે. જયાં સુધી પરિવાર ખુશ ન હોય ત્યાં સુધી એસ.ટી.ની હજારો બસો દરરોજ ચલાવવી, રજાના દિવસો જોયા વગર ચલાવવી, આટલા મોટા પ્રમાણમાં દરરોજ કનેકશનો સાચવવાં, પરિવારની સૌથી પહેલાં એની નાની, મોટી જે માંગો હોય છે એ પૂરી કરવી એ સૌથી મોટો આવશ્યક વિષય હતો. રાજયના છેવાડાના માનવીને અસરકારક અને સલામત રીતે પોતાના ગંતવ્યસ્થાન સુધી પહોંચાડવાનું કોઇ અભિન્ન અંગ હોય તો તે છે એસ.ટી.ના મારા બસના ડ્રાઇવર ભાઇઓ અને બહેનો, બસના કંડકટરો. કંડકટરમાં હવે માત્ર પુરૂષો નથી, મારી ગુજરાતની બહેનો પણ રાજયના વડીલોને, બહેનોને નાની મોટી સવારી માટે આવતા હોય, દાદર ના ચડાતું હોય તો મારી એસ.ટી.ની કંડકટર બહેનો એમનો હાથ પકડીને બસમાં બેસાડતી આપણે સૌએ નજરે જોઇ છે. એસ.ટી. તંત્ર જેના ડ્રાઇવર, કંડકટર અને અન્ય સ્ટાફ સાથે મળીને અમારો એસ.ટી. પરિવાર ૩૬૦૦૦ લોકોનો પરિવાર છે. આ પરિવાર એસ.ટી.માં કામ કરતા કરતા એમણે કયારેય કોઇ દિવસ વાર, તહેવાર, પોતાના પરિવારોના પ્રસંગો, શનિવાર-રવિવાર હોય, ખૂબ વધારે ઠંડી પડતી હોય, વરસાદ પડતો હોય, ગરમી પડતી

હોય પણ આ અમારા એસ.ટી. પરિવારે કયારેય આ નથી જોયું. એ હંમેશા રાજયનાં નાગરિકો પોતપોતાનાં કામે જઇ શકે, મારી રાજયની માતાઓ પોતાના પિયરે જવું હોય તો પોતે પહોંચી શકે તે માટે આ બધા જ એસ.ટી. પરિવારના લોકોએ તેમની રજાઓ ત્યાગ કરીને રાજયના નાગરિકોની સેવામાં રાતદિવસ કામ કર્યું છે. નાની નાની તકલીફો, નાના નાના વિષયો એ આટલા મોટા પરિવારમાં બનતા હોય છે.આટલા મોટા પ્રમાણમાં ટ્રીપો ચાલતી હોય ૮ હજારથી વધારે બસોનું સારું સંચાલન થતું હોય ત્યારે નાની મોટી ઘટનાઓ બનતી હોય છે. નાનો મોટો મિકેનિકલ, એન્જિનિયરિંગ પ્રોબ્લેમ, બસમાં પંચર પડી જાય તો લોકો હસીને ફોટો મૂકતા હોય. હમણાં એક ધારાસભ્યશ્રીની ગાડી બંધ પડી ગઇ એનો ફોટો એમણે મને બતાવ્યો કે આટલી મોંઘી ગાડી રસ્તામાં બંધ પડી ગઇ અને બીજા વ્યક્તિની ગાડીમાં બેસીને આવ્યા અને એસ.ટી.ની બસ બંધ પડી જાય તો ૮ હજાર બસો સુચારું રીતે ચાલતી હોય એ બાજુમાં અને એક બસનો ફોટો મૂકીને મારા ૩૬ હજાર લોકોની મજાક ઉડાવવામાં આવે છે. દિવાળીનો તહેવાર હમણાં જ ગયો છે. આ મારા એસ.ટી. પરિવારના લોકોએ પોતાના પરિવાર સાથે દિવાળીના તહેવારનો ત્યાગ કર્યો. રાજ્યના અનેક જિલ્લાઓ એવા છે, આપ જે જિલ્લામાંથી આવો છો માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લો, સૌરાષ્ટ્રના જિલ્લાઓ, ઉત્તર ગુજરાતના જિલ્લાઓ જે જિલ્લામાંથી લોકો રોજગારી અર્થે વડોદરા, રાજકોટ, સુરત એવાં શહેરોમાં અલગ અલગ પોતાના પરિવારો સાથે વસે છે એવા લોકો દિવાળીમાં પોતાના પરિવાર સાથે વતનમાં જવા માટે દિવાળીના સમયે, રજાઓના સમયે, જે પરિવારોએ લકઝરી બસોનું મોંઘુ ભાડું ભરવું પડતું હતું એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી આ લોકોને આ વર્ષે એમાંથી મુક્ત કેવી રીતે કરાવી શકીએ એ દિશામાં એસ.ટી. પરિવારે કામગીરી હાથમાં લીધી હતી. માત્ર સુરત જેવાં શહેરમાંથી ૧૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસો મૂકવામાં આવી. અહીંયા શ્રી કુમારભાઇ બેઠા હશે, શ્રી કાંતિભાઇ બેઠા હશે, શ્રી પ્રવિણભાઇ ઘોઘારી બેઠા હશે, શ્રી વિનોદભાઇ મોરડિયા બેઠા છે, શ્રી પ્રફુલ્લભાઇ પાનસેરિયા અહીંયા બેઠા છે. સૌરાષ્ટ્રના નાગરિકો પાસેથી સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે લકઝરી બસોમાં ખૂબ મોંઘા ભાડા વસૂલાતા હતા. આ સૌ ધારાસભ્યો મારી પાસે આવ્યા. આપણે નવી બસો મૂકી. એક્સ્ટ્રા ટ્રીપો મૂકી અને એટલું જ નહીં કોઇ એકસાથે આખી બસ બુક કરાવે તો સોસાયટીના ઝાંપા સુધી દાદાની આ સવારી પહોંચી અને એમનાં ગામડાં સુધી પહોંચાડી દે. આ માત્ર અવર-જવર માટે નહીં, પરંતુ આની એક સોશિયલ ઇમ્પેક્ટ પણ મોટી હોય છે. એક સામાન્ય પરિવારના પતિ, પત્ની, બાળક, બાળકી એમ ચાર જણા ગામડે જતા હોય તો હજારો રૂપિયા ગામડે પહોંચે ત્યાં સુધીના લાગતા હોય છે. પણ દાદાની સવારી એમના ઝાંપા સુધી પહોંચી તો હજારો રૂપિયા બચ્યા. એ બચતમાંથી નાનીમોટી દુકાન, રોડ પર બેસીને દીવા વેચતા લોકો પાસેથી પોતાના ગામના લોકો માટે નાની મોટી ભેટ લઇને જઇ શક્યા. આનાથી સોશિયલ ઇમ્પેકટ પણ મોટો પડતો હોય છે. તે માટે હું રાજ્યના સૌ નાગરિકો વતી અને કોઇએ કાપ દરખાસ્ત મૂકી હોય કે કોઇ માગણી કરી હોય, એ અલગ અલગ વિષય છે અને અલગ અલગ વિચાર હોઇ શકે છે. પરંતુ હું અમારા એસ.ટી. પરિવાર સાથે ઊભો છું. ૩૬ હજાર પરિવારના સભ્યોને આજે વિધાનસભામાં વંદન કરીને, નતમસ્તક થઇને એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. એટલું જ નહીં, આ એસ.ટી. પરિવાર જે રાત દિવસ કામ કરે છે તો એ લોકોના પણ નાના મોટા પ્રશ્નોનો નિકાલ લાવવો એવું માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વિભાગ દ્વારા નક્કી કરવામાં આવ્યું. એસ.ટી. નિગમના સૌ ડ્રાઇવરો, કન્ડકટરો, રાજ્ય સરકારના કર્મચારીને મળતા ૪૨ ટકા મોંઘવારી ભથ્થાને આ લોકો માટે મંજૂર કરવામાં આવ્યાં. રાજ્ય સરકારના આ એક નિર્ણયથી નિગમના કર્મચારીઓને રૂપિયા ૧૫૦ કરોડનો સીધો લાભ થયો. નિગમના કર્મચારીઓને નવીન સુધારેલ દરે ઘરભાડા ભથ્થું આપવામાં આવ્યું. આ જ રીતે નિગમના ૭ હજારરથી વધારે ફિક્સ પગારના કર્મચારીઓનો પગાર પહેલા રૂપિયા ૧૮,૫૦૦ હતો તેમાં રૂપિયા ૭,૫૦૦નો વધારો કરી માસિક રૂપિયા ૨૬ હજાર કરવામાં આવ્યો. આ ફિક્સ કર્મચારીઓ હતા તેમના પરિવારમાં ૭,૫૦૦ રૂપિયા પ્રતિમાસ વધારે પગાર મળવા લાગ્યો, ત્યારે એમના દીકરા-દીકરી, માતા-પિતા વર્ષમાં બે વાર તીર્થયાત્રાએ ફરવા જઇ શકે. કોઇ પોતાનાં બાળકને વધારે સારી સ્કૂલમાં અભ્યાસ કરવો હોય અને ફી ભરવાની હોય તો એમાં આ વધારો કામ આવશે. નિગમમાં ચાલુ ફરજે અવસાન પામેલા કર્મચારીઓ છે એના આશ્રિતોને નોકરી આપવા અથવા નાણાકીય પેકેજ મળે એ માટે સરકાર દ્વારા હકારાત્મક કાર્યવાહી હાથ ધરેલ છે. નિગમની નીતિ અનુસાર વર્ષ ૨૦૧૧ પહેલા અવસાન પામેલ નિગમના ૨૪૦થી વધુ કર્મચારીના આશ્રિતોને કલાર્કની કક્ષામાં નિમણૂક આપવાની કામગીરી નિગમ દ્વારા ચાલુ કરી દેવામાં આવી છે. ૨૪૦ આશ્રિતો માટે નિમણૂક પત્રો માટેના ભલામણમાં મારે કોઇના નામ બોલવા નથી. એ પક્ષ-વિપક્ષ ઉપર-નીચે બેઠલા બધા જ લોકોની ભલામણો આવી છે એ સૌ લોકો માટે આનંદના સમાચાર છે કે આપ સૌની ભલામણો આપણો જે નિયમ છે એને ફોલો કરતા બધા જ આશ્રિતો માટેની કામગીરીની શરૂઆત થઇ ચૂકેલી છે. રાજ્યનો વિકાસ જે રીતે થઇ રહ્યો છે. આપણે જે કર્યું એ તો બરાબર છે. પરંતુ આપણે હજુ પણ ઝડપથી આગળ વધવું છે. આપણે ખૂબ ઝડપથી રાજ્યનાં ગામડાઓમાં આજે પ્રત્યેક બસો પહોંચે છે ત્યાં વધુ કનેકસન કેઇ રીતે પહોંચાડી શકાય? તે દિશામાં આગળ વધવું છે. વિભાગ દ્વારા હજુ વધુમાં વધુ લોકોને લાભ મળે તે માટે આગામી સમયમાં નિગમમાં પ્રતિ વર્ષ નિવૃત્ત થઇ રહેલા ડ્રાઇવર-કંડક્ટર સાથે સાથે અમે ૨૦૦૦થી વધારે નવા રૂટ શરૂ કરવાની ચેલેન્જ વિભાગે હાથ ધરેલ છે. નવી ભરતીમાં ૪,૦૬૨ ડ્રાઇવરો અને ૩,૩૪૨ કંન્ડક્ટરોને સ્થાન મળશે. ૨,૮૨૭ મિકેનિક લેવામાં આવશે, ૧,૬૯૬ કલાર્ક લેવામાં આવશે. કુલ મળીને ૧૧,૦૦૦થી વધુ કર્મચારીઓની ભરતીની કાર્યવાહી હાથ ધરેલ છે. જે આવનાર વર્ષ ૨૦૨૪ના અંતમાં તમામ ૧૧,૦૦૦થી વધુ કર્મચારીઓને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે. આ પહેલો પાયો હતો. બીજો પાયો આપણી બસ છે. અહીંયા બેઠલા એક પણ ધારાસભ્ય એવા નહીં હોય કે જેમણે

આખા વર્ષમાં નવી બસો માગી હોય અને અમે એમને નવી બસો ના મોકલી હોય. માનનીય અધ્યક્ષશ્રી, તમારા વિસ્તારમાં પણ એટલી જ બસો મોકલવામાં આવી છે. આ તમામ લોકોના વિસ્તારમાં કોઇ ના નહીં પાડી શકે. કોઇને રાજકીય વિરોધ કરવા પૂરતો કરવો હોય એ કરી શકે છે એમાં કોઇ ખોટી વાત નથી. આપણું વાહન વ્યવહાર નિગમ જે નાનામાં નાના લોકોને મીની બસથી લઇને અત્યાધુનિક વોલ્વો બસ એસ.ટી. પરિવારની અંદર ૮,૦૦૦ બસો છે. વિદેશની ધરતી પર ચાલતી બસ આપણે જેમ પહેલા એક માળનું ઘર હોય પછી બે માળનું ઘર બને એમ આપણે જૂની ડબલ ડેકર બસો જોતા હતા. પોતાનાં બળકોને ચોપાટીએ લઇ જવા માટે ડબલ ડેકર બસો વપરાતી હતી એ બસોને નવા રૂપ–રંગથી આજના અત્યાધુનિક જમાનામાં શોભે તે રીતે સંપૂર્ણ એસ.સી. ઇ–બસ જોવા માટે શાસક પક્ષના અને વિપક્ષના સભ્યો પણ છુપાઇ છુપાઇને પોતાનાં બાળકો જોડે જરૂરથી આ બસમાં બેસીને ફરી એકવાર ચોપાટીએ જાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ઇન્ટરનેશનલ સિટી ગિફ્ટ સિટીથી આ બસોની શરૂઆત કરવામાં આવી છે. આવનારા દિવસોમાં આ બસો સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી પહોંચાડવા માગીએ છીએ. આ બસો અમદાવાદ શહેરમાં પણ પહોંચી છે. ગુજરાતના તમામ શહેરોમાં આ ડબલ ડેકર બસો આવનારા દિવસોમાં આપણને સૌને નજરે પડશે. આ ડબલ ડેકર બસ આપણી શાન છે. કોઇ પણ વિદેશથી મહેમાનો કે ડેલિગેશન આવે એને આ પ્રકારની બસો જોઇને ગુજરાત અને ગુજરાતનો વાહન વ્યવહાર વિભાગ જ નહીં, પરંતુ ગુજરાતની પ્રત્યેક જનતા ક્યા પ્રકારની પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરે છે એ જોઇને તમામને ખુશી થશે એ પ્રકારની દિશામાં અમે લોકો કામગીરી કરી રહ્યા છીએ. માત્ર ૧૪ મહિનામાં મેં જે પ્રકારે જણાવ્યું એ પ્રકારે ૧,૫૨૦ નવી બસો આપણે ગુજરાતની જનતાની સેવા માટે ખુલ્લી મૂકી છે. રૂ.૫૨૫ કરોડના ખર્ચે આ નવી બસો ખરીદવામાં આવી છે. હજી પરમ દિવસે જ ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના કોઇ પણ નાગરિક ગાંધીનગર સુધી એની ફરિયાદ લઇને આવવાની હોય એ નાગરિકોને કમર તૂટી જાય એ પ્રકારની બસોમાં હવે આવવું નહીં પડે. એ લોકો માટે અત્યાધુનિક ૭૦ નવી બસો ખૂલ્લી મૂકવામાં આવી એના થકી ગુજરાતનો કોઇ પણ નાગરિક કોઇ ફરિયાદ લઇને મુખ્યમંત્રીને મળવા આવે એ એકદમ સારી રીતે આવશે અને સારી રીતે પરત ફરી શકે તે માટે આ નવી ૭૦ બસો ખૂલ્લી મૂકવામાં આવી છે. આવનારા માત્ર ૫ જ દિવસની અંદર માનનીય અધ્યક્ષશ્રી, આપના વિસ્તારમાંથી પણ એક લીલી ઝંડી આપવાની છે. અમે આપને પણ આમંત્રણ આપવા માગીએ છીએ. હું તો આજે ખુલ્લા હાઉસમાં આપને આમંત્રણ આપું છું કે આપ આવો, આપ અમારી જોડે આ નવી બસોને ખુલ્લી મૂકો. આ નવી બસોને તમે જોશો તો તમે પણ ગાડી છોડી દેશો. હું આ બસની અંદર ગુજરાતના ચારેય ખૂણે ફરીને આવ્યો છું. ગુજરાતના ચારેય ખૂણે ગુજરાતની અલગ અલગ બસોમાં એકદમ આકસ્મિક રીતે કે ઇમિડિયેટલી કોઇપણ પ્રકારની માહિતી આપ્યા વગર આ બસોમાં બેસીને ગાંધીનગર સુધી આવ્યો છું, રાજકોટથી પણ આવ્યો છું. સુરત, તાપી, ડાંગ આ બધી જગ્યાએ એસ.ટી. બસની અંદર બેસીને મેં પ્રવાસ કરેલો છે. આ પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની અંદર ખૂબ મોટો બદલાવ આવે છે અને હું આજે આ ગૃહ સમક્ષ કહું છું અમે ખૂબ મોટો બદલાવ લાવવા માટે એકદમ જ મનથી મક્કમ થઇને આ વિષય નકકી કરેલો છે. આવનારા ૫ દિવસમાં રાજયના સૌ નાગરિકોની સેવા માટે બીજી નવી ૫૦૦ બસો માત્ર ૫ દિવસમાં ખુલ્લી મૂકવાના છીએ. આજે આપ અધ્યક્ષસ્થાને છો અને આપ જયારે અધ્યક્ષસ્થાને હો હંમેશા હસતા ચહેરે સદા તમે સૌને મદદ કરતા હો છો અને આજે તમે મને બહાર કહ્યું લોબીમાં કે જયારે વિષય આવે તો લોકોને અને ધારાસભ્યોને એમની નાનીમોટી માંગ છે એ માટે મદદનું વિચારજો. આપનાં સૂચનનું અમે સંપૂર્ણપણે પાલન કરવા તૈયાર છીએ. હું આજે આ સભાગૃહમાં ડિકલેર કરું છું કે સભાગૃહના મારા કોઇપણ સાથીઓને કોઇપણ પ્રકારનાં નવાં કનેકશન જોઇતાં હોય એ બધાં જ કનેકશન અમે માત્ર અઠવાડિયાની અંદર અમે આપને આપવા માટે તૈયાર છીએ. સભાગૃહમાં હું ડિકલેર કરું છું કે તમામ ધારાસભ્યો આપને જે ૨ નવાં કનેકશન જોઇતાં હોય એ મારા કાર્યાલય ઉપર તાત્કાલિક ૫ દિવસની અંદર આપ આપના પત્રના માધ્યમથી અમને જાણકારી આપો. આ સભાગૃહના સૌ ધારાસભ્યોને ૨ નવાં કનેકશનો વગર કોઇ રોકટોકે એક જ અઠવાડિયામાં ચાલુ કરવાનું હું આજે ડિકલેર કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : તમને નવા રૂટ આપશે.

શ્રી હર્ષ ર. સંઘવી : નવા રૂટ, નવી બસ, નવા રંગ બધું જ નવું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ બધા ધારાસભ્યશ્રીઓની વાત સ્વીકારી એ બદલ અભિનંદન.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ મારા મિત્ર છે. ૬ લાખ, ૮ લાખ એ બધા આંકડામાં ન પડો. તમને એક પણ બસ ખરાબ દેખાય. અમે આવનારા ૨૦૦ દિવસની અંદર આ બસોની અંદર નાનીમોટી જે કંઇ તકલીફો છે એ દૂર કરવાનો ટાર્ગેટ આપ્યો છે. તમને કોઇપણ બસ એવી દેખાય જો આકસ્મિક રીતે નાનીમોટી ઘટના બની શકે. મોંઘીદાટ કરોડો રૂપિયાની ગાડીને આપણે ગાય અને ભેંસથી ખેંચતા જોઇ છે. મેં રેન્જ રોવરને ખેંચતા જોઇ છે. અલગ અલગ ગાડીઓને ખેંચતા જોઇ છે. મેં ગાય અને ભેંસ પાસે ખેંચાવડાવે. કારણ કે કંપની એનું સોલ્યુશન ન લાવી શકે. આ ટેકનિકલ ઇશ્યૂ હોય છે. બસની અંદર બીમારી નાનીમોટી તકલીફો આવી શકે, પરંતુ અમે ગંભીરતાપૂર્વક કોઇપણ તકલીફ આવે તો એનો નિકાલ લાવવા માટે તૈયાર છીએ. હું શ્રી કનુભાઇને શેઠ ભામાશા કેમ કહું છું? મુખ્યમંત્રીશ્રી ખૂબ વિશાળ હૃદયના છે એમ કેમ કહું છું? મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇએ સાથે બેસીને એમ કહ્યું કે જે પ્રકારે એસ.ટી. વિભાગ કામગીરી કરી રહ્યું છે, જે પ્રકારે એસ.ટી. વિભાગની સક્ષમતા છે એ પ્રકારે અમને ૧૦૦ ટકા વિશ્વાસ છે કે રાજયના છેવાડાના નાગરિકોએ ગામ છોડીને કયારેય શહેરમાં નહીં વસવું પડે. ગામોની અંદર રહીને એ પોતાની નોકરી પ્રાપ્ત કરી શકશે. અમે માંગેલી ૧૫૦૦ બસો મુખ્યમંત્રીશ્રીએ બેઠકની

અંદર એમના અધિકારીશ્રીઓ જોડે ચર્ચા કરીને કહ્યું કે રાજયના નાગરિકો માટે ૧૫૦૦ નહીં, આ વર્ષે પણ ૨૫૦૦ બસો ખરીદો. વધુમાં વધુ લોકો સુધી આ સુવિધા પહોંચાડો. શેઠ ભામાશા અને મુખ્યમંત્રીશ્રીએ અમને ૨૫૦૦ નવી બસો આપી છે. આ ૨૫૦૦ નવી બસોથી સૌ ધારાસભ્યની અલગ અલગ જે માગણી હશે એ તમારી માગણી ઉપર ૧૦૦ ટકા ચિંતા કરીને એ માગણીઓ પૂરી કરવામાં આવશે. અમે એક સોફ્ટવેર બનાવ્યું છે. આ માગણી તમે જો માંગશો એ તમારા વિસ્તારના નાગરિકો માટે માંગી હશે તો એ ૧૦૦ ટકા ચાલુ રહેશે પણ તમે માત્ર કોઇ ૧-૨ જણની ભલામણ આવી અને એ બસોના રૂટ ચાલુ કરાવ્યા અને ૬૦ દિવસોની અંદર જો એ બસોની અંદર અમને લોડ નહીં મળે તો પાછી એ ઓટોમેટિક બંધ પણ થઇ જશે એટલે જે કોઇ માગણીઓ માંગો એ માત્રને માત્ર રાજયના નાગરિકોના હિતમાં માંગજો.

માનનીય અધ્યક્ષશ્રી, બસ સ્ટેશન અમારો ત્રીજો પાયો છે. બસોની સાથેસાથે બસ સ્ટેશનના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો થાય અને એરપોર્ટ પ્રકારના બસપોર્ટ રાજયની સેવામાં પ્રજાને અર્પણ કરવામાં સરકાર કટિબદ્ધ છે. પાછલા ૧ વર્ષમાં ૧૧ બસસ્ટેશનો અને ડેપોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સુવિધાનો માત્ર એક વર્ષમાં બસસ્ટેશનો, બસ ડેપો ચાલુ કરવામાં આવ્યા એનો એક લાખ લોકો સીધો લાભ લઇ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પી.પી.પી. ધોરણના ભાગરૂપે ભરૂચ અને ભુજ ખાતે બે નવા બસપોર્ટ બનાવ્યા. ભરૂચ જેવા જિલ્લામાં, કચ્છ જેવા જિલ્લામાં ત્યાં બસ સ્ટેશનમાં જાઓ તો એમ લાગે કે, એરપોર્ટ કરતાં વધુ સુવિધા છે. બસ સ્ટેશનો એટલા અદ્ભુત બન્યા છે કે, ત્યાં બધા જ પ્રકારની વ્યવસ્થા છે. બધી જ વ્યવસ્થા થવાને કારણે લોકોને ખૂબ સારી સુવિધા મળી રહી છે. આ બે નવાબસ પોર્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ જ દિવસ સુધી પ્રતિદિન અમે એવરેજ કઢાવી તો આ બે બેસપોર્ટમાં દરરોજ ૭૪ હજાર લોકો તેનો લાભ લઇ રહ્યા છે. અમે નાના નાના બસ સ્ટેશનો, એક-એક ધારાસભ્યશ્રીના આંકડા આપું છું કે, પોતપોતાના વિસ્તારમાં દરરોજ કેટલા લોકો બસોનો ઉપયોગ કરી રહ્યા છે. કાપ દરખાસ્ત આવે પણ આ કાપ દરખાસ્તો કોઇવાર વાયેબલ થઇ જાય, પાસ થઇ જાય તો તમારા ત્યાંના નાગરિકો આ બસોનો ઉપયોગ કઇ રીતે કરશે? આ એક-એક ધારાસભ્યશ્રીઓની મારી કચેરીમાં બસ સ્ટેશનોની જે માગણીઓ આવી અને તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીનું જે માર્ગદર્શન મળ્યું તેમાં અમે નાના જિલ્લાઓમાં નાના બસ સ્ટેશનો છે તેમાં અમે જોયું તો પક્ષ કે વિપક્ષ બધાની ફરિયાદો સાચી હતી. આજે પણ બસ સ્ટેશનો ઉપર કયાંકને કયાંક ટોઇલેટની સફાઇ સાચવવી તે બહુ મોટી અગવડતા છે. તેને કઇ રીતે ક્લિયર કરવું તે જોવા જેવું છે. તે સાફ સફાઇમાં આપણે વધુ સારી કામગીરી કરવાની આવશ્યકતા છે. અમે તે સ્વીકાર્યું અને ચેલેન્જ લીધી. અમે તે ચેલેન્જ લીધી કે, બસ સ્ટેશનોની અંદર ૨૦ હજાર લોકોની દરરોજ અવર જવર થતી હોય તો ત્યાં ૨૦૦૦ લોકોને જ સગવડતા મળી શકે તેટલા જ ટોઇલેટ બાથરૂમ બન્યા હોય તો તેની સામે ૨૦ હજાર લોકો માટે કેટલા ટોઇલેટ બાથરૂમની જરૂર છે તેનો સરવે કરાવો. ૨૦ ટોઇલેટની જગ્યાએ ૨૦૦ ટોઇલેટની જરૂર હોય તો તે બનાવવા જ પડે નહીં તો કોઇ દિવસ કોઇપણ ટોઇલેટ સાફ રાખવામાં કોઇપણ એજન્સીને કયારેય સફળતા પ્રાપ્ત થતી નથી. આ સરવેની કામગીરી પૂર્ણ થવા આવી છે. ત્યાં સુધી અમે શું કર્યું તો અમે પહેલી બેઠકમાં નક્કી કર્યું કે, આપણે સૌથી પહેલાં બસ સ્ટેશનોમાં જે પાણીના નળ છે, આ એક સામાન્ય વિષય લાગશે પરંતુ આપ સૌને પોતાના વિસ્તારમાં આવી કોઇ માહિતી નજરે આવે તો આપ જરૂરથી મંત્રીશ્રીઓને જણાવી શકશો. ટપકતા નળ કઇ રીતે બંધ કરવા તે ચેલેન્જ અમે ઉપાડી. આખા ગુજરાતના બધા જ બસ સ્ટેશનોમાં અમે ટપકતા નળ બંધ કર્યા. તે બંધ કરવાથી અમારા બસ સ્ટેશનોની ટોઇલેટની સફાઇ સુધરી. આજે સંપૂર્ણ સંતોષ છે તેવું નથી કહેતો પણ તેમાં સુધારો જરૂર થયો છે. પાણીનો જે બગાડ થતો હતો તે પણ બંધ થયો. સાહેબ ૬૬ જેટલા બસ સ્ટેશનોમાં જયાં કલરકામની જરૂરત હતી તે કલરકામની કામગીરી માત્ર ત્રણ મહિનામાં પૂર્ણ કરી. શૌચાલયોમાં જે કલરની કામગીરીની જરૂર હતી, નાની મોટી ટાઇલ્સ તૂટી હોય તેવા ૫૧ શૌચાલયોની ટાઇલ્સ બદલી દીધી. બીજા ૧૦૦ શૌચાલયનું કામ ચાલુ છે અને આવનારા ત્રણ મહિનામાં પૂરું થશે. જે બસ સ્ટેશનો પર હું ગયો અને મેં પોતે જોયું. ધારાસભ્યશ્રીઓની જે ફરિયાદ આવે છે તે સાચી છે કે ખોટી છે, મેં પોતે જોયું તો ઘણાબધા બસ સ્ટેશનો એવા હતા કે જયાં બેસવા માટે બેન્ચ ન હતી. એવા ૧૦૨ બસ સ્ટેશનો ઉપર નવી બેન્ચો મૂકાવવામાં આવી. જેનાથી સિનિયર સિટીઝનો આવતા હોય તેમને શેતરંજી પાથરીને નીચે ના બેસવું પડે. તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી. શૌચાલય હોય ત્યાં વોશ બેઝીન હોવું જરૂરી છે. વોશ બેઝીન કેમ ન હોય? અમે વિભાગ દ્વારા નિર્ણય લઇને ૮૫ બસ સ્ટેશનો ઉપર શૌચાલયોની અંદર વોશ બેઝીનની સુવિધા ઉપલબ્ધ કરાવી. શૌચાલયમાં નવીન ફીટ કરેલ ડબલ્યુ.સી. પાનની સંખ્યા એટલે કહું તો ૨૦૧ જગ્યા ઉપર આ કરાવ્યું. શૌચાલયમાં નવીન ફીટ કરેલા નળની વાત કરું તો ૭૦૫ બાથરૂમ ટોઇલેટ એવા હતા કે જ્યાં નળ લિકેજ હતા ત્યાં આપણે નવા નળ ફીટ કરાવ્યા છે. દર અઠવાડિયે મંત્રીશ્રી લેવલે, અધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ લેવલે પહેલાંનો નળ અને હવેનો નળ, હમણાં શું પરિસ્થિતિ છે તેના ફોટા જોવામાં આવ્યા, કલાકો સુધી બેઠકો ચાલી. તેના પછી થોડીઘણી સફળતા મળી છે. આવનારા દિવસોમાં સંપૂર્ણ સફળતા જરૂરથી મળશે. બસો અને બસ સ્ટેશનની સફાઇ ખૂબ જરૂરી છે. હમણાં સુધી હાઉસ કિપિંગની કુલ મળીને ૨૪૯ એજન્સીઓની નિમણૂક કરી છે અને સફાઇની કામગીરી આપી દેવામાં આવી છે. બધા જ મહાનગરોમાં ૨૪ x ૭ એટલે કે ચોવીસ કલાક ૯૨૩ જેટલા સફાઇ કર્મચારીઓને રોકવામાં આવ્યા. બસના પ્લેટફોર્મ પર તે સફાઇ કર્મચારી ચોવીસ કલાક અવેલેબલ હોય. ધારો કે, દાહોદથી બસ સુરત આવી અને જેવી પ્લેટફોર્મ પર ઊભી રહી કે તરત જ તેની સફાઇ કરવામાં આવશે કે જેથી બસ હંમેશાં સાફ રહે. એ રાજકોટ પહોંચે તો પાછી સફાઇ કરવામાં આવે એ જ રીતે અમે ૯૨૩ સિવાય બીજા ૧૧૫૨ સફાઇ કર્મચારીઓને રાખીને માત્ર આ ૩ મહિનામાં ૨૦૦૦થી વધારે નવા સફાઇ કર્મચારીઓને બસ

સ્ટેશન અને બસ સાફ કરવા માટે નિમણૂક આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધું કરવા છતાં પણ રાજયનો આ વિભાગ જે નુકસાનમાં હતો એ આજે નુકસાનમાં નથી કારણ કે, સેવાઓ જેમ જેમ વધારીએ તેમ તેમ લોકો એનો વધારે ઉપયોગ કરે. બસની જો કેપેસિટી ૫૦ સીટની હોય અને એમાં જો ૩૫ પેસેન્જર બેસીને જાય તો એ રાજયના વિભાગને નુકસાન છે, હવે ૫૦ સીટની બસમાં ૫૦ લોકો બેસવા માંડ્યા છે એને કારણે આ વિભાગ નુકસાનમાંથી આજે નફો કરતું થયું છે. આ નફાની રાજય સરકારને કોઇ જરૂર નથી પણ આ વિભાગ આ નફો લોકોની સુવિધાઓમાં જ ઉપયોગ કરવા માગે છે, પરંતુ આ ઇંધણ જે આપણું બળે છે એનો બરાબર ઉપયોગ થાય એના માટે સુવિધા વધારવાની ખાસ આવશ્યકતા હતી એ વધારીને અમે વ્યવસ્થાઓ સુધારેલી છે. અમારો ટાર્ગેટ આ વર્ષનો શું છે? અમારો ટાર્ગેટ વિકાસની આ શૃંખલામાં કુલ નવા ૪ બસ સ્ટેશનોના ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે. છેલ્લાં ૧૦ દિવસમાં અને આવનારા આજ મહિનામાં ૧૫ નવા બસ ડેપોનું અને બસ સ્ટેશનોનું ખાતમુહૂર્ત કરવાના છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ભારતીય જનતા પાર્ટીની સરકારનો નિર્ધાર છે કે, જે પ્રોજેકટનું ખાતમુહૂર્ત કરે એ આજ સરકાર એનું લોકાર્પણ પણ કરતી હોય છે. વર્ષ ૨૦૨૪–૨૫ વચ્ચે ૨૭ ડેપો અને બસ સ્ટેશનોના નિર્માણનું કાર્ય પૂર્ણ કરીને રાજયના લાખો લોકોને સીધી સુવિધાઓ આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ચોથો પાયો હોય છે ટેકનોલોજી. ટેકનોલોજીમાં જી.એસ.આર.ટી.સી.એ ખૂબ કામ કર્યું છે પણ હજુ પણ ખૂબ કામની આવશ્યકતા છે. આજના જમાનામાં લોકોને મોબાઇલથી જેટલી વસ્તુઓ ઉપલબ્ધ કરાવો તો એ શાંતિથી અને સરળતાથી એનો ઉપયોગ કરી શકે. ગુજરાત ટેકનોલોજીની દૃષ્ટિએ દરેક ક્ષેત્રમાં કૂદકેને ભૂસકે આગળ વધી રહ્યું છે ત્યારે જી.એસ.આર.ટી.સી. પણ કદમથી કદમ મિલાવી રહ્યું છે. પેસેન્જરને ટિકિટ બુક કરવાથી લઇ બસોની સફાઇ સુધીની દરેક બાબતમાં જી.એસ.આર.ટી.સી. દ્વારા ટેકનોલોજીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. નિગમની બસોમાં મુસાફરોની સગવડતા વધારવાના ઉદ્ધેશને રાજયના નાગરીકો ઘર બેઠાં એક ક્લિકથી વેબસાઇટ તેમજ મોબાઇલ એપ્લિકેશન થકી ટિકિટ બુક કરાવી શકે, નિગમમાં ઇ–ગવર્નન્સનો વ્યાપ વધે તે હેતુથી ઓનલાઇન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવેલ છે જેનો મુસાફરો દ્વારા બહોળા પ્રમાણમાં લાભ લેવામાં આવેલ છે. બસ સ્ટેશન પરથી મુસાફરો લાઇનમાં ઊભા રહ્યા વગર ટિકિટ મેળવી શકે તે માટે અમદાવાદમાં બે બસ સ્ટેશનોથી શરૂ કર્યું છે. ગીતા મંદિર તેમજ નહેરુનગર આ બંને જગ્યા પર કિયોસ્ક મૂક્યું છે. કિયોસ્ક પરથી સામાન્ય રીતે એ ડાયરેકટ ટિકિટ મેળવી શકે છે. હજારો લોકોએ એક મહિનામાં આ કિયોસ્ક પરથી ટિકિટ મેળવી છે અને તેનાથી અમારા સ્ટાફનો પણ સમય બચે છે અને સાથે સાથે લોકો ઝડપથી ટિકિટ મેળવી શકે છે. મુસાફરો બસની અંદર જ ટિકિટિંગ મશીનમાં ડાયનામિક QRના માધ્યમથી ડિજિટલ ટ્રાન્ઝેકશન કરીને ટિકિટ મેળવી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હાલ નિગમો દ્વારા ૩૦૦૦ મશીનો ખરીદવામાં આવ્યા છે, આવનારા ત્રણ મહિનાની અંદર રાજયની તમામ બસોમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આગામી ટૂંક સમયમાં ૧૪,૦૦૦થી વધારે મશીનો ખરીદવાની પ્રક્રીયા ચાલુ કરી દેવામાં આવી છે. ઇ–વોલેટ, યુ.પી.આઇ., ભારત QR પેમેન્ટ માધ્યમથી કેસલેશ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે, બસોમાં છૂટા પૈસા માટે નાની મોટી એક બીજાની સાથે બોલવાનું થાય, આ છૂટા પૈસા હવે શોધવા નહીં પડે એ પ્રકારની વ્યવસ્થા જી.એસ.આર.ટી.સી. દ્વારા કરવામાં આવી છે. અમારું ટાર્ગેટ આમાં પણ ખૂબ મહત્ત્વનું છે. આ બાબત આગળ વધારતા આગામી સમયમાં વધુમાં વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરીને લોકોની મુસાફરી વધુ સરળ બને તેવા પ્રયત્નો કરવામાં આવનાર છે. ટેકનોલોજીના માધ્યમથી એક જ મોબાઇલ એપ્લિકેશન થકી નિગમની તમામ ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ બને તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે જેના થકી દરરોજ લાખો લોકો બસની રાહમાં હોય ત્યારે તેમની બસનો રીયલ ટાઇમ ઇન્ફોર્મેશન મળે. જ્યારે વિધાનસભા પૂર્ણ થશે અને તમારે પોતાના વતન તરફ જવું હોય ત્યારે ક્યારેક તમે પણ હવે ગાડી છોડીને બસમાં જશો એ પ્રકારની બસો આપને ઉપલબ્ધ કરાવવા જઇ રહ્યા છીએ. વિધાનસભામાં તમે બેઠાં હોય, તમારી ઓફીસમાં બેઠાં હોય ત્યારે પણ તમારા મોબાઇલમાં તમારી બસનો ટાઇમ જોઇ શકશો. તમારી બસ નાંખશો એટલે ખબર પડી જશે, ગુગલ લોકેશન બતાવશે કે, બસ સર્કિટહાઉસ સુધી પહોંચી છે. પાંચ મિનિટમાં પહોંચવું પડશે. એ પ્રકારની વ્યવસ્થાઓ તરફ આપણે આગળ જઇ રહ્યા છીએ અને રાજયના કોઇ પણ નાગરીકોએ હવે ટાઇમની બાબતે હેરાનગતિ નહીં થાય એ પ્રકારની વ્યવસ્થા આપણે કરવા જઇ રહ્યા છીએ. આ સંપૂર્ણ ટેકનોલોજી આપણે આની અંદર જોડવા જઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા માટે અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા. 'શુભ સવારી, સ્વચ્છ સવારી' ના કાર્યક્રમમાં અમારા એસ.ટી. પરિવારના ૩૬,૦૦૦ કર્મચારીઓએ બ્લડ ડોનેશન કર્યું. શેરી નાટકો કર્યા. અમારા કન્ડક્ટરો બસની ટ્રિપ ચાલુ થાય તે પહેલાં લોકોને ઘરેથી લાવેલું ટિફીન અને વેફરનું પડીકું બસમાં ન નાંખવા વિનંતી કરે છે. બસની અંદર કચરાપેટીની વ્યવસ્થા કરવામાં આવી. અમારો એસ.ટી.નો ૩૬,૦૦૦ કર્મચારીઓનો પરિવાર રાજયના લોકોને વધુમાં વધુ સેવાઓ આપવા માટે કટિબદ્ધ છે. અમે આપની પાસે અપેક્ષા રાખીએ છીએ કે આ ૧,૦૦૦ દિવસનું જે અમારું મિશન છે એમાં સંપૂર્ણ સહયોગ આપો. આ મિશન દરમિયાન જો તમને સંપૂર્ણ બદલાવ ન દેખાય તો જરૂરથી કાપદરખાસ્ત લાવજો. આ દેશના કોઇ પણ રાજયમાં એક પણ રાજ્ય એવું નહિ હોય કે જ્યાં એસ.ટી.ની સવારી વધી હોય. ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં ૨૫,૦૦૦ લોકો દૈનિક પ્રવાસ કરતા હતા ત્યાં આજે આપણે ૨૭,૦૦,૦૦૦ લોકોને દરરોજ એસ.ટી.નો ઉપયોગ કરતા કરી દીધા છે. આવનારા એક વર્ષમાં આ આંકડો ૩૦,૦૦,૦૦૦ સુધી પહોંચાડવાનો અમારો ટાર્ગેટ છે. એસ.ટી. ક્યારેય નુકસાનમાં

નહિ રહે અને એસ.ટી. બધી જ સુવિધાઓ આપી શકે એ પ્રકારની સુવિધાઓ કરવા તરફ અમે આગળ જઇ રહ્યા છીએ. સ્વચ્છતા અભિયાનમાં મારી આપ સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓને વિનંતી છે. આ કોઇ ભારતીય જનતા પાર્ટીનું સ્વચ્છતા અભિયાન નથી. આ અભિયાન એ રાજ્યનું સ્વચ્છતા અભિયાન છે. જે બસોનો આપણા નાગરિકો દરરોજ ઉપયોગ કરતા હોય એ બસોમાં ગંદકી ન ફેલાય તે જોવાની જવાબદારી આપણી સૌની છે. તમે તમારા રાજકીય કાર્યક્રમોમાં રાજ્યના નાગરિકોને એક વિનંતી જરૂરથી કરજો કે જે બસમાં તમે દરરોજ સવાર-સાંજ પ્રવાસ કરતા હોવ એ બસમાં ટિફિન ચોક્કસ લઇ જજો, એ બસમાં તમે વેફરના પડીકાં, પાણીની બોટલ ભલે લઇ જાવ પણ એને યોગ્ય જગ્યા પર ઠાલવજો. આપણી બસને સાફ રાખવી એ આપણી સૌની જવાબદારી છે. મને વિશ્વાસ છે કે આપ સૌ એમાં સહયોગ આપશો. આપણી એસ.ટી.ને આપણે જરૂરથી સ્વચ્છ કરીશું. બધા જ નાગરિકો માટે આ સુવિધા ખૂબ મહત્ત્વની છે. એસ.ટી.ની કાપ દરખાસ્તોની વિગત હું વાંચતો હતો ત્યારે હું માનું છું કે વાહન વ્યવહાર વિભાગ એ એવો વિભાગ છે જેનો રાજ્યના તમામ નાગરિકો ઉપયોગ કરતા હોય છે. એમાં કાપ દરખાસ્તને બદલે હજી વધારે બજેટ કઇ રીતે આપી શકાય એવી માગણીમાં અમને સહયોગ આપો એવી હું આપ સૌ લોકોને વિનંતી કરું છું. રાજ્યના આર્થિક વિકાસની સાથે-સાથે વાહનોની સંખ્યા તથા વાહન ચાલકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો હોય છે. નવાં વાહનોની નોંધણીમાં વર્ષ ૨૦૨૩માં ૧૮,૨૦,૮૭૨ નવાં વાહનો રજિસ્ટર્ડ થયાં છે. આ વર્ષે ૧૬,૪૧,૯૭૭ નવા લાઇસન્સ ઇશ્યુ થયા. આ સંપૂર્ણ સુવિધા આપણે ઓનલાઇન કરી છે. આ ઓનલાઇન સુવિધા કરવાના કારણે સેન્ટ્રલની એક જ એપના માધ્યમથી આપણે આ કામગીરી કરતા હોઇએ છીએ. એમાં હાલમાં બે-ત્રણ દિવસ પહેલાં જ મેં પેપરમાં વાંચ્યું અને મારા સાથી મિત્રોએ પણ મને જણાવ્યું કે આમાં કોઇ ખામી આવી છે. સમગ્ર ભારતમાં આ ખામી આવવાના કારણે એ વખતે એપ બંધ હતી. એ બંધ રહ્યું એ દરમિયાન વિભાગ દ્વારા ઓવરટાઇમ કરીને આવનારા અઠવાડિયાથી દસ દિવસમાં એ લોડ પૂરો કરવાનો ટાર્ગેટ અમે લીધો છે. આ જ રીતે વાહન સ્ક્રેપિંગ પૉલિસી પણ ખૂબ મહત્ત્વની છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આ વાહન સ્ક્રેપિંગ પૉલિસીનો રાજ્યમાં વધુમાં વધુ સારી રીતે અમલ કઇ રીતે કરાવી શકાય એ માટે ચિંતા કરી છે. આ પૉલિસી અંતર્ગત એક વર્ષના સમયગાળા માટે સ્ક્રેપિંગ ફેસિલિટીમાં સ્ક્રેપ થતાં આઠ વર્ષથી વધુ વય-મર્યાદા ધરાવતાં વાહનો પરના બાકી ટેક્સ, પેનલ્ટી અને વ્યાજ થઇને અંદાજિત રૂ.૭૦૦ કરોડના વ્યાજમાંથી માફી આપી છે. આ પ્રકારનાં જૂના ઠાઠિયાં વાહનો કે જે રોડ પર પડ્યાં હોય જેના કારણે ટ્રાફિક જામ થતો હોય એ વાહનો માત્રને માત્ર ભંગારમાં આપવા સિવાય કોઇ રસ્તો નથી હોતો પણ ટેક્ષ બાકી હોવાના કારણે આ વાહન માલિકો એનો નિકાલ નથી કરતાં, તે માટે મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી આ નિર્ણય લેવામાં આવ્યો.આ પ્રકારની છૂટ આપવાથી આ વાહન સ્ક્રેપિંગ પૉલિસીમાં લોકો ભાગ લઇ રહ્યા છે. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી એ બહુ મહત્ત્વની વિંગ બનેલી છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ના સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૨૨માં આખરીકરણ કરેલ બ્લેક સ્પોટને સુધારવાની કામગીરી અર્થે ૭૦ બ્લેક સ્પોટની સંયુક્ત મુલાકાત કરવામાં આવી. જેના સુધારાત્મક પગલાં લેવાં માટે સબંધિત વિભાગોને માહિતી આપવામાં આવી. રાજ્યમાં વારે તહેવારે સવારે ઉઠીએ એટલે છાપાઓમાં વાંચતા હોઇએ છીએ કે કોઇએ પુત્ર ગુમાવ્યો તો કોઇ માતા-પિતાને ગુમાવે છે. વાહન પર આવતાં જતાં નાના મોટાં અકસ્માતને કારણે આપણે રાજ્યના અનેક નાગરિકોને ગુમાવવા પડ્યા છે. રાજ્યની રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા આવા બ્લેક સ્પોટ શોધીને કોઇ ટૅકિનકલ ખામી કે ટૅકનૉલૉજીના ઉપયોગના કારણે કેટલા અકસ્માતોથી બચી શકીએ, કેટલા લોકોના જીવ બચાવી શકીએ તેના ઉપર રાત દિવસ કામ કરવામાં આવે છે. આ સમિતિમાં મંત્રી સિવાય લાગતાં વળગતાં તમામ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હોય છે. ગુજરાતમાં સરવે કરીને ૨૬૫ બ્લેક સ્પોટ શોધવામાં આવ્યા. જેમાંથી ૬૨ બ્લેક સ્પોટ દૂર કરવામાં સફળતા મળી છે. જેની અંદર નાના-મોટા સાઇનેઝીસ રોડ ક્રોસ કરવાના ૨૦ મીટર પહેલાં મૂક્યા હોય તેના બદલે ૨૦૦ મીટર દૂર મૂકવાથી અનેક અકસ્માતથી મુકત થયા. આ ઉપરાંત વર્ષ ૨૦૨૦-૨૧-૨૨ના સમયગાળામાં ૮૭ નવાં સ્થળોને બ્લેક સ્પોટ તરીકે ઓળખવામાં આવ્યાં અને તેના ઉપર પણ સુધારાત્મક કામગીરીની શરૂઆત કરવામાં આવી. વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨માં રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ૪૪ ટકા અને માનવ મૃત્યુની સંખ્યામાં અઢી ટકાનો ઘટાડો કરી શકાયો છે. તેનું સૌથી મુખ્ય કારણ આ બ્લેક સ્પોટ પર કરવામાં આવેલી કામગીરી છે. રાજ્ય કક્ષાના માર્ગ અને મકાન વિભાગ તથા નેશનલ હાઇ-વે ઓથોરિટી દ્વારા આવા અનેક બ્લેક સ્પોટ દૂર કરવા માટે ત્રણથી વધારે પુલ બનાવવામાં આવ્યા. એક અકસ્માતથી બચવા કરોડો રૂપિયાનો પુલ બનાવી રહ્યા છીએ. બ્લેક સ્પોટ દૂર કરવા માટે રાજ્ય સરકાર ખૂબ કામગીરી કરી રહી છે. આ સન્માનનીય સભાગૃહના દરેક ધારાસભ્યશ્રીને જણાવવા માગું છું કે આપના વિસ્તારમાં લોકહિતમાં જરૂરી હોય તેવી ટ્રિપની માહિતી આપ ઝડપથી મારા કાર્યાલય ખાતે મોકલો. જેથી અમે ઝડપથી ચાલુ કરી શકીએ. આમ, એસ.ટી.ના હુલામણાં નામથી ઓળખાતો ગુજરાત રાજ્યનો માર્ગ વાહનવ્યવહાર વિભાગ મુસાફરોને સમયસર અને આરામદાયક મુસાફરીની સાથે સ્વચ્છ અને સલામતીના ધ્યેય સાથે સેવાઓ પૂરી પાડી ખરા અર્થમાં કલ્યાણ રાજનો અર્થ સિધ્ધ કરે છે તથા વાહનવ્યવહાર ખાતું સરકારની મહેસૂલી આવકનું અને રોડ સેફ્ટી ઓથોરિટી અકસ્માત ઓછા થાય તેવી લોકજીવ બચાવવાની ઉમદા કામગીરી કરી રહ્યું છે. આથી આ વિભાગની માગણીમાં આપ સૌ કોઇ પણ પ્રકારની કાપ દરખાસ્ત પાછી ખેંચો તેવી મારી આપ સૌને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્ય શ્રી ઉમેશભાઇ મકવાણા નવા સભ્ય છે અને ખૂબ સારા વિચારોવાળા વ્યક્તિ છે. મારી માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે, આજની માંગણીઓ તે વાહનવ્યવહાર વિભાગની જરૂરથી છે પરંતુ તેમાં

બંદરોનો સમાવેશ થતો નથી. બંદરોના વિકાસ માટે જો તમે કાપ દરખાસ્ત મૂકી હોય તો બંદરોની ચર્ચા વખતે તમે આ વિષય કરી શકો છો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહ વિભાગની વાત કરવી છે. આજ રોજ હું આ સન્માનનીય વિધાનસભા ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર અંતર્ગત ગૃહ વિભાગ માટેની કુલ રૂ.૧૦,૩૫૮/- કરોડની જોગવાઇઓ પૈકી માંગણી ક્રમાંક-૪૨, ૪૩ અને ૪૪ હેઠળ રૂ.૮૦૯૩/- કરોડની માંગણીઓ રજૂ કરવાની મને ગૃહમંત્રી તરીકે તક મળી છે. ગૃહ વિભાગની ગત વર્ષની જોગવાઇ રૂ.૮૫૭૩/- કરોડના સાપેક્ષે આગામી વર્ષમાં રૂ.૧૦,૩૫૮/- કરોડની ફાળવણી કરીને રૂ.૧૮૦૪/- કરોડનો વધારો આપવા બદલ મજબૂત, નિર્ણાયક અને ન્યાયપૂર્ણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને હું કોટિ-કોટિ વંદન કરું છું અને આપણા માનનીય નાણામંત્રીશ્રી કહેવાય નાના પરંતુ, વિશાળ હૃદયના વ્યક્તિ છે એટલે શેઠ ભામાસા એવા માનનીય શ્રી કનુભાઇ દેસાઇનો હું ફરી એકવાર આભાર માનું છું. ગુજરાતની પ્રગતિ, સલામતી અને શાંતિનું કારણ રાજ્ય સરકારનો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું સંવર્ધન કરવા માટેની નીતિના ચોક્કસ આયોજનપૂર્વકના પ્રોએક્ટિવ પગલાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સૌથી પહેલાં એન. સી. આર. બી. ના આંકડાથી મારી શરૂઆત કરવા માગું છું. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો, ન્યુ દિલ્હી દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અપરાધની પરિસ્થિતિ સંબંધિત માહિતી એકત્રિત કરી દર વર્ષે 'ક્રાઇમ ઇન ઇન્ડિયા' નામની પુસ્તિકા બહાર પાડવામાં આવે છે. એક લાખની વસ્તી સામે કેટલા અપરાધોના બનાવો બને છે એ અપરાધોના દર ક્રાઇમરેટ તરીકે ઓળખાય છે. દેશમાં કુલ મળીને ૩૬ રાજ્યો તરીકે આ નંબર આપવામાં આવે છે. આપણા રાજ્યમાં વાયોલન્ટ ક્રાઇમમાં આપણે ૩૬માંથી છેક ૩૧મો નંબર પ્રાપ્ત કર્યો છે. ક્રાઇમ અગેઇન્સ્ટ વુમન, મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ૩૬ રાજ્યોમાં આપણે ૩૩મો નંબર પ્રાપ્ત કર્યો છે. ૩૪, ૩૫, ૩૬માં ક્રમની જનસંખ્યા આપણા અમદાવાદ શહેર જેટલી જનસંખ્યા છે. એટલે કે, ગુનાઓ વધુ બને એનો નંબર પહેલો આવે છે. મારે સભાગૃહને સમજાવવું છે. કારણ કે, ઘણીવાર ૩૩મો નંબર એટલે વધારે ક્રાઇમ બને છે એવું સમજવામાં આવે છે પરંતુ જેના ઓછા ક્રાઇમ બને એ છેલ્લા નંબરે હોય અને જેના વધુ ક્રાઇમ બને એ પહેલા નંબરે હોય. પહેલા નંબરના રાજ્યો કયા શાસનના છે?, કઇ સરકારો છે?, કઇ પૉલિટિકલ પાર્ટીઓ છે એની ચર્ચામાં મારે પડવું નથી. ક્રાઇમ અગેઇન્સ્ટ ચિલ્ડ્રન ૩૬માંથી ૨૭માં નંબરે, ક્રાઇમ અફેક્ટિંગ હ્યુમન બોડી એટલે કે, શરીર સંબંધિત ગુનાઓમાં ૩૬માંથી ૩૦માં નંબરે. ક્રાઇમ અગેઇન્સ્ટ પ્રોપર્ટી. એમણે પ્રોપર્ટીની વાત કરી પણ હવે જતા રહ્યા છે. હમણાં મીડિયામાં સ્ટેટમેન્ટ ચાલતા હશે. કારણ કે, જવાબ તો સાંભળવાનો હોય જ નહીં, વન વે જ હોય. આરોપ લગાડી દેવાનો વાત પૂરી. ક્રાઇમ અગેઇન્સ્ટ પ્રોપર્ટીમાં ગુજરાત દેશમાં ૨૮માં નંબરે છે. આપણા પછીના એકપણ રાજ્ય ગુજરાત જેટલાં સમૃદ્ધ રાજ્યો નથી. ક્રાઇમ અગેઇન્સ્ટ પબ્લિક ટ્રેન્ક્યુલિટીમાં આપણે ૩૬માંથી ૩૨માં નંબરે છીએ. મારે મહાનગરોના બીજા ગુનાઓની જે વાત કરી એના પણ આંકડા આ સભાગૃહ સમક્ષ મૂકવા છે. મારા સાથી મિત્રોએ જે વાત કરી એમાં ખાસ કરીને, વર્ષ ૨૦૨૨માં કુલ આઇ.પી.સી. ગુનાઓમાં ગુજરાતનો ક્રાઇમરેટ ૧૮૯.૮ છે, જ્યારે ભારતદેશનો ક્રાઇમરેટ ૨૫૮.૧ છે. ૩૬ રાજ્યો યુ.ટી.ની સરખામણીએ વસ્તીની સરખામણીએ ગુજરાત આઠમા ક્રમે છે, જ્યારે ક્રાઇમ રેટમાં ગુજરાત ૧૭માં સ્થાને છે. ગુજરાતમાં આઇ.પી.સી. ગુનાઓના રેટ અન્ય રાજ્યો તથા યુ.ટી. જેવા કે, દિલ્હીમાં ૧૪૨.૧ છે. માનનીય ઉમેશભાઇ, લખી લો. કેરલ રાજ્યના ગુણગાન ગાતાં હોય એ સભ્યશ્રીઓ લખી લો. ગુજરાતમાં ૧૮૯.૮ છે જયારે કેરલમાં ૬૬૧.૦ છે. હરિયાણામાં ૪૧૮ છે. તેલંગાણામાં ૪૦૦ છે. એ જ રીતે હજી તો કોંગ્રેસની સરકાર રાજસ્થાનમાં ગઇ છે. હવે જો કે આવતા વર્ષે રાજસ્થાનમાં આ આંકડા નહીં આવે, ૨૯૮.૩ છે અને ગુજરાતનો ૧૮૯.૮ છે. હું આખી ડીટેઇલ્સ સભાગૃહના સૌ સભ્યશ્રીઓને એક કોપી પ્રમાણે આપી દઇશ. કારણ કે, બહુ લાંબુ છે. મેગાસિટીની વાત કરીએ તો, મેગાસિટીના આંકડા પણ જોઇ લઇએ. મેગા સિટીઓના ખૂનના ગુનાઓની સરખામણી કરીએ તો, અમદાવાદમાં ૧.૬, સુરતમાં ૨.૨ , દિલ્હીમાં ૩.૧, જયપુરમાં કોંગ્રેસની સરકાર હતી ૪.૩ છે. નાગપુરમાં ૨.૬ છે. અટેમ્પ્ટ ટુ મર્ડરના આંકડા જોઇ લઇએ. અમદાવાદમાં ૧.૯, સુરતમાં ૧.૨., બેંગ્લોરમાં ૪.૬, પટનામાં ૧૭.૬, દિલ્હીમાં ૪.૮ અને બીજા ઘણાં શહેરો છે. બળાત્કારના ગુનાની વાત કરીએ તો, અમદાવાદમાં ૩.૫, સુરતમાં ૨.૬, દિલ્હીમાં ૧૫.૯, જયપુરમાં ૩૪.૨, કોચીમાં ૯ તથા પટનામાં ૫.૬ છે. અપહરણના ગુનાની વાત કરીએ તો, અમદાવાદમાં ૪.૧, સુરતમાં ૬.૬, દિલ્હીમાં ૩૪.૨, હૈદ્રાબાદમાં ૭.૯, જયપુરમાં ૨૫.૬ તથા પટનામાં ૩૨.૪ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંકડાની વાત કરવી હોય તો આ સભાગૃહ ૨૪ કલાક ચાલે તો હું ૨૪ કલાક બધા જ આંકડાનો જવાબ આપવા તૈયાર છું. આપણે જયારે આંકડાની સરખામણી કરીએ તો ખૂબ પ્રમાણિકતાથી આ સરખામણી કરવી જોઇએ. આપણા ગુજરાત રાજ્યના નાગરિકોએ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાથે મળી, ખભે-ખભા મિલાવી, ગુજરાત રાજ્ય કેવું હતું? અને તમે શું પરિસ્થિતિ કરેલી હતી? એની કોઇ પૉલિટિકલ ચર્ચા મારે કરવી નથી. પોરબંદર કોના નામે ઓળખાતું હતું? તમારું અમદાવાદ કોના નામે ઓળખાતું હતું? વડોદરા કોના નામે ઓળખાતું હતું? સુરત કોના નામે ઓળખાતું હતું? ત્યાંના ભાઇલોગોનાં નામે આ બધાં શહેરો ઓળખાતાં હતાં. એવું તો અદભુત આપણું શાસન હતું. હું આંકડાઓની વાતમાં સંપૂર્ણ છાતી ઠોકીને કહું છું કે, ગુજરાતથી સેફેસ્ટ રાજ્ય દેશમાં કોઇ નથી. દુનિયાની સરખામણીમાં ગુજરાત અવ્વલ નંબર ઉપર આવે એ પ્રકારની કામગીરી ગુજરાત કરી રહ્યું છે. ગુજરાતના કરોડો લોકોએ રાત-દિવસ એક કરી રાજ્યના વિકાસ માટે કામગીરી કરી

છે. આ રાજ્યના નાગરિકોને વિકાસનો હક્ક કેમ ના મળે? આ રાજ્ય દેશનું નંબર વન રાજ્ય બને જ. કારણ કે, આ રાજ્યના નાગરિકોએ ક્યારેય વાર, તહેવાર કે દિવસ જોયો નથી. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ રાજ્યના વિકાસ માટે પોતે, પોતાના ખભે અને સામી છાતીએ કેટલીયે કેન્દ્ર સરકારોએ ગુજરાતના વિકાસોને રોકવાના એવા-એવા રોડાંઓ નાખેલા હતા તેમ છતાં ગુજરાતની જનતાએ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી સાથે મળીને આ રાજ્યનો વિકાસ કર્યો છે. આ રાજ્યનો વિકાસ થાય જ. તમે ગમે તેટલા પ્રયત્નો કરો, ગમે તેટલા આરોપો લગાવો, તમે રાજકીય ગમે તેટલા નવા ષડયંત્ર રચો, આ રાજ્યના વિકાસને તમે ક્યારેય ન રોકી શકો. આ રાજ્યના પ્રત્યેક નાગરિકોએ પોતાના જીવનના અનેક વર્ષો સુધી કાળી મજૂરી કરી છે. અગાઉની કેન્દ્ર સરકારો દ્વારા આ રાજ્યના પ્રત્યેક નાગરિકોના સ્વપ્ન ચૂર-ચૂર કરવા માટે મારા રાજ્ય અને રાજ્યના નાગરિકો પર અનેક આરોપો લગાવવામાં આવ્યાં, પરંતુ આ આ રાજ્યના નાગરિકે ક્યારેય પાછળ ફરીને જોયું નથી. **આગે હી આગે બઢતા ચલા, બઢતા ચલા, બઢતા ચલા.** કોણ રોકી લેશે? આવે સામે? મારા રાજ્યના નાગરિકોની આ સેફ્ટીની તમે વાત કરો છો? કોઇ બીજાં રાજ્યોમાં જાઓ, ખબર પડે કે રાત્રે ૨ વાગે કઇ રીતે બહાર નીકળાય છે?

માનનીય અધ્યક્ષશ્રી, નાના મોટા આરોપ પ્રતિ આરોપ રાજકીય ભાગ છે. પરંતુ તમે પોતાના રાજયને કઇ રીતે બદનામ કરી શકો? આ કોઇ અહીંયા બેસેલા ૧૮૨ લોકોએ આ રાજયને ડેવલપ કર્યું છે? આ રાજયના ડેવલપમેન્ટ પાછળ કરોડો લોકોનાં વર્ષોવર્ષ વીતી ગયાં છે. જયારે આજે દેશભરના લોકો આ રાજયની અંદર ઇન્વેસ્ટ કરવા માટે કોઇ વ્યક્તિ પોતાની આવનારી પેઢી માટે ઇન્વેસ્ટ કરતો હોય તો બીજા રાજયની અંદર પોલિસીની અંદર સબસિડી વધારે આપે તો પણ કોઇ વેપારી નહીં જાય. કેમ નહીં જાય? એ વેપારી એમ વિચારે કે આજે તો બે ચાર ટકા વધારે મળી જશે, પરંતુ મારી ભવિષ્યની પેઢી માટે એ ઇન્ડસ્ટ્રી ચાલતી હશે તો કામ આવશે ને. એ પ્રમાણે બીજાં રાજયો સાથે સરખામણી થતી હોય. આપણું રાજય આજેય દેશમાં નંબર વન છે. હું આ સભાગૃહ સમક્ષ કહું છું. હું ગૃહમંત્રી છું એટલે નહીં, આ રાજયમાં કોઇપણ ગૃહમંત્રી આવશે. આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આપણા રાજયના તત્કાલીન ગૃહમંત્રી અને આજે દેશના ગૃહમંત્રી આદરણીય શ્રી અમિતભાઇ શાહ સાહેબ. આ બે વ્યક્તિએ પોતાની જાત પર લઇને આ રાજયની ઇન્સ્ટિટ્યૂશનલ સિસ્ટમ એવી ડેવલપ કરી છે કે હવે આ રાજય ક્યારેય સેફ્ટીની બાબતમાં પાછળ ના પડે. એ પ્રકારની વ્યવસ્થાઓ આપણા રાજયમાં થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુનેગારો કેટલા ભાગી ગયા. પકડાતા નથી. હું એક નાનો આંકડો આ સભાગૃહ સમક્ષ આપવા માગું છું. મારા રાજયની પોલીસે, આપણી ગુજરાત પોલીસે માત્ર એક વર્ષમાં ૨૦ વર્ષ પહેલા જે ગુનો કરેલો, જયારે હું સમજતો નહીં થયેલો. યુવા મોરચા પહેલા બાળ મોરચામાં કામ કરતો હતો ત્યારની વાત કરું છું. ૨૦ વર્ષ પહેલા જે ગુનો કરીને ભાગી ગયા હતા એવા ૭૮ લોકોને આજે જેલના હવાલે બંધ કર્યા છે. અમે એક અભિયાન ચલાવ્યું અને એ અભિયાન થકી દેશભરમાં આવા ગુનેગારો જે વર્ષો વર્ષ પહેલા ગુનો કરીને ભાગી ગયા હોય, એને પકડવાનું અભિયાન ચલાવ્યું. ગુજરાત પોલીસે ભારત-પાકિસ્તાનની બોર્ડર, જમ્મુ-કાશ્મીરથી, કેરાલાથી, તમિલનાડુથી, ઉત્તરપ્રદેશથી, બિહારથી, મહારાષ્ટ્રથી, કર્ણાટકથી. તમામ જગ્યાએથી આવા ગુનેગારોને શોધી શોધીને દબોચીને આજે જેલ હવાલે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી,૨૦ વર્ષથી વધારે થયેલા એવા ભાગી ગયેલા ૭૮ લોકો, ૧૫ વર્ષથી વધારે થયેલા એવા ભાગી ગયેલા ૮૭ લોકો, ૧૦ વર્ષ પહેલા ભાગી ગયેલા એવા ૧૫૯ લોકો, પાંચ વર્ષથી વધારે સમયથી ભાગી ગયેલા એવા ૨૮૬ લોકો, ૬ મહિનાથી વધારે સમયવાળા ભાગી ગયેલા ૪૩૭ લોકો, ૧થી ૨ વર્ષવાળા ૮૧૫ લોકો, ૬ મહિના પહેલાવાળા ૨૯૯ લોકો. કુલ મળીને ૨૭૮૯ આવા આરોપીને પકડયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક નાનો દાખલો આપવા માગું છું. હું આપના જ જિલ્લામાં આવેલો. તમારા જ જિલ્લામાં હમણા એક મહિના પહેલા વાહન વ્યવહાર, પોલીસ વિભાગનો કાર્યક્રમ હતો. હું જયારે એ કાર્યક્રમમાં ગયો તો ત્યારે મને બે ચાર લોકો મળવા આવ્યા. એ લોકોને મેં પૂછ્યું કે શું તકલીફ છે? એમણે કહ્યું કે તકલીફ નથી. આભાર માનવા આવ્યા છીએ. મને લાગ્યુ કે આ નવી બસો આપી છે એટલે આભાર માનતા હશે. માનનીય અધ્યક્ષશ્રી, એ પરિવારે એમ કહ્યું કે અમારા ઘરમાં મારા પરિચિતો જોડે બનેલી ઘટના. જે અમેય ભૂલી ગયેલા. ૨૫ વર્ષ પહેલા ઘટના બનેલી. ૨૫ વર્ષ પહેલા જે આરોપી મારા પરિચિતનું ખૂન કરીને ભાગી ગયેલો, એ ૨૫ વર્ષ પછી પણ સરકાર એને ભૂલી નહીં. એ લોકો ન્યાયની આશા નહોતા રાખતા, પરંતુ ગુજરાત પોલીસની ચાંપતી નજર એ ગુનેગારો પર હતી. ૨૫ વર્ષ પહેલાં ભાગેલા ગુનેગારને પકડીને જેલ હવાલે બંધ કર્યા હોય. જે પરિવારે એવું વિચારેલું કે આમાં ન્યાય ક્યારેય ના મળે. એ પરિવારજનોના ચહેરા પર ખુશીના આંસુ હતા. એમણે આભાર માન્યો, પણ મેં એમને કહ્યું કે આના ખરા હકદાર પંચમહાલ જિલ્લાના તમારી પોલીસની ટીમ છે. એ ટીમનો આભાર માનવો જોઇએ કે જેણે રાતદિવસ મહેનત કરીને કોઇ સાધુના વેશે, કોઇ શાકભાજીવાળાના વેશે જઇને આ ગુનેગારને પકડીને લાવ્યા છે. આવા એક નહીં પણ જો ચાર કલાકનો સમય મળેને તો આવા ૨૦ વર્ષ પહેલાંના બધાની નામજોગ કહાની હું આ સભાગૃહને કહી શકું. આ એક એક વ્યકિત પકડાઇ. કઇ વ્યકિત પકડાઇ, એમાં કઇ ટીમ ગયેલી, કઇ રીતે કામગીરી કરી એ મારાથી લઇને, ડી.જી.પી., એસ.સી.એસ. હોમ, એમના જિલ્લાના પોલિસ વડાઓ ડાયરેકટ ચર્ચા કરે છે એના કારણે પોલિસ વિભાગની અંદર ગંભીરતાથી આની કામગીરી ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રીનું હંમેશા ડી.જી. કોન્ફરન્સ હોય, પોલીસ બાબતની વાત હોય તો માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પોલીસની વ્યાખ્યા શું આપે છે? પોલીસ એ સ્માર્ટ હોવી જોઇએ, એ એમની

વ્યાખ્યામાં સ્માર્ટ શબ્દનો ઉપયોગ કેમ કરે છે? SMART એટલે શું? એસ– એટલે સેન્સિટિવ એન્ડ સ્ટ્રીક, એમ–એટલે મોબાઇલ એન્ડ મોર્ડન, એ–એટલે એકાઉન્ટિબલ એન્ડ એલર્ટ, આર–એટલે કે રિસ્પોન્સિબલ અને રિલાયેબલ, ટી–એટલે કે ટેકસ સેવિયન એન્ડ ટ્રેઇન. માનનીય વડાપ્રધાનશ્રીના વિઝનને અમે ચરિતાર્થ કરવાની દિશામાં ગૃહ વિભાગ સક્રિય છે. સ્માર્ટ પોલીસ SMARTએના ઉપર આ વખતના બજેટમાં અમે કામગીરી કરી છે. એની સાથેસાથે ગુજરાત પોલીસે સ્માર્ટ અને શાર્પ કઇ રીતે બને તે દિશામાં કામગીરી આગળ વધારવી જોઇએ. પોલીસ એ માત્ર ક્રૂરતાથી વહેવાર કરે એ પોલીસ ના હોઇ શકે. ગુજરાત પોલીસ એક નવો ચીલો લાવેલ છે. એવા અનેક સામાજિક કામો આપ જાણો છો છેલ્લાં દોઢ વર્ષની અંદર વ્યાજ સામેના દૂષણ હોય, મહિલાઓ સામેના દૂષણ હોય, પોલીસ પ્રજાની વચ્ચે જાય આવા કિસ્સાઓ તમે કયાંય નહીં જોયા હોય. SHARP એટલે શું તો Sophisticated, Helpful, Active, Rapid and Polite. ગુજરાતની પોલીસ સ્માર્ટ અને શાર્પ પોલીસ છે. આપણી પોલીસ સ્માર્ટ અને શાર્પ પરંતુ તેની સ્માર્ટનેસ અને શાર્પનેસમાં સતત વધારો થાય તે માટે નાણાકીય વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં અને માનનીય નાણામંત્રીશ્રીના હકારાત્મક અભિગમથી રાજયના બજેટમાં વિશેષ જોગવાઇઓ કરી છે. અગાઉ દર વર્ષે મહેકમ, વાહન મંજૂર થતાં હતાં. મહેકમ અને વાહન મંજૂર થાય પરંતુ એ મહેકમ અને વાહન એના એસ્ટાબ્લિશમેન્ટ અને એની જોડે ટાર્ગેટની જરૂર છે. દર વર્ષે સ્ટાફ માગીએ, સ્ટાફ આપીએ એની સામે રિઝલ્ટ શું? એ દિશામાં ટાર્ગેટ સ્વરૂપે આ વખતે અમે લોકોએ ઉંધી કલોક ચલાવી. પહેલાં ટાર્ગેટ નક્કી કર્યો, ટાર્ગેટના આધારે અમે બજેટ માંગવાનું નક્કી કર્યું. અનેક બેઠકો થઇ, અનેક બેઠકો મારા લેવલે, માનનીય મુખ્યમંત્રીશ્રીના લેવલે, અધિકારીઓના લેવલે રાત દિવસ લગાડ્યા, કલાકો સુધી બેઠકો ચાલી અને એ બેઠક પછી અમે અનેક પાયાઓ ઉપર વિષયો નક્કી કર્યા, આ બજેટમાં બધા જ પેકેજો જો ખોલીને જોશે તો લોકોને ખબર પડશે કે ગૃહ વિભાગ કઇ દિશામાં આગળ જઇ રહ્યું છે. અમારો સૌથી મહત્ત્વનો પ્રોજેકટ એટલે શોધ પ્રોજેકટ શોધ એટલે શું? Strengthening of Human Resources for Operations, Detection and Handling Law and Order Issues. આ યોજના અંતર્ગત કરોડો રૂપિયા રાજય સરકારે અલગ અલગ સ્ટેપમાં આપવાનું નક્કી કર્યું. આ ફેઝમાં અમને ૬૯.૮ કરોડ રૂપિયા નાણાં વિભાગ દ્વારા આપવામાં આવ્યાં છે. હાલ રાજયની અંદર કુલ ૬૫૦ પોલીસ સ્ટેશન છે એ પૈકી ૩૫૮ પોલીસ સ્ટેશનો પી.આઇ. કક્ષાના છે. બીજા ૨૯૨ પોલીસ સ્ટેશનો પી.એસ.આઇ. કક્ષાના છે. અમે નક્કી કરીએ છીએ કે બે વર્ષની અંદર રાજયના તમામ પોલીસ સ્ટેશનો એ પી.એસ.આઇ. કક્ષાના હોવા ના જોઇએ, એ મિનિમમ પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશન હોવા જોઇએ. આ વર્ષે ૨૦૦ પી.એસ.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનો પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનોમાં તબદીલ કરવામાં આવશે. આવતા વર્ષે બીજા જે ૯૩ બાકી છે એને પણ કરી દેવામાં આવશે. આવતા વર્ષના અંત સુધી રાજયના તમામ પોલીસ સ્ટેશનો એ પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનો બનાવવાનો નિર્ણયો લેવામાં આવ્યો છે. અહીંયા ચૂંટાયેલા સૌ માનનીય ધારાસભ્યશ્રીઓ મને હંમેશા મળતા હોય ત્યારે આ પી.એસ.આઇ. કક્ષાનું પોલીસ સ્ટેશન છે એ પી.આઇ.નું કરી લો, આની અંદર આ અપગ્રેડ કરી લો., હવે કોઇએ મારા સુધી નહીં આવવું પડે, ભલે એ કોંગ્રેસના ધારાસભ્ય હશે, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હશે, ભા.જ.પ.ના ધારાસભ્ય હશે, બધાના વિસ્તાર એકસરખા છે. રાજયનો કોઇપણ ખૂણો હશે, બધા જ પોલીસ સ્ટેશનો હવે પી.એસ.આઇ કક્ષાએથી પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનો સુધી આપણે લઇ જવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ પોપ્યુલેશન રેશિયો એટલે કે પી.પી.આર. યુ.એન.નો રેશિયો ૨૨૫નો છે અને ભારત દેશનો ૧૯૭ છે અને આપણો ૧૭૪નો છે. આની અંદર અમે યુ.એન. અને ભારત દેશનો રેશિયો છે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ. પી.પી.આર.માં વધારો કરવા નવી જગ્યાઓ મંજૂર કરી ઝડપી અને પારદર્શક રીતે ભરતી થાય અને ખાલી જગ્યાઓ ભરાય તે માટે પોલીસ ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે. આ મંજૂર થયેલ મહેકમ કયા જિલ્લામાં, કયા શહેરમાં ફાળવણી કરવી, કોઇપણ પ્રકારના પોલિટિકલ પ્રેસર વિના આ બાજુ આપ્યા અને આ બાજુ નહીં એ પ્રકારની વાત ન રહે તે માટે એક કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીમાં ડી.જી.પી., એ.ડી.જી.પી.(એડમીન), સચિવશ્રી (ગૃહ), સચિવશ્રી (ખર્ચ), આ બધાની એક કમિટી બનાવી છે અને એ કમિટી હવે આ પી.પી.આર. રેશિયો પ્રમાણે તમામ જિલ્લાઓની અંદર નવો પોલીસ સ્ટાફ આપવાની કામગીરી કરશે. વિવિધ સંવર્ગની ૮૭૪ નવી જગ્યાઓ આ કામગીરી માટે ઊભી કરવામાં આવી છે. પોલીસ સ્ટેશન કક્ષાએ આધુનિક ટેકનોલોજીને મહત્તમ ઉપયોગમાં લેવાના હેતુથી આપણા રાજયમાં નહીં પરંતુ દેશના કોઇપણ રાજયમાં કમ્પેરિઝન પણ ન કરી શકો. આપણું ગુજરાત પહેલું એવું રાજ્ય છે કે તમામ પોલીસ સ્ટેશનોમાં એક એક આઇ.ટી. એક્સપર્ટની નિમણૂંક કરવામાં આવશે. તેના માટે ૬૫૦ નવી જગ્યાઓ ઊભી કરી છે. આ જગ્યા ઉપર દરેક પોલીસ સ્ટેશનમાં એક આઇ.ટી. એક્સપર્ટની નિમણૂંક કરવામાં આવશે. ગ્રામીણ સુરક્ષા કવચ યોજના હેઠળ આ બજેટમાં અમારો બીજો મહત્ત્વનો ડ્રીમ પ્રોજેક્ટ છે. આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત આઉટ પોસ્ટમાં આપણે જાણીએ છીએ કે આઉટ પોસ્ટમાં એ.એસ.આઇ. કે હેડ કોન્સ્ટેબલના અધ્યક્ષસ્થાને આઉટ પોસ્ટ ચાલતી હોય છે. એને સ્ટ્રેન્ધન કરવા માટે આઉટ પોસ્ટ પર જ ગુનાને કેવી રીતે રોકી શકાય એ માટે આયોજન કર્યું છે. ૨૦૦ આઉટ પોસ્ટ જે હેડ કોન્સ્ટેબલ અને એ.એસ.આઇ. લેવલથી ચાલતી હતી એમાં હવે પી.એસ.આઇ.ની નિમણૂક કરવામાં આવશે. તે માટે ૨૦૦ નવા પી.એસ.આઇ.ની નિમણૂક કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બેઠેલા કદાચ કોઇ ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય હશે કે જેણે આઉટ પોસ્ટને સ્ટ્રેન્ધન કરવાની માગણી ન મૂકી હોય. જેટલા લોકોએ માગ્યું છે એ બધાનો તો સમાવેશ થઇ જ જાય છે. એના ઉપર પણ ૮૬ જગ્યા

વધે છે. ૧૧૪ લોકોએ માગેલું એની સામે અમે ૨૦૦ લોકોનું કર્યું અને ૨૦૦ આઉટ પોસ્ટ પર પી.એસ.આઇ. કક્ષાના અધિકારીઓ હવે પછી કામગીરી કરશે. એની સાથોસાથ હેડ કોન્સ્ટેબલ વધારવામાં આવ્યા. આઉટ પોસ્ટ સ્ટ્રેન્ધન થવાથી મુખ્ય પોલીસ મથક સુધી ભાર ન જાય, સમયસર પગલાં ભરાશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ત્રીજો અમારો સૌથી મોટો પાયાનો ડ્રીમ પ્રોજેક્ટ છે ત્રિશૂલ. સમગ્ર દેશમાં ઇન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં થયેલ પ્રગતિ અને ગુજરાત સરકારના ઇ–ગવર્નમેન્ટ ઇનિશિએશનના કારણે દરેક ક્ષેત્રમાં ટેકનોલોજીનો આપણે મહત્તમ ઉપયોગ કરી રહ્યા છીએ. સાયબર ક્રાઇમ, મેં સ્પીકર સાહેબને વિનંતી કરી છે કે અમે સાયબર ક્રાઇમને રિલેટેડ ૨૩ મિનિટની એક પ્લે બનાવી છે જે ગૃહના ધારાસભ્યોએ જોવી જોઇએ અને એના માટે સમય માગ્યો છે. સાયબર ક્રાઇમ એ માત્ર ફાયનાન્શિયલ ગુનો નથી. સાયબર ક્રાઇમ એટલે આજના સમયનું સૌથી મોટું સામાજિક દૂષણ છે. સાયબર ક્રાઇમ એટલે તમારા મોબાઇલમાં ઇ–વોલેટમાં પડેલ રકમ જતી રહે છે એટલું નથી, સાયબર ક્રાઇમ એટલે મારા રાજ્યની અનેક યુવતીઓને, મારા રાજ્યના અનેક યુવાનોને આત્મહત્યાની દિશામાં લઇ જનાર છે. આ સાયબર ક્રાઇમ દેશમાં સૌથી ગંભીરતાથી, સૌથી ઝડપથી અને સૌથી પહેલો સાયબર ક્રાઇમ સ્ટ્રેન્ધનનો નિર્ણય લીધો હોય તો આ ગુજરાત સરકાર દ્વારા આ બજેટમાં લેવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રિશૂળ યોજના, આ ત્રિશૂળ એ મારા રાજ્યની દીકરીઓને સાયબર ક્રાઇમ થકી, સાયબર થકી સોશિયલ મીડિયાથી અગર દેશના કોઇ ખૂણે કોઇ પણ યુવાન જો મારા રાજ્યની ભલી–ભોળી દીકરીને ફસાવવાનો પ્રયાસ કરશે તો તે ત્રિશૂળ એની છાતી સુધી પહોંચશે. આ ત્રિશૂલ પ્રોજેક્ટ એ મારા રાજ્યની દીકરીઓની સુરક્ષા માટે અને એ મારા રાજ્યના સૌ નાગરિકો માટે છે અને આ ત્રિશૂળ પ્રોજેક્ટમાં નવા કોલ સેન્ટરની આપણે રચના કરવા જઇ રહ્યા છીએ. હમણાં ૬૦ લોકો સાયબર ક્રાઇમના મેઇન કોલ સેન્ટર પર છે એની સંખ્યા ચાર ગણી વધારીને અમે ટેલિફોન ઓપરેટરો નવા લેવાના, સાયબર ક્રાઇમની નાનામાં નાની ઘટનામાં તમે ફોન કરો એટલે એક પણ વાર બીઝી ના આવે એ પ્રકારની વ્યવસ્થાઓ આવનારા ૧૦૦ દિવસમાં ઊભી કરવાના છીએ. એની જોડે જોડે સાયબર ક્રાઇમ રિલેટેડ તમામ ઇક્વિપમેન્ટ, તમામ સોફ્ટવેરો નવા વસાવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આના માટે અદ્યતન સોફ્ટવેરો ખરીદવાના છે. જેનાથી કોઇ બહારના રાજ્યમાં કે બહારના દેશમાંથી બેસેલા વ્યક્તિ ટેકનોલોજીનો ઉપયોગ કરીને મારા રાજ્યના નાગરિકોને નુકસાન પહોંચાડતો હશે તેને રોકવામાં મદદગાર થશે. એટલું જ નહીં આ બધી વ્યવસ્થાઓ–સુવિધાઓ વિકસાવવા માટે રાજ્ય સરકારે પાંચ ફેઇઝમાં લીધી છે. પહેલા ફેઇઝમાં ૬૨.૯૩ કરોડ રૂપિયા ગૃહ વિભાગને આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયબર ક્રાઇમ એટલે શું? અને આ સાયબર ક્રાઇમને ખરેખર વધુ મજબૂત કઇ રીતે કરી શકશો? આ બે વિષયમાં અમે કામગીરી કરીએ છીએ., સાયબર ક્રાઇમ તમારા પંચમહાલ જિલ્લાના તમારા કોઇ વ્યક્તિને કોઇ નાની મોટી ઘટના બને તો એને પણ અમદાવાદ શહેરના નાગરિકો જેટલી સુવિધા મળવી જોઇએ કે ના મળવી જોઇએ? મારો ડાંગમાં બેસેલો ડાંગી વ્યક્તિ કે નાના નાના પરિવારના કોઇ બહેનો–નાગરિકો ડાંગની અંદર હોય કે ગીર સોમનાથની અંદર હોય એની જોડે ઘટના બને તો એને સેવાઓ મળવી જોઇએ કે ના મળવી જોઇએ? માત્ર અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરાને જ કેમ? આ બધા જ જિલ્લાઓની અંદરની બહેનોને આ સુવિધાઓ મળી શકે તે માટે આપણે રાજ્યમાં એક સાયબર ક્રાઇમનું નવું યુનિટ રચવાનું નક્કી કર્યું. હાલમાં સી.આઇ.ડી. ક્રાઇમમાં સાયબર ક્રાઇમ યુનિટ છે. દરેક શહેરોમાં સાયબર ક્રાઇમના યુનિટો છે. પરંતુ આપણે એને સિંક્રોનાઇઝ એક જ છત્રની અંદર સાયબર ક્રાઇમ એ.ડી.જી.પી.થી નવી જગ્યાઓ ઊભી કરીને આપણે નીચે સુધી સાયબર ક્રાઇમની આખી એક સિસ્ટમ પોલીસ સ્ટેશન જોડે ઊભી કરી છે. ડાંગનો કોઇ વ્યક્તિ સાયબર ક્રાઇમની ફરિયાદ લખાવે ત્યાં ભલે એ વ્યવસ્થા કે ટેકનોલોજી, સોફ્ટવેર હોય કે ના હોય એને માત્ર માહિતી પોલીસ સ્ટેશનને સેન્ટ્રલ યુનિટ બનાવીએ છીએ ત્યાં આપવાની રહેશે. ત્યાંનું યુનિટ આ બધી જ સુવિધાઓ યુક્ત હશે અને એ યુનિટ દ્વારા રાજ્યનાં તમામ ગામડામાં આ વ્યવસ્થાઓ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ મહત્ત્વનો વિષય છે માટે ૧૫–૨૦ મિનિટ વધારી આપવી પડશે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ(મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવો પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, અમે સંમત છીએ.

ઉપાધ્યક્ષશ્રીઃ સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવાવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : સાહેબ, મારી આ સભાગૃહને વિનંતી છે કે, સાયબર ક્રાઇમના ગુનાઓમાં મારા રાજ્યના કોઇ પણ નાગરિકોએ ખુદકુશી તરફ વળવું ના પડે તે માટે કામગીરી કરી રહ્યા છીએ એમાં આપ સૌની મદદની હું અપેક્ષા રાખું છું. આપ સૌ પાસે મારી નમ્રતાપૂર્વક એક અરજ છે કે કોઇ પણ રાજ્યના નાગરિકને ભૂલચૂકમાં જો કોઇ ન્યૂડ કોલ આવી જાય તો એનાથી ડરવાની જરૂર નથી. મારા રાજ્યના કોઇ સિનિયર સિટીઝનને ટાર્ગેટેડ ન્યૂડ કોલ કરવામાં આવે અને સમાજમાં જો એ વ્યક્તિ માટે જો મજાક ઉડાવવામાં આવે. તો સમાજમાં આવા અનેક વ્યક્તિઓએ જીવ ગુમાવવા પડશે. આપણે સૌએ ભેગા થઇને સમાજમાં આ પ્રકારનો મેસેજ પહોંચાડવાનો છે કે આ પ્રકારની કોઇપણ ઘટના બને તો ડરવાની જરૂર નથી. ગુજરાત પોલીસ

આપણી સાથે છે. મારા રાજ્યની કોઇપણ દીકરી ઉપર જો વાતોમાં ભોળી દીકરીઓને ફોસલાવવામાં આવે તો દીકરીઓએ ડરવાની જરૂર નથી. આ પ્રકારના રાક્ષસોને સીધા કરવા માટે ગુજરાત પોલીસ તત્પર છે. તમારું નામ, તમારું સંપૂર્ણ આઇડેન્ટિફિકેશન અમે છુપાવીને તમને મદદ કરવા માગીએ છીએ. મારી બહેનોને પણ ખાસ વિનંતી છે અને સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓને વિનંતી છે કે આવી દીકરીઓ ઉપર જે ઘટના બને ત્યારે સોસાયટીમાં મહિલાઓ બેસીને દીકરીની મઝાક ઉડાવવાના બદલે મહિલાઓની અંદર, સમાજની અંદર આપણે કેમ એવો ચીલો ન પાડી શકીએ કે આવી દીકરીઓની મદદમાં મર્દાનગીથી રાણી લક્ષ્મીબાઇ બનીને આપણે સૌ સાથે બેસીને એની જોડે જોડાઇને આ દીકરીઓને આપણે ન્યાય અપાવીએ. પોલીસ સંપૂર્ણ તૈયાર છે. બધી જ રીતે મદદ કરવા માટે તૈયાર છે. અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું છે કે રાજ્યની એકપણ દીકરીઓના નામ બહાર ન આવવા જોઇએ. આપણે આ દીકરીઓને મદદ કરવાની છે. આપણે આ દીકરીઓની મઝાક ઉડાવનાર લોકોને સમાજની સાચી સમજણ આપવાની છે. આપણે આ લડાઇ લડવાની છે. આપણે આવા કેસો લખવા માટે કોઇએ પણ પોલીસ સ્ટેશન ધક્કા ન ખાવા પડે. ભલે એન.સી.આર.બી.ના આંકડાઓમાં ક્રાઇમ આપણે ત્યાં વધારે દેખાય, પરંતુ આપણે આવી દીકરીઓના કેસો લખવાના જ છે અને આવા દરીન્દાઓને પકડીને કડકમાં કડક સજા અપાવવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે આ પ્રકારની કોઇપણ ઘટના બને તો પોલીસ સ્ટેશન, પોલીસ સ્ટેશનમાં ન બને તો મને ડાયરેકટ સંપર્ક કરજો. ૨૪ કલાક ૩૬૫ દિવસ આ વિષયની અંદર બધા જ પ્રકારની મદદ કરવા માટે અમે આપની જોડે તૈયાર છીએ. કોઇપણ ગુનો બને તો એનો રિસ્પોન્સ ટાઇમ ખૂબ મહત્ત્વનો છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા તમામ ખૂણે જે પહેલા ગામડાંઓમાં મિનિમમ રિસ્પોન્સ ટાઇમ ૪૦ મિનિટનો હતો એ રિસ્પોન્સ ટાઇમ કઇ રીતે ઘટાડી શકીએ? મહાનગરોમાં મિનિમમ રિસ્પોન્સ ટાઇમ એવરેજ ૧૫થી ૨૨ મિનિટનો હતો એ રિસ્પોન્સ ટાઇમ આપણે કઇ રીતે ઘટાડી શકીએ? આપણે હિન્દી પિકચરોમાં પહેલા જોતા હતા કે વિલન આવે, ગામમાં જાય, ગામને લૂંટી લે, ગામમાં ગુનો કરે એ પેલા છેડે ગામમાંથી નીકળતો હોય અને પાછળ પોલીસ ટું ટું કરતી અંદર જતી રહે. આપણે આ ચીલો બદલવો છે. આપણે વ્યાખ્યા બદલવી છે અને હિન્દી પિકચરોમાં ગુજરાતનું ફિલ્મનું શુટિંગ થાય અને દેખાડે કે ગુનો થાય એ પહેલા પોલીસ કેવી રીતે ઝડપથી પહોંચે છે એ માટે અમે રિસ્પોન્સ ટાઇમ પ્રોજેકટ લાવ્યા અને ડાયલ, આવનારા દિવસોમાં ૧૦૦ નંબર, ૧૦૮ નંબર આ બધું જ બંધ થશે. રાજ્યના બધા જ નાગરિકોએ નાનીમોટી કોઇપણ પ્રકારની તકલીફ હોય ચાહે ફાયરની તકલીફ હોય, ચાહે કોઇને એક્સિડંટ થયો છે. હોસ્પિટલ પહોંચાડવાની વાત હોય એટલે કે એમ્બ્યુલન્સ બોલાવવાની વાત હોય કે ચાહે પોતાના વિસ્તારમાં કોઇ ગુનો બન્યો હોય અને પોલીસને બોલાવવાની વાત હોય. બધા જ પ્રકારની તકલીફોનું એક જ સોલ્યુશન એટલે રાજ્યના નાગરિકોને પહેલો નંબર જે ડાયલ કરવાનો આવશે એ ડાયલ ૧૧૨ આપણે આવનારા દિવસોમાં ચાલુ કરવા જઇ રહ્યા છીએ. આ ડાયલ ૧૧૨ એ આપણો સૌથી મહત્ત્વનો મુખ્યમંત્રીશ્રીનો પ્રોજેકટ છે. મુખ્યમંત્રીશ્રી પોતે આ બાબતે અનેક બેઠકો લઇ રહ્યા છે કે ડાયલ ૧૧૨ ચાલુ કરીને રાજ્યના તમામ લોકોને આપણે એક જ નંબર ઉપર કઇ રીતે સુવિધાઓ આપી શકીએ તે માટે સંપૂર્ણ બજેટ અમને આપવામાં આવ્યું છે અને અમે ગણતરીના દિવસોમાં ડાયલ ૧૧૨ ચાલુ કરીશું. રિસ્પોન્સ ટાઇમ કઇ રીતે ગણાય? રિસ્પોન્સ ટાઇમ કોઇ હવામાં ઉડીને પોલીસ પહોંચી નથી શકતી. એ માટે પોલીસ સ્ટાફની જરૂર હોય, પોલીસની ગાડીઓની જરૂર હોય એના માટે બીજી બધી વ્યૂહરચના જે લોકેશન હોય એ વ્યૂહરચનાત્મક લોકેશન ઉપર એ ગાડીઓ પ્લેસમેન્ટ કરવી પડતી હોય છે. આપણે રાજ્યના પોલીસ બેડાઓને રાજ્યના તમામ ગામડાંઓની અંદર કોઇપણ ખૂણે કોઇ ઘટના બની હોય મેક્સિમમ રિસ્પોન્સ ટાઇમ, હું મિનિમમ રિસ્પોન્સ ટાઇમ નથી કહેતો. મિનિમમ રિસ્પોન્સ ટાઇમ તો મિનિટોમાં હશે પણ મેક્સિમમ રિસ્પોન્સ ટાઇમ રાજ્યના કોઇપણ ખૂણે પોલીસ પહોંચવાનો હવે પછી ગામડાંઓમાં માત્ર ૨૦ મિનિટનો રહેશે અને શહેરમાં જે મિનિમમ હતું એ મેક્સિમમ રિસ્પોન્સ ટાઇમ શહેરના કોઇપણ ખૂણે કોઇ ઘટના બની હશે તો પોલીસ માત્ર ૧૦ મિનિટમાં પહોંચી શકે તે માટે ૧૧૦૦ નવાં વાહનો એ ડાયલ ૧૧૨ એટલે કે રિસ્પોન્સ ટાઇમ દાદાની પોલીસ ગુજરાતના ખૂણેખૂણે માત્ર ૨૦ મિનિટમાં પહોંચશે અને શહેરોમાં માત્ર દસ મિનિટમાં પહોંચશે. ગુજરાતમાં માત્ર બે જ દાદા છે. એક હનુમાનદાદા અને બીજા અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ દાદા અને ત્રીજા દાદા આપણે સૌ ઓળખીએ છીએ એટલે નામ નથી બોલવું. ગુજરાતના ખૂણે ખૂણે કોઇ ગુનો કરતા હોય તો તેને બચાવવાનું સપનામાં વિચારતા નહીં. કારણ કે વીસ મિનિટની અંદર તો પોલીસ પહોંચી જાય છે. ગુનો કરીને ભાગે તે પહેલાં પોલીસ ત્યાં હશે. તે પ્રકારની વ્યવસ્થાઓ આપણે ગોઠવવા જઇ રહ્યા છીએ. આપણા ગુજરાત પાસે આપણી પોતાની રેપીડ એકશન ફોર્સ, બ્લેક કમાન્ડોઝ ફોર્સ છે. આવનારા દિવસોમાં આપણે સ્ટેટની સ્પેશ્યલ એકશન ફોર્સ (એસ.એ.એફ.) બનાવવા જઇ રહ્યા છીએ. રાજ્ય સરકાર દ્વારા ઝીરો ટોલરન્સ એપ્રોચથી કામ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે એસ.આર.પી.એફ. જૂથ–૨ અમદાવાદની એક કંપનીને સંપૂર્ણ ટ્રેનિંગ આપીને સંપૂર્ણ સાધનોથી સજ્જ ગમે તેવી ઘટનાનો સામનો કરી શકે તે માટે આ સ્પેશ્યલ એકશન ફોર્સને રાત–દિવસ મહેનત કરાવીને એક નવી ટુકડી રાજ્યમાં કોઇપણ પ્રકારનો સામનો કરવા માટે આપણે બનાવી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટાફના વાહનો, ઘરો આ બધી જ બાબતોમાં બજેટમાં ખાસ વધારો કરવામાં આવ્યો છે. મહિલાઓની વાત છે તે વાતમાં ખૂબ મહત્ત્વના ડેટા આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. મારી સૌ મહિલા ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, આ આંકડા જરૂરથી તમારે જાણવા જોઇએ. વર્ષ ૨૦૨૨માં મહિલાઓ વિરુદ્ધના ગુનામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૨.૯ ટકા છે. ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ ૬૬.૪ ટકા છે. ૩૬ રાજ્યો અને યુ.ટી.માં મહિલાઓની વસતિમાં ગુજરાતનો ક્રમ આઠમો છે.

મહિલાઓ વિરુદ્ધ ગુનાના ક્રાઇમ રેટમાં ગુજરાતનું સ્થાન ૩૬ રાજ્યમાંથી ૩૩ રાજ્યમાં છે. બીજાં ત્રણ રાજ્યો છે તેની જન સંખ્યા અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર કરતાં ઓછી છે. આ જ રીતે મહિલાઓ વિરુદ્ધના ગુનામાં બીજા રાજ્યોની વાત કરું તો દિલ્હીમાં ૧૪૪.૪, હરિયાણામાં ૧૧૮.૭, તેલંગાણામાં ૧૧૭, રાજસ્થાનમાં ૧૧૫, ઓરિસ્સામાં ૧૦૩.૨ આંધ્રપ્રદેશમાં ૯૬.૨ ટકા છે. આ મહિલા સુરક્ષા કઇ રીતે થઇ? મહિલાઓ અચાનક સુરક્ષિત થઇ ગઇ. રાજ્ય સરકાર દ્વારા મોનિટરિંગ સેલ, ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, સ્પેશ્યલ પી.પી., સ્પેશ્યલ કોર્ટ, ફાસ્ટ ટ્રેક કોર્ટ, ભારત સરકારના વર્ષ ૨૦૧૮માં આવેલ ક્રિમિનલ એમેન્ડમેન્ટ એક્ટના નવા સુધારાઓ, રાજ્યની અભયમ મહિલા હેલ્પ ડેસ્ક, લાઇન ૧૮૧, સી.ટીમ, વુમન હેલ્પ ડેસ્ક, સિનિયર સિટીઝન સેલની કામગીરી, ચાઇલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશનો. હું આજે આ સભાગૃહમાં રાજ્યના જે કોઇ વ્યક્તિને ખુલ્લામાં મહિલા સેફ્ટી માટે ચર્ચા કરવી હોય તેને ચેલેન્જ આપું છું. કલાકો સુધી ઓપન ચેલેન્જ છે. આપણું ગુજરાત તે દેશની અંદર એવું પહેલું રાજ્ય છે કે, જેણે દેશની અંદર ટૂંકામાં ટૂંકા સમયમાં મહિલાઓ વિરુદ્ધ કૃત્ય કરનાર લોકોને ફાંસીની સજા અપાવી છે. બે વર્ષમાં કુલ-૨૯ કેસોમાં ૨૯ જેટલી દીકરીના પરિવાર અને દીકરીઓને ન્યાય અપાવવામાં સફળતા મેળવી છે. ૨૯ લોકોને ફાંસીની સજા અપાવામાં સફળતા પ્રાપ્ત થઇ છે. સુરતના પાંડેસરાનો એક કેસ છે કે જેમાં ૧૦ દિવસમાં ચાર્જશીટ અને ૨૨ દિવસમાં ફાંસીની સજા, સાંતેજ ગાંધીનગરનો એક કેસ જેમાં ૧૦ દિવસમાં ચાર્જશીટ અને ૨૬ દિવસમાં ફાંસીની સજા, સચીન જી.આઇ.ડી.સી.નો કેસ ૯ દિવસમાં ચાર્જશીટ અને ૨૮ દિવસમાં ફાંસીની સજા, નિલમબાગ ભાવનગરનો કિસ્સો છે તેમાં ચોવીસ કલાકમાં ચાર્જશીટ પૂરી કરી અને બધા જ આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવવામાં સફળતા મળી. ચોવીસ કલાકની અંદર ચાર્જશીટ અને ૨૮ દિવસની અંદર તેના પરિવારને ન્યાય અપાવ્યો અને બધા જ આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવી. સલાબતપુરાનો કેસ છે તેમાં ૩૧ દિવસની અંદર ચાર્જશીટ અને આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવી ચાર મહિનામાં ન્યાય અપાવ્યો. સિંગણપુરની અંદર ૨૯ દિવસમાં ચાર્જશીટ અને ૨૦ વર્ષની કેદની સજા માત્ર ૨૦૦ દિવસમાં ન્યાય અપાવ્યો. અમરોલીમાં ૨૯ દિવસમાં ચર્જશીટ, ૨૦ વર્ષની સખત કેદ ૧૦ માસમાં આ કેસનો નિકાલ કરવામાં આવ્યો, ખટોદરા-૨૮ દિવસમાં ચર્જશીટ, ૭ વર્ષની કેદ, પાંડેસરા-૧૪ દિવસમાં ફાંસીની સજા અપાવવામાં ગુજરાત પોલીસને સફળતા પ્રાપ્ત થઇ, સચિન જી.આઇ.ડી.સી. ૨૪ દિવસમાં ચાર્જશીટ, ફાંસીની સજા અને સંપૂર્ણ કેસ ૯ મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવ્યો, કાપોદ્રાનો કેસ ૨૫ દિવસમાં ચાર્જશીટ, ૨૦ વર્ષની સખત કેદ ૨૧ દિવસમાં કેસ પૂર્ણ કરવામાં આવ્યો. આવા ૨૪૮ કેસ છે કે જેના દાખલાઓ હું આ સભાગૃહ સમક્ષ આપી શકું છું. આજીવન કેદ, ૨૦ વર્ષની સખત કેદ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ સવારે પેપરમાં આવ્યું છે, ગઇ વિધાનસભાની અંદર મારા નર્મદાના સાથી જોર-જોરથી બોલતા હતા પરંતુ આજે છે નહીં. નર્મદા જિલ્લાની ભરુચની અંદર એક ઘટના બનેલી. એ ઘટનામાં એક આદિવાસી દીકરી પર જે બળાત્કાર ગુજારવામાં આવેલો. ૧૦ મહિનાની અંદર આ કેસ પૂર્ણ કરવામાં આવ્યો. માત્ર ગણતરીના દિવસોમાં ચાર્જશીટ મૂકવામાં આવી અને કાલે જ કોર્ટ દ્વારા આ ગરીબ પરિવારની દીકરી ઉપર જેણે બળાત્કાર ગુજાર્યો હતો એને ૧૦ વર્ષની સજા આપવામાં આવી છે. આવા અનેક ગુનાઓમાં ખૂબ મોટી કામગીરી ગુજરાત પોલીસ દ્વારા રાત-દિવસ એક કરીને કામગીરી કરેલી છે. મિસિંગ ચાઇલ્ડની વાત કરું એ પહેલા એક બીજી વાત કરવા માગું છું કે, ડેડિયાપાડાની હિન્દુ સગીરાને પ્રેમ જાળમાં ફસાવી ભગાડી ગયો હતો એ સગીરા સાથે દુષ્કર્મ કેસમાં મુસ્લિમ યુવાનને ૧૦ વર્ષની સજા અને એના પિતાને ૩ વર્ષની કેદની સજા કરવામાં આવી છે. કોઇને છોડવામાં નહીં આવે, આ બધા કહે છે ને કે, કોઇ ચમરબંધીને પણ છોડવામાં નહીં આવે એ વાત સાચી જ છે અને કોઇ પણ ચમરબંધીને છોડાવવા પણ ન જતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની મહિલાઓની સુરક્ષાની વાત છે. એજ રીતે બાળકોની વાત કરું તો પહેલા કોઇ બાળક ગુમ થયેલ હોય ત્યારે જાણવાજોગ નોંધી શોધવા માટે એની તપાસ કરવામાં આવતી હતી. ત્યાર બાદ સુપ્રીમકોર્ટના આદેશ અનુસાર ૦થી ૧૮ વર્ષનાં બાળક ગુમ થાય ત્યારે ગુનો નોંધી તપાસ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૩ સુધીમાં કુલ ૪૯૦૪૮ બાળકો ગુમ થયેલા હતાં, એમાંથી ૫૬૫૫૮ પરત મળેલ છે એના સિવાયના ૨૦૮૦ પરિવાર એવા છે કે જેને શોધવાથી પરિવાર પણ નથી મળતો, કારણ કે એ લોકો નાની મોટી મજદૂરી માટે ગુજરાતમાં આવેલા હતા. મોટા ભાગનાં બાળકોને શોધવામાં ગુજરાત પોલીસને સફળતા મળી છે. ૯૫.૮૩ ટકા લોકો મળી ગયા છે અને એના સિવાયના લોકો કે જેનો પરિવાર ફરી પોતાના વતન પરત થઇ ગયા હોય એવા લોકો છે એના સિવાયના બધાં જ બાળકોને શોધવામાં ગુજરાત પોલીસને સફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડ્રગ્સની અહીંયા ખૂબ વાત કરવામાં આવી. ડ્રગ્સ એ મારા રાજ્યના યુવાનોનું દુશ્મન છે. હું સભાગૃહનો આભાર માનવા માગું છું કે, ડ્રગ્સની લડાઇની સામે પક્ષ હોય વિપક્ષ હોય બધા જ લોકોએ હંમેશા સહયોગ કર્યો છે. પાછલા તમામ બજેટ વખતે શ્રી શૈલેષભાઇ પણ ગૃહમાં બોલ્યા છે, કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ વાત કરવામાં આવી છે, ભારતીય જનતા પાર્ટીના સભ્યોની વર્ષોથી લડાઇ સમાજ માટે જ છે, પરંતુ કોંગ્રેસ દ્વારા પણ ડ્રગ્સ સામેની લડાઇમાં સહયોગ મળે છે. જ્યારે કોંગ્રેસના ધારાસભ્યોને મળવાનું થાય ત્યારે પણ એ લોકોનો સહયોગ હોય છે. ડ્રગ્સ સામેની લડાઇની મેં અનેકવાર વાત કરી છે અને હું આજે પણ સભાગૃહને કહેવા માગું છું કે, ડ્રગ્સ એક સામાજિક દૂષણ છે. ડ્રગ્સ એ કોઇ દિવસ ભાજપ-કોંગ્રેસ વચ્ચેની ફાઇટ ના બની શકે, ડ્રગ્સ એ કોઇ દિવસ આરોપ-પ્રતિ આરોપનો ભાગ ના બની શકે, ડ્રગ્સ એ મારા સમાજના યુવાનોને દલદલ તરફ લઇ જતું એક દૂષણ છે. દુનિયાના બધા જ ડેવલપ દેશોની અંદર ડ્રગ્સ એક ફેશન સ્ટેટમેન્ટ બનેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ ભારત દેશ આ બધા જ દેશ કરતાં વધારે સુરક્ષિત છે. એમાં પણ ગુજરાતની વાત કરું તો ગુજરાત સૌથી સુરક્ષિત રાજ્ય આજે પણ છે. એનો મતલબ એ નથી કે આપણે ડ્રગ્સને રોકવામાં ૧૦૦ ટકા સફળતા પ્રાપ્ત કરી છે. જેમ શ્રી શૈલેષભાઇએ આજે સવારે જ એમના વક્તવ્યમાં કહ્યું કે ''ખિસ્સામાં એક પડીકીમાં પણ ડ્રગ્સ લઇ જવાય.'' એને શોધવું બહુ અઘરું હોય છે. એ પોતે માન્યા. તમે વિચારો એમણે વર્ષ ૨૦૧૯ના આંકડા આપ્યા. એ આંકડામાં કેટલા રૂપિયાનું ડ્રગ્સ પકડ્યું અને વર્ષ ૨૦૨૧, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪માં આપણે કેટલા રૂપિયાનું ડ્રગ્સ પકડ્યું. એ બતાવે છે કે ગુજરાત પોલીસ ડ્રગ્સની સામે એક જંગ લડી રહી છે. ગુજરાત પોલીસ માટે ડ્રગ્સ પકડવું એ સામાન્ય વાત નથી. આ ડ્રગ્સ પકડવાની શરૂઆત કઇ રીતે થઇ? મને આજે પણ યાદ છે કે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પહેલાં જ દિવસે કહ્યું કે આપણે ડ્રગ્સ સામે એક લડાઇ લડીશું. અમે તાત્કાલિક વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી. અમે સૌથી પહેલી યોજના બનાવી. મારી ઉંમરના લોકો શનિવાર–રવિવારે પોતાની પત્ની, પોતાના પરિવાર સાથે બહાર ફરવા જતા હોય છે. એ શનિવાર અને રવિવારની રાત મને આજે પણ યાદ છે. મંત્રી બન્યા પછી મારું પહેલું અઠવાડિયું હતું અને પહેલા અઠવાડિયાના શનિ–રવિમાં અમે અડધી રાત સુધી એક પૉલિસી બનાવતા હતા. એ પૉલિસી ડ્રગ રિવોર્ડ પૉલિસી હતી. ડ્રગ્સ પકડવા માટે કોઇ પણ વ્યક્તિ એની માહિતી આપે અથવા તો ગુજરાત પોલીસના જવાનો ડ્રગ્સ પકડે તો રાજ્ય સરકાર એને રિવોર્ડ આપશે. એ રિવોર્ડના કારણે એક પછી એક ગુજરાતના ખૂણે–ખૂણેથી ડ્રગ્સ પકડવામાં અમને સફળતા પ્રાપ્ત થઇ. આ કોઇ નાનુંસૂનું કામ નહોતું. ડ્રગ્સ પકડાયું અને પકડવા વચ્ચેનો તફાવત આજે શ્રી શૈલેષભાઇએ મહદઅંશે દૂર કર્યો છે, પણ વિપક્ષમાં હોય એટલે એમ તો કહેવાય નહિ કે ગુજરાત પોલીસે ખૂબ જ મર્દાનગીથી ભારત–પાકિસ્તાનની બોર્ડર પર ગોળીઓનો સામનો કરીને ડ્રગ્સ પકડ્યું. શ્રી શૈલેષભાઇ, હું તમને અભિનંદન આપું છું કે વિપક્ષના પહેલાં મારા સાથી એવા છે કે જેણે 'પકડાયું' અને 'પકડવા' વચ્ચેનો તફાવત થોડો ઘણો તો દૂર કર્યો છે. કારણ કે, અડધા ઉપરના સભ્યોને એમ લાગે છે કે એસ.જી. હાઇવેનું પોલીસ સ્ટેશન છે ત્યાં મિયા હુસૈન આવીને એમ કહે છે કે ''સાહેબ, હું આ રૂ.૨૦૦ કરોડનું ડ્રગ્સ લાવ્યો છું મને પકડી લો.'' શ્રી શૈલેષભાઇ, એક વ્યક્તિ એવા નીકળ્યા કે જે આ બંને વચ્ચેનો તફાવત સમજ્યા અને આજે ગૃહની વચ્ચે એમણે સાચી વાત કહી. ડ્રગ્સ સામેના અનેક કેસો આપણે મજબૂત કર્યા છે. ગુજરાત એ.ટી.એસ.ને બાતમી મળી કે પાકિસ્તાનનો કુખ્યાત ડ્રગ્સ માફિયા હાજી અનવર કે જેનું પાકિસ્તાનમાં ખૂબ પ્રભુત્ત્વ છે. તે બોટ મારફતે ગુજરાતના દરિયાકિનારે ડ્રગ્સ ઉતારે છે. જે બાતમીની હકીકતના આધારે ગુજરાત એ.ટી.એસ., એન.સી.બી. દિલ્હી તથા ક્રાઇમ બ્રાન્ચ સુરત દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવેલ. જેમાં ૩૦.૬૬ કિલો હેરોઇન જેની આંતર રાષ્ટ્રીય બજાર કિંમત રૂ.૨૧૪ કરોડની છે. તે જપ્ત કરવામાં ગુજરાત પોલીસને ખૂબ મોટી સફળતા મળી. આ ડ્રગ્સ માફિયા હાજી અનવરને પકડવા માટે અમારી ગુજરાત પોલીસ પૂજારી બનીને ગઇ હતી અને અમારી પોલીસ એને પકડીને આવી. હું એક મહત્ત્વની વાત એટલા માટે કહેવા માગું છું કે ડ્રગ્સ સામેની આ લડાઇ એક પંક્તિથી રજૂ કરવા માગું છું.

''तु जिस गति से है चला, तु उस गति को पायेगा,
तु फूल सुंघता रहा, तो किस गति समाएयेगा।
सर पे जिस के तेज और हाथ धनुष-बाण हो,
वीर उसको बोलते, वो बुढ़ा हो, जवान हो।
रण में जा के हो खड़ा, तु चक्रव्यूह को तोड दे,
मौत को भी मात दे रे, ज़िंदगी मरोड़ दे।''

હું આ સભાગૃહ સમક્ષ ગુજરાત પોલીસનું આ અભિયાન આજથી જંગ તરીકે એલાન કરવા માગું છું. આ અભિયાન હવે જંગ તરીકે લડવામાં આવશે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હવે પૂરું કરો.

શ્રી હર્ષ સંઘવી : હા, પણ પહેલાં આ ડ્રગ્સ આપણે પૂરું કરીએ. આ સમાજનો ખૂબ મહત્ત્વનો વિષય છે. શ્રી શૈલેષભાઇએ એક માગણી કરી. તમે વિચારો કે *(xxx)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકર્ડ પર ન રાખવામાં આવે. *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમના મનમાં જે વિચારો આવ્યા કે એન.ડી.પી.એસ. માટે એક અલગ સેલ હોવો જોઇએ. એમના મનના વિચારો સાથે અમે તો પહેલેથી સંમત જ છીએ. અમે આ કામગીરીનો આગામી બજેટમાં સમાવેશ કરી લીધો છે. એ.ટી.એસ. અને એસ.ઓ.જી. સાથે મળીને ડ્રગ્સ સામે કામગીરી કરતી હોય છે, પરંતુ સાયબર ક્રાઇમમાં એન.ડી.પી.એસ. સેલને સ્ટ્રેન્ઘન કરીને એસ.પી/આઇ.જી. કક્ષાથી આખું ડ્રગ્સ માટેનું નવું સેલ રાજ્યના સામાન્ય

---

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોલીસ સ્ટેશનોને ચાર્જશીટ બનાવવા માટે મદદગાર થશે. એ જ રીતે બીજા અનેક વિષયો આપની સમક્ષ મૂકવા છે પરંતુ સમય ઓછો છે. આ જી.એસ.ટી.ની ઘટના વિશે આ સભાગૃહને જણાવવું ખૂબ જરૂરી છે. ભાવગનરની એક ટોળકી એ આ દેશનું ખૂબ મોટું સામાજિક દૂષણ છે. મારા ભાવનગર જિલ્લાના ગરીબ ભાઇ–બહેનોને નાની નાની યોજનાઓના લાભ અપાવવાના બહાને ભાવગનરની આજુબાજુના કેન્દ્રો પર જઇને તે લોકોના આધારકાર્ડ સાથે ચેડાં કરાવીને પીન નંબર અને જી.એસ.ટી નંબરના નામથી જી.એસ.ટી. ઇનપુટ ક્રેડિટના એક ખૂબ મોટાં કૌભાંડનો ગુજરાત પોલીસ અને સ્ટેટ જી.એસ.ટી.એ પર્દાફાશ કર્યો હતો. ગુજરાતમાં આવા અનેક ગુનેગારોને પકડવામાં સફળતા પ્રાપ્ત થઇ છે. તેમાં મેઇન જે છે તે અમન હુસૈન ચૌહાણ, ખાલીદ હયાત ચૌહાણ, સલીમ ઉર્ફે રેહાન મન્સુરભાઇ સરમલી, શાહરૂખ નિઝામ, અહમદ, શાહરૂખ, વસીમ, અકીલ, રિયાઝ, ફિરોઝ, જતીન, જુનૈદ અમીન. આ નામ એટલા માટે કહું છું કારણ કે દૂષણોમાં જે નામ ખુલ્યાં છે તેની જાણકારી હોવી જરૂરી છે. એટલે કોઇ પણના મિત્રો જો વેપાર કરતાં હોય અને બિલોનું કામ કરતાં હોય તો આવાં નામના કે આવાં નામ સાથે જોડાયેલાં લોકોના કોઇ બિલ લેતાં નહીં કારણ કે આ બધા તો જેલમાં જવાના જ છે પણ તેમની સાથે જોડાયેલા લોકો પણ જેલમાં જશે. આ બધા જ લોકો પર કાલે ગુજસીટોક દાખલ કરવામાં આવ્યો છે અને ગુજસીટોક અંતર્ગત આ બધા લોકોને જેલના હવાલે બંધ કરવામાં આવ્યા છે. આપણા ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતના સૌ લોકો આખી રાત રાસ રમી શકે, મા અંબાની ભક્તિ કરી શકે તે માટે નવરાત્રિ આખી રાત ચાલુ રખાવવામાં આવી. સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના નિયમ પ્રમાણે સાઉન્ડ ઓછું કરાવ્યું, પરંતુ એક નવરાત્રિ મોડી રાત સુધી ચાલી તેનાથી કેટલાંય ઘરોમાં દિવાળી સુધરી તેનો આંકડો લેવો હોય તો કોઇ ગરીબના ઘરે, કોઇ લારી ચલાવતાં લોકો, કોઇ નાની રેસ્ટોરન્ટ ચલાવતાં લોકોને પૂછશે તો ખબર પડશે. મેં એક સ્ટેટમેન્ટ આપ્યું કે, મારા રાજ્યમાં નાગરિકો ગરબા ના રમી શકશે તો શું પાકિસ્તાનમાં જઇને ગરબા રમવાના? હજુ તો આ સ્ટેટમેન્ટ આપ્યું તેના બીજા જ દિવસે એક પક્ષના લોકો દ્વારા હાઇકોર્ટમાં પી.એલ.આઇ. કરવામાં આવી. રાજ્યના નાગરિકો મોડી રાત સુધી ગરબા રમે તેમાં પણ તકલીફ? આપણાં ગુજરાત રાજ્યના લોકો મોડે સુધી ગરબા ન રમી શકે? આવી પરિસ્થિતિનો અમારે લોકોએ સામનો કરવો પડે છે. આજે આદરણીય સભ્યશ્રી અમિતભાઇ શાહ દ્વારા ખૂબ મહત્ત્વના વિષયની વાત કરવામાં આવી. એમણે કહ્યું કે, જમાલપુરમાં દેરાસર હટાવી લો. બીજા પણ અનેક વિષયોની વાત કરી. હવે આ રાજ્યમાં કોઇપણ વ્યક્તિ ષડયંત્ર રચીને મંદિરો, દેવસ્થાનો હટાવી ન શકે તે માટે દાદાનું બુલડોઝર રાજ્યના ખૂણે–ખૂણે ફરે છે. એ ક્યાં આવી જશે એની કોઇને ખબર નથી. ''**દ્વારકાનો નાથ મારો રાજા રણછોડ છે એણે મને માયા લગાડી રે** '' દ્વારકાથી શરૂઆત થઇ. પોરબંદર, અમદાવાદ, પાવાગઢ, ગીર–સોમનાથ, જામનગર અને મારા સાથી મિત્રએ આજે જણાવ્યું કે, જૂનાગઢમાં ઉપરકોટમાં કઇ–કઇ બજારો બનાવી એની કોઇને ખબર જ નથી. આ અચાનક કેવી રીતે બની જાય? ૧૦૮ બજારો ડિમોલિશન કરીને રાજ્યની આ પ્રોપર્ટીઓ ખુલ્લી મૂકવામાં આવી. દાદા સોમનાથની આજુબાજુ જે એન્ક્રોચમેન્ટ હતું એ બધું જ હટાવી લેવામાં આવ્યું અને હજુ પણ આ એન્ક્રોચમેન્ટ ડ્રાઇવ દાદાનું આ બુલડોઝર ૨૦ ફૂટની ગલીમાં પણ ઘૂસે છે અને ૮૦ મીટરના રોડમાં પણ ઘૂસે છે. આ બુલડોઝર મારા રાજ્યના કોઇપણ મંદિરો, કોઇપણ દેવસ્થાનોમાં ષડતંત્રરૂપી કોઇપણ એન્ક્રોચમેન્ટ હશે એના ખૂણે–ખૂણે પહોંચવાની તૈયારીમાં છે. વિષય તો હજી ઘણો બધો બાકી છે પરંતુ, રાજ્યના નાગરિકોના હિતમાં વાહનવ્યવ્હારની વાત હોય કે પછી રાજ્યની સુરક્ષાની વાત હોય, રાજનીતિ માટે આરોપ–પ્રતિ આરોપની અનેક જગ્યાઓ હોય છે. હું બધા જ આરોપો સ્વીકારવા માટે એગ્રી છું. માનનીય શ્રી શૈલેષભાઇ તો બહુ સમજુ સભ્ય છે અને મને વિશ્વાસ પણ છે. આજે એમની લિડરશીપમાં કોઇદિવસ સામાજિક વિરોધ ન હોય. સામાજિક વિષય જોડે એમની લિડરશીપમાં સો ટકા બદલાવ હોય અને મને વિશ્વાસ છે કે, એમની લિડરશીપમાં આજે કોઇપણ વિરોધ વગર આ બંને વિભાગો કે જે રાજ્યના નાગરિકોની સેવામાં કામગીરી કરે છે એમાં જરૂરથી વિનાવિરોધ સૌ સભ્યો સાથે મળીને આ માંગણીઓને સ્વીકારશે એવો મને સો ટકા વિશ્વાસ છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રીને મારું સૂચન છે કે, મારી ખેડબ્રહ્મા મત વિસ્તારના બે તાલુકાઓ વિજયનગર અને પોસીનામાં આઝાદીનાં ૭૫ વર્ષ પછી પણ એસ.ટી. ડેપો બનેલ નથી. તો આ બે તાલુકામાં એસ.ટી. ડેપોનું નિર્માણ કરવામાં આવે.

શ્રી હર્ષ સંઘવી : ખેડબ્રહ્મામાં કુલ મળીને ૨૧૪ બસો દરરોજ અવરજવર કરે છે. જેમાં એવરેજ ૨૦,૭૨૨ પેસેન્જરો દરરોજ અવર–જવર કરે છે. ૫૮૬૮ વિદ્યાર્થીઓને કોઇપણ પ્રકારના ચાર્જ વસૂલ્યા વગર રાજ્ય સરકાર અવરજવરની વ્યવસ્થા કરતી હોય છે. તમે જે બસ સ્ટેશનની વાત કરી એ માટે ઓલરેડી ખેડબ્રહ્મા ખાતે તા. ૨૬–૦૧–૨૦૨૦ના રોજ નવીન બસસ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવેલ છે. ડેપો જોડે બસની પણ માહિતી આપી દઉં એટલે તમને વિસ્તારમાં બોલવામાં કામ આવશે. બસ ડેપોનું પણ પ્લાનિંગમાં લઇ લીધું છે અને આવનારા સમયમાં એ કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્તો ક્રમાંક–૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૬ પાછી ખેંચવા સભાગૃહની અનુમતિ  માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્તો ક્રમાંક–૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૬ પાછી ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : **કાપ દરખાસ્તો ક્રમાંક : ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૬ પાછી ખેંચવામાં આવે છે.**
**માગણી ક્રમાંક–૭૪ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૪૨, ૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૨–૫૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૧૦૫ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર ઈ. પટેલ | વડોદરા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૨૦ |
| અનંતકુમાર હ. પટેલ | સુરત અને કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા જમીન મેળવવાની પડતર અરજીઓ | ૯૨ |
| | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિના ફોર્મ ભરવા માટેનું પોર્ટલ રીઓપન કરવા બાબત | ૨૫ |
| | વલસાડ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ. | ૧૧૦ |
| | સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા જમીન માંગણી | ૧૧૬ |
| | સૌની યોજનાનો કુલ ખર્ચ | ૧૯૮ |
| | દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના કર્મચારીઓ | ૧૬૧ |
| | નવસારી અને તાપી જિલ્લામાં નિવૃત શિક્ષકોને પેન્શન બાબત | ૩૬ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૮૬ |
| અનિકેત ગિ. ઠાકર | બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન–ન્યુટ્રી સિરિયલ યોજના હેઠળ બાજરા પાકના નિદર્શન | ૧૦ |
| અનિરૂદ્ધ ભા. દવે | માંડવી અને મુંદ્રા ગ્રામ પંચાયતની ગૌચર જમીન આઇડેન્ટિફાઇડ કરવા બાબત | ૯૧ |
| | કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં મંજૂર પ્રોજેક્ટ | ૨૩ |
| અભેસિંહ મો. તડવી | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૨૫ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ૭૩ અ ની જમીનોની પરવાનગી બાબત | ૧૦૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી ઉપર પુલ બનાવવા બાબત | ૮૬ |
| | છોટાઉદેપુર જિલ્લામાં નલ સે જલ યોજના બાબત | ૧૬૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પાણી પુરવઠા યોજના હેઠળની કામગીરી બાબત | ૧૮૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના બાબત | ૨૦૧ |
| અમુલ ભટ્ટ | અમદાવાદ અને સુરત જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સ | ૧૦૪ |
| અમિત ચાવડા | નીલ ક્રાંતિ અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૩૬ |
| | ધારાસભ્યશ્રીઓનો પ્રોટોકોલ જળવાય તે માટેની સ્થાયી સૂચનાઓ | ૧૮૦ |
| | રાજયની સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યા | ૨૬ |
| | રાજ્યમાં વીજ ડ્યુટી વસૂલાત | ૧૪૫ |
| | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩, અન્નપૂર્ણા યોજના, હોસ્ટેલ સ્કીમ અને વેલ્ફેર ઈન્સ્ટીટ્યુશન્સ અન્વયે ફાળવણી | ૧૯૩ |
| | સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો | ૮૨ |
| અમિત ઠાકર | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૧ |
| | રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની દરખાસ્તો | ૧૮ |
| | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૨૪ |
| અમિત શાહ | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૩ |
| અર્જુનભાઇ દે. મોઢવાડીયા | કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત | ૧૬૨ |
| | ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી ખાતે વર્ગ–૨ ની મંજૂર જગ્યાઓ | ૧૦૭ |
| | સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમો ભરવા બાબત | ૧૮૬ |
| | સૌની યોજનાને સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી બાબત | ૧૯૯ |
| | કપાસ અને મગફળીના ટેકાના ભાવ | ૩૫ |
| | ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત | ૮૪ |
| | પાકિસ્તાની તંત્ર દ્વારા પકડવામાં આવેલ માછીમારો | ૨૩ |
| | રાજ્યમાં મુસાફરોના પરિવહન માટે ખાનગી એજન્સી સાથે કોન્ટ્રાક્ટ | ૧૧૧ |
| અરૂણસિંહ અ. રણા | ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૩૦ |
| | ભરૂચ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત. | ૧૭૭ |
| | ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના | ૧૩ |
| અરવિંદ છો. પટેલ | વલસાડ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત. | ૧૫૯ |
| | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૨૮ |
| અરવિંદ શાં.રાણા | આદિજાતિ વિસ્તારમાં સાંસ્કૃતિક ભવન બાંધવા સહાય | ૨૭ |
| અરવિંદભાઇ જી. લાડાણી | જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૯૦ |
| | ભાવનગર જિલ્લાના નવા રતનપર ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ | ૧૭૩ |
| | સૌની યોજના અન્વયે પાઇપલાઇનની કામગીરી | ૨૦૨ |

| | | |
|---|---|---|
| | જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ખનીજ ચોરી પકડવા બાબત | ૮૮ |
| | જૂનાગઢ શહેરમાં ગેરકાયદેસર બાંધકામ બાબત | ૧૦૯ |
| | પાકિસ્તાની તંત્ર દ્વારા પકડવામાં આવેલ માછીમારો | ૧૭ |
| અલ્પેશ ખો. ઠાકોર | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૧ |
| | ગાંધીનગર જિલ્લામાં સરગાસણ–રક્ષાશક્તિ સર્કલ પર વાઈટ ટોપીંગ માટે મંજૂરી | ૯૦ |
| આર. સી. પટેલ | નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૧૯ |
| | નવસારી જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૬ |
| ઈમરાન યુ. ખેડાવાલા | અમદાવાદ અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજૂર આવાસો | ૮૨ |
| | અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી | ૧૪૮ |
| | અમદાવાદ જિલ્લામાં અનાજ સંગ્રહ માટેના ગોડાઉન | ૧૯૪ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ–૨૦૦૯ હેઠળ શાળાઓમાં પ્રવેશ બાબત | ૧૫ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓને મંજૂરી બાબત. | ૩૩ |
| | અમદાવાદ શહેરની અન્ન નાગરિક પુરવઠા વિભાગની ઝોનલ કચેરીઓનું મહેકમ | ૧૮૨ |
| | પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી માટે કેમ્પ યોજવા બાબત | ૩૮ |
| ઈશ્વરભાઈ ર. પરમાર | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૨ |
| ઉમેશભાઈ ના. મકવાણા | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૯ |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૪ |
| કેતનભાઈ મ. ઈનામદાર | વડોદરા જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૨ |
| કનુભાઈ ક. પટેલ | અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૫ |
| કનૈયાલાલ બ. કિશોરી | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૨ |
| | દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી | ૧૫ |
| કુબેરભાઈ ડીંડોર | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૧૮ |
| | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૪ |
| કમલેશભાઈ ર. પટેલ | આણંદ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૫૫ |
| | આણંદ જિલ્લામાં વિવિધ રોડને ચારમાર્ગીય કરવા બાબત | ૯૦ |
| કેયુર ના. રોકડિયા | વડોદરા મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ગ્રાન્ટ ફાળવવા બાબત | ૧૦૦ |
| કરશનભાઈ પું. સોલંકી | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૮ |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૧ |
| કલ્પેશભાઈ આ. પરમાર | ખેડા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન | ૨૨ |
| કેશાજી શિ. ચૌહાણ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત. | ૧૭૪ |
| કાંતીભાઈ હિ. બલર | સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓને બિયારણ/ખાતર | ૧૯ |
| કાંતીલાલ શી.અમૃતિયા | મોરબી જિલ્લામાં લેબોરેટરી ટેકનીશીયનની મંજૂર જગ્યા | ૭૯ |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૬ |
| કાન્તીભાઈ કા. ખરાડી | કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત | ૨૦૧ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં ટીસ્યુકલ્ચર વાવેતર | ૩૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનાજ ન મળવાની ફરિયાદો | ૧૮૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | ૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં જમીનોમાં શરતભંગની ફરિયાદો બાબત | ૧૦૩ |
| | ઉત્તર ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના કર્મચારીઓ | ૧૭૧ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટીને કારણે પાકને થયેલ નુકસાન | ૩૮ |
| કાળુભાઈ રૂ. ડાભી | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૩ |
| કાળુભાઈ ચ. રાઠોડ | ગીર સોમનાથ જિલ્લામાં 'ઈનસ્કુલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ | ૭૧ |
| કિરીટકુમાર કે.પટેલ | મહેસાણા જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૬૦ |
| કિરીટકુમાર ચી. પટેલ | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૨૨ |
| | કચ્છ જિલ્લાના ગુંદીયાલી ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ | ૧૭૧ |
| | ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨નું મંજૂર મહેકમ | ૩૩ |

| | | |
|---|---|---|
| | પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખસેડવા બાબત | ૮૩ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૯૦ |
| | રાજ્યમાં એક જ ઓરડો ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓ | ૧૭ |
| | રાજ્યમાં સોશિયલ મીડિયા મોનિટરીંગ સેલ બનાવવા બાબત | ૧૦૭ |
| કિરીટસિંહ સ. ડાભી | અમદાવાદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | ૨૧ |
| ગેનીબેન ન.ઠાકોર | ઉંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ | ૧૭૮ |
| | થરાદ તાલુકામાં પુન:વસનની કામગીરી | ૧૧૬ |
| | ધરોઇ જળાશયમાંથી ડભોડા રીવર્સ કેનાલ મારફત તળાવો ભરવા બાબત | ૨૦૩ |
| | બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૯૨ |
| | ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી ખાતે વર્ગ-૧ ની મંજૂર જગ્યાઓ | ૧૦૮ |
| | રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ | ૮૮ |
| ગુલાબસિંહ સો.ચૌહાણ | દાહોદ અને નર્મદા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૯૭ |
| | ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજથી તરીયા ગામ સુધી પૂરસંરક્ષણ દિવાલ | ૧૧૭ |
| | ભરૂચ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ | ૧૧૦ |
| | મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના કર્મચારીઓ | ૧૫૭ |
| | મહિસાગર અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં મૃતકના જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ | ૩૪ |
| | મહિસાગર જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલ ગેરરીતી | ૨૧ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૮૪ |
| | સ્ટેચ્યુ ઓફ યુનીટીના જંગલ સફારી ખાતે લાવેલા પ્રાણીઓ | ૧૦૧ |
| ગીતાબા જ. જાડેજા | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૩ |
| | રાજકોટ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૫૧ |
| ગોવિંદભાઇ ર. પરમાર | આણંદ જિલ્લામાં વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સહાય | ૨૩ |
| ગૌતમભાઇ ગો. ચૌહાણ | તળાજા તાલુકાના સરતાનપર ગામમાં ક્ષાર નિયંત્રણ માટે બંધારા | ૧૭૩ |
| ચૈતન્યસિંહ પ્ર. ઝાલા | વડોદરા જિલ્લામાં પશુધન નિરીક્ષકની મંજૂર જગ્યા | ૮૩ |
| ચૈતરભાઇ દા. વસાવા | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૪ |
| જયંતિભાઇ સ. રાઠવા | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૨૬ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન | ૨૮ |
| | ભીંડોલ-સાલોજ-આંબાજટી રસ્તા પર નવીન બ્રીજના બાંધકામ બાબત | ૯૦ |
| જયંતિભાઈ સો. પટેલ | ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૬૧ |
| જયદ્રથસિંહજી ચં.પરમાર | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૩ |
| જે. વી. કાકડિયા | અમરેલી જિલ્લામાં સૌની યોજના | ૧૭૫ |
| જિજ્ઞેશ મેવાણી | ઉંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ | ૧૬૩ |
| | ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ નું મંજૂર મહેકમ | ૧ |
| | પશ્ચિમ રેલ્વેનુ વડુ મથક અમદાવાદ ખસેડવા માટે કરેલી દરખાસ્ત બાબત | ૮૨ |
| | ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી ખાતે વર્ગ-૩ ની મંજૂર જગ્યાઓ | ૧૦૬ |
| | રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલ | ૨૯ |
| | સચિવાલય કક્ષાએ ઉપસચિવ વર્ગ-૧ ની મંજૂર જગ્યાઓ | ૧૧૧ |
| | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૨૦ |
| જિતેન્દ્રકુમાર ર. પટેલ | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૯ |
| જિતેન્દ્ર કાં. સોમાણી | મોરબી જિલ્લામાં નવા ચેકડેમ | ૧૫૩ |
| | મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો | ૭૩ |
| ડી.કે.સ્વામી | જંબુસર અને આમોદ તાલુકામાં આદિવાસી હોસ્ટેલ | ૨૨ |
| તુષાર અ. ચૌધરી | રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીની મંજૂર જગ્યાઓ | ૮૬ |
| | આદિજાતિ વિકાસ કોર્પોરેશન માટે બજેટમાં નાણાકીય જોગવાઇ | ૩૧ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૯૦ |
| | કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત | ૧૭૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની નકલી સરકારી કચેરી | ૭ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ | ૨૦૨ |
| | રાજ્યની અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાભ | ૩૭ |

| | | |
|---|---|---|
| દુર્લભજીભાઇ હ. દેથરીયા | મોરબી જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૬ |
| દર્શના એમ. વાઘેલા | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૬ |
| દર્શના ચં. દેશમુખ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૭ |
| | નર્મદા જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૭ |
| દિનેશભાઇ આ. ઠાકોર | ઉંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ | ૧૪૯ |
| | પશ્ચિમ રેલ્વેનુ વડુ મથક અમદાવાદ ખસેડવા બાબતે | ૧૦૮ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૧૯૪ |
| | રાજ્ય સરકાર દ્વારા બજારમાંથી લોન લેવા બાબત | ૧૮૩ |
| | રાજયમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ | ૨૦ |
| | સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની ફરજ બજાવતા કર્મચારીઓને કામગીરી સોંપવા બાબત | ૮૫ |
| | અમદાવાદમાં એક્સપ્રેસ, સ્ટેટ હાઈવેના માર્ગો પર ગતિ મર્યાદા | ૧૧૩ |
| દિનેશસિંહ રા. કુશવાહ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૭ |
| ધવલસિંહ ન. ઝાલા | અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ | ૧૫૬ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ | ૨૯ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજના વહીવટદાર કચેરીને ફાળવેલ ગ્રાન્ટ | ૧૩ |
| પ્રકાશભાઈ પ. વરમોરા | સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૬૨ |
| પ્રદ્યુમનસિંહ મ. જાડેજા | કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૭૮ |
| | કચ્છ જિલ્લામાં ઓવરલોડ વાહનો | ૧૧૧ |
| | કચ્છ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૮૬ |
| | કચ્છ જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવા બાબત | ૧૦૬ |
| | કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજીઓ | ૩૭ |
| | કચ્છ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી ખરીદ કેન્દ્ર | ૩૨ |
| | કચ્છ જિલ્લામાં માધ્યમિક શાળાઓ મંજૂર કરવા બાબત | ૧૪ |
| | નખત્રાણા અને ખોંભડી કોમ્પ્લેક્ષ પાણી પુરવઠા યોજના | ૧૬૨ |
| પ્રવિણકુમાર ગો. માળી | બનાસકાંઠા જિલ્લાની કસરા-દાંતીવાડા પાઈપલાઈન | ૧૮૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ | ૭૫ |
| પ્રવિણભાઈ મ. ઘોઘારી | સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી | ૧૭ |
| પરષોત્તમભાઇ ખેં. પરમાર | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં જમીન રી-સરવેની પડતર અરજીઓ | ૧૦૬ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં અગરિયાઓ માટે સોલર પંપ સિસ્ટમ યોજના | ૧૫૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો ઊંડા કરવા બાબત | ૧૮૫ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં બિન ખેતી માટે મળેલ અરજીઓ | ૭૪ |
| પાયલ મ. કુકરાની | એફ.એસ.એલ.માં બ્રેઈન ઈલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ પધ્ધતિથી કેસો/નમુનાઓનું પૃથ્થકરણ બાબત | ૬૮ |
| પી. સી. બરંડા | અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત. | ૧૭૬ |
| ફતેસિંહ વ. ચૌહાણ | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં 'ઈનસ્કુલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ | ૮૦ |
| બલરાજસિંહ ક. ચૌહાણ | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૫ |
| | ગાંધીનગર જિલ્લામાં પશુપાલન શિબિરોનું આયોજન | ૨૦ |
| બાબુભાઈ જ. પટેલ | અમદાવાદ જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ | ૧૭૧ |
| ભગવાનજીભાઈ લા.કરગટીયા | જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૬૪ |
| ભગાભાઈ ધા. બારડ | ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૮ |
| | જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ | ૯૯ |
| ભરતભાઈ કી. પટેલ | વલસાડ જિલ્લા પંચાયતનું નવિન મકાન બનાવવાની કાર્યવાહી | ૭૭ |
| | વલસાડ જિલ્લામાં ખેડૂતોને રાયપનીંગ ચેમ્બર માટે સહાય | ૧૧ |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના | ૩૨ |
| ભાનુબેન બાબરિયા | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૯ |
| ભીખાભાઈ ર. બારૈયા | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૮ |
| | ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરીના બાંધકામ બાબત | ૯૧ |
| | ભાવનગર જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ | ૧૭૫ |

| | | |
|---|---|---|
| મેઘજીભાઇ અ. ચાવડા | જામનગર જિલ્લામાં પશુપાલન શિબિરોનું આયોજન | ૨૨ |
| | જામનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૫૯ |
| મનુભાઈ એમ.પટેલ | સુરત જિલ્લામાં પશુઓનું રસીકરણ | ૧૯ |
| મહેન્દ્રભાઈ પાડલિયા | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૨૭ |
| | રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ | ૧૫૮ |
| | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ | ૫ |
| મહેશ કસવાલા | અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના | ૨૮ |
| | અમરેલી જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત. | ૧૭૯ |
| મહેશભાઈ ભુરીયા | દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૨૦ |
| | દાહોદ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત. | ૧૭૯ |
| | દાહોદ જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ શાળા સ્કુલમાં ખેલાડીઓને તાલીમ | ૮૭ |
| માનસિંહ કો. ચૌહાણ | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૦ |
| માલતી કિશોર મહેશ્વરી | કચ્છ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા | ૮૯ |
| મોહનભાઇ ઢે. કોંકણી | સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરો | ૧૫૨ |
| | તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૨ |
| મોહનભાઇ ધ. ઢોડિયા | સુરત જિલ્લામાં ખાણદાણ સહાય યોજનાના લાભાર્થીઓ | ૧૯ |
| | સુરત જિલ્લામાં 'ઈનસ્કુલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ | ૮૭ |
| | સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૩૪ |
| | સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી | ૧૬૦ |
| જયરામભાઈ ચે. ગામીત | તાપી જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૩ |
| યોગેન્દ્રસિંહ પરમાર | ખેડા જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૫ |
| | ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ | ૭૦ |
| પ્રદ્યુમન ગ. વાજા | ગીર સોમનાથ જિલ્લામાં નવા પીકઅપ વીયર | ૧૬૧ |
| રમેશભાઇ ના. મિસ્ત્રી | ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન | ૨૪ |
| રમેશભાઇ વી. ટીલાળા | સૌની યોજનામાં પાઇપલાઇનનું કામ અને ભરવાના જળાશયો | ૧૭૪ |
| | રાજકોટ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન | ૧૬ |
| રાકેશ ગુ. દેસાઇ | નવસારી જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય | ૨૪ |
| | સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરો | ૧૫૬ |
| રાજેન્દ્રસિંહ મો. રાઠવા | છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી,ભારજ નદી અને આની નદી ઉપર મોટા ચેકડેમ બનાવવા | ૧૮૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના અને ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ કનેક્શન મંજૂર કરવા બાબત | ૧૯૫ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી | ૧૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને સરદાર સુગર મીલના બાકી નાણાં આપવા બાબત | ૧૫૦ |
| | છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ બાબત | ૮૪ |
| રાજેશકુમાર મ. ઝાલા | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૨૯ |
| રિવાબા ર. જાડેજા | જામનગર જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ | ૧૫૭ |
| રીટાબેન કે. પટેલ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૮ |
| રીતેશકુમાર ર. વસાવા | ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી | ૧૬ |
| લક્ષ્મણજી પું. ઠાકોર | ગાંધીનગર જિલ્લામાં ગ્રામ સેવકની મંજૂર જગ્યાઓ | ૮૧ |
| લવિંગજી મુ. સોલંકી | પાટણ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૫૧ |
| | પાટણ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | ૨૨ |
| વિનેન્દ્રસિંહ દિ. ઝાલા | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ | ૩ |
| વિનોદભાઇ અ. મોરડિયા | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૪ |
| વિપુલકુમાર વિ. પટેલ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૦ |
| વિમલભાઇ કા. ચુડાસમા | ગીર સોમનાથ જિલ્લાના વડોદરા ઝાલા ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ | ૧૭૭ |
| | રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ | ૮૪ |
| | સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમો ભરવા બાબત | ૧૯૧ |

| | | |
|---|---|---|
| | સૌની યોજના અન્વયે પાઈપલાઈનની કામગીરી | ૨૦૩ |
| | રાજ્યમાં ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો ન મળવા બાબત | ૩૮ |
| | ગીરસોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળીયેરી પાકને સફેદ માખીથી નુકસાન | ૨૪ |
| | સુત્રાપાડા ખાતે ફિશરીઝ હાર્બર જેટી બનાવવાની કામગીરી | ૩૫ |
| શંભુનાથજી ટુંડીયા | મીઠાપુર ડીસ્ટ્રી(એસ.ડી–૧)ની મીઠાપુર માઈનોર–૩ ની લંબાઈ. | ૧૦૫ |
| શૈલેષ મ. પરમાર | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૦૯ |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૪ |
| | અમદાવાદ ખાતેની સ્લમ કિલયરન્સ બોર્ડની વસાહતોના રી–ડેવલપમેન્ટ માટેની દરખાસ્ત | ૧૧૦ |
| | અમદાવાદ ચંડોળા તળાવ ડેવલપમેન્ટની કામગીરી | ૧૦૫ |
| | અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં પાણી પૂરું પાડવા બાબત | ૮૧ |
| | કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત | ૧૬૩ |
| | રાજ્યમાં એક જ ઓરડો ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓ | ૨૮ |
| | દહેજ બંદર પર ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને ગેસની પ્રાપ્તિ | ૨૦૦ |
| | રાજ્યમાં રેશનીંગ અનાજના જથ્થાની જરૂરિયાત | ૧૮૭ |
| શૈલેષભાઈ સુ. ભાભોર | દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી | ૨૯ |
| | લીમખેડામાં જુના માઈનોર બ્રીજના સ્થાને નવીન હાઈલેવલ માઈનોર બ્રીજનું બાંધકામ કરવા | ૬૮ |
| શામજીભાઈ ભી. ચૌહાણ | સુરેન્દ્રનગર જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ | ૧૪૬ |
| શિવાભાઈ જે. ગોહિલ | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૭ |
| | ભાવનગર જિલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત | ૮૪ |
| | ભાવનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૭૯ |
| સુખાજી સો.ઠાકોર | મહેસાણા જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યા | ૯૧ |
| સંગીતાબેન પાટીલ | આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય | ૪ |
| સંજય સુ. કોરડિયા | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૧૮ |
| સેજલબેન રા. પંડ્યા | શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૧ |
| | ભાવનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા | ૯૯ |
| સંદીપ દેસાઈ | સુરત જિલ્લામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત | ૭૯ |
| સરદારભાઈ શા. ચૌધરી | મહેસાણા જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન | ૨૭ |
| સી.કે.રાઉલજી | પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત બાબત | ૧૪૪ |
| હેમંતભાઈ હ. આહિર | જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકાના વંચિત ગામો માટે જુથ પાણી પુરવઠા યોજના | ૧૬૦ |
| | જામનગર જિલ્લામાં APMC માર્કેટોમાં ગેરરીતિઓ તેમજ ગુમાસ્તા ધારા હેઠળ બોગસ લાયસન્સ | ૧૮૫ |
| | જામનગર જિલ્લામાં હયાત ફીડરનું વિભાજન | ૧૯૮ |
| હર્ષ સંઘવી | ગૃહ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૨૧ |
| હર્ષદકુમાર ર. પટેલ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૫ |
| | અમદાવાદ જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ | ૨૫ |
| | અમદાવાદ જિલ્લામાં ફળપાકોના વાવેતર માટે સહાય | ૩૯ |
| | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, પીએનજી અને સીએનજીના વેરામાં રાહત | ૧૮૪ |
| | અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ | ૩૬ |
| | અમદાવાદ જિલ્લામાં ખનીજ પરિવહન અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ | ૧૦૯ |
| | અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૧૯૭ |
| | અમદાવાદ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો | ૯૨ |
| | અમદાવાદ જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન | ૧૫૪ |
| હસમુખ પટેલ | આદિજાતિ વિદ્યાર્થીઓ માટે મેડિકલ ક્ષેત્રે અભ્યાસ અર્થે સહાય | ૨૫ |
| હિરાભાઈ ઓ. સોલંકી | અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં મંજૂર પ્રાથમિક શાળાઓ | ૧૪ |
| | અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં મંજૂર માધ્યમિક શાળાઓ | ૩૦ |
| | અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ | ૩૭ |